આત્માનંદ પ્રકાશ

વિદ્યા અને અર્થોપાર્જન અજર અમર છીએ તેમ ધારીને કરવા અને મૃત્યુએ હંમેશને માટે ચોટલી પકડેલી છે એમ ધારીને ધર્મ આચરવો.

પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

કારતક આત્મ સં. વર્ષ : ૬૨
૨૦૨૧ ૯૮ અંક : ૧

અન્યના હિત અર્થે આપણા નાના-મોટા સ્વાર્થોની અવગણના કરવી, તેમના સુખ અને તૃપ્તિમાં આપણું સુખ અને તૃપ્તિ ઉપજાવી લેવી, વિશ્વના જીવો સાથે આપણી એકાકારતા થવા સુધીની બુદ્ધિ અનુભવવી, એ જૈનદર્શન અનુસાર ભાવના બળનો રાજમાર્ગ છે. વિશ્વ-સેવાની વેદિમાં પોતાનાં સુખ અને સાધનોની આહુતિ આપનાર વીર પરમાત્માનું જીવન આપણને પરોક્ષ રીતે અપૂર્વ આત્મબળ પ્રેરી રહ્યું છે.

શ્રી ફત્તેહચંદભાઈ

ગ્રામ : "Jahangir"

ફોન નં. મીલ : ૨૮
બંગલો : ૩૨

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ

પોસ્ટ બોક્સ નં.

મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

ભાવનગર

આ સભાના નવા માનવંતા પેટ્રન

શેઠ શ્રી નવીનચંદ્ર છગનલાલ કુંપાણી

શ્રેષ્ઠ શ્રી નવીનચંદ્ર છગનલાલ કંપાણી

પોતાના અનોખા વ્યક્તિત્વ અને પ્રગતિશીલ સ્વભાવથી દેશ-પરદેશમાં જઇ ઘણા નરરત્નોએ સૌરાષ્ટ્રની સંતભૂમિ માંગરોળને અનેકરીતે દીપાવ્યું છે. શ્રીયુત નવીનચંદ્ર છગનલાલ કંપાણી પણ માંગરોળના એક પ્રગતિશીલ નરરત્ન છે. આજથી -લગભગ પચાસ વર્ષ પહેલાં તેઓશ્રીનો જન્મ માંગરોળમાં થયો હતો અને વ્યાવહારિક તેમજ ધાર્મિક જરૂરી અભ્યાસ કરી તેઓ મુંબઇમાં શ્રી જમનાદાસ મોરારજી એન્ડ કું૦માં ભાગીદાર તરીકે જોડાયા હતા. શેઠ જમનાદાસના સ્વર્ગવાસ પછી તેઓશ્રી આ પેઢીના માલીક બન્યા અને સ્વર્ગસ્થના નામને પ્રમાણિકપણે વર્ષોથી દીપાવી રહ્યા છે.

જેમ પ્રમાણિકપણે ધંધાદારી પ્રગતિ સાધી છે તેમ નિઃસ્પૃહતા અને સેવાભાવનાથી મુંબઇ અને માંગરોળની અનેક સંસ્થાઓમાં આજે તેઓ આગળ પડતું સ્થાન મેળવી રહ્યા છે. શ્રી માંગરોળ શ્રીમાળી સમાજ, શ્રી માંગરોળ વણિક દવાખાનું, શ્રી માંગરોળ નિરાશ્રિત ફંડ, શ્રી માંગરોળ પાંજરાપોળ, શ્રી માંગરોળ જૈન સંઘ, શ્રી માંગરોળ વણિક જ્ઞાતિ, શ્રી માંગરોળ જૈન જ્ઞાનોત્તેજક સભા, સૌરાષ્ટ્રની સુવિખ્યાત શિક્ષણ સંસ્થા શારદા-શ્રમ, શ્રી મુંબઈ જૈન શિક્ષણ સંઘ, શ્રી સૌરાષ્ટ્ર વિકાસ મંડળ આદિ સંસ્થાઓને આર્થિક સહાય અને સહકાર આપી રહ્યા છે. તેઓશ્રીનો ગુપ્તદાનપ્રવાહ અને શિક્ષણપ્રેમ પણ નોંધપાત્ર છે. શ્રી શિખરજી, પાવાપુરી, મારવાડ, મેવાડ આદિ તીર્થસ્થાનોની સહ-કુટુંબ યાત્રા કરી ચોગ્ય તીર્થભક્તિ પણ તેઓશ્રીએ કરી છે. તેમજ વાલકેશ્વર દેરાસરમાં શ્રી પદ્માવતીમાતાજીની પ્રતિષ્ઠા કરેલી છે. તથા ચેમ્બૂર નૂતન જિનાલયમાં તેમણે તથા તેમના કુટુંબે પ્રતિષ્ઠામાં સુંદર લાભ લીધેલો છે.

મુંબઇમાં કોટના શ્રી શાંતિનાથ જિનાલયના તેઓશ્રી ત્રણ વર્ષથી ટ્રસ્ટી છે. દેરાસર ખાતામા ઉપાશ્રય અંગે એક લાખને દશ હજારનું મોટું દેવું હતું. આચાર્ય શ્રી વિજય-ધર્મસૂરીશ્વરજીના આશીર્વાદ અને પૂજ્ય મુનિ મહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)ના ઉપદેશથી દેવદ્રવ્યનું આ મોટું દેવું ભરપાઈ કરવામાં તેઓશ્રીએ કુશળ વહીવટ કરી બતાવ્યો છે.

તેઓશ્રી ધી બોંબે સ્ટોક એક્સચેંજના માનનીય ડાયરેકટર છે. ઘણા ફાઇનેશીયલ ઇન્સ્ટીટયુશનોમાં તથા કેટલાએક ટ્રસ્ટોમાં એકનીડર સલાહકાર તરીકે કાર્ય કરી રહ્યા છે. તેઓશ્રી સંગીત કુશળ છે. પૂજાઓ માલકોશ વિગેરે ભિન્નભિન્ન રાગોમાં ભણાવે છે.

સોરઠી વિરાંગના તરીકે સૌરાષ્ટ્રના ઇતિહાસમાં અમૃત શેઠાણીનું નામ સુવિખ્યાત છે. તેમના સુપુત્રી શ્રીમતી હીરામણિબહેન શેઠશ્રીના સુશીલ ધર્મપત્ની તરીકે તેમનાં શુભ કાર્યોમાં સારો સહકાર આપી રહ્યા છે. શેઠશ્રીના બેન શ્રીમતી ભાનુમતી દલાલ એમ.એ. એક સારા લેખિકા છે અને 'જૈનવિકાસ' પત્રના તંત્રી તરીકે જૈનસમાજની સારી સેવા કરી રહ્યા છે.

આવા એક ઉદારદિલ, સાહિત્ય અને શિક્ષણપ્રેમી ગૃહસ્થનો આ સભાને પેટ્રન તરીકે સહકાર મળ્યો છે તે બદલ તેઓશ્રીનો અમે આભાર માનીએ છીએ, અને ધર્મ, રાષ્ટ્ર, સમાજ અને શિક્ષણક્ષેત્રે વધુ ને વધુ સેવા આપી પોતાના જીવનને વિશેષ ઉજ્જવળ બનાવે એવી શુભેચ્છાઓ સાથે અમે તેઓશ્રીનું દીર્ઘાયુષ્ય ઇચ્છીએ છીએ.

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૬૨મું] નવેમ્બર ૧૯૬૪ [અંક ૧

જિનવાણી

धम्मो मंगलमुक्किट्ठं
अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति
जस्स धम्मे सया मनो ॥

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે અહિંસા, સંયમ અને તપ—એ ધર્મ છે જેમનું મન સદા ધર્મમાં છે, તેમને દેવો પણ નમન કરે છે.

अहिंसा सच्चं च अतेणगं च
तत्तो य बम्भं अपरिग्गहं च ।
पडिवज्जिया पंच महव्वयाणि
चरिज्ज धम्मं जिणदेसियं विदू ॥

પંડિત મનુષ્યે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોને સ્વીકારીને શ્રી જિનભગવાને જે ધર્મ ઉપદેશ્યો છે તે ધર્મનું આચરણ કરવું

जरामरणवेगेणं
बुज्झमाणाण पाणिणं ।
धम्मो दीवो पइट्ठाय
गई सरणमुत्तमं ॥

જરા અને મરણના વેગથી ઘસડાતા પ્રાણીઓને માટે એકલો ધર્મ બેટરૂપ છે—ટકી રહેવાના સ્થાનરૂપ છે અને ઉત્તમ શરણ સમાન છે

जरा जाव न पीडेई
वाही जाव न वड्ढई ।
जाविंदिया न हायंति
ताव धम्मं समायरे ॥

જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતા નથી અને જ્યાં સુધી ઇંદ્રિયો નબળી પડી નથી ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લેવું

પ્રભુ પ્રાર્થના

(ગઝલ)

જીવનના હેતુઓ જાણી સદા સમભાવથી રહેવા,
ઉચિત કર્તવ્ય દૃષ્ટિથી વિશુદ્ધિ માર્ગે સંચરવા;
કરી નિષ્કામ કર્મોને અધર્મો દૂર કરવાને,
ભય શંકા વિકારાદિ થકી મુક્તિ સજાવાને;
અચળ સંકલ્પને ધારી ધરી સ્થિરતા અડગ બળથી
સદા એ આત્મભાવોને સ્મરણ કરવા પ્રતિબળથી;
પ્રભુ પ્રીતિતણા રંગોતણી ઉજ્જવળ પ્રભા ધરવા,
મલિનતા, કલાન્ત, ગ્લાનિથી જીવનને સદ્ય ઉદ્ધરવા;
અમોને અર્પજો બળ એ, વિભો આત્મખજાનાથી,
અખૂટ છે આપની પાસે, શિશુની એ વિનંતિ છે.

વિ. મુ. શાહ

નૂતન વર્ષાભિનંદન

પ્રાતઃ પ્રભાની રમ્યતા આનંદ દ્યોત પ્રસરાવતી,
જાગૃત કરી જગપ્રાણીને સંદેશ દેવી સુણાવતી;
ગત દીર્ઘકાલિક ચિત્રપટ મહાવીર ને વિક્રમ તણું,
આલેખવા અંતર વિષે અનુપમ સમય તે આ ગણું.
મહાવીર જીવન જગત પર જ્યોતિ અદ્વૈત પ્રકાશતું,
વૈભવ તજી વીતરાગ પદનો બોધ પૂર્ણ કરાવતું;
વળી આર્યભૂષણ વીર વિક્રમ નરાધીશ ન અન્ય કો,
વરસાવી સંપત્તિ સ્નેહથી સુખિયો કર્યો આ દેશ જો.
યાદી કરાવે આજ પ્રાતઃકાલ એ વીરો તણી,
અનુશરણ સુગ્ર કરો મનોહર સ્મારક તેઓનું ગણી.
એ સાથ સૌનાં આ ય નૂતન વર્ષમાં સત્ ઇપ્સિતો,
ચઢતા બનો આશિષ છે સૌભાગ્ય સુંદર આહંતો.

મણિલાલ.

નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે

૬૧ વર્ષની લાંબી અસ્ખલિત મજલ પછી "આત્માનંદ પ્રકાશ" આ અંકથી બાસઠમાં વરસમાં મંગળ પ્રવેશ કરે છે. નવલ વર્ષનું નવલ પ્રભાત જેમ જનતામાં નવો ઉલ્લાસ, નવી આશા અને નવું ચેતન પ્રગટાવે છે, તેમ આત્માનંદ પ્રકાશના નૂતન વર્ષમાં મંગળ પ્રવેશ પ્રસંગે અમો પણ આનંદ અને ઉલ્લાસની ઊર્મિ અનુભવીએ છીએ.

જ્ઞા માસિકને લાંબા કાળ સુધી ટકાવી રાખવામાં, તેના જે અનેક વાચકો અને શુભેચ્છકોએ લાગણીભર્યો સહકાર આપ્યો છે, તે સૌનો આ તકે આભાર માનીએ છીએ, અને લોકમાનસના સાત્વિક ઘડતરમાં યત્કિંચિત ફાળો આપવાની જે શુભ મનોકામના અમારા દિલમાં ભરી-પડી છે તે પાર પાડવા માટે અમો પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

આજથી સાઠ વરસ પહેલાં, જૈન-સાહિત્ય, જૈન ધર્મ-સમાજ અને શિક્ષણક્ષેત્રે જાગૃતિ લાવવા માટે આ માસિકનો જન્મ થયો, એ સમયે વર્તમાનપત્રોનું એવું પ્રબળ સામ્રાજ્ય ન હતું, પણ સમયના વહેણ સાથે વર્તમાનપત્રની અગત્ય વધતી ગઇ, અને આજે તો વર્તમાનપત્રો વિનાની દુનિયા કલ્પી જ શકાતી નથી. રાજકારણને જાગૃત રાખવામાં તો એ અનિવાર્ય બન્યું છે, એટલું જ નહિ પણ રાજકીય પરિવર્તનો સિદ્ધ કરવામાં એ એક પ્રકારની મહાન તાકાતરૂપ ગણાય છે. એવી જ રીતે ધર્મ, સમાજ, શિક્ષણ, સાહિત્ય કે માનવજીવનના એકેએક ક્ષેત્રે વર્તમાનપત્રનું પ્રભુત્વ પ્રવર્તતું આવે છે. લોકપ્રવાહના ઘડતરનું આજે એ એક અગત્યનું સાધન બની રહ્યું છે.

જગતના વર્તમાન પ્રવાહનો જરા વિચાર કરીએ તો, આ યુગમાં માનવીનું સ્થાન ક્યાં? આજે તે ક્યાં ઉભો છે? આજના વિજ્ઞાનની ઝડપ માનવીને ક્યાં ઘસડી રહી છે? મહત્ત્વાકાંક્ષાઓની જ્વાળા આજે ક્યાં પહોંચી, અને માનવ-મહેરામણ તેમાં કેવી વિચિત્ર રીતે ભડભાય રહ્યો છે? દિલમાં ઠાઠતા આવા અનેક પ્રશ્નોનો જરા શાન્તચિત્તે જવાબ વિચારશું તો જરૂર આપણને દુઃખ થશે.

જેમ જેમ વિજ્ઞાનનાં સાધનો વધતાં જાય છે, તેનાં ભગ્યસર્જનો આપણી સામે રજુ થતાં જાય છે તેમ તેમ આપણે પ્રગતિની મહાન કુચ કરી રહ્યા હોઇએ એવો ભાસ આપણને થાય છે આપણો વિકાસ આપણી જીવન-સિદ્ધિ આપણું સર્વસ્વ જાણે એમાં જ સમાય જતું ન હોય તેમ આપણે તેનાથી પરીપુર સંતોષ માનીએ છીએ, અને આ વિજ્ઞાન યુગમાં જન્મ્યાનું ગૌરવ પણ પરીપુર લઇએ છીએ. આ રીતે યંત્રનું મૂલ્યાંકન વધતું જાય છે તેના પ્રમાણમાં માનવીનું મૂલ્યાંકન ઘટતું આવે છે. માનવીનું મૂલ્ય તેની માનવતાથી નહિ, આત્મિયતાથી નહિ પણ બાહ્ય સાધનોથી આંકાવા લાગ્યું છે. વિજ્ઞાનના વેગની અસર

માણસના જ્ઞાન-તંતુઓ ઉપર એવી વિચિત્ર રીતે થઇ રહી છે કે સ્વસ્થચિત્તે માણસ પોતાના જીવનની સિદ્ધિ અને સાધનાનો વિચાર જ કરી શકતો નથી.

દુનિયાના પ્રવાહનો જરા વિચાર કરો, સહઅસ્તિત્વ અને વિશ્વશાન્તિની એક બાજુ વાતો થાય છે, તો બીજી બાજુ અણુ-બોંબની ધડાકા કરી યુદ્ધ-ભય ઉભો રાખવાનાં અમાનુષી પ્રયોગો ચાલી રહ્યા છે દુનિયાનો માનવી શાન્તિ વાંચ્છી રહ્યો છે ત્યારે તેની સામે, યુદ્ધની નોબત ગગડાવનો અણુ-ધડાકો માનવીના કાળજા કોરી રહ્યો છે. આવું છે મમતા અને લાલસાનું તાંડવ. જ્ઞાન અને વિજ્ઞાન-આત્મવાદ અને ભૌતિકવાદ વચ્ચે અટવાતા દુનિયાના માનવીનું આ છે કરૂણ ચિત્ર.

ભૌતિકવાદ તરફ આંધળીંચીને દોડી રહેલ દુનિયાની આ દોડનો પડઘો સંસ્કૃતિપ્રધાન ભારત પર પણ પડયો છે, યુદ્ધના ભય સામે સજાગ રહેવા તેને પોતાની શક્તિનો મોટો ભાગ સંરક્ષણ માટે રોકવો પડે છે, અને આજના વિજ્ઞાનની વિકૃત અસર નીચે આપણે આવી રહ્યા હોઇએ તેમ અહિંસા અને માનવતાનો ધર્મ ભૂલી આપણે પણ હિંસક-દ્રષ્ટિ તરફ જાણે ઢળી રહ્યા છીએ, તેમ જ પશુઓની ભયંકર કત્લ કરવાના પાશવી કાલખાના ઉભા કરવાની, ઉમતી પ્રજાને નારતામાં ફરજીયાત ઇંડા આપવાની, કે "જીવો અને જીવવા દો"નો જીવન-મંત્ર ભૂલીને, લાખો નિરપરાધિ પશુ-જીવોની હિંસા કરી તેમાંથી હુંડીયામણ કમાવાની અમાનુષી દ્રષ્ટિ કેળવી રહ્યા છીએ. આ બધું નિહાળી ઘડીભર હૃદય કંપી ઉઠે છે, અને બોલી જવાય છે કે "આ શું થવા બેઠું છે? અહિંસાપ્રેમી ભવ્ય-ભારત કયાં જઇ રહ્યું છે? પાશવતાના આ ભયંકર તાંડવ સામે આપણો ધર્મ શું? સારૂં એ વિરાટ સળગી રહ્યું છે, મહાસાગર સામે બિન્દુસમો દેખાતો બિચારો માનવી આત્મા શું કરી શકે?"

આ તો દુનિયાની વિનાશલક્ષી દોડની વાત થઇ. સદ્ભાગ્યે વિશ્વશાન્તિની રક્ષા માટેની પૂનિત ભાવના આજે ભારતના દિલમાં ભરી છે તે જાણીને આપણને આપણી સંસ્કૃતિ માટે ગૌરવ લેવાનું રહે છે. ચીનના અણુધડાકા પછી અણુશાસ્ત્રોની સ્પર્ધામાં કે વિનાશલક્ષી દોડમાં ન ઉતરતા વિશ્વશાન્તિની રક્ષા માટે નંતુરખાતે મળેલ કોંગ્રેસ મહાસમિતિએ વિશ્વશાન્તિની જે ઘોષણા કરી છે તેમાં ભારતની શાન્તિપ્રિયતા અને વિશ્વપ્રેમની આપણને પ્રતીતિ થાય છે. ભારતની સંસ્કૃતિના મુખમાં સત્ય-અહિંસા અને પ્રેમનાં ઉચ્ચ તત્ત્વો ભર્યાં છે તેની ખાત્રી આ ઉદ્ઘોષણાએ આ રીતે કરાવી આપી છે. અને આખરે વિજય પણ સત્ય અને અહિંસાનો જ છે. અને દુનિયા જ્યારે આ સત્ય સમજશે, અહિંસા અને પ્રેમના માર્ગે પરવરશે ત્યારે જ સાચી વિશ્વશાન્તિ સ્થાપી શકાશે.

વિશ્વશાન્તિનો ઓઘપાઠ અનેક સંતોએ આપ્યો છે તેમ જૈન ધર્મે પણ ઘણી સુંદર રીતે પોતાની શાસ્ત્રવાણીમાં ઉચ્ચાર્યો છે, "જીવો અને જીવવા દો" ભગવાન્ મહાવીરનો આ સંદેશ બરાબર સમજવામાં આવે તો તેમાં જ વિશ્વશાન્તિના બીજ પડયા છે, જૈન-ધર્મ અને જૈન સંસ્કૃતિનાં મૂળમાં વિશ્વશાન્તિના જે તત્ત્વો ભર્યાં છે, તેનું વધુ ને વધુ જ્ઞાન આપણે મેળવવાનું છે. અને જગતમાં એ જ્ઞાનનો પ્રચાર કરવાની પણ એટલી જ આપણી ફરજ છે. વિશ્વશાન્તિની ભાવના ભાવતી ભારતના એક રાષ્ટ્રજન તરીકે પણ આજે આપણે જૈન સંસ્કૃતિનો પ્રચાર કરવાનું ભૂલવું ન જોઇએ.

ભારતીય સંસ્કૃતિના અધ્યયન માટે ઉપયોગી થાય તેવી, જૈન સંઘ પાસે જૈન તત્ત્વજ્ઞાન, જૈન સાહિત્ય અને જૈન કળા અને ઇતિહાસની વિપુલ સામગ્રી પડી છે. જૈન-સંસ્કૃતિના અધ્યયન માટે આજે

દેશ-પરદેશમાં લોકોની જિજ્ઞાસા વધતી આવે છે. જાગૃત થતી આવતી આ જિજ્ઞાસાને પોષે, સંતોષે અને વૃદ્ધિમાન કરે એવું આદિસન જગાડવાની આજે આપણી અનિવાર્ય ફરજ થઇ પડી છે.

આ જિજ્ઞાસાને પોષવા માટે-તેને અનુકુળ સાહિત્ય સર્જવું અને તેનો બહોળો પ્રચાર કરવો એ પણ મહત્ત્વનું છે, તેની સાથોસાથ આપણે આપણું પત્રકારિત્વ પણ વિકસાવવું જ પડશે. દુનિયામાં ' ઇજે પત્રકારિત્વ ખીલ્યું છે, જીવનના અંગોઅંગના વિકાસમાં આજે પત્રકારિત્વ જે મહત્ત્વનો ફાળો નોંધાવી રહ્યું છે, તેની સરખામણીમાં તો આજે આપણે હજુ ઘણું કરવાનું બાકી છે, એ માટે તો લોકજિજ્ઞાસાને પોષે તેવા સાહિત્ય-લેખો તૈયાર કરવામાં અને તેના પ્રચાર માટે ઘણું ઘણું કરવાનું રહે છે. ટુંકમાં જૈનતત્ત્વજ્ઞાનના, જૈન કળા, જૈન સ્થાપત્ય, જૈન ઇતિહાસ, જૈન સાહિત્ય અને જૈન સામાજિક જીવનને યથાર્થ રૂપમાં પ્રગટ કરે એવા સમૂહ સાધનિકોની પ્રવૃત્તિ માતબર સંસ્થાઓએ પોતાની શક્તિના પ્રમાણમાં ઉપાડી લેવી પડશે, ત્યારે જ આપણે જૈન-ધર્મનો સાચો પ્રચાર કર્યો ગણાય, ત્યારે જ વિશ્વશાન્તિના માર્ગે-આપણે આપણી યોગ્ય સેવા આપી ગણાય.

' આત્માનંદ પ્રકાશ ' નો જન્મ આવા જ કોઇ ધ્યેયને પહોંચી વળવા માટે થયો છે, અને આજ સુધી એણે યથાશક્તિ પ્રયાસ કર્યો છે. પણ એ પ્રયાસ તો સાગર સામે નાનકડા બિન્દુ સમાન ગણાય, આજે ઉપર જણાવ્યું તેમ પત્રકારિત્વના વિકાસની જરૂરિયાત ઘણી મોટી છે અને આપણે ઘણા પછાત છીએ.

આમ આશાઓ તો ઘણી મોટી છે, અને અમારી શક્તિ તો ઘણી અલ્પ છે, એમ છતા રવિ-દિપકની સામે નાનકડું કોડીયું ધરીને પણ અમો આત્મસંતોષ માણીએ છીએ, અને અમારી મંગળ મહત્ત્વકાંક્ષાઓને પહોંચી વળવાના શુભ ભાવના સાથે અમો સૌના સહકાર અને શુભેચ્છા સાથે બાસઠમા વરસમાં પ્રવેશ કરીએ છીએ. " જૈનં જયતિ શાસનમ્ " એ જ મહેચ્છા.

આત્માનંદ પ્રકાશના નવા વરસના પ્રવેશ પ્રસંગે આપણી સભાની દ્રષ્ટિએ પણ થોડું વિચારી લઇએ.

જૈન ધર્મ-સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રે યત્કિંચિત સેવા કરવાના કોડથી આ સભાનો જન્મ થયો. લગભગ સીત્તેર વરસ સુધી પોતાના ધ્યેયને લક્ષમાં રાખીને સભાએ અનતી સેવા કરી, કેટલુંક કિંમતી સાહિત્ય પ્રગટ કર્યું, દેશ-વિદેશમાં તેનો પ્રચાર કર્યો અને દેશ-વિદેશમાં તે સારો સત્કાર પામ્યું, સીત્તેર વરસની આ સભાની સેવાનું આ ટુંકુ સરવૈયું છે અને આજે જ્યારે એ ૭૦ વરસનું આયુષ્ય ભોગવીને પોતાનો મણિમહોત્સવ ઉજવવા જેટલી તે ભાગ્યશાળી થઇ છે ત્યારે ભાવનભરને માટે અગત્યની એક વાત તરફ અંગુલિનિર્દેશ કરવાનું સહજ ભાવે મન થાય છે.

સૌરાષ્ટ્રની સ્વતંત્ર યુનિવરસિટિ સ્થાપવાનો અને તે માટેના મથકની પસંદગી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે ગુજરાત સરકારે, સૌરાષ્ટ્ર યુનિવરસિટિના મથકના સ્થળની પસંદગી કરવા માટે એક કમિટિ નિયુક્ત કરી હતી. આ કમિટિ ગત વરસે ભાવનગર આવી ગઇ. ભાવનગરના સંસ્કૃતિ, શિક્ષણ વિકાસ અને સાહિત્યકળા-પ્રેમનો એણે અભ્યાસ કર્યો, સાથોસાથ આપણા ભાવનગરમાં જૈન સાહિત્યનો જે મહામૂલો હસ્તલેખિત તથા અન્ય પ્રાચીન સાહિત્યનો કીમતી ખજાનો પડયો છે તે અંગેનું એક નિવેદન જૈનસંઘ તરફથી આ કમિટિ સમક્ષ રજુ કરવામાં આવેલ, કમિટિ આ નિવેદનથી પ્રભાવિત થઇ, અને જૈન સાહિત્યની વિપુલ સામગ્રી જોયા પછી એમ લાગ્યું કે યુનિવરસિટિનું મથક જો ભાવનગર ખાતે રાખવામાં આવે તો ભારતીય સંસ્કૃતિના એક મહત્ત્વના અંગ સમાન ગણાતી શ્રમણ-સંસ્કૃતિના

અભ્યાસ અને સંશોધન માટેનું એક કેન્દ્ર ભાવનગરમાં ઉભું કરવાની પૂરી શક્યતાઓ રહેલી છે.

બિહાર સરકાર સ્થાપિત વૈશાલિની પ્રાકૃત, જૈનોલોજી અને અહિંસા ઇન્સ્ટીટ્યુટના ડિરેક્ટર ડો. નથમલજી ટાટીયા, તાજેતરમાં ભાવનગર પધાર્યા ત્યારે આ સભાની મુલાકાત સમયે પણ તેઓએ આ વાત તરફ સૌનું ધ્યાન ખેંચતા કહ્યું હતું કે ભાવનગર ખાતે સ્થાપવામાં આવનાર-યુનિવરસિટિમાં જૈન સભાએ જૈન સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટેની એક જૈનચેર સ્થાપવાનો પ્રયાસ કરવો જોઇએ. ખરેખર આ સૂચન સમયોચિત અને ગંભીરપણે વિચારવા જેવું છે.

શક્યતાની દ્રષ્ટિએ વિચારીએ તો જૈન-સાહિત્યની દ્રષ્ટિએ ભાવનગર હંમેશા સમગ્ર જૈન જગતમાં મોખરે રહ્યું છે, તેમ ભાવનગર પાસે જૈનચેરની સ્થાપના કરાવવા માટે જોઇએ તેવી વ્યક્તિઓ અને સાધન-સામગ્રીનો પૂરો જોગ છે. આ બાબતમાં રસ ધરાવતા ભાઇઓ જો આ દિશામાં સક્રિય પ્રયાસ કરે તો જરૂર તે સિદ્ધ થવાની શક્યતા ધરાવે છે.

ચાલુ વર્ષમાં આ સભા પોતાનો મણિમહોત્સવ ઉજવવા ઇચ્છા રાખે છે તે સમયે ભાવનગરને છાજે તે રીતે, જૈન સાહિત્યના ઇતિહાસમાં અનોખી જ ભાત પાડે તેવું સાહિત્ય પ્રગટ કરીને અને સભાના વિકાસનો વિચાર કરીને એક કાર્યક્રમ યોજીએ તો તે આવકારદાયક થઇ પડશે. તેની સાથેસાથ જૈનચેરની સ્થાપનામાં પણ આપણાથી બને તેટલો સહકાર આપી આ મહોત્સવને વધુ ગૌરવવંતો બનાવવો તેની ઇચ્છા રાખીએ છીએ.

સભાની સાહિત્ય કે શિક્ષણ વિષયક પ્રવૃત્તિ અને "આત્માનંદ પ્રકાશ"ના વિકાસ અંગે ઘણું વિચારવા જેવું તો છે જ, ઘણાં લાંબા સમયથી "નવચક્ર"ના ગ્રંથ સંપાદનનું શરૂ કરેલ કાર્ય પૂર્ણ થવાની અણી ઉપર છે એટલે નજીકના ભવિષ્યમાં "નવચક્ર"નો આખો ગ્રંથ ત્રણ ભાગમાં પ્રગટ કરી શકાશે તેવી પૂર્ણ શક્યતા અત્યારે દેખાય છે. સંભવ છે કે સભાના મણિમહોત્સવ પ્રસંગે આ પ્રકાશન જાહેરમાં મૂકી શકાશે, અને સભાને માટે આ પણ આનંદનો એક વિષય બની રહેશે. પણ આ કાર્યથી સભા પોતાનું કર્તવ્ય બજાવ્યાનો સંતોષ માની ન લ્યે. યુગદ્રષ્ટિ જાળવીને આજે જૈન સાહિત્યના પ્રકાશનમાં નવો જ વેગ લાવવાની અનિવાર્ય જરૂરત જે આપણી સમક્ષ પડી છે તે લક્ષમાં લઇને સભાએ એ સમયથી સાહિત્ય કુચ આરંભવાની રહે છે. આજે ખીલી રહેલા પત્રકારિત્વની સાથે આપણે કેટલા પછાત છીએ, તેનો વિચાર કરીને 'આત્માનંદ પ્રકાશ'ના વિકાસ માટે જમણું કરવાની દૃઢ પ્રતિજ્ઞા લઇને જ તે પોતાના મણિમહોત્સવને દીપાવે-યથાર્થ બનાવે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના. ગત વર્ષમાં જે જે લેખકોએ સહકાર આપી અમારા કાર્યને યશસ્વી બનાવ્યું છે તે સૌનો અમે આભાર માનીએ છીએ અને તેઓ પોતાનો સહકાર ચાલુ રાખશે તેવી વિનતિ કરીએ છીએ.

ॐ શાન્તિ.

લ. ક. સોઠ

લોકાનુગ્રહ અને આત્મહિત

જિજ્ઞાસુ

સ્વ. મનસુખભાઇનો **શ્રીમદ્ રાજચંદ્રજીને** પ્રત્યક્ષ આપ જેવા સમર્થ પુરુષથી લોકોપકાર થાય એવી ઇચ્છા રહે તે સ્વાભાવિક છે. શ્રીમદ્‌નો ઉત્તર–લોકાનુગ્રહ સારો ને જરૂરનો કે આત્મહિત ? મ૦ ભાઇનો ઉત્તર–સાહેબ બનેની જરૂર.

શ્રીમદ્ :—

" શ્રી હેમચંદ્રાચાર્યને થયાં આઠસો વરસ થયાં. શ્રી આનંદઘનજીને થયાં બસો વરસ થયાં. **શ્રી હેમચંદ્રાચાર્યે** લોકાનુગ્રહમાં આત્મા અર્પણ કર્યો. શ્રી આનંદઘનજીએ આત્મહિત સાધનપ્રવૃત્તિને મુખ્ય કરી. શ્રી હેમચંદ્રાચાર્ય મહાપ્રભાવક ભગવાન ક્ષયોપશમવાળા પુરુષ હતા. તેઓ ધારત તો જુદો પંથ પ્રવર્તાવી શકે એવા સામર્થ્યવાન હતા. તેમણે ત્રીશ હજાર ઘરને શ્રાવક કર્યા. ત્રીશ હજાર ઘર એટલે સવાથી દોઢ લાખ માણસની સંખ્યા થઇ. શ્રી સહજાનંદઘનજીના સંપ્રદાયમાં એક લાખ માણસ હશે. એક લાખના સમુદાયી સહજાનંદઘનજીએ પોતાનો સંપ્રદાય પ્રવર્તાવ્યો, તો દોઢ લાખ અનુયાયીઓનો એક જુદો સંપ્રદાય શ્રી હેમચંદ્રાચાર્ય ધારત તો પ્રવર્તાવી શકત.

પણ શ્રી હેમચંદ્રાચાર્યને લાગ્યું કે સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરજ ધર્મપ્રવર્તક હોઇ શકે. અમે તો તીર્થંકરોની આજ્ઞાએ ચાલી તેમના પરમાર્થમાર્ગને પ્રકાશ કરવા પ્રયત્ન કરનારા. વીતરાગધર્મનો પરમાર્થ પ્રકાશવારૂપ લોકાનુગ્રહ શ્રી હેમચંદ્રાચાર્યે કર્યો. તેમ કરવાની જરૂર હતી. વીતરાગ માર્ગ પ્રતિ વિમુખતા અને અન્ય માર્ગ તરફથી વિષમતા, ઈર્ષા આદિ શરૂ થઇ ચૂકયાં હતાં. આવી વિષમતામાં વીતરાગમાર્ગ ભણી લોકોને વાળવા, લોકોપકારની તથા તે માર્ગના રક્ષણની તેમને જરૂર જણાઇ. અમારૂં ગમે તે થાયો, આ માર્ગનું રક્ષણ થવું જોઇએ, એ પ્રકારે તેમણે સ્વાર્પણ કર્યું. પણ આમ તેવા જ કરી શકે કે જેઓ ભાગ્યવાન, માહાત્મ્યવાન, ક્ષયોપશમવાન હોય. જુદાં જુદાં દર્શનોનો યથાવત્ તોલ કરી અમુક દર્શન સંપૂર્ણ સત્યસ્વરૂપ છે એવો નિર્ધાર કરી શકે તેવા પુરુષ લોકાનુગ્રહ, પરમાર્થપ્રકાશ આત્માર્પણ કરી શકે.

શ્રી હેમચંદ્રાચાર્યે ઘણું કર્યું. શ્રી આનંદઘનજી તેમના પછી છસો વરસના અંતરાળમાં બીજા તેવા હેમચંદ્રાચાર્યની જરૂર હતી. વિષમતા વ્યાપતી જતી હતી. કાળ ઉગ્ર સ્વરૂપ લેતો જતો હતો. શ્રી વલ્લભાચાર્યે શૃંગારયુક્ત ધર્મ પ્રરૂપ્યો. શૃંગારયુક્ત ધર્મ ભણી લોકો વળ્યા, આકર્ષાયા. વીતરાગ ધર્મ વિમુખતા વધતી ચાલી. અનાદિથી જીવ શૃંગાર આદિ વિભાવમાં તો મૂર્ચ્છા પામી રહ્યો છે, તેને વૈરાગ્ય સન્મુખ થવું મુશ્કેલ છે. ત્યાં તેની પાસે શૃંગાર જ ધર્મરૂપે મૂકાય તો તે વૈરાગ્ય ભણી કેમ વળી શકે ? આમ વીતરાગધર્મ વિમુખતા વધી.

ત્યા પ્રતિમા–પ્રતિપક્ષ સંપ્રદાય જૈનમાં જ ઉભો થયો. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એવી જિનપ્રતિમા પ્રતિ લાખો દૃષ્ટિવિમુખ થયા. વીતરાગશાસ્ત્ર કલ્પિત અર્થથી વિરાધાયાં, કેટલાંક તો સમૂળગાં ખંડાયાં. આમ આ છસો વરસના અંતરાળમા વીતરાગમાર્ગ રક્ષક બીજા હેમચંદ્રાચાર્યની જરૂર હતી. અન્ય ઘણા આચાર્યો થયા, પણ તે શ્રી હેમચંદ્રાચાર્યની જેવા પ્રભાવશાલી નહિ. એટલે વિષમતા સામે ટકી ન શકાયું. વિષમતા વધતી ચાલી. ત્યાં શ્રી આનંદઘનજી બસો વરસ પૂર્વે થયા.

શ્રી આનંદઘનજીએ સ્વપર હિતબુદ્ધિથી લોકોપકાર પ્રવૃત્તિ શરૂ કરી. આ મુખ્ય પ્રવૃત્તિમાં આત્મહિત ગૌણ કર્યું, પણ વીતરાગધર્મ વિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઇ હતી કે લોકો ધર્મને કે આનંદઘનજીને પિછાણી ન શક્યાં, ઓળખી કદર કરી ન શક્યાં. પરિણામે શ્રી આનંદઘનજીને લાગ્યું કે પ્રબળ વ્યાપી ગયેલી વિષમતાયોગે લોકોપકાર. પરમાર્થ પ્રકાશ કારગત થતો નથી, અને આત્મહિત ગૌણ થઇ તેમાં બાધા આવે છે, માટે આત્મહિતને મુખ્ય કરી તેમાં પ્રવર્તવું યોગ્ય છે, આવી વિચારણાએ પરિણામે તે લોકસંગ ત્યજી દઇ વનમાં ચાલી

(અનુસંધાન પૃ. ૮)

વીરચંદ ગાંધી : આપણું કર્તવ્ય

લે. ખી. ચાં. શાહ

ઇ. સ. ૧૮૯૩માં ચિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ-પરિષદમાં જે ભારતીય પ્રતિનિધિઓએ હાજરી આપી હતી તેમાં સ્વ. વીરચંદ રાઘવજી ગાંધી ખાસ ધ્યાન ખેંચે તેવા એક વ્યક્તિવિશેષ હતા. તેમનો જન્મ સૌરાષ્ટ્રના મહુવા ગામે ઇ. સ. ૧૮૬૪ના ઓગસ્ટની પચીસમી તારીખે થયો હતો. તેમણે પ્રાથમિક અભ્યાસ મહુવામાં પૂરો કરી ભાવનગરની આદ્રેક હાઇસ્કૂલમાંથી પહેલે નંબરે મુંબઇ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષા પાસ કરી હતી. અને ત્યારબાદ મુંબઇ જઈ એલ્ફિન્સ્ટન કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરી બી. એ.ની ડીગ્રી વીસ વર્ષની ઉંમરે સારા ગુણ મેળવી પ્રાપ્ત કરી હતી. તે બુદ્ધિશાળી, સેવાભાવી અને સૌમ્ય સ્વભાવના હતા; વળી જૈનદર્શનના ઊંડા અભ્યાસી પણ હતા. જૈનધર્મ પ્રત્યેની તેમની નિષ્ઠા અપૂર્વ હતી. ધર્મના રક્ષણ અને પ્રચાર અર્થે સર્વસ્વ કરી છૂટવાની તેમની તમન્ના પણ અદ્વિતીય હતી. વિશ્વધર્મપરિષદના પ્રતિનિધિ તરીકે તેમની વરણી થતાં મહાન આચાર્ય ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) પાસે થોડોક સમય રહી ધર્મ, દર્શન, યોગ વગેરેનો ઊંડો અભ્યાસ તેમણે કરી લીધો હતો. પરિષદ સમયે તેમની વય માત્ર ઓગણત્રીસ વર્ષની હતી. આટલી નાની વયે પણ જૈનસમાજને મુંઝવતા શત્રુંજયગિરિ ઉપરના મૂંડકાવેરાનો પ્રશ્ન તથા સંમેતશિખર પર્વતની પવિત્રતા જાળવવાનો પ્રશ્ન તેમણે જૈનસમાજની લાગણી સંતોષાય તે રીતે તેમનો ઉકેલ લાવવામાં સારી રીતે મહેનત કરી હતી અને તેથી જૈન-સમાજમાં સારી એવી ખ્યાતિ મેળવી હતી.

વિશ્વધર્મપરિષદ ઇ. સ. ૧૮૯૩ના સપ્ટેમ્બરની અગિયારમી તારીખે શરૂ થઇ અને સત્તાવીસમી તારીખે પૂર્ણ થઈ. આ દરમિયાન પ્રસંગો મળતાં જૈનધર્મ વિષે પરિષદમાં અને બહાર વિદ્વતાપૂર્ણ અને સુંદર, મોહક, વક્તૃત્વલહરી ભાષામાં પ્રવચનો કર્યાં. આ પ્રવચનનોની અન્ય પ્રતિનિધિઓ ઉપર તેમ જ અમેરિકાની સામાન્ય જનતા ઉપર સુંદર અસર પડી હતી. તેમના સંબંધમાં તે વખતે એક અમેરિકન પત્રે લખ્યું હતું કે "જગવિખ્યાત હિંદુ વિદ્વાનો, દાર્શનિક પંડિતો તથા ધર્મગુરુઓએ આ પરિષદમાં ભાગ લીધો હતો, અને તેમણે પ્રવચનો પણ કર્યાં હતાં. આમાંના કેટલાક તો વિદ્વતા, ધાર્મિકતા અને ચારિત્રમાં કોઇપણ બીજી પ્રજાના સર્વશ્રેષ્ઠ નેતાઓના જેટલું જ ઉચ્ચ સ્થાન ધરાવતા હતા. છતાં એમ કહેવું વધારે પડતું નહીં ગણાય કે પૂર્વના વિદ્વાનોમાંથી એક નવયુવાન જૈન ગૃહસ્થે જૈનદર્શન અને આચાર વિષે કરેલું પ્રવચન જેટલું બીજા કોઇનું પ્રવચન શ્રોતાઓએ રસપૂર્વક સાંભળ્યું ન હતું."

આ ઉપરથી જણાય છે કે તેમણે પરિષદ વખતે પોતાની કામગીરી સુંદર અને સફળતાપૂર્વક બજાવી હતી. પરિષદ પૂર્ણ થયા પછી પણ તે અમેરિકામાં ધર્મપ્રચાર અર્થે બે વર્ષ રહ્યા. આ સમય દરમિયાન તેમણે ત્યાં લગભગ પચિસો ઉપરાંત ભાષણો આપ્યાં, ઘણા સ્થળોએ અભ્યાસવર્ગો પણ શરૂ કર્યાં. તેમના ઉપદેશથી ઘણાએ માંસાહાર છોડ્યો,

---

(ચાલુ પૃ. ૭થી)

કિલ્લા, વનમાં વિચરતા છતાં અપ્રગટ પણે રહી ચોવીશી ઇ આદિ વડે લોકોપકાર તો કરી જ ગયા. નિષ્કારણ પકાર એ મહાપુરુષોનો ધર્મ છે.

પ્રગટપણે લોકો આનંદઘનજીને ઓળખી ન શક્યાં પણ આનંદઘનજી તો અપ્રગટ રહી તેમનું હિત કરતા ગયા. અત્યારે તો શ્રી આનંદઘનજીના વખત કરતાં પણ વધારે વિષમતા, વીતરાગમાર્ગ વિમુખતા વ્યાપેલી છે

શ્રી આનંદઘનજીને સિદ્ધાંતબોધ તીવ્ર હતો. તેઓ શ્વેતાંબર સંપ્રદાયમાં હતા. 'ભાષ્ય, ચૂર્ણિ, નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે' ઇત્યાદિ પંચાંગીનું નામ તેમનાં શ્રી નમિનાથજીના સ્તવનમાં ન આવ્યું હત તો ખબર ન પડત કે તેઓ શ્વેતાંબર સંપ્રદાયના હતા કે દિગંબર સંપ્રદાયના ?

(આત્મજ્ઞ સંત શ્રીમદ્ રાજચંદ્રજી 'ઉપદેશ નોંધ'માંથી)

કેટલાંક જૈન બન્યાં. અમેરિકામાં પ્રચાર કર્યા બાદ તેઓ ઇંગ્લાંડ, ફ્રાંસ, જર્મની વગેરે યુરોપના દેશોમાં જૈનધર્મનો પ્રચાર કરી ઇ. સ ૧૮૯૬માં હિંદુસ્તાનમાં પાછા ફર્યા.

વિશ્વધર્મપરિષદમાં વીરચંદ ગાંધીની જેમ સ્વામી વિવેકાનંદે પણ હિંદુધર્મના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી. તેમણે પરિષદમાં તેમજ બહાર હિંદુધર્મ માટે ખૂબ પ્રચાર કાર્ય કર્યું હતું અને તેમનું કાર્ય પણ વીરચંદ ગાંધીના કાર્ય જેમ જ પ્રશસ્ત હતું. ગાંધી વિવેકાનંદ કરતાં બે વર્ષે નાના હતા. નાની ત્રીસ વર્ષની આસપાસની વયમાં બંનેએ પરિષદમાં ભાગ લઈ પ્રથમ કક્ષાની કામગીરી બજાવી હતી. ત્યારબાદ પોતપોતાના ધર્મોના પ્રચાર અર્થે પશ્ચિમના દેશોમાં લગભગ ત્રણ વર્ષ સુધી પ્રવાસ ખેડી સુયોગ્ય વાતાવરણ ઊભું કર્યું હતું, અનુયાયીમંડળો જમાવ્યાં હતાં, અને અભ્યાસવર્ગો ખોલ્યા હતા. તે દેશોમાં બંનેના કામની પ્રશંસા પણ લગભગ એકસરખી જ થઈ હતી.

ઇ. સ ની ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ હિંદુઓમા ધાર્મિક અને સામાજિક જાગ્રતિનો યુગ હતો. બ્રહ્મસમાજ, આર્યસમાજ, પ્રાર્થના સમાજ જેવા નાનામોટા સમાજો અને મંડળોએ હિંદુ યુવાનોમાં નવી ચેતના જગાવવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. જે જૂની કુરૂઢિઓ, વહેમો, જડ પ્રથાઓ વગેરેએ હિંદુસમાજને નિર્બળ બનાવ્યો હતો, તેમને દૂર કરી નવી પરિસ્થિતિને અનુકૂળ ધાર્મિક અને સામાજિક સુધારાઓ કરવા તરફ લોકોનું વલણ વધ્યું હતું. લાંબા વખતની રાજકીય પરતંત્રતાના કારણે પ્રજામા શારીરિક અને માનસિક નિર્બળતા અને ગેરશિસ્ત પ્રસરી ગયાં હતાં, દારિદ્ર અને ભૂખમરો ઘર કરી બેઠા હતાં. તેમની સામે પ્રચંડ પુરુષાર્થ કરી નવું ભારત રચવાની તમન્ના યુવાનોમાં થનગની રહી હતી. રાજકીય ગુલામી ફેંકી દઇ, સામાજિક અને ધાર્મિક સડાઓ દૂર કરી જગતની સ્વતંત્ર અને પ્રગતિશીલ પ્રજાઓની સાથે ખભેખભા મિલાવી ઊભા રહેવાની મહત્ત્વાકાંક્ષા તેમનામાં પ્રગટી હતી.

સ્વામી વિવેકાનંદે આ નવી ચેતના ઝીલી અને પોતાની પ્રતિભાથી તેને પ્રચંડ વેગ આપ્યો. તેમના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસે ધાર્મિક અને સામાજિક સુધારાની સાથે સાથે સમાજસેવાને પણ સમાન મહત્ત્વ આપ્યું હતું. વિવેકાનંદે ગુરુની આ ભાવના પણ અપનાવી. તેમણે કહ્યું કે "મારે મુક્તિની હમણાં જરૂર નથી. હજાર જન્મ લેવા પડે કે નરકયાતનાઓ વેઠવી પડે તે મારે કબૂલ છે. મને મુક્તિની જરાય ફિકર નથી. મારે તો મારા દેશબાંધવોની મદદમાં રહેવું છે, એમનાં આંસું લુંછવાં છે, એમનું સ્વમાન પાછું લાવવું છે. એમનો આત્મ વિશ્વાસ જગાડી એમને મર્દ બનાવવા છે" વળી તેમણે એમ પણ જાહેર કર્યું કે "જે ધર્મ વિધવાઓનાં આંસું લૂંછી શકે નહીં અને ભૂખ્યાંને રોટલાનો ટૂકડો આપી શકે નહીં, તે ધર્મમાં હું માનતો નથી." ભારતના યુવાનોને ખુલ્લંદ અવાજે તેમણે હાકલ કરી કે "ઉઠો, જાગો અને ઇચ્છિત ધ્યેયને પ્રાપ્ત કર્યા પછી જ જંપો." નવયુવાનો આવા આવા શબ્દો સાંભળી હચમચી ઉઠ્યા વિવેકાનંદ નવા રાષ્ટ્રવાદી ભારતના પ્રતીક જેવા બની ગયા, આખા દેશના પૂજ્ય બની રહ્યા. સંન્યાસથી બનેલા સ્વામી હવે લોક હૈયાના સ્વામી બન્યા. તેમને દેશે ખૂબ માન આપી અપનાવી લીધા. હવે તેમને પોતાના સંદેશાનો પ્રચાર કરવા માટે વાતાવરણ સુયોગ્ય લાગ્યું એટલે તેમણે પોતાના આ નવા સંદેશાને ચરિતાર્થ કરવા ઈ. સ. ૧૮૯૭ના મેની પહેલી તારીખે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. જુદા જુદા ધર્મો અને સંપ્રદાયો તરફ આદરભાવ રહે, એનાં દ્વાર સૌ કોઈ માટે ખુલ્લાં રહે, ભાવનાની ઉદારતા જળવાય, જે કાર્ય થાય તે ઈશ્વર પ્રીત્યર્થે જ ચાલે આવા ઊંચા આદર્શોવાળી આ સંસ્થા છે. વળી તેમાં ગૃહસ્થો અને સંન્યાસીઓ વચ્ચે સમાગમ રહે, બંનેના સહકારથી પ્રવૃત્તિઓ ચાલે, ત્યાગની ભાવનાને પ્રતિષ્ઠા મળે અને માનવહિત કરતા કરતાં આધ્યાત્મિક તેજ વધતું રહે આ માટેના અવસ્થિત પ્રયત્નો કરવામા આવે છે. સંસ્થાની સ્થાપના પછી સ્વામી વિવેકાનંદ માત્ર ચાર જ વર્ષ જીવ્યા પણ આ ચાર વર્ષની હયાતી દરમિયાન સંસ્થાને તેમણે સ્થિર કરી નાંખી. તેમના દેહાવસાન પછી પણ તેમના શિષ્યોએ આ સંસ્થાને ખૂબ વિકસાવી. આજે

દુનિયાભરમાં રામકૃષ્ણ મિશનનાં ૧૫૮ કેંદ્રો ચાલે છે.

વીરચંદ ગાંધી યે પણ રાષ્ટ્રવાદી હતા. તેઓ અમેરિકામાં હતા, ત્યારે ભારતમાં દુકાળ પડયો હતો. તે વખતે ત્યાં સ્થળે સ્થળે ફરી રૂ. ચાળીસ હજારનું ફંડ એકઠું કર્યું હતું તથા અનાજની એક સ્ટીમર ભારત રવાના કરી હતી. પરિષદની અંદર ભારતીય ધર્મો કે સમાજ ઉપરની કોઈ અયોગ્ય ટીકાઓ તે સહન કરી શકતા નહીં. તેઓ તરત જ સૌમ્ય પણ સચોટ વાણીમાં રદિયો આપી દેતા. દક્ષિણ ભારતના કેટલાંક હિંદુમંદિરોમાં જોવામાં આવતા દેવદાસીના રિવાજ ઉપરથી ખ્રિસ્તી પાદરી પેન્ટ કોસ્ટે સમસ્ત હિંદુધર્મ ઉપર અયોગ્ય ટીકાઓ કરી કે 'તેઓ વેશ્યાઓ છે એટલા માટે તેમને પૂજારી બનાવવામાં આવે છે અને તેઓ પૂજારી છે તો પણ વેશ્યાના કામ કરે છે', ત્યારે તેમણે જે સણસણતો જવાબ આપ્યો હતો તે ખરેખર નોંધનીય છે. તેમણે કહ્યું હતું કે "કેટલાક મહત્ત્વાકાંક્ષી માણસો એમ માને છે કે તેઓ પોતે સત પોલ છે. આ નવા પોલ ભારતમાં પોતાના આદર્શો રજૂ કરવા જાય છે અને ભારતીય જનસમૂહનું એ રીતે પરિવર્તન કરવા માગે છે. પરંતુ જ્યારે સ્વપ્ન સરી જાય છે—જે હંમેશાં સરી જતું જ હોય છે ત્યારે તેઓ જીવનભર હિંદુધર્મની ટીકા કરવામા જ પોતાનું જીવન વ્યતીત કરે છે. કોઈ પણ ધર્મની નિંદા એ તે ધર્મની વિરુદ્ધનું કોઇ પ્રમાણ નથી. એ રીતે પોતાના ધર્મની પ્રશંસા એ ધર્મની સત્યતાનો પૂરાવો નથી. આવી વ્યકિતઓ ઉપર મને ખૂબ જ દયા આવે છે. દક્ષિણ ભારતમાં કેટલાંક એવાં મંદિરો છે, જેમાં વિશેષ પ્રસંગે ગાવા માટે ગાનારીઓને બોલાવવામાં આવે છે. આ પૈકીની કેટલીક સ્ત્રીઓ ચંડાલપદ ચારિત્ર ધરાવે છે. હિંદુસમાજને આ દૂષણ લાગે છે અને તે દૂર કરવા શકય તેટલા પ્રયત્નો પણ કરે છે. પરંતુ એથી 'એ વેશ્યાઓ હતી એટલે પૂજારી બનાવવામાં આવી અને પૂજારી છે છતાં વેશ્યાઓનાં કામ કરે છે' એમ કહેવું એ સત્યથી વેગળું છે જેમ અંધકારથી પ્રકાશ તદ્દન ભિન્ન છે ! આવી સ્ત્રીઓને મંદિરના મુખ્ય ભાગમાં પણ પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. તેઓના પૂજારી હોવા સંબંધમાં એ હેતુ પર્યાપ્ત ગણાશે કે દ્વિમાલયથી કન્યાકુમારી સુધી એકપણ સ્ત્રી પૂજારી નથી."

આમ છતાં પણ વીરચંદ ગાંધી સ્વામી વિવેકાનંદની જેમ સમાજથી પર ન હતા. તે ગૃહસ્થી હતા અને જે સમાજનું તે પ્રતિનિધિત્વ ધરાવતા હતા, તે જૈનસમાજ હજી સુધી રૂઢિ ચૂસ્ત, સંકુચિત આચાર વિચારનો અને પોતાના જ જૂનવાણી કુંડાળામાં રાચનારો હતો. આચાર્ય શ્રી વિજયાનંદસૂરિ જેવા સમર્થ પુરુષો તેનામાં નવો પ્રાણ પૂરવાનો પ્રયત્ન કરતા હતા છતાં પણ ભારત ભરમાં જે નવીન ચેતનાનાં આંદોલનો પ્રસરતાં હતાં તેનાથી તે અલિપ્ત હતો. જો કે ઉપાશ્રયમાં બેસી મોટા અવાજે તે **જૈનં જયતિ શાસનં** બોલતો, પણ તેનું તે બોલવું માત્ર રૂઢિગત પરંપરાનુસારી હતું. તેની પાછળ હૃદયનું બળ ન હતું. એટલે જ્યારે વીરચંદ ગાંધી પશ્ચિમમાં જૈનશાસનના વિજયનો પાયો નાંખી આવ્યા, ત્યારે તેને જૈનસમાજ ગિરદાવી શકયો નહી. ઊલટું, તે દરિયાપાર કેમ ગયો ? તેનું તેણે પ્રાયશ્ચિત કરવું જોઇએ એવી એવી જૈનધર્મ સાથે અસંગત ક્ષુલ્લક બાબત આગળ આણી તેને હેરાન કરવાની મોજ માણવા લાગ્યો. કોઈપણ સ્વમાની પુરુષને આથી આઘાત જ થાય. હજી આમાંથી કળ વળે તે પહેલાં તેને ફરીથી અમેરિકા પોતે રચાપેલા વર્ગોને વ્યવસ્થિત કરવા જવું પડ્યું અને તે કામ પૂરું થાય તે પહેલાં શત્રુંજયના કેસની અપીલ માટે વિલાયત જવું પડ્યું જો કે આ કાર્યોમાં ખંત અને ઉત્સાહપૂર્વક કામગીરી બજાવી સફળતા મેળવી પણ તેમનું શરીર ઘસાઇ ગયું. અને પોતે જૈનધર્મના વિદેશોમાં પ્રચાર અર્થે જે કાર્ય શરૂ કર્યું હતું તેને આગળ ધપાવે અને વિકસાવે તેવી કોઇ યોજના તૈયાર કરે તે પહેલાં જ તેમનું ઇ. સ. ૧૯૦૧ના ઓગસ્ટની સાતમી તારીખે અવસાન થયું. તેમની હયાતીમાં કે તેમના અવસાન પછી કોઇને તેમના કાર્યની સંભાળ લેવાની જરૂરત ન લાગી એ ખરેખર જૈનસમાજ માટે એક કમનસીબી છે.

પરંતુ હવે યુગ પલટાયો છે. આજે ચારે તરફ અસંતોષ અને ભયનું વાતાવરણ સરજાઈ રહ્યું છે. દિવસે દિવસે જગતે કદી ન જોયાં હોય તેવાં ભયાનક સર્વસંહારક શસ્ત્રો શોધાઇ રહ્યાં છે. કોઈપણ પળે આખા વિશ્વનો

વિનાશ કરી નાંખે તેવું વિસ્ફોટક થઇ જાય તેવો સંભવ ઊભો થઇ ગયો છે. ખ્રિસ્તી પ્રજાઓએ જ આ વિનાશની પરિસ્થિતિ ઊભી કરી છે એટલે લોકોને ઇસુ ખ્રિસ્તના શાંતિના સંદેશામાં શ્રદ્ધા રહી નથી. બૌદ્ધો આત્મતત્ત્વમાં જ માનતા નથી એટલે લોકોનું વલણ તે તરફ આકર્ષાય તેમ લાગતું નથી. શાંતિનો ઉપદેશ આપનાર જૈનો ધર્મ છે જૈન. ભગવાન મહાવીરનો અહિંસા અને અપરિગ્રહનો સંદેશો જો યુદ્ધના ભયથી કાંપતી દુનિયા પાસે યોગ્ય સ્વરૂપમાં મૂકવામાં આવે તો લોકો આ સંદેશો આનંદથી સ્વીકારી લે તેવી પરિસ્થિતિ આજે છે. તો જૈનોની ખાસ ફરજ છે કે તેમણે જગતના ખૂણે ખૂણે પોતાના ધર્મનો અહિંસા અને અપરિગ્રહનો સંદેશો બુલંદ અવાજે સંભળાવે તેવી પ્રચારયોજના તૈયાર કરવી. આ પ્રચારયોજનાને 'વીરચંદ ગાંધી મિશન' કે એવું કોઈ બીજું નામ આપવું. અને આ રીતે વીરચંદ ગાંધીએ વાવેલાં બીજ જે સૂકાઇ ગયાં છે તેમને ફરીથી નવપલ્લવિત કરી તેમના સ્વપ્નાને સાકાર બનાવવું. આવી રીતે જૈનસમાજે તેમની તરફ ઉપેક્ષાવૃત્તિ સેવ્યાનું પ્રાયશ્ચિત કરી શકશે, અને તેમના ઋણમાંથી થોડાક અંશે મુક્ત બની શકશે, તથા જે તેમની જન્મશતાબ્દિ થોડાક સમય પહેલાં ઉજવાઇ છે, તેની સાર્થકતા થશે.

માનવશક્તિ

આ દુનિયામાં કોઈ પૂર્ણ નથી. જો કશું પૂર્ણ હોય તો તે ઈશ્વર અથવા સૃષ્ટિનું સંચાલન કરતી ગૂઢ શક્તિ.

આ સૃષ્ટિના સંચાલનમાં ક્યાંય કોઈ કડી ખૂટતી નથી. તેની દરેક દરેક ક્રિયા પૂરેપૂરી વિચારપૂર્વકની ચોક્કસ પરિણામ લાવતી હોય છે. એ ક્રિયામાં ક્રશોયે ફેરફાર થતો નથી. રોજ નિયત સમયે સૂર્ય, ચંદ્ર, તારા ઊગે છે, સમુદ્રમા ભરતી આવે છે, નિશ્ચિત રીતે ઋતુનું ચક્ર ચાલે છે.

તેની દરેક ક્રિયા પાછળ કેટલા કડીબદ્ધ વિચાર છે! દાખલા તરીકે જન્મ, જરા, અને મૃત્યુ અથવા ચેતન માત્રની સ્ફુરણા અને વિનાશ. ક્યાંય અનિયમિતતા નહી. કયાંય અવિચાર નહીં. અનિશ્ચિતતામાં પણ કશાક નિશ્ચિત નિયમનું પાલન હોય: દાખલા તરીકે મૃત્યુ અથવા ચેતનનો નાશ. અનિયમિતતા પાછળ પણ નિશ્ચિત ક્રિયા હોય: દાખલા તરીકે વાવાઝોડું કે ધરતીકંપ. અને દરેક ક્રિયા કોઈ ને કોઈ હેતુ સાધવી હોય. એટલે સૃષ્ટિની તમામ ક્રિયા કંઠેક હેતુપૂર્વકની હોય છે.

એ રીતે સંપૂર્ણ અને સનાતન માત્ર એ શક્તિ છે. એ જ સત્ય છે. માનવી હંમેશા અપૂર્ણ છે. છતાંયે જો માણસ પોતાની ઈશ્વરદત્ત શક્તિનો દર્પ રાખી ફરે તો એ માત્ર હાંસીપાત્ર જ બને ને! માનવીની શક્તિ આ કુદરતની વિરાટ શક્તિ આગળ કેટલી? એક સાગરના બિંદુના કરોડમા ભાગ જેટલી પણ નહીં. છતાં એનો અર્થ એ નહીં કે એ નહીંવત શક્તિ એટલે કશું જ નહીં, માટે માણસે કશું કરવાની કે કશી સિદ્ધિની આશા રાખવી જ નહીં.

ના, એ જરા જેટલી શક્તિમાં વિકાસની અનેક શક્યતાઓ ભરી પડી છે. એ શક્તિનો આટલો અમથો કણ પણ કેટકેટલા સર્જન અને વિનાશની સ્વતંત્ર સૃષ્ટિ રચી શકે છે! એ શક્તિ એ વિરાટ શક્તિનો જ એક અંશ છે. એ અંશ સૃષ્ટિમાં કેટકેટલી રમણા કરી શકે છે એ જગતે જોયું છે. એવો મનુષ્ય તો હંમેશાં એ કણ દ્વારા અવિરત કાર્ય કરી-સૃષ્ટિતત્ત્વોની જેમ જ નિયત રીતે પોતામાં રહેલા એ શક્તિના અંશને સતેજ રાખવાનો છે.

સાથે સાથે એ પણ યાદ રાખવાનું છે કે આપણી બુદ્ધિ, ભાવના, શ્રદ્ધા, શક્તિ બહુ જ અપૂરું છે. એટલે માનવી માત્રમાં અનેક સદ્ગુણો સાથે દોષ પણ મળી જ આવવાના. જો આપણે આપણા દોષો પ્રત્યે જાગતા રહીએ ને બીજાના દોષોને સહાનુભૂતિથી જોતાં શીખીએ, બીજા ઉપર ધૃણા કરીને આપણી માનસિક શક્તિના વેગને રૂંધી ન દઇએ, તો આપણી શક્તિ ઇષ્ટ માર્ગે નિર્બાધ પ્રગતિ સાધે.

ઠલાવતી વોરા

બિહાર પ્રાંતમાં આવેલ સમેતશિખર તીર્થ, એ આપણું પરમ પવિત્ર પ્રાચીન તીર્થ છે. સારાએ પહાડને આપણે પવિત્ર માનીએ છીએ, અને તેની પવિત્રતા જળવાય રહે, કોઇ પણ પ્રકારની હિંસા ત્યા ન થવા પામે તે ખાતર ઇ. સ. ૧૯૧૮માં પાલગંજના રાજા પાસેથી આ પહાડ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ખરીદી લીધો છે.

બિહાર સરકારે, ૧૯૪૭માં બિહાર પ્રાઇવેટ ફોરેસ્ટ એકટ પસાર કર્યો અને એ કાયદાની રૂઇએ તમામ જંગલોનો વહીવટ બિહાર સરકારે કબજે કર્યો. શેઠ આ. ક. ની પેઢીએ સરકારને વિનતિ કરી કે સમેતશિખરજીનો સારોએ પહાડ પવિત્ર છે અને તેની પવિત્રતા જળવાય રહે, જૈનોની લાગણી ન દુઃખાય તે માટે આ પવિત્ર પહાડનો વહીવટ કરવાનો છૂટ અમને મળવી જોઇએ. સરકારે આ વિનતિ માન્ય રાખી અને શિખરજીના પવિત્ર પહાડ ઉપર કબજા-ભોગવટાની આપણી સ્વતંત્રતા જળવાઇ રહી.

ઇ. સ. ૧૯૫૩માં બિહાર સરકારે એવું ફરમાન બહાર પાડયું કે બિહાર સેન્ડરીફોર્મ એકટની રૂઇએ આ પહાડની માલિકી અને કબજો સ્ટેટ ગવર્નમેન્ટને હસ્તક રહેશે. પેઢીએ આ બાબતમા સરકારને પહાડનો વહીવટ અને કબજો પોતાને હસ્તક રાખવા વિનતિ કરી. આ માટે અધિકારીઓ સાથે મંત્રણાઓ ચાલી. આ મંત્રણાઓ હજુ ચાલુ હતી ત્યાં એકાએક ૧લી એપ્રીલ ૧૯૬૪ના રોજ બિહાર સરકારે પહાડનો કબજો લઇ લીધો, પરિણામે જૈનોની લાગણી અત્યંત દુખાણી, બિહાર સરકારના આ પગલાને લીધે આ પહાડના આ માલિકી અધિકાર ઉપર જે તરાપ પડી છે, એથી સમસ્ત શ્વે. મૂ. જૈન સંઘે ભારે આંચકો અનુભવ્યો છે અને આપણા હક્કની રક્ષા માટે ચતુર્વિધ સંઘ જાગૃત થઇને એ માટે પ્રયત્ન કરી રહ્યો છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓની એક મિટિંગ આ પ્રશ્નની વિચારણા માટે બે માસ પહેલા મળી હતી અને તે અંગે યોગ્ય કાર્યવાહી ચાલુ રાખેલ. બીજી બાજુ આ પ્રશ્નને અંગે મુંબઇમાં આ માટે રચાયેલ શ્રી સમેતશિખર તીર્થરક્ષક સમિતિએ પણ આ પ્રશ્નનો સંતોષકારક ઉકેલ લાવવા માટે સતત પ્રયાસ શરૂ કર્યો, દિલ્હી અને બિહાર સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે મંત્રણાઓ યોજી, દિલ્હી અને બિહારમાં શાસનકર્તાઓ સાથે મંત્રણા કરી "આપણું છે તે આ જ્યને મળે' એ દૃષ્ટિએ સૌએ ભેગા મળીને એક મુસદ્દો તૈયાર કર્યો. યોગ્ય સમાધાન થઇ જશે એવી આશા દેખાણી. પરંતુ બિહારસરકારે સંયુક્ત વાટાઘાટ પછી નિયત થએલ ખરડામાં પહાડ ઉપરના આપણા મૂળભૂત હક્ક-હકુમત બાબતમાં થોડું ફેરવી તોળ્યું એટલે આપણો અસંતોષ ઊભો રહ્યો. પવિત્ર પહાડની હકુમત માટે-એ પહાડની પવિત્રતા સદાને માટે જળવાય રહે તે માટે આખરે આપણે લડવાનું રહ્યું.

દરમિયાન આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રીયુત કસ્તુરભાઇ લાલભાઇ, જેઓ પરદેશ ગયા હતા, તેઓ આવી જતા આ પ્રશ્ન ઉપર વિચારણા કરવા માટે ગત તા. ૨૯-૧૦-૬૪ ગુરૂવારે અમદાવાદ ખાતે પેઢીના પ્રતિનિધિઓની એક મિટિંગ મળી ગઇ. સંમેતશિખર જૈન તીર્થરક્ષક કમિટિના મુંબઇના સભ્યોને પણ આ પ્રસંગે ખાસ આમંત્રણ આપી બોલાવવામાં આવ્યા હતા

આ પ્રશ્નને અંગે આજસુધીની તમામ કાર્યવાહીનો અહેવાલ અત્રે રજુ કરવામાં આવ્યો, દિગમ્બર આદિ ભાઈઓએ આ પ્રશ્નને અંગે પોતાની રીતે કરેલ હિલચાલની કેટલીક કણીપિકણું વાતોનો પ્રસંગ ખુલ્લ રજુ કરવામાં આવ્યો અને એ બાબતનું તો યોગ્ય સમન્વય થઈ રહેશે એમ જણાયું. આપણો હક્ક જળવાય રહે, અને પહાડની પવિત્રતાને આંચ ન આવે એ દૃષ્ટિ સામે રાખીને, આ બાબત બિહાર સરકાર સાથે જરૂરી વાટાઘાટ કરવાની અને યોગ્ય સમાધાન શોધી કાઢવા માટે એક કમિટિ નિયુક્ત કરવામાં આવી. આ કમિટિમાં પેઢીના અને મુંબઈ સમેતશિખર જૈન તીર્થરક્ષક કમિટિના પ્રતિનિધિઓને પણ સામેલ રાખવામાં આવ્યા છે. આમ આ ચિંતાજનક પ્રશ્નનો સંતોષકારક ઉકેલ લાવવા માટે યોગ્ય પ્રયત્નો ચાલી રહ્યા છે. ઇચ્છીએ કે નજીકના ભવિષ્યમાં શિખરજીના પ્રશ્નનો સંતોષકારક ઉકેલ આવી ગયાના શુભ સમાચાર આપણને સાંભળવા મળે.

૭૧મા જન્મોત્સવ પ્રસંગે

પ્રજ્ઞાચક્ષુ પંડિત જગજીવનદાસ પોપટલાલ સંઘવીએ કા. શુ. ૨ શુક્રવારે ૭૦ વરસની પોતાની યશસ્વી જીવનયાત્રા પૂર્ણ કરી ૭૧માં વરસમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગે તેઓશ્રીના સન્માન સમિતિના કેટલાક સભ્યો અને શુભેચ્છકો તેઓશ્રીના નિવાસસ્થાને પંડિતજીનું દીર્ઘાયુષ ઇચ્છી તેઓશ્રીના આશીર્વાદ લેવા માટે ગયા હતા.

ગંભીરવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તથા જૈન ધર્મપ્રચારક સભાના સંસ્કૃત વર્ગોની તેઓશ્રીની ચાલીશ વરસ સુધી બજાવેલ સેવા એક સાચા સારસ્વતને શોભાવે તેવી છે. તેઓશ્રીની સેવાનું સન્માન કરવા માટે પૂ. પંડિતજીના વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોએ એક ફંડ એકત્ર કરવાનો નિર્ણય આજથી આરેક માસ પહેલાં કર્યો હતો. અને તે માટે એક સન્માન સમિતિની રચના કરવામાં આવેલ. ફંડ માટે અપીલ કરતા વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો તરફથી યોગ્ય રકમ આપોઆપ આવી રહેલ છે ફંડનું કાર્ય ચાલુ છે. અને તે પૂર્ણ થયા બાદ પંડિતજીના સન્માન માટે અનુકૂળતાએ એક સમાન સમારંભ યોજવાની કમિટિની ભાવના છે. દરમિયાન પંડિતજીના ૭૧માં જન્મોત્સવ પ્રસંગે, એકત્ર થઈ રહેલ ફંડમાંથી રૂ. ૩૫૦૧ પંડિતજીના ચરણે ધરવાની સૌની ભાવના થતાં, શેઠશ્રી રમણીકભાઈ ભોગીલાલ શેઠના હસ્તે પંડિતજીના ચરણે ધરવામાં આવી.

આ પ્રસંગે પ્રા૦ શ્રી નર્મદભાઈ, વકીલ શ્રી ભાઈચંદભાઈ, શ્રી અનંતભાઈ, શ્રી ગુલાબચંદભાઈ આદિએ પંડિતજીની વાત્સલ્યભાવ અને સેવાભાવ માટે પ્રશંસા કરતા પ્રવચનો કર્યા હતા.

થેલી સ્વીકારતી વખતે પંડિતજીએ જણાવ્યું કે આવી કોઈ થેલી હું અંગત ઉપયોગ માટે સ્વીકારી શકું નહિ. તમો સૌએ મારા તરફના પ્રેમને વશ થઈને જે કંઈ કર્યું છે તેનેજ હું ઇન્કાર કરી શકતા નથી. પરંતુ સંસ્કૃતશાળા કે ભાષાના ઉત્કર્ષના કાર્યમાં જ આ થેલીનો ઉપયોગ કરવાનો રહે છે તેમ મારે કહેવાનું રહે છે.

છેવટ દુગ્ધપાનને ન્યાય આપી ગુરુદેવના આશીર્વાદ લઈ ગુરુભક્તિનો આનંદ અનુભવતા સૌ વિખરાયા હતા.

જીવદયા માટે યોગ્ય પ્રયાસ

જાણીતા તત્ત્વચિન્તક અને પ્રભાવકવક્તા મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી (શ્રી ચિત્રભાનુ) મ. આદિના સુપ્રયાસથી મુંબઈની મ્યુનિસિપાલિટિએ પર્વના આઠ દિવસ માટે કત્લખાના બંધ રાખવાનો ઠરાવ પસાર કર્યાની વાત સુપ્રસિદ્ધ છે.

જીવદયાના પ્રચાર માટેનો આ સચોટ પ્રયાસ ગણાય અને તે આવો યશસ્વી નિવડયો તે માટે આ કાર્યને પાઠ પાડવામાં ભાગ લેનાર સૌ કોઈ કાર્યકરો યશના ભાગીદાર ગણાય.

મુંબઈમાં આ રીતે આઠ દિવસ સુધી કત્લખાનાઓ બંધ રખાવવાનો પ્રબંધ કરવા પછી પૂજ્ય ચિત્રભાનુ મહારાજે આટલાથી સંતોષ ન માનતા જીવદયાના આ પૂણ્ય કાર્યને તેઓશ્રીએ વિસ્તાર્યું છે અને દિવ્ય જ્ઞાન પ્રચારક મંડળ દ્વારા આ રીતે કત્લખાનાઓ બંધ રખાવવાનો પ્રાંતે પ્રાંતની મ્યુનિસિપાલિટિઓ વગેરેમાં પ્રચાર કરવાનો નિર્ણય કર્યો છે અને એ દિશામાં યોગ્ય કાર્યવાહી શરૂ પણ કરી દીધી છે. પરિણામે સાંભળવા મળે છે કે કચ્છ આદિ અમુક

પ્રયત્નોએ ૮-૧૦ કે ૧૨ દિવસ સુધી કત્લખાનાઓ બંધ રાખવાનો નિર્ણય સેવામાં આવ્યો છે.

ભાવનગરની મુ. સમક્ષ પણ કેટલાક જીવદયાપ્રેમીઓએ ૧૨-૧૫ દિવસ કત્લખાનું બંધ રખાવવાનો એક હરાવ રજુ કરવાનો નિર્ણય કર્યો છે અને સંભવ છે આ ઠરાવને મૂર્તસ્વરૂપ પણ મળશે આ રીતે જીવદયાનો પ્રચાર વધતો જાય છે તે આપણા માટે આનંદનો વિષય છે.

વધુ આનંદની વાત તો એ છે કે દેવનાર ખાતે ખોલવામાં આવનાર ભયંકર કત્લખાનાની અટકાયત માટે વ્યવસ્થિત પ્રવૃત્તિ કરવાના ચક્રો મુંબઇમાં શરૂ થયા છે અને આ પ્રશ્નના કાયમ માટેની યોગ્ય પ્રવૃત્તિ મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજની રાહબરી નીચે શરૂ કરવામાં આવેલ છે.

અહિંસા પ્રધાન ભારતમાં ૯મેગ્રા લાખો જીવોની હિંસા કરવા માટે આવા ભયંકર કત્લખાના ઉભા કરવામાં આવે એ વાત કોઇ પણ સંસ્કૃતિ પ્રેમી જનતાને ન પોસાય તેવી વાત છે, દેવનાર કત્લખાનાની યોજનાની વાત બહાર આવતા ભારતના લાખો પ્રજાજનોના દિલમાં વજ્ર જેવો ભયંકર આઘાત લાગ્યો છે અને આવા કત્લખાના સામે ચોમેરથી વિરોધની લાગણી વ્યક્ત થઇ રહેલ છે.

પૂ. શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજે ખરે વખતે આ પ્રશ્ન હાથ લીધો છે અને તેમા સાથ પુરાવવા માટે ઘણા ગૃહસ્થોએ વચન આપેલ છે તે જોતા આશા છે આ પ્રશ્નનો પણ સુખદ અંત આવે અને દેવનાર કત્લખાનાની વાત આપણી સરકાર પડતી મુકી લાખો મુંગાઢોરોના આશીર્વાદ મેળવે.

કલાત્મક-રંગોળી :-

અત્રેના નવા પરા જૈન પ્રગતિ મંડળ તરફથી જ્ઞાન પંચમીના મહોત્સવ પ્રસંગે ચિત્રકળાના કલાત્મક નમુના રજૂ કરી સારૂં આકર્ષણ ઉભું કરવામાં આવે છે આ વરસે પણ મંડળે ચોરીડી ભુસુ, અનાજ અને દાણા ઉપર ચંદનબાળાની જીવન કથા રજૂ કરતા આલેખન ચિત્રો રજૂ કર્યા હતા. રંગોળીની વિકસતી આવતી કળામાં આ કાર્યક્રમે નોંધપાત્ર પ્રગતિ કરી ગણાય.

જ્ઞાન પંચમીના મહોત્સવને આ રીતે કળાત્મક નવો ઓપ આપવામાં આવતા, જૈન જૈનેતર જનતાએ તેનો ઉમંગભેર સારો લાભ લીધો હતો. વધુમાં મહોત્સવને અનુલક્ષીને આ. શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી તથા પં. શ્રી ચંદ્રોદયવિજયજીના સમયોચિત પ્રવચનો યોજવામાં આવ્યા હતા, બન્નેનાં પ્રવચનોમાં જ્ઞાન-ભક્તિનો મહિમા સમજાવવામાં આવ્યો હતો.

અવિરત શ્રમ લઇને મંડળે યોજેલા આ કલાત્મક કાર્યક્રમને આવકારતા અમો મંડળની પ્રગતિ ઇચ્છીએ છીએ.

શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભાઃ-

તેતિર વરસના સીમાડા વટાવી, મુંબઇની આ સભાએ ચુમ્મોતેરમાં વરસમાં ગત વિજયા દશમીના રોજ પ્રવેશ કર્યો છે. શ્રી કેળવણીના ક્ષેત્રે આ સંસ્થા મુંબઈ ખાતે જે સેવા કરી રહેલ છે તે ખરેખર નોંધપાત્ર બીના છે. મેટ્રીકની પરીક્ષાના છેલ્લા પરિણામો તરફ જોઇએ તો સંસ્થાએ ૯૮-૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે. તે સંસ્થાને માટે ગૌરવનો વિષય ગણાય. આજે તો મહારાષ્ટ્ર અને ગુજરાતની એક અદ્વિતિય સંસ્થા તરીકેનું તે માન ખાટી જાય છે, તેનો યશ માંગરોળવાસીઓના દીર્ઘ દૃષ્ટિ ભર્યા સંચાલનને આભારી છે.

શ્રી કેળવણીના ક્ષેત્રે ગૌરવ ભર્યો વિજય સાધી રહેલ આ સંસ્થા પોતાનો મણિ-મહોત્સવ ઉજવવાને ભાગ્યશાળી થઇ છે તે પ્રસંગને અમો આવકારીએ છીએ અને સંસ્થાની પ્રગતિ ઇચ્છીએ છીએ.

સંસ્થાના વાર્ષિકોત્સવ પ્રસંગે મેળાવડાના પ્રમુખ સ્થાનેથી શેઠ નવીનચંદ્ર છગનલાલ કંપાણીએ પોતાના પ્રવચનમાં સંસ્થાનો જે પરિચય કરાવ્યો છે, તે સમયોચિત હોઇ તે અત્રે રજૂ કરવા રજા લઇએ છીએ.

"શ્રી મુંબઈ માંગરોળ જૈન સભાના પ્રમુખ શ્રીમુરબ્બી શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ, બહેનો, ભાઇઓ તથા બાળકો

વર્ષો પહેલાં, માંગરોળવાસીઓએ ગૃહ ભાવનાથી પ્રેરાઇને આ સંસ્થાની સ્થાપના કરી હતી. જેમ બીજમાંથી વૃક્ષ બને, તેમ આ સંસ્થા તમારા સૌના સહકારથી ફળીભૂતાને ઘણી વિશાળ થઇ ગઇ છે, તે

જોઈ, મને અત્યંત આનંદ થાય છે. આ સંસ્થાની પ્રવૃત્તિઓ ચલાવવા માટે, જે મહાનુભાવો પરિશ્રમ લઈ રહ્યા છે, તેઓ સૌ ધન્યવાદને પાત્ર છે.

વિદ્યાદાન એ ભારતની સંસ્કૃતિ છે. વર્ષો પહેલાં, આપણી આ સંસ્કૃતિનો સૂર્ય સોળે કળાએ ખીલેલો. નાલંદા વિશ્વવિદ્યાપીઠ તથા વલભીપુરની વિશ્વવિદ્યાપીઠમાં વિદ્યા મેળવવા માટે, દૂર દૂરના દેશોમાંથી વિદ્યાર્થીઓ આવતા. ઇતિહાસ સાક્ષી પૂરે છે, કે ચીન, જાવા, સુમાત્રા, બાલી, સિરોન, બ્રહ્મદેશ તથા પશ્ચિમ એશિયાના ઘણા વિદ્યાર્થીઓએ અહીંની સંસ્કૃતિનું પાન કર્યું હતું. નાલંદા વિશ્વવિદ્યાલયમાં ૮૦૦ વર્ષ સુધી જ્ઞાનજ્યોત અખંડ જલતી રહી હતી.

વિદ્યાદાનની આવી જ જાતની સંસ્કૃતિનું કાર્ય શકુંતલા કાંતિલાલ ઈશ્વરલાલ ગર્લ્સ હાઈ સ્કુલ મારફત ચાલી રહ્યું છે. જૈનધર્મનું શિક્ષણ આપતી આ સંસ્થા મહારાષ્ટ્ર રાજ્યમાં એક માત્ર અનુપમ છે અને આ માટે આ સંસ્થાના સંચાલકો જરૂરથી ગર્વ લઈ શકે છે.

પૂજ્ય મહાત્માજીએ દેશ સમક્ષ આઝાદી દ્વારા આબાદીનું સૂત્ર મૂક્યું હતું. તેઓ સારી રીતે સમજતા હતા કે આબાદી માટે આઝાદી જરૂરી છે. સાથે સાથે આઝાદી માટે કેળવણીની પાછળ યોગ્ય ધ્યાન અપાયું નથી. અને તેથી જ આપણે આબાદીથી એટલા જ દૂર રહ્યા છીએ. સરકાર સમક્ષ અનેક પ્રશ્નો હોવાથી, કેળવણીને લગતા પ્રશ્નોનું નિરાકરણ સ્થાનિક સંસ્થાઓ, રાષ્ટ્રીય નીતિને અનુલક્ષીને કરી શકે છે. વિકસતા વિજ્ઞાનના જમાનામાં ભારતે બીજા દેશોની હરોળમાં બેસવું હોય તો કેળવણી બાબતમાં આપણી આગળ ખખેરી નાખવી જોઈએ. અને વૈજ્ઞાનિક હબે કાર્ય કરવા કટીબદ્ધ થવું જોઈએ. પશ્ચિમની સરકારો પોતાના રાષ્ટ્રો માટે બાળકોને કેળવણી આપવા માટે ગંજાવર રકમો ફાળવે છે. ઉપરાંત, સ્થાનિક સંસ્થાઓ પણ શિક્ષણ આપવા સારી મહેનત કરે છે. આ ખૂબ જોયા પછી આપણા દેશમાં આવી સંસ્થાઓ વધુને વધુ ઉદયમાં આવે એટલું જ નહિ પણ આવી સુંદર રીતે કાર્ય કરે, જેમ શ્રી શકુંતલા કાન્તીલાલ ઈશ્વરલાલ ગર્લ્સ હાઈ સ્કુલ કાર્ય કરી રહી છે.

આપણા દેશનું ભાવિ આજના બાળકો કે જેઓ આવતી કાલના નાગરિકો છે, તેમના હાથમાં છે. આજના બાળકોને, જો યોગ્ય કેળવણી નહી મળે, તો પંચવર્ષીય યોજનાઓ દ્વારા મેળવવામાં આવેલા લાભો આપણે જાળવી રાખશું ખરા? આપણા દેશનું ભાવિ તેઓના હાથમાં સલામત રહેશે ખરૂં?

મને તો લાગે છે કે આપણે કેળવણીના પ્રશ્નોનો જે રીતે નિકાલ કરીશું, તેના ઉપર આપણા દેશના ભાવિનો ઘણો મોટો આધાર છે. શિક્ષણનો પ્રશ્ન જ આપણા દેશનું ભાવિ નક્કી કરશે. એ એક હકીકત છે.

અંતમા આજના વિજયાદશમીના દિવસે હું આ સંસ્થાની દરેક પ્રવૃત્તિઓનો અંતઃકરણપૂર્વક વિજય ઇચ્છું છું

આપ સૌને આજે મળવાની જે સોનેરી તક મળી છે તથા મને આજના સમારંભનું પ્રમુખસ્થાન આપવા બદલ હું આ સંસ્થા માટે જેમણે મહાન ભોગ આપ્યો છે તે શેઠ કાન્તીલાલ ઈશ્વરલાલનો હું અત્યંત આભારી છું."

સ્વર્ગવાસ નોંધ

વસ્તેજનિવાસી શેઠ શ્રી મોહનલાલ તારાચંદ શાહ તા. ૨૨-૧૦-૬૪ ગુરૂવારના રોજ ૬૫ વર્ષની ઉંમરે મુંબઇ મુકામે સ્વર્ગવાસી થયા છે તેની નોંધ લેતાં અમે ઘણી જ દિલગીરી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થશ્રી આ સભાના માનવંતા પેટ્રન હતા અને સભા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા હતા. સભાના આત્મકાંતિ-જ્ઞાનમંદિરમાં શેઠ શ્રી મોહનલાલ તારાચંદ જે. પી. સાહિત્ય હોલ બંધાવવામાં તેઓશ્રીએ રૂા. પાંચ હજારની ઉદાર સહાય આપી હતી. તેઓશ્રી ઉદાર દિલના, મિલનસાર સ્વભાવના, શાંત અને ધાર્મિકવૃત્તિવાળા હતા. તેમણે ઘણી સંસ્થાઓને દ્રવ્ય સહાય કરી છે તેમજ કેટલીકના સંચાલનમાં પણ, સમયનો ભોગ આપી, સારો ફાળો આપ્યો છે. તેમના સ્વર્ગવાસથી તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલી આપત્તિ પ્રત્યે આ સભા હમદર્દી દર્શાવે છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ અર્પે એજ અભ્યર્થના.

શાપરીઆ

બનાવનારા

બારજીસ
લાઈફ બોટસ
ટગ્સ
ડ્રેજર્સ
પેસેન્જર વેસલ્સ
પાન્ટૂન્સ
મૂરીંગ બોયઝ
બોયન્ટ ઍપરેટસ
વિગેરે.

શીપ
બીલ્ડર્સ
અને
એન્જીનીઅર્સ

બનાવનારા

શાલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફ્યુઝ હેન્ડ કાટર્સ
પ્લ ફેન્સીંગ
લેડ-સુલાઇટ (લેડવુલ)
મગ્નેટીક સેપરેટર્સ
વિગેરે.

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઈ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : 'શાપરીઆ' પરેલ, મુંબઇ

શ્રીઆત્માનંદ પ્રકાશ

શ્રી દિગંબર જૈન ગુજરાતી સભા
ઝી. યી. રોડ



જે શ્રમણ મમતાને તજતો નથી, તેમજ દેહ વગેરે દ્રવ્યોમાં અહંપણું ભૂલતો નથી, તે ઉન્માર્ગે જાય છે. પરંતુ 'હું બીજાનો નથી, બીજાં મારાં નથી; હું જ્ઞાનસ્વરૂપ છું' એવું જે ધ્યાન કરે છે તે આત્મરૂપ બને છે.

—શ્રી કુંદકુંદાચાર્ય

૨૭૭૦૬

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

માગશર આત્મ સં. ૬૮ વર્ષ : ૬૨
૨૦૨૧ અંક : ૨

મૂડીવાદ અને પુંજીવાદ કરતાં સત્તાવાદ વધુ ભયંકર છે. સત્તાવાદથી મનુષ્ય ગુલામ બને છે. આજે આ સત્તાવાદના ચારે તરફ દર્શન થાય છે તેને ઉખેડી ઊંડે ઊંડે દફનાવી દેવા આપણે સૌએ પુરુષાર્થ કરવાનો છે.

ગ્રામ : "Jahangir"

ફોન નં. મીલ ૨૮૦
બંગલો : ૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા, લી.

પોસ્ટ બોક્સ નં. ૨
ભાવનગર

આ સભાના નવા માનવંતા પેટ્રન

શેઠ શ્રી રમણલાલ નગીનદાસ પટ્ટણી

શેઠશ્રી રમણલાલ નગીનદાસ પરીખ

શેઠશ્રી રમણલાલ નગીનદાસ પરીખનો જન્મ ભરૂચમાં શ્રી વીસાનીમા જૈન કુટુંબમાં ઈ. સ. ૧૯૦૫માં થયો હતો અને નાનપણમાં ત્યાં જ તેમણે વ્યવહારોપયોગી અંગ્રેજી શિક્ષણ લીધું હતું. ઈ. સ. ૧૯૨૧ માં સોળ વર્ષની નાની ઉંમરે દિલ્હી જઈ મોટાભાઈએ શરૂ કરેલ 'જે. સી. પરીખની કંપની' કે જે ઇલેકટ્રોપ્લેટીંગનું કામ કરતી હતી, તેમાં જોડાયા. અનુભવે તેમને ખૂબ આગળ વધાર્યા ઈ. સ. ૧૯૧૪ માં મુંબઈ આવી 'સ્ટાર મેટલ રીફાઇનરી'નું સુકાન સંભાળ્યું કે જે એન્ટીમની ધાતુ બનાવનારી હિંદભરમાં એકલી જ કંપની હતી. આજે પણ તેઓ આ કંપનીના મેનેજીંગ ડીરેકટર છે. ધંધાના વિકાસ અર્થે ઈ. સ. ૧૯૬૦માં તેઓ આખા જગતનો પ્રવાસ કરી આવેલા છે. તેઓ દિલ્હીમાં લાગલાગટ અઠ્ઠાવીસ વર્ષ રહ્યા એટલે 'દિલ્હીવાળા' એવા નામથી ઓળખાય છે. તેમનો દિલ્હીનો ધંધો આજે પણ ચાલુ છે.

શેઠશ્રી રમણલાલભાઇનું જીવન ધર્મપરાયણ છે. તેમણે ઉપધાન વહન કરેલાં છે, અઠ્ઠાઈની તપશ્ચર્યા કરેલી છે તથા ઈ. સ. ૧૯૬૩માં કપડવંજથી છ-રી પાળતો શ્રી કેસરિયાજી તીર્થનો સંઘ કાઢી ઉજ્જવળ યશ પ્રાપ્ત કરેલ છે. બોટેલી દહેરાસરમાં યાવતજીવ ધ્વજદંડ તેમણે ચડાવેલ છે મુંબઈ તથા બહારગામ રહેતા પૂજ્ય મુનિમહારાજોની સેવા કરવામાં તેઓ તન, મન, ધનથી હંમેશાં તૈયાર હોય છે. તેઓશ્રી સમાજ સેવાના કાર્યોમાં પણ હંમેશાં તત્પર રહે છે. તેઓ શ્રીગોડીજી જૈન દહેરાસર અને ધર્માદા ખાતાઓના ટ્રસ્ટી છે. શ્રી શાંતિનાથ જૈન દહેરાસર તથા પરમાર. ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભાના મેનેજીંગ ટ્રસ્ટી છે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહી સમિતિના સભ્ય છે તથા શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમ-પાલીતાણાના ટ્રસ્ટી તથા મંત્રી છે. જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડના તેઓ પ્રમુખ છે અને શ્રી કદંબગિરિ તીર્થના ટ્રસ્ટીઓના સલાહકાર (adtvisor) છે.

તેમનાં ધર્મપત્ની શ્રી પ્રભાવતીબેન શેઠ પાનાચંદ મગનલાલ જીનવાળાના ધર્મપરાયણ કુટુંબમાં ઉછરેલા છે (તેમનાં ત્રણ બહેનોએ કુંવારા દીક્ષા લીધેલી છે.) તેમણે ઉપધાન અઠ્ઠાઇ, વીશસ્થાનની ઓળી, વર્ષીતપ વગેરે કરેલાં છે. ગઈસાલ તેમણે સિદ્ધિતપ કર્યું હતું અને તેની ઉજવણીમાં ગયા આસો માસમાં પૂ. આ. શ્રી નંદનસૂરિ તથા પૂ. ઉ. શ્રી કૈલાસસાગરજીની નિશ્રામાં પાલીતાણા સિદ્ધક્ષેત્રમાં અર્હત્ મહાપૂજન કરાવ્યું હતું.

આવા એક ધર્મપ્રેમી તથા શિક્ષણપ્રેમી સદ્ગૃહસ્થ અમારી વિનતિ સ્વીકારી આ સભાના પેટ્રન થયા છે અને એ રીતે અમારા કામમાં સહકાર આપ્યો છે તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ. ધર્મ, રાષ્ટ્ર, સમાજ અને શિક્ષણક્ષેત્રે હજુ વધુ ને વધુ સેવાઓ આપી પોતાના જીવનને વિશેષ ઉજ્જ્વલ બનાવે એવી શુભેચ્છાઓ સાથે અમે તેઓશ્રીનું દીર્ઘાયુષ્ય ઇચ્છીએ છીએ.



વર્ષ ૧૨મું] ડીસેમ્બર ૧૯૬૪ [અંક ૨

જિનવાણી

चत्तारि परमगाणि
दुल्लहाणीव जन्तुणा।
माणुसत्त सुई सध्धा
सजमम्मि य वीरिय ॥

આ સંસારમાં પ્રાણીઓને મનુષ્યજન્મ, ધર્મશ્રવણ, સદ્વચનોમાં શ્રદ્ધા અને સંયમની પ્રવૃત્તિમાં પુરુષાર્થ એ ચાર ઉત્તમ અંગોની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે

माणुसत्तम्मि आयाओ
धम्म सोच्च सद्दहे।
तवस्सी वीरिय लध्धु
सवुडे निध्धुणे रज ॥

જે જીવ મનુષ્ય ભવ પામીને ધર્મ શાસ્ત્રોના વચનો સાંભળે છે અને તેમની ઉપર શ્રદ્ધા ધરાવે છે અને સંયમની પ્રવૃત્તિમાં પુરુષાર્થ કરે છે તે તપસ્વી અને સંવરવાળો થઈને પોતાના કર્મોને ખંખેરી નાખે છે.

પવિત્ર વીતરાગદર્શન

(આત્મસ્ત શ્રીમદ્ રાજચંદ્રજીએ જૈનદર્શનની સર્વોચ્ચતા સંબંધી લઘુવયમાં 'મોક્ષમાળા' પુસ્તકના પાઠમાં જે ઉલ્લેખિત કરેલ તે વિચારકોને ખાસ ઉપયોગી હોઈ અત્ર તે આપવામાં આવેલ છે—આ લેખની સાથે પરમ માધ્યસ્થબોધક શ્રી હરિભદ્રાચાર્યજીની નીચેની ઉક્તિ સંગત થતી હોઇ તે ટાંકી લેખની શરૂઆત કરવામાં આવેલ છે.—(જજ્ઞાસુ)

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ ।
યુક્તિમદ્વચનં યસ્ય, તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥

ભાવાર્થ—મને શ્રી વીરના દર્શન પ્રત્યે પક્ષપાત નથી, તેમ કપિલાદિ દર્શનકારો પ્રત્યે દ્વેષ નથી. પરંતુ જેનું વચન યથાર્થ યુક્તિવાળું પૂર્વાપર અખંડિત, અવિરોધ છે તેનાં વચનને ગ્રહણ કરૂં છું, ગ્રહણ કરતું જોઇએ.

"જૈન એ એટલી બધી સૂક્ષ્મ વિચારસંકલનાથી ભરેલું દર્શન છે કે જેમાં પ્રવેશ કરતાં પણ બહુ વખત જોઇએ. ઉપર ઉપરથી કે કોઈ પ્રતિપક્ષીના કહેવાથી અમુક વસ્તુ સંબંધી અભિપ્રાય બાંધવો કે આપવો એ વિવેકીનું કર્તવ્ય નથી. એક તળાવ સંપૂર્ણ ભર્યું હોય, તેનું જળ ઉપરથી સમાન લાગે છે પણ જેમ જેમ આગળ ચાલીએ છીએ, તેમ તેમ વધારે વધારે ઊંડાપણું આવતું જાય છે, છતાં ઉપર તો જળ સપાટ જ રહે છે. તેમ જગતના સઘળા ધર્મમતો એક તળાવરૂપ છે. તેને ઉપરથી સામાન્ય સપાટી જોઇને સરખા કહી દેવા એ ઉચિત નથી. એમ કહેનારા તત્ત્વને પામેલા પણ નથી.

જૈનના અકકેકા પવિત્ર સિદ્ધાંત પર વિચાર કરતાં આયુષ્ય પૂર્ણ થાય તો પણ પાર પામીએ નહિ તેમ રહ્યું છે. બાકીના સઘળા ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ આગળ એકબિંદુરૂપ પણ નથી. જૈન જેણે જાણ્યો અને સંગ્યો તે કેવળ નિરાગી અને સર્વજ્ઞ થઈ જાય છે. એના પ્રવર્તકો કેવા-પવિત્ર પુરુષો હતા! એના સિદ્ધાંત કેવા અખંડ સંપૂર્ણ અને દયામય છે! એમાં દૂષણ તો કાંઈ જ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જૈનોનું દર્શન છે. એવો એકકેય પારમાર્થિક વિષય નથી કે જે જૈનમાં નહિ હોય અને એવું એકકેય તત્ત્વ નથી કે જે જૈનમાં નથી એક વિષયને અનંત ભેદે પરિપૂર્ણ કહેનાર તે જૈનદર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એનાં જેવું કયાંય નથી. એક દેહમાં બે આત્મા નથી, તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની તુલ્ય એકકેય દર્શન નથી. આમ કહેવાનું કારણ શું? તો માત્ર તેની પરિપૂર્ણતા, નિરાગિતા, સત્યતા અને જગતહિતરિવતા."

"તમને જે ધર્મતત્ત્વ કહેવાનું છે, તે પક્ષપાત કે સ્વાર્થ-બુદ્ધિથી કહેવાનું મને કંઈ પ્રયોજન નથી. પક્ષપાત કે સ્વાર્થથી હું તમને અધર્મતત્ત્વ બોધી અધોગતિને શા માટે સાધું? વારંવાર હું તમને નિર્ગ્રંથના વચનામૃતો માટે કહું છું તેનું કારણ તે વચનામૃતો તત્ત્વમાં પરિપૂર્ણ છે તે છે. જિનેશ્વરોને એવું કોઇ પણ કારણ નહોતું કે જે નિમિત્તે તેઓ મૃષા કે પક્ષપાતી બોધે. તેમ એઓ અજ્ઞાની ન હતા કે એથી મૃષા બોલાઈ જવાય. આ શંકા કરશો કે એ અજ્ઞાની નહોતાં એ શા ઉપરથી જણાય? તો તેનાં ઉત્તરમાં એઓનાં પવિત્ર સિદ્ધાંતોના રહસ્યને મનન કરવાનું કહું છું. અને એમ જે કરશે તે તો પુનઃ આશંકા લેશ પણ નહિ કરે. જૈનમત પ્રવર્તકોએ મને કંઈ ભૂરશી દક્ષિણા આપી નથી, તેમ એ મારાં કંઈ કુટુંબ પરિવારી પણ નથી કે એ માટે પક્ષપાતે હું કંઇ પણ તમને કહું. તેમજ અન્યમત પ્રવર્તકો પ્રતિ મારે કંઇ વૈરબુદ્ધિ નથી કે મિથ્યા એનું ખંડન કરૂં. બંનેમાં હું તો મંદમતિ મધ્યસ્થરૂપ છું. બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે, પ્રિય ભવ્યો! જૈન જેવું એકકેય પૂર્ણ અને પવિત્ર દર્શન નથી, વીતરાગ જેવો એકકેય દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો."

શ્રીમદ રાજચંદ્ર મોક્ષમાળા પાઠ. ૯૪-૯૫

શ્રી વીરચંદભાઈની વાણી : યોગતત્ત્વજ્ઞાન

અનુવાદક : પન્નાલાલ રસિકલાલ શાહ.

[મહાન પુરુષો અક્ષરદેહથી હંમેશા જીવંત રહે છે. એમનું કાર્ય એ આપણને મળેલો જીવંત વારસો છે. શ્રી વીરચંદભાઈની જન્મશતાબ્દિ ગયા ઓગસ્ટ માસમાં આપણે ઉજવી પરંતુ એમની વાણી, ઉપદેશ-પ્રસાદી આપણે જોઈ, વિચારી, અનુભવીને અમલમા મૂકીએ તો જ ખરી શ્રદ્ધાંજલિ આપી ગણાય.

વિદેશમા એમણે ગાંધી ફિલોસોફિકલ સોસાયટી (Gandhi Philosophical Society) સ્થાપી હતી અને પૂર્વની ગૂઢ વિદ્યા (Eastern Occultism) અંગે વર્ગો ચલાવ્યા હતા, જેમાં ભારતીય દર્શનોની મૂળ શાખાઓ—હિન્દુ, જૈન અને બૌદ્ધ દર્શનમાં યોગ અંગેની થયેલી ચર્ચા વિષે વિસ્તૃત માહિતી સાથે એમણે પ્રવચનો આપ્યા હતા. રજસ-તામસ વૃત્તિ વગેરેની પણ વિગતમાં ચર્ચા કરી છે. એમના યોગ ફિલોસોફી (Yoga Philosophy) પુસ્તકમાંથી યોગ ચર્ચા વિષે સામાન્ય-પ્રાસ્તાવિક પ્રવચનનો અહીં અનુવાદ આપ્યો છે

—અનુવાદક]

મનુષ્યના અસ્તિત્વનો પ્રશ્ન વિશ્વની હયાતિ જેટલો જ જૂનો છે, અને ધર્મ અગર વિજ્ઞાનદ્વારા મનુષ્યે વિશ્વમાં પોતાનું સ્થાન શું છે એ સમજવા માત્ર પ્રયત્ન કર્યો છે. આજકાલ ધર્મને લાગણીનું, ભાવનાનું તત્ત્વ અને વિજ્ઞાનને તર્કયુક્ત સમજણનું તત્ત્વ સમજવાની પ્રથા-ફેશન પડી ગઈ છે. પરંતુ વિજ્ઞાન પોતાના સિદ્ધાંત પરત્વે કેટલું સત્ય ધરાવે છે એ શંકાસ્પદ છે. કારણ, વિજ્ઞાન કોઈપણ દિવસ સત્ય-ધર્મથી ભિન્ન હોઈ શકે નહીં, થઈ શકે નહીં. જો અધ્યાત્મજ્ઞાન-ઈશ્વરજ્ઞાન માન્યતા અને શ્રદ્ધા ઉપર અવલંબે છે તો વિજ્ઞાન અનુભવસિદ્ધ સ્વમતાગ્રહ ઉપર રચાયેલી ઇમારત છે. હું એમાંથી એકેયનો વ્યક્તિગત હિમાયતી નથી, પરંતુ મને જ્ઞાન અને માન્યતાના પરિવર્તનમાં સંપૂર્ણ વિશ્વાસ છે. ધર્મ, સંપૂર્ણપણે લાગણી યા પૂર્ણ રીતે તર્ક પર અવલંબિત નથી. જન્મેના અનુક્રમે ગુણવત્તાથી પર રહીને તટસ્થ ભાવે જોઈએ તો ધર્મ અને વિજ્ઞાન અવિચ્છિન્ન છે, એક જ છે. સમગ્ર વિશ્વનો ઇતિહાસ આ વાતનો સાક્ષી છે નીતિશાસ્ત્ર ધર્મ અથવા વિજ્ઞાન સાથે શું સંબંધ ધરાવે છે ? 'તારે કોઈને પણ દુઃખવવો નહીં, શા માટે ? તત્ત્વવેત્તા કહેશે, ' એ તો, ઈશ્વરની આજ્ઞા છે." બીજી બાજુ જડવાદી, સત્તાનો-કુદરતી સર્વોચ્ચ સત્તાનો હુકમ છે એમ કહેશે પરંતુ ઈશ્વર અને સાર્વભૌમ સત્તાએ શા માટે આવી આજ્ઞા કરવી જોઈએ? આ પ્રશ્નનો તર્કયુક્ત પ્રત્યુત્તર નથી. જે વિશ્વનો અભ્યાસ ન આપે એ નીતિશાસ્ત્રનું વાસ્તવિકરૂપિએ કર્મ જ મૂલ્ય નથી. તે માત્ર વ્યક્તિગત અભિપ્રાય અને સગવડતાને અનુરૂપ પ્રથા છે. તે ભિન્નપામાદારે ફરે છે, એટલે તેનું મહત્ત્વ નથી. મનુષ્યના અસ્તિત્વનો મુખ્ય હેતુ પરમસુખ અને પ્રગતિનો છે અને નીતિશાસ્ત્ર એ બન્ને કઈ રીતે પ્રાપ્ય થઈ શકે, ઉપલબ્ધ-લભ્ય થઈ શકે એનો પાઠ આપે છે પરમ સુખ શું છે ? પ્રગતિ શું છે ? એ પ્રશ્ન તો અણઉકેલ રહે જ છે સમજાવાએનો કોઈ પણ નીતિશાસ્ત્રથી સંતોષકારક રીતે ઉકેલ આજ સુધી શક્ય નથી. તેનું કારણ નીતિશાસ્ત્રને ભૌતિક તેમજ વિશ્વના તર્કયુક્ત અભ્યાસથી જુદું રાખવાની આજકાલ વલણ છે અને તેથી એ વ્યાકરણ અને શબ્દોના અનિયંત્રિત તરંગો તરીકે માત્ર અસ્તિત્વમાં રહ્યું છે.

ભારતમાં, નીતિશાસ્ત્ર ધર્મ સાથે સંકળાયેલું છે. વિશ્વને રહસ્ય ઉકેલવા અને પ્રકૃતિને સમજવા તેમજ પ્રકૃતિમા મનુષ્યનું સ્થાન નક્કી કરવાનો જ ધર્મનો

પ્રયત્ન છે. દરેક ધર્મને તેની તત્ત્વજ્ઞાન અને નૈતિક બાજુઓ હોય છે, અને તત્ત્વજ્ઞાન–શાસ્ત્ર નીતિશાસ્ત્રનો ભારતમાં કંઇ અર્થ નથી. દરેક ધર્મને જેમ ભૌતિક અને નૈતિક બાજુઓ હોય છે, તેમ માનસશાસ્ત્રીય દૃષ્ટિ પણ હોય છે. માનસશાસ્ત્ર સિવાય ભૌતિક અને નીતિશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સમજવાની કોઇ શક્યતા નથી. માનસશાસ્ત્ર ભૌતિકશાસ્ત્રના નિર્ણયોને વિસ્તારે છે અને નીતિમત્તાના આદર્શોને બહાલી આપે છે.

જો મનુષ્ય પ્રકૃતિમાં પોતાનું સ્થાન સમજવા માંગતો હોય અને સુખી થવા તેમજ વિકાસ કરવાની અપેક્ષા રાખતો હોય તો એણે, એવી રીતે ભૌતિક, માનસિક અને નૈતિક વિકાસ સાધવો જોઇએ, જે પ્રકૃતિની મહત્તાનું બારીકાઇથી નિરીક્ષણ કરવામાં સહાયભૂત થાય. તેણે નિરીક્ષણ કરી, વિચારીને અમલમાં મૂકવું જોઇએ; તેણે 'જીવન' જીવવું જોઇએ, સ્નેહ સાથે પ્રગતિ કરવી જોઇએ. તેના વિકાસની દિશા ત્રણે ય બાબતમાં સમધોરણ–સમધારણ હોવી જોઇએ. અન્યોન્ય સંવાદીતા પ્રકૃતિમાં સાર્વભૌમ છે અને ભૌતિક દૃષ્ટિ માનસિક દૃષ્ટિની પૂરક છે અને અંતે એ બન્ને નીતિમત્તાના અવિરોધી છે. તેના અસ્તિત્વનો અર્થ તેમજ મહત્ત્વ સમજવા અને સુખ સાથે પ્રગતિના આદર્શને ગ્રહણ કરવા પણ મનુષ્ય અશક્તિમાન છે, સિવાય કે તેની પ્રગતિ ભૌતિક, માનસિક અને નીતિમત્તાના ક્ષેત્રમાં સપ્રમાણ હોય. ઉચ્ચ આદર્શ ધરાવતી વ્યક્તિ કે જેનું શરીર, મન અને આત્મા એક જ દિશામાં કામ કરતાં હોય, તેની સામે પ્રકૃતિનું વધુમાં વધુ, અરે સંપૂર્ણ રહસ્ય છતું થાય છે, પ્રગટ થાય છે. તે તેનામાં એવું સનાતન જીવન જુએ છે, જેમાં કાંઇ ભેદભાવ ન હોય, જેમાં અનેકતાનો ભાવ ન હોય, પરંતુ પરમસુખ, એકય અને શાંતિ-પરમશાંતિ હોય.

આ શાંતિ આધ્યાત્મિક પરમસુખની શાંતિ (મોક્ષ) હોય છે. પ્રકૃતિનો પ્રવાહ અવિરત હોય છે; અરે, શાંતિદાયક, શાંતિપ્રાપ્ય મનુષ્યને પણ કર્તવ્ય કરવું પડે છે; પરંતુ વ્યક્તિ સમૂહમાં એવી રીતે ભળી જાય છે કે અનિશ્ચિતીય ખલેલ તેને પહોંચતી નથી. આધ્યાત્મિક શાંતિ અવર્ણનીય હોય છે અને તેથી તેની આંતરિક શક્તિને પણ શબ્દોમાં સમાવી શકાતી નથી. આધ્યાત્મિક શાંતિ અને શક્તિના પ્રમાણમાં તમારી જાતને ભૂલશો એટલે વધુને વધુ આનંદ મળશે. જ્ઞાત રીતે જ્યારે મનુષ્ય પોતાની જાતે યોગ્ય ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસથી અંતરાત્મામાં રમમાણ બને છે અગર તો પોતાની જાતનું વિસ્મરણ કરે છે ત્યારે તે નિસર્ગનું એક નિર્વિકાર અંગ બને છે અને કયારેય પણ મુસીબતમાં મુકાતો નથી.

દરેક તત્ત્વજ્ઞાનમાં ચૌમુખી વિકાસ અને આધ્યાત્મિક શાંતિ દૃષ્ટિગોચર થાય છે. ભારતમાં છ પ્રકારની વિચારસરણી છે–છ દર્શન–ષડ્દર્શન છે. દરેક દર્શન વિશ્વની તર્કબદ્ધ છણાવટથી શરૂઆત કરી નૈતિક જીવનના પાસાં સુધી ચર્ચા કરે છે. પ્રથમ દર્શન વૈશેષિક છે, અને તર્કશાસ્ત્રને લગતું ન્યાયદર્શન બીજું છે, જે માનસિક શાંતિની શોધમાં વિશ્વની સત્તાને અર્ઘ્ય અર્પે છે. સાંખ્ય દર્શન ત્રીજું અને ચોથું યોગદર્શન છે, જે યોગ્ય પૃથક્કરણ અને વ્યવહારુ તાલીમ દ્વારા આધ્યાત્મિક શાંતિનો પાઠ આપે છે. છેલ્લે પૂર્વ અને ઉત્તર મીમાંસા–અદ્વૈતવાદ, આધ્યાત્મિક શાંતિને વૈદિક ધર્મના કડક યમ–નિયમ નીચે વિશ્વમાં એકયતા શોધે છે. બૌદ્ધ અને જૈનધર્મ જુદા સિદ્ધાંત પર રચાયેલા છે, જે આપણે આગળ ઉપર જોઇશું.

卐

વાણી અને વેદના

લેખક : મનસુખલાલ તા. મહેતા.

ઘણા વરસો પહેલાની વાત છે. એક નગરમાં પૂર્ણભદ્ર નામનો શેઠ રહેતો હતો, અને તેને શ્રીમતી નામે પત્ની હતી. તેમને ચાર પુત્રો હતા, અને પુત્રોને ત્યાં પરિવાર હતો. પતિપત્ની બંનેએ વૃદ્ધાવસ્થામા પ્રવેશ કર્યો હતો, પણ તેમ છતાં વ્યવહારિક તમામ કાર્યોમાં શ્રીમતીનું ચલણ મુખ્ય હતું, અને ઘરમાં પુત્રવધૂઓ તેની આજ્ઞાનુસાર વર્તતી. વૃદ્ધાવસ્થામાં પણ પૂર્ણભદ્ર અને શ્રીમતી એક બીજાના પડછાયાની માફક રહેતા અને પતિપત્ની એક બીજાના અર્ધાંગ જેવા છે તેનું ખરસ નિદર્શન આ દંપતી જીવન જોતાં થતું.

શેઠના નાના પુત્રની પત્ની તનમન એક શ્રીમંત શેઠની લાડકી પુત્રી હતી, અને મોટા ઘરે સુખ વૈભવમાં ઉછરી હતી, એટલે જરા વધુ પડતી શોખીન હતી. તનમનની આળસુ રહેણી કરણી પ્રત્યે શ્રીમતીને ભારે ચીડ હતી, અને ઘણીવાર ધમકાવતી. આવી તકરારો અને બોલાચાલી વખતે પૂર્ણભદ્ર શેઠ આવીને કટાક્ષપૂર્ણ વાણીમાં શ્રીમતીને એક જ વાકય કહેતા : 'સન્મતિ ! તમે પણ શ્રીમતીમાંથી જ સન્મતિ બન્યાં છો, એ કેમ ભૂલી જાઓ છો ?' શેઠનું આ જાદુઈ વાકય સાંભળી શ્રીમતી બરફની જેમ ઠંડી પડી જઈ ચૂપ થઈ જતી. ધનવાનોને ત્યાં મોટા થતાં બાળકોમાં મોટા ભાગે ઉચ્છૃંખલતા જોવામાં આવે છે, અને એ તત્ત્વ તનમનમાં પણ થોડા ઘણા અંશે હતું.

શેઠ અને શેઠાણી પર્વના એક દિવસે એક પૌષધ કરવા ગયા ત્યારે તનમને શેઠના પેલા જાદુઈ વાકયનો ભેદ શોધવા પોતાની ચાવી લાગુ કરી શેઠનો કબાટ ખોલ્યો, અને શેઠની નોંધિપોથીઓ તેમા હતી તે વાંચી. પણ જે વાંચ્યું તેમાંથી શેઠ અને શેઠાણીનો પૂર્વાવસ્થાનો ઇતિહાસ તેના ખ્યાલમાં આવી ગયો. સાસુજીનું નામ શ્રીમતીમાંથી સન્મતિ કઇ રીતે થયું તેનો ભેદ પણ તેણે જાણી લીધો, અને આ બધું જાણીને તે સ્તબ્ધ થઈ ગઈ. દેવ જેવા સાસરા પ્રત્યે તેનું મસ્તક નમી પડયું, તો શ્રીમતીના જીવન પ્રત્યે તેને કેવળ ઘૃણા અને તિરસ્કાર થયા. એ નોંધિપોથ ઓનો નીચેનો ભાગ તેના સ્મરણપટ પર અંકિત થઈ ગયો, અને છેવટે એજ વસ્તુ શેઠાણીના જીવનના કરુણ અંતનું કારણરૂપ બની.

લગ્ન પછી પહેલા આણે પૂર્ણભદ્ર જ્યારે શ્રીમતીને તેડવા તેના સાસરે ગયો, ત્યારે શ્વસુરગૃહે બનેલી બીનાની નોંધમા પૂર્ણભદ્રે લખ્યું હતું : આ ઘરમાં તો મથુરાના ચોબાઓની માફક જમાઈ રાજાની એક મોટી પલટણ છે. ધનવાન માણસોને કુતરા અને ઘોડા પાળવાનો શોખ હોય છે, પણ અહિં તો જમાઇ રાજાને પણ પાળવામાં આવે છે એમ જોવામાં આવ્યું.' ને પછીના બીજા દિવસની નોંધમાં લખ્યુ હતું કે : "ગઇ રાતે સસરાજીની પડખેના રૂમમા જ હું સૂતો હતો. મોડી રાતે સસરાજી સુતા આવ્યા ત્યારે તેના મોઢામાંથી આવતી દારૂની વાસ માટે ઠપકો આપતાં સાસુજી સજળ નયને કહી રહ્યા હતા કે આજે તમારી સગલી (ઉપપત્ની)ને ત્યાં ન ગયા હોત તો ન ચાલત ? દારૂના નિશામાં સસરાજીએ કહ્યું : તારા જેવી ચૂડેલ પત્ની સાથે પનારા પડયા એટલે જ સગલીને ત્યાં જવું પડે છે ને ! હું તો આ વાર્તાલાપ સાંભળી આભો બની ગયો. સાસુજીના કાનમાં ઇર્ષ્યે હજારની કિંમતના હીરાના બૂટિયાંની જોડ શોભી રહી છે, અને ગળામા વીસેક હજારની સાચા મોંતીની માળા દીપી રહી છે. હીરા અને મોતીને તો સૌ કોઇ જોઈ શકે છે, પણ હીરા અને મોતીની ભીતરમાં હૃદયમાં પ્રજ્વલતો અગ્નિ પણ જોઇ શકાતો હોય તો ? કુદરતની મહેર છે કે માનવી

અન્ય માનવીનો જીવાત્મા નજરે જોઇ શકતો નથી, નહિં તો કદાચ માનવ જાતની મોટા ભાગની વ્યકિતઓ કોઇને કોઇ પશુ જાતને મળતી આવતી જોવામાં આવત. તે પછીની આગળ વધતી નોંધમાં પૂર્ણભદ્રે લખ્યું હતું કે : સાસુ અને સસરાએ તેમની સાથે જ રહી જવા માટે અનેક પ્રલોભનો આપ્યા, પણ મેં જ્યારે એ વાતની ધરાસીને ના પાડી ત્યારે સ્પષ્ટ ભાષામાં મને સંભળાવી દીધું કે અમારા કુટુંબની રીત પ્રમાણે જમાઇઓ જ અમારે ત્યાં આવી અમારી સાથે રહે છે, અને આ રીત પ્રમાણે વર્તવાની તૈયારી હોય ત્યારે જ ફરી અમારે આંગણે આવજો.' સાસરે આવવા માટે શ્રીમતી સાથે થયેલી વાતચીત સંબંધમાં એ નોંધપોથીમાં લખ્યું હતું કે : 'શ્રીમતીને મારી સાથે આવવા કહ્યું એટલે જવાબ આપતા તેણે કહ્યું કે : દુઃખના અનુભવ માટે નહિં પણ સુખની પ્રાપ્તિ અર્થે તમારી જેવા એકલવાયા અને સાધનહીન પુરૂષ સાથે મેં લગ્ન કર્યાં છે.' એક સામાન્ય સ્ત્રીના પતિ થવાની પણ મારામાં લાયકાત નથી એ વસ્તુ મારા ધ્યાન પર લાવી તેણે ઉમેર્યું : 'લક્ષ્મી જ્યારે ચાંલ્લો કરવા આવે છે ત્યારે કપાળ ધોવા જવાની મૂર્ખાઇ કર્યા વિના મારા પિતાની છત્તર છાયા નીચે આવી જાઓ' આ વાતની નોંધ નીચે પૂર્ણભદ્રે લખ્યુ હતું : શ્રીમતીની ઉચ્છૃંખલતા અને ઉછાંછળું વર્તન જોઇ હું દિગ્મૂઢ થઇ ગયો. હવે ખબર પડી કે ધનવાનની પુત્રી ગરીબ માણસના માટે પત્ની તરીકે એક મહારસાયણ રૂપ છે, જેનો સ્વાદ અતિ મધુર અને મિષ્ટ હોય છે, પણ તેને જીરવવાની પ્રક્રિયા તો મહાન યોગસાધનાથી પણ વિશેષ કપરી હોય છે.'

તે પછીની નોંધપોથીઓમાં પૂર્ણભદ્રના આફ્રિકાના પ્રવાસનુ અને ત્યાં પ્રાપ્ત કરેલાં ધનનું વર્ણન હતુ. સાતેક વર્ષ પછી જન્મભૂમિમાં પાછા ફર્યા બાદ શ્રીમતીના પિતાની કંફોડી થયેલી પરિસ્થિતિ અને તેણે નોંધાવેલી નાદારી તેમજ શ્રીમતીના પતિગૃહે થયેલ આગમન વિષે નોંધ હતાં. શ્રીમતીના પશ્ચાતાપ અને ઉદાર દિલે પત્નીને આપેલ ક્ષમા વિષેની નોંધમાં પૂર્ણભદ્રે લખ્યું હતું કે : 'પિતૃગૃહેથી વગર બોલાવે શ્રીમતી આજે આવી અને મારા ચરણોને પકડી પોતાના ભૂતકાળના વર્તનનો પશ્ચાતાપ કરી માફી માગી ત્યારે મારૂં હૃદય દ્રવી ઉઠ્યું અને ગળગળા અવાજે મેં કહ્યું શ્રીમતી ! મારી તો મારે તારી માગવાની છે, તારા સંસ્કાર, તારો ઉછેર અને જે માતા પિતાને ત્યાં તે જન્મ લીધો તે ઘરની હવા, વાતાવરણ, પરિસ્થિતિ અને રીત-ભાતનો કશોયે ખ્યાલ કર્યા વિના તારા પતિ તરીકેની જવાબદારી મેં સ્વીકારી લીધી અને પછી, તારા યોગ્ય પતિ બનવાની જવાબદારી અદા કરવાને બદલે, તને મારા અનુરૂપ પત્ની બનવાની મેં જે ફરજ પાડી, તેના માટે મારી તો મારે જ તારી માગવાની છે.' પરંતુ પછી તો શ્રીમતીએ પોતાના કોમળ હાથો વડે મને બોલતો અટકાવી રડતાં રડતાં કહ્યું : 'નાથ ! હવે મને વધુ શરમિંદી ન કરો !' શ્રીમતીનાં આ શબ્દોના અંતર્ગતમાં તેનામાં રહેલી અદ્‌ભુત સન્મતિનું મને આબેહૂબ દર્શન થયું, અને ભૂતકાળના દુઃખદ સ્મરણોનું કાયમ માટે વિસર્જન કરવા શ્રીમતીનું નામ આજથી મેં સન્મતિમાં ફેરવી નાખ્યું છે.'

વાંદરાના પેટમાં ખીર અને સ્ત્રીના પેટમાં કોઇ વાત કદી લાંબો વખત ટકી શકતી નથી. એક દિવસે તનમન નેના માતાપિતા સાથે ગૃહ સમારંભ જોવા જવા તૈયાર થઇ. તેણે કાનમાં મોતીના લટકણિયાં અને હાથે સુશોભિત મણિકંકણ પહેર્યાં હતા. કમળસમાં અંબોડામાં સુગંધી ફૂલોની વેણી લટકી રહી હતી, અને ફેશનેબલ કટવાળી ચોળીમાંથી ઉદરની નીચેનો ભાગ અને છાતીનો ઉપલો ભાગ ખુલ્લો દેખાતો હતો. તેણે પહેરેલી રેશમી સાડીમાંથી હીનાના અત્તરની સુવાસ ચારે બાજુ ફેલાઇ રહી હતી. પણ, આવો બધો શણગાર જોઇને શ્રીમતીનો મિજાજ ગયો અને ગેળપૂર્વક તનમનને કહ્યું : 'માબાપે નૃત્યાંગના થતાં શીખવાડયું છે કે બીજું કાંઇ શીખવ્યું છે ?'

પોતાના માબાપ વિષેની ટીકા સાંભળી તનમને મગજની સમતુલા ગુમાવી અને ગુસ્સાપૂર્વક કહ્યું 'બાઇજી! જત્યાંગનાને ત્યાં તો તમારા પિતાને જવાનો શોખ હતો, મારા પિતાને નહીં; અને તમારા માતાપિતાના સંસ્કારોના કારણે જ મારા સસરાનું અપમાન કરી પહેલા આણે તમને તેડવા આવ્યા ત્યારે તમે સૌએ ભૂંડા હાલે તેને પાછા કાઢયા હતા–હવે મને વધુ બોલાવવામા સાર નહીં કાઢો.' તનમનના શબ્દો સાંભળી શ્રીમતી પર વીજળી પડી હોય તેવી અસર થઇ, અને તે બેશુદ્ધ થઇ નીચે પડી ગઈ. તેના મગજની નેસ તૂટી ગઇ અને ઉત્તમ ચિકિત્સકોની સારવાર છતાં તેના સાજા થવાની શકયતા ન રહી.

જીવનની અંતિમ પળે શ્રીમતીએ તનમનને પોતાની પાસે બોલાવી કહ્યું: "મારે એક જ પુત્રી નથી, એટલે મારી પુત્રવધૂઓ જ મારા મનથી મારી પુત્રીઓ જેવી છે. દરેક માતાને પોતાના પુત્ર કરતા પુત્રી વધુ પ્રિય હોય છે, અને તેમ છતાં સંસારમાં સામાન્ય રીતે પુત્રીને સાપના ભારા સાથે સરખાવવામા આવે છે. યુવાન પુત્રીઓ અને સાસરે આવતી નવવધૂઓની બાબતમાં, માતા અને સાસુઓને મનમા ભારે ઉચાટ રહે છે, પણ તેનું પૃથક્કરણ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ કરવામાં આવે તો યુવાન પુત્રીઓ અને નવવધૂને ભાગ્યે જ ગુસ્સો કરવાનું કારણ રહે. તારી ઉંમરની જ્યારે હું હતી, ત્યારે મારા કમભાગ્યે મારી સાસુ ન હતા, અને જે શોખ અને વૈભવથી તું આજે રહે છે તે જ રીતે હું રહેતી, પણ પરિણામે મારે અનેક હોકરો ખાવી પડી. જીવનમાં મોડે મોડે તારા સસરાના સંસર્ગથી મને ભાન થયું કે જે સ્ત્રીઓ અંદરથી અપૂર્ણ અને કંગાલ હોય છે, તે સ્ત્રીઓ જ બહારથી સુંદર અને આકર્ષક દેખાવા પ્રયત્નો કરે છે. આ સત્ય જ્યારથી સમજાયું ત્યારથી તમામ આભૂષણો અને આકર્ષક વસ્ત્રોનો મેં સદંતર ત્યાગ કર્યો. તને જોઇ હું જ્યારે ભૂતકાળના જીવનમાં અનુભવેલાં માગ દુઃખદ અનુભવોના વિચારો આવે છે, અને વિચાર એ સ્મૃતિનો પ્રત્યાઘાત છે. મને એમ થાય છે કે તને હું કેમ કરીને સમજાવી શકું કે અંદરના સૌંદર્ય વિના–અને સ્ત્રીનું આંતરિક સૌંદર્ય એટલે તેના શીળા અને સદાચાર–બહારની સમૃદ્ધિ સ્ત્રીઓને મોટા ભાગે પતનના માર્ગે જ દોરવી જાય છે. તનમન! સ્ત્રીનું ચારિત્ર તો કાચના વાસણ જેવું છે, તેમાં એક જ વખત તડ પડી પછી તે સાંધી શકાતી નથી. તારા પ્રત્યે અનેકવાર મેં કટુવાણીનો પ્રયોગ કર્યો છે, પણ તેની પાછળનો મૂળ હેતુ તો જે ભૂલો મેં કરી તેવી ભૂલોમાંથી તને બચાવવાનો હતો. પ્રૌઢ અવસ્થામાં તારા સસરા પાસે હું ધર્મ ગ્રંથો ભણી, અને કર્મ ગ્રંથોના અભ્યાસમાં નર્કના જીવોની શી સ્થિતિ થાય છે, અને નર્કમાં શા માટે જવું પડે છે એ મેં જાણ્યું, ત્યારે મને ધરતીકંપ જેવો આંચકો લાગ્યો. ભૂતકાળમાં થયેલી ભૂલોના કારણે, પાછલી અવસ્થામાં નર્કની વેદનાનો ત્રાસ માનસિક રીતે તો મેં આજ જીવનમાં અનુભવ્યો છે, અને એવો અનુભવ તારે ન કરવો પડે એટલા માટે જ તારા પ્રત્યે કટુવાણીનો પ્રયોગ મારે કરવો પડયો છે."

ધરતીકંપ કરતાં પણ હૃદયકંપ વધુ નુકસાન કારક નિવડે છે. તનમને મૃત્યુ થયા પર પોતાની સાસુ પાસે પોતાથી બોલાયેલાં શબ્દોનો ભારે પશ્ચાતાપ કર્યો, પણ બાણમાંથી છૂટેલું તીર જેમ તેનું કાર્ય કર્યા વિના રહેતું નથી, તેમ વિચારહીન વાણી પણ તેનો ભાવ ભજવ્યા વિના રહેતી નથી. શ્રીમતી મૃત્યુ પામી, પણ ઘરમાં સૌને એવો ઓઘપાઇ આવતી અને કે તેના મૃત્યુ પછી કટુવાણીનો પ્રયોગ કરવા જેવી પરિસ્થિતિ ઘરમાં કદી ઉત્પન્ન ન થઇ.

卐

જીવનમાં પ્રાર્થનાનું સ્થાન

—પં. મુનિ શ્રી વિનયચંદ્રજી મ.

આજના પ્રવચનનું મથાળું એ કહે છે કે હું તમારી સામે પ્રાર્થના અંગે કંઈક કહું, પણ પ્રાર્થના અંગે શું કહેવાય ? પ્રાર્થના પોતે જ આત્માને પરમાત્માનો પ્રકાશ દેનાર પ્રાર્થના છે. એક પ્રશ્ન એ થાય છે કે પ્રાર્થનાનું જીવનમાં શું સ્થાન છે ? જેવું માછલી માટે પાણીનું મહત્ત્વ છે તેટલું જ અને તેવું જ જીવનમાં પ્રાર્થનાનું સ્થાન છે. માછલીનું જીવન જ પાણી છે. પાણીમાં જ એ જન્મ લે છે અને પાણીમાં જ એ મરે છે. માછલીને એ કહેવામાં આવે કે હું તને દૂધના તળાવમાં મૂકી આવું. પાણીનું તો એની સામે મૂલ્ય જ શું છે ? શક્તિ અને કિંમત બન્ને દૃષ્ટિએ પાણી કરતાં દૂધમાં વિશિષ્ટતા છે પણ તમારા આ પ્રલોભન ભર્યા આકર્ષણમાં એ ફસાશે નહીં. એ તો કહેશે કે તમારા દૂધના તળાવ કરતાં મારૂં પાણીનું તળાવ શ્રેષ્ઠ છે. તેમ છતાંય એના પર બળ-પ્રયોગ કરશો તો એ પાણીથી જુદા થતાની સાથે જ પોતાના પ્રાણ અર્પી દેશે. પાણીમાં શું આનંદ છે ? એ જાણવું હોય તો જઇને માછલીનો પૂછો. એનો આનંદ આપણે જાણી શકતા નથી.

બસ તેવી જ રીતે પ્રાર્થનાનો આનંદ ભક્ત-હૃદય જ જાણી શકે છે. માછલીના જીવનમા પાણીનું જેવું સ્થાન છે, તેવું જ સ્થાન ભક્તના હૃદયમા પ્રાર્થનાનું છે. શરીર માટે કસરત જરૂરી છે. કસરતથી શરીરને નવ-સ્ફૂર્તિ (તાજગી) મળે છે. એથી શરીરમાંના ખરાબ તત્ત્વો પરસેવારૂપે બહાર નીકળી જાય છે અને એમનું સ્થાન આરોગ્ય દેનાર તત્ત્વો લઇ લે છે. તેમ પ્રાર્થના પણ એક આધ્યાત્મિક કસરત છે. શારીરિક કસરત શરીરની ચરબી ઘટાડી સ્વસ્થ રક્તનો સંચાર કરે છે તો પ્રાર્થના આપણા જીવનમાની બુરાઇઓને દૂર કરી સ્વસ્થ સુંદર વિચારોનો જીવનમાં સંચાર કરે છે.

પ્રાર્થના અંગે એક વખત ગાંધીજીએ કહ્યું હતું કે મારા સારૂં ખાવા કરતાં પ્રાર્થના કરોડ ગણી ઉપયોગી છે. ખાવાનું ભલે છૂટી જાય પણ પ્રાર્થના છૂટવી ન જોઇએ અને પ્રાર્થના જો છૂટી જાય તો મનુષ્યને હૃદયમાં એનું દુઃખ થવું જોઇએ. ગાંધીજીએ પ્રાર્થના અંગે એક બીજી મહત્ત્વપૂર્ણ વાત કહી છે. એમણે બતાવ્યું છે કે : 'હું સંસારમાં વ્યભિચારી થતાં બચ્યો છું તો તે રામનામનો જ પ્રતાપ છે. વાનરસેનાએ રાવણને માર્યો, હનુમાને પર્વત ઊંચકી લીધો, સીતાનું સતીત્વ રખોપાયું અને ભરત ચૌદ વર્ષ પર્યંત પ્રાણ ધારણ કરી શક્યો, એ બધાનું કારણ એ જ હતું કે એમના મુખેથી 'રામ' શબ્દ જ નિકળતો હતો. મારી પાસે પણ રામ શબ્દ ન હોત તો હું સ્ત્રીઓને બહેન કહેવા યોગ્ય ન હોત. જ્યારે જ્યારે મારી પર સંકટો આવ્યાં છે, ત્યારે ત્યારે મેં રામનું નામ લીધું છે અને હું બચી ગયો છું, તથા અનેક સંકટો વખતે તો રામ નામે જ મારૂં રક્ષણ કર્યું છે.'

હા, તો ગાંધીજી પરમ આસ્તિક હતાં. એમના મનના ખૂણે ખૂણામાં હિંદુ સંસ્કૃતિ રમતી હતી. તેથી જ પ્રત્યેક સમયે એમની જીભ્હા ઉપર રામ વિરાજતા હતા. એટલા માટે જ પ્રભુ પ્રાર્થનામાં એમનો દૃઢ વિશ્વાસ હતો. પ્રતિદિન સંધ્યા ટાણે પ્રાર્થના ચોલાતી હતી અને પછી તેઓ પ્રવચન કરતા હતા.

પ્રાર્થના એ કોઇ અંધ વિશ્વાસ નથી. નવા ચીલે દોડનારાઓ માટે પ્રાર્થના એક વહેમ અને ઢોંગ માત્ર બની જાય છે. તેથી જ્યારે પણ નવી પેઢી સામે પ્રાર્થનાનો પ્રશ્ન આવે છે ત્યારે તેઓ વહેમ બતાવી એની મશ્કરી કરે છે, પરંતુ જરા અંદર ઠીકીને જુઓ,

જેને અનંતદર્શન થયા છે, તેને આત્મા ઉપર શો વિશ્વાસ છે, પણ જેને આત્મા ઉપર વિશ્વાસ નથી, એને પરમાત્મા ઉપર શો વિશ્વાસ હશે વારૂ? એના માટે ધર્મ, કર્મ, આત્મા અને પરમાત્મા બધું જ વહેમ માત્ર જ બની જશે. પરંતુ જેને આત્મા ઉપર વિશ્વાસ રાખ્યો છે, એકાંતની શાંત ક્ષણોમાં જેણે આત્માનું સંગીત શ્રવણ કર્યું છે, એના માટે આત્માનું સંગીત–પ્રાર્થના એટલી જ સહજ છે જેટલું કે હરવું ફરવું; ખાવું અને પીવું.

પ્રાર્થના કહેવાની નહીં, કરવાની વસ્તુ છે. એનો આનંદ શબ્દોમાં વ્યક્ત કરી શકાય તેમ નથી. આનંદનો મધુર અનુભવ તો એ જ હૃદયને થઈ શકે છે, જે પ્રાર્થનાના સંગીતથી રંગાયેલો છે.

જોઈએ સારે વિશ્વના પ્રત્યેક ધર્મમાં પ્રાર્થનાને મહત્ત્વ અપાયું છે. જો કે સિદ્ધાન્તોમાં ધર્મ ધર્મ વચ્ચે ઘણો મતભેદ પ્રવર્તે છે, છતાંય પ્રભુપ્રાર્થના સંબંધે તો લગભગ બધાં ધર્મોમાં એક મત રહ્યો છે. હિંદુધર્મ તો પ્રાર્થનાનું મહત્ત્વ દર્શાવતાં કહે છે: 'રામ તે સર્વિક રામ કર નામા' અર્થાત્ રામ કરતાં પણ રામ નામમાં વધુ શક્તિ છે. મુસ્લિમ ધર્મ અને હિંદુ ધર્મ વચ્ચે જો કે ઉંડી ખાઈ જેટલો તફાવત છે, બન્ને ધ્રુવ વિપરીત દિશાનાં પ્રવિક છે, તેમ છતાં પણ પ્રભુપ્રાર્થના અંગે એમનામાં એકમત જોવા મળશે. એમની નમાજ પણ એક પ્રકારની પ્રાર્થના જ છે. જો કે એમની ભાષા અરબી છે તો પણ શબ્દ અને શૈલી ભેદને એક જ બાજુ રાખી તમો એમાં ઊંડા ઊતરશો તો ત્યાં પણ તમને ઈશ્વર પ્રત્યે ઉભરાતો અનુરાગ દેખાશે.

ખ્રિસ્તી ધર્મ કે જેનો વધુ પડતો વિકાસ પશ્ચિમના દેશોમાં થયો છે. તેમાં પણ પ્રાર્થનાને સ્થાન અપાયું જ છે. તમે જોતા હશો કે રવિવારના દિવસે ઈસુ ખ્રિસ્તને માનનાર' બાળકોબાળક દેવળમાં શાંતશબ્દહીન પ્રાર્થનામાં તલ્લીન બનેલું દેખાશે. જૈનદર્શન જો કે આત્મામાં પરમાત્માની સત્તા સ્વીકારીને ચાલે છે, ઈશ્વરને સૃષ્ટિના નિર્માતા રૂપે એ સ્વીકાર કરતું નથી છતાંય કર્તા નહીં પણ પ્રેરણા દેનારના રૂપે જૈનદર્શને ઈશ્વરની ઉપાસના કરી છે અને તેથી જ ચોવીસી સ્તવન અને સ્તવન–સ્તુતિ રૂપે અરિહંત તથા સિદ્ધ ભગવાનની પ્રાર્થના માટે એ વિધાન કરે છે.

પ્રાર્થના શું છે?

પ્રાર્થનાનું બીજું નામ છે. અહંકારરહિત પ્રયત્ન. અર્થાત્ અસત્યથી સત્ય ભણી જવા માટે નિરહંકારી પ્રયત્ન કરવો એ પ્રાર્થના છે. પ્રાર્થના અન્તઃકરણની પરિમાર્જનતી, સ્ફૂર્તિ અને બળ છે. પ્રાર્થનામાં પ્રયત્નવાદ અને દૈવવાદનો સમન્વય છે. દૈવવાદમાં પુરૂષાર્થને સ્થાન નથી. એટલે તે પાંગળો છે, જ્યારે બીજી બાજુ પ્રયત્નવાદમાં પુરૂષાર્થનું તેજ છે છતાં નિરહંકાર વૃત્તિ રહેતી નથી. એટલે ત્યાં ગર્વ આવી જાય છે. એટલે બન્ને મળણ કરી શકાય નહીં. પરંતુ બન્નેને છોડી પણ શકાય તેમ નથી. મનુષ્ય દૈવવાદ (ભાગ્યવાદ)ના અભાવે જીવી શકતો નથી તો પુરૂષાર્થના અભાવમાં તે જડ બની જશે, જીવનની સાડી પ્રયત્નવાદ અને ભાગ્યવાદના પાટા ઉપર જ દોડશે. ભાગ્યવાદમાં એક નમ્રતા છે–જે આપણને વિનયશીલ બનાવે છે. પ્રયત્નવાદમાં પરાક્રમ છે જે આપણને ગતિ દે છે અને પ્રાર્થના બન્નેને જોડવાનો એક સેતુ–પૂલ છે.

પ્રાર્થનાથી થતા લાભ

હવે પ્રાર્થનાથી થતા લાભો વિષે વિચારીએ. પીપળ નાની હોય છે. એનું મૂલ્ય પણ બહુ અલ્પ છે, પરંતુ એ નાની પીપળને ખરળમાં ચોસઠ પ્રહર સુધી ઘૂંટશો તો એનો ગુણ પણ બદલી જશે અને સાથે સાથે એનું મૂલ્ય પણ વધી જશે. તેવી જ રીતે પ્રભુ પ્રાર્થનાનો શબ્દ આપણા આત્મામાં રમે છે, પ્રાર્થનાના સુમધુર સંગીત ધ્વનિથી જેનું હૃદયમંદિર ગુંજી ઉઠ્યું છે તે શબ્દનું રટણ આત્માની પવિત્રતામાં અભિવૃદ્ધિ કરે છે. જેવી રીતે ધમણી અગ્નિ પરની રાખને દૂર કરી એને વધુ પ્રદીપ્ત કરે છે, તેવી જ રીતે પ્રભુસમ્બન્ધ જીવનનાં

અજ્ઞાન અને મોહની રાખને દૂર કરી એની ચમકમાં સો ગણી વૃદ્ધિ કરે છે.

વડલાનું બીજ જો કે રાઈના દાણા કરતાં પણ નાનું હોય છે પણ તે અલ્પ બીજ ઉપર માટી એકઠી થઈ જાય છે અને એને પાણીનું સિંચન મળે છે તો એ જ નાનું બીજ એક દિવસે વિશાળ વડલાનું રૂપ ધારણ કરી લે છે. તેવીજ રીતે પ્રભુના નામનું બીજ જો તમારી હૃદયભૂમિમાં વાવ્યું છે અને એના ઉપર નિરહંકારરૂપી માટી નાખી પ્રેમરૂપી પાણીથી એનું સિંચન કરો છો તો તમારા જીવનમાં એક દિવસે ખરેખર ઈશ્વરીયતા પ્રગટશે. તમારા મનમાં રંગ–રંગમાં ઈશ્વરપણાનો શાંત શુભ પ્રકાશ પ્રસરી જશે. તમે પોતે તમારામાં એક વિશિષ્ટ જ્યોતનું દર્શન કરશો. રૂપકની ભાષા છોડી સાદી ભાષામાં કહું તો તમે પોતે ઈશ્વરરૂપ બની જશો. હું તો તમો સર્વેમાં ઈશ્વરનો પડછાયો જોઉં છું. જો કે આજે ભલે એ સૂક્ષ્મરૂપે હોય પરંતુ એનું અસ્તિત્વ તમારામાં જરૂર છે જ. હવે ફક્ત જરૂર છે એને જાગ્રત કરવાની.

આધ્યાત્મિક યોગી આનંદઘનજીએ સમાજ અને સંપ્રદાયની કડી પરંપરાઓને તોડી એકાન્ત વનમાં સાધના કરી હતી. એમણે કૈલાસ વર્યો આત્મ–સાધના પાછળ વીતાવ્યા હતા. તેથી જ એમના પદોમાં સાધનાનો રસ નીચોવાઈ આવે છે, અને સાધક આત્મા વિમુખ બની જાય છે. તઓ ફરમાવે છે કે સાધક જો સાચી અને ખરી તન્મયતાપૂર્વક પરમાત્માની સાથે ભળી જાય છે તો એક દિવસ તે પોતે જ પરમાત્મ દશા પ્રાપ્ત કરી લે છે કેટલાંક દર્શનો એ તથ્ય માનવા ઇન્કાર કરે છે કે કોઈ પણ આત્મા પરમાત્મા થવાની ક્ષમતા–સામર્થ્ય ધરાવતો નથી. ભલેને તે ગાદે તેટલા વ્રતો–ઉપવાસાદિ અનુષ્ઠાન કરે. જ્યારે જૈન દર્શન પ્રમાણે તો ભક્તમાં ભગવાન બનવાની ક્ષમતા છે આત્મા જ પરમાત્મા છે. એવો દિવ્ય સંદેશ એણે વિશ્વને આપ્યો છે. જૈન દર્શનનો એ જ વાતમાં સૂર પૂરાવતા આધ્યાત્મિક કવિ આનંદઘનજી કહે છે.

આતમ પરમાતમ પદ પાવે,
જો પરમાતમ સે લય કો લગાવે,
સુન કે શબ્દ કીટ ભંગી કો,
નિજ તન મન કી સુધ વિસરાવે,
દેખહું પ્રગટ ધ્યાન કી મહિમા.
સો હી કીટ ભૃંગી હુઇ જાવે.

'અપ્પા સો પરમાપ્પા'નો નાદ આ સ્વરોમાં સંભળાય છે. કવિ એના માટે સુંદર રૂપક આપે છે. ભમરીના શરીરમાં જ્યારે ગરમી પેદા થાય છે ત્યારે એ માટીથી પોતાનું ઘર બનાવે છે અને સાથે જ એક કીટક કીડો લાવી એની સામે ભૂં–ભૂંનો શબ્દ ગુંજવે છે અને એ ભમરીના શબ્દથી પેલો પેટે ઘસીને ચાલનાર કીડો ૧૭ દિવસમાં આકારમાં ઉડતી ભમરી બની જાય છે. આ શબ્દ શક્તિનો પ્રભાવ છે.

આ એક કવિએ પ્રસિદ્ધ કરેલી કહેવત છે. પણ એમાં એક સૈદ્ધાંતિક ભેદ એ આવે છે કે એક ઓ-ન્દ્રિય પણ ચતુરેન્દ્રિ કેવી રીતે બની શકે ? સાચું તો એ છે કે ભમરી જ્યારે ઇંડા મૂકે છે ત્યારે ઇંડાની સુરક્ષા માટે અને એમના ખોરાક માટે એ કીડો લઇ આવે છે. આમ સત્તર દિવસ સુધી ઇંડાને સેવ્યા બાદ ઇંડું ફૂટી જાય છે. એમાંથી ભમરો નીકળે છે, અને ઉડી જાય છે. પણ અહીં કવિ યોગી આનંદઘનજીએ કઇ દૃષ્ટિએ આ રૂપક કહ્યું છે તે આજે સમજ શકાય તેમ નથી. તો પણ કવિદ્યનો મુખ્ય ઉદ્દેશ તો પ્રાર્થનાનું મહત્ત્વ બતાવવાનો છે કે પ્રાર્થના વડે આત્મા પરમાત્મા બની શકે છે. દહીંના મંથનથી જેમ માખણ મેળવાય છે તેમ પ્રભુના નામના મંથનથી આત્મા ઈશ્વરીય જ્યોતિ મેળવે છે.

પ્રભુ નામ તો તે મેઘ છે જે પાપના પ્રખર તાપને શાંત કરે છે. જેઠ માસના પ્રખર તાપમાં જ્યારે

ધરતી અને આકાશ તપવા લાગે છે, સૂર્ય જ્યારે આગના ગોળા વરસાવી રહ્યો હોય ત્યારે આરસ પથ્થરના મહેલો પણ તપી ઉઠે છે, ત્યારે માનવ હૃદય દંડક માગતું હોય છે. અષાઢી ગગનમાં જ્યારે શ્યામવર્ણી વાદળાં ઉભરાય છે, અને રૂમઝુમ વરસાદ પડે છે ત્યારે તાપ શમે છે. પૃથ્વી પણ શાંત બને છે. તેમ આકાશ પણ શાંત બને છે. બફારો ને ઉકળાટ આપતા મહેલો પણ હવે તો ગમવા લાગે છે. બસ, આવી જ શક્તિ પ્રભુના નામમાં પણ છે. જ્યારે મનડામાં કષાયોની જ્વાળા જ્વલી રહી હોય છે, વાસનાના તોફાન જાગ્યા હોય છે તે વેળાએ પ્રભુનું નામ મેઘનું કામ કરે છે અને કષાયોની જ્વાળા શાંત બને છે. વાસનાના તોફાન શમી જાય છે.

સાચેજ પ્રભુનું નામ અશાંત મન માટે પ્રશાંત મેઘ છે. અશાંત સાગર માટે વહાણ પણ છે. ભાત માટે તે તેટલું જ પ્રિય છે, જેટલું કે ક્ષુધાતા વહાણમાંના માણસો માટે નાની એવી નૌકા જ્યારે અરબ બાજુ અસીમ જલરાશી દેખાય અને કિનારો શોધવી આખો લહેરોની સાથે અથડાઇને પાછી ફરે, અને જીવનસાથી વહાણ પણ ડગો દેવા લાગે છે તેવા સમયે જો કોક નાની એવી નૌકા પણ આવી જાય તો એવી મનુષ્યને એટલી પ્રસન્નતા થાય કે જાણે ડૂબતા પ્રાણી પાછાં આવ્યાં. તેવી જ રીતે સંસારના અસીમ સાગરમાં દુઃખ અને અશાંતિની કાળી અગિનમાં જ્યારે તમારા આત્મા ગોથા ખાતો હોય ત્યારે તમે પ્રભુનામની નૌકામાં સવાર થઇ જાઓ તો એ તમને કિનારે પહોંચાડશે-પાર ઉતારશે.

"જૈન પ્રકાશ" માંથી સાભાર

卐

મન, વચન કાયાના બળો જબરો પ્રભાવ ધરાવે છે; મનોબળ આત્માને ક્ષણમાં પાતાળમાં તો ક્ષણમાં આકાશમાં-એમ ક્યે દિશાઓમાં ખેંચી જઇ શકે છે; વાણીનું બળ મનુષ્યોને મારીકે જીવાડી શકે છે તેવી જ ઇતિહાસમાં અનેક રણસંગ્રામો બનવા પામ્યા છે. તેવી જ શરીરબળ પણ અનેક ચમત્કૃતિઓ વિખ્યાત સેડાની જેમ બતાવી આપે છે. આ ત્રણે બળો જો આત્માને અનુકૂળ-શુભમાર્ગમાં જોડાયા હોય તો તેને સંપૂર્ણ મુક્તિ અપાવે અને અશુભમાર્ગે જોડાયા હોય તો આત્મઘાતક નીવડે છે; જેમ દુરાચરિત કરેલી વરાળ આગગાડીમાં મનુષ્યોને ઉદ્દિષ્ટ માર્ગે પહોંચાડે છે તેમજ અશ્વરિયન વરાળશક્તિ મનુષ્યોને આગળ નાંખે છે; ત્રણે બળો રૂપી હોવા છતાં અરૂપી આત્મા ઉપર અનુગ્રહ કે ઉપઘાત કરી શકે છે; આમ હોઇ આ ત્રણે બળોને અધિકાર પ્રમાણે અવસ્થામાં મુકવા એ મનુષ્ય જીવનનું મુખ્ય કાર્ય છે.

આનુભવ ચિંતન : શ્રી રત્નોદયચંદ જવેરભાઇ શાહ

સં. ૨૦૧૯ના આસોવદિ અમાસના રોજ

આવક	રૂ. પૈ.	રૂ. પૈ.
શ્રી મકાન ભાડા ખાતે :		૨૪૯૧-૯૮
શ્રી સ્વર્ગસ્થના હવાલા :		૮૫૦-૦૦
અન્ય આવક :		
શ્રી પેટ્રન ફીના.	૧૫૦૦-૦૦	
શ્રી મેમ્બર ફીના.	૨૦-૦૦	
શ્રી પરચુરણ આવક.	૨-૯૫	૧૫૨૨-૯૫
શ્રી જ્ઞાન ખાતે :		
પુસ્તક વેચાણ અનામત સ્ટોકમાંથી.	૧૭૧-૭૫	
પરતી વેચાણના.	૪૬-૯૫	
પરચુરણ ઉપજના.	૨૧-૩૫	
પુસ્તક વેચાણનો નફો.	૨૬૬-૫૧	૫૦૬-૫૧
શ્રી વર્ષ આખરે તૂટતા સરવૈયામાં લઇ ગયા તે.		૧૧૯૬-૭૭
	કુલ રૂપિયા	૬૫૬૮-૨૬

ભાવનગર
તા. ૧૯-૧૦-૧૯૬૪

સભા—ભાવનગર.

પુરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ.

ખર્ચ	રૂ. પૈ.	રૂ. પૈ.
શ્રી જ્ઞાન ખાતે :		
પરચુરણ ખર્ચ.	૧૮–૦૬	
આત્માનંદ પુસ્તક ૬૦ની છૂટના.	૨૪૯૩–૦૩	૨,૫૧૧–૦૯
શ્રી મેળાવડા ખર્ચ :		૪૦–૦૦
શ્રી ખર્ચ ખાતે :		
પગાર.	૧૯૨૦–૦૦	
વર્તમાન પત્રનો ખર્ચ	૧૯૩–૫૮	
લાઈબ્રેરી ખર્ચ.	૧–૨૦	
ઇલેકટ્રીક ખર્ચ.	૭૩–૪૨	
વ્યાજ.	૪૭૪–૦૦	
વીમા ખર્ચ.	૩૩૧–૫૪	
નળ અને ગટર ખર્ચ	૧૯૩–૨૫	
પોસ્ટેજ.	૪૨–૪૫	
વૃદ્ધિચંદ્રજી સાંમાયિક શાળા.	૨૦–૦૦	
પરચુરણ ખર્ચ.	૭૯૭–૭૩	૪,૦૧૭–૧૭
	કુલ રૂપિયા	૬,૫૯૮–૨૬

વિ મૂ. શાહ
જા. મ. શાહ
મંત્રી

ચી. ચાં. શાહ
પ્રમુખ

અમારા રીપોર્ટ મુજબ
Sanghvi & Co.

સંવત ૨૦૧૯ના આસો વદિ

ફંડ તથા દેવું	રૂા. પૈ.	રૂા. પૈ.
શ્રી ફંડ ખાતે		
પેટ્રન તથા લાઇફ મેમ્બરશીપ ફંડ ખાતે.	૭૪,૮૪૯-૦૦	
ગુજરાતી સીરીઝ ખાતે.	૩૫,૬૫૧-૦૦	
જ્ઞાન ખાતે : પુસ્તકો છપાવવા માટે.	૩,૩૩૧-૦૨	
જયંતી ફંડ ખાતે.	૧૫,૭૧૫-૭૪	
અન્ય ફંડો ખાતે.	૧૮,૨૬૧-૮૫	૧,૪૭,૮૦૮-૬૧
શ્રી પરચુરણ દેવું.		૧,૪૬૫-૦૫
શ્રી હીચોઝટ ખાતે		૬૫-૦૦

સભા–ભાવનગર.

અમાસના રોજનું સરવૈયું

મિલ્કત તથા લેણું	રૂા. પૈ.	રૂા. પૈ.
શ્રી જ્ઞાન ખાતે :		
વેચાણ પુસ્તકનો સ્ટોક.	૧૭,૦૭૪–૯૫	
ઉમેરો : કાગળ સ્ટોક.	૧૪૪–૩૯	
ઉમેરો : પુસ્તક ભેટના.	૨,૨૭૮–૭૫	
ઉમેરો : પુસ્તક તૈયાર કરવામા થયેલ ખર્ચ.	૨,૧૪૫–૧૯	
ઉમેરો : જ્ઞાન ખાતે તૂટના.	૭,૩૮૭–૭૮	૨૯,૦૪૧–૫૬
શ્રી મકાન ખાતે :		
ગયા વર્ષના સરવૈયા મુજબ.		૯૪,૭૯૨–૦૯
શ્રી રોકાણ ખાતે :		
મહાલક્ષ્મી મીલ્સના શેર સર્ટિફીકેટસ.	૨૦૦–૦૦	
ભાવનગર ઇલેક્ટ્રીક કંપની લીમીટેડમાં ડીપોઝીટ.	૩,૦૦૦–૦૦	૩,૨૦૦–૦૦
શ્રી લેણું :		
બુકસેલર્સ પાસે.	૭૭૧–૨૫	
મેમ્બર ફીના.	૬૦–૦૦	
જૈન દર્શન મીમાંસા પુસ્તક ખાતે.	૬૩૨–૦૦	
ભાડુતો પાસે.	૧૪૦–૨૫	
પરચુરણ.	૮૬૩–૦૬	૨,૪૬૬–૫૬

સં. ૨૦૧૯ના આસો વદિ

ફંડ તથા દેવું	રૂ. પૈ.	રૂ. પૈ.
	કુલ રૂપિયા	૧,૪૯,૩૯૮-૬૬

ઓડીટર્સ રીપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરનું ૨૦૧૯ના આસો વદિ અમાસના રોજનું સરવૈયું તથા તે જ-દિવસે પુરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ, સભાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસેલ છે અને અમોને આપવામાં આવેલી માહિતી તથા ખુલાસાઓ મુજબ તથા સભાના ચોપડામાં દર્શાવ્યા મુજબ અમારા જુદા રીપોર્ટને આધીન રહીને બરોબર માલુમ પડેલ છે.

ભાવનગર.
તા. ૧૯-૧૦-૧૯૬૪.

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

સભા—ભાવનગર.

અમાસના રોજનું સરવૈયું.

મિલ્કત તથા લેણું	રૂા. પૈ.	રૂા. પૈ.
શ્રી શંકાસ્પદ લેણું :		
ભાડુતો પાસે.		૧,૯૪૬-૫૬
શ્રી ડીપોઝીટ ખાતે.		૩૦-૦૦
શ્રી મકાન રીપેરીંગ ખાતે :		
ગયા વર્ષનાં સરવૈયા મુજબ.	૬,૦૭૪-૮૪	
ઉમેરો : વર્ષ દરમ્યાન વધારો.	૨૬૦-૫૦	૬,૩૩૫-૩૪
બેંક બેલેન્સ તથા રોકડ પુરાંત :		
સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર : સેવીંગ ખાતે.	૨,૫૫૩-૪૮	
ઢેના બેંક-કરંટ ખાતે.	૧,૨૫૭-૫૭	
સ્ટેમ્પ.	૨૯-૪૩	
રોકડ પુરાંત.	૯૭-૧૦	૩,૯૩૭-૫૮
શ્રી નિભાવ ફંડ ખાતે :		
ગયા વર્ષના સરવૈયા મુજબ.	૬,૪૩૭-૦૧	
ઉમેરો : વર્ષ દરમ્યાન વધારો.	૧,૧૯૯-૭૭	૭,૬૩૩-૭૮
સરવૈયા ફેરના.		૧૫-૧૯
	કુલ રૂપિયા	૧,૯૯,૩૯૮-૬૬

વિ. મૂ. શાહ
જા. જ. શાહ
મંત્રી

પી. ચાં. શાહ
પ્રમુખ

શાપરીઆ

બનાવનારા

બાર્જીસ
લાઈફ બોટસ
ટગ્સ
ડ્રેજર્સ
પેસેન્જર વેસલ્સ
પાન્ટૂન્સ
મૂરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ
વિગેરે.

શીપ
બીલ્ડર્સ
અને
એન્જીનીઅર્સ

બનાવનારા

શલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફ્યુઝ હેન્ડ કાટર્સ
પેલ ફેન્સીંગ
લેડ-યુલાઇટ (લેડવુલ)
મેગ્નેટીક સેપરેટર્સ.
વિગેરે.

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી, મુંબઈ

એન્જીનીઅરીંગ વર્કર્સ અને ઓફીસ
પરેલ રોડ, ફોમ લેન
મુંબઈ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : 'શાપરીઆ' પરેલ, મુંબઈ

શ્રીઆત્માનંદ પ્રકાશ

જીવનમાં શું હોવું કે ઉચિત અનુચિત એ વિષે આપણી મનની ઘડેલી નૈતિક ધારણાને છોડીને આગળ જવાનો પ્રયત્ન આપણે ક્યારે કરીશું ? શું સારૂં, શું નરસું એ વિષે આગળથી જ ગાંઠ બાંધી લીધા વગર જીવનનો વિચાર ન થઈ શકે ? હું હંમેશા જોઉં છું કે આપણે ડગલે અને પગલે ઠોકર ખાઈએ છીએ, અને ઠોકર કેવળ એટલા માટે જ ખાઇએ છીએ કે આપણે સત્ય નિર્ણય કરવાને વખતે પણ આપણી ઇચ્છા અનિચ્છાના મોહમાંથી છૂટવા માગતા નથી. એટલે કે આપણે જીવનને નિઃસ્પૃહભાવે જોવા માગતા નથી.

—બર્ટ્રાન્ડ રસેલ

પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

મહા	વર્ષ : ૬૨
૨૦૨૦	અંક : ૪

99905

માણસની વાણીમાં કેવો જાદુ ભરેલો છે! એ અમૃતને ઝેર બનાવી શકે; ઝેરને અમૃત બનાવી શકે. એ આનંદમાં શોકની હવા ઊભી કરી શકે; શોકમાં આનંદની હવા સર્જી શકે. માણસ આ પોતાની જાદુઈ શક્તિ સમજી જાય તો સંસાર કેવો સુમધુર બની જાય!

—ચિત્રભાનુ

ગ્રામ: "Jahangir"

ફોન નં. મીલ : ૨૮૦

બંગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ

પોસ્ટ બોકસ નં. ૨

મંગળદાસ જેસીંગભાઇ સન્સ પ્રા. લી.

ભાવનગર

આ સભાના માનવંતા નવા પેટ્રન

શેઠશ્રી નીતમલાલ અમૃતલાલ મહેતા

શેઠશ્રી નૌતમલાલ અમૃતલાલ મહેતા

જ્યાં વીતરાગ પ્રભુએ પ્રરૂપેલ ધર્મના યુગપ્રભાવક ક્ષમાશ્રમણ દેવર્દ્ધિગણિએ આગમોને પુસ્તકારૂઢ કર્યા હતા, તે સૌરાષ્ટ્રના ઐતિહાસિક શહેર વલભીપુર (વળા)માં શેઠશ્રી નૌતમલાલભાઈનો જન્મ ત્યાંના પ્રખ્યાત મહેતા કુટુંબમાં શેઠશ્રી અમૃતલાલભાઈને ઘેર સં. ૧૯૬૦ના મહા વદિ ૯ ના શુભદિને થયો હતો. તેઓશ્રીના પૂર્વજો વલભીપુર રાજ્યના દિવાન પદે હતા અને આજ સુધી તેમના કુટુંબમાં વલભીપુરનું શેઠપદ ચાલ્યું આવેલ છે.

શ્રી નૌતમલાલભાઈ સત્તર વર્ષની વયે ચાર અંગ્રેજી સુધીનો અભ્યાસ કરીને જીવન વિકસાવવાની ભાવનાથી ધંધા અર્થે ઓરિસામાં આવેલ કટક નગરમાં ગયા અને ત્યાં આપ બળે પ્રગતિ સાધતા સાધતા આજે સોના–ચાંદીના દાગીના વગેરેની એક સ્વતંત્ર પેઢી ચલાવી રહ્યા છે.

સમાજપ્રેમ અને ધર્મપ્રેમના સુસંસ્કારો મૂળથી જ તેમનામાં ભર્યા હતા. કટકમાં ગુજરાતી બંધુઓના બાળકો માટે ગુજરાતી નિશાળ ખોલવામાં પોતે સારી આર્થિક મદદ કરી તથા તે સંસ્થામાં ઘણા વર્ષો સુધી પ્રમુખ તરીકે સેવા આપી તેને મક્કમ સ્થિતિમાં લાવી દીધી. વળી કટકમાં સૌ પ્રથમ મુનિ મહારાજને ચોમાસુ કરાવી આશરે રૂ. પાંચ હજાર જેટલા સદ્‌ભાગ્યે વાપર્યા હતા તેમજ પ. પૂ. પં. શ્રી પ્રભવિજયજી મહારાજના સદુપદેશથી કટકની અંદર દેરાસર તથા ઉપાશ્રય કરાવવા રૂ. ૧૦૦૦૧ નું ઉદાર દાન કરેલ હતું. પોતાના વતન માટે પણ તેઓશ્રી પ્રેમ ધરાવે છે. સં. ૨૦૧૯માં વલભીપુરમાં શ્રી ઋષભદેવ પ્રભુની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આખા શહેરનું ધુમાડાબંધ સ્વામીવાત્સલ્ય કરવામાં તથા અન્ય ધાર્મિક પ્રસંગોમાં રૂ. ૧૫૦૦૦) જેટલી રકમ ખર્ચી સારો યશ મેળવ્યો હતો. વળી ત્યાં જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના પ્રસંગે પણ રૂ. ૧૦૦૦)ની સખાવત કરી હતી. આ ઉપરાંત અન્ય ધાર્મિક તેમજ વ્યાવહારિક પ્રસંગોએ પોતે શુભ કામ માટે સારી રકમોની સખાવતો કર્યા કરી છે. અને આવી રીતે પોતે મેળવેલી લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે તથા હજીપણ પ્રસંગો મળતાં સદુપયોગ કરવાની ભાવના સેવી રહ્યા છે.

આ સભાના પેટ્રન થઈ તેઓશ્રીએ જૈન સાહિત્યના પ્રકાશનના કાર્યમાં રસ દાખવ્યો છે તે માટે અમે તેમનો આભાર માનીએ છીએ, અને આનંદ અનુભવીએ છીએ. તેઓશ્રી ઉત્તરોત્તર વિકાસ સાધતા રહે અને પોતાની લક્ષ્મીનો સમાજ કલ્યાણમાં અને ધર્મના ઉત્કર્ષમાં વિશેષ અને વિશેષ સદુપયોગ કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : ખારગેટ, ભાવનગર.

૨. પ્રસિદ્ધિક્રમ : દરેક અંગ્રેજી મહિનાની દશમી તારીખ.

૩. મુદ્રકનું નામ : અનંતરાય હરિલાલ શેઠ.
કયા દેશના : ભારતીય. ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભાની વતી, ખીમચંદ ચાંપશી શાહ, ભાવનગર.
કયા દેશના : ભારતીય. ઠેકાણું : ખારગેટ, ભાવનગર.

૫. તંત્રી મંડળ : શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ, શ્રી કુંદનલાલ કાનજી શાહ, શ્રી અનંતરાય જાદવજી શાહ, શ્રી અનંતરાય હરિલાલ શેઠ.
કયા દેશના : ભારતીય. ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

૬. સામાયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે. તા. ૧-૨-૧૯૬૪.

ખીમચંદ ચાંપશી શાહ
હરિલાલ દેવચંદ શેઠ
કુંદનલાલ કાનજી શાહ
અનંતરાય જાદવજી શાહ
અનંતરાય હરિલાલ શેઠ

શાપરીઆ

બીલ્ડર્સ ઓફ

બાર્જીસ
લાઈટ બોટસ
ટગ્સ
ડ્રેજર્સ
પેસેન્જર વેસ્સ
પોન્ટૂન્સ
મૂરીંગ બોયાળ
બોયાન્ટ એપાર્ટસ વિગેરે.

શીપ બીલ્ડર્સ
અને
એન્જીનીઅર્સ

મેન્યુફેક્ચરર્સ ઓફ

રોલીંગ શટસ
કાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોસ
રીફ્યુસ હેન્ડ કાર્ટર્સ
પેલ ફેન્સીંગ
લેડ-સુલાઈટ
મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે.

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

પ્રાઈવેટ લીમીટેડ

હેડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી
મુંબઈ-૧૫
ફોન નં. ૧૦૦૭૧/૨

બ્રાન્ચ અને એન્જીનીઅરીંગ વર્કસ
પરેલ રોડ ક્રોસ લેન
મુંબઈ-૧૨
ફોન નં. ૪૦૪૦૮

મુંબઇ આવતા જૈન ભાઇ-બહેનોને ઉતારા અને ભોજનની સગવડ આપનાર

જૈન ધર્મશાળા અને ભોજનાલય

પૂ....ર્વ....ભૂ....મિ....કા

શ્રી ગોડીજી દેવસૂર સંઘ મુંબઈ તરફથી થયેલ ઉપધાનતપના માળારોપણ મહોત્સવ પ્રસંગે સંવત ૨૦૦૭ ના પોષ વદિ ૫ ના રોજ મુંબઇના સમસ્ત જૈન સંઘની આગ્રહભરી વિનંતીથી **આચાર્ય પદનો** સ્વીકાર કર્યા બાદ ભાયખલા જૈનમંદિરના કંપાઉન્ડના વિશાળ મંડપમાં એકત્રિત થયેલ લગભગ ૫૦ હજારની વિરાટ જન મેદનીને પ્રથમ સંબોધન કરતાં **પૂ. પરમ શાસનપ્રભાવક આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે** જણાવેલ કે, 'આચાર્યપદ માટેની પૂર્ણ અનિચ્છા છતાં મુંબઇના સકલસંઘ, અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓના આગ્રહથી જ્યારે મેં આ જવાબદારીનો સ્વીકાર કર્યો છે, ત્યારે મુંબઇના સમસ્ત સંઘ અને તેના મોવડીઓને મારો પ્રથમ અનુરોધ એ છે કે, ભારતના ગૌરવસમા આ વિશાળ નગરમાં બહારથી દેવદર્શનયાત્રા-ઔષધોપચાર વગેરે કારણે હરહંમેશ સેંકડોની સંખ્યામાં આવતા આપણા સાધર્મિક ભાઇઓને ઉતારા માટે મુંબઇના જૈન સંઘને અનુરૂપ **ધર્મશાળા** અને ધર્માનુકુલ ભોજન માટેના **ભોજનાલયની** આ ભૂમિમાં જે ઊણપ છે, તે સત્વર દુર કરે.

ધર્મ અને તેની આરાધના કલ્યાણનો માર્ગ છે પરંતુ જ્યાંસુધી આપણા સાધર્મિકો અન્ન વિના ભૂખ્યા રહેતા હોય, પૂરતા વસ્ત્ર વિનાના રહેતા હોય રહેવાની સગવડ વિનાના હોય, જીવનનિર્વાહ માટે ફાંફાં મારતા હોય અને તેના બાળકો યોગ્ય શિક્ષણથી વંચિત રહેતા હોય, ત્યાંસુધી એને ધર્મસાધનાની સગવડ અને નિશ્ચિંતતા કઇ રીતે હોય ?'

પૂ. આચાર્યશ્રીના આ માર્મિક અનુરોધે ધર્મશાળા અને ભોજનાલયના કાર્ય માટે વાતાવરણ ઉભું કર્યું, તે અંગે અમુક કાર્યવાહી થઇ અને ભૂલેશ્વર-લાલબાગ કે જ્યાં અત્યારે ધર્મશાળા બંધાઇ રહી છે, ત્યાંની જગ્યા માટે હીલચાલ પણ થઇ. પરંતુ કેટલાંક બાધક કારણો ઉપસ્થિત થતાં તે પ્રવૃત્તિ આગળ વધી નહિ અને અલ્પવિરામ મૂકાયો. પણ આચાર્ય મહારાજશ્રીના દિલમાં આ વાત વસેલી હતી, એટલે તેઓ અનુકૂળ સંયોગોની રાહ જોવા લાગ્યા અને પહેલાંનાં બાધક તત્ત્વો ફરીથી ભાગ ન ભજવે તેની તકેદારી પણ રાખવા લાગ્યા.

સંવત ૨૦૧૬ માં પોતાના વરસીતપના પારણા પ્રસંગે તેઓશ્રીને **મુંબઇ-વાલકેશ્વર** આવવાનું થયું અને પારણા બાદ ચોમાસું પણ ત્યાંજ થયું. આ વખતે અનેક ધર્મસંસ્કારી શ્રીમંત કુટુંબો વાલકેશ્વરમાં રહેવા માટે આવેલા તેથી ત્યાં જૈન વસતી ઘણી વધી ગયેલી. તેમાં પૂ. આચાર્યશ્રીએ જાણે ધર્મચેતનાની ચિરાગ પ્રકટાવી. મુંબઈનો આ હીલ-વિસ્તાર ધર્મ અને સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓથી ગાજી ઉઠયો. આ બધા સંજોગો જોઈ પર્યુષણના પ્રથમ દિને સાધર્મિક-વાત્સલ્ય-કર્તવ્યના વિવેચન પ્રસંગે આચાર્ય મહારાજશ્રીએ ધર્મશાળાની પ્રવૃત્તિને ફરીથી વેગવાન બનાવવા જોરદાર ઉપદેશ આપ્યો અને ફંડ શરૂ કરાવ્યું. ટુંક સમયમાં ફંડ રૂા. બે લાખ ઉપર પહોંચ્યા બાદ તા. ૪-૨-૬૧ ના રોજ દાતાઓની એક જનરલ મીટીંગ વાલકેશ્વર જૈન ઉપાશ્રયે મળી અને તેમાં લંબાણ ચર્ચા-વિચારણાઓ થયા બાદ એક વગદાર અને સદ્ધર કાર્યવાહક સમિતિની રચના થઇ. તેણે **લાલબાગ શેઠ મોતીશા જૈન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ** સાથે અનેક વાટાઘાટો કર્યા બાદ શેઠ મોતીશા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ઉદાર સંમતિ મળતાં, ત્યાં વિદ્યમાન સુરત નિવાસી વીશાઓસવાલ ઝવેરી ભાઇચંદ તલકચંદે બંધાવેલ એક માળની માત્ર ૧૫-૧૬ રૂમવાળી જુની ધર્મશાળાના સ્થાને નવી અદ્યતન આલીશાન ધર્મશાળા બાંધવાનું નક્કી કર્યું.

[illegible]

—: યોજના :—

૧ દાનવીર શેઠ શ્રી મણિલાલ ચુનીલાલ, શેઠ શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ, શેઠ શ્રી મોહનલાલ ભાઇચંદભાઇ શાપરીયા, શેઠ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી અને શેઠ શ્રી ખાંતિલાલ કેશવલાલ મોદી આ ધર્મશાળાના માનનીય કાર્યવાહકો છે. ધર્મશાળાના આર્ચીટેક્ટ અને એન્જીનીયર મે. એસ. બી. શાહ એન્ડ કું. અને કોન્ટ્રાક્ટર પારેખ એન્ડ ગજ્જર કું. છે.

૨. ધર્મશાળા મુંબઇના બરાબર મધ્યસ્થાને ભુલેશ્વર લાલબાગમાં તૈયાર થાય છે.

૩. ધર્મશાળામાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત પાંચ માળ થશે. તેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગો ઉજવી શકાય તેવા વાડી તરીકેના વિશાળ હોલની સગવડ થશે.

૪. પહેલા માળે જૈન ભોજનશાળા માટે એક સાથે લગભગ ૨૦૦ ભાઇ-બેનો જમવા બેસી શકે તેવો ૬૮×૨૮½ ફુટનો વિશાળ હોલ અને તેની બાજુયે બીજા સાત રૂમો થશે.

૫. બીજા માળે બહારથી એકાકી આવનાર ભાઇઓ દિવસે પોતાનો સમાન કબાટના ખાનામાં મૂકી કામકાજ માટે બહાર જઈ શકે અને રાતે એક સાથે બગભગ ૫૦ ની સંખ્યામાં પથારી કરી શકે તેવો સગવડતાવાળો ૬૮×૨૮½ ફુટનો વિશાળ જનરલ હોલ અને તેની બાજુમાં બીજા સાત રૂમો થશે.

૬. ત્રીજે, ચોથે અને પાંચમે માળે ૧૪-૧૪ એટલે બધી મળીને ૪૨ રૂમો થશે, તેની બહાર સગંજ લાંબી ૬ ફુટ પહોળી ઓસરી હશે. દરેક રૂમ ૧૦×૧૪ ફુટનો રખાયેલ છે. તેમાં પાંચ પથારી બહુ આરામથી થઈ શકશે. પ્રત્યેક રૂમમાં સ્નાન વગેરે માટે પાર્ટીશન સાથે ચોકડીની સગવડ પણ રખાશે.

૭. આ રીતે આખી ધર્મશાળામાં વાડીનો હોલ, ભોજનશાળાનો હોલ અને જનરલહોલ મળી ત્રણ મોટા હોલ અને ૫૬ રૂમની સગવડ થશે.

૮. ધર્મશાળામાં બન્ને બાજુએ દાદર તથા મકાન પાંચ માળનું હોવાથી લીફટની સગવડ રાખવાને પણ નિર્ણય થયો છે.

૯. ધર્મશાળાના આખા પહેલા માળ માટે પૂ. આચાર્ય મહારાજની પ્રેરણાથી સુરત નિવાસી શેઠશ્રી મગનલાલ કસ્તૂરચંદ વાલોડિયાના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી રૂ. ૧૧,૧૧૧)ની ઉદાર સખાવત થયેલ છે, ભોજનશાળા માટે સ્વ. શેઠ બબલચંદ કેશવલાલ મોદીના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રી વસુમતીબેન તથા ભાઇના કાંતિલાલ મોદી તરફથી રૂ. ૮૧૦૦૧)ની સખાવત થયેલ છે, શેઠ ઠાકુરચંદ એન્ડ કું. ટ્રસ્ટ તરફથી જૈન કલીનીક માટે રૂ. ૧,૨૫,૦૦૦ અને મોહનલાલજી લાયબ્રેરીના હોલ માટે રૂ. ૨૫,૦૦૦)ની સખાવત થયેલ છે, જે ખાસ ધન્યવાદને પાત્ર છે.

૧૦. રૂ. ૫૦૦૧) આપનાર ઉદાર સદ્ગૃહસ્થનું નામ આરસની તકતીમાં એક રૂમ ઉપર અપાશે. આ રીતે આજ સુધીમાં લગભગ પર (બાવન) રૂમો લખાઇ ગયા છે.

૧૧. રૂ. ૧૦૦૧) તથા તેથી વધુ રકમના દાતાઓની સગંજ નામાવલી આરસના મોટા શિલાલેખમાં આપવાનું નક્કી થયું છે. વગર નામે ઓછી વધુ રકમનું પુણ્યદાન આપવાની ભાવનાવાળાઓ માટે વાલકેશ્વર દેરાસરની પેઢી પાસે પેટી મુકવામાં આવેલ છે.

૧૨. આજ સુધીમાં ધર્મશાળા, જૈન કલીનીક અગેનું કુલ ૬ લાખ રૂપીયાનું થયેલ છે, હજુ ઓછામાં ઓછા ૧ લાખ રૂપીયાની જરૂર છે. જેઓએ આ મહાન કાર્યમાં હજુ સુધી લાભ ન લીધો હોય તેઓ પોતાનો ઉદાર ૧ મો જાહેર નોંધવે.

૧૩. સં. ૨૦૧૭ના શ્રાવણ શુદ ૧૪ ના રોજ **શેઠ શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરી**ના શુભહસ્તે આ ધર્મશાળાના નવા મકાન માટે ખનનવિધિનું મુહૂર્ત થયેલ અને શ્રાવણ વદ ૮ ના રોજ **દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ**ના શુભહસ્તે ભવ્ય સમારોહપૂર્વક શિલાસ્થાપનનું મુહૂર્ત થયેલ.

૧૪. તે પછી મ્યુનિસિપાલીટીમાં પ્લાનો પાસ કરાવવા અને ભાડુત દુકાનદારો પાસેથી જગ્યાનો કબજો મેળવવા વગેરેમાં ઠીક ઠીક સમય પસાર થયા બાદ બાંધકામ શરૂ થતાં આજ સુધી આ વિશાળ ધર્મશાળામાં ગ્રાઉન્ડ ફ્લોર તથા પાંચ માળનું આર. સી. સી. ફ્રેમવર્ક પુરૂ થયું છે. અને દિવાલો, બારીબારણાં, પ્લાસ્ટર વગેરે ઝડપથી ચાલે છે. તે અને પછીનું પરચુરણ કામકાજ પુરૂં થવામાં બીજા કોઇ અગવડ ન આવે તો ચારેક મહિના થવા સંભવ છે.

૧૫. ધર્મશાળાની બાજુમાં જ લાલબાગ જૈન ઉપાશ્રય, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીના ભવ્યમંદિરો, શ્રી મોહનલાલજી જૈન લાયબ્રેરી, જૈન શ્વે. કોન્ફરન્સ સંચાલિત જૈન ઉદ્યોગશાળા, મુંબઇનું મોટું વર્ધમાન તપ આયંબિલખાતું તેમ આરાધનાની અનેક સગવડો આવેલ હોવાથી યાત્રાઓને ઘણી અનુકૂળતાઓ થશે.

૧૬. ધર્મશાળાના પહેલા માળે જૈનધર્મની મર્યાદાઓ શક્ય એટલી વધુ સચવાય અને સાથે આરોગ્ય પણ જળવાઇ રહે તેવી ભોજનશાળાની સગવડ થશે, તેમજ ધર્મશાળા સાથે સંકળાયેલ, બાજુની મોહનલાલજી લાયબ્રેરીવાળી જગ્યા ઉપર થતાં પાંચ માળ પૈકી ત્રણ માળમાં દરેક પ્રકારના સાધનોથી યુક્ત જૈન ક્લીનીકની પણ સગવડ થશે.

૧૭. ઉપરાંત મધ્યમવર્ગના સાધર્મિક ભાઇઓ તથા સકલ જૈનસંઘના ધાર્મિક અને સામાજિક ઉત્કર્ષ માટેની અનેક યોજના કરવી હોય તો આ રથળે શક્યતા છે. પૂ. આચાર્ય મહારાજ શ્રી આ બાબતમાં ઝીણવટભરી વિચારણા ચલાવી રહ્યા છે. શાસનદેવની કૃપાથી જૈનસંઘનો સહકાર મળે તો અનેક કાર્યો થવાની આશા છે. આ રીતે મુંબઇના ગૌરવને અનુરૂપ વિશાળ અને અદ્યતન સગવડતાવાળી **ભવ્ય જૈન ધર્મશાળા અને ભોજનાલય** જેમ બને તેમ શીઘ્ર તૈયાર થાય એ માટે **શ્રી શાસનદેવને નમ્ર પ્રાર્થના.**

—: સંપર્ક કરવાનું સરનામું :—

શ્રી જૈન ધર્મશાળા કાર્યવાહક સમિતિ
શ્રી આદીશ્વરજી જૈન મંદિરની પેઢી, ૪૧ રીજરોડ,
મલબાર હીલ, મુંબઇ-૬

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૧ | ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૬૪ | અંક ૪

જિનવાણી

मुसावाओ य लोगम्मि
सव्वसाहूहिं गरिहिओ ।
अविस्सासो य भूयाणं
तम्हा मोसं विवज्जए ॥

अप्पणट्ठा परट्ठाया
कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया
नो वि अन्नं वयावए ॥

जाय सच्चा अवत्तव्वा
सच्चामोसा य जा मुसा ।
जा य बुग्घेहिंऽणाइण्णा
न तं भासिज्ज पन्नवं ॥

असच्चमोसं सच्चं च
अणवज्जमकक्कसं ।
समुपेहमसंदिद्धं
गिरं भासिज्ज पन्नवं ॥

આ લોકમાં સર્વ સાધુ પુરૂષો વડે અસત્ય વચન વખોડાયેલું છે; કારણકે તે લોકોના મનમાં અવિશ્વાસ પેદા કરનારૂં છે; તેથી મૃષાવાદ અર્થાત્ અસત્ય વચનનો ત્યાગ કરવો.

પોતાના સ્વાર્થ માટે કે બીજાના લાભ માટે, ક્રોધથી કે ભયથી, કોઈની હિંસા થાય એવું અસત્ય વચન બોલવું નહિ, તેમજ બીજા પાસે બોલાવવું પણ નહિ.

જે ભાષા સત્ય હોવા છતાં બોલવા જેવી ન હોય, જે ભાષા સત્ય અને અસત્યના મિશ્રણવાળી હોય, જે ભાષા અસત્ય હોય, અને જે ભાષાનો તીર્થંકરોએ નિષેધ કર્યો હોય તે પ્રજ્ઞાવાને બોલવી નહિ.

પ્રજ્ઞાવાને વ્યાવહારિક ભાષા તથા સત્ય ભાષા પણ પાપરહિત, કર્કશતાથી રહિત, સંદેહ રહિત તથા સ્વ-પરનો ઉપકાર કરનારી હોય તેવી બોલવી.

(શ્રી વીરસ્તવનાન્તર્ગત ૫. ૧૨૮, ૧૩૦.)

(૨) પદસ્થ ધ્યાનનું સ્વરૂપ

(ગતાંક પૃ. ૫૭થી ચાલુ)

(હિંદી) લે. માસ્ટર મેવારામ જૈન

પવિત્ર શબ્દોની મદદથી જે ધ્યાન યોગી પુરુષો કરે છે, તે પદસ્થધ્યાન કહેવાય છે–તેમ જ્ઞાનીઓએ કહ્યું છે. પદોની મદદથી શુદ્ધ આત્મા અરિહંત અથવા સિદ્ધ વિ.નું અથવા તેમનાં ગુણોનું ધ્યાન કરવું તે પદસ્થધ્યાન કહેવાય છે. કોઈ ચોક્કસ જગ્યાએ પદને સ્થાપન કરીને તેમને દૃષ્ટિ સમક્ષ રાખતાં રાખતાં મનને એક ધ્યાન કરવું અને વચમાં –વચમાં તેનું સ્વરૂપ વિચારતાં રહેવું. તે વખતે એવી શ્રદ્ધા રાખવી કે અમે શુદ્ધ–નિર્મળ થવાને માટે શુદ્ધાત્માઓનું ધ્યાન કરીએ છીએ. આને માટે શ્રી. જ્ઞાનાવર્ણવજીમાં અનેક પદોનું ધ્યાન બતાવેલું છે. અહીંયાં કેટલાંક મંત્રો નીચે પ્રમાણે બતાવવામાં આવે છે :—

૧. વર્ણમાતૃનો મંત્ર–ધ્યાન કરવાવાળાએ પોતાની નાભિમાં સોળ પાંદડાઓવાળું એક સફેદ કમળ છે, તેમ ચિંતવન કરવું. તેની ઉપર અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ એવા સોળ સ્વરો વારાફરતી દરેક પાંદડાઓ પર ફરે છે તેમ વિચારવું. પછી હૃદયસ્થાનમાં, ચોવીસ પાંદળાઓવાળું સફેદ રંગનું કમળ વિચારવું, પછી તેની વચ્ચેની કર્ણિકાથી માંડીને પચીસ જગ્યાએ નીચેના પચીસ વ્યંજનો પીળા અક્ષરે લખેલા છે, તેમ વિચારવું :-ક ખ ગ ઘ ઙ, ચ છ જ ઝ ઞ, ટ ઠ ડ ઢ ણ, ત થ દ ધ ન, પ ફ બ ભ મ. પછી ત્રીજું સફેદ આઠ પાંદડાવાળું કમળ મુખમાં રહેલું છે અને તેની પર પીળા રંગથી નીચે પ્રમાણે આઠ અક્ષરો લખેલા અને વારાફરતી ફરતાં વિચારવાં :– ય, ર, લ, વ, શ, ષ, સ, હ.

આ પ્રમાણે ત્રણે કમળોને જોતાં રહેવું અને મનમાં એવી શ્રધ્ધા કરવી કે આ બધાં શ્રુતજ્ઞાનનાં મુળ અક્ષરો છે અને જિનવાણીનું હું જ ધ્યાન કરી રહ્યો છું.

૨. મંત્રરાજ ર્હૈ–આ સાક્ષાત્ પરમાત્મની અને મોક્ષની નીસરણીની યાદ આપનાર છે. પહેલાં તેમ જ્ઞાન હોઠોની વચ્ચે ચમકતો સ્થાપન કરવો, પછી મુખમાં દાખલ થઈને અમૃતને, ફેલાવતો, આંખોની પાંપણને અડકતો, માથાના વાળ પર ચમકતો, પછી ચંદ્રમા અને સૂર્યના વિમાનોને અડકતો અને સ્વર્ગ વિ.ની ઉપર જઈને આવતો અને મોક્ષસ્થાનમાં જાય છે, આવા પ્રકારનું ભ્રમણ કરે છે–તેમ ધ્યાન કરવું.

૩. પ્રણવ મંત્ર ૐ અથવા ઓમ–હૃદયમાં સફેદ રંગનું કમળ સ્થાપન કરીને તેની વચમાં ચંદ્રની જેમ ચમકતા ૐ નું ધ્યાન કરવું, તે કમલનાં આઠ પાંદડાંઓમાંથી ત્રણ ઉપર ૧૬ સ્વર અને બાકીનાં પાંચ પર ૨૫ વ્યંજન લખીને તેને ચમકે છે–તેમ ધારવું. આ પ્રમાણે ૩૬ અક્ષરોથી ઘેરાયેલ ૐનુ ધ્યાન કરવું. આ ચમકતા ૐ ને નીચે લખેલી જગ્યાઓએ પણ સ્થાપન કરીને ધ્યાન કરવું. શ્રદ્ધા એવી રાખવી કે આ મંત્ર અરિહંત, સિદ્ધ વિ. પંચપરમેષ્ઠીનો વાચક મંત્ર છે. ધ્યાન કરતાં કરતાં વચ્ચે તેઓનાં ગુણોનું પણ ચિંતવન થઈ શકે છે.

દશ સ્થાન–(૧) મસ્તક (૨) કપાળ (૩) કાન (૪) આંખ (૫) નાકનું ટેરવું (૬) બંન્ને હોઠોનો મધ્ય ભાગ, (૭) મોં (૮) તાળવું (૯) હૃદય (૧૦) નાભિ.

૪. નમોકાર મંત્ર–હૃદયસ્થાનમાં ચંદ્રમાની જેમ ચમકતું આઠ પાંદડાઓવાળું કમળ વિચારવું. તેની વચ્ચેના કર્ણિકાના ભાગમાં 'નમો અરિહંતાણં' ચમકે છે, તેમ ધ્યાન કરવું. પછી ચાર દિશા પરનાં ચાર પાંદડાં પર પૂર્વમાં 'નમો સિદ્ધાણં', પશ્ચિમમાં 'નમો આયરિયાણં', ઉત્તરમાં 'નમો ઉવજ્ઝાયાણં' અને દક્ષિણમાં 'નમો લોએ સવ્વસાહૂણં' સ્થાપન કરીને ક્રમવાર ધ્યાન કરવું. પછી ચાર ખૂણાનાં ચાર પાંદડાંઓ પર ક્રમ પ્રમાણે 'સમ્યગ્દર્શનાય નમઃ,' 'સમ્યગ્જ્ઞાનાય નમઃ' 'સમ્યગ્ચારિત્રાય નમઃ' અને 'સમ્યગ્તપસે નમઃ' ચાર પદોનું ધ્યાન કરવું. નવે પાંદડાઓને વારાફરતી બદલતાં બદલતાં ધ્યાન કરવું. વચમાં તેનું સ્વરૂપચિંતવન પણ કરતાં રહેવું.

(વધુ પૃ. ૧૩ ઉપર)

જીવનયાત્રા કેમ સુંદર બને ?

લેખક : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુજી)

આજે આપણે 'યોગ'ના મહિમા વિષે વિચારીએ. યોગ શું છે ને શું કરે છે ? એ વસ્તુ સમજીએ. યોગની તાકાત કેટલી છે ? અગ્નિ જેમ કચરાને બાળી નાંખે છે એમ અંતરમાં રહેલ કર્મના કચરાને યોગ બાળી નાંખે છે. મનમાં સંગ્રહાયેલા કષાયોના ગંજને રાખ કરી નાંખે છે. યોગની તાકાત વાસનાને બાળીને ભસ્મ કરવાની છે. બાળવામાં પણ ચોક્કસ વસ્તુને બાળે છે. જે રીતે તેજાબ સોનાની અંદર રહેલા કચરાને બાળે છે; સોનાને નથી બાળતો. સોનાને તો એ વિશુદ્ધ બનાવે છે. તે રીતે યોગ કચરાને–કષાયોને બાળે છે. અને આત્માને તેજોમય બનાવે છે.

ભગવાનના દર્શનના આનંદનો યોગ–આ શબ્દો બરાબર સમજો. દર્શન થાય તો આનંદ થાય. પણ દર્શન પામવા મન, વચન અને કાયાના સમાધિમય યોગની આવશ્યકતા છે. શ્રી આનંદઘનજી મહારાજે કહ્યું છે કે દર્શનના અમૃતનો પ્યાલો મળે તો જ જન્મમરણની તૃષા શાન્ત થાય. હૈયામાં શાંતિ થઈ જાય. આનંદ આનંદ છવાય. દર્શનરૂપી અમૃત પ્યાલો મળતાં જીવનની તરસ છીપી જાય. સંતોષ થઈ જાય. આ તરસ કઈ ? અંગ્રેજીમાં કહે છે એવી Dry thirst નથી કે જેમાં પીઓ પીઓ પણ અશાંતિ ને અસંતોષ રહ્યા કરે. જાણે પીધું જ નથી એવું લાગ્યા કરે. પણ આ દર્શન–અમૃત પીઓ ને ટાઢક વળી જાય. સંતૃપ્તિ થઈ જાય પછી બીજું કંઈજ પીવાની જરૂર ન રહે. આ દર્શનનો અમૃતપ્યાલો આનંદ આનંદ છલકાવી જાય.

તૃષા લાગી છે. શેની ? અમૃતપાનની : પણ છતાં તું ઝેરનું જ પાન કરે છે. આખું જગત અમૃતપાન મૂકીને ઝેરનું પાન કર્યા કરે છે. ખૂબી તો એ છે કે અજ્ઞાનના અંગે એ ઝેરના પાનમાં સુખ માન્યા કરે છે. પણ એ તો વિનાશકારી છે. ઝેરમાં તે સુખ હોય ? અમરતા તો અમૃતપાનથી જ મળે ને ? માટે અમૃતપાન શોધો. આનંદઘનજી મહારાજ કહે છે : દર્શન દર્શન કરતો હું બહારના જગતમાં ફરું છું, ત્યારે જ્ઞાનીઓને રણમાં ઝાંઝવાના જળ માટે દોડતા–રખડતાં રોજ જેવો હું લાગું છું. રોજ પાણી પાણી કરતાં રણમાં ઘુમતાં હોય છે.

આ દર્શનરૂપી અમૃત ક્યારે મળે ? ચિત્તના ઊંડાણમાં ઉતરે ત્યારે. સરોવરના જળના તરંગો જ્યારે શાંત થઈ જાય છે, ત્યારે જ તળિયે પડેલ વસ્તુનું સ્પષ્ટ દર્શન થાય છે. એમ જ ચિત્તના તરંગો શાંત પડે, ઓછા થઈ જાય ત્યારે દર્શન થાય અને તો જ આંતરદશા સુધરે. અને આંતરદશા સુધરતાં યોગ લાધે. યોગ લાધવો સહેલો નથી. એને માટે શ્રમની આવશ્યકતા છે. ચોક્કસ વસ્તુઓમાંથી મુક્તિ મેળવવાની રહે છે. કઈ વસ્તુમાંથી ? તો કહે છે :—

ખાતા પીતા સોવતા, મિલતા વચન વિલાસ,
જ્યોં જ્યોં પંચ ઘટાઈએ, ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ.

---

૫. પંચપરમેષ્ઠી ધ્યાન–પાંચ પરમેષ્ઠીના પ્રથમ અક્ષરો અ, સિ, આ, ઉ અને સા છે. તે પાંચે અક્ષરોને પાંચ કમળોની મધ્યમાં નીચે પ્રમાણે પાંચ જગ્યાએ ચમકતા હોય તેમ સ્થાપિત કરવાં

૧) નાભિકમળમાં	અ
૨) મસ્તક કમળમાં	સિ
૩) કંઠના કમળમાં	આ
૪) હૃદયના કમળમાં	ઉ
૫) મુખના કમળમાં	સા

આ પદસ્થ ધ્યાનમાં અભ્યાસથી ચિત્ત બીજા વિચારોથી વિપરીત થઈને ધર્મધ્યાનમાં લીન થઈ જાય છે અને તેથી તેનું ધ્યાન ધરવું ઘણું હિતકારક છે. બીજા પણ ઘણાં મંત્રો છે–જે જ્ઞાનાર્ણવમાંથી મળી શકશે.

અનુ૦ કૈલાશચંદ્ર ર. મહેતા

ઉપરની પાંચે ચીજો ઓછી કરવાની જરૂર છે. પહેલું છે " ખાના ". ખાવાની લપ કેટલી બાંધી કરી મૂકી છે ! આગલે દિવસે સાંજે મનભાવતાં ભોજન પેટ ભરીને–અરે, ભાવતાં ભોજન હોય તો ભૂખ કરતાંય વધુ જમીને–કરેલાં હોય છે. તો પણ સવાર પડતાં જ પૂછે : શાની સાથે શું બનાવ્યું છે ? ખાખરા ? કંઈ ગરમાગરમ ફરસાણ બનાવો ને ? ચટણી–અથાણાં તો આપો. બિસ્કીટ કે સેન્ડવીચ હશે તો ચાલશે ! આ છે સવારના પહોરમાં ખાવાની ધમાધમ. સવારની ખાવાની ધમાલ પૂરી થાય ને જ્યાં બાર વાગે ત્યાં ફરી ભોજનની ધમાલ. અનેક વાનગીઓની જરૂરત. એમાં કોઈ વાનગી ન બની હોય તો મગજ ગુમાવી નાંખે. ક્રોધ કરે. દ્વેષ પણ કરે. મિત્રને ત્યાં જમવા ગયો હોય ને અનુકૂળ પદાર્થ ન મળે તો કહે : ફલાણાને ઘેર જમવા ગયો હતો. પણ જમવામાં કંઈ માલ જ મળે નહિ. મિષ્ટાન્ન હતું પણ ફરસાણમાં કંઈજ નહિ. આ પેટ ભરીને જમીને આવે. ભાઈસું પણ હોય. છતાંય દોષ કાઢે. ભોજનમાંથી કેટલા રાગદ્વેષ જાગે ?

બારેક વાગે જમ્યા હોય પછી આરામ કરે. દહીંને ઊંઘે. ત્યાં ચા–દૂધ–કોફી–કોકો કે એવું જ કંઈક જોઈએ. એ પતી જાય ને પાંચેક વાગે ફરી નાસ્તા માટે કંઈક જોઈએ. અને સાંજે અગર રાત્રે ફરી અનેક વાનગીઓથી ભરપૂર ભોજન (Dinner) જોઈએ. કેટલું ખાય ! ભૂખ હોય એટલું જ નહિ. અરે પચે નહિ તો પરાણે ખાય. કારણ કે સ્વાદિષ્ટ છે ને ? ભાવે છે ને ? એટલે ખાય. જાણે ખાવા માટે જ ન જીવતો હોય ! આવી લપ છે ખાવાની. આ ઓછી કરવાની જરૂર છે. આમાં ઘણો સમય જતો રહે છે.

મહત્વનાં કામો ઘણાં બાકી છે. પણ એ સમજતું જ નથી. જ્ઞાનીઓ ભોજન-કથાને પાપકથા કહે છે ! યોગ મેળવવાના માર્ગે જતાં પહેલાં આ 'ખાના'ની લપ ઓછી કરવાની ખાસ જરૂર છે.

પછી આવે "પીના". આમાં પણ એવું જ. ચા–કોફી–કોકો–શરબત–સોડા–લેમન અને બધાથી ચડે એવો દારૂ. જાતજાતનું ને ભાતભાતનું પીવાનું. એની પસંદગી, એનો પુરવઠો, એનો સ્વાદ અને એનો ઉપયોગ –આમાં પણ સારો એવો સમય વ્યર્થ ગુમાવે છે.

આ પછી આવે છે "ગોવના". માણસની જિંદગીનો ઘણો સમય આ ઊંઘ લઈ લે છે. ઊંઘ આળસને લાવે છે. અને આળસ મનુષ્યને ઉંઘણી માદક કાતરી ખાય છે. વધુ ઊંઘ પ્રમાદને આણે છે અને પ્રમાદ અને આળસ જ્યાં હોય ત્યાં કોઈ શુભ કામ થાય નહિ. ઊંઘને ઓછી કરવાની જરૂર છે. સામાન્ય રીતે તંદુરસ્ત માણસ માટે છ કલાકની ઊંઘ પૂરતી ગણાય. વધુમાં વધુ સાત કલાકની. આથી વધુ ઊંઘ મનુષ્યના ઉત્કર્ષ માટે અવરોધ રૂપ છે. હવે આવે છે મિલના.—

વ્યર્થ મળવાની ટેવ, કંઈ પણ હેતુ વગરની વાતો કરવાની આદત. એક ભાઈ બીજા ભાઈને મળે ત્યારે પૂછે કે કાં શું સમાચાર ? સાંભળ્યું ? મગનભાઈએ દેવાળું કાઢ્યું. કાં તો ફલાણાને નોકરીમાંથી રૂખસદ મળી કે ફલાણો ચૂંટણીમા ઊડી ગયો! ત્યારે બીજો પણ એમ જ પૂછે. કાં છેલ્લાં સમાચાર (Stop Press News) શું છે ? અરે પણ ભાઈ આની આપણે જરૂર કેટલી ! કોઈ ભાગી ગયું કે કોઈએ દેવાળું કાઢ્યું એ સાંભળીને તને શું ફાયદો ?

પણ આ તો ટેવ પડી. આવું બધું સાંભળવા અને સંભળાવ્યા વગર ચેન જ ન પડે ને. પારકી વાતમાં તો ઊંડા ઉતરી જાય. ઘણાને લપ કરવાની ટેવ હોય છે. કાં લાલ શું કામ કરો છો ? શું પગાર મળે છે ? શું ટાઇમ છે ? સામાને ગમે કે ન ગમે તોય પોતાની પિંજણ ચાલુ રાખે ને વ્યર્થ સમય ગુમાવે. આ પિંજણ કરતી વખતે સામાને મદદ કરવાની ભાવના ન હોય, શક્તિ પણ ન હોય અને છતાં જેને કહેવાય છે ને કે " ઝીણું કાતે " એમ નાની નાની બાબતોમાં પણ રસ લીધા કરે. આખા ગામની ફિકર કર્યા કરે.

' સેવાસમાજ 'માંથી સાભાર [ક્રમશઃ]

સુખનાં સાધનો અને હૃદયનું સંકોચન

લેખક : કલાવતી વોરા

માણસનાં જીવનમાં જેમ જેમ સુખ વધતું ગયું, સુખનાં તેને વધારે ને વધારે સાધનો મળતાં ગયાં તેમ તેમ તે ઉદાર બનવા જોઇતો હતો પણ એવું બન્યું નહીં. તે વધારે ને વધારે સ્વકેન્દ્રી બનતો ગયો છે. સર્વ સુખને તે પોતાની આસપાસ ખેંચાયેલું રહે એમ ઇચ્છે છે. એના રોજિંદા જીવનમાં પણ એની અસર દેખાય છે, એનું હૃદય વધારે સંકુચિત બન્યું છે. તે કોઇને સરળ ભાવે કશું આપી શકતો નથી, માણસ માણસ વચ્ચેનો તેનો વ્યવહાર પણ સરળ રહ્યો નથી. આધુનિક જીવનનાં સુખનાં સાધનો અને આધુનિક જીવનની રહેણી કરણી, માનવીના જીવનમાંથી જાણે સ્વાભાવિકતા અને ભાવુકતાને નીચોવી લેતી હોય એમ લાગે છે.

હમણાં જ એક આધુનિક અથવા કહીએ તો પાશ્ચાત્ય સંસ્કૃતિને અપનાવનારી અને તેની પ્રશંસક એવી યુવતી સાથે વાત થતી હતી, તે કહેતી હતી 'અહીં તો લોકોને કશી વિવેકબુદ્ધિ જ નથી. મન ફાવે ત્યારે આપણે ઘેર ટપકી પડે. યુરોપમાં તો એમ જવાય જ નહીં, પહેલેથી નક્કી કર્યા વગર કોઇ કોઇને ઘેર જાય નહીં.'

અલબત, પ્રવૃત્તિમાં પડી ગયેલા સમાજમાં એક-બીજાને ત્યાં વગર કહ્યે જવાથી ખાલી ફેરો જ થવાનો સંભવ. એટલે ધીરે ધીરે કહ્યા વગર જવાનું જીવનમા સરળ રહેશે તો નહીં જ, પણ જીવનમાં 'આ આવ જ કરવાની જે સ્વાભાવિકતા અને ભાવુકતા હતી તે શું તદ્દન નકામી જ હતી એ પ્રશ્ન જરૂર ઉઠે છે.' આજના જીવનની યાંત્રિકતા કરતાં એ વધારે સારું નહીં ?

એ જ મિત્ર સાથે એક વાર વાત હતી ત્યારે મેં કંઇક વાત કરતાં કહ્યું, 'બહુ મહેમાન હોય ત્યારે આ રેળસ ખુરશીની સગવડ જરા આડી આવે ખરી.'

તે તરત જ બોલી, 'પણ શું કામ બહુ મહેમાન હોય ? અમારે ત્યાં આઠ ખુરશીનું ટેબલ છે, એથી અમે ઘરનાં ચાર ને હું ચારથી વધારેને જમવાનું જ ન કહું. બાળો હોય તો તેમને પણ નહીં.'

ને યાદ આવી મને એક દિવસ તેમની એક ફોઇની દીકરી સાથેની મુલાકાત. તે દિવસે હું તથા મારા પતિ ઉપરાંત તે તથા તેના પતિ જમવા આવવાના હતા મારી આ મિત્રને ઘેર. વાત વાતમાં ખબર પડી કે, ટેબલ ખુરશી ઉપર આઠની જગ્યા હતી તેથી તેમનાં બાળકોની સગવડ થાય એમ ન હોવાથી તેમને જમવા નહોતાં બોલાવ્યાં. તે ફોઇની દીકરી પણ આ વાતે દુઃખી હતી અને મને પણ એ જાણી દુઃખ થયું ફોઇની દીકરીને આવવાનું જ મન ન હતું, પણ સંબંધ ન બગાડે એ જ કારણે તે આવી હતી. પણ આનંદ કે ઉત્સાહ એ લક્ષને આવી ન હતી. અને પછી પણ મંડળીમાં તે કશો આનંદ માણી શકતી ન હતી.

નવા જીવનને, નવાં સાધનોને અપનાવતાં હૃદય આવું સંકુચિત બની જતું હોય, સગાં-વહાલાં કે મિત્રો ઉત્સાહભેર આપણે ત્યાં આવી ન શકે, ટેબલના વિસ્તાર ઉપર જ સ્નેહનો વિસ્તાર વિસ્તરતો હોય તો એ જીવન ને એ સાધનો આપણને જીવનના મૂળભૂત તત્વોથી જ વિચ્છેદ કરાવનારાં બનશે. ને એથી આપણે માનવયંત્ર જેવા બની જઇશું, માનવતા વગરના સૂકાં સૂકાં હાલતાં ચાલતાં માનવી. આ ઇચ્છવા જોગ નથી. આપણી પ્રગતિ થાય, આર્થિક પ્રગતિ પાછળ સુખ-સગવડો પણ ભલે દોડી આવે, પણ આપણાં હૃદય તેથી સાંકડાં બનતાં ન જાય એ જરૂરી છે. ઊલટો ઉલટભેર આપણે આપણા સ્વજનોનો સાથ કરીએ, આપણા સુખની અસર તેમનાં હૃદય સુધી પહોંચાડીએ તો આ સર્વ સુખ-સગવડ ઇચ્છનીય છે. નહીં તો પ્રગતિ અને અધોગતિ, આગેકૂચ ને પીછેહઠ બે સાથેસાથ થતાં રહેશે. ને એક બાજુ આપણે ઉપગ્રહના માનવીઓનો સંપર્ક સાધીશું ને બીજી બાજુ આપણે આદિમાનવના સંસ્કારોને નવા લેબાશો ધારણ કરતાં જઇશું. આપણે આ કરવું છે એ પ્રશ્ન જાતને પૂછી આપણી વ્યવહારનીતિમાં વધારે જાગૃત બનવું જોઇએ.

['જન સંદેશ'માંથી સાભાર]

કચ્છની તીર્થયાત્રા

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

(ગતાંક પૃ. ૫૨થી ચાલુ)

૮. લાયજા

મુંબઇના શાહ સોદાગર શ્રી રવજી સોજપાલ તથા મેઘજી સોજપાલ આ ગામના વતની છે. તેઓ તરફથી અહિં એક મોટી ધર્મશાળા બંધાવવામાં આવી છે. અહિંનું દેરાસર બહુ આકર્ષક અને રમણીય છે. મૂળનાયક ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમા આહ્લાદક છે.

૯. સાંધાણ

લાયજાથી સાંધાણ આવ્યા, અને દેરાસરના દર્શન કરી અમારો પ્રોગ્રામ સુથરીમાં રાત રહેવાનો હતો. પણ સાંધાણ પહોંચ્યાં પહેલાં દશ મીનીટે દેરાસર મંગલીક થઇ ગએલુ, એટલે પછી રાત સાંધાણમાં રહ્યાં, અને ત્રિકમજી દેવશીભાઇના અમે અતિથિ બન્યાં. સાંધાણ માંડવીથી ૩૮ માઇલ દૂર થાય. અહિં શાંતિનાથ ભગવાનનું મંદિર શેત્રુંજયની એક ટુંક જેવું મોટું છે. દેરાસરમાં ૧૧૩ પ્રતિમાઓ છે. જ્ઞાનભંડાર પણ છે. યતિજીના ઉપાશ્રયમાં પદ્માવતી માતાની એક ભવ્ય પ્રતિમા છે, વહેલી સવારમાં દર્શન કરી અમે સુથરી આવવા નીકળ્યાં.

૧૦. સુથરી

કચ્છની પંચતીર્થીમાં પ્રથમ તીર્થસ્થાન સુથરી. સુથરીમાં અમે ત્યાંની પેઢીના મુનિમ શામજીભાઇને ત્યાં જ ઉતર્યા. અહીં શાંતિનાથ ભગવાનનું સુંદર મંદિર છે. કચ્છપ્રદેશમાં આ મંદિરની શ્રી ઘુતકલોલ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનું માહાત્મ્ય ઘણું છે. આ પ્રતિમા સંબંધમાં નીચે મુજબની કથા પ્રચલિત છે.

ઉદ્દેશી નામના ગરીબ શ્રાવકને દેવે સ્વપ્નમાં કહ્યું : સવારે રોટલાની પોટલી બાંધી ગામ બહાર જજે, અને રસ્તામાં માથે પોટલું હોય તેવો માણસ મળે ત્યારે તારા રોટલાના પોટકાના બદલામાં પેલા માણસનું પોટકું તું લઈ લેજે. પેલા માણસે સ્વપ્નમાં દેવે કહ્યા મુજબ કર્યું, અને પોટલામાંથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા નીકળ્યાં. સુથરીના યતિજીની સલાહ મુજબ ઉદ્દેશીએ આ પ્રતિમા ત્યાંના ઉપાશ્રયમાં મૂકયાં, પણ રાત્રિના સમયે આકસ્મિત રીતે તે પ્રતિમા અદૃશ્ય થઇ ઉદ્દેશીના ભંડારિયામાં પહોંચી ગઇ. તે પછી, યતિજીએ એક નાની દેરી બંધાવી. તેની પ્રતિષ્ઠા વખતે સ્વામીવાત્સલ્ય કરતાં એક ઘીના કુલ્લામાંથી ઘી નીકળતું જ ગયું, અને લોકોના આશ્ચર્ય વચ્ચે કુલ્લામાંથી ઉદ્દેશીશાહના ઘરમાં જે પ્રતિમા હતી, તેના દર્શન થયા. લોકોએ પ્રતિમાને બહાર કાઢી તેનું નામ 'ઘૃતકલોલ પાર્શ્વનાથ' રાખ્યું. આ પ્રતિમા બહુ આકર્ષક અને રમણીય છે, અને તેની પાસેથી ખસવાનું મન થાય તેવું નથી. આ પ્રતિમાની પ્રતિષ્ઠાને થયા દશ સો વરસ થયા છે. સુથરી દેરાસરમાં પૂજાતું ઘી ઘોલી આ પ્રતિમાની સૌથી પ્રથમ પૂજા કરવાનો લહાવો લીધો.

૧૧. સાંએરા

સાંએરા ગામ સુથરીથી છ માઇલ દૂર છે. અહીં સં. ૧૯૩૪માં બંધાયેલું નાનું પણ રમણીય દેરાસર છે મૂળનાયક ભગવાન આદિનાથની સરસ પ્રતિમા છે. આચાર્ય ગુણસાગરજીના શિષ્ય વિદ્યાસાગરજી મહારાજ અહીં હતાં, ગામની વસ્તી માત્ર ૭૫૦ માણસોની છે, જેમાં ૪૦ ટકા તો જૈન છે. અહિંના મુખ્ય કાર્યકર્તા શ્રી જોગાભાઈ કેશવજી આગ્રહ કરી

તેમને ત્યાં અમો સૌને ચાપાણી અર્થે લઈ ગયા.

૧૨. કોઠારા

સણોરાથી બે માઇલ દૂર પંચતીર્થીનું બીજું તીર્થ કોઠારા આવે છે. આખા કચ્છમાં કોઠારાનું મંદિર સૌથી મોટું અને વિશાળ છે. આ મંદિરમાં બાર વિશાળ શિખરો છે. શેઠ કેશવજી નાયક જેની શેત્રુંજય પર ટૂંક આવેલી છે, તેમણે સં. ૧૯૧૮માં સોળ લાખ કોરીના ખર્ચે આ વિશાળ મંદિર બંધાવેલું છે. મંદિરની લંબાઈ ૭૮ ફીટ, પહોળાઈ ૬૪ ફીટ ઉંચાઇ ૭૪ ફીટ છે. શાંતિનાથ ભગવાનનું આ મંદિર દૂરથી એક પહાડ જેવું લાગે છે. મુંબઇના સુવિખ્યાત શેઠ વલ્લભદાસ કરસનદાસ નાથા અને ગોકળદાસ તેજપાલ ભાટીયા અસલ અહીંના વતની. અહીં જૈનોના ૧૦ ઘરો છે. બાકીની વસ્તી આશરે ૩૦૦૦ માણસોની છે.

૧૩. જખૌ

જખૌ પંચતીર્થીનું ત્રીજું તીર્થસ્થાન છે. જખૌ બંદર છે, અને કોઠારાથી ૧૪ માઇલ દૂર આવેલું છે. અહિં એક વિશાળ કમ્પાઉન્ડમાં જુદાજુદા ગૃહસ્થોએ ઉંચા શિખરોવાળા આઠ મંદિરો બંધાવેલાં છે. મૂળનાયક ભગવાન મહાવીરસ્વામી છે. એકંદરે ૧૦ શિખરો છે અને લગભગ ૧૫૦ પ્રતિમાઓ છે. મુખ્યમંદિર 'રત્નટૂંક'ના નામે પ્રસિદ્ધ છે. આ મંદિર વિ. સં. ૧૯૦૫માં રતનશી શેઠના પુત્રો શ્રી ઝવેરાજભાઇ, પિતાંબરભાઇ અને ભીમસિંહભાઇએ બંધાવ્યાં છે. ઘાટકોપર પાઠશાળાના શિક્ષિકા બહેન દાનબાઇ અહિં મળ્યાં; અને આગ્રહપૂર્વક અમને સૌને તેમને ત્યાં ચાપાણી અર્થે લઈ ગયા.

૧૪. નળીઆ

પંચતીર્થીનું ચોથું સ્થાન નળીઆ છે, અને જખૌથી બાર માઇલ દૂર છે, અહિં સુંદર ચાર જૈનમંદિરો છે, સોળશિખરો અને ચૌદ રંગમંડપો છે. શેઠ નરશી નાથાએ આ મંદિર બંધાવ્યું છે. મૂલનાયક ચંદ્રપ્રભુ છે. પ્રતિષ્ઠાનો સં. ૧૯૯૭નો લેખ દેરાસરમાં જોવામાં આવે છે. નળીઆમાં અમે મઠડાવાળા શ્રી શિવજી દેવશીના મામાની પુત્રી ભત્રીજાઇને ત્યાં ભોજન લીધું. શ્રી શીરજી બાપા જેમની ૮૫મી જન્મજયંતી મુંબઇમાં ઉજવાય છે. તેઓ મૂળ અહિંના વતની છે.

૧૫. તેરા

નળીઆથી સાત માઇલ દૂર–પંચતીર્થીનું પાંચમું તીર્થસ્થાન તેરા આવેલું છે. મુંબઈ કોંગ્રેસના હાલના પ્રમુખ શ્રી ભવાનજી અરજણ ખીમજી મૂળ અહિંના વતની છે.

અહિં બે મંદિરો છે. જીરાવાલા પાર્શ્વનાથનું મંદિર રતનશી હીરજીએ સં. ૧૯૧૫માં બંધાવ્યું છે. ત્યારે ચામળા પાર્શ્વનાથનું બીજું મંદિર યતિઓનું બનાવેલું છે, એમ કહેવાય છે. મંદિરમાં કોઇ લેખ જોવામાં આવતો નથી. વિવેકસાગર અને રતનસાગર યતિઓના નામો જોવામાં આવે છે. આ રીતે કચ્છની પંચતીર્થીના સ્થાનો જોયા પછી અમે તેરાથી નારાયણ સરોવર તરફ જવા રવાના થયા.

૧૬. નારાયણ સરોવર

તેરાથી સાંજના પાંચ વાગે મોટરમાં રવાના થયા, અને રાત્રે નવ વાગે નારાયણ સરોવર પહોંચી જવાનો અમારો પ્રોગ્રામ હતો, પરન્તુ બરન્દા આવતાં અમારે ત્યાં અટકી જવું પડ્યું. ત્યાંથી નારાયણ સરોવર ૨૦ માઇલ દૂર હતું, ફક્ત વરસાદ પડવાથી રસ્તો ધોવાઇ ગયો હતો, અને એક બે ફૂટ્ટા વચમાં નદી વચ્ચે અટકી પડી હતી. અમારી મોટરના સુકાની શ્રી ઝવેરી સાહસિક અને ઉત્સાહી હતા. બરન્દાના સરપંચ શ્રી સુંદરલાલભાઇએ રસ્તાની બધી મુશ્કેલી અમને સમજાવી અને ચાપાણીથી અમારું સ્વાગત કર્યું.

નારાયણ સરોવર જવા માટે બીજો રસ્તો સારો હતો, પણ તે રસ્તે જતાં ૨૦ ને બદલે ૬૦ માઇલ થાય. અમે ટુંકો રસ્તો લીધો. જો કે તેમાં જોખમ

તો હતું જ, કારણ કે તે જંગલનો રસ્તો હતો અને વચ્ચે કોઇ ગામ ન આવતું. મોટર અટકી પડે તો આખી રાત જંગલમાં પસાર કરવી પડે તેમ હતું. અમારી મોટર પર નંબર ૧૨૬૮ (૧+૨+૬+૮=૭૭) હતો, જેનો સરવાળો સત્તર થતો હતો, અને આ સત્તરનો આંકડો મારી બાબતમાં ઘણીવાર નશીબાર પૂરવાર થયો છે, એટલે શ્રદ્ધાનાબળે અમે ફુંકા રસ્તે મુસાફરી શરૂ કરી.

વિવેક વિનાની શ્રદ્ધા માણસને ઘણીવાર ખોટા માર્ગે ઘસડી જાય છે, અને અમારી બાબતમાં પણ આમજ બન્યું. મધ્યરાત્રીએ અમારી મોટર એક નદીમાં ખૂંચી ગઇ, અને જંગલમાં મદદ કરનારૂં પણ કોણ હોય? એવામાં અમે ભેંસોની ડોકોમાંની ટોકરીઓનો રણકાર સાંભળ્યો અને થોડીવારમાં તો ભેંસોના રખેવાળો ત્યાં આવી ગયા, અને તેઓની મદદથી મોટર ચાલતી કરી. આમ છતાં વચમા અવારનવાર મોટા મોટા ગાબડાઓ તો આવતાં જ, પણ પછી અમારા માટે આગળ વધવા સિવાય બીજો માર્ગ ન હતો, કારણ કે પાછા ફરવામાં જે જોખમ હતું તેનો તો અમને પ્રત્યક્ષ અનુભવ થયો હતો જ.

શ્રદ્ધાના બળે કે પછી કુદરતીની સાહસિક બુદ્ધિના કારણે રાત્રે દોઢ વાગે અમે નારાયણ સરોવર પહોંચ્યાં. ત્યાંના બધા માણસો અમે એવા રસ્તે થઇને આવ્યા તે જાણી અજાયબ થયા, કારણ કે છેલ્લા ત્રણ દિવસમાં એક પણ મોટર એ રસ્તે આવેલી નહીં, અને બસ વ્યવહાર પણ બંધ જ હતો. God helps those who help Themselves અર્થાત્ જેઓ પોતાની જાતને મદદ કરે છે તેને ઇશ્વર મદદ કરે છે એ કથનની સત્યતા અમે આ મુસાફરી વખતે પ્રત્યક્ષ અનુભવી.

નારાયણ સરોવર હિંદુ લોકોનું એક પવિત્ર તીર્થ ગણાય છે. હિંદુ ધર્મશાસ્ત્રો એ ભારતમાં પાંચ પવિત્ર સરોવરો ગણાવ્યાં છે. ઉત્તરે કૈલાસ માન સરોવર, દક્ષિણમાં પપા, પૂર્વે ભૂવનેશ્વરમાં બિંદુ, મધ્યમાં પુષ્કર અને પશ્ચિમે નારાયણ. પપા અને પુષ્કરના દર્શન તો કરેલાં, બિંદુમાં તો સ્નાનનો લહાવો પણ લીધો છે, નારાયણ આ વખતે જોયું, માત્ર માનસરોવર જોવાનું બાકી રહ્યું. શ્રીમદ્ ભાગવતે તીર્થધામ નારાયણ સરોવરનો અદ્‌ભુત મહિમા ગાયો છે. વિ. સં. ૧૭૬૦ની સાલમાં કચ્છના મહારાણી વાઘેરી મહાકુંઅર ગોમતી તટે દ્વારિકાની યાત્રાએ ગયા હતા, પણ તે વખતે પંડા લોકોએ તેને હેરાન કર્યા અને રાણી પાછા ફર્યા. પાછા ફરતી વખતે પંડાઓએ તેને મેણું માર્યું કે રણછોડરાયની યાત્રા કરવા તો દ્વારકા સિવાય બીજે ક્યાં જવાના છો? એજ વખતે રાણીએ દ્વારિકાજીનું યાત્રાધામ કચ્છમાં ખડું કરવાનો નિશ્ચય કર્યો અને નારાયણ સરોવરના કાંઠે એવું જ તીર્થધામ તેણે ખડું કર્યું. આઘાત-પ્રત્યાઘાતથી પણ કેવી મહાન વસ્તુઓનું સર્જન થાય છે? મુક્તિ-મોક્ષનું નિર્માણ પણ આઘાત-પ્રત્યાઘાતના કારણે જ થાય છે ને!

મહાકુંઅર રાજબા મહારાવ દેશળજીનાં રાણી અને કચ્છના કવિરાજવી રંગીલા રા'લખપતના માતા. દેશભક્ત દીવાન દેવકરણે નારાયણ સરોવરની પાળ ચીંધી અને પૂરી કરાવી અને તેના તટે ત્રીકમરાય, લક્ષ્મીનારાયણ, ગોવર્ધનનાથ, આદિનારાયણ, દ્વારકાનાથ, રણછોડરાય અને લક્ષ્મીજીના ભવ્યમંદિરો ખડાં કર્યાં. આ મંદિરો ઉપરાંત અનેક આકર્ષણો જેવા કે કલ્યાણરાય, મહાપ્રભુજી, ભવેશ્વર, રામનાથ, રામચંદ્રના મંદિરો, રામગુફા, લક્ષ્મણગુફા, શેષગુફા, સનત્કુમારનું સ્થાન, સીતાવાવડી, રામકૂવો વિ. અહિં જોવામાં આવે છે.

૧૭ કોટેશ્વર.

નારાયણ સરોવરથી લગભગ એકબે માઇલ દૂર કોટેશ્વર બંદર આવેલું છે. કચ્છના છેક પશ્ચિમ કાંઠે, પાકિસ્તાનની તદ્દન નજીક અને કરાંચીની બરોબર સામે વિશિષ્ટ ભૌગોલિક સ્થાન ધરાવતું ભારતનું આ અતિ મહત્વનું બંદર છે. દરિયાકાંઠે કોટેશ્વર મહાદેવનું મંદિર છે. આ તીર્થની કથા એવી છે કે રાવણે કૈલાસમાં તપ કરી કૈલાસપતિ શીવ પાસેથી આધ્યાત્મિક શક્તિની

પ્રતિજ્ઞા કરેલું એવું એક લિંગ મેળવ્યું. દેવોએ રાવણ પાસેથી એ લિંગ પડાવી લેવા પ્રપંચ કર્યો, અને રાવણે એક ગાયને બચાવવા લિંગ ધરતી પર મૂક્યું. એટલે દેવોની કરામતથી રાવણને ત્યાં એકને બદલે અનેક લિંગો એક સરખા દેખાવા લાગ્યા. પરિણામે તેજ જગ્યાએ કોટિલિંગેશ્વરની પ્રતિષ્ઠા થઇ, અને ત્યારથી કચ્છનું કોટિલિંગેશ્વર કોટેશ્વર નામે આ યાત્રાનું મહાધામ બન્યું. ગોડરાણી ચંદ્રકોરે કોટેશ્વરમાં નીલકંઠનું મંદિર ચણાવ્યું એમ કહેવાય છે. કોટેશ્વર મહાદેવના મંદિરમાં ચિત્તળનો પોતિયો ખાસ જોવા જેવો છે. દરિયાકાંઠાપરનું આ મંદિર અતિ રળિયામણું અને મનોહર છે. દરિયાનાં ભાગમાં સાવલાવીરની કબર દૂરથી જોઇ શકાય છે, ઘણા લોકો ત્યાંની માનતા માને છે. કોટેશ્વરથી નારાયણ સરોવરની ધર્મશાળામાં અમે પાછા ફર્યા, અને ત્યાંના સામાજીક કાર્યકર શ્રી માધવ જોશીને ત્યાં અમે ભોજન લીધું. શ્રી જોશી કોટેશ્વરનું તીર્થ બતાવવા અમારી સાથે આવ્યા હતા.

૧૮. માતાનો મઠ

નારાયણ સરોવરથી બરોબર બે વાગે અમે રવાના થયા, અને બે કલાકની મોટરની મુસાફરી પછી કચ્છના રાજકુટુંબની કુળદેવી રસરાણી રન્નાદેવી આશાપુરાના મઠમાં અમે પહોંચ્યાં. ડુંગરાઓ વચ્ચેથી ચાલી જતી 'નય' નદીના કાંઠે 'મઠ' નામનું ગામ આવેલું છે, અને એક વિશાળ ચોગાનમાં આ મંદિર આવેલું છે. જાડેજા લોકોની કુળદેવી માતા આશાપુરાનો મહિમા ચારે તરફ છે. કચ્છમાંથી જાડેજાઓ સૌરાષ્ટ્રમાં ગયા, અને નવાનગર, ભ્રોળ, સરધાર, ગોંડલ, મોરબી વગેરે સ્થળોએ તેઓએ અલગ રાજ્યો સ્થાપ્યાં. જ્યાં જ્યાં આ લોકો ગયા છે ત્યાં ત્યાં તેઓએ આશાપુરાની સ્થાપના કરી પ્રતિષ્ઠા કરી છે, અને મંદિરો ચણાવ્યાં છે. મઠના વડા રાજા કરણસિંહજીને અમે મળ્યા અને તેમણે ચાપાણીથી અમારું સ્વાગત કર્યું.

રાજા કરણસિંહજીએ અમારી સાથેની ચર્ચામાં ઘંટાકરણદેવ અને તેના મંત્રની વાત કરી ત્યારે અમે જાણ્યું કે તેઓ જૈનધર્મથી સારી રીતે પરિચિત છે, અને અહિંસક વાતાવરણ વચ્ચે ઉછર્યા છે. માતાજીના મંદિરમાં અગાઉ પ્રાણીઓનો ભોગ દેવાતો, અને આ કાળે પણ કોઇકોઇ વખતે ભોગ દેવાય છે એ વાત જાણી અમને ભારે ખેદ થયો. શ્રી કરણસિંહજી આવી પ્રથાની વિરુદ્ધ છે, પરન્તુ આ વિજ્ઞાન યુગમાં પણ જીવન્ત પ્રાણીના ભોગ આપવાની પ્રથા ભારતમાં કોઇ કોઇ ઠેકાણે પ્રચલિત છે, તે હકીકત ભારત સરકાર અને સમગ્ર ભારતની પ્રજા માટે લાંછનરૂપ છે. આ જંગલી પ્રથા સદંતર બંધ કરવા માટે સરકારે કડક કાયદા કરવા જોઇએ. કોઇની આહુતિ આપીને દેવ દેવીઓને રાજી કરવાનું ગાંડપણ આ દેશમાંથી દૂર જવું જોઇએ.

૧૯ નખત્રાણા

માતાના મઠથી ભુજ તરફ જવા અમે નીકળ્યાં અને વચમાં નખત્રાણામાં જૈન મંદિરના દર્શન કર્યાં. દેરાસરમાં મૂળનાયક ભગવાન સુપાર્શ્વનાથની પ્રતિમા સરસ છે. આ રસ્તા પર પેટ્રોલનો કોઇ પંપ આવતો નથી, અને અમારી ગાડીમાં પેટ્રોલનું તળિયું દેખાવા લાગ્યું. શ્રી પાનબહેન મને સૌને ત્યાંના સામાજિક કાર્યકર્તા શ્રી જુગતરામ વકીલને ઘેરે લઇ ગયા, અને ત્યાં ચાપાણી પીધાં. પેટ્રોલની વ્યવસ્થા પણ વકીલ સાહેબે કરી આપી. નખત્રાણાથી ભુજ ૪૪ માઇલ દૂર થાય. સાંજના સાતવાગે નખત્રાણાથી રવાના થઇ રાતના નવવાગે અમે ભુજ પહોંચ્યાં.

૨૦. ભુજ

ભુજમાં અમે ડોસાભાઇની ધર્મશાળામાં ઉતર્યા હતા. બીજા દિવસે કાર્તિક શુદિ પૂર્ણિમાના દિવસ હોવાથી અમે સેવા પૂજા ધર્મશાળાના દેરાસરે કરી.

ભુજ કચ્છનું પાટનગર છે. અહિં ચાંદીના વાસણોની નકશી વખણાય છે. ત્રણ મંદિરો ઉપરાંત ભુજમાં શાહીબાગ, પ્રાગમહેલ, આયનામહેલ વિ. જોવા લાયક છે.

સવારમાં પૂજા કરતાં હતાં ત્યારે કરાંચીવાળા શ્રી ખુશાલચંદ વારતાભાઇ અમને ત્યાં મળી ગયા. તેઓ મૂળ નખત્રાના વતની, પણ ધંધાર્થે ઘણા વરસો કરાંચીમાં રહ્યાં. પાકિસ્તાન થયા પછી તેઓ ભુજમાં રહે છે, અને આગ્રહપૂર્વક ભોજન અર્થે અમો સૌને તેઓ તેમને ત્યાં લઇ ગયા. શ્રી પ્રેમજીભાઇ ભવાનજીને ત્યાં અમે ચરણત પીધું. ભદ્રેશ્વર તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મોતીચંદ ગોપાલજી શેઠને અમારા આવવાના ખબર પડતાં તેઓ શ્રી ખુશાલભાઇને ત્યાં અમને મળવા આવ્યા. તેઓ અત્યંત સેવાભાવી અને ભારે વિવેકી છે.

ભુજથી કાર્તિક શુદિ પૂનમના રવાના થઇ બીજા દિવસે અમે અમદાવાદ પહોંચ્યાં. માત્ર આઠ જ દિવસના પ્રવાસમાં અમે કચ્છમાં ઘણું જોયું. અંજાર અને કટારિયા અમે ન જઇ શક્યા. અંજારમાં આપણા ત્રણ મંદિર છે અને તે ઉપરાંત જેસલ-તોરલ સમાધિસ્થાન પણ અંજારમાં જ છે. કટારિયાનું આપણું તીર્થ બહુ પ્રાચિન અને પ્રસિદ્ધ છે, ત્યાં જૈન બોર્ડીંગ પણ છે. કચ્છની તીર્થયાત્રા કરવા જનારે આ બંને સ્થળોએ ખાસ જવા જેવું છે.

लघुत्वमूलं च किमर्थितैव
गुरुत्वबीजं यदयाचनं किम् ।
जातोऽस्ति को यस्य पुनर्न जन्म
कोवामृतो यस्य पुनर्न मृत्युः ॥

લઘુત્વનું મૂળ શું ? યાચવું તે,
મોટાઈ તે શું ? નવ યાચવું એ,
જન્મ્યો ખરો કો ? ફરી જે ન જન્મે,
મુઓ ખરો કો ? ફરી ના મરે જે.

સત્યાસત્ય ગવેષણા (Inquiry into the nature of Truth-telling and Lie)

લેખક : શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી બી. એ. એલએલ. બી.

સત્ય અને અસત્યની તાત્ત્વિક વિચારણામાં મુખ્ય બે સવાલો ઉપસ્થિત થાય છે :

(૧) સત્ય એટલે શું ! અસત્ય એટલે શું !

(૨) સત્ય શા માટે બોલવું ! અસત્યનો શા માટે ત્યાગ કરવો !

(૧) પાતંજલ યોગદર્શનમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-એ પાંચ યમ બતાવ્યા છે. જેમ જૈનદર્શનમાં અહિંસા આદિ પાંચ મહાવ્રતો બતાવ્યા છે. તેમાં સત્યની વ્યાખ્યા પાતંજલ ભાષ્યકારે નીચે પ્રમાણે કરેલ છે—

सत्यं यथार्थे वाङ्मनसे ।
यथादृष्टं यथानुमितं तथावाङ्मनश्चेति ॥

'જેવી રીતે કોઈ પદાર્થ જોયો હોય અથવા અનુમાનથી જાણ્યો હોય, તે પ્રમાણે મન અને વાણીની એકતાવાળું વચન અર્થાત્ Truth-speaking means making our statements correspond with fact પાતંજલ દર્શન ભાષ્યકાર વિશેષ ખુલાસો કરે છે કે: વાણીનો ઉપયોગ આપણો બોધ બીજાને આપવા માટે કરવામાં આવે છે, માટે તે વાણી કપટયુક્ત ભ્રાંતિવાળી અથવા સમજણ ન પડે તેવી ન હોવી જોઇએ. અર્થાત્ વાણી સાચો બોધ આપનાર હોવી જોઇએ. (producing a true impression.)

પ્રશમરતિ શ્લોક ૧૭૪માં સત્યનું લક્ષણ આપ્યું છે કે—

अविसंवादयोगः कायमनोवागजिह्मता चैव ।
सत्यं चतुर्विधं तथ, जिनवरमतेऽस्ति नान्यत्र ॥

પરસ્પર અવિરુદ્ધ અને તન, મન અને વચનની એકતાવાળું વચન સત્ય છે. તે જિનેશ્વર ચાર પ્રકારનું કહ્યું છે. જ્યાં શબ્દાર્થ પ્રમાણે વચન બરોબર હોય પણ મનમાં ધારેલા અર્થથી જુદો ભાવ ઉત્પન્ન કરનાર વચન હોય તે સત્ય વચન નથી. દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને પૂછ્યું કે : 'પોતાનો પુત્ર અશ્વત્થામા મરાયો, તે ખરૂં ?' યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે : અશ્વત્થામા મરાયો. અશ્વત્થામા નામનો હાથી ખરેખર મરાયો હતો, પણ તેટલી વાત છુપાવી દ્રોણાચાર્યના મન ઉપર તેનો પુત્ર અશ્વત્થામા મરાયો એવી ખોટી અસર કરવાવાળું વાક્ય અસત્ય જ છે. કારણ આ વાક્યમાં મન, મનના ભાવ અને વચનની એકતા નથી.

જેવી રીતે પાતંજલ યોગદર્શનના ભાષ્યકારે સત્યની વ્યાખ્યા આપેલ છે, તે પ્રમાણે તત્ત્વાર્થ સૂત્રના ભાષ્યકારે સત્યની વ્યાખ્યા આપેલ છે—

सत्यर्थे भव वचः सत्यं, सद्भ्यो वा हितं सत्यम् । (તત્ત્વ સૂત્ર ૯-૬) ટીકાકાર સ્ફુટ કરે છે કે સત્ એટલે વિદ્યમાન જે અર્થ તેને અનુલક્ષીને કરેલ વચન, અર્થાત્ અર્થનો યથા વસ્થિત બોધ આપનાર વચન (a statement corresponding to fact). સદ્નો બીજો અર્થ પ્રશસ્ત કરવામાં આવ્યો છે, એટલે જે વચન પાપનો હેતુ-પાપનું કારણ ન હોય આ અર્થ પ્રમાણે એક શિકારીને શિકારનું કહેવું તે સાચું હોય પણ સત્ય નથી. ત્રીજો અર્થ સદ્ભ્યો હિતં । અહીં સદ્નો અર્થ જીવો કર્યો છે. એટલે જે વચન પ્રાણીઓને હિતકર્તા હોય તે સત્ય છે. જીવોને હિતકર્તા ન હોય તે વચન તથ્ય હોય પણ સત્ય નથી.

સત્યાસત્યનો વિચાર માણસના વ્યવહાર માટે-વર્તન માટે મુખ્યત્વે કરવાનો હોય છે. સત્ય અને અસત્ય એક સદ્ગુણ અને દુર્ગુણ છે એટલી વિચારણા નથી. સત્ય બસ અને અસત્યની વિચારણા મનુષ્યના વર્તનને અત્રે કરતાં ઘણા પ્રશ્નો અને અપવાદો

ઊભા થાય છે; માટે તત્ત્વાર્થ સૂત્રકારે સત્યની વ્યાખ્યા આપવાને બદલે અસત્ય–મૃષાવાદની વ્યાખ્યા આપવા ઉચિત ધાર્યું છે. અને તેવા મૃષાવાદ-અનૃત અસત્યથી વિરમવું એવો ઉપદેશ કર્યો છે.

हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ।
(तत्त्व. सू. ७. १)

હિંસા અનૃત, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહથી વિરતિ તે વ્રત છે. અને ૭–૮ માં **असदभिधानम-नृतम्** તે પ્રમાણે અનૃતની વ્યાખ્યા આપી છે. અસત્ બોલવું તે અનૃત અર્થાત્ મૃષાવાદ છે. આ વ્યાખ્યામાં વપરાયેલ અસત્ શબ્દ ઘણો વ્યાપક છે. ભાષ્યકાર અસત્ શબ્દનો અર્થ કરે છે કે: **असदिति सद्भावप्रतिषेधोऽर्थान्तरं गर्हा च**, એટલે જે વચનમાં સદ્ વસ્તુનો નિષેધ કરવામાં આવે, અસદ્ વસ્તુને પ્રતિપાદન કરવામાં આવે અથવા જે વચનમાં સાચા પદાર્થને બદલે જુદો પદાર્થ કહેવામાં આવે અથવા જે વચન ગર્હાવાળું હોય અર્થાત્ નિંદવા જેવું હોય. આ લક્ષણમાં અસત્યની ત્રણ જુદાજુદા દૃષ્ટિબિંદુથી વિવક્ષા કરેલ છે. તાત્ત્વિક દૃષ્ટિથી જે વસ્તુ અસત્-ખોટી હોય તેને સત્ કહેવી. જેમકે: આત્મા અણુ છે, આત્મા વિભુ છે. આ વચન અસત્ય છે, કારણ આત્મા દેહપ્રમાણ જૈનદર્શન પ્રમાણે છે. તે પ્રમાણે સત્ વસ્તુને અસત્ કહેવી તે પણ અસત્ય છે. જેમકે આત્મા નથી, પરલોક નથી એ કહેવું અસત્ય છે. આ કથનમાં તાત્ત્વિકદૃષ્ટિ, નિશ્ચયદૃષ્ટિ અથવા શાસ્ત્રદૃષ્ટિની વિવક્ષા પ્રાધાન્યપણે લેવામાં આવેલ છે. પ્રત્યક્ષ અથવા સામાન્ય વ્યવહારદૃષ્ટિનું આ વચન નથી શાસ્ત્રીય અથવા તાત્ત્વિક દૃષ્ટિએ સત્–અસત્નો જેમ વિચાર કરવામાં આવે છે તેમ વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારતાં સામાન્ય બુદ્ધિને જે સત્ લાગે છે તે કેટલીક વખત વિજ્ઞાનમાં અસત્ જણાય છે. ટેબલ કે ખુરશી જેવો એક અખંડ, વર્ણ, સ્પર્શ, ગંધવાળો પદાર્થ વિજ્ઞાનમાં અખંડ પદાર્થ જણાતો નથી, પણ હવાના બાષ્પકાર જણાય છે. તત્ત્વશાસ્ત્ર અથવા વિ[illegible]

સત્ અસત્ માનવામાં આવે છે અને તે પ્રમાણે વચન કહેવામાં આવે છે તે ધર્મ કે સંપ્રદાયની માન્યતા પ્રમાણે સત્ અસત્–ગણાય; પણ વ્યવહારમાં–નીતિશાસ્ત્રમાં તે વચનને અસત્ય–મૃષાવાદ કહેવામાં આવતું નથી.

એક અર્થને બીજો અર્થ કહેવો; જેમકે; ગાયને ભેંસ કહેવી, ઘોડાને બળદ કહેવો અર્થાત્ અર્થાન્તર વચન બોલવું તે વચન અસત્ય છે. આ બીજા પ્રકારના અસત્ય વચનમાં સામાન્ય સમજણ Common sense ના દૃષ્ટિબિંદુની વિવક્ષા છે.

અસત્ વચનમાં ત્રીજો પ્રકાર ગર્હાનો છે એટલે જે વચન ગર્હિત હોય–નિંદિત હોય તે વચન પણ અસત્ય–મૃષા માનવું જોઈએ. ગર્હાનો અર્થ disapproval, repugance થાય છે, એટલે જે અભિધાન–વચન શાસ્ત્રથી ગર્હિત હોય, જનસમાજથી નિંદિત હોય આપણી અંતરાત્મા પણ પ્રસન્નતા ન પામતો હોય તે વાક્ય તથ્ય હોય પણ નીતિ અને ધર્મ પ્રમાણે અસત્ય–મૃષા જ છે. હાલના નીતિતત્ત્વવેત્તાઓએ એવો સવાલ ઊભો કર્યો છે કે દરેક મનુષ્યની પ્રવૃત્તિ સુખ પ્રાપ્ત કરવાને અને દુઃખમાંથી મુક્ત થવાને હોય છે.

છે; માટે તે પ્રવૃત્તિ શુભ છે. અમુક કરવું જોઇએ We ought to do ના કરતા We ought not to do તે ઉપદેશ આપણને વધારે સ્પર્શ-અપીલ કરે છે. દાખલા તરીકેઃ સત્ય બોલવું જોઇએ તેના કરતા અસત્ય ન બોલવું જોઇએ, તે ઉપદેશ વધારે અસરકર્ત્તા છે. ખોટું ન બોલવું જોઇએ; કારણ ખોટું બોલવાથી આપણો કોઇ વિશ્વાસ કરે નહિં, સમાજવ્યવસ્થા ચાલે નહિં, સતત ખોટું બોલવાની ટેવ પડે તો આપણી મનોવૃત્તિ અધમ થતી જાય, ખોટું બોલીને લાભ લીધો હોય તો પકડાવાનો કાયમ ભય રહે વગેરે અનેક કારણો ખોટું બોલવું નુકસાનકર્ત્તા છે,-અશુભ છે તે જણાવાતે મળી આવે છે. શાસ્ત્રકારે અસદ્દનો એક અર્થ ગર્હા થાય છે એવું બતાવી હાલના નીતિતત્ત્વવેત્તાઓના સિદ્ધાંતનું દિગ્દર્શન કરાવ્યું છે. જે વચનથી ગર્હા reproaches,-disliks થાય તે તથ્ય હોય તો પણ નીતિના નિયમ પ્રમાણે નિંદ્ય હોઇ અસત્ય-મૃષાવાદ છે.

ત્રીજા પ્રકારના અસત્યના વર્ણનમાં અસદ્દ એટલે ગર્હાવાળું એ પ્રમાણે અર્થ કરી શાસ્ત્રકાર નીતિ અને ધર્મ પ્રમાણે સત્યાસત્યની પરૂપણાનું સૂચન કરે છે. અસદ્દ શબ્દ ઘણો વ્યાપક છે. તેનો અર્થ અપ્રશસ્ત થઇ શકે છે. તેમ હિંસા પારુષ્યપૈશુન્યાદિયુક્ત ભાષ્યકારે કર્યો છે, તે પણ થઇ શકે છે. વચન તથ્ય (true) હોય છતાં પણ અપ્રશસ્ત હોય, અર્થાત્ અપ્રિય-બીજાને અપ્રિયતા કરનાર હોય, હિંસાને ઉત્તેજન આપનાર હોય, હિંસાને મદદકર્ત્તા હોય, કલહયુક્ત હોય, દંભવાળું હોય, કટુ હોય વગેરે અશુભ આશય વાળું વચન પણ મૃષાવાદ ગણી શકાય છે. શાસ્ત્રમાં કહ્યું કે-

सत्यं यात् नूप्रियं ब्रूयात्,
न ब्रूयात् सत्यमप्यप्रियं ।

સત્ય બોલવું, પ્રિય બોલવું, સત્ય હોય પણ અપ્રિય હોય તો ન બોલવું.

प्रियं पथ्यं वचस्तथ्यं सूनृतव्रतमुच्यते ।
तत्त्थ्यमपि नो तथ्यमप्रियं चाहितं च यत् ॥

પ્રિય, હિતકારક અને સત્ય વચન બોલવું તે સત્યવ્રત છે જે વચન અપ્રિય હોય અહિતકારક હોય તે સત્ય હોય પણ અસત્ય જ છે. શિકાર આ રસ્તે ગયો એવું શિકારી પૂછે, તો શિકાર ને રસ્તે ગયો જાણ્યો હોય તે છતાં, નથી ગયો તે વચન ખોટું હોવા છતાં અસત્ય નથી. કારણ સાચું કહેવાથી હિંસાને મદદ થાય છે. તે પ્રમાણે કટુ વચન બોલવા દાહિક વચન બોલવા, છલવાળા વચન બોલવા તે પણ દેખીતા સત્ય હોય પણ અસત્ય જ છે મારણ તેમાં બીજાને દુઃખવવાથી માનસિક હિંસાના કારણ બને છે.

ટૂંકામાં સત્ય વચન એવું હોવું જોઇએ કે તેમાં મન અને વચનની એકતા (correspondence) હોવી જોઇએ. તે વચન તત્ત્વની દૃષ્ટિએ, સામાન્ય સમજ (emperic અથવા common sense)ની દૃષ્ટિએ અને નીતિ અને ધર્મની દૃષ્ટિએ ખોટું અથવા તિરસ્કારવા જેવું ન હોવું જોઇએ.

એક એવો સવાલ કોઇ થાય છે કે સત્ય બોલવા માટે આટલી બધી મર્યાદાઓ મૂકેલ છે, કેટલેક પ્રસંગે સત્ય કથનને પણ અસત્ય માનેલ છે. અસત્ય બોલવાની પણ મનાઇ કરેલ નથી તો સત્યની અપૂર્વ પ્રશંસા જે શાસ્ત્રોમાં જોવામાં આવે છે તેનો શું અર્થ છે? દાખલા તરીકે મહાભારતના શાન્તિપર્વમાં કહ્યું છે કે-

सत्ये प्रतिष्ठाता लोकाः धर्मः सत्ये प्रतिष्ठितः ।
सत्ये प्रतिष्ठितं ज्ञानं, सर्वं सत्ये प्रतिष्ठितम् ।
नास्ति सत्यात् परो धर्मः नानृतात् पातकं परम्॥

આ પ્રકાર નીતિમાં કહ્યું છે કે-

सत्येन धार्यते पृथ्वी, सत्येन तपते रविः ।
सत्येन वायवो वान्ति, सर्वं सत्ये प्रतिष्ठितम् ॥

સત્યમાં લોકો પ્રતિષ્ઠિતા પામેલ છે. સત્યમાં ધર્મ અને જ્ઞાન પ્રતિષ્ઠિતા પામેલ છે; સત્યથી બીજો શ્રેષ્ઠ ધર્મ નથી. અસત્યથી બીજું મોટું પાપ નથી. પૃથ્વી સત્યથી ટકી રહેલ છે. સૂર્ય સત્યથી તપે છે. વાયુ સત્યથી વાય છે. સર્વનો આધાર સત્ય છે.

ઉપર પ્રમાણે સત્યની જે પ્રશંસા જુદા જુદા શાસ્ત્રોમાં જોવામાં આવે છે, તેનો એવો અર્થ કરવાનો છે કે સત્યતા (truthfulness) એક સદ્ગુણ તરીકે (in abstract) ઉત્તમોત્તમ છે. દરેક માણસે સત્યપ્રિય થવું જોઇએ,-સત્યના ઉપાસક થવું જોઇએ; પણ સત્યપ્રિયતા અને સત્યપ્રિય-તથ્ય બોલવાપણું Truthfulness & True-telling જુદી જુદી વસ્તુઓ છે. માણસ સત્યપ્રિય હોય છતાં અમુક પ્રસંગે સાચું કહેવાથી મોટી હાનિ થતી હોય તો સાચું ન કહેવાથી તેની સત્યપ્રિયતા ઓછી થતી નથી. એટલે જુદા જુદા શાસ્ત્રોમાં સત્યની જે પ્રશંસા કરેલ છે, તે સદ્ગુણ તરીકે સત્ય truthfulnessની પ્રશંસા કરેલ છે. એક ઉત્તમ સદ્ગુણ તરીકે સત્યને સ્થાપી વ્યવહાર વખતે આપણા વચનની આંકણી કરવાની છે, અને અહિંસાદિ ઉચ્ચતર વ્રત સાથે તથ્ય બોલવાથી વિરોધ આવતો હોય તો અક્ષરશઃ સત્ય ન બોલવાથી પણ સત્યવ્રતને હાનિ થતી નથી.

હવે બીજો સવાલ સત્ય શા માટે બોલવું અને અસત્યથી શા માટે વિરમવું તે જોવાનો રહે છે. (ચાલુ)

વેદોપયોગી વ્યવહાર

એમની રોજની દિનચર્યામાં મેં મીનમેખ ફેર કદી જોયો નથી. સવારે વહેલા ઊઠી તરત જ દહેરાસર જવું, પછી ઘેર પાછા આવી નાહીધોઈ પૂજા કરવા જવું, ત્યાંથી બારાબાર પૂજાનાં જ કપડાંમાં ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા જવું, અને સાંજના નિયમિત રીતે પ્રતિક્રમણમાં બેસવું; આ બધું તો ખરું જ; પણ તદ્ઉપરાંત મોટી તિથિઓએ લીલોતરી નહિ ખાવાના વ્રતનિયમને પણ એમણે અખંડ રીતે પાળ્યો હતો. આ બધું જોઇને મનમાં થઇ આવે કે રસાતાળ જતી ધરતીને પોતાના પુણ્યપ્રભાવે બચાવનારાઓ હજી આ જગતમાં જીવે છે ખરા.

એક દિવસ બસસ્ટેન્ડ પર એમનો ભેગો થઇ ગયો. અમારે બંનેને એકજ સ્થળે જવાનું હતું. એમની પાછળ હું પણ આસ્તેથી બસમાં ચડયો. અંદર પેસતાં જ જોયું કે બારણાની બાજુમાં જ બે-ત્રણ બેઠક ખાલી હતી. હાથની ઇશારત કરી મેં તેમને ત્યાં બેસવા કહ્યું, પણ તેઓ તો મારો હાથ પકડી છેક આગળની સીટ પર મને લઈ ગયા.

બસ ઉપડી અને બેચાર મીનીટમાં આગળના 'બસથોભ' પર ઊભી રહી. આ બસ-થોભપરથી ચડતાં અમારા જવાના સ્થળના પાંચ જ પૈસા થતા; એટલે ઘણીજવાર હું અહીંથી જ બેસતો. આજે ઓફિસે જવાની ઉતાવળ હોઇ પેલા બસથોભી પર બસ આવતાં જ ચડી ગયેલો.

બારણા પાસેથી બધાને ટિકિટ આપતો આપતો કંડકટર અમારી પાસે આવ્યો. ટિકિટના પૈસા આપવા મેં ગજવામાં હાથ નાખ્યો, ત્યાં પેલા મહાનુભાવે મને પૈસા નહીં આપવાની મૂક સૂચના કરી પોતે જ મારી ટીકીટના પૈસા ચૂકવવાનું માથે લીધું ને કંડકટરના હાથમાં આસ્તેથી દસ પૈસા મૂકી બે ટીકીટો ફાડવા કહ્યું. કંડકટરે 'કયાંથી બેઠા ?' એમ પૂછતાં અમણે પેલા પાંચ પૈસાની ટિકિટવાળા બસથોભથી જણાવ્યું.

મને ખૂબ નવાઇ લાગી પાંચ પૈસા જેવી સાવ મામૂલી રકમ માટે જૂઠું બોલાયું એ માટે તો ખરું, પણ વિશેષ: તો આવા ધાર્મિક માણસના મુખે અસત્યનો આશ્રય લેવાયો તે વાત મારા મર્મસ્થાનમાં શારડીની જેમ ફરી રહી.

જોત–મહેનતનું ગૌરવ અને માધુર્ય

લે રામુ ઠક્કર.

મારા બચપણમાં મારા પિતા ભાવનગરની એક ખાનગી હાઇસ્કૂલમાં શિક્ષક હતા. શિક્ષકો આપણા દેશમાં હંમેશાં જેવી ગરીબી વેઠતા આવેલા છે તેવી ગરીબી એમને પણ વેઠવી પડતી. મોટા કુટુંબનો ગુજારો એ મુશ્કેલીએ કરતા. એટલે ઘરકામ માટે નોકર રાખવાનું એમને પરવડે તેમ નહોતું. ઘરનું તમામ કામકાજ મુખ્યત્વે સ્ત્રીઓ–મારાં મા, બહેનો અને ભાભી–કરતી. આ આશરે ૫૦–૫૨ વરસ પહેલાંની વાત હું લખું છું. એ અરસામાં એક વાર મારે મારા કાકાને ઘેર મુંબઇ જવાનું થયું. મારા કાકા, શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર, જે પાછળથી 'ઠક્કરબાપા'ના વહાલભર્યા નામે પ્રખ્યાત થયા તે એ વખતે મુંબઇની મ્યુનિસિપાલિટીમાં એક મોટા હોદ્દાના ને મોટા પગારના અમલદાર હતા. તેઓ મુંબઇમાં મોટું ઘર ભાડે રાખતા. ઘેર ઘોડાગાડી હતી. ઘરકામ માટે બે નોકરો હતા.

કાકા પોતે તો એ વખતે નિસંતાન વિધુર હતા, પણ તેમને ઘેર સગાંઓ, મિત્રો અને મહેમાનોનો સારો એવો કાફલો હમેશાં પડ્યોપાથર્યો રહેતો. એમાંના કેટલાંક પુરુષો રાત્રે કાકાની સાથેજ ઘરના મોટા દીવાનખાનામાં પાથારી પાથરી સૂઇ રહેતા. મારે માટે પણ પથારી દીવાનખાનામાં કરવામાં આવી.

બીજે દહાડે સવારે હું ઉંઘીને ઊઠયો ત્યારે કાકાએ મને કહ્યું : 'તારું ગાદલું સંકેલીને બાજુની ઓરડીમાં તેને ઠેકાણે મૂકી આવ.'

મને જરા નવાઇ લાગી; કેમકે, મારે ઘેર મેં કદી એવું કામ કરેલું નહીં. (એ કામ ઘરની સ્ત્રીઓમાંથી કોઇ કરી લેતી.) એટલે મેં કાકાને પૂછ્યું : 'તમારે ઘેર તો નોકર છે, છતાં આવું કામ હાથે શા માટે કરવું જોઇએ ?'

કાકાએ મને હસીને જવાબ આપ્યો : 'નોકર છે ખરો, પણ તેને નાનામોટાં ઘણાં કામ કરવાનાં હોય છે. એટલે આપણે તેને તેના કામમાં થોડી મદદ કરીએ તો કશું ખોટું નહીં. હું પોતે મારું ગાદલું હમેશાં મારે હાથે જ સંકેલી ઠેકાણે મૂકી દઉં છું.'

હું જેટલા દિવસ મુંબઇમાં રહ્યો તેટલા દિવસ મેં તેમનો આ નિયમ બરાબર જોયો. હમેશાં સવારમાં ઊઠીને એ પોતાનું ગાદલું સંકેલી, ઊંચકીને તેને ઠેકાણે મૂકતા. એટલું જ નહીં, પણ પોતે ઘરમાં હોય તેટલો વખત કોઇને કોઇ ઝીણું મોટું કામ કરતા જ રહેતા. એમનાથી અરસપરસના કે અવસરવરયા જરા જેટલી પણ સાખી શકાતી નહીં. એટલે કયાંયે રજ જેટલો પણ કચરો દેખે તો તે પોતાની મેળે જ સાફ કરી નાખે અને કોઇપણ વસ્તુ કયાંયે આડી અવળી પડી હોય તો તે તેને ઠેકાણે મૂકે. આપણા લોકોમાં ઘણે ભાગે બહારથી ઘરમાં આવતાં પગમાંના જોડા ઘરના મુખ્ય ભાગની બહાર રાખવાનો રિવાજ છે. પણ તે આપણે જેમ ફાવે તેમ મૂકી દઇએ છીએ. ઠક્કર બાપાને આમ જોડા ગમે તેમ પડેલા હોય તેની સામે ઘણી ચીડ હતી. પણ પોતે તે વિશે કદી કોઇને કશું કહેતા નહીં. જ્યારે વખત મળે ત્યારે સહુના જોડા પોતાને હાથે જ સરખા કરીને હારબંધ ગોઠવી દેતા. એમની આવી કેટલીક ખાસિયતો વિશે તો બીજી ઘણું લખી શકું તેમ છું. પણ અત્યાર એ અપ્રસ્તુત વાત બની જાય. અત્યારે તો મારે બીજી જ વાત કહેવાની છે.

હું તેમની સાથે મહિનોદિવસ રહ્યો, તેટલામાં જેમણે મને આવું આવું ઘણું શીખવ્યું અને સમજાવ્યું કે, 'ઘરમાં નોકર હોય તેનો અર્થ એવો ન કરવો કે, આપણું સઘળું જ કામ નોકર પાસે કરાવવું. નોકર પણ આપણે માણસ છે–સંગો નથી. તેના કામમાં તેને જેટલી મદદ આપી શકાય તેટલી

રાહતની એ કદર કરે છે. અને જો એ સમજુ હોય તો તેના બદલામાં આપણું કામ વધારે હોંશથી ને વધારે સારૂં કરે છે. વળી આપણે કૈં એવા મુંઝાળા કે નબળા માણસો નથી કે, સાધારણ શારિરિક મહેનતનું કામ ન કરી શકીએ. ઉલટું, એવું કેટલું કે કામ કરવાની તો આપણે જરૂર પણ છે. આપણે બધી રીતે નોકરના પરાધીન ન બની જઇએ અને શરીરમાં નકામી ચરબી ન વધે. આપણે નોકર આપણે નોકર રાખીએ છીએ, તે જે કામો આપણને કરવાં ભારે લાગે તે કરવા માટે, અથવા જે કામો પાછળ આપણને વખત વાપરવો ન પરવડે તે કરવા માટે. આપણે બુદ્ધિજીવી માણસો કારકુની, વેપાર, દલાલી વગેરે ઉદ્યમ કરીને કમાઇએ છીએ. એટલે આપણો ઘણોખરો સમય તેવા કામમાં વીતે છે. આપણે ઘર–કામ કરવા સારુ નોકરો રાખીએ છીએ. પણ તેનો અર્થ એવો તો હરગિઝ ન કારાય કે, જે કામ આપણાથી થઈ શકે તેવા હોય તે પણ આપણે ન કરતાં નોકર પાસે જ કરાવવાં. બીજી એક વાત ખાસ ધ્યાનમાં રાખજો કે, પોતાનું અંગત કોઇપણ કામ કદી હલકું ગણવું નહીં. તે કરવામાં શરમાવું નહીં. બાળકો, અશક્તો, અપંગો અપંગો અને બીમારો સિવાય કોઇએ પોતાનું કોઇપણ અગત કામ બનતા સુધી બીજા પાસે કરાવવું ન જોઇએ.'

એ વખતે હજુ મારી કિશોરાવસ્થા હતી. એ અવસ્થામાં પડતા સંસ્કારો ચિરંજીવ બને છે. એટલે આ વાત મારા મનમાં બરાબર ઠસી ગઇ. ત્યારથી હું મારાં પોતાનાં અંગત કાર્યો જેટલાં બને તેટલા જાતે જ કરતાં શીખ્યો. વખત જતાં મારી આર્થિક હાલત સારી થઈ અને હું નોકરો રાખી શકું તેવું બન્યું ત્યારે પણ નોકર તરફ હું હંમેશાં દયા ને માયાની લાગણી રાખતાં શીખ્યો. મારૂં પોતાનું જે કામ મારાવી બની શકે તેવું હોય તે નોકરોને ન જ ચીંધવું એવો નિયમ મેં ચુસ્તપણે પાળવા માંડયો, અસાધ્ય બીમારીથી હું અશક્ત થઇ ગયો ત્યારે જ આ નિયમમાં અપવાદ રાખવો પડયો.

આપણો દેશ ઘણોજ ગરીબ છે, એટલે જ્યાં ઘરકામ કરવા માટે નોકરો રાખી શકે તેવાં કુટુંબોની સંખ્યા વસતિના પ્રમાણમાં ઘણી નાની છે. પરંતુ દુનિયાના સહુથી ધનાઢય દેશ અમેરિકાનાં માણસો આપણા કરતાં પૈસેટકે ઘણા વધારે સમૃદ્ધ હોવા છતાં ત્યાં મોટા ભાગનાં કુટુંબોને ઘર કામ માટે નોકર રાખવો પરવડતો નથી. એવી જ સ્થિતિ ઇંગ્લેંડ તેમજ અન્ય દેશોમાં ઓછેવધતે અંશે પ્રવર્તે છે. આપણા દેશમાં અત્યારે તો જીવન એટલું મોંઘું બની ગયું છે, કે શહેરમા વસનાર માણસને જો ચારપાંચ જણના કુટુંબના ભરણપોસણ અને શિક્ષણની જવાબદારી હોય તો તેની આવક ઓછામાં ઓછી ૩૫૦–૪૦૦ જેટલી હોય તો જ તેને નોકર રાખવો પરવડે. આપણા કરતાં અમેરિક પ્રજાનું જીવનધોરણ ઓછામાં ઓછું પાંચગણું ઊંચું માની લઇએ તો મહિને ૪૦૦ ડોલર (આશરે ૨૦૦૦ રૂપિયા) કમાનારો અમેરિકન નોકર રાખી શકતો નથી. મહિને ૭૦૦ ડોલર (આશરે ૩૫૦૦ રૂપીઆ) કમાનાર કુટુંબને પણ નોકર પરવડતો નથી. અમેરિકામાં ૭ વરસ વસી આવેલ એક મિત્રના કહેવા પ્રમાણે 'આપણે ઘેર બાર–પંદર મહેમાનોને જમવા તેડયા હોય અને તેમના ભોજનની રકાબીઓ, ગ્લાસ, કાંટા–ચમચા વગેરે વસ્તુઓ સાફ કરવા માટે આપણે માણસ બોલાવીએ તો તેટલા કામના એ આશરે ૧૦ ડોલર (પચાસ રૂપીઆ) લે. આ એકજ વાત પરથી ત્યાં નોકરો કેટલા મોંઘા પડતા હશે તેનો ખ્યાલ આવી શકે છે અને માટેજ બહુ તવંગર ગણાતા માણસો સિવાય ત્યાં બીજાઓ ઘરકામ માટે નોકરો રાખતા નથી. ત્યાં ઘરનું કોઇપણ કામ આપમેળે કરી લેવામાં કુટુંબની કોઇપણ વ્યક્તિ શરમ કે નાનમ અનુભવતી નથી.

જ્યારે આપણો દેશ તો મોટેભાગે દરિદ્રોનો દેશ હોવા છતાં, એમાં વસતા જૂજ ધનાઢયો જાંતમહેનત ન કરે ને સઘળું કામ નોકરો પાસે કરાવે ત્યાં સુધી તો ઠીક, પરંતુ તેમની દેખાદેખીમાં અથવા પોતાની ખોટી મોટાઈ બતાવવા ખાતર મધ્યમવર્ગનાં અને

સામાન્ય સ્થિતિનાં લાખો કુટુંબો પણ જાતમહેનમાં શરમ માનતા થઇ ગયા છે. તેમાંયે હવેના જમાનામાં તો પુરુષો કરતાં સ્ત્રીઓ શારીરિક પરિશ્રમનું કામ કરવામાં શરમ અને નાનમ માનતી થઇ ગઈ છે. આમ થવાથી આપણા સમાજની આર્થિક હાલત કેટલી બધી કથળી ગઇ છે તેનો ખ્યાલ આપણને હજ પૂરો આવતો નથી.

આજથી આશરે ૫૦–૫૫ વરસ પહેલાંના આપણા સમાજની રહેણીકરણીનું ચિત્ર મારી યાદદાસ્તમાં બરાબર જડાઇ ગયેલું છે. ૫૦ વરસમાં અને વિશેષ કરીને ૧૯૨૯–૧૯૪૫ના વિશ્વયુદ્ધ પછી આપણી રહેણીકરણીમાં જે ફેરફાર થઇ ગયો છે તે જોતાં ઘણી વાર મને વિમાસણ થાય છે કે, આપણો સમાજ દિવસેદિવસે પ્રગતિ કરતો જાય છે એવું આપણને જે કહેવામાં આવે છે તે શું ખરું હશે ? મને તો ઘણીવાર એમ લાગે છે કે ઊલટા આપણે કેટલીક બાબતોમાં અધોગતિને માર્ગે જઇ રહ્યા છીએ. ૫૦ વરસ પહેલાંના આપણા સમાજમાં જીવનની જે મોજ હતી, જે શાંતિ હતી, જે મધુરતા હતી, જે સ્વસ્થતા અને સંતોષ હતા તેમાનું કંઇ પણ આજે જવલ્લે જ ક્યાંય જોવા મળે છે. પણ મારા આ કથનની સત્યાસત્યતાનો ન્યાય હવે પછી મારે જે કહેવાનું છે તે વાંચીને વાંચનારાઓ પોતે જ કરી શકશે.

જૂના જમાનામાં સમાજમાં શ્રીમંતો હતા, પણ તેઓને પોતાની શ્રીમંતાઇ જીરવતાં આવડતું હતું. પેઢી-દર-પેઢી થોડીથોડી વધતી જતી સંપત્તિથી જામતી જતી એમની શ્રીમંતાયમાં લક્ષ્મીને છાજે તેવી ગરવાઇ, સાદાઇ, નિરભિમાન અને ઉદારતા જેવા ગુણો પણ વધતા જતાં હતા. રાજા-મહારાજાઓ કે મોટા જમીનદારો જેવા અતિ શ્રીમંતોને બાદ કરતાં બાકીના વેપારી કે અમલદારવર્ગના શ્રીમંતોમાં આજના જેવા આડંબર કે આછકલાઇ જોવામાં આવતાં નહોતાં. તે જમાનામાં આજના જેવી વૈજ્ઞાનિક યાંત્રિક સગવડો નહોતી. એટલે આજે જે કેટલાક કામો સંસ્થાઓ વડે થઇ શકે છે તે પણ તે વખતે હાથે કરવા પડતાં. અને તેવા ઘણાં કામો શ્રીમંત કુટુંબની સ્ત્રીઓ પણ ખુશીથી કરતી. કૂવેથી પાણી ભરી લાવવા જેવું કે નદી-તળાવે કપડાં ધોવા જેવું આકરું શારીરિક મહેનતનું કામ શ્રીમંત કુટુંબોની સ્ત્રીઓ ભલે નહીં કરતી હોય, પણ ઘરમાં બેઠાંબેઠાં થઇ શકે તેવાં જાતમહેનતનાં ઘણાં કામો લક્ષાધિપતિ કુટુંબની સ્ત્રીઓ પણ ખુશીથી કરતી. તેમાં એ શરમ નહીં પણ ગૌરવ માનતી.

કોઇ પણ સુવ્યવસ્થિત અને સંસ્કારી સમાજ જો આર્થિક બાબતમાં સમૃદ્ધ અને સુખી થવા માગતો હોય તો તેમાં પુખ્ત વયની જે વ્યક્તિ કોઇપણ પ્રકારનો શારીરિક કે માનસિક પરિશ્રમ કરીને કોઇને કોઇ ઉપયોગી કામ ન કરે તે વ્યક્તિને ખાવાનો અધિકાર ન હોવો જોઇએ. માત્ર બાળકો, અતિવૃદ્ધો, અશક્તો, અપંગો અને માંદા માણસો સિવાય અન્ય કોઇને કેવળ બીજાઓની મહેનત-મજુરીથી પ્રાપ્ત થયેલી સગવડો ભોગવવાનો કોઇ હક્ક હોવો જોઇએ નહીં.

જૈન – જગત

વિદ્યાલયની એક વધુ શાખા :–

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની એક વધુ શાખા આણંદ–વિદ્યાનગર ખાતે ખોલવાનો નિર્ણય થતા મહા શુ. ૧૧ના વિદ્યાલયનો નવા મકાનનો શિલારોપણ વિધિ કરવામાં આવ્યો.

આજે ઉ–ચ કેળવણીની ભૂખ વધતી આવે છે તેમ આણંદના વિસ્તારમાં પણ એવું જ બન્યું છે આણંદ-વિદ્યાનગર એ વિદ્યાનું ધામ બન્યું છે અને જુદા જુદા સ્થળેથી ઘણાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અત્રે આવે છે, પણ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અત્રે પુરતી સગવડ ન હોવાથી કેટલાકને સંયોગોવશાત પોતાનો અભ્યાસ છોડવો પણ પડે છે. આ પરિસ્થિતિનો વિચાર કરી. આણંદ વિસ્તારના ભાઇઓને મહાવીર જૈન વિદ્યાલયની શાખા અત્રે ખોલાવવાની ભાવના થઈ અને ઉત્સાહપૂર્વક આ કાર્ય ઉપાડી આજે તેના શિલારોપણનો વિધિ કરવા તે ભાગ્યશાળી બન્યા છે એ આપણા માટે આનંદનો વિષય ગણાય.

વિદ્યાલયે આજે પોતાના શિરે જે મહાન જવાબદારીઓ ઉપાડી છે, તેમાં આણંદની શાખાનો એક વધારો થાય છે, કાર્યકરોને માટે આ કાર્ય જરા આકરૂં પણ ગણાય. એમ છતાં વિદ્યાલયના કાર્યકરોનો ઉત્સાહ જરૂર તેમને યશ અપાવશે એમાં શંકા નથી.

આમ આજે શિક્ષણ સંસ્થાઓ તેની જરૂરીયાતના પ્રમાણમાં વધતી આવે છે ત્યારે તેના સંચાલન માટે કેટલાક પ્રશ્નો આપણી સાથે ઉભા થાય છે અને તેનો ઉકેલ થોડી વધુ ચીવટ માગી લ્યે છે.

આવી સંસ્થાઓના સંચાલનમાં આર્થીક પ્રશ્ન મહત્ત્વનો છે, પરંતુ જે કાર્ય થાય છે તેના પ્રમાણમાં દાતાઓ પણ મળી રહે છે. એટલે આર્થીક સમસ્યા તો આ રીતે ઉકેલાય છે. પરંતુ તેનો મહત્ત્વનો પ્રશ્ન છે, આવી સંસ્થાઓના ગૃહપતિઓનો, વાસ્તવીક રીતે કુશળ ગૃહપતિ એ જ એ સંસ્થાનો પ્રાણ હોય છે. સંસ્થાના વિકાસનો કે સફળતાનો મોટો આધાર તેના ગૃહપતિઓ જ હોય છે. જ્યાં જ્યાં સંસ્થાને કુશળ ગૃહપતિ મળેલ છે ત્યા ત્યાં તે સંસ્થા યશસ્વી પણે પ્રગતિ સાધતી જ આવે છે પરંતુ આજે એવી ઘણી સંસ્થાઓ છે કે જ્યાં યોગ્ય ગૃહપતિઓ મળતા નથી અને પરિણામે સંસ્થાનો વિકાસ રુંધાય છે.

આવો જ બીજો પ્રશ્ન છે. ધાર્મિક શિક્ષણનો, આ વાત જરા વ્યાપક રીતે વિચારીએ તો આજે આપણું –રાષ્ટ્રનું નૈતિક બળ તુટતું આવે છે, પરિણામે અનેક અનર્થો વધતા જાય છે એટલે રાષ્ટ્રના ભલા ખાતર –સમાજના કલ્યાણ ખાતર આપણે ભાવિ પ્રજાના ઘડતર પ્રસંગે સંસ્કાર અને સંસ્કૃતિનો વિચાર ગંભીર-પણે કરવા વીના છુટકો જ નથી. એટલે "ધાર્મિક શિક્ષણ"ની યોજના એવી રીતે કરવી ઘટે કે અભ્યાસકો ધાર્મિક શિક્ષણ રસપૂર્વક લેતા રહે અને એ રીતે આપણું નૈતિક બળ જળવાય રહે–વધતું આવે, બીજી રીતે કહીએ તો "સા વિદ્યા યા વિમુક્તયે" એ આપણું જીવન–સૂત્ર છે, અને વિદ્યાનો સાચો

અર્થ "આત્મશુદ્ધિ" "માનવતાનું દર્શન" જો હોય તો તે સિદ્ધ કરવા આપણે ખતનું કરવું જોઇએ.

આમ 'કુશળ ગૃહપતિ' અને "રસમય ધાર્મિક શિક્ષણ" બે પ્રશ્નો આપણી શિક્ષણ સંસ્થાઓની સફળતા માટે મહત્વની વિચારણા માગે છે. શિક્ષણ-પ્રેમીઓ આ વાતનો ગંભીરપણે વિચાર કરે અને તેનો યોગ્ય માર્ગ યોજે એ જ મારેચ્છા.

ના, એ નહિ બને

સ્કુલોમાં અભ્યાસ કરતા કુમળા બાળકોને, જેઓ સેવા માગતા હોય તે બાળકોને ફરાવ કર્યાની વાત જગજાહેર છે. અહિંસા પ્રધાન રાષ્ટ્રમાં આ રીતે હિંસક સંસ્કારો ઉગતી પ્રજામાં પાડવાનો આ પ્રયોગ ભારતની અહિંસા પ્રધાન જનતાને ન ગમ્યો, અને પંજાબ સરકારના ઈંડા આપવાના આ ફરાવ સામે સ્થળે સ્થળેથી વિરોધનો સુર જાગ્યો.

પંજાબની સરકાર સમક્ષ નિવેદનો રજુ કરીને એ પણ પૂર્વાર કરવામાં આવ્યું કે આવા ફરાવથી આપણે ઉગતી પ્રજાને હિંસા તરફ વાળી રહ્યા છીએ શાકાહાર અને દુધ એ આપણું નૈસર્ગીક ખાણું છે, અને તેમાં ખરી તાકાત રહેલી છે વગેરે દલીલો કરવા પછી પણ પંજાબની સરકારે નાસ્તામાં ઈંડા આપવાની વાતને જક્કીપણે પકડી રાખી છે, અને સાફ શબ્દોમાં જણાવ્યું છે કે અમો તો બાળકોને નાસ્તામાં ઈંડા આપવાના જ છીએ, (મરજીવાત) તમારી વાત અમોને માન્ય નથી.

પંજાબ સરકારના આ જવાબથી જરૂર આપણને નિરાસા પ્રાપ્ત થાય છે. એમ છતાં સરકારને મનાવવાના અને ઈંડા આપવાનું બંધ કરાવવાના આપણા પ્રયાસો હજુ આપણે ચાલુ રાખવા જ જોઇએ અને તેમાં સફળતા ન મળે ત્યાંસુધી વધુ જાગૃત અને પ્રયત્નશીલ રહેવું જરૂર છે.

બે સમારંભો

મુંબઇ ખાતે તાજેતરમાં બે સમારંભો ઉજવાઇ ગયા, તેમાંનો એક શ્રી મોહનલાલજી મહારાજનો અર્ધશતાબ્દિ સ્મારક ગ્રંથના ઉદ્ઘાટનનો અને બીજો ભક્તકવિ શ્રી શિવજી દેવશીના મંદિરી મહોત્સવનો.

પૂ. શ્રી મોહનલાલજી મહારાજ એટલે જ્ઞાન અને ચારિત્રના બળે સ્વજીવનને ધન્ય કરી ગયેલ એક સાચા સાધક તરીકે, તેઓશ્રીએ પ્રથમ યતિ-દીક્ષા લીધી હતી પણ ત્યાગ અને સંયમના એક સાચા સાધક તરીકે, તેઓશ્રીએ શ્રમણત્વનો સ્વીકાર કર્યો અને પોતાના જ્ઞાન અને ચારિત્રના બળે જૈન સંઘ ઉપર અનેક ઉપકારો કર્યા મુંબઇ અને સુરત ઉપર ખાસ કરીને તેઓશ્રીનો મોટો ઉપકાર હતો. આજે ધાર્મિક, સામાજીક અને શિક્ષણના ક્ષેત્રે મુંબઇ-સુરતમાં જે સંસ્થાઓ યશસ્વીપણે શોભી રહી છે તે તેઓશ્રીની પ્રેરણાનું શુભ પરિણામ હતું.

તેઓશ્રીના સ્વર્ગવાસને પચાસ વરસ પુરા થયા. એ સ્મૃતિરૂપે સદગતના જીવન અને કવનનો ખ્યાલ આપતો એક સ્મારકગ્રંથ તૈયાર કરવાનો કેટલાક ભક્તોએ નિર્ણય કર્યો. શ્રી ફત્તેચંદ ઝવેરભાઇ, શ્રી મતમુખલાલ તારાચંદ શ્રી જયન્તીલાલ રતનચંદ આદિની રચવામાં આવેલ સમિતિએ શ્રીમદ્ મોહનલાલજી મહારાજ અર્ધ-શતાબ્દિ સ્મારક ગ્રન્થ તૈયાર કર્યો અને પો. વ. ૧૩ના એક સમારંભ યોજી શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના હસ્તે તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ રીતે પોતાના એક પરમ ઉપકારી પૂ. મુનિ શ્રી મોહનલાલજીની પુણ્ય-સ્મૃતિને યાદ કરી ધન્યતા અનુભવી.

બીજો સમારંભ ભક્ત કવિ શ્રી શિવજી દેવશીના મણી મહોત્સવનો. શિવજીભાઇ એટલે એક જાગૃત વિભૂતિ. શિક્ષણ અને સમાજોદ્ધારના કાર્ય માટે તેઓશ્રીએ પોતાનું સારૂએ જીવન સમાજને ચરણે ધર્યું છે, જ્યારે "ક્રાન્તિ"ની વાત કરવી એ પણ મુશ્કેલ કાર્ય હતું. ત્યારથી તેઓશ્રીએ પોતાની સતેજ વાણી અને કલમથી જનતામાં નવું ચેતન રેડતા આવ્યા છે. અને સાહિત્ય અને શિક્ષણની સંસ્થાઓ ઉભી કરી તે દ્વારા નોંધપાત્ર સેવાઓ કરી છે.

તેઓશ્રીનો ૮૫ વરસનો મણિ મહોત્સવ તેમના શુભેચ્છકો તરફથી તા. ૫-૧-૬૪ના મુંબઇ ખાતે યોજવામાં આવેલ અને આ પ્રસંગને અનુલક્ષિને શિવજીભાઇના જીવનનો પરિચય આપતો એક મોટોતીયર ગ્રંથ તૈયાર કરવામાં આવેલાં જે તેઓશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો તેમજ શ્રી કચ્છી દસા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન (મુંબઇ) તથા શ્રી કે. દ. ઓ. મહાજન પારોલા (ખાનદેશ) આદિ તરફથી ભક્તકવિને સન્માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતા અને શુભેચ્છા પાઠવવામાં આવેલ.

યોગ્ય પુરૂષની યોગ્ય કદર કરવામાં આવેલ આ સમારંભને આવકારતા અમો શ્રી શિવજીભાઇનું દિર્ઘઆયુષ્ય પ્રાર્થીએ છીએ.

કેટલાક અમૂલ્ય પ્રકાશનો

ઘરમાં સંસ્કારનું વાતાવરણ સર્જી શકાય અને ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તેવા ઘણાં પ્રકાશનો આ સભાએ પ્રગટ કર્યા છે.

આવા પ્રકાશનોમાંથી સસ્તી-કીંમતે કેટલાક અમૂલ્ય પ્રકાશનોનો એક સેટ અમોએ તૈયાર કર્યો છે જે આપના ઘરમાં—કે લાયબ્રેરીમાં અવશ્ય રાખવા જેવો છે તો જરૂર મંગાવશો.

વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

ભાડે આપવાનું છે

ભાવનગર ખારગેટ-દાઉદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે આ મકાનનો ત્રીજો-ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઈઓએ નીચેના સ્થળે મળવું.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પૃષ્ઠ
૧.	જિનવાણી	....	૬૧
૨.	પદસ્થ ધ્યાનનું સ્વરૂપ	મારતર મેવારામ જૈન	૬૨
૩.	જીવનયાત્રા કેમ સુંદર બને ?	'ચિત્રભાનુ'	૬૩
૪.	સુખનાં સધનો અને હૃદયનું સંકોચન	કલાવતી વોરા	૬૫
૫.	કચ્છની તીર્થયાત્રા	મનસુખલાલ તારાચંદ મહેતા	૬૬
૬.	સત્યાસત્ય ગવેષણા	રા. રા. જીવરાજભાઈ દોશી	૭૧
૭.	જાત-મહેનતનું ગૌરવ અને માધુર્ય	રામુ ઠક્કર	૭૫
૮.	જૈન-જગત	....	૭૭

"આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક

"આત્માનંદ પ્રકાશ"નો આવનો અંક હવે ફાગણ-ચૈત્રના સંયુક્ત અંક તરીકે "**મહાવીર જયંતિ**" અંક તરીકે તા. ૨૦-૪-૬૪ના રોજ પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારીને અંગે આ માસિક ખોટમાં ચાલે છે, એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને એને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતું કરી રહ્યા છીએ અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "મહાવીર જયંતિ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી સારી રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે. તો વિદ્વાન આચાર્યો, મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો આ માસની આખર સુધીમાં બને તેટલા વેલાસર અમોને મોકલી આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે યોગ્ય જાહેર ખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે અને તે અંગે અમોને યોગ્ય સહકાર પણ મળ્યો છે.

વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય-શિક્ષણ સંસ્થાઓને અમારી વિનતિ છે કે મહાવીર જયંતિ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી જ્ઞાનપ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

આ માસિકમાં અપાતી જાહેર ખબરનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો આપને ખાત્રી આપીએ છીએ.

—જાહેરાતના દર—

પેજ આખું, રૂ. ૩૦ : પેજ અર્ધું, રૂ. ૧૮.
ટાઈટલ પેજ ત્રીજું, રૂ. ૪૦ : ટાઈટલ પેજ ચોથું, રૂ. ૫૦.
આપનો લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.

શ્રી જૈન આત્માનંદ પ્રકાશ : ભાવનગર.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંકૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે તો જેઓએ તે વસાવેલ ન હોય તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે.

સંસ્કૃત ગ્રંથો

ખાસ સગવડ :–સંસ્કૃત વિભાગમાં નંબર એકથી સાત સુધીના ગ્રંથોનો સ્ટોક લગભગ ખલાસ થવા આવ્યો હતો, પરંતુ કેટલાક જ્ઞાનભંડારો વગેરેની માગણી આવતાં ખાસ અનામત સ્ટોકમાંથી તે કાઢવામા આવ્યા છે, જે તેમાં દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન આપવામાં આવશે.

૧ વસુદેવ હિન્દી . (પ્રથમ અંશ) ૧૦–૦૦
૨ વસુદેવ હિન્દી : (દ્વિતીય અંશ) ૧૦–૦૦
(બંને ભાગ સાથે જ આપવામાં આવશે)
૩ મા. દેવેન્દ્રસૂરિકૃત ટીકાયુક્ત કર્મગ્રંથ
મા. રજો (પાંચ અને ૭) ૬–૦૦
૪ કથારત્નકોષ–મૂળ માગધી (ગેઝેટ) ૮–૦૦
૫ જૈનમેઘદૂત ૨–૦૦
૬ પ્રકરણ સંગ્રહ (પ્રતાકારે)
(જેમાં સિંદુર પ્રકરણ મૂળ તત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, યુગસ્થાનકમારોદ મૂળ છે.) ૦–૫૦
૭ ત્રિષષ્ટી પર્વ મા. શ્લો. (મૂળ સંસ્કૃત) ૬–૦૦
૮ ,, મા. રજો ([illegible]) ૮–૦૦
૯ ,, (પ્રતાકારે) ૧૦–૦૦

લખો : શ્રી જૈન આત્માનંદ સભા —ભાવનગર

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી.
મુદ્રક : અનંતરાય દરિયાલ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર.



શ્રી આત્માનંદ પ્રકાશ

મહાવીર જન્મ જયંતિ અંક

વર્ષ : ૬૧ ફાગણ ચૈત્ર અંક ૫-૬

પ્રકાશક :-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

તપ જગતમાં તપ વગર કોઇને કશી પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે? ના. વ્યાવહારિક જીવનમાં આપણે કોઇપણ ક્ષેત્ર લઇએ, તેમાં જે જે વિચારો ફલદાયક બન્યા, તેમની પાછળ કોઇપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓનું તપ હોય છે જ. સૈકાઓથી વૈજ્ઞાનિકો ભૌતિક પદાર્થોના ગુણધર્મો શોધવામાં પડ્યા છે અને તેમની તપશ્ચર્યાના પરિણામે 'અણુશક્તિ' શોધાઈ. આ અણુશક્તિનો ઉપયોગ માનવ કલ્યાણાર્થે કે વિનાશાર્થે કરવો એ જુદો પ્રશ્ન છે. સારાંશ એ છે કે તપનું ફળ મળે છે જ.

ગ્રામ : " Jahangir "

ફોન નં. મીલ : ૨૮૦

બંગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટ

મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોક્સ નં. ૨

ભાવનગર

શાપરીઆ

બીલ્ડર્સ ઓફ

- બાર્જીસ
- લાઈટ બોટસ
- ટગસ
- ડ્રેજર્સ
- પેસેન્જર વેસલ
- પોન્ટૂન્સ
- મૂરીંગ બોયાઝ
- બોયાન્ટ એપાર્ટસ વગેરે.

શીપ બીલ્ડર્સ
અને
એન્જીનીઅર્સ

મેન્યુફેક્ચરર્સ ઓફ

- રોલીંગ શટસ
- કાયર પ્રૂફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોસ
- રીફયુસ હેન્ડ કાટર્સ
- પેલ ટ્રેન્સીંગ
- લેડ-ગુલાઈટ
- મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે.

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

પ્રાઈવેટ લીમીટેડ

હેડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી
મુંબઈ-૧૫
ફોન નં. ૬૦૦૭૧/૨

બ્રાન્ચ અને એન્જીનીઅરીંગ વર્કસ
પરેલ રોડ ક્રોસ લેન
મુંબઈ-૧૨
ફોન નં. ૪૦૪૦૮

તપ જગતમાં તપ વગર કોઇને કશી પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે ? ના. વ્યાવહારિક જીવનમા આપણે કોઇપણ ક્ષેત્ર લઇએ, તેમાં જે જે વિચારો ફલદાયક બન્યા, તેમની પાછળ કોઇપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓનું તપ હોય છે જ. મૈકાઓથી વૈજ્ઞાનિકો ભૌતિક પદાર્થોના ગુણધર્મો શોધવામાં પડ્યા છે અને તેમની તપશ્ચર્યાના પરિણામે 'અણુશક્તિ' શોધાઈ. આ અણુશક્તિનો ઉપયોગ માનવ કલ્યાણાર્થે કે વિનાશાર્થે કરવો એ જુદો પ્રશ્ન છે. સારાંશ એ છે કે તપનું ફળ મળે છે જ.

ગ્રામ : " Jahangir "

ફોન નં. મીન : ૨૮૦

બગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટ

પોસ્ટ બોક્સ નં. ૨

મંગળદાસ જેસીંગભાઈ મન્સ પ્રા. લી.

ભાવનગર

આ સભાના માનવંતા નવા પેટ્રન

શેઠ શ્રી રાયચંદ લલ્લુભાઇ સંઘવી

શેઠશ્રી રાયચંદ લલ્લુભાઈ સંઘવી

ચોરાશી વર્ષની વૃદ્ધ વયે પણ પોતાની ધાર્મિક પ્રવૃત્તિમાં સદા જાગૃત રહેલા, સાદાઈ, સરળતા અને ધાર્મિક ભાવનાથી અલંકૃત શ્રીયુત રાયચંદભાઈનો જન્મ સૌરાષ્ટ્રના સુવિખ્યાત તીર્થધામ ઘોઘા બંદરમાં સં. ૧૯૩૬ ના આસો વદિ અમાસ શનિવારે સંઘવી શ્રી લલ્લુભાઇ કકલને ત્યાં શ્રી દેવકુંવરબેનની કુક્ષિએ થયો હતો.

શેઠશ્રી રાયચંદભાઈનો મૂળ વેપાર તો કાપડનો. કુટુંબના ઉત્કર્ષ માટે તેઓ મુંબઈ ગયા અને ધીમે ધીમે વ્યાપારક્ષેત્રમાં સારી પ્રગતિ કરી. આજે તેમના બંને સુપુત્રો શ્રી મતુભાઈ તથા શ્રી નવીનચંદ્રભાઈ ઈલેક્ટ્રીક સામાનના ધંધામાં સારૂં એવું સ્થાન જમાવી શક્યા છે.

પ્રાપ્ત કરેલી લક્ષ્મીનો શ્રી રાયચંદભાઈ પોતે સદ્વ્યય પણ ઠીકઠીક કરી રહ્યા છે. આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી, આ. શ્રી વિજયોદયસૂરિજી, આ. શ્રી વિજયનંદનસૂરિજી, આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી, આદિ ૩૧ સાધુઓ તથા ૨૨ સાધ્વીજીઓ સહિત સં. ૧૯૯૦ માં તેઓશ્રીએ ઘોઘાથી શ્રી સિદ્ધાચલજી તીર્થનો છ-રી પાળતો સંઘ કાઢી પોતાની ધાર્મિક ભાવના સારી રીતે વ્યક્ત કરી હતી. તેમ જ પોતાના કુટુંબ પૂરતો શ્રી શંખેશ્વરજી તીર્થનો સંઘ તાજેતરમાં કાઢ્યો હતો. એમણે શ્રી સિદ્ધગિરિજીની નવાણું યાત્રા ચાલીને સં. ૧૯૯૪ માં કરેલી છે.

ધાર્મિક સંસ્કારોથી તેમનું કુટુંબ રંગાયેલ છે. તેમના બેન શ્રી પાર્વતીબેન સં. ૧૯૫૭ માં ભાગવતી દીક્ષા અંગીકાર કરી સાધ્વી હિંમતશ્રીના નામથી સારી રીતે ચારિત્રધર્મ પાળી રહ્યા છે. તેમના પત્ની બા. સો. સમરતબેને વર્ષીતપ, ઉપધાન, અઠ્ઠાઈ, પંદર ઉપવાસ વગેરે તપશ્ચર્યાઓ કરી છે, પોતે પણ ધર્મપત્ની સહિત ગત વર્ષમાં પાલીતાણામાં ચોમાસું કરી નવકારસી જમણ કરેલ હતું. તેમણે સમેતશિખરજી, કેસરિયાજી વિ. તીર્થોની યાત્રાઓ પણ કરેલી છે.

તેઓશ્રીએ ઉદાર સખાવતો પણ કરી છે. પાલીતાણા શ્રાવિકાશ્રમ, દોલતનગર જ્ઞાન-મંદિર, લાલબાગ ધર્મશાળા, બોટાદ ઉપાશ્રય, ભાવનગર ભોજનશાળા, ધાર્મિક શિક્ષણ ઈનામી ફંડ, પાલીતાણા સેવાસમાજ દવાખાનું, તેમજ દોલતનગર ઉજમણું, પ્રતિષ્ઠા, વર્ધમાન તપ વગેરે સંસ્થાઓ અને ખાતાંઓમાં યોગ્ય દ્રવ્ય સહાય આપેલી છે.

આ સભાના તેઓશ્રી માનવંતા પેટ્રન થયા છે. તે બદલ અમે તેનો આભાર માનીએ છીએ. તેઓ લાંબું આયુષ્ય ભોગવે અને ધર્મ તથા સમાજના હિતમાં વધારે અને વધારે સહાયક બનતા રહે એવું અમે ઇચ્છીએ છીએ.

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૧ | ૧૦મી એપ્રીલ, ૧૯૬૪ | અંક ૫-૬

જિનવાણી

एवं खु नाणिणो सारं
जं न हिंसति किंचण ।
अहिंसा समयं चेव
एयावन्तं वियाणिया ॥

न लवेज्ज पुट्ठो सावज्जं
न निरट्ठं न मम्मयं ।
अपणट्ठा परट्ठा वा
उभयस्सन्तरेण वा ॥

दन्तसोहणमाइस्स
अदत्तस्स विवज्जणं ।
अणवज्जेसणिज्जस्स
गिण्हणा अवि दुक्करं ॥

विभूसा इत्थिसंसग्गो
पणीयं रसभोयणं ।
नरस्सऽत्तगवेसिस्स
विसं तालउडं जहा ॥

કોઇને પણ પીડા ન કરવી એ જ્ઞાનીઓ માટે સારરૂપ છે. અહિંસાનું આટલું જ તાત્પર્ય સમજવા તો ય પણ છે.

પોતાને માટે અથવા પારકાને માટે અથવા બેમાંથી ગમે તેને માટે કશું પૂછવામાં આવે તો પાપવાળું વચન બોલવું નહી; એ જ પ્રકારે નિરર્થક વચન અગર તો મર્મભેદી વચન પણ બોલવું નહીં.

દાંત ખોતરવાની સળી જેવી તુચ્છ વસ્તુને પણ માલિકને પૂછ્યા વગર વા માલિક આપ્યા વિના આણી. હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ. સંયમીએ પોતાને માટે એવી નિર્દોષ વસ્તુઓને શોધીને લેવી એ ભારે દુષ્કર છે.

જે મનુષ્ય પોતાના આત્માની શોધ કરવા તત્પર બન્યો છે તેને માટે દેવનો શણગાર, સ્ત્રીનો સંસર્ગ, અને ઘી-માખણ યુક્ત રસવાળું સ્વાદુ ભોજન, તાલપુટ ઝેર જેવાં ભયંકર છે.

શ્રી મહાવીરપ્રભુ સ્તવન.

(રાગ–રઘુપતિ રાઘવ.....)

જિનશાસનના જ્યોતિર્ધાર, શાસનનાયક વીરકુમાર;
વીરકુમાર વીરકુમાર, ભાવે ભજ તું વીરકુમાર. જિન૦ ૧

ક્ષત્રિયકુંડ નગર મોઝાર, સિદ્ધારથ કુલ લે અવતાર;
ચૈત્ર સુદિ તેરશદિન સાર, જન્મ્યા પ્રભુજી જય જયકાર. જિન૦ ૨

જિનશાસનમાં ઊગ્યો ભાણ, ઝળહળતો તેજસ્વી અપાર;
કુમતાતિમિરનો કરી સંહાર, કીધો ધર્મ અહિંસા પ્રચાર. જિન૦ ૩

માર્ગ ભૂલ્યો હું આ સંસાર, નિશદિન ભ્રમણ કરું ગતિ ચાર;
ઉતારો ભવસાગર પાર, ત્રિશલાનંદન કરો ઉદ્ધાર. જિન૦ ૪

વન્દે વીર કરું ઉચ્ચાર, તું સ્વામી મુજ તું આધાર;
જંબૂવિનતિ કરો સ્વીકાર, કર દો પ્રભુજી બેડો પાર. જિન૦ ૫

—મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી
મુનિ જંબૂવિજય.

—: ભગવાન મહાવીર :—

રચયિતા : મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

તતિલકા—

સંસારમાં પ્રબળ હિંસક રાજ્ય વ્યાપ્યું,
સર્વત્ર નિર્દય જને નિજ જોમ સ્થાપ્યું;
ને ધર્મનામ પર કેક બલિ ચઢંતા,
સ્વાર્થી જનો વિષમ દુષ્પથમાં વહતા. ૧

ત્રાસી ઊઠી દશ દિશા અતિ આર્ત્તનાદે,
હિંસા હસે ગરજતી તહીં અટ્ટહાસે;
યજ્ઞાદિ કર્મ પણ હિંસક તત્ત્વપૂર્ણ,
દાનાદિ ધર્મ પણ ત્યાં બનતો વિશીર્ણ. ૨

એ આર્ત્તનાદ સુણી એક સુદિવ્ય આત્મા,
સંહારવા સકલ દુર્જનને પરાત્મા;
જન્મે સુદેવ ત્રિશલાની સુપુત્ર કુંખે,
દેવો સવિસ્મય બની પ્રભુજન્મ દેખે. ૩

તત્ત્વાનુભૂત વિષયોની ન તુચ્છ વાંછા,
રાજેંદ્રના સુત છતાં નવ ભોગ ઇચ્છા;
વૈરાગ્યના પરમમાર્ગ તણી સમીહા,
જાગી અહો! વિષમ ચક્રતણી જિગીષા. ૪

ઇન્દ્રે ભર્યો રૂપતણા ધનથી અતિશે,
ભંડાર સર્વ યુવરાજ સુદાન દીધે;
ને ત્યારબાદ યુવરાજ તજે સ્વરાજ્ય,
ભાવે ભજે વિમલ સંયમતું સુરાજ્ય. ૫

ઉદ્દાગિયા પ્રભુવરે શુભ જ્ઞાન આપી.
આત્મા ઘણા કુમતિવેલ પ્રપૂટ કાપી;
સંસારમાં પસરી પ્રેમભરી અહિંસા,
દેખાય ના જગતમાં વસમી પ્રહિંસા. ૭

અજ્ઞાનતા તમસ દૂર થઈ ગયા ને,
આત્મા વિષે પરમ કેવલજ્ઞાન જાગે;
તત્ત્વો નવાં અનુભવે જન તે સુણે ને,
આનંદમંગળ સરે સહુ ગીત સાથે. ૬

અનુષ્ટુપ્—

જગદુદ્ધારના કર્તા મહાવીર પ્રભુજીની,
ઊજવાઓ સદા આંહી જયંતી હર્ષથી ભરી
સંસારના બધા ભાગે ફરકો વિજયધ્વજા,
મહાવીરતણી શ્રેષ્ઠ અહિંસા પસરો સદા. ૮

તીર્થંકર સ્તુતિ

त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं
ब्रह्माणमीश्वरममंतममंगकेतुम् ।
योगेश्वरं विदितयोगमनेकमेकं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति संतः ॥

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात्।
धातासि धीर शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि॥

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमो जिन! भवोदधिशोषणाय॥

આદિ પ્રભુ! કાંઈ ન્યૂન ન તુજમાં અચિંત્ય અસંખ્યિત તુજ તારા
બ્રહ્મા ઈશ્વર અનંત તું છે કામજીત તવ ધ્વજ ન્યારા
યોગીજનોનો ઈશ્વર તું છે વિવિધ યોગ પર્યાય તણો
જ્ઞાનરૂપ તુજસમ નહીં બીજો તુજને પૂજે સંતજનો.

તું જ બુદ્ધ, તવ ચરણો પૂજે બુદ્ધિમંત વિબુધો ભાવે
શંકર પણ તું ત્રણે ભુવનમાં શાંતિ ખરેખર તું લાવે
મોક્ષમાર્ગનું વિધાન દાખે તેથી ધાતા તુજ સ્વીકાર
ભગવન્ તું તો પરમ પુરૂષ છે એમાં કો સંદેહ નહીં

ત્રિભુવનના તું દુઃખ હરે છે તેથી મારા નમન તને
અવનીનો તું અલંકાર છે તેથી મારા નમન તને
ત્રણે જગતનો પરમેશ્વર તું તેથી મારા નમન તને
ભવજલનિધિ શોષણકારક તું તેથી મારા નમન તને
(ભક્તામર ભોંયી સાભાર)

જ્ઞાનરવિ પ્રભુ મહાવીર.

(લેખક-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

જગતની ધારણા પોષણા અને જગતનું કલ્યાણ શી રીતે થાય તેમજ જગતને શ્રી જિનશાસનનો રંગ શી રીતે લાગે અને જગતને આત્માની ઓળખાણ સુલભ રીતે કેમ થાય એવી તાલાવેલી અને શુભેચ્છા જેમની રગેરગમાં રમી રહેલી હોય છે એવા તીર્થંકર ભગવંતો આ જગતમાં અનાદિકાળથી પ્રગટ થતા આવેલા છે. અને અનુક્રમે અનંતકાળ સુધી તેવા સત્પુરૂષો આ જગતના મંચ ઉપર પ્રગટ થવાના છે, એવું જૈનશાસ્ત્રકારો માનતા આવેલા છે.

એક તીર્થંકર ભગવંત પ્રગટ થાય છે. જગતની પરિસ્થિતિનું નિરીક્ષણ કરે છે. અને ભાન ભૂલેલી જનતાને ઠેકાણે લાવવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરી લોકોને સુલભ માર્ગદર્શન કરે છે. ઘણા લોકો તે માર્ગે પ્રયાણ આદરે છે. પણ બીજી અનંત જનતાને તેમના માર્ગનું પૂરેપુરૂં આકલન નહીં થવાને લીધે ફરી જનતા ગોથાં ખાતી રહે છે. અધિકાંશ જનતા અલ્પજ્ઞ અને અવિદ્યાથી ઘેરાએલી હોવાને લીધે કેટલાએક અર્થદગ્ધ માનવો પોતાને સર્વજ્ઞ સમજી પ્રભુએ ઉપદેશેલા માર્ગને અંશતઃ વિકૃત સ્વરૂપ આપવા માંડે છે. અને પોતે કલ્પી લીધેલા જ્ઞાનનો (અજ્ઞાનનો) તેમાં ઉમેરો કરી એક નવી જ કલ્પના જનતામાં રૂઢ કરવાનો પ્રયાસ કરે છે, અને સાચું જ્ઞાન પોતાની પાસે જ છે એવો ઉદ્ઘોષ કરવા માંડે છે, અને એવા તો અનેક (અ)જ્ઞાની ભુદેવોનો રાફડો ફાટે છે. અરાજકતા ફેલાય છે. અને પંથો ફેલાવા માંડે છે. તેઓ દરેક પંથમાં અનેકોને જોડી પોતાનો જુદો ચોકો માંડે છે. લોકોને કહે છે કે, અમો જ સાચા અને બીજા બધા ખોટા ! સામાન્ય જનતા ભોળવાઇ વિમાસણમાં પડે અને સાચા કોણ અને ખોટા કોણ એ ઓળખી શકે નહીં. એવી પરિસ્થિતિમાં અનેક પંથો, ગચ્છો, સમુદાયો પેદા થાય અને એ બધા આપસમાં લડી વિસંવાદી વાતાવરણ ઉત્પન્ન કરે એ દેખીતું જ છે.

આવી પરિસ્થિતિમાં આખા દેશની સૂરત બદલાઇ ગએલી હોય, અનેક નવી નવી ઘટનાઓ બની ગએલી હોય. નવાં નવાં રાજ્યો સ્થપાએલાં હોય, ભાષામાં ફેરફાર થઈ ગએલો હોય. અનેક આચારો અને અનુષ્ઠાનોના મૂલ્યો પલટાઈ ગએલા હોય, વિદ્યાનનો પગપેસારો દરેક હીલચાલોમાં થઈ ગએલો હોય, નવા નવા સિદ્ધાંતોનાં મૂલ્યો વધી ગએલાં હોય, લોક ભાવનામાં પલટો આવેલો હોય, જુની સંસ્કૃતિમાં કાલાનુસાર નવો ઉમેરો થઈ ગએલો હોય, એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં ધરમૂળથી ફેરફાર થઈ ગએલો હોય ત્યારે નવો માર્ગ ઘટતા સુધારા વધારા કરી લોકો આગળ મૂક્યા વગર ચાલે નહીં. આ કપરૂં કાર્ય કોણ કરે ?

એવા પ્રસંગે તીર્થંકર ભગવંતની અનિવાર્ય આવશ્યકતા ઉત્પન્ન થાય છે. અને આવું કાર્ય કરવાનું કામ એવા મુક્ત થવાની તૈયારીમાં રહેલા મહાત્માઓ જ ઉપાડી શકે છે. સામાન્યોનું એ કામ નહીં.

એવા મહાપુરૂષોને પોતાની જીવનલીલા સંકેલી લેવાની હોય છે. ગત ભવોમાં કરેલા કર્મોનો પૂરો ભોગવટો કરી લેઈ નવાં કર્મોનો જન્મ થવા અવસર જ ન મળે એની તકેદારી રાખવાની હોય છે. એવા મહાત્માઓ જ નવા તીર્થપતિ થઈ શકે છે.

એવા તીર્થંકર ભગવંતો દેશ, કાલ અને પરિસ્થિતિનો વિચાર કરી પોતાના કાર્યનો આરંભ કરી દે છે સિદ્ધાંતો ક્યાં અને કેવી રીતે ભૂલાઈ ગયા છે; ગેરસમજૂતી અને ગેરરીતિઓ ક્યાં પ્રચલિત થઈ છે તેનો તોલ કાઢી નવેસરથી બધા સિદ્ધાંતો લોકો આગળ મૂકે છે. લોકોને ખાતરી થાય છે કે, આપણો તારણહાર આવ્યો ! જગતનો ઉદ્ધારક આવ્યો, સાચો માર્ગ બતાવનારો આવ્યો, આપણી ત્રુટીઓ અને ભૂલો સુધારનારો ગુરૂ આપણને મળી ગયો ! નવા તીર્થપતિ પોતાના ત્યાગ, વૈરાગ્ય અને

શુદ્ધ આચરણથી અને ભાવનાથી લોકોને આકર્ષી, જાણે નવો જ શુદ્ધ માર્ગ નિર્માણ કરે છે.

પ્રભુ મહાવીરને અત્યંત પ્રતિકૂલ અને કપરા કાળમાંથી પોતાની શ્રમણ સંસ્કૃતિને સ્થાપન કરવાની હતી.

ધર્મનાં સૂત્રો ઐહિક પુરોહિતોના હાથમાં જઇ પડેલાં હતાં. સ્વાર્થ, સુખોપભોગ, વિલાસ, વૈભવ વિગેરે મેળવવાની અને લાલસાની પૂર્તતા કરવાના અનુષ્ઠાનોએ ધર્મનું સ્વાંગ લીધું હતું. ધર્મના નામ પર અનેક અનુષ્ઠાનોનો પ્રચાર થઇ રહ્યો હતો. નિર્દોષ અને અસહાય મૂક પશુઓની હત્યા સરેરાસ ચાલી રહી હતી. ધર્મ બતાવનારાઓ સ્વાર્થી, લંપટ અને દંભી બની ગયા હતા. પશુઓની હત્યા કરી તેમને સ્વર્ગમાં મોકલવાનો ઇજારો સ્વાર્થાંધ લોકોએ પોતાના હાથમાં લેઇ લીધેલો હતો. અને એ બધું અંધેર ધર્મના નામે ચઢાવી દેવામાં આવ્યું હતું.

ધર્મના મંત્રો લોકોના કાને પણ ન પડે અને કદાચ કોઇને કાને પડે તો જેના કાને પડે તેને જ સજા કરવામાં આવતી, પુરોહિતો ગમે તેવો ગુનો કરે તેને માફી કરી દેવામાં આવતી. સામાન્ય જનતાને શાસ્ત્રો સાંભળવાનો અધિકાર જ ન હતો. શાસ્ત્રો પણ સંસ્કૃત ભાષામાં જ રહ્યા હતા. લોકભાષાથી ધર્મ અલગાઇ જતો હતો.

સ્ત્રીઓનો દરજ્જો ઘટાડી દેવામાં આવ્યો હતો. ઘરમા રહેલા રાચરચીલા અને આધુનિક ભાષામાં કહીએ તો ફરનીચરમાં તેમનો સમાવેશ કરી દેવામાં આવેલો હતો. તેને લીધે હાલમાં જેને ચોથું વ્રત કહે છે તેનો સમાવેશ પાંચમા પરિગ્રહપરિમાણમાં જ થઇ ગએલો હતો. અર્થાત્ સ્ત્રી જે ગૃહસ્વામિની ગણાવી જોઇએ એનું મહત્ત્વ ખુરસી ટેબલ કે પલંગ જેટલું થઇ ગયું હતું હાલમાં પાંચ મહાવ્રતો ગણાય છે તેને ઠેકાણે ચાર જ મહાવ્રતો ગણાતા હતા.

પ્રભુ મહાવીર ભગવંતને એ દૂષણો દૂર કરી નવી ઘટના તૈયાર કરવાની હતી. નવા તીર્થની સ્થાપના કરવાની હતી. ભાન ભૂલેલાઓને ઠેકાણે લાવવાના હતા. ઘણા સ્થાપિત હિતો ધરાવનારાઓની સાન ઠેકાણે લાવવાની હતી. અર્થાત્ હજારો લાખોની અધર્મથી ચાલતી રોજીમાં ખલેલ પાડવાની હતી. અનેક જીવોનો સંહાર કરી પેટ ભરનારાઓ હજારો પંડિત કહેવડાવનારાઓનો રોષ વ્હોરી લેવાનો હતો. ઘણાઓના સ્થિર આસનો તોડી પાડી લોકોના રોષના પાત્ર તેઓને કરવાના હતા. એ કાર્યની સાધના માટે અલૌકિક સંતમહાત્માની જરૂર હતી.

આવું વિલક્ષણ અને સામાન્ય બુદ્ધિવાળાથી જેનું આકલન પણ થઇ ન શકે એવું ધર્મકાર્ય કરવાનું હતું. સાધુધર્મ અને શ્રાવકધર્મને ઉજળો આપવાનો હતો. એ નવું તીર્થ સ્થાપવાનું કાર્ય કરવાને ભગવંત મહાવીર વગર બીજો કોણ સમર્થ થઇ શકે ?

સાધુધર્મ વધારે ઉજ્જવલ બને અને લોકોના આદરને વધુ પાત્ર બને તે માટે સાધુધર્મ ઉપર વધારે સખત આચારધર્મની યંત્રણા પ્રભુએ નિર્માણ કરી. વસ્ત્ર પાત્ર વિગેરેમાં સાદાઇ અને નિર્લેપતા લાવી, અનેક આચારોની નિયમિતતા અને અનિવાર્યતાનો આદેશ આપ્યો. સાધુઓ સુખશીલિયા ન બને તે માટે વિહાર અને ચાતુર્માસ ગાળવાના નિયમો નવેસરથી ઘડી આપ્યા. તેમજ સાધુઓ અધ્યયન અધ્યાપનમાં સતત જોડાઇ રહી નિત્ય નિયમો સખ્ત રીતે પાળતા રહે એવી યોજના કરી આપી. મતલબ કે દેશકાળના પરિવર્તનને અનુસરી આચારોમાં સુધારા વધારા કર્યા. આમ ક્રાંતિ કરવા જતાં કેવી મુશ્કેલી નડી હશે એનો વિચાર કરતા ભગવંતની અપૂર્વ આત્મશક્તિ માટે મસ્તક સહેજે નમી જાય છે.

ચાર મહાવ્રતોને ઠેકાણે એક નવા મહાવ્રતનો ઉમેરો કરતા સ્વજીયો સાથે જ કેવો સંઘર્ષ કરવો પડ્યો હશે એનો વિચાર કરતા પ્રભુની ગંભીરતા અને દૃઢ ધૈર્યની કલ્પના આવી શકે છે. એ ચોથું મહાવ્રત ઉમેરતા સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય અને ધર્મમાર્ગમાં તેમનું સ્થાન પ્રભુએ કેવું ઉંચુ અને પુરૂષોની બરાબરીમાં લાવી મૂક્યું એ જોઇ આશ્ચર્ય લાગ્યા વગર રહેતું નથી.

અસ્પૃશ્ય મનાતા દલિત વર્ગનું સ્થાન તેમના જન્મકુલથી મનાતું હતું. પ્રભુએ તેને ગુણકર્મ સાથે જોડી, જાતીભેદને મોટો ધક્કો આપ્યો તે વર્ગને પણ તેઓ ધારે તો ઉંચી કોટીમાં તો શું પણ વંદ્ય પુરૂષોમાં તેમને સ્થાન કરી આપ્યું હતું. એ ક્રાંતિ જેવી તેવી ન હતી. એ તેવી

હલકી મનાતી જાતીમાં પણ જન્મેલો માનવી જિનધર્મ પામી ધર્મની ઉંચામાં ઉંચી ધર્મસાધના કરી શકે છે એ સિદ્ધાંત લોકોના ગળે પ્રભુએ ઉતાર્યો હતો.

ગમે તેવા દલિત માનવને પણ ધર્મનાં તત્ત્વો જાણવા સુલભ થાય તે માટે સિદ્ધાંતોની રચના લોકની સુલભ લોકભોગ્ય ભાષામાં રચનાનો આદેશ પ્રભુએ આપ્યો હતો તેથી ઘણા લોકો ધર્મની આરાધનામાં જોડાયા હતા. આમ યજ્ઞોથી પુરોહિતવર્ગમાં મોટી ચર્ચા અને ઉહાપોહ જાગ્યો હશે એ સમજી શકાય તેમ છે.

પ્રભુ મહાવીરના સમયમાં યજ્ઞોનો પ્રચાર પરાકોટીએ પહોંચ્યો હતો. જરા જરા જેવા નિમિત્તો પાછળ અનેક કુકડા, ઘેટાં, બકરાઓને મારી નાખી તેનો હોમ કરાતો એટલું જ નહીં પણ ઘોડા જેવા પ્રાણીને પણ અશ્વમેધને નામે તેના અંગોપાંગના કકડા કરી હોમવામાં આવતા હતા. એ યજ્ઞમાં થતી ઘોર હિંસાને હિંસા મનાય જ નહીં એવી પુરોહિતોની આજ્ઞા હતી. પશુઓ તો શું પણ નરબલિ પણ કોઈક વખત અપાતા. આ બધા પ્રકારોનો વિરોધ પોકારવો અને જનતાને તેવી પ્રથાથી પરાવૃત કરવી એ કાર્ય કરવાની અપાર શકિત પ્રભુ મહાવીર વગર કોણ ધરાવી શકે ?

ધર્મની સાચી જ ઝંખના જે આત્માઓમાં હતી એવા ઇંદ્રભૂતિ ગૌતમ બ્રાહ્મણો તરત પ્રભુ મહાવીરના વચનામૃતથી પ્રભાવિત થયા. તો પણ બીજો મોટો વર્ગ એ સમજી ન શક્યો એ બનવા જોગ છે. એવો વર્ગ પ્રભુ મહાવીર ભગવંતનો વિરોધ કરતો રહ્યો. પણ આખરે પ્રભુએ ઉત્પન્ન કરેલી પરિસ્થિતિ આગળ તેમને નમવું પડયું. અને પશુઓને બદલે કોળા કે નારીએલના બલિની પ્રથા એમણે અપનાવવી પડી. અને કોઈએ વળી પિષ્ટપશુ એટલે કણકના પશુઓ કરી તેને હોમવા માંડયા. એવો હતો પ્રભુનો અખંડ ઉપદેશનો પ્રભાવ !

ઘણાએક આધુનિક પંડિતો કહે છે કે, જો પ્રભુ મહાવીરે પોતાનો અહિંસા ધર્મ પ્રરૂપ્યો ન હોત તે આ ભારતવર્ષમાં એકેય માણસ માંસાહાર વિના રહી ન હોત ! એ ચરમ તીર્થંકર પ્રભુએ લોકોને આશ્વાસન આપ્યું હતું કે, કોઈપણ માનવને જન્મથી હીન માનવું નહીં જેમ આપણને સુખેથી જીવવાનો હક છે તેમ દરેક પ્રાણિમાત્રને પણ જીવવાનો હક છે. તેથી કોઈના પણ માર્ગમાં વિઘ્ન કરવાનો કોઈને હક નથી. દરેક જીવ પોતપોતાના ક્ષયોપશમને અનુસરી પોતાના આત્માની ઉન્નતિ સાધી શકે. કોઈની વસ્તુ તેની પાસેથી પડાવી લેવી અગર કોઈના સુખમાં અંતરાય લાવવો એ પાપ છે. તેમ અનુચિત સંગ્રહખોરી એ પણ પાપ જ છે.

પ્રભુએ પ્રરૂપેલા પાંચ મહાવ્રતો અને તેને જ અનુસરતા અણુવ્રતો આદર અને ભાવપૂર્વક પાલન કરવામાંજ બધાઓનું શ્રેય છે, એવો આત્મોન્નતિ કરાવનારો વિચાર આપણે પ્રભુ મહાવીરની જયંતિ પ્રસંગે જરૂર કરીએ. બધાઓનું ભલું થાઓ !

શ્રમણ ભગવાનનો જન્મકલ્યાણક દિવસ એટલે દિવ્ય દિવસ; એ દિવ્ય દિવસના અજવાળે આપણે સહુ આપણા આંતર-ગ્રંથના બંધ પાનાં ખોલીને વાંચવાનો પ્રચંડ પુરુષાર્થ આદરીએ.

સંખ્યા, સત્ત્વ અને સાધના એ ત્રણેય બાબતમાં ઉત્તરોત્તર થતા જતા આપણા હ્રાસના મુખ્ય કારણો શોધવામાં જરા પણ પ્રમાદ સેવીશું તો આવતી કાલ આપણા માટે વધુ ભારરૂપ નીવડશે.

શ્રી મહાવીર પ્રભુનું આત્મા અને કર્મનું તત્ત્વજ્ઞાન

લે. ફત્તેહચંદ ગવેરભાઈ

શ્રી મહાવીર પ્રભુએ સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યા પછી તેમણે જગતના જીવો સમક્ષ પ્રતિપાદન કરેલું તત્ત્વજ્ઞાન સ્વયંભૂરમણ સમુદ્રથી વિશેષ વિશાળ અને વ્યાપક છે પરંતુ તેમાંથી એક અલ્પ વિભાગરૂપે આત્મા અને કર્મનું તત્ત્વજ્ઞાન પ્રતિપાદન કરવામાં આવે છે.

આ અનાદિ અનંત જગતમાં આત્મા અને જડપદાર્થ એ બે તત્ત્વો છે. વર્ણ, ગંધ રસ, અને સ્પર્શવાળા પદાર્થો રૂપી કહેવાય છે. આત્મા પોતે અરૂપી છે જ્યારે પૌદ્ગલિક પદાર્થો રૂપી છે. અનાદિકાળથી આત્માનો પૌદ્ગલિક-કર્મ પરમાણુઓ સાથેનો સંબંધ હોવાથી તે દૃષ્ટિએ આત્મા વ્યવહારનયથી રૂપી ગણાયો છે અને ખરેખરી રીતે નિશ્ચયનયથી અરૂપી છે. ક્ષીર નીર સંબંધથી આત્મા કર્મ પરમાણુઓ સાથે જોડાયલો છે. આ દ્રવ્ય કર્મો છે. રાગદ્વેષરૂપ ભાવ કર્મોદ્વારા આ દ્રવ્ય કર્મના અણુઓ આત્મા સાથે ઓતપ્રોત થાય છે.

પૂર્વોપાર્જિત સંસ્કારોથી આત્મામાં અવગી વૃદ્ધિ થાય છે, પછી રાગદ્વેષરૂપ ભાવ કર્મોની શરૂઆત થાય છે, તે કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ખેંચે છે અને આત્મા સાથે જોડાઈ જાય છે. કર્મ ગ્રહણ કરતી વખતે આત્મામા જે ભાવો-વિચારો સારા કે નરસા હોય છે તે મુજબ કર્મના અણુઓમા પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ થાય છે. આ તમામ સંકલના આત્માની સૂક્ષ્મ ભૂમિકામાં થાય છે.

આત્મામાં અનંત શક્તિ છે તેમ કર્મમાં પણ અનંત શક્તિ છે. રાગદ્વેષવડે આત્મા પરાધીન બને છે ત્યારે કર્મનું જોર તેના ઉપર સારી રીતે ચાલે છે-આત્માએ પોતાના પરિણામોદ્વારા ઓછા વધતા જેટલા રસપૂર્વક કર્મ બાંધ્યા હોય છે તે અમુક કાળે તેનું ફળ આપીને ખરી જાય છે. પરંતુ તે સાથે સમયે સમયે નવા પરિણામો દ્વારા નવાં કર્મો બંધાતાં જાય છે. તે પાછાં ભોગવવાં પડે છે. અને એ રીતે કર્મનું વિષચક્ર ચાલ્યાં કરે છે. આ વિષચક્રનું અસ્તિત્વ એ સંસાર છે. અને તે વિષચક્રમાંથી મુક્ત થવું તે મોક્ષ છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે આત્માના ગુણરૂપ આત્માની શક્તિઓ . આત્માનો સ્વભાવ ઊર્ધ્વગામી છે. પ્રસ્તુત શક્તિ પ્રકટ થવા માટે ઉઘડી રહી હોય છે પરંતુ આત્મ પોતે જ કરેલાં કર્મો-પૌદ્ગલિક શક્તિવડે-આત્માના ગુણોને દબાવે છે. પુરુષાર્થહીન આત્મા તે જડ શક્તિઓ વડે દબાઈ જાય છે. કર્મો પોતાનો જે સ્વભાવ હોય તે મુજબ આત્માને પરાધીન બનાવે છે. જેથી આત્મા સંસારથી છૂટો થઈ શકતો નથી.

આ કર્મો આઠ પ્રકારે છે-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય-આના ઉત્તરભેદો ૧૫૮ છે અને તેના વિશેષ પ્રકારો અસંખ્ય છે. આત્માના અનંતગુણો છે પરંતુ તેના મુખ્ય આઠ ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્યશક્તિ, શાશ્વતરૂપ, અરૂપીપણું, અયુક્લયુત્વ, અને સાદિ અનંત સ્થિતિ છે. આ આઠ ગુણોને આઠ કર્મો આવરી રહેલા છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ આઠે કર્મોનાં બંધ માટેનાં કારણો છે. આત્મા તે તે કારણોમાં જોડાય છે એટલે કર્મસિદ્ધાંતના ન્યાયાનુસાર કર્મોનો બંધ થાય છે અને તે તે કર્મોના સ્વભાવ પ્રમાણે અને આત્માએ તેમાં રેડેલા રસાનુસાર કર્મો આત્માને દેગન કરે છે અને આત્મા પોતે પરાધીનપણે તેનો ભોગવટો કરી દુઃખી થાય છે.

જિનદર્શનમાં જગતનો કર્તા કોઈ નથી તેમ સ્વીકારેલું છે, પરંતુ જગતનું સ્વરૂપ બતાવનાર જિનેશ્વર પ્રભુ કે જેઓ કેવલજ્ઞાન પામી સર્વજ્ઞ થયેલા છે તેઓ છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કે જે કર્મો આત્માના ગુણોનો ઘાત કરનારા છે તે ઘાતિ કહેવાય છે અને બીજાં ચાર કર્મો પૌદ્ગલિક શક્તિના અવરોધ કરનારા છે. તે-અઘાતિ ગણાય છે. આ જગતની સંકલના તે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, આત્માનો ઉદ્યમ અને કર્મ-એ પાંચ કારણોથી ચાલી રહી છે. જડ અને ચેતન ઉપર તે કારણોનું સામ્રાજ્ય છે. પણ તે સંકલના પૂર્વક કુદરતના નિયમાનુસાર જ છે.

આત્મા છે, કર્મ છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોગવનાર છે, મોક્ષ છે, અને મોક્ષનો ઉપાય છે-આ છ વસ્તુને જાણનાર આત્મા – **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** સમ્યગ્દર્શન એટલે આત્મશ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન એટલે અનેકાંત દૃષ્ટિવાળું શાસ્ત્રીય જ્ઞાન, સમ્યક્ચારિત્ર એટલે રાગદ્વેષ દૂર કરનારાં અનુષ્ઠાનો-પુરુષાર્થપૂર્વક આ માનવજીવનમાં મેળવીને પ્રગતિ કરે તો જડ કર્મોને આત્માથી છુટવું જ પડે અને એ રીતે આત્મા કર્મોથી સ્વતંત્ર થઈ મુક્તિગામી થઈ શકે. આ કાર્ય પરમાત્માની ભક્તિથી, સદ્ગુરુના ઉપદેશો શ્રવણ કરવાથી, સામાયિક વિગેરે અનુષ્ઠાનોથી સિદ્ધ થઈ શકે છે. જ્યાં સુધી આત્મા જાગ્રત થઈ પુરુષાર્થ કરી શકતો નથી ત્યાં સુધી કર્મોનું બળ આત્મા ઉપર સતતપણે રહેવાનું છે, પરંતુ જ્યારે આત્મા પુરુષાર્થ કરવા માંડે છે ત્યારે કર્મની જે જીત આત્મા ઉપર અનેક જન્મોથી ચાલુ હતી તે હાલમાં ફેરવાઈ જાય છે. અને આત્માની જીત શરૂ થાય છે. છેવટે કર્મને આત્મામાંથી ખસી જવું જ પડે છે. આ રીતે આત્મા અને કર્મની લડાઈમાં અવશ્ય આત્માનો જય નિર્મિત છે.

સર્વજ્ઞપ્રભુ મહાવીરે કહ્યું છે કે આપણે આપણને પોતાને જ ઉગારી શકીએ છીએ-આપણે બીજાનું કે બીજાં આપણું દુઃખ ટાળી શકતા નથી-એટલું છે કે આપણે બીજા અથવા બીજા આપણને સુખ મેળવવા અને દુઃખ ટાળવા શું કૃતિ કરવી યોગ્ય છે તેની સમજણ બોધ-ઉપદેશ આપી શકીએ-સત્કાર્યમાં પરસ્પર ઉત્સાહ આપી શકીએ, અને દુષ્કર્મનો ત્યાગ કરવા ચેતવણી આપી શકીએ. અંતરાત્માને જે જે ફળ આપવું કર્માનુસાર ઈષ્ટ હોય છે તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આ રીતે સ્થુળ તેમજ સૂક્ષ્મ પ્રદેશ ઉપર કાર્ય કારણનો મહા નિયમ એકજ પ્રકારની અચળતાથી પ્રવર્તે છે. આ માનવજીવન ઊર્ધ્વીકરણ (sublimations) માટે મળેલું છે. માટે આત્માએ પોતે જ પોતાના કંકાઈ ગયેલ સદ્ગુણો શુદ્ધ દેવ ગુરુ અને ધર્મનાં નિમિત્તો સ્વીકારી પ્રકટ કરવાના છે. તેથી જ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

શ્રી ભૌતિક જગતમાં કર્મ અને ઉદ્યમ વચ્ચે કર્મની જીત હોય છે, જ્યારે આધ્યાત્મિક જગતમાં પુરુષાર્થ અથવા ઉદ્યમની જીત થાય છે.

> अयमात्मैवसंसारः कषायेंद्रियनिर्जितः ।
> तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥

અર્થાત્-" કષાયો અને ઇંદ્રિયોથી જીતાયલો આત્મા તે જ સંસાર છે, અને તે આત્મા જ્યારે કષાયો અને ઇંદ્રિયો ઉપર જીત મેળવે-તેને જ પંડિત મોક્ષ કહે છે."

અહિંસાની પરમ વિભૂતિ શ્રમણ ભગવાન મહાવીર

લે. ભાનુમતી દલાલ

ચૈત્ર સુદી તેરસ એ ભગવાન મહાવીરની જન્મજયંતી છે. આજે એ મહાપુરુષનું નિર્વાણ થયાને એટલે કે મોક્ષ પામ્યાને અઢી હજાર વર્ષ વીતી ગયા. છતાં પણ આજે આપણે એને યાદ કરી તેમનું ગુણાવલોકન કરીએ છીએ. એમને યાદ કરવાનું કારણ માત્ર જન્મદત્ત મળેલી શ્રદ્ધા જ નથી પણ એમના જીવનની મહાનતા અને તેમાંથી મળતી પ્રેરણા છે. આજે વીસમી સદીમાં પણ માનવજીવનને ઉન્નત બનાવવું કોઇ પ્રેરક બળ હોય તો તે શ્રમણ ભગવાન મહાવીરનું જીવન છે.

આજના એ મંગળમય દિવસે અહિંસાની એક પરમવિભૂતિએ ત્રિશલા માતાની કુખે જન્મ લીધો હતો. એ વિભૂતિ બીજી કોઇજ નહિ પણ શ્રી મહાવીર જ હતી. જન્મ તો આ પૃથ્વીના પટાંગણ ઉપર રોજના કંઇક થાય છે, પરંતુ એમાંથી વિભૂતિરૂપ તો કોઇકજ જન્મે છે. ભગવાન મહાવીર ઉચ્ચકોટીનું જ્ઞાન લઇને જન્મ્યા હતા. તેમના પિતા સિદ્ધાર્થ રાજા અને કુટુંબીજનોએ તેમનું વર્ધમાન એવું નામ સ્થાપન કર્યું હતું. પણ તેઓ પોતાનાં વીરત્વથી મહાવીરના નામે પ્રસિદ્ધિ પામ્યા હતા. યોગ્ય વયે યશોદા સાથે તેમનું લગ્ન થયું હતું.

શ્રી મહાવીર પ્રકૃતિથીજ કરુણાના ભંડાર હતા. જગતના જીવોના દુઃખો જોઇ તેમાંથી મુક્ત કરવા તેમનું હૈયું તલસતું હતું. તેમણે જોયું કે આ જગતને જન્મ, જરા, મરણ, રોગ, શોક અને સંતાપના સંતાપ તાપમાંથી મુક્ત કરવું હોય તો, અને જગતના જીવોને પરમ શાંતિ આપવી હોય તો આ શરીરધારી આત્મામાં એક એવું દિવ્ય તત્ત્વ છે કે જે આ બધામાં અદ્‌ભુત પરિવર્તન લાવી શકે છે. એ તત્ત્વ જ્ઞાનમય આત્મશુદ્ધિની પ્રાપ્તિ છે. એની પ્રાપ્તિ માટે ઘરબાર છોડી તપ અને સાધનાનો માર્ગ મારે સ્વીકારવો જોઇએ એવો નિર્ણય કરી એ પરમ ઉપકારી મહાપુરુષે વિશ્વના સકળ જીવોની શાંતિ માટે સાધનાના કાંટાળા માર્ગે મહાભિનિષ્ક્રમણ કર્યું. રાજપુત્ર હોવા છતાં રાજઋદ્ધિ, સુખવૈભવ, કુટુંબનો ત્યાગ કરી પોતાની સંપત્તિનું દાન કરી એ મહાવીર અણગાર ધર્મને (સાધુધર્મ) અંગીકાર કર્યો.

આત્માની ઉંડી ખોજ કરવા માટે અનેક કડક નિયમોનું પાલન કરતાં, માર્ગમાં અનેક ઉપસર્ગો, કષ્ટો અને આવતા ઉપદ્રવોને ક્ષમાની મૂર્તિ સમા મહાવીર પ્રભુ સમભાવે સહન કરતાં, ગોશાળા, ભરવાડોના અજ્ઞાન લોકોના, અને ચંડકૌશિક સર્પ જેવા ક્રૂરતાયે ઉપસર્ગો થયા છતાં એ કરુણામૂર્તિ તેમના પ્રત્યે કરુણા ભાવ જ દાખવતા, જંગલે જંગલ અને દેશવિદેશમાં મહાયોગીની જેમ પરિભ્રમણ કરતાં પોતાના કર્મ આવરણોને ભેદીને તે મહાપુરુષે કેવળજ્ઞાન-શુદ્ધ અને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું. મહાવીર દેહથી તો વીર હતા પણ દિલથી યે મહાવીર હતા. કેમ કે, એમનું હૃદય કરુણા, દયા, પ્રેમ, ક્ષમા, શાંતિ, અહિંસા વગેરે અનેક સદ્‌ગુણોથી ભરપૂર હતું. તેમનામાં નાનામાં નાના જીવથી માંડીને મોટા જીવ પ્રત્યે એક જ સરખો મૈત્રી કે વાત્સલ્ય ભાવ હતો. તેઓ પોતાના નિર્મળ જ્ઞાનથી વિશ્વના જડ અને ચૈતન્ય પદાર્થો જે જે સ્વરૂપમાં છે, તેને તે તે સ્વરૂપમાં સ્પષ્ટ રીતે જોઇ શકતા હતા. સત્ શું છે અસત્ શું છે? શું આચરવા લાયક છે, શું છોડવા યોગ્ય છે? માનવ જાતનો જ નહિ પણ અન્ય તમામ પ્રાણીસૃષ્ટિ માટેનો હિતકર અને કલ્યાણકર માર્ગ શું છે? આ બધાનું તેમને સ્પષ્ટ દર્શન થયું હતું. એ લાધેલા સત્યનું દર્શન જગતને કરાવવાનું શરૂ કર્યું. સ્થળે સ્થળે ફરીને ઉપદેશ આપવો શરૂ કર્યો અને કંઇકના જીવનમાં પરિવર્તન આણ્યું.

હજારો લોકો તેમનો કલ્યાણકારી ઉપદેશ સાંભળી, પાવન થયાં અને તેમનાં અનુયાયી થયાં. અહિંસા, તપ, ત્યાગ, સંયમનો સાચો માર્ગ બતાવી જીવન જીવવાની કલા તેમણે બતાવી. અહિંસા, દયા અને પ્રેમના સાચા અને ગહન માર્ગનું જનતાને જ્ઞાન આપ્યું. આના પરિણામે યજ્ઞ-યાગાદિકમાં ચાલતી હિંસા અટકી, અજ્ઞાનતા, રૂઢિઓ, ખોટા વહેમો દૂર થયા. કચડાયેલા નારીજાતને નવજીવન મળ્યું. અને સહુથી મોટી ભેટ તો તેમણે અનેકાંતવાદની આપી એટલે કે "દરેકના વિચારમાં કંઈક સત્ય છે એમ સમજીને સામાના વિચારને પણ સહાનુભૂતિ અને સમન્વયની દૃષ્ટિથી જોતાં શીખવું." એ પદ્ધતિ જો માનવી સ્વીકારે તો તેનો બુદ્ધિનો ગર્વ અને આવડતનું અભિમાન ગાળી નાખશે અને વિશ્વની પ્રજા-પ્રજા વચ્ચે સમજૂતીનો સેતુ ખડો કરશે. ભગવાન મહાવીરની વિશાળ અનેકાંત દૃષ્ટિને જરા વધુ સ્પષ્ટ રીતે સમજીએ.

આ વિશ્વમાં અબજો પદાર્થો છે. દરેકને અનંત ધર્મો-અવસ્થાઓ હોય છે. એમાં પરસ્પર વિરોધી અને અવિરોધી ધર્મો પણ હોય છે. હવે તમે જો આ બધી બાબત ન જાણો તો તેમાંના કોઈ એક પદાર્થને અમુક કારણે સંપૂર્ણ સાચો જ છે એમ કહી નાંખો, કાં અમુક કારણે સર્વથા ખોટો જ છે, એમ પણ કહી નાખો. જો આમ થાય તો અપૂર્ણ સત્યો ખડાં થાય અને તે બુદ્ધિમાં અને કાર્યમાં અનેક ઘર્ષણો જગાડે અને વિશ્વમાં અશાંતિ ઊભી કરે. માટે સ્યાદ્વાદે જેનું બીજું નામ અનેકાંતવાદ અને ત્રીજું નામ સાપેક્ષવાદ છે, એ વાદ આપણને એક વિવેક દૃષ્ટિ આપે છે. એ કહે છે કે દરેક વ્યક્તિના વિચારમાં, વાણીમાં કે વર્તનમાં અમુક અપેક્ષાએ સત્યાંશ હોય છે અને અસત્યાંશ પણ હોય છે. દરેક પદાર્થમાં સર્વથા સત્ય જ હોય એમ નથી હોતું. તેમજ સર્વથા અસત્ય જ હોય તેમ નથી હોતું. સાચું અને ખોટું બંને હોઇ શકે છે. જેમ કે એક બાળકનો પિતા તેના બાળકની દૃષ્ટિએ પિતા પણ છે તો બીજાઓની દૃષ્ટિએ કાકો, મામો, કે ભાઈ પણ હોઈ શકે છે. માટે "આ આમ જ છે," "આમ થવું જ જોઈએ" એવા જકાર વાપરીને વહેવાર કરવાની વાત અનેકાંત દૃષ્ટિએ માન્ય નથી. એટલે તે દુરાગ્રહી બનવાની ના પાડે છે. એ રીતે વિશ્વમાં અનેક સિદ્ધાંતો, વાદો કે માન્યતાઓ વર્તે છે અને એને કારણે અનેક કલહો, કંકાસો ચાલે છે, જે છેવટે વિશ્વયુદ્ધમાં પરિણમે છે. પણ એમાંથી અનેકાંત દૃષ્ટિએ તેઓ ક્યાં સાચા છે ને ક્યાં ખોટા છે, તે શોધવાની સમન્વય દૃષ્ટિ ભગવાન મહાવીરનો ઉદ્ધાર અનેકાંતવાદ જ આપી શકે છે, અને મનુષ્ય તે શોધીને સામાને સંતોષ આપી, શાંતિનો રાહ બતાવી શકે છે. અનેકાંત કહે છે કે ભાઈ, એક જ સત્ય અનેક રૂપે પ્રગટ થવું હોય છે, માટે તેનાં અનેક રૂપોને તારે માન્ય રાખવા જ પડશે. ભલે તે વિરોધી રૂપે પણ હોય! વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રો કંઈ સંપૂર્ણ સત્યને વરેલા નથી હોતા પણ સત્યના અંશોને તો તે વરેલા હોય છે, તેથી તેટલે અંશે તે સાચા છે. બધાય અંશોનો આદર કરીએ ત્યારે પૂર્ણ સત્ય બને માટે જ આ સિદ્ધાંત સાચો ને પૂર્ણ સિદ્ધાંત છે અને એથી આ અનેકાંત "મારું તે સાચું" નહિ પણ "સાચું એ મારું" એવા સનાતન સત્યનો સ્વીકાર કરવા તરફ આપણને પ્રેરે છે અને જીવનની અનેક આંટીઘૂંટીઓ અને અશાંતિનો ઉકેલ આપે છે. પ્રત્યેક માનવ, ઘર, સમાજ કે રાષ્ટ્ર આજકાલના બધા વાદોને છોડીને આ વાદને અપનાવે તો વિશ્વ કેવું સુંદર બની જાય!

ભગવાન મહાવીરના જીવનનાં બીજાં અનેક આદરણીય પાસાંઓ છે. એમાંના એકેક પાસાંઓનું વિહંગાવલોકન કરશું તો તે આજના તેમના જન્મદિવસે અસ્થાને નહિ ગણાય.

(૧) અહિંસા (૨) ક્ષમાકરૂણા. એ એમના જીવનના પ્રસંગોને સાંકળતા અને માનવજીવનને પ્રેરણા અને બોધ આપે તેવાં પાસાંઓ છે. શ્રી મહાવીરે અહિંસાનો ઉપદેશ દેતાં કહ્યું કે પ્રાણી માત્રને પોતાનું

જીવન વહાલું છે. તે પછી પશુ હોય કે પક્ષી કે જંગલોમાં ફરતાં નિર્દોષ હરણાં હોય. આ બધામાં આત્મા વાસ કરી રહ્યો છે. આ દરેક જીવ જીવવાના અધિકારી છે માટે કોઈ જીવને હણો નહિ, મારો નહિ, પીડો નહિ, પણ તેમને જીવાડવા પ્રયત્ન કરો. કોઈની લાગણી દુભવવી, મારી નાખવી કે કોઈના અધિકારો ઝૂંટવી લેવા એ પણ એક પ્રકારની હિંસા જ છે. જેઓને તમોએ પોતાના માન્યા હોય અને તેમના સુખ અને શાંતિ માટે રાત અને દિવસ પ્રયત્ન કરતા હો, પણ તે સુખ બીજાના સુખને ભોગે નથી મેળવવાનું એવી સતત જાગૃતિ રાખો, તેમાં જ માનવની ખરી માનવતા છે અને એ પણ અહિંસા જ છે. આમ અહિંસાના વ્યાપક સ્વરૂપ તેમણે જનતા સમક્ષ મૂક્યું.

પ્રભુ મહાવીરનું બીજુ પાસું છે કરુણા–ક્ષમાભાવ એમનાં રોમેરોમમાં કરુણા અને દયાના ભાવો વ્યાપેલા હતા. પ્રભુ મહાવીર પોતાના પ્રબળ પુરુષાર્થ અને તપ સાધના દ્વારા પ્રકાશનું એક મહાકારણ પ્રગટાવી પોતે એક પરમ જ્યોતિ સ્વરૂપ બની ગયા. માનવમાંથી મહામાનવ થયા. તેમના ધીરતા, કરુણા ક્ષમા અને નીડરતાના ગુણોની કેવી કેવી કસોટી થઇ? તે એમના નિમ્ન જીવન પ્રસંગો પરથી જોઈ શકાય છે.

સંગમદેવના ઉપસર્ગમાં અને ચંડકૌશિક સર્પના પ્રસંગમાં તેમની મહાન શક્તિનો સુંદર પરિચય થાય છે. મહાભયંકર ઝેરી સર્પ પ્રભુને ડંખ મારવા છતાં, એ ડંખ મારનાર પ્રત્યે એમના એકાદ અણુમાં જરા પણ ક્રોધ કે તિરસ્કારની ભાવના નથી દેખાતી, પરંતુ તેના પ્રત્યે ઉલટો એકસરખો પ્રેમ અને દયાનો ભાવ ઊભરાય છે, અને તેના ભાવિ જીવનની સદ્ગતિ માટે એક સરખી કરુણા વહે છે. ખરેખર! કરુણા અને ક્ષમાનું આથી ઊંચું સ્વરૂપ બીજું શું હોઈ શકે? આવા કરુણામૂર્તિ પ્રભુ પાસે સર્પ જેવું ક્રૂર પ્રાણી તેમનાં શીતળ વચનો સાભળીને શાંત બને, શરણાગતિ લે. મહાપુરુષના જીવનની આ જ વિશેષતા છે.

ભારતના આવા વંદનીય અને પરમ અહિંસક તીર્થંકર ભગવાન મહાવીરના સિદ્ધાંતો અને ઉપદેશો માનવજાતને સદાયને માટે સાચો રાહ બતાવ્યા કરશે અને અંતમાં એ મહાપુરુષના જીવનની યાદ આપણને સદાય બળ અને તાકાત આપે। એમ ઈચ્છી આજના એમના જન્મદિવસે એ લોકોત્તર કોટિના ભગવાન મહાવીરના આત્માને વંદન કરીને મારી અલ્પ શ્રદ્ધાંજલિ પૂર્ણ કરું છું.

'જનસંદેશ'માંથી સાભાર.

માનવની પ્રથમ પ્રતિષ્ઠા સ્થાપનાર ભગવાન મહાવીર

લે. રતિલાલ મફાભાઇ-માંડળ.

વૈજ્ઞાનિક સંશોધનોને કારણે પ્રાગૈતિહાસિક કાળ પર જે પ્રકાશ પડવા લાગ્યો છે એ ઉપરથી જણાય છે કે આદિ માનવનું જીવન પ્રાયઃ આંતર પ્રેરણાને વશવર્તીને જ ચાલતું પણ જ્યારે એનામાં સમજ આવી અને આ વિશ્વ એ શું છે એવો વિચાર કરવા લાગ્યો ત્યારે નિસર્ગની અગમ્ય ઘટનાઓ જોઈ એક બાજુએ ભય પામવા લાગ્યો, તો બીજી બાજુ એને કચડી નાખતા નિસર્ગના પ્રવાહોમાંથી બચવા એણે પ્રયત્નો પણ આરંભ્યા.

આ ભય સંસ્કારોને કારણે નિસર્ગ, પછી કોઈ અગમ્ય શક્તિ તથા પાછળથી નિસર્ગની એક એક અગમ્ય ઘટના પાછળ કોઇ દેવ દેવી છે તથા એમને ખુશ કરવામાં જ પોતાનું હિત સમાયેલું છે એમ માની એ એમની પૂજા-યાચના કરવા તરફ ઢળ્યો અને તેથી એમને રીઝવવા એજ એનું પ્રધાન ધ્યેય બની ગયું.

આમ દેવોને રીઝવવાની જ દૃષ્ટિ પ્રધાન બની જાય છે ત્યારે એની સાથે અનેક પ્રકારના વહેમો અંધશ્રદ્ધાઓ પણ ઊમેરાય છે. ને વખત જતા પોતાના ઇષ્ટદેવ પ્રત્યેની મમતાને કારણે એનું મહત્ત્વ વધારવા જેનો ભેદ ગૂઢ રહે એવી ચમત્કારિક ઘટનાઓ પણ ઉભી કરવામાં આવે છે યાતો એનું એનામા આરોપણ કરવામાં આવે છે.

આ પ્રકારના સંસ્કારોને કારણે માનવે પોતાની શક્તિનું ભાન ખોયું હતુ ને એથી પરાશ્રયી પરાવલંબી બની રહેવાને કારણે એ દેવોને ખુશ કરવા નવા નવા ક્રિયાકોડોની ભરમાર વધારવા લાગ્યો હતો ને એમાં સહેજ પણ ગલતી થાય તો દેવ કોપાયમાન થઈ ધનોત પનોત કાઢી નાખશે એવી ભયવૃત્તિ પણ પોષવા લાગ્યો હતો. આ કારણે માનવજીવનમા ગભરાટ હતો, ભય હતો. એથી એને સુખ નહોતું, શાંતિ નહોતી, ચેન કે આરામ પણ નહોતો.

બીજી બાજુ માનવે-એને કચડવા માગતા કુદરતના પ્રવાહોમાંથી બચવા પ્રયત્ન કર્યો હતો અને એ પુરુષાર્થને કારણે પ્રગતિ સાધી ભારે વિકાસ સાધ્યો હતો. છતાં એને પોતાની મૂળ શક્તિનું ભાન નહોતું થયું કારણકે એનો પુરુષાર્થ દેવાશ્રયી હતો. પરાવલંબી હતો. અને તેથી જે તેજસ્વિતા એનામાં પ્રગટવી જોઈએ એ દેખાતી નહોતી અને તેથી એને સાચો સુખ શાંતિનો માર્ગ પણ જડતો નહોતો. પોતાની કુંટીમાં રહેલી કસ્તુરીની સુવાસ ઘાસમાં ખોળતા મૃગની જેમ એ બીજે જ વલખાં મારતો હતો. આ જોઈ ભગવાન મહાવીરે માનવને પોતાનામાં રહેલી આત્મશ્રદ્ધા, વિશ્વાસ અને સંકલ્પશક્તિનું ભાન કરાવી પુરુષાર્થ દ્વારા સ્વાશ્રયી સ્વાવલંબી બનતા શીખવ્યું.

એમનું કહેવું હતું કે સુખ બહાર નથી પણ અંતરમાં જ છે. એ સુખને કોઈ પણ દેવ-દેવી આપી શકતાં નથી. કે કોઈને દુઃખ પહોચાડી શકતા પણ નથી. એ દેવોને પણ અમુક નિયમને વશવર્તી થઇને જ ચાલવું પડે છે અને એમને પણ પરિમિત સમયે પોતાનું સ્થાન છોડવું પડે છે. વળી જે પોતે સુખ શાંતિ મેળવી શકવા અસમર્થ છે, બે ઘડી જેટલો મનસંયમ પાળવા પણ અશક્તિમાન છે એવા નિર્બળ મનના દેવો બીજાને શું સહાય આપી શકે ? સહાય તો અંદરથી જ મેળવવાની છે એથી જે પવિત્ર જીવન જીવે છે એની પવિત્રતા જ એનું સુખ નિર્માણ કરી આપે છે. આ કારણે એવા પવિત્ર પુરુષોને તો 'देवा वि तं नमस्संति' ઉલટા દેવોજ નમન કરે છે.

એથી ભગવાને કહ્યું કે " હે માનવ ! સુખ દુઃખ

પ્રાપ્ત કરવું એ તો તારાજ હાથની વાત છે તું પોતે જ શક્તિનો ભંડાર છે વિશ્વની કોઈ પણ શક્તિ તને નમાવી શકે તેમ નથી. તું ધારે તો તું પોતે જ વિશ્વનો સમ્રાટ બની શકે છે. છતાં તું સિંહ હોવા છતા ઘેટાઓની વચ્ચે રહી પોતાને ઘેટોજ માની બેઠો છે અને અહીંથી સુખ મળશે એમ માની બીજાઓની ખુશામત-પ્રાર્થના કરી તારી શક્તિ ગુમાવી રહ્યો છે માટે 'पुरिसा तुममेव तुमं मित्तं किं बहिया मित्त मिच्छसि' (આચા. અ. ૩. ઉ.૩) હે માનવ! તું પોતે જ તારો ઉદ્ધારક છે તો શા માટે બહાર વલખાં મારે છે? માટે તું તારા પગ પર જ ઊભો રહેતાં શીખ. તું ધારે તો વિશ્વના વહેણોને પણ બદલી શકે છે.

આમ એ યુગમાં સહુથી પ્રથમ ભગવાન મહાવીરે જ સ્વાશ્રયી-સ્વાવલંબી પુરુષાર્થનો માર્ગ બતાવી માનવને શક્તિના કેંદ્ર સ્થાને મૂક્યો હતો. અને એ રીતે માનવની પ્રતિષ્ઠા સ્થાપિત કરી હતી. એની ભવ્ય અસરે વૈદિકોને પણ ઈશ્વરને માનવરૂપ ધારી બનાવવો પડ્યો છે. અવતારવાદની કલ્પના આમ ભગવાન મહાવીરે માનવની સ્થાપેલી પ્રતિષ્ઠાને જ આભારી છે.

આ કારણે જૈનધર્મ જે પુરુષાર્થવાદી-કાર્યસિદ્ધાંતવાદી ધર્મ છે અને જેનો પાયો તપયોગ ધ્યાનયોગ-જ્ઞાનયોગ પર આધારિત છે. એ ધર્મને દેવ દેવીઓ કે ઇશ્વર સુહાં પણ ખપતા નથી. કારણકે સહામની પ્રાર્થના કરતો વેવલો ભક્તિયોગ એને મંજૂર નથી. એને તો કેવલ જીવનશુદ્ધિયોગ જ મંજુર છે. આથી જે કંઇ ભક્તિયોગ એનામાં દેખાય છે એ કેવળ પ્રેરણા લેવા માટે જ છે; એની પાછળ કોઈ યાચના નથી કે માગણી પણ નથી અને તેથી એ એવા ચમત્કારોથી અંજાતો પણ નથી. વહેમો અને અંધશ્રદ્ધાઓથી એ પર છે.

પણ અનંત યુગોના ભોગ-રાગના સંસ્કારોને કારણે આપણે ફરી એજ રોગમાં ફસાઇ દેવદેવીઓ-નવગ્રહો-દશ દિક્પાળો ને ખુશ કરવા તરફ લલચાયા છીએ અને તેથી કર્મકાંડોની ભરપાર તથા વૈદિક યજ્ઞયાગની સ્મૃતિ કરાવતા હવનહોમો તથા પૂજાપાઠો વગેરેને જીવનમાં સ્થાન આપી ભગવાન મહાવીરનો મૂળ પુરુષાર્થ માર્ગ જ ભૂલી ગયા છીએ, અને આ રોગમાં કંઈ આપણે જ સપડાયેલા છીએ એમ નથી પણ બહુ પ્રાચીન કાળથી પૂર્વાચાર્યોએ પણ એનું જ મંડાણ કરેલું હોઈ આજે એને આપણે ધર્મ માની બેઠા છીએ. છતાં એ પુરુષોએ ભગવાન મહાવીરની મૂળદૃષ્ટિ શી હતી એના કથનો પણ સાચવી રાખ્યા હોઈ આપણે મૂળ માર્ગ શોધી શકવા જેટલા ભાગ્યશાળી રહ્યા છીએ

આજે તો હવે આપણે ભક્તિને નામે એટલા બધા વૈષ્ણવ-વૈદિક ધર્મોનુયાયી બની રહ્યા છીએ કે દેવો જુદા હોવા છતાં આચાર કે ક્રિયાકાંડોમાં આપણી પાસે કશું જ મૌલિક તત્ત્વ રહ્યું નથી ને એથી અંદરની શક્તિઓ ભૂલી અંદર વળવાની અપેક્ષા જ્યાં કંઇ પણ અવનવી ઘટના સંભળાય છે ત્યાં તરતજ ચમત્કાર પ્રિયતાને કારણે દોડી જઈએ છીએ. માની લઈએ કે કંઇક ગૂઢ ભેદ ન સમજાયો ને એથી એને ચમત્કાર માન્યો પણ ભલા એથી આપણા જીવનને શો લાભ થયો એ કોઈ વિચારતું નથી. એથી જો મહાવીરના મૂલ પુરુષાર્થ માર્ગની ફરી પ્રતિષ્ઠા આજના આ પુરુષાર્થયુગમાં—વૈજ્ઞાનિકયુગમાં સ્થાપવી હોય તો આપણે મોઢું પરિવર્તન કરવું પડશે. અને તો જ જગત મહાવીરની મૂળભૂત મહત્તા સમજી નવો પ્રકાશ મેળવી શકશે.

જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ

લે. આચાર્ય જિતેન્દ્ર જેટલી

ભારતીય દર્શનશાસ્ત્રમાં જુદાં જુદાં દર્શનો જીવાત્માના સ્વરૂપ વિશે જુદા જુદા મત ધરાવે છે. આ બાબતમાં બધાં દર્શનોની સામાન્ય સમજ એવી છે કે જૈનોના મત પ્રમાણે 'જીવાત્મા શરીરના પરિમાણ જેટલા જ પરિમાણવાળો છે.' અર્થાત જેનું જેટલું અને જેવું શરીર એ શરીરના પરિમાણ જેટલું જ જીવાત્માનું પરિમાણ. આમ શરીરના જેટલું જ પરિમાણ માનવાની માન્યતાના રહસ્યને પુરેપુરું સમજ્યા વિના અથવા તો સમજવા છતાં ન સમજવા જેવું કહી જૈનોના આ મતનું ખંડન કરે છે. આ પ્રકારના ખંડનમાં બધાંએ દર્શનોની દલીલો એક સરખી હોઈ આપણે પ્રસિદ્ધ દાર્શનિક ભગવાન શંકરાચાર્યની દલીલો ટાંકીશું.

જૈનોની દૃષ્ટિ રજૂ કરતાં શંકર જણાવે છે કે શરીરપરિમાણો હિ જીવ ઇત્યાહતા મન્યન્તે । એટલે કે જીવાત્માનું પરિમાણ એ જે શરીર ધારણ કરે છે એટલું જ છે એમ આર્હતો અર્થાત્ જૈનો માને છે, આમ માનવા જતાં શું દોષો આવે એ જણાવતાં તેઓ કહે છે કે—

શરીરપરિમાણતાયાં ચ સત્યામ કૃત્સ્નોઽસર્વગતઃ પરિચ્છિન્ન આત્મા ઇત્યન્તે ઘટાદિવદનિત્ય ત્વમાન્તનઃ પ્રસજ્યેત । શરીરાણાં ચાનવસ્થિત પરિમાણત્વાન્મનુષ્યજીવો મનુષ્યશરીરપરિમાણો ભૂત્વા પુન: કેનચિત્કર્મવિપાકેન હસ્તિજન્મ પ્રાપ્નુવન્ન કૃત્સ્નં હસ્તિ શરીરં વ્યાપ્નુયાત્ । પિપીલિકાજન્મ ચ પ્રાપ્નુવન્ન કૃત્સ્નઃ પિપીલિકાશરીરે સંમીયેત । સમાન એવ એકસ્મિન્નપિ જન્મનિ કૌમારયૌવનસ્થાવિરેષુ દોષઃ ।

'અર્થાત્ જીવાત્માનું પરિમાણ શરીર જેટલું જ છે. એમ માનવા જતાં જીવાત્મા અકૃત્સ્ન અર્થાત્ અસર્વવ્યાપી તથા મર્યાદિત પરિમાણવાળો થઈ જાય અને આમ થતાં ઘડા વગેરેની જેમ એના પણ (જીવાત્માના પણ) અનિત્યત્વનો પ્રસંગ ઊભો થાય. વળી શરીરોનું પરિમાણ એક સરખું ન હોવાને કારણે મનુષ્ય શરીરના પરિણામ-વાળો જીવ કોઈ એક કર્મ વિપાકને કારણે મર્યા પછી હાથીનો જન્મ લે ત્યારે એનું મનુષ્યના શરીરનું પરિમાણ હાથીના આખા શરીરના પરિમાણમાં વ્યાપ્ત ન થાય. તથા એ મનુષ્ય કોઈ કર્મ વિપાકને કારણે કીડીનો જન્મ પ્રાપ્ત કરે તો એના મનુષ્યના શરીરનું પરિમાણ કીડીના શરીરના પરિમાણમાં સમાઈ ન શકે. આ જ દોષ એના એજ જન્મમાં પણ કુમારાવસ્થા યુવાવસ્થા તથા ઘડપણ અવસ્થાના શરીરોને લાગુ પડે છે.'

ઉપર જણાવ્યું તેમ ભગવાન શંકરાચાર્યની આ દલીલો લગભગ બધાં જ ભારતીય દર્શનો જૈન મતના ખંડનની બાબતમાં સ્વીકારે છે અને એ રીતે જૈનોએ સ્વીકારેલ જીવાત્માના મતનું ખંડન કરે છે.

સામે પક્ષે જૈન દાર્શનિકો પણ ઇતર દાર્શનિકો જેઓ જીવાત્માનું સ્વરૂપ સર્વ-વ્યાપક છે એમ સ્વીકારે છે એમના મતનું પણ ખંડન કરે . આપણે અહીં આવા દાર્શનિક વાદવિવાદોમાં ન પડતાં જૈન દૃષ્ટિએ જીવાત્માનું સ્વરૂપ શરીર પરિમાણવાળું છે એમ કહેવાનું સાચું રહસ્ય શું હોઈ શકે એ સમજવાનો પ્રયત્ન સર્વ વાદવિવાદોને અનેકાંતવાદના સાંધાથી દૂર કરવા ઇચ્છનાર ભગવાન મહાવીરના મતને અનુલક્ષી કરીશું.

જૈન-દૃષ્ટિએ આત્માનું પરિમાણ શરીરના પરિમાણ જેટલું જ છે એ બાબત વ્યાવહારિક-દૃષ્ટિએ તથા તાત્ત્વિક દૃષ્ટિએ પણ સાચી છે. આપણે અહિં આ બાબતને આપણા રોજીંદા જીવનના દૃષ્ટાંતથી સમજવા પ્રયત્ન કરીશું.

જીવાત્માનું સ્વરૂપ પ્રકાશમય તથા ચૈતન્યમય છે એમ માનવામાં બધાં દર્શનો સમ્મત છે. જૈન-દૃષ્ટિ પણ જીવાત્માને પ્રકાશમય અને ચૈતન્યમય માને છે હવે આપણે પ્રકાશ આપનાર એવી તથા વ્યવહારમાં રોજ ઉપયોગમાં આવતી એવી વસ્તુના દૃષ્ટાંતથી આત્માનું પરિમાણ શરીર જેટલું જ શા માટે છે એ સમજવા પ્રયત્ન કરીશું.

આપણે દિવસે સૂર્યના પ્રકાશથી કામ લઈએ છીએ અને રાત્રે તેલ અથવા વીજળીના દીવાથી કામ લઈએ છીએ અહિં એક બાબત અનુભવ-સિદ્ધ છે કે આ સૂર્ય કે દીવો જ્યાં એની ગતિ જઈ શકે એ ભાગને જ પ્રકાશ આપે છે. ચારે તરફથી બંધ ઓરડામાં સૂર્યના કિરણો જઈ શકતા નથી. એજ રીતે એક હજાર કેન્ડલ પાવરનો વીજળીનો દીવો પણ જો એક નાનકડી તિજોરીમાં રાખી તિજોરી બંધ કરી સળગાવવામાં આવે તો એનો પ્રકાશ તિજોરી બહાર જઈ શકશે નહિ.

આનો અર્થ એ થયો કે પ્રકાશ ગમે એટલો સમર્થ હોય તો પણ જો એની આસપાસ આવરણ હોય તો એ આવરણને ભેદીને કામ કરી શકશે નહિ. વીજળીનો દીવો એનો એજ હોય તો પણ નાના ઓરડામાં મૂકવામાં આવે તો નાના ઓરડાને પ્રકાશ આપે અને મોટા ઓરડામાં મૂકવામાં આવે તો મોટા ઓરડાને પ્રકાશ આપે. ખુલ્લા મેદાનમાં મૂકવામા આવે ા આખા મેદાનને પણ પોતાની શક્તિ અનુસાર અજવાળું આપે. આ દૃષ્ટાંતમાં દીવો કે એનો પ્રકાશ નો કે મોટો નથી થતો પણ ઓરડો નાનો મોટો હોય છે. આજ રીતે જીવાત્મા જે પ્રકાશમય છે એ આપણું પ્રાણીઓનું શરીર કે જે એક ઓરડા જેવું છે એને પ્રકાશ આપે છે. શરીર જેવું નાના કે મોટા પરિમાણવાળું હોય તેના પ્રમાણમાં જીવાત્માનો પ્રકાશ પણ એટલા ભાગમાં જ ફેલાય. શરીર એ ઓરડાની જેમ જ જીવાત્માના પ્રકાશનું આવરણ છે. જીવાત્માના પ્રકાશને શરીર પોતાની મર્યાદાની બહાર જવા દેતું નથી. જે પ્રમાણે ઓરડાની ચાર દિવાલો તથા એનું છાપરૂં વગેરે આવરણો ઓરડાની અંદરના પ્રકાશને પછી એ ગમે એટલો સમર્થ હોય તો પણ બહાર જવા ન દે એ રીતે જ આ શરીર પણ ચૈતન્યમય જીવાત્માના ચૈતન્યને શરીરની બહાર કામ કરવા ન દે એ અત્યંત સ્વાભાવિક છે.

જે દર્શનો આત્માના સ્વરૂપને સર્વ-વ્યાપક માને છે એમના મતે પણ આત્માનું ચૈતન્ય એના પોતાના શરીરની બહારે જઈને કશું પણ કામ કરતું નથી એ હકીકત છે એટલે આત્માનું સ્વરૂપ સર્વવ્યાપક માનવામાં આવે તો પણ વ્યવહારમાં સર્વવ્યાપક જીવાત્મા શરીર બહાર કશું પણ કરી શકતો નથી ટૂંકમાં શરીર એ ચૈતન્યરૂપી પ્રકાશની એક મર્યાદા છે. આ મર્યાદા સમજીને જ ચૈતન્યમય અને પ્રકાશમય જીવાત્માનું પરિમાણ વ્યાવહારિક દૃષ્ટિએ સામાન્ય માણસોને પણ જલ્દી સમજાઈ જાય તે માટે જૈન દાર્શનિકોએ શરીર જેટલું જ છે એમ કહ્યું છે. જીવાત્માનું મૂળ પરિમાણ શરીર જેટલું જ છે એમ કહેવાનો આશય જૈન દર્શનનો નથી જ, એ આ દૃષ્ટાંતથી સ્પષ્ટ થશે

શરીર છૂટતાંની સાથે જીવાત્મા એક વાર તો આખા વિશ્વમા પ્રકાશ ફેલાવી પછી જ પોતાના નિયત સ્થાનમાં જાય છે એવી જૈન-દૃષ્ટિ છે જ. એટલે આત્માનું પરિમાણ શરીર જેટલું માનવામાં તાત્ત્વિક દૃષ્ટિને સાદી અને સીધી વ્યાવહારિક દૃષ્ટિ આપવા સિવાય બીજું આયોજન કશું જ નથી. દાર્શનિકો આ રહસ્યને પોતાના મનનું સમાધાન કરવા ઉલટી રીતે રજૂ કરે એનું પરિણામ દાર્શનિક વાદ વિવાદ આગળ ચાલ્યા કરે એ સિવાય તત્ત્વ લાધે નહિ એ જ છે.

જીવાત્માના સ્વરૂપની જૈન દૃષ્ટિએ આટલી સ્પષ્ટતા કર્યા બાદ એને વિંશે તાત્ત્વિક રીતે અનેક શંકા કુશંકા થઈ શકે છે પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ જીવાત્મા પ્રકાશમય અને ચૈતન્યમય છે એ સર્વસંમત બાબત છે એમાં કશો મતભેદ નથી

જૈન સંસ્કૃતિ અને મહાવીર

હિંદીમાં લે. શ્રી વિજયમુનિ સાહિત્યરત્ન

જે શ્રદ્ધા, વિચાર અને આચારથી વ્યક્તિ અને સમાજનું જીવન સંસ્કારી અને વિશુદ્ધ થાય તે શ્રદ્ધા વિચાર અને આચાર સંસ્કૃતિ કહેવાય છે. સંસ્કૃતિથી માણસનો વિકાસ થાય છે. સંસ્કૃતિનો ધર્મ અને દર્શન સાથે અતૂટ સમ્બન્ધ છે. કોઈપણ પરંપરાગત સંસ્કૃતિનાં આચાર-વિચાર અને શ્રદ્ધાનો પ્રવાહ સ્વતંત્ર હોય છે. કોઈપણ સમાજના આચાર-વિચાર અને શ્રદ્ધાની ત્રિવેણીમાં તેની સંસ્કૃતિનો પ્રાણ છે. સંસ્કૃતિનો સંબંધ આંતરિક જીવન સાથે છે. સભ્યતા અને સંસ્કૃતિનાં મૂળતત્ત્વોમાં ભેદ છે. સભ્યતા એટલે શરીર, અને સંસ્કૃતિ એટલે આત્મા. સભ્યતા બાહ્ય વસ્તુ છે ને સંસ્કૃતિ આંતરિક છે. ભૌતિક વિકાસ એટલે સભ્યતા ને આધ્યાત્મિક વિકાસ એટલે સંસ્કૃતિ. સંસ્કૃતિ પરંપરાનું પ્રાણતત્ત્વ હોય છે.

જે વિચાર કોઈ જાતિના જીવનવૃત્તનું કેન્દ્ર હોય છે તે વિચારથી સંસ્કૃતિનો જન્મ થાય છે. તે જાતિ અને સમાજની સંપૂર્ણ વિકાસધારા તે સ્રોતથી પ્રવાહિત હોય છે; જે સમાજ પાસે આવો સશક્ત કેન્દ્રીય વિચાર નથી હોતો તે સમાજની સંસ્કૃતિ નહીવત્ હોય છે. એથી ઊલટું જે સમાજ પાસે આવો કેન્દ્રીય વિચાર હોય છે તેવા સમાજની સંસ્કૃતિ દીર્ઘાયુષી હોય છે. આવા કોઈ કેન્દ્રીય વિચારથી સંસ્કૃતિના પ્રવાહનો પ્રસ્ફોટ થાય છે. તે વિચાર આત્મા જેટલો અમૂલ્ય અને સશક્ત હોય છે. જેમ આત્માથી જ શરીર જીવંત છે તેમ એ સશક્ત કેન્દ્રીય વિચારથી જ સંસ્કૃતિ પણ જીવંત રહે છે. આવો કેન્દ્રીય વિચાર જેટલો મજબૂત સશક્ત હશે, સંસ્કૃતિપણ તેટલી જ મજબૂત અને સશક્ત બનશે. કોઈ પણ સમાજના જીવન, દર્શન અને ધર્મને સમજવા માટે તેના કેન્દ્રીય વિચારને સમજવો અતિ આવશ્યક છે. આપણે જૈન સંસ્કૃતિને સમજવા માટે તેના તે પ્રબળ કેન્દ્રીય વિચારને સમજીએ. જૈન સંસ્કૃતિના કેન્દ્રીય વિચાર સંક્ષેપમાં આ પ્રકારે છે.

(૧) આત્મ-વિશુદ્ધિ:-

માણસ બીજાને સમજવાનો પ્રયત્ન તો કરે છે પણ તે પોતાની જાતને જ સમજી શકતો નથી. માણસને માટે પોતાની જાતને જ સમજવાનું જરૂરી છે પોતાની જાતને ભૂલીને બીજાને સમજવાથી ફાયદો શું ? તેથી પોતાની જાતને સમજવા માટે આત્મવિશુદ્ધિ આવશ્યક છે.

(૨) દૃષ્ટિ-વિશુદ્ધિ:-

સત્યને જોવા અને જાણવા રાગદ્વેષ રહિત વિશદ તટસ્થ દૃષ્ટિની આવશ્યકતા છે.

(૩) સાધન-વિશુદ્ધિ.-

વિશુદ્ધ ધ્યેયની પ્રાપ્તિ માટે નિર્દોષ અને વૈજ્ઞાનિક વિશુદ્ધ સાધનો હોવાં જોઇએ.

(૪) ધ્યેય-વિશુદ્ધિ-

મનુષ્ય જીવનની સફળતા અને નિષ્ફળતાનો આધાર તેનું ધ્યેય છે તેથી સાધનાના આરંભ પહેલાં ધ્યેયની શુદ્ધતા, પવિત્રતા હોવી જોઇએ.

જૈન સંસ્કૃતિ એક પવિત્ર અનુભૂતિશીલ ધારા છે એ સંસ્કૃતિનો કેન્દ્રીય વિચાર ઉપર બતાવેલાં ચાર તત્ત્વો પર નિર્ભર છે. જૈન સંસ્કૃતિનું એકમાત્ર લક્ષ્ય છે આત્મ વિશુદ્ધિ. આ સંસ્કૃતિ ભોગપ્રધાન નહિ, ત્યાગપ્રધાન છે. ભોગને બદલે ત્યાગ, રાગને બદલે વૈરાગ્ય, વિકારને બદલે સંસ્કાર, અને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જનાર એવી પવિત્ર આ સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ માણસને આંતરમુખી બનાવે છે અને આત્માને મુક્ત કરવાનો તેનો સંકલ્પ છે.

'શ્રમણ' વર્ષ ૧૩ અંક ૬ માંથી સાભાર.

સાધ્ય તરફ સાધન સિવાય જવાતું નથી. તેથી સાધન શુદ્ધ છે કે અશુદ્ધ તે જાણવાની દૃષ્ટિ પર ભાર મુકવામાં આવે છે એટલે આવા ધ્યેય પ્રાપ્તિનો આચાર દ્રષ્ટિની વિશુદ્ધિ પર જ રહે છે.

સંસ્કૃતિના દૃષ્ટિ-બિન્દુ

સંસ્કૃતિ ગંભીર વિષય છે અને જે સંસ્કૃતિ અતિ પ્રાચીન છે, તેના વિષે કંઈ કહેવું કે તેનાં લક્ષણ બતાવવાં તે ખરેખર અઘરું કાર્ય છે.

જ્યાં ઇતિહાસની પણ પકડ નથી તેવા અતિ પ્રાચીન કાળમાં જૈન સંસ્કૃતિનાં મૂળ છે એટલે તેના વિષે કંઈપણ લખવું અઘરું હોવા છતાં તેના મૂળ દૃષ્ટિબિન્દુને જોવાનો પ્રયત્ન કરું છું. આ લેખમાં તેને 'સંપૂર્ણપણે' ઉતારવાનો પ્રયત્ન કર્યો જ નથી કારણકે તેમ કરવું ઘણું મુશ્કેલ છે. અહિંયા તો તે વિશાળ સંસ્કૃતિનો પરિચય માત્ર થઈ શકશે. સંસ્કૃતિ એક પરિવર્તનશીલ ધારા છે તેમાં કાળેકાળે અને ક્રમેક્રમે અનુકૂળ અને પ્રતિકૂળ પરિવર્તનો થયાં કરે છે અને તેવાં પરિવર્તનો અમુક સીમા સુધી જરૂરી પણ હોય છે.

ગુણપૂજા

ગુણપૂજા જૈન સંસ્કૃતિની પ્રથમ વિશેષતા છે. આ સંસ્કૃતિ વ્યક્તિપૂજામાં નહીં પણ ગુણપૂજામાં વિશ્વાસ રાખે છે. વ્યક્તિ અસ્થાયી છે પણ તેના ગુણો સ્થાયી છે મહામંત્ર નવકાર–જે જૈન સંસ્કૃતિનો મૂળમંત્ર છે, તેમાં ગુણપૂજાને જ મહત્ત્વ અપાયું છે તેમાં કોઈ વ્યક્તિ નહિ, તેના ગુણોજ મંત્ર બન્યા છે. જેણે રાગદ્વેષનો નાશ કર્યો છે તે 'અરિહંત' છે, જેણે સઘળાં કર્મોનો નાશ કર્યો છે તે 'સિધ્ધ' છે, જે પોતે આચારનું પાલન કરે છે અને બીજા પાસે કરાવે છે તે 'આચાર્ય' છે, જે જ્ઞાનની સાધના કરે છે અને બીજા પાસે કરાવે છે તે 'ઉપાધ્યાય' છે, જે પાંચેય મહાવ્રતોની મન, વચન અને કર્મથી સાધના કરે છે તે 'સાધુ' છે. કોઈપણ જાતિનો માણસ આવા ગુણોથી અરહિંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ બની શકે છે. આ રીતે ગુણપૂજા આ સંસ્કૃતિનો મૂળભૂત સિદ્ધાંત છે.

પોતાનો ઉદ્ધાર, પોતાને હાથ

વ્યક્તિના ઉત્થાન અને પતન પર કોઈ ઈશ્વરીય શક્તિનો કાબુ હોતો નથી, પોતાના વિકાસ અને હ્રાસનો આધાર વ્યક્તિ પોતેજ છે. સ્વર્ગલોકના દેવો તો નથી આપણું કલ્યાણ કરતા કે નથી અકલ્યાણ કરતા, કારણ કે તેઓ પણ પોતાના વિકાસને માટે મનુષ્ય યોનિમાં જન્મ લેવાનું વિચારતા હોય છે. કોઈ એવી શક્તિ કે સત્તા નથી જે ઉપરથી આપણા વિકાસ કે વિનાશના હુકમો છોડતી હોય. આવી અદૃશ્ય દૈવીશક્તિ જે સ્વર્ગલોકમાંથી આપણું ભવિષ્ય ઘડતી હોય તેવી કલ્પિત માન્યતામાં જૈન સંસ્કૃતિને વિશ્વાસ નથી. જૈન સંસ્કૃતિને ઈશ્વરવાદ માન્ય નથી. તે તો કહે છે કે પ્રત્યેક વ્યક્તિ પોતે જ ઈશ્વર છે, આત્મા કર્મયુક્ત દશામાંથી કર્મમુક્ત દશા મેળવે, એટલે તે પોતે જ ઈશ્વર બની જાય છે, ભગવાન બની જાય છે, પરમાત્મા બની જાય છે. પોતાનો ઉદ્ધાર કરવા માટે માણસે બીજા પર આધાર રાખવો પડતો નથી. પોતાની જાતે જ પોતાનો વિકાસ કરવો એ આ સંસ્કૃતિનું ધ્યેય છે. ભગવાન મહાવીરે બાર વર્ષની ઘોર તપશ્ચર્યા પછી અમૃતતત્ત્વ મેળવ્યું તે તેમણે જન-કલ્યાણ માટે સમગ્રલોકમાં ઢંઢેરો દીધું. તેમણે સિદ્ધ કરી બતાવ્યું કે માણસ જે કંઈ મેળવવા ઇચ્છે, કે જે કંઈ બનવા ઈચ્છે તે તેને પોતાના જ બળ અને શ્રમથી પ્રાપ્ત થાય છે. માણસનો ઉદ્ધાર પોતાના હાથથી જ થાય છે.

વિચાર અને આચારનો સમન્વય

જૈન સંસ્કૃતિની ઘણા લોકો ટીકા કરે છે. તેઓ કહે છે કે આ સંસ્કૃતિ આચારને તો સ્થાન આપે છે પણ વિચારને મહત્ત્વ આપતી જ નથી. ક્રિયામાં તેને શ્રદ્ધા છે પણ જ્ઞાનમાં નહિ. વિચારતાં સમજાશે કે આ

કથનમાં સત્યાંશ ઘણો ઓછો છે. મધ્યયુગમાં કેટલોક સમય એવો આવ્યો જ્યારે રણાનકવાસી જૈનસંપ્રદાય જેવા સંપ્રદાયોએ ઘોર તપસ્યાને જ મહત્ત્વ આપ્યું. બાહ્ય સાધના પર વધારે ભાર મુકવામાં આવ્યો; તેમ છતાં તેમાં વિચાર અને જ્ઞાનનો નિરસ્કાર કરવામાં આવ્યો તેમ કહેવું એ ભ્રાંતિપૂર્ણ સિદ્ધ થશે. ખરેખર તો આ સંસ્કૃતિ આચાર અને વિચારના સમન્વયમાં શ્રદ્ધા ધરાવે છે. જૈન સંસ્કૃતિનો વિચાર આચારમૂલક હોય છે અને આચાર વિચારમૂલક હોય છે. જ્ઞાન એક પ્રકાશ છે, જે માણસને માર્ગ બતાવે છે, અને ક્રિયા એક શક્તિ છે જે જ્ઞાને બતાવેલ માર્ગ પર માણસને ચલાવે છે. તેથી જ્ઞાન અને ક્રિયાના સમન્વયમાં જૈન સંસ્કૃતિનો પ્રાણ છે.

ભોગ અને ત્યાગ

જૈન સંસ્કૃતિ સાધકને જીવનનાં ભોગ તરફથી ત્યાગ તરફ લઈ જાય છે ભોગથી જીવન દૂષિત બને બને છે, ત્યાગથી આભૂષિત, અલંકૃત બને છે. ભોગ માણસને નીચે ઉતારે છે ત્યાગ તેને ઉંચે ચડાવે છે. ભોગમાં આત્મા તો તેના શુદ્ધ સ્વરૂપને ભૂલી જાય છે, ત્યાગમાં તે તેના વિશુદ્ધ સ્વરૂપમાં પ્રગટ થાય છે. આ સંસ્કૃતિ સાધકને પ્રેરણા આપે છે કે ભોગનો નાશ કરો ને ત્યાગને જીવનમાં પ્રગટાવો. ભોગની મરૂભૂમિમાં ધર્મનાં બીજ અંકુરિત થતાં નથી, એટલે ભોગ કરતાં ત્યાગ મહાન છે.

આધ્યાત્મિક સંસ્કૃતિ

જૈન સંસ્કૃતિ ભૌતિક નહિ પણ આધ્યાત્મિક છે. તેમાં વૈરાગ્ય, ત્યાગ અને સંયમનો મહિમા છે. ભૌતિક સંપત્તિ અને ભોગવિલાસ ને તે તુચ્છકારે છે. તેમાં બાહ્ય વિકાસને નહિ પણ આંતરિક વિકાસને મહત્ત્વ અપાયું છે. આ સંસ્કૃતિની સાધનાનું ધ્યેય આંતરિક વિકાસનું, આંતરમનના પરિશોધનનું છે. જૈન સંસ્કૃતિમાં કલાનું એક આગવું મહત્ત્વ છે. પણ તે કલા તે ભૌતિક કલા નહીં, આધ્યાત્મિક કલા. દિવાલ, કાગળ કે પથ્થરની કલાનું એટલું મહત્ત્વ નથી, જેટલું જીવનની કલાનું છે. માટે આ સંસ્કૃતિ આધ્યાત્મિક સંસ્કૃતિ છે; લૌકિક યા ભૌતિક નહિ.

જૈન સંસ્કૃતિના ત્રણ વિશેષણો છે, સત્ય, શિવ ને સુન્દર. આમાં સત્યની ઉપાસના થાય છે તેથી આ સંસ્કૃતિ સત્યમય છે. જે સત્યમય છે તે શિવમય એટલે કલ્યાણકારી તો હોય જ. અને જે કલ્યાણકારિણી છે તે સુન્દર પણ હોય જ કેમકે સૌન્દર્ય શિવતત્ત્વનો શણગાર સજીને આવે છે. આ સંસ્કૃતિનું સત્ય છે સમ્યગ્દર્શન. શિવત્વ છે સમ્યગ્જ્ઞાન, અને સૌંદર્ય છે સમ્યક્ચારિત્ર. દર્શન, જ્ઞાન અને ચારિત્રની ત્રિવેણી એક ખરી સંસ્કૃતિ છે. આ ત્રિવેણીમાં ડુબકી મારવાથી મનના તાપ અને પાપનો નાશ થાય છે. શરીરના મેલનો નાશ થવાથી કંઇ જ વળતું નથી. માનવતાના કલ્યાણ માટે તો મનના મેલનો નાશ થવો જોઇએ. જીવનના કલ્યાણ માટે આ સંસ્કૃતિ સત્ય, શિવ અને સુંદર છે.

સંસ્કૃતિના મૂળ આધાર

જૈન સંસ્કૃતિના આધારભૂત તત્ત્વો ત્રણ છે—શ્રમ, શમ અને સમ. જૈન સંસ્કૃતિ માને છે કે માણસના ઉત્થાનમાં, તેના વિકાસમાં અને અભ્યુદયમાં તેનો પોતાનો જ શ્રમ કામ લાગે છે. જે માણસ પોતાના વિકાસ માટે જેટલો શ્રમ કરે છે, તપસ્યા કરે છે, પુરૂષાર્થ કરે છે, તેટલો જ તેમાં તે સફળ થાય છે. આધ્યાત્મ વિકાસને માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેજ સાચો શ્રમ છે. અને આવા શ્રમને કારણે જ સાધક શ્રમણ કહેવાય છે. શ્રમ ને તપ વિના પરમ પુરૂષાર્થ પ્રાપ્ત ન થાય. શમનો અર્થ છે વિકારોને શાંત કરવા. આત્માના મુખ્ય ચાર વિકારો છે. ૧ ક્રોધ ૨ માન ૩ માયા ૪ લોભ. આવા વિકારોથી આત્મા કલુષિત થાય છે આત્મવિકાસમાં આ ચારેય બાધક છે. જ્યાં સુધી આ ચારેય શાંત થતા નથી, ત્યાં સુધી સાધના ગમે તેવી ઉગ્ર હોવા છતાં તે વ્યર્થ છે. એટલે જીવનમાં શમ-શાંતિની ખૂબ જ આવશ્યકતા છે. શમ

—શાંતિ એ સંસ્કૃતિનું મૂળતત્ત્વ છે. સમનો અર્થ છે સમતાભાવ, અથવા સમભાવ પ્રાણી માત્ર માટે મૈત્રી ભાવ તે જ સાચો સમત્વયોગ છે. આ આ સમત્વયોગ સિવાય સંસ્કૃતિ પલ્લવિત કે પુષ્પિત થઈ શકતી જ નથી. સમતા એ જીવનને માટે એક સ્વસ્થ દૃષ્ટિકોણ છે. પણ તે જીવન 'સ્વ'નું હો કે 'પર'નું, આ સમભાવમાંથી જ અહિંસા, દયા અને કરુણા જેવા અધ્યાત્મ ગુણો જન્મે છે.

સંયમ અને શીલ

કોઈ પણ સંસ્કૃતિ શીલ અને સંયમ વગર પોષિત પલ્લવિત કે સંવર્ધિત થતી નથી. સંયમ ને શીલ સંસ્કૃતિનાં પ્રાણતત્ત્વો છે. સંસ્કૃતિમાં સંયમ ને શીલ બન્નેની વિશેષતા છે. જે માણસમા જીવનમાં સંયમ કે શીલ નથી, તેનું આ સંસ્કૃતિમાં જરાપણ સ્થાન નથી. સંયમ ને શીલ વગરનો ગમે તેવો વિદ્વાન હોય કે જ્ઞાન ગંભીર ધૂરંધર હો, તે શબ્દવત્ છે. સંયમ ને શીલની આરાધનાથી જ વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલે છે.

સંસ્કૃતિનાં જીવનતત્ત્વ

આ સંસ્કૃતિ દયા ને દાનથી જીવંત છે. જે માણસના હૃદયમાં કોઈ દુઃખીને જોઈને કરુણા જન્મતી થી તે ધર્મની આરાધના કરવામાં નિષ્ફળ નિવડે છે. તો જીવનસાગરનું અમૃત છે, સ્વર્ગલોકની સુધા , જેના અભાવમાં મર્ત્ય અમૃત નથી બની શકતા. જો મર્ત્યને અમર બનવું હોય તો દયાશીલ થવું જોઈએ. પરિગ્રહમાંથી મુક્ત થવા દાનશીલ થવું જોઈએ.

જેનામાં દયા નથી તે જિનશાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટિ હોતો નથી. જે કાંઈપણ પ્રાપ્ત થયું છે, તે સહુમાં વહેંચીને ભોગવો. જો સમાજમાંથી લેતા શીખ્યા છો તો દેતા પણ શીખો. પરિગ્રહના વિષમાંથી મુક્ત થવા દાન જેવું બીજું કોઈપણ ઉત્તમ સાધન નથી. જૈન સંસ્કૃતિને દયા અને દાનના ધર્મમાં વિશ્વાસ છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ

આ સંસ્કૃતિ જીવનને પ્રવૃત્તિ તરફથી નિવૃત્તિ તરફ લઈ જનાર છે. કારણ મોક્ષ એ તેનું ધ્યેય છે અને મોક્ષ કે મુક્તિ નિવૃત્તિ માર્ગની સાધનાથી જ મળે છે. એટલે પ્રવૃત્તિનો ત્યાગ જરૂરી છે. પ્રવૃત્તિ એટલે આસ્રવ, નિવૃત્તિ એટલે સંવર. આસ્રવ અને સંવર પરસ્પર વિરોધી તત્ત્વો છે. આસ્રવ સંસારની વૃદ્ધિનો માર્ગ છે, સંવર મોક્ષનો-મુક્તિનો રસ્તો છે. જૈન સંસ્કૃતિનું મૂળ ધ્યેય છે પ્રવૃત્તિ તરફથી મનવાળી લઈને નિવૃત્તિ તરફ લઈ જવું તે. ભોગવાદીઓ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે, ત્યાગવાદીઓ નિવૃત્તિમાં લીન રહે છે. નિવૃત્ત યોગી તો આત્મકલ્યાણમાં જ જીવનની ઉદાત્તતા જુએ છે.

સમન્વય ભાવના

જૈન સંસ્કૃતિ સમન્વય ભાવનામા શ્રદ્ધા ધરાવે છે. તેને વિરોધમાં નહિ, અનુરોધમા વિશ્વાસ છે. જીવન, ધર્મ, દર્શન, સમાજ બધા જ તત્ત્વોનો સમન્વય હોવો જોઈએ કારણ કે સમન્વય વગર કટુતા, વિરોધ અને વિષમતા દૂર થતાં નથી. આ સંસ્કૃતિ પોતાનાં મૂળ તત્ત્વોને જાળવીને સમન્વયમાં વિશ્વાસ રાખે છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનના જીવન કલ્યાણના સિદ્ધાંતોને અપનાવવામાં આ સંસ્કૃતિને ગૌરવ છે. તેથી જ તેમાં રૂઢિચુસ્તતા, પુરાણ પંથીશાહી, અને અંધ વિશ્વાસને જરાપણ સ્થાન નથી. આ સંસ્કૃતિ એક પ્રગતિશીલ સંસ્કૃતિ છે. જીવનનાં સમસ્ત ક્ષેત્રોમાં તે સમન્વય બુદ્ધિથી કામ કરે છે.

સંગ્રહ અને વિસર્જન

જૈન સંસ્કૃતિ સંગ્રહ કરતાં વિસર્જનને માન આપે છે. માણસ અપ્રાપ્ય વસ્તુની અભિલાષા સેવે છે પ્રાપ્યમાં આસક્તિ ધરાવે છે અને તેનાં વિયોગમાં વિલાપ કરે છે. આવા વિલાપમય દર્દમાંથી જ કુસંસ્કાર જન્મે છે. સંગ્રહના મૂળમાં જ દુઃખ દર્દ છે. સુખ પ્રાપ્તિ વિસર્જનમાં છે. સુખ પરિગ્રહમાં નહીં, અપરિગ્રહમાં છે. અપરિગ્રહની સાધના આ સંસ્કૃતિનું સત્ત્વ છે. જીવનમાં કોઈ પણ વસ્તુના સંગ્રહ-તે જડ હો

કે ચૈતન્ય-મમત્વ પેદા કરે છે અને મમત્વ બન્ધન છે. પરિગ્રહ સંસારનું મોટામાં મોટું બંધન છે. એ બંધનથી પર રહેવા માટે જ આ સંસ્કૃતિમાં અપરિગ્રહને મહત્ત્વ આપવામાં આવે છે. જીવનને શાંત, સુખી અને નિર્વૈર બનાવવા માટે સંગ્રહબુદ્ધિ તજ અપરિગ્રહની સાધના કરવી જ પડશે. એ આ સંસ્કૃતિનો સંદેશ છે.

અહિંસા અને અનેકાંત

અહિંસા અને અનેકાંત એ બે આ સંસ્કૃતિના આત્મા છે, અંતરાત્મા છે. આ સંસ્કૃતિમહેલ અહિંસા અને અનેકાંતના પાયા ઉપર ઊભો છે. જીવનની ધરતી પર જ્યાં સુધી અહિંસા અને અનેકાંતનો અવતાર નહીં થાય, ત્યાં સુધી સંસારમાં સુખ અને શાંતિ મળશે નહીં. અહિંસાનું અમૃત પીને મનુષ્ય અમર બની જાય છે; અનેકાંતનું અમૃત પીને તે અજેય બની જાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, સમાજ સમાજ વચ્ચે અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે જે સંબંધ જોડાવો જોઇએ તેનો આધાર અહિંસા અને અનેકાંત છે. અહિંસા મનુષ્યના હૃદયને શુદ્ધ બનાવે છે અને અનેકાંત મનુષ્યની બુદ્ધિને નમ્ર બનાવે છે. હૃદય અને બુદ્ધિ-એ બે તત્ત્વો જીવનના વિકાસ માટે આધારભૂત છે હૃદયની શુદ્ધિ અહિંસાથી થાય છે અને બુદ્ધિની શુદ્ધિ અનેકાંતથી થાય છે. આથી જીવન સુધારણા માટે-જીવનવિકાસ માટે અહિંસા અને અનેકાંતની સાધના જરૂરી છે. અહિંસા અને અનેકાંત જૈન સંસ્કૃતિના મૂળભૂત તત્ત્વો છે અને એ બેમાં બીજાં બધાં તત્ત્વો આવી જાય છે.

અહીં સંક્ષેપમાં જૈન સંસ્કૃતિના મૂળભૂત વિચારોની અથવા દૃષ્ટિબિંદુઓની પરિચયરેખા આપી છે કોઇપણ સંસ્કૃતિને વાસ્તવિક સ્વરૂપમા સમજવા માટે તેનાં મૂળભૂત વિચારોનો પરિચય આવશ્યક છે.

કર્તવ્ય અને અધિકાર

આ સંસ્કૃતિ અધિકારને નહીં, પણ કર્તવ્યને પ્રમુખસ્થાન આપે છે. કર્તવ્ય બરાબર હોય તો અધિકારની ચિંતા શા માટે ? તે પોતાની મેળેજ પ્રાપ્ત થઇ જશે. સાધુ પોતાના કર્તવ્યનું ધ્યાન રાખે અને ગૃહસ્થ પોતાના કર્તવ્યનું ધ્યાન રાખે. તો પછી કોઈ પણ પ્રકારની અવ્યવસ્થાનો-સાંધેલો અવકાશ રહેતો નથી. સંઘ, સમાજ, પરિવાર અને રાષ્ટ્ર બધે જ આવી કર્તવ્ય ભાવનાથી શાંતિ મળે છે. જૈન સંસ્કૃતિમાં આજ દ્વારણે અધિકારને નહિ, કર્તવ્યને મહત્ત્વ અપાય છે. આવી કર્તવ્યભાવના એ જ આચાર્ય ભદ્રબાહુને પોતાની યોગ-સાધના છોડી નેપાળથી પાટલીપુત્ર આવવા ને સંઘસમ્મેલનમાં સમ્મિલિત થવા પ્રેરિત કરેલ. જે સમાજમાં કર્તવ્ય ભાવના હોતી નથી તે સમાજ વિકસિત થતો નથી. તેથી જૈન સંસ્કૃતિમાં અધિકાર કરતાં કર્તવ્યને ઉચ્ચું માનવામાં આવે છે.

હૃદય પરિવર્તન

જૈન સંસ્કૃતિ કર્તવ્ય ઉપરાંત હૃદયપરિવર્તનમાં વિશ્વાસ રાખે છે. પોતાના ધર્મ, દર્શન અને સંસ્કૃતિને માટે તેણે કદી બળનો ઉપયોગ કર્યો નથી; ને તેમાં તેને શ્રદ્ધા નથી. સાધક ને જે કંઇ મેળવવાનું છે તે તેના પોતાના પુરુષાર્થથી, પરિશ્રમથી અને પોતાના જીવન પરિવર્તનથી. જીવન ઉદ્ધાર વેશ બદલવાથી નહિ પણ વાણી બદલવાથી થાય છે. વિશ્વને બદલવા પહેલાં પોતાના વિશ્વાસને બદલવાની આવશ્યકતા રહે છે. દશા બદલવાની ચિંતા ન કરો. જો દિશા બદલશો, તો દશા પણ બદલાશે. મનના પરિવર્તનથી જ જીવન પરિવર્તન થાય છે.

આત્મ વિજયની સંસ્કૃતિ

આ સંસ્કૃતિમાં જીવન સાધ્ય નથી પણ આત્મ વિજય માર્ગનું સાધન છે. જીવનની રક્ષા આત્માના વિજય માટે થવી જોઇએ, ભોગ ભોગવવા માટે નહિ. આરાધના અને સાધનાનું એક માત્ર ધ્યેય આત્મશુદ્ધિ ને આત્મવિજય છે. જીવન સંસ્કૃતિનું ધ્યેય છે સંયમ. જીવન પણ સંયમને માટે અને મૃત્યુ પણ

સંયમને માટે જ સંયમથી જ માણસ પોતાના વિકારોને જીતીને આત્મ-વિજયી થાય છે.

સંસારના બંધનેથી વિમુક્ત થઈને અજર, અમર, શાશ્વત, પરમ પદ પ્રાપ્ત કરવામાં આ સંસ્કૃતિ ની ધ્યેય-નિષ્ઠા છે. નિર્વાણ, મોક્ષ અને મુક્તિ સિવાય આ સંસ્કૃતિનું કોઈ પણ ધ્યેય નથી. અરિહંત પદ પ્રાપ્ત કરવા માટે સંયમી બનો. તપ સાધના પણ અરિહંત બનવા માટે કરો. અહિંસાનું આચરણ પણ અરિહંત બનવા માટે કરવાનું છે. અરિહંત ને સિદ્ધ બનવાનો માર્ગ છે અહિંસા; સંયમ અને તપ. અહિંસા, સંયમ અને તપની સાધનાથી સાધક પરમતત્વને પ્રાપ્ત કરે છે. આ સંસ્કૃતિને આત્મપૂજા કરતાં બીજા કોઈપણ બાહ્ય તત્વમાં વિશ્વાસ નથી તેથી જ આ સંસ્કૃતિ આત્માની સંસ્કૃતિ છે.

અનુવાદક : અમૃતલાલ શેવળ

卐

WITH BEST COMPLIMENTS OF

ALCOCK, ASHDOWN & Co. Ltd.

Bombay Bhavnagar

* STRUCTURAL ENGINEERS—Bridges, Towers, Vessels, Buildings.
* MECHANICAL ENGINEERS—Castings, Forgings, Pressings, Machining.
* SHIP BUILDERS—Tugs, Barges, Dredgers, Launches.
* SHIP REPAIRERS

Managing Agents :

TURNER MORRISON & Co. LTD.

16, Bank Street, BOMBAY.

શ્લોકોમાં બતાવ્યો છે. એક વખત આત્મસ્વરૂપના દર્શન થતાં યોગી પુરુષ પોતાના સામર્થ્યથી પરમતત્ત્વને જોવાની અતિ ઉત્કટ આસક્તિવાળો બને છે, અને પરતત્ત્વમાં અપ્રતિષ્ઠિત હોવા છતાં તે પ્રાપ્ત કરવાને પ્રવૃત્ત બને છે, અને તેવા અનાલંબધ્યાનમાં મગ્ન થતાં પરતત્ત્વના દર્શન થાય છે. પરતત્ત્વના દર્શન તે કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન ઉત્કૃષ્ટ પ્રકારરૂપ છે. ત્રણ લોકને પ્રકાશ કરવાવાળું છે. અતીત, વર્તમાન અને અનાગત ભાવોને જાણવાવાળું છે, અને ધ્રુવ-સ્થિર છે. સાલંબન અને નિરાલંબન યોગનું ફલ છે. અને કેવળજ્ઞાનથી પરમાત્મસ્વરૂપના દર્શન થાય છે, તે દર્શન થતાં બીજા કોઈ દર્શનની આકાંક્ષા રહેતી નથી.

तत्तत्त्वं यद् दृष्ट्वा निवर्तते दर्शनाकांक्षा॥

કેવલજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યા પછી ૧૩-૧૪-૧૫-૧૬ ની કારિકામાં પરતત્ત્વ-પરમાત્મતત્ત્વ (highest reality) નું સ્વરૂપ હરિભદ્રસૂરિજી બતાવે છે, પરતત્ત્વ શરીર ઇંદ્રિયોથી રહિત છે. અચિન્ત્ય ગુણોનો ભંડાર છે, સૂક્ષ્મ છે, ત્રિલોકના મસ્તક ઉપર રહેલ છે, જન્માદિ કલેશોથી નિવૃત્ત છે, જેને મહામુનિઓ અંધકારથી પર પ્રકાશસ્વરૂપ કહે છે; સૂર્યના જેવા વર્ણવાળું, મલરહિત બ્રહ્મસ્વરૂપ-બૃહત્ સ્વરૂપવાળું અને અક્ષર-પોતાના સ્વભાવથી કદાપિ ચ્યુત ન થવાવાળું છે. આ પરતત્ત્વ નિત્ય છે, પ્રકૃતિથી (matter) વિયુક્ત છે, લોક અને અલોકને જોવાના ઉપયોગવાળું છે, શાંત મોજવાળા સમુદ્ર જેવું છે, વર્ણ અને સ્પર્શ વિનાનું તથા અગુરુલઘુપર્યાયવાળું છે. શારીરિક કે માનસિક ઉપાધિ વિનાનું, પરમાનંદ સુખવાળું, અલગ (detached) સર્વ કલા-એટલે અંશોથી રહિત અને સદાશિવ વગેરે પદોથી જે વાચ્ય છે. કેવળી ભગવાન પરતત્ત્વને જોઈને પરમ સમતા-પરમાનંદને પામે છે.

ઉપર બતાવેલ પરમાત્મદશા બૌદ્ધો માને છે, તેવી સર્વથા અભાવ-શૂન્યદશા (pure nothingness) નથી; પણ અખંડ શુદ્ધ જ્ઞાન સુખરૂપ છે. મુક્તાત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં સદ્ચિદ્આનંદ સ્વરૂપમાં રહે છે. પરમાત્મદશામાં પણ મુક્તાત્મા વ્યક્તિત્વ ત્યજતો નથી, તેમ સમષ્ટિમાં વિલય પામતો નથી. પરમતત્ત્વને સર્વથા અભાવરૂપ માનવામાં આવે અથવા સદા કેવળ એક ચૈતન્યરૂપ માનવામાં આવે, તો બંધ અને મોક્ષની ઘટના સંભવતી નથી, અને ધર્મના અનુષ્ઠાનો, ધર્મની પ્રવૃત્તિ નિષ્પ્રયોજન થાય છે.

સંચિત

તમારા મકાનની સલામતી માટે :—

બ્લન્ડલ ઇયોમાઇટ પેઇન્ટસ લી.ના બનાવટના

બેલતેલ હાથીછાપ અને સફેદો રાજાજીક હમેશા વાપરો

સૌરાષ્ટ્રના સોલ એજન્ટસ

ટી. સી. બ્રધર્સ, દાણાપીઠ, ભાવનગર.

જૈનધર્મની પ્રાચીનતા

લે. આચાર્ય ખીમચંદ ચાંપશી શાહ

જૈનધર્મ અનાદિ છે, તેનો કોઈ સ્થાપક નથી. પરંતુ સમયના વહન સાથે જ્યારે પરિસ્થિતિમાં ફેરફાર થઈને ધર્મમાં શિથિલતા આવે છે ત્યારે તીર્થંકર જન્મ લે છે અને તેને ફરીથી શુદ્ધ સ્વરૂપમાં વ્યવસ્થિત કરે છે અને આવી રીતે દરેક કાળવિભાગમાં ચોવીશ તીર્થંકરો થાય છે તેમ આપણે જૈનો શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ. વર્તમાન કાળવિભાગના પ્રથમ તીર્થંકર ઋષભદેવ છે અને મહાવીર છેલ્લા ચોવીસમા તીર્થંકર છે તથા અત્યારે મહાવીરે સ્થાપેલા તીર્થ પ્રમાણે જૈનધર્મ ચાલે છે તેમ આપણે માનીએ છીએ.

જૈનધર્મના અનાદિત્વની માન્યતા એક બાજુએ મૂકીએ તો પણ આજના જૈનધર્મનાં મૂળ વેદથી યે પ્રાચીન પ્રાગૈતિહાસિક કાળ સુધી જાય છે તે હકીકત પુરવાર થઈ શકે તેમ છે અને જો આ હકીકતને યોગ્ય સ્વરૂપમાં મૂકવામાં આવે તો જગતના વિદ્વાનો પણ સ્વીકારી શકે તેમ છે એટલે હું આ વિષય તરફ જૈન વિદ્વાનોનું લક્ષ ખેંચવા ઇચ્છા રાખું છું.

ચોવીસમા તીર્થંકર મહાવીર ઐતિહાસિક પુરુષ હતા તે નિર્વિવાદ છે. તેમનો જન્મ ઈ. પૂ. ૫૯૯માં થયો હતો અને બોંતેર વર્ષનું આયુષ્ય ભોગવી તે ઈ. પૂર્વે ૫૨૭માં નિર્વાણ પામ્યા હતા.[1] કલ્પસૂત્રમાં એક ઉલ્લેખ છે કે મહાવીરના નિર્વાણ પહેલાં બરાબર ૨૫૦ વર્ષે ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનું નિર્વાણ થયું હતું. તેમનું આયુષ્ય સો વર્ષનું ગણાય છે. એટલે તેમનો જન્મ ઇ. પૂર્વે ૮૭૭ અને નિર્વાણ ઈ. પૂર્વે ૭૭૭માં થયા હતા તે હકીકત પણ સ્વીકારી શકાય તેવી છે. તે પહેલાના તીર્થંકરો સંબંધમાં જે સમયો આપવામાં આવ્યા છે તે બુદ્ધિગમ્ય નથી અને સ્વીકારી શકાય નહીં. આમ છતાં પહેલા તીર્થંકર ઋષભદેવનો ઉલ્લેખ ઋગ્વેદમાં આવે છે અને ભાગવત તેમને વિષ્ણુનો આઠમો અવતાર ગણીને એક મહાન અવધૂત તરીકે વર્ણવે છે. વળી બંને અનુશ્રુતિઓ તેમને નાભિરાજા અને મરૂદેવીના પુત્ર તરીકે ઓળખાવે છે એટલે ઋષભદેવ એક પ્રાગૈતિહાસિક પુરુષ હોય તેમ ચોક્કસ જણાય છે. ઋગ્વેદનો પૂર્વકાળ ઈ. પૂર્વે ૨૫૦૦ આસપાસનો ગણાય છે એટલે ઋષભદેવનો પણ આ સમય ગણી શકાય. તેમના સમયથી માંડીને મહાવીર સુધીના સમય દરમિયાન બીજા બાવીસ તીર્થંકરો થયા હોય તો તેમાં કંઈપણ અસંભવિત નથી. માત્ર આ તીર્થંકરોના સમય સંબંધમાં અનિશ્ચિતતા રહે છે.

આજથી ચાલીસ વર્ષ પહેલાંના સમય સુધી તો જગતના વિદ્વાનોમાં એવી માન્યતા પ્રવર્તતી હતી કે આર્યો મધ્ય એશિયામાંથી ભારતમાં આવ્યા તે પહેલાં ભારતમાં તદ્દન જંગલી અથવા અર્ધ જંગલી જેવી અર્ધસંસ્કારી પ્રજાઓ જુદા જુદા સમૂહોમાં જુદી જુદી નદીઓના કાંઠા ઉપરના જંગલોમાં વસતી હતી, અને આર્યોના આગમનથી જ ભારતમાં સંસ્કૃતિની શરૂઆત થઈ. અલબત્ત આ માન્યતાને ખોટી ઠરાવનાર કેટલાક પ્રાચીન અવશેષો પંજાબ, સિંધ, રજપુતાના, ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશોમાંથી અવારનવાર મળતા હતા પરંતુ તે પુરાતત્ત્વની દૃષ્ટિએ અતોષકારક કે ખાત્રીદાયક ન હતા. પરંતુ ઈ. સ. ૧૯૨૨માં અચાનક પુરાતત્ત્વખાતાના એક અમલદાર રાખાલદાસ બંદ્યો-

---

૧. કેટલાકના મત પ્રમાણે ભ. મહાવીરનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૯૯માં અને નિર્વાણ ઈ. સ. પૂર્વે ૪૧૭માં થયાં હતાં તેમ છે. આ ગણતરીએ પાર્શ્વનાથનું નિર્વાણ ઈ. સ પૂર્વે ૭૧૭માં આવે.

પાધ્યાયજીએ સિંધમાં મોહેંજો-દેરો નામના એક ટેકરાનું ખોદકામ કર્યું, અને તેમાંથી આર્યો હિંદમાં આવ્યા તે પહેલાંની એક ઉચ્ચ કક્ષાની નાગરી (urban) સંસ્કૃતિ પ્રકાશમાં આણી. આ શોધે વિદ્વાનોની માન્યતામાં ક્રાંતિકારક ફેરફાર આણ્યો. આર્યો આવ્યા તે પહેલાં હિંદમાં જુદીજુદી કક્ષાની સંસ્કૃતિઓ ધરાવતી પ્રજાઓ વસતી હતી તે હકીકતનો સ્વીકાર થયો.

આર્યો પોતાની સાથે એક પ્રકારનો વિશિષ્ટ ધર્મ અને સંસ્કૃતિ લઇને હિંદમાં આવ્યા હતા. આ ધર્મ અને સંસ્કૃતિ ભારતમાં વસતી પ્રજાઓના ધર્મ અને સંસ્કૃતિથી તદ્દન જુદા પ્રકારના હતા એટલે ભારતમાં આવતાં વેંત આર્યોને પોતાનાથી જુદી જાતિની અને જુદા પ્રકારના ધર્મ અને સંસ્કૃતિ ધરાવતી પ્રજાઓ સાથે ભયંકર યુદ્ધો થયાં આ યુદ્ધો લાંબા કાળ સુધી ચાલ્યાં, પરંતુ અંતે પોતાની ઉચ્ચ લશ્કરી શક્તિથી —ખાસ કરીને અશ્વો જોડેલા રથો અને લોખંડના હથિયારોના ઉપયોગથી —આર્યો જીત્યા. તે વખતે ભારતમાં વસતા આર્યેતરો અશ્વોથી અને લોખંડથી અજાણ હતા. તેઓ ઊભા ઊભા અથવા પાડા કે બળદ ઉપર બેસીને પત્થરની ગદા અથવા કાંસાના શસ્ત્રોથી લડતા. જેમ જેમ વિજય મળતો ગયો તેમ તેમ આર્યો પોતાનાં રાજ્યો સ્થાપતા ગયા.

આર્યો પ્રકૃતિના ખોળામાં ઉછરનાર ચેતનવંતી પ્રજા હતી. તેમણે કુદરતનાં ભવ્ય સ્વરૂપો નીહાળ્યાં હતાં અને તેમની પાછળ રહેલી પ્રેરક શક્તિને પીછાણી હતી. તેઓ આ ઉદાત્ત, કલ્યાણકારી, દિવ્ય શક્તિ અને તેનાં વિધવિધ પાસાઓમાં દૈવત્વ કલ્પી તેમને પ્રસન્ન કરવા હમેશાં તેમની સ્તુતિઓ ગાતા અને પ્રાર્થનાઓ કરતા. તેમણે ઇંદ્ર, અગ્નિ, વરુણ, અશ્વિનો વિષ્ણુ, સોમ, સવિતા, દ્યૌઃ વગેરે તેત્રીસ દેવો કલ્પ્યા હતા. આ દેવો મોટા ભાગે જોકે માનવસ્વરૂપી હતા પરંતુ તેમની મૂર્તિઓ બનાવવામાં આવતી નહીં. આર્યો મૂર્તિપૂજક ન હતા. તેમના ક્રિયાકાંડમાં માત્ર યજ્ઞનો સાદો વિધિ હતો. આ દેવો અને આ યજ્ઞવિધિ આર્યોની જુદીજુદી ટોળીઓમાં યુરોપમાં ગયેલા ગ્રીકોમાં, ઇરાકમાં ગયેલા મિતન્નિઓમાં, ઇરાનમાં ગયેલા પર્શુઓમાં જોવામાં આવે છે. એટલે આ દેવો અને યજ્ઞવિધિ તેમની આગવી રચના હશે અને તેઓ પોતાની સાથે ભારતમાં લાવ્યા હશે તેમાં શંકાને સ્થાન નથી.

ઋગ્વેદિક આર્યો પ્રવૃત્તિપરાયણ હતા. તેમના ઋષિઓ પણ યુદ્ધોમાં ભાગ લેતા, અને સ્ત્રીઓ, પુત્રો, અશ્વો, ગાયો, સુવર્ણ વગેરે આપવા દેવોની સ્તુતિઓ ગાતા અને તે મેળવવા પ્રયત્નશીલ પણ રહેતા. આ સંસાર અસાર છે, દુઃખમય છે, તેનો ત્યાગ એટલે સંન્યસ્ત જીવન એ જ પરમ હિતાવહ છે એવી માન્યતાઓ તેમનામાં જોવામાં આવતી નથી. વળી પ્રાચીન આર્યોની મરણ પછીના જીવન સંબંધી માન્યતાઓ પણ પ્રાથમિક કક્ષાની હતી. મૃત્યુ પછી આર્ય યમેના દેશમાં જાય છે અને ત્યાં પોતાના પૂર્વજોની સાથે રહી અહીંના જીવન જેવું જ જીવન ગુજારે છે એવા પ્રકારની સામાન્ય માન્યતા હતી પ્રાચીન ગ્રીકો, કેલ્ટો વગેરે યુરોપમાં ગયેલી આર્ય ટોળીઓમાં પણ આવા જ પ્રકારની માન્યતાઓ જોવામાં આવે છે. એટલે આર્યો પોતાની સાથે આ માન્યતાઓ ભારતમાં લાવ્યા હતા તે નિશ્ચિત થાય છે. ભારતમાં આવ્યા પછી પણ થોડાક સમય સુધી તેમાં ખાસ ફેરફાર થયો નહીં હોય તેમ ઋગ્વેદ ઉપરથી જણાય છે. આ ઉપરથી આરણ્યકોમાં જે નિવૃત્તિપરાયણતા અને સંન્યસ્ત જીવન તથા ઉપનિષદોમાં જે કર્મવાદ અને પુનર્જન્મ ઉપર ભવ્ય ચિંતન જોવામાં આવે છે, અને જે જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો છે, તેની પાછળ કોઇ ભારતની આર્યેતર પ્રેરણા હોવી જોઇએ તે સાબિત થાય છે.

ક્રિયાકાંડમાં આર્યો પોતાની સાથે જે યજ્ઞવિધિ લાવ્યા હતા, તે શરૂઆતમાં તદ્દન સાદો હતો. દરેક ગૃહપતિ પોતાના ઘરમાં દરરોજ યજ્ઞ કરી લેતા. નાની વેદી બનાવી તેમાં અગ્નિ પ્રગટાવતો, દેવોના

સ્તુતિમંત્રો ગાતો, અને ઘી, દૂધ, દહી, મધ, અનાજ, માંસ વગેરે વસ્તુઓની આહુતિઓ હોમતો આમાં તેની સ્ત્રી પણ ભાગ લેતી. અગ્નિ આહુતિ દેવોને પહોંચાડે છે અને તેનાથી પ્રસન્ન થઈ દેવો યજમાનની મનઃકામનાઓ પૂર્ણ કરે છે તેમ આર્યો માનતા. "હું તમને આહુતિ વડે પ્રસન્ન કરૂં છું; તમે મને મારી મનોવાંચ્છિત વસ્તુઓ આપી પ્રસન્ન કરો" એવી દેવોની સાથે આપલે કરી લેવાની કાંકિ વિચારસરણી તેની પાછળ હતી. સમય જતાં યજ્ઞ વિસ્તૃત બન્યો. યજ્ઞ જ સર્વ સામર્થ્યવાન છે, દરેક કામ્ય વસ્તુ તેના વડે મેળવી શકાય છે તેવી માન્યતા રૂઢ થઈ. આમ છતાં પણ આર્યોનું ક્રિયાકાંડ યજ્ઞથી આગળ વધ્યું ન હતું. વેદોમા દેવોની મૂર્તિઓ કે પૂજાવિધિ સંબંધી કાંઇપણ ઉલ્લેખ નથી. પરંતુ મોહેંજો-દેરોના ખોદકામે સિદ્ધ કરી આપ્યું છે કે આર્યેતરો પોતાના દેવ-દેવીઓની મૂર્તિઓ બનાવતા. એટલે દેવોની મૂર્તિઓ અને તે મૂર્તિઓ પાસે ઘીનો દીવો કરી પત્ર, પુષ્પ વગેરેથી પૂજા કરવાનો વિધિ આર્યેતર હોવાં જોઇએ. સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાયજી પૂજા શબ્દને દ્રવિડ ભાષાના શબ્દો પૂ (=પુષ્પ) અને જેપ (=કરવું) એમાંથી ઉત્પન્ન કરે છે યજ્ઞ એ પશુકર્મ કહેવાય છે, તેની સામે પૂજા એ પુષ્પકર્મ છે. મંદિરો, ચૈત્યો, મૂર્તિઓ અને પૂજા વિધિ એ જૈનોમાં પ્રાચીન કાળથી જ પ્રચલિત છે. એટલે જૈનોનાં આ વિધિવિધાનો પણ આર્યેતર પ્રજાની દેણગી છે, અને પ્રાગ્વૈદિક છે તે હકીકત નકારી શકાય-તેમ નથી. આર્યોમાં શ્રીકૃષ્ણે આ પૂજાવિધિનો સ્વીકાર કરી તેને પ્રતિષ્ઠા આપી.[1] અને ત્યારબાદ જૈનેતરોમાં, આ પુજાવિધિનો સાર્વત્રિક પ્રચાર થયો તેમ જણાય છે.

હવે આપણે આ આર્યેતર પ્રજાઓ સંબંધી વિચાર કરીએ. આર્યો મધ્ય એશિયામાંથી હિંદુકુશ પર્વત ઓળંગી ભારતમાં આવ્યા હતા, અને ધીમેધીમે પ્રથમ તો સપ્તસિંધુ એટલે કે હિંદુકુશથી સરસ્વતી નદીના પ્રદેશ સુધીમાં ફેલાયા હતા. તેને આ પ્રદેશમાં વસતી આર્યેતર પ્રજાઓ સાથે યુદ્ધો થયાં. તેમનો પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ છે અને તેનો ઘણો ખરો ભાગ આ પ્રદેશમા રચાયો છે. એટલે આ યુદ્ધોનો ઉલ્લેખો તેમાં પુષ્કળ પ્રમાણમા મળી આવે છે આ પ્રજાઓને આર્યોએ શિશ્નુ, અજ, શિણુ, યક્ષુ, કીકટ વગેરે નામોથી ઓળખાવી છે તથા દાસ એવા સામાન્ય નામથી પણ ઉલ્લેખેલી છે. તેમને કાળા રંગની, ચીબા ન સમજાય તેવી બોલીઓ બોલનારી, એ રીતે વર્ણવી વળી ઇંદ્રને નહીં માનનારી, યજ્ઞ નહીં કરનારી, લિંગને પૂજનારી એમ કહીને તિરસ્કારી પણ છે. એટલે આ પ્રજાઓના દેવો, ધાર્મિક ક્રિયાકાંડો, અને દાર્શનિક માન્યતાઓ આર્યોથી તદ્દન જુદા પ્રકારનાં હતાં તે ચોક્કસ છે. આમાની કેટલીક જાતિઓ પુરો-નગરો બાંધીને વસતી, સમુદ્રસફરની જાણકાર હતી અને દેશપરદેશનો વેપાર ખેડી સમૃદ્ધ બનેલી હતી. એટલે આ જાતિઓ સંસ્કૃતિ અને સમૃદ્ધિમાં આર્યો કરતાં આગળ વધેલી હતી. આર્યો આ લોકોના ઘરો ભાંગી તેમનો ધનમાલ લૂંટી લેવામાં ગૌરવ લેતા. મોહેંજો-દેરો, હરપ્પા વગેરે સ્થળોએ કરેલા ખોદકામમાંથી આવી જ જાતની સંસ્કૃતિની આપણને ઝાંખી થઈ છે. તેમની લિપિ હજી વાંચી શકાણી નથી, પરંતુ જ્યારે તે વંચાશે ત્યારે તે સંબંધી વિગતવાર માહિતી મળશે. અત્યારે તો મળેલા અવશેષો ઉપરથી અમુક પ્રકારનાં અનુમાનો કરવાનાં રહે છે.

જૈન પરંપરામાં પશ્ચિમ અને ઉત્તરના પ્રદેશો કરતાં મધ્ય અને પૂર્વના પ્રદેશો વધારે અગત્યનો ભાગ ભજવે છે એટલે આ પ્રદેશોમાં વસતી પ્રજાઓનો આપણે વિશેષ વિચાર કરવાનો રહે છે. ઋગ્વેદમાં આ પ્રજાઓનો ઉલ્લેખ હોવા સંભવ નથી ઉત્તર વૈદિક કાળમાં સરસ્વતી નદી ઓળંગીને જેમ જેમ આર્યો મધ્યદેશ એટલે કે ગંગા-યમુનાના દોઆબ

---

1 पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति। तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

અને પૂર્વના પ્રદેશોમા આગળ વધતા ગયા, તેમ તેમ બીજી આર્યેતર પ્રજાઓના સંપર્કમાં આવતા ગયા. આ પ્રજાઓના ઉલ્લેખો પુરાણો, મહાભારત અને રામાયણમાં મળી આવે છે. તેમાં નાગ અને રાક્ષસ પ્રજાઓ મુખ્ય છે. નાગ લોકો મુખ્યત્વે ગંગા અને યમુનાના કાંઠા ઉપરના પ્રદેશોમાં વસતા હતા અને રાક્ષસ લોકો વનોના અંદરના ભાગમાં તેમજ પૂર્વના પ્રદેશોમાં વસતા હતા. આ પ્રજાઓ સંસ્કૃતિમાં ઠીક ઠીક આગળ વધેલી હતી, પરંતુ લડાયક આર્યો સામે તેઓ ટક્કર ઝીલી શકયા નહિ.

આ જ હકીકતને જૈન પરંપરા પણ ટેકો આપે છે. ભગીરથ જ્યારે ગંગાને અષ્ટાપદ પાસેથી ખેંચીને સાગર તરફ લઈ જતો હતો ત્યારે રસ્તામાં નાગોને બલિ આપીને પ્રસન્ન કરતો હતો તેવો ઉલ્લેખ છે. એટલે કે ગંગાના કિનારા ઉપર નાગવસાહતો હતી. કાશીનો રાજવંશ કે જેમાં પાર્શ્વનાથનો જન્મ થયો હતો તે નાગકુળનો હતો. રાજા શ્રેણિક (બિંબિસાર) શિશુનાગ વંશનો હતો. આ નાગ વંશો છેક ગુપ્તકાળ સુધી ચાલુ હતા, અને ગુપ્ત સમ્રાટો સાથે વિવાહ સંબંધથી જોડાયેલા હતા. રાક્ષસ લોકોએ આર્યોનો બીજી કોઈપણ પ્રજા કરતાં વિશેષ મજબૂત સામનો કર્યો હોય તેમ લાગે છે. કારણકે આર્યોએ તેમને ખૂબ ખરાબ રીતે વર્ણવ્યા છે. તેમને સંસ્કારહીન, માણસ-ખાઉ અને તેમણે સિદ્ધ કરેલી વિદ્યાઓને જાદુ ગણીને યાતુધાનો-જાદુગરો કહ્યા છે. રાક્ષસો આર્યોના દેવોમાં માનતા નહીં અને તેમના હિંસક યજ્ઞોમાં ભંગાણ પાડતા તે સ્વીકૃત હકીકત છે એટલે આર્યોને રાક્ષસો તરફ ખૂબ દ્વેષ હોય તે સમજી શકાય તેવી વાત છે. પરંતુ જૈન પરંપરા રાક્ષસો તરફ દ્વેષભાવ બતાવતી નથી. ઊલટું જૈનોએ તેમની વિદ્યાઓને બિરદાવી છે. લંકાના રાક્ષસ રાજા રાવણે ઋષભદેવની પ્રતિમા પાસે નૃત્ય કરી પોતાનો ભક્તિભાવ દર્શાવ્યો હતો એટલે સુધી જૈન પરંપરા તેમને વખાણે છે. નાગો, રાક્ષસો, યક્ષો એ તીર્થંકરોના અનુયાયીઓ હતા તેમ જૈનો માને છે અને જૈન પરંપરામાં તેમનું મહત્ત્વ ઘણું છે.

આમ નાગો, રાક્ષસો, યક્ષો, વિષે જે માહિતી પુરાણો, મહાભારત અને રામાયણમાં મળે છે તેનાથી તદ્દન વિરુદ્ધ પ્રકારની માહિતી જૈન કથાઓમાંથી પ્રાપ્ત થાય છે. આમાં એક કારણ ધર્મદ્વેષ પણ હોય બ્રાહ્મણોએ જેમની પ્રશંસા કરી હોય તેમને જૈનોએ વખોડયા હોય, અને જેમને જૈનોએ વખાણ્યા હોય તેમને બ્રાહ્મણોએ વખોડ્યા હોય. આમ છતાં નાગ, રાક્ષસ વગેરે પ્રજાઓના ધર્મ, રીતરિવાજ ઇત્યાદિ બ્રાહ્મણો-થી જુદા પ્રકારનાં હતાં અને તેથી બ્રાહ્મણોએ તેમને વખોડયા હોય તેમ માનવું વધારે સયુક્તિક લાગે છે. કારણે કે સામાન્ય પૌરાણિક ચિત્ર એવું છે કે એકાદ રાક્ષસ, દૈત્ય કે દાનવ પ્રથમ ખૂબ ભક્તિભાવવાળો હોય, તપ કરીને બ્રહ્મા, વિષ્ણુ કે શંકરમાંથી એકાદ મોટા દેવને પ્રસન્ન કરી વરદાન મેળવે અને પછી ખૂબ દુષ્ટ થઈ લોકોને, દેવોને અને ઇંદ્રને હેરાન કરે, અને યજ્ઞોમાં ભંગાણ પાડે. અંતે આ બધા ત્રાસ પામીને મોટા દેવની પાસે મદદ માટે યાચના કરે અને પછી વરદાનને બાદ ન આવે તેવી રીતે કાંઈક યુક્તિ વાપરી તે મોટો દેવ ત્રાસ આપનારનો નાશ કરે. બ્રાહ્મણોની વર્ણન કરવાની આ પૌરાણિક રીત છે. આ ઉપરથી સમજાય છે કે આર્યેતરો ભક્તિભાવ-વાળા ધાર્મિક પુરુષો હતા. પણ તેમનો ધર્મ જુદો હોવાથી તેઓ આર્યોના દેવોમાં કે દેવાધિદેવ ઇંદ્રમા માનતા નહિ. આર્યો શત્રુભાવે રહેતા એટલે આર્યો-તરો તેમની તરફ શંકાની દૃષ્ટિથી જોતા અને જો યજ્ઞ નિમિત્તે તેઓ એકઠા થતા તો તેમના યજ્ઞોમાં ભંગ પડાવી તેમને વિખેરી નાખતા. આમ ગજગ્રાહ ચાલતો પણ અંતે લડાયક આર્યો વિજેતા બનતા અને આર્યોતરો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવતા. આથી અનુમાન કરી શકાય છે કે આર્યેતરો બ્રાહ્મ-ણોતર કોઈક ચર્યા કે જૈનધર્મ સાથે સંકળાયેલી છે તેના અનુયાયી હતા અને તેથી જ જો કે બ્રાહ્મણોએ તેમને વખોડયા છે પણ જૈનોએ તેમને વખાણ્યા છે. આ બાબતની વધારે ખાત્રી તો ભવિષ્યની પુરાત-ત્વની શોધો જ આપી શકશે.

હવે આપણે બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર આર્યોએ સંબંધી થોડોક વિચાર કરીએ. ઋગ્વેદના અંતિમ સમયમાં વહેતી બે ભિન્ન ભિન્ન વિચારધારાઓ આપણને દેખાય છે—એક 'બ્રહ્મ'ની અને બીજી 'સમ'ની વૈદિક આર્યો બ્રહ્મના ઉપાસક હતા. ધીમે ધીમે તેમના બ્રાહ્મણોએ આ વિચારધારાને વિકસાવી અને આ ભિન્ન ભિન્ન દેખાતા સૃષ્ટ પ્રાણી માત્રનું ઉત્પત્તિસ્થાન એકમાત્ર બ્રહ્મને કહ્યું. પ્રાણીમાત્ર શરીરથી ભિન્ન-ભિન્ન હોવા છતાં જીવથી એક જ બ્રહ્મના અંશો છે અને અંતે તે એક જ બ્રહ્મમાં વિલીન થઈ જવાનાં છે એમ પ્રતિપાદન કર્યું. આમાંથી 'આત્મૈક્ય' અને 'અદ્વૈત' વાદનો જન્મ થયો. આથી ઊલટું સમના ઉપાસકોએ ભિન્નભિન્ન સૃષ્ટ પ્રાણીઓની ભિન્નતા સ્વીકારી, પરંતુ તેમની સાથે 'સમત્વ' ભાવ ખીલવ્યો. જેવા આપણે, તેવા અન્ય. જેવો વ્યવહાર કોઇ આપણા તરફ કરે અને આપણને ન ગમે, તેવો વ્યવહાર આપણે કોઈ બીજા તરફ કરીએ તો તેને પણ ન ગમે, આ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. આમાંથી જ 'આત્મૌપમ્ય'ની પરિણતિ થઈ. આમ 'બ્રાહ્મણ' અને 'સમન' એમ બે–એક બીજાથી તદ્દન સ્વતંત્ર વિચારધારાઓ જોઇ શકાય છે.

યજુર્વેદમાં એક ઉલ્લેખ છે કે ઇંદ્રે યતિઓને જંગલી કુતરાઓ પાસે ફાડી ખવરાવ્યા. ઇંદ્ર એ ભારતીય આર્યોનો મુખ્ય દેવ છે, એટલે ઇંદ્રવત્તુ યતિઓ કોઇ આર્યેતર જાતિના ધર્મગુરુઓ હોવા જોઇએ. મોહેંજો-દેરોના ખોદકામમાંથી એક તદ્દન નિર્વસ્ત્ર, જૈનોમાં પ્રચલિત કાયોત્સર્ગ ધ્યાનાવસ્થામાં ઊભેલી પ્રતિમા મળી આવેલ છે. આ કોઈ યોગપ્રધાન સંન્યાસપરાયણ યતિ ધર્મગુરુની પ્રતિમા હોય તેમાં માનવાને સબળ કારણ છે. યોગના મૂળમાં આત્મૌપમ્ય એટલે કે 'જીવો અને જીવવાદો' ની અહિંસા છે. એટલે 'સમન' એ આર્યેતર વિચારધારા છે તેમ માનવું પડે છે. અહિંસાની દૃષ્ટિ અને પુષ્ટિની વૃત્તિમાંથી સંયમ અને તપનો આત્મનિષ્ઠી માર્ગ વિકસે છે. શ્રમણચર્યા એ આ માર્ગનું પરિણામ છે. આ સંસાર અસાર છે, દુઃખમય છે, કરેલાં કર્મો પ્રમાણે જન્મજન્માંતરો થાય છે અને અહિંસા, સંયમ, તપના પાયા ઉપર રચાયેલી શ્રમણચર્યાના આચારથી કર્મોનો નાશ થઈ મોક્ષ અથવા નિર્વાણ મળે છે એવી જાતની જૈન માન્યતાના પાયામાં 'સમન' એટલે આર્યેતર વિચારધારા છે. વળી જૈનોનાં શાસ્ત્રો 'આગમ' (=આવેલાં) વેદબાહ્ય ગણાય છે અને તેનું કારણ એ જ હોવું જોઇએ કે તેમાં પ્રતિપાદિત સિદ્ધાંત વેદબાહ્ય આર્યેતર પરંપરાઓમાંથી ફલિત થાય છે. યોગનાં શાસ્ત્રો પણ 'આગમો' કહેવાય છે. કારણકે ઉપર જણાવ્યું તેમ યોગ આર્યેતર આચાર છે. આધુનિક હિંદુધર્મ નિગમાગમ કહેવાય છે. તેનું કારણ પણ એ જ છે કે નિગમ (=મેળવેલાં) એટલે વેદવિહિત અને આગમ એટલે વેદબાહ્ય એમ બંને પરંપરાઓથી તે સાધિત થયલો છે. આ સમન વિચારધારા અને શ્રમણચર્યાને સ્પર્શતા ગ્રંથો હોવાજ જોઇએ, જોકે અત્યારે તે મળતા નથી. જૈન ધર્મના મહાવીરથી પ્રાચીન ગ્રંથો પણ મળતા નથી. જોકે વૈદિકોનું આખું વૈદિક સાહિત્ય મહાવીર પહેલાનું છે. જૈનો માને છે કે મહાવીરની પહેલાં ચૌદ પૂર્વો હતાં. આ ગ્રંથોમાં શ્રમણોનું ધાર્મિક સાહિત્ય હશે એમ ચોક્કસ માની શકાય તેમ છે. મહાવીર પોતાનાં ધાર્મિક પ્રવચનોમાં આ પૂર્વોમાં અપાયેલા ઉપદેશોનો ખૂબ ઉપયોગ કર્યો હશે, અને તેમણે તીર્થ સ્થાપ્યા પછી તેમનાં પ્રવચનોના સંગ્રહમાં પૂર્વોનું જ્ઞાન વણાઈ ગયું હશે એટલે આ પૂર્વોને યાદ રાખવાની કે જાળવવાની આવશ્યકતા નહીં રહી હોય. એટલે ધીમેધીમે તેનું જ્ઞાન નષ્ટ થયું હશે. આ દૃષ્ટિએ જોતાં જૈનોના આગમ ગ્રંથોમાં સમાયેલું કેટલું કે જ્ઞાન પ્રાચીન અને વેદનું સમકાલીન હોય અને આરણ્યકો તથા ઉપનિષદોના ચિંતનમાં તેમની અસર પડી હોય તેમ માનવામાં હરકત જેવું નથી.

આ બધી બાબતોનો સમગ્રપણે અભ્યાસ કરતાં એક હકીકત સ્પષ્ટપણે સ્વીકારવી પડે છે કે આર્યો

ભારતમા આવ્યા ત્યારે એક ભ્રમણશીલ (nomadic) જાતિને અનુરૂપ સામાન્ય પ્રકારની સંસ્કૃતિ અને ધર્મ સાથે લેતા આવ્યા હતા, જેની માહિતી આપણને ઋગ્વેદમાંથી મળી રહે છે. એટલે આપણી સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિનાં મૂળ એકલા આર્યોના વેદમાં જ નહી, પરંતુ તેથી ચે પ્રાચીન આર્યેતર સંસ્કૃતિમા રહેલાં છે તે સ્વીકારવું પડે છે. આ સ્વીકારથી કદાચ આપણા આર્યત્વને ધક્કો લાગશે. પરંતુ આપણે આર્યત્વમૂલક પૂર્વગ્રહો છોડયે જ છૂટકો છે. ભારતીય સંસ્કૃતિમા સંન્યાસ, ત્યાગ, પારલૌકિક કલ્પના, અહિંસાવાદ વગેરે અભિમાન લેવા યોગ્ય ભાવનાઓ અને પ્રવૃત્તિઓ કે જે જૈન ધર્મના પાયામાં છે તેમનાં મૂળ અમુક અંશે વૈદિક સંસ્કૃતિથીયે આગળ પ્રાગ્ ઐતિહાસિક વૈદિકેતર સંસ્કૃતિઓ સુધી જાય છે, અને આ દૃષ્ટિએ જૈન ધર્મ વૈદિક ધર્મથી પણ પ્રાચીન છે તેમ ચોક્કસ કહી શકાય તેમ છે.

તાર : Paramite ટેલીફોન : ૨૩૮૩૮

મેસર્સ રાયચંદ એન્ડ સન્સ

ઇલેકટ્રીક સામાનના જથ્થાબંધ વેપારી

૫-૭ પીકેટ કોસ રોડ, મુંબઈ-૨

કેટલાક વિચારણીય પ્રશ્નો

લે : મનસુખલાલ તા. મહેતા.

નોંધ :- જૈન ધાર્મિક શિક્ષણ પત્રિકાના ફેબ્રુઆરી ૧૯૬૪ ના અંકમાં ખાસ કરીને જૈન સમાજને અગત્યના બાર પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. તેના ઉત્તરો ટૂંકમાં પણ સુંદર રીતે અહીં લેખકે આપ્યા છે. બાહ્ય દૃષ્ટિએ ધર્મ અનુષ્ઠાનો વધતા જતાં દેખાય છે પરંતુ સમગ્ર રીતે જોતાં આંતર જીવનમાં તો શુદ્ધિ ઘટતી જતી જોવામાં આવે છે.

૧. શારીરિક અને માનસિક એ બે પ્રકારના દુઃખમાંથી કયું દુઃખ વધુ ભયંકર અને વધુ ત્રાસદાયક હોય છે?

ઉ. શારીરિક અને માનસિક એ બે પ્રકારનાં દુઃખમાંથી કયું દુઃખ વધુ ભયંકર અને ત્રાસદાયક છે એ સમજતાં પહેલાં શરીર અને મન વચ્ચેનો સંબંધ સમજી લેવો જોઈએ. આપણા શરીરમાં જ્ઞાનતંતુઓની જાળ પથરાયેલી છે. મગજને ખબર પહોંચાડવાની અને મગજનો હુકમ શરીરના અવયવોને પહોંચાડવો એ કામ જ્ઞાનતંતુનું છે. માનસિક દુઃખના પ્રત્યાઘાતો શરીર ઉપર પડે છે. અનેક પ્રકારના રોગોની હસ્તિ અને વૃદ્ધિમાં માનસિક લાગણીઓ જ મુખ્ય ભાગ ભજવે છે. આ દૃષ્ટિએ માનસિક દુઃખ એ શારીરિક દુઃખની જનેતા છે, અને તેથી તે વધુ ભયંકર અને ત્રાસદાયક છે.

૨. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી આ ભવમાં જ જીવને કલેશ રહે કે પરભવમાં પણ કલેશ રહે?

ઉ. આર્ત અને રૌદ્ર ધ્યાનઃ આર્ત અર્થાત્ પીડા કે દુઃખ જેમાંથી ઉદ્ભવે તે આર્ત. આ બંને પ્રકારના ધ્યાન સંસારના કારણ હોવાથી દુર્ધ્યાન ગણાય છે, અને તેથી ત્યાજ્ય છે. આવા ધ્યાનથી વર્તમાન કાળે જીવને સંતાપ થાય છે, અને તેના કડવાં ફળો અન્ય જન્મોમાં પણ ભોગવવાં પડે છે. લક્ષ્મણા જેવી મહાન પવિત્ર સાધ્વીને માત્ર એક ક્ષણનુ દુર્ધ્યાન અનંતા ભવોના ભ્રમણનું નિમિત્ત બન્યાની વાત જાણીતી છે.

૩. મૃત્યુ સમયે, આત્મા જીવન દરમિયાન કરેલાં કર્મોનાં સ્મરણથી અત્યંત દુઃખ અને પશ્ચાતાપ ભોગવવાનો પ્રસંગ ન આવે તે માટેનો ઉપાય શું?

ઉ. મૃત્યુ સમયે જીવન દરમ્યાન કરેલાં કર્મોનાં સ્મરણથી અત્યંત દુઃખ અને પશ્ચાતાપની પરિસ્થિતિને દૂર રાખવી હોય તો જીવન દરમ્યાન ભૂલેચૂકે પણ કોઇ પાપકૃત્ય ન થાય તેની સતત કાળજી રાખવી જોઇએ. જૈન દર્શનમાં કારણ અને કાર્યની સરસ સંકલના છે પાપકૃત્ય કરીને તેની શિક્ષામાંથી કોઈ બચી શકે નહિં મૃત્યુ સમયે દુઃખ અને પશ્ચાતાપ ન કરવા પડે એમ ઇચ્છનારે જયણા પૂર્વક ચાલવું, ખાવું, પીવું, બોલવું અને જગતમાં તમામ અન્ય જીવો સાથે તેમને કલેશ અગર દુઃખ ન થાય તે પ્રમાણે વર્તવું. હું કોઈને પીડા પહોંચાડું તો મારા જીવને પીડા થવાની જ એવી ખાતરી હોય તે માણસ સદાચાર પૂર્વક જીવન જીવી શકે, અને તેના માટે અંતિમ કાળે દુઃખ કે પશ્ચાતાપનો પ્રશ્ન હોતો નથી. મૃત્યુને તે પરમ મિત્રની માફક ભેટી શકે છે

૪. આપત્તિ, ચિંતા, માંદગી અને મરણથી આ માટે ગભરાવું જોઇએ? એ બધાથી ચેતીને ચાલવાથી શું લાભ?

ઉ. પ્રશ્નનાં ઉત્તરમાં એમ કહી શકાય કે માણસ ગમે તેટલો ચેતીને ચાલે તો પણ જેણે જન્મ લીધો તેના માટે મૃત્યુ નિશ્ચિત વસ્તુ છે. મૃત્યુ જીવનના માટે શાપ સમાન નથી પણ આશીર્વાદ રૂપ છે. મૃત્યુમાં રહેલ અપૂર્વ શાંતિ અને માધુર્યનો અનુભવ જીવન જીવતાં આવડે તો ચોક્કસ થઈ

શકે. સાગરમાં જેમ ભરતી અને ઓટ આવે છે તેમ સંસારમાં પણ સુખ અને દુઃખના અનુભવો તો થવાનાંજ. પરન્તુ સંસારના સ્વરૂપને જે સમજે છે, તેનામાં સમાધાન વૃત્તિ આવી જાય છે. ચેતીને ચાલવાથી સદાકાળ માટે મૃત્યુ કે આપત્તિને દૂર રાખી શકાતાં નથી, પણ જીવનમાં સમાધાન વૃત્તિ કેળવી આવા બધા ભયોમાંથી મુક્ત બની શકાય છે. ખરેખરા યોગ્ય માનવીને પ્રકૃતિ અને સંસાર સાથે એવો સુમેળ હોય છે કે કોઇ પણ આઘાત કે નુકશાન એ બહુ સહેલાઇથી સહન કરી લે છે.

૫. સુખ, સંપત્તિ, વૈભવ, મોજશોખ, ધંધો, આભુષણની ટાપટીપ અને શરીરની શોભા, એનાથી માણસ જગતના ઉપર પોતાની પ્રતિભા પાડવા પ્રયત્ન કરે છે. પરંતુ આવા માણસોમાં પ્રાયઃ આજે વિનય, વિવેક, નમ્રતા, સરળતા, ઉદારતા કે ધર્મપ્રેમ જોવામાં નથી આવતો. અને તેઓ પોતાની જ દુનિયામાં રાચતા હોય છે. આવા માણસોના જીવનને સાચી દિશામાં વળાંક આપવો હોય તો શું કરવું ?

ઉ. સુખ, સંપત્તિ, વૈભવ, મોજશોખ, આભુષણની ટાપટીપ, શરીરની બાહ્ય શોભા—આ બધાનો મેળ વિનય, વિવેક, વિનમ્રતા, સરળતા, ઉદારતા કે ધર્મ સાથે મળી શકે નહિં. જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ ન હોઈ શકે, તેમ આવી ભિન્નભિન્ન પરિસ્થિતિનો મેળ એક સાથે ન મળી શકે. જનક વિદેહી અગર ઉત્તરાધ્યયન સૂત્રમાં નમિ રાજર્ષિની વાત આવે છે. તેમાં આવી ભિન્ન ભિન્ન પ્રકૃતિનો સુમેળ જોવાનો મળી શકે છે. પરન્તુ ત્યાં મનનાં પરિણામો અનાસકત હતા, અને ચિત્તના અધ્યવસાયો વૈરાગ્ય યુકત હતા, ભૌતિક પદાર્થોની પ્રાપ્તિના કારણે અગર પર વસ્તુના સંયોગથી ઉત્પન્ન થતાં સુખો, વૈભવ મોજશોખ, ટાપટીપ વિ. પોકળ છે, અને આત્માને ઉર્ધ્વગતિને બદલે અધોગતિના માર્ગે લઇ જાય છે, એની સાચી સમજણ આવે અને તદનુસાર આચરણ થાય ત્યારે જ આવી વ્યકિતઓ સાચા માર્ગે જઇ શકે.

૬. ઘણા માણસોને આજે ધનનો, સત્તાનો, બુદ્ધિનો, અભિમાનનો, લોભનો, ઈર્ષ્યાનો ક્રોધનો કે બીજા એવા અનેક પ્રકારનો મદ સતત ઝરતો હોય છે. અને પરિણામે તેના આત્માની શકિત ક્ષીણ થતી જાય છે એમાંથી તેઓને ઉગારવા માટે શું ઉપચાર કરવો ?

ઉ. ધન અને સત્તાની સાથે સાથ અનેક દુર્ગુણો પણ આવે જ છે અને લોભ, કામ, ક્રોધ, માયા, અહંકાર આ બધા ધન અને સત્તાના પરમ મિત્રો છે. આના પરિણામે આત્માની શકિત ક્ષીણ થવાની જ. ધન અને સત્તાનો મદ સામાન્ય રીતે માનવીને ઉન્માર્ગે ખેંચી જાય છે. મહાત્મા ગાંધીજી એના જીવન કાળ દરમ્યાન કદી પણ ધન કે સત્તાના વમળમાં ન ફસાયા, અને ભારતના સાચા રાષ્ટ્રપિતા હોવા છતાં સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ પદનો સ્વીકાર ન કર્યો. આજે એમના પ્રથમ પંકિતના અનુયાયીઓનું ધન અને સત્તાના કારણે કેવું કરુણ અધઃપતન થઈ રહ્યું છે તે આપણે નજરો નજર જોઇ શકીએ છીએ. અગ્નિમાં હાથ નાખો અને તેમ છતાં ન દાઝો એમ ન બને, તેમ ધન અને સત્તાનો કેફ ન ચઢે એવું પણ ન બને. અલબત, દરેક નિયમોમાં અપવાદ પણ હોઈ શકે છે.

૭. સર્વજ્ઞ ભગવંતોએ એમ કહ્યું છે "કે કર્મ અને પરિણામની અપેક્ષાએ પુરુષો સાતમી નર્કમાં જાય, જ્યારે સ્ત્રીઓ વધુમાં વધુ છઠ્ઠી નર્ક સુધી જ જાય" વૈજ્ઞાનિક રીતે આનો શું ખુલાસો હોય શકે ?

ઉ. કર્મ અને પરિણામની અપેક્ષાએ પુરુષનો જીવ સાતમી નરક સુધી જઇ શકે અને સ્ત્રીનો જીવ વધુમાં વધુ છઠ્ઠી નારકી સુધી જઇ શકે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આનો ખુલાસો એમ કહી શકાય કે પુરુષ મોટા ભાગે અર્થપ્રધાન છે, અને સ્ત્રી કામપ્રધાન છે. અર્થ માટે અનેક અનર્થો કરાતાં હોય છે. વળી, આ ઉપરાંત દરેક સ્ત્રીમાં માતાનું સ્વરૂપ રહેલું છે તેથી સ્વાભાવિક રીતે જ તેનું અંતઃકરણ વધુ કોમળ,

માયાળુ અને દયાળુ હોય છે. પુરૂષ જાતિના હાથે જેવાં દીન અને પાપ કૃત્યો થાય છે, તેવાં હીન અને પાપી કૃત્યો સ્ત્રી જાતિના હાથે થવાની શકયતા જણાતી નથી.

૮. પુરૂષો કરતાં પ્રાયઃ સ્ત્રીઓ મોટી સંખ્યા મોક્ષે જનાર હોય છે. એ સત્યનું રહસ્ય શું છે ?

ઉ. પુરૂષો કરતાં પ્રાયઃ સ્ત્રીઓની મોટી સંખ્યા મોક્ષે જનાર હોય છે, એવું શાસ્ત્ર વચન જોવામાં નથી આવ્યું. દિગમ્બર સંપ્રદાય તો સ્ત્રીઓને મોક્ષ હોય એમ માનતો જ નથી. પરન્તુ તેમની આવી માન્યતા તર્કબદ્ધ હોવાનું જણાતું નથી. સ્ત્રી અને પુરૂષમાં કોઈ મૂળ ભૂત કારક નથી; દેહ દૃષ્ટિએ ભેદ છે. એ ખરૂં, પણ જૈન દર્શન તેમજ અન્ય દર્શનોમાં પ્રાધાન્યતા આત્મ તત્ત્વની છે, દેહતત્ત્વની નહિ. આત્મતત્ત્વ સ્ત્રી અને પુરૂષ બંનેમાં સમાન છે. જે આત્માને કર્મનો વધુ લેપ એ ભારે કર્મી અને ઓછો લેપ એ ઓછુ કર્મી. પછી દેહદૃષ્ટિએ તો આત્મા પુરૂષના શરીરમાં રહેલો હોય કે સ્ત્રીના શરીરમાં-તે વસ્તુ ગૌણ છે.

૯. આત્મહિતની દૃષ્ટિએ જપ વધે કે તપ વધે ? જ્ઞાન વધે કે ધ્યાન વધે ? ત્યાગ વધે કે સંયમ વધે ? ક્ષમા વધે કે દયા વધે ? પ્રેમ વધે કે ભક્તિ વધે ?

ઉ. જપ-તપ, જ્ઞાન-ધ્યાન, ત્યાગ-સંયમ, દયા-ક્ષમા, પ્રેમ-ભક્તિ, આ બધાં દ્વંદ્વ એક બીજાના પૂરકે છે. જેમ કે, સંયમ વિના ત્યાગ શકય નથી, દયા વિના ક્ષમાં શકય નથી, પ્રેમ વિનાં ભક્તિ શકય નથી. આત્મહિતની દૃષ્ટિએ આ બધા ગુણોના મૂલ્ય સમાન કક્ષાએ છે.

૧૦. પુણ્યમય અને પવિત્ર જીવન જીવનારા મનુષ્યોના જીવનમાં આપત્તિ વિપત્તિ અને દુઃખના પ્રસંગો બહુ ઓછા બને છે-તે તેના પુણ્યના બળે, પ્રારબ્ધના બળે; પુરૂષાર્થના બળે; શુદ્ધિના બળે કે આવડતના બળે હશે ? કે તેની શ્રદ્ધા અને સમજણના બળે હશે ?

ઉ. સામાન્ય રીતે, પુણ્ય કર્મથી સુખ અને પાપ કર્મથી દુઃખ પેદા થાય છે. પરન્તુ જ્ઞાનીની દૃષ્ટિએ તો સુખ અને દુઃખ ઉભય દુઃખ રૂપજ છે. ભૌતિક સુખોને જૈનશાસ્ત્રોએ માત્ર સુખાભાસ માનેલ છે. સુખ સંબંધમાં ઊંડી રીતે વિચારતાં એમ લાગે છે કે સુખ પણ પરિણામે દુઃખ ઉત્પન્ન કરે છે. સુખના ભોગને સમયે ભોગ્ય વસ્તુના નાશની આશંકા દુઃખ ઉત્પન્ન કરે છે, અને સુખના સંસ્કારથી પેદા થતાં રાગ પણ દુઃખનો અનુભવ કરાવે છે. મહાન અને પવિત્ર સ્ત્રી પુરૂષોના ભાગ્યે જ મોટા ભાગે દુઃખ સહન કરવાનું આવે છે. રામ અને સીતા, હરિશ્ચંદ્ર અને તારામતી, નળ અને દમયંતી જેવી પવિત્ર અને તારામતી, નળ અને દમયંતી જેવી પવિત્ર વ્યક્તિઓએ મહાકષ્ટ વેઠ્યા છે. જેનું જેટલું ઉજ્જ્વળ જીવન-તેનું તેટલું કષ્ટમય જીવન. દુઃખ દ્વારા માણસનું જીવન વધુ સુંદર અને તેજસ્વી બને છે. અગ્નિની પરીક્ષામાંથી પિત્તળને પસાર થવાનું નથી હોતું, સુવર્ણને જ પસાર થવું પડે છે. જ્ઞાની અને વિવેકી માણસ ભૌતિક સુખોથી ગભરાતો અને કંટાળતો હોય છે, તે તો દુઃખના સ્વીકારમાં જ સુખ અનુભવતો હોય છે. અનેક વિકટ પ્રસંગો અને આપત્તિઓમાંથી પસાર થયા પછી પણ કુન્તા માતાએ શ્રી કૃષ્ણ પાસે આપત્તિ અને વિપત્તિઓની માંગણી કરતાં કહ્યું છે કે: વિપદઃ સન્તુ ન. શશ્વત્ તત્ર તત્ર જગદ્ગુરો.

૧૧ વાંચન, લેખન, પ્રકાશન, વક્તવ્ય, ઉપદેશ, ભાષણો, ચર્ચાઓ, પરિસંવાદો, સમારંભો, મેળાવડાઓ, ઉત્સવો, મહોત્સવો, વિધિવિધાનો, વિવિધ પ્રકારના પૂજાઓ, આ બધી પ્રવૃત્તિઓ જગતના અને જનસમૂહના હિતને માટે હોય છે. તેનાથી સૌનું કલ્યાણ થાય એવો શુભ હેતુ તે બધી પ્રવૃત્તિઓમાં રહેલો હોય છે. પરંતુ બધાને તેનાથી લાભ જ થાય છે એમ જોવામાં આવતું નથી આવું શું કારણ ? જેવી જેવી ભાવના; તેવું તેવું ફળ-એ નિયમ પ્રમાણે બનતું હશે ?

ઉ. જનસમૂહના હિતાર્થે ઉત્સવો, મહોત્સવો, વિધિ-વિધાનો, વિવિધ પ્રકારનાં પૂજાઓ, સમારંભો, મેળાવડાઓ અને ભાષણો દિનપ્રતિદિન વધતાં જતાં જોવામાં આવતાં છતાં તેનાથી બધાને લાભ થતો કેમ જોવામાં આવતો નથી ? આ બાબત પર વિચારતાં

એમ લાગે છે કે માણસના હૃદયમાં મોટા ભાગે પ્રસન્નતાનો અભાવ દેખાય છે, અને પ્રસન્નતાના સ્થાને આજે દંભ અને ક્રિયાના આડંબરો માત્ર જોવામાં આવે છે. પ્રસન્નતા વિના સંતોષ ન થઈ શકે. પ્રત્યેક ક્રિયામાં પ્રસન્નતા ન અનુભવાતી હોય તો તેનો લાભ મળી શકતો નથી, અને પરિણામે જીવન કૃત્રિમ બની જાય છે. એક ફ્રેંચ વિદૂષક બાબતમાં કહેવાય છે કે તે અતિશય વિનોદી હોવાથી વિનોદના ખેલો કરી લોકોને રીઝવતો અને ખૂબ ધન કમાતો મોટી મોટી ફી આપી લોકો તેના પ્રયોગો જોવા જતા. એક વખત, આ ફ્રેંચ વિદૂષક તેને ન જાણનાર એવા એક ડોકટર પાસે ગયો અને ફરિયાદ કરી કે જીવનમાં તેને કાંઈ રસ જેવું અનુભવાતું નથી, તો તેના માટે શું કરવું ? ડોકટરે તેને તપાસીને કહ્યું કે તેને નખમાં પણ રોગ ન હતો, પણ તેના ચિત્ત પર ગમગીનીનો ભાર રહેતો હોવાથી જીવનમાંથી તેનો રસ ઉડી ગયો છે; અને આ માટે સલાહ આપતા એને એનું જ નામ આપી કહ્યું કે તમે અવારનવાર તેના ખેલો જોતા રહો. પેલા વિદૂષકે કહ્યું કે એ પોતે જ પ્રસિદ્ધ વિદૂષક છે ત્યારે ડોકટરના આશ્ચર્યનો પાર ન રહ્યો. આજે જન સમૂહના મોટા ભાગના માણસોના મનની પરિસ્થિતિ પણ આ ફ્રેંચ વિદૂષક જેવીજ જોવામાં આવે છે. પહેલાના સમયમા માણસોના હૃદયમાં ભક્તિની તીવ્રતા અને પ્રસન્નતા હતી, આજે ભક્તિના સ્થાને બાહ્ય દેખાવ અને પ્રસન્નતાને બદલે માત્ર દંભ અને આડંબર દેખાય છે.

૧૨. સાચો ધર્મી કોણ ? જેને ધર્મનું બહુ જ્ઞાન હોય તે ધર્મી ? જે બહુ ધર્મક્રિયા કરે તે ધર્મી ? જે બહુ વ્રત નિયમો પાળે તે ધર્મી ? પ્રભુની ભક્તિ કરે તે ધર્મી ? જે બહુ તીર્થયાત્રા જે કરે તે ધર્મી ? જે બહુ લોકસેવા કરે તે ધર્મી ? કે જે શ્રદ્ધા અને સમજણપૂર્વક અને નિર્મળ ભાવ વડે આત્મસ્વરૂપને ઓળખી તેમાં લયલીન થઈ જવાની પ્રવૃત્તિમાં જ રચ્યોપચ્યો રહે તે ધર્મી ?

૩. સાચો ધર્મી કોણ ? આ પ્રશ્ન મહત્ત્વનો અને અર્થગંભીર છે. તીર્થયાત્રા, લોકસેવા, ધાર્મિક અનુષ્ઠાનો, આ બધાં ધર્મનાં સાધનો છે, અને તેના વડે જીવનશુદ્ધિ સધાય તો તે ધર્મક્રિયા કહેવાય. સત્ય એજ ધર્મ છે, પણ આ સત્ય કોઈ એવો પદાર્થ કે પ્રકાશ નથી કે જેને જુદાજુદા રંગોના કાચ વડે જોવામાં આવે તો જુદા જુદા જણાય. સત્ સ્વયં સંપૂર્ણ છે, તેના વિભાગો ન પાડી શકાય. ઉપાશ્રય, મંદિર, ધંધાની પેઢી, ઓફીસ, ઘર અને વ્યવહાર આ બધામાં ધર્મ—નીતિ—સત્યનું ધોરણ જે સમાન રીતે જાળવે તે ધર્મી, એમાં જે ભેદ પાડે તે દંભી. ભગવાને તેથીજ કહ્યું છે. सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरइ અર્થાત્ સત્યની આજ્ઞા ઉપર ઉભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે.

જન્મ જયંતિ મહોત્સવ

આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી મહારાજ)ના જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે આ સભા તરફથી બીજા ચૈત્ર સુદી ૧ સોમવાર તા. ૧૩–૪–૬૪ના રોજ રાંધનપુર નિવાસી શેઠશ્રી સકરચંદભાઈ મોતીલાલભાઈ મુળજી તરફથી શત્રુંજય ગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂ. ગુરુદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવ્વાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સભાના સભ્યો ખાસ પધાર્યા હતા અને સાંજના પ્રીતિભોજન [illegible]

વિજ્ઞાન, પ્રગતિ, અને મૂલ્યો

વિજ્ઞાન (Science), તંત્રશાસ્ત્ર (Technology) અને પ્રગતિ (Progress) એ આ યુગનાં મંત્રો છે. પ્રગતિએ એ ધ્યેય છે અને વિજ્ઞાન તથા તંત્રશાસ્ત્ર તેને મેળવવાનાં સાધનો છે. પરંતુ ખરી પ્રગતિ કઇ કહેવાય તેનો આપણે વિચાર કર્યો છે ખરો? પ્રગતિની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. ટેલિવિઝન (Television), અણુસ્ફોટક યંત્રો, અવકાશયાન વગેરે જેવી વૈજ્ઞાનિક અને યાંત્રિક (Technical) શોધોને કેટલાક પ્રગતિ માને છે. તેઓ માને છે કે મનુષ્ય પોતે આંતરિક મુખ કોઇપણ બાહ્ય ઉચ્ચ શક્તિની સહાય વિના માત્ર ભૌતિક વિકાસ સાધીને પ્રાપ્ત કરી શકે છે. બીજા કેટલાકના મતે 'સુંદર' અને 'શિવ'ની ઉપાસના કરતા માનવ આત્માનો ઇતિહાસ એ જ પ્રગતિ. વળી ધર્મગુરુઓ પ્રગતિ બાબત જુદો જ મત ધરાવે છે તેઓ તો આદિ, મધ્ય અને અંત ઇશ્વરમાં જ નિહાળે છે. આ સિવાય સામાન્ય મનુષ્યોનાં મંતવ્યોનો અહીં ઉલ્લેખ કરવો જરૂરી નથી. આમ જુદાં જુદાં મંતવ્યોને એક સર્વસામાન્ય વ્યાખ્યાદ્વારા વ્યક્ત કરવા એ ઘણું મુશ્કેલ છે. અર્વાચીન વિજ્ઞાનની સિદ્ધિઓએ ભલું કર્યું છે. પરંતુ સાથેસાથે ભુરૂં પણ કર્યું છે તે આપણે સ્વીકારવું જોઇએ. અલબત, પ્રકૃતિનાં કેટલાંક બળો ઉપર વિજ્ઞાન અને તંત્રશાસ્ત્રની સહાયથી માનવે લાભદાયક વિજયો કરેલા છે. પરંતુ ભૌતિક સિદ્ધિ સાથે આધ્યાત્મિક દરિદ્રતા રહી છે. અને તેથી જગત ઉપર ભયજનક પરિસ્થિતિ ઊભી થઇ છે તે યાદ રાખવું જરૂરી છે.

જો કે પ્રાથમિક જીવાણુથી માંડીને આધુનિક બુદ્ધિશાળી માનવ સુધીનો વિકાસ 'ફેરફાર અને પસંદગી' ના, ધોરણે કોઇપણ જાતની વિચારણા વિનાના કુદરતી બળોથી થયો હશે. પરંતુ હવે પછીથી બુદ્ધિશાળી માનવ વિચારણાપૂર્વક વધારે સારો વિકાસ સાધી શકશે તેમ માનવું વધારે આશાસ્પદ હોય તેમ જણાય છે. માનવ પ્રગતિ વિચારકોની પહેલાંથી નક્કી કરેલી યોજના પ્રમાણે થતી નથી. એટલું જ નહીં પણ જાણે આ હકીકતને ટેકો આપતી હોય તેમ વિજ્ઞાન અને તંત્રશાસ્ત્રની અપૂર્વ પ્રગતિ છતાં બીજા વિશ્વયુદ્ધની અસરે વિશ્વશાંતિ અને તે માટેની આવશ્યક જાગ્રતિને ખૂબ મુશ્કેલ બનાવી દીધેલ છે.

જ્યારે કોઇપણ રાજસત્તા રાષ્ટ્રને બીનસાંપ્રદાયિક બનાવે છે ત્યારે એમ માનવું પડે છે કે તેના બુદ્ધિશાળી માણસો અને નેતાઓ આધ્યાત્મિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યા છે. આ ઉપક્રિયા જમાનામાં ઉપરોક્ત કટોકટીનું ઊંડાણ સમજાતું નથી. આ આધ્યાત્મિક મૂલ્યોનો ખુલ્લો ઇન્કાર કદાચ સારી વાત પણ હોય કારણકે આથી આપણા ભાવિના અંતિમ પ્રશ્નની સન્મુખ આપણે આવીને ઊભા રહ્યા છીએ અને હવે બાહ્ય વિકાસના માર્ગહીન જંગલમાંથી આંતરિક દૃષ્ટિ કરી પ્રકૃતિનાં જડ અને યાંત્રિક પરિબળો વચ્ચે આધ્યાત્મિક તત્ત્વોનું મૂલ્યાંકન કરવાનો સમય આવી પહોંચ્યો છે તેનું આપણને ભાન થાય છે.

માનવ દૈવી અને આસુરી અંશોનું અજબ મિશ્રણ છે.મંગલ તેમજ અમંગલ, પ્રગતિ તેમ જ અધોગતિ કરવાની શક્તિ તે ધરાવે છે. જો તેનામાં દૈવી અંશ ન હશે તો વિશ્વ આજે છે તેના કરતાં ઘણું વધારે ખરાબ બનશે. અને જો તેના બધા ગુણો આધ્યાત્મિક સંપૂર્ણતાને પામી ચૂક્યા હશે તો હવે પછી સાંસારિક (Temporal) વિકાસ થઇ શકશે જ નહીં. આદર્શોની ભૂમિકાએ રહી ઊર્ધ્વગતિ કરી કે સમય અને યુગને અનુરૂપ રહી જરા પણ ઉચ્ચ ભૂમિકા

પ્રાપ્ત કર્યા વિના, ચાલ્યા કરવું તેનો નિર્ણય કરવા આજનો માનવી મુખત્યાર છે. તેણે પોતાનાં પ્રામાણિક મંતવ્યો, લાગણીઓ, આદર્શો અને એષણાઓ સ્પષ્ટ રીતે જાણી લેવાં જોઇએ. સ્વાર્થના સ્વવિનાશક માર્ગે જવું છે કે આદર્શપૂર્વક સંપૂર્ણતાને પામવા ઊર્ધ્વ-ગતિ કરવી છે: પોતે શું સિદ્ધ કરવા માગે છે તે તેણે જાણી લેવું જોઇએ. જો યોગ્ય લાગે, તો, આત્મ-જ્ઞાન વડે, તે આત્મસિદ્ધિના માર્ગે પ્રયાણ કરી શકે છે. આત્મજ્ઞાન એટલે માત્ર આત્માનું જ્ઞાન એટલું જ નહિ, પણ પોતાના વિચારો, લાગણીઓ અને વાસનાઓ વિષયક વ્યાવર્તક જાગ્રતિ. બહારથી તે ગમે તેમ માનતો હોય, પરંતુ તે હજી ગુફાવાસી આદિમાનવની દૃષ્ટિ અને વાસનાઓ ધરાવતો પ્રાકૃત અવસ્થામાં જ છે. માત્ર ખાનપાન અને પહેરવેશમાં તેણે બાહ્ય વિકાસ કર્યો છે પરંતુ તેની સાથોસાથ આવશ્યક આંતરિક વિકાસ તે કરી શક્યો નથી.

પ્રગતિ અને સંપૂર્ણતા સંબંધી કેટલીક ખરે-ખરી મુશ્કેલીઓનો સામનો અર્વાચીન મનુષ્યે કરવાનો છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આ પ્રશ્ન તેને સતત મૂંઝવે છે કે જો સર્વનાશ એ જ જીવનનો અંત હોય તો પ્રગતિ અને સંપૂર્ણતા પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ શા કામનો? જો તેની પ્રાપ્તિ માટે કોઇ ઊંચું ધ્યેય ન હોય તો તે પુરૂષાર્થ નિરર્થક છે. જ્યારે પ્રાચીન ધર્મગુરુઓ ભૌતિક અસ્તિત્વને ક્ષણ-ભંગુર કહેતા, ત્યારે તેમને લાગણીવશ નિરાશાવાદી કહેવામાં આવતા. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આજે વિજ્ઞાને ધર્મગુરુઓની વાતને સમર્થન આપવા માંડ્યું છે. જાણીતા ખગોળશાસ્ત્રી અને તત્ત્વજ્ઞ સર જેમ્સ જીન્સ કહે છે કે થર્મોડાયનામિકસના બીજા નિયમ પ્રમાણે વિશ્વ ઉષ્ણતા વડે વિનાશ પામવાના માર્ગે જાય છે. આમ વિજ્ઞાનના વિજયનું પરિણામ બહુ આનંદજનક તો નથી જ. જે લોકો ડરતા ન હોય એટલે કે અસ્તિત્વના ક્ષણભંગુરતાનો ભય જેમને ડરાવતો ન હોય, તેમણે ભલે ઉચ્ચ આદર્શ માટે નૃહિ પરંતુ માનવતાવાદી મૂલ્યાંકનો માટે પણ આત્મા ત્મવાદને સ્વીકાર્યા વિના છૂટકો નથી.

ઉપરની બધી મૂંઝવણોનું કારણ પ્રગતિ વિષેના આપણા ભ્રામક ખ્યાલો છે. પ્રગતિની બે ભૂમિકાઓ છે: ભૌતિક અને આધ્યાત્મિક. પહેલી સાંસારિક વસ્તુઓને સ્પર્શે છે, બીજી શાશ્વત મૂલ્યોને આંકે છે. ભૌતિક પ્રગતિને ભૌતિક શાસ્ત્રના પ્રદેશો ખોળવાના હોય છે; આધ્યાત્મિક પ્રગતિમે અંતરના ઊંડાણમાં પડેલી ચિત્તની જાગ્રતિ સાથે સંબંધ છે. પ્રથમે માનુષી પુરૂષાર્થ વડે માનુષી એષણાઓને સંતોષવાની હોય છે, જ્યારે બીજીને ઉચ્ચ શક્તિની મદદ વડે મનુષ્યસહજ નબળાઇને જીતવાની હોય છે. એક માનવને ભૌતિક ક્ષેત્રે મુક્ત બનાવવા મથે છે, બીજી માનવને આધ્યાત્મિક ક્ષેત્રે મોક્ષ અપાવવા પ્રયત્ન કરે છે. ભૌતિક પ્રગતિ અનિશ્ચિત પ્રાપ્તિ છે, જ્યારે આધ્યાત્મિક પ્રગતિ સાધકના ચિત્તમાં ચિરસ્થાયી રહે છે. આધ્યાત્મિક સિદ્ધિ ઉચ્ચ અને શાશ્વત છે. ગીતામાં કહ્યું છે કે या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी બીજા આત્માઓ માટે જે રાત છે તે સંયમી મનુષ્ય માટે દિવસ છે. જે આ સ્થિતિ સુધી પહોંચેલ છે, તે મોહ પામતો નથી અને આ જીવનમાં જ મુક્ત દશાને પામે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ પણ કહે છે કે પ્રકૃતિ અને પોતાના આત્માનું બ્રહ્મમાં જેણે એકત્વ અનુભવ્યું છે તેને મંગલ કે અમંગલ સ્પર્શતું નથી. આજ વિધાન જેણે જગતના સર્વ પ્રાણીઓ તરફ સમત્વ કેળવ્યું છે અને અહિંસાને જીવનમાં ઉતારી છે તેમને પણ લાગુ પડે છે.

જો કે આદિ માનવનું જીવન જંગલી હતું છતાં નૈતિક ક્ષેત્રે વિકાસ થયેલો છે. ભારતના વિચારકોએ પ્રથમથી જ ઉત્ક્રાંતિને જુદી દૃષ્ટિએ નિહાળી છે. ઉત્ક્રાંતિના દરેક ક્રમમાં આત્મા ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરતો હોય છે એમ તેઓ માને છે. આંતર બાહ્ય પ્રકૃતિનો નિગ્રહ કરી જાગ્રતિના વિશાળ ક્ષેત્રમાં આત્માનું ઊર્ધ્વીકરણ કરવું તે તેમનું અનુ-

ભવનું ક્ષેત્ર છે. તાર્કિક અને માનસ-શાસ્ત્રીય વિકાસ-ક્રમ પ્રમાણે પદાર્થમાંથી જીવનું સર્જન થાય છે. જીવમાંથી ચિત્ત, ચિત્તમાંથી આત્મજ્ઞાન અને આત્મજ્ઞાન દ્વારા ઉચ્ચ આત્માનંદ પ્રાપ્ત થાય છે. ઉત્ક્રાંતિના મૂળમાં જ વિકાસ અને સંપૂર્ણતા તરફ ગતિનું સૂચન રહેલું છે. બંધનમાં રહેલું કિરણ શરીર અને મનની દિવાલોને ભેદી ધ્યેય તરફ ગતિ કરે છે. આ રીતે અધ્યાત્મ વડે શરીર અને મનની દિવાલો ભેદાતાં માનવ અતિમાનવ બને છે. 'તમસમાંથી હું દિવ્ય પ્રકાશ તરફ જાઉં છું. એક વોડો જેમ રવાંટી ઝૂલવે છે, તે રીતે અમંગલને દૂર કરી, અશરીરી બની, રાહુથી મુક્ત થતાં ચંદ્રની માફક સંપૂર્ણ આત્મા બનેલો હું બ્રહ્મલોકમાં પ્રવેશું છું[૨]–આ સંપૂર્ણ બનેલા આત્માનું કાવ્ય છે.

આ દૃષ્ટિએ જોઈએ તો પ્રાચીન વિચારકોના મતે સંપૂર્ણતાની પ્રાપ્તિ એટલે જ સાચી પ્રગતિ. વૈજ્ઞાનિક અને તાંત્રિક પ્રગતિ કેટલી થઈ છે તેના માપદંડ વડે તેઓ પ્રગતિનું માપ નહોતા કાઢતા. પરંતુ ભૌતિકતા ઉપર આધ્યાત્મિકતાનો કેટલે અંશે વિજય થયો છે તે તેમની દૃષ્ટિએ પ્રગતિનું સાચું માપ હતું. જીવનમાં તેઓએ ભૌતિક સમૃદ્ધિ કે શારીરિક સુખોપભોગને કદી પ્રાધાન્ય આપ્યું ન હતું. વાલ્મિકીએ અયોધ્યાની અને લંકાની સંસ્કૃતિનું આલેખન કર્યું છે તેમાં લંકા સમૃદ્ધ હોવા છતાં વાલ્મિકી તેને જરાપણ મહત્ત્વ આપતા નથી. સંસ્કૃતિનું માપ નૈતિક સમૃદ્ધિ વડે જ કાઢી શકાય. નીતિપૂર્ણ રામરાજ્યનો પાયો નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો ઉપર રચાયો હતો. આ તત્ત્વજ્ઞ રાજ્યપુરુષને મન આધ્યાત્મિક સંપૂર્ણતા જ માનવજીવનનું લક્ષ હતી. આ સંપૂર્ણતા બાહ્યોપચાર વડે પ્રાપ્ત ન થાય. તેનાં બીજ દરેક માનવમાં પડેલાં હોય છે. કદાચ સપાટી ઉપર તે ન દેખાતાં હોય. પણ તેનો ઉત્કર્ષ સાધવો એ જ જીવનનું પરમ ધ્યેય હતું. જ્યારે આવી આધ્યાત્મિક જાગૃતિ મનુષ્યચિત્તને સ્પર્શે છે ત્યારે જ રામરાજ્ય સ્થપાય છે.

ઉપર જે કહ્યું છે તે ઉપરથી એક વાત સિદ્ધ થાય છે કે વૈજ્ઞાનિક અથવા ભૌતિક પ્રગતિને આધ્યાત્મિક પ્રગતિ સાથે સંબંધ નથી. પ્રગતિના પ્રચલિત ખ્યાલથી તેને અલગ સમજવી જોઈએ. તેનું પ્રધાન લક્ષણ એ છે કે તે માણસનાં બધાં માનસિક બંધનો દૂર કરે છે. અંતિમ સત્યને લક્ષમાં રાખી વિચારીએ તો પ્રાચીન છે તે ખણ અપૂર્ણ નથી અને અર્વાચીન છે તે ખણ સારૂં અને સંપૂર્ણ નથી. પ્રાચીન ગુરુઓનાં વચનો આજે પણ શાશ્વત સંદેશ આપે છે.

વિચિત્ર વાત તો એ છે કે આપણા સુખનાં પ્રધાન લક્ષણો, વિજ્ઞાન અને તંત્ર આધ્યાત્મિક પ્રગતિનાં અવરોધક બળો બની રહ્યાં છે. વિજ્ઞાને જગતનું બાહ્ય સ્વરૂપ પલટાવી નાખ્યું છે, યંત્રની મદદથી મનુષ્યનો શારીરિક શ્રમ ઓછો કરી નાંખ્યો છે, અને ઔદ્યોગિક સમાજની સ્થાપના કરી છે. પરંતુ ઉચ્ચ મૂલ્યોની વિરોધી આદિમ વૃત્તિઓ અને જાતીય ધર્મમાંથી તેણે મનુષ્યની મુક્તિ સાધી નથી. પ્રકૃતિનાં રહસ્યો પારખવાની ગમે તેવી દૃષ્ટિ હોવા છતાં વહેમી માણસ આધ્યાત્મિક અંધાપાને ઉત્પન્ન કરે છે. યાંત્રિક પ્રગતિએ મનને પણ યાંત્રિક અને શુષ્ક બનાવ્યું છે, તેની સર્જક પ્રતિભાને હણી નાંખી છે. વિજ્ઞાને સત્ય, ન્યાય, અહિંસા અને વ્યક્તિત્વના વિકાસ જેવાં અમર તત્ત્વો માટે ખણ ઓછા પ્રયાસો કર્યાં છે. જો વિજ્ઞાને આધ્યાત્મિક વિકાસ માટે તકો ઊભી કરી હોત તો આજે સર્વનાશને નોતરે તેવાં સુદ્ધાં માટે તૈયારી ન હોત તેણે તો શેઠ અને વાણોતર, ગરીબ અને તવંગર એવા ભેદો ઉત્પન્ન કર્યા છે. ખેડૂતો ખેતર છોડી શહેર તરફ વળ્યા છે. શ્રીમંતોની સરસાઈ કરવા તે અસમર્થ છે છતાં તેઓ વધારે અને વધારે આરામ મેળવવા મથે છે આ બધાં મનોદૈહિક (Psycho-Somatic) રોગમાં સપડાયેલા છે. શહેર તરફ વળેલા આ ખેડૂતો શહેરની ગંદી ઓરડીમાં રહેવું પસંદ કરે છે; ગામડાનો ઉત્પાદક શ્રમ તેને સ્વીકાર્ય નથી.

૨. છાંદોગ્ય ઉપનિષદ્–૮–૧૩

જ્યારે આધ્યાત્મિક સાધના મનોનિગ્રહ અને ઇંદ્રિયનિગ્રહ ઉપર ભાર મૂકે છે, ત્યારે આપણું ભૌતિક જીવન જરૂરિયાતો અને વાસનાઓમાં વૃદ્ધિ કરે છે જો એક વસ્તુનું ઉત્પાદન મોટા પાયા ઉપર કરવામાં આવે છે, તો જાહેરાતની બધી તરકીબો વડે ખરીદનાર માટે નવાં પ્રલોભનો ઊભાં કરવામાં આવે છે. જ્યારે અર્થવ્યવસ્થાની જરૂરિયાતો વધારવામાં આવે છે ત્યારે આપણે જીવનધોરણ ઊંચું આવ્યું છે તેમ માનીએ છીએ શક્તિશાળી રાષ્ટ્રો આજે સંયુક્ત આર્થિક બળોનો સંઘ રચે છે અને અર્ધવિકસિત રાષ્ટ્રો પર પોતાનું પ્રભુત્વ સ્થાપે છે. આથી માનવતા માટે એક ભયજનક પરિસ્થિતિ ઊભી થઈ છે. જગત આજે લોભ અને એક-બીજાથી વિરુદ્ધ વિચારધારાઓનું બજાર બની ગયું છે.

આપણે બાહ્ય સફળતા અને આંતરિક સફળતા વચ્ચેનો ભેદ સમજતા નથી, એ એક કમનસીબી છે. આજનાં વર્તમાનપત્રો અને રેડિયો જે માણસને સફળ જાહેર કરે છે, તેનું આંતરિક જીવન કેવી ખામીઓથી ભરેલું છે તે કોઇ જાણતું નથી. વળી બીજા પક્ષે અમુક વ્યક્તિને દુન્યવી દૃષ્ટિએ નિષ્ફળ કહેવામાં આવે છે, જ્યારે તેનું આંતરિક જીવન ખૂબ સમૃદ્ધ હોય છે. તેને દુન્યવી ચાનીપડતીની પરવા નથી, તેને વાસના નથી, ભય નથી, ક્રોધ નથી, જગતનાં બધાં પ્રાણીને સુખ અને દુઃખમાં પોતાની સમાન જ ગણે છે. આપણે ઇંદ્રિયસુખ અને સંસ્કૃતિ, પ્રેય અને શ્રેય, સાધન અને સાધ્ય, શારીરિક તંદુરસ્તી અને માનસિક આરોગ્ય વચ્ચેનો સૂક્ષ્મ ભેદ સમજતા શીખવું જોઇએ. વિજ્ઞાન અને તંત્રશાસ્ત્ર ભૌતિક સુખાકારી સરજી શકે, સુખી જીવન નહિ. તેઓએ સમયમાં ઘણા ખચાવ કર્યો છે. પણ તે બચેલા સમયમાં બીજું શું કરવું ઇષ્ટ છે તે તેણે સમજાવ્યું નથી. વિજ્ઞાને પ્રકૃતિનાં બળોને કાબુમાં રાખવા આપણને અસાધારણ શક્તિ આપી છે પરંતુ આપણી વૃત્તિઓ અને વિચારોને કેમ કાબુમાં રાખવા તે સમજાવ્યું નથી. જીવનનાં ઉચ્ચતમ મૂલ્યોને કેમ પ્રાપ્ત કરવાં તે સમજાવવાની બાબતમાં વિજ્ઞાનની શક્તિ મર્યાદિત છે તે આપણે સમજવું જોઇએ. આજે જગત ધર્મોન્યુક્લીઅર યુદ્ધને સર્વનાશના કાંઠે ઊભું છે તેનું કારણ આપણે આધ્યાત્મિક મૂલ્યો કરતાં ભૌતિક મૂલ્યોને વધારે મહત્ત્વ આપ્યું છે તે જ છે. આજના વિશ્વને અવકાશમાં ઉડતા પણ કંટ્રોલ વગરના જેટ વિમાન સાથે સરખાવી શકાય.

હવે જીવનમાં તત્ત્વજ્ઞાનની આવશ્યકતા શી છે તે વિચારીએ. તત્ત્વજ્ઞાન આજે ભાષાકીય અન્વેષણ અને તાર્કિક રચનામાં અટવાઈ ગયું છે. તેના પ્રશ્નો માત્ર ભાષાના પ્રશ્નો છે અને તત્ત્વજ્ઞાની મૂળ વસ્તુના સંબંધમાં કાંઈ વિશેષ પ્રકાશ નાંખી શકે તેમ નથી. અહુ તો જે છે તે જરા વધારે સારી ભાષામાં કહી શકે તેમ આજના વિદ્વાનોનું માનવું છે. તત્ત્વજ્ઞાનની મદદથી જો શાશ્વત મૂલ્યો મેળવવા હશે તો તેને આમાંથી બચાવવું પડશે. માનસશાસ્ત્રી વિલિયમ જેમ્સ કહે છે કે જીવનદૃષ્ટિ વિનાનો માણસ સૌથી વધારે અપશકુનિયાળ અને હાનિકર્તા છે. જો તત્ત્વજ્ઞાનનું આવું મહત્ત્વ હોય તો તેની જે સમૃદ્ધિશાળી આદિ પ્રતિષ્ઠા હતી તેનું પુનઃ સ્થાપન કરવું જોઇએ તો જ આપણે બ્રહ્માંડનું સમગ્ર આલોચન કરી શકીએ. આ રીતે આપણો જગતનો અનુભવ અને દર્શન વધારે યથાર્થ બને.

કટેગોરિ કે વિજ્ઞાન હકીકતો રજૂ કરે છે પણ તત્ત્વજ્ઞાન અર્થ બતાવે છે. વિજ્ઞાને એકત્ર કરેલી માહિતી વડે જુદાંજુદાં શાસ્ત્રો વચ્ચેનાં સંબંધો નિશ્ચિત કરવાનું કામ તત્ત્વજ્ઞાન કરે છે. આ તેનું મૂળ કાર્યક્ષેત્ર નથી. જો તત્ત્વજ્ઞાનને કારકુની સોંપવી હોય તો તેનું નામ ફેરવી નાંખવું જોઇએ. ભારતીય દાર્શનિકોએ તત્ત્વજ્ઞાનને આ રીતે જોયું નથી. તેમણે તો મનુષ્ય જીવનનાં સાધનો અને ધ્યેય દર્શાવનાર શાસ્ત્ર તરીકે વિચાર્યું. તત્ત્વજ્ઞાનને જીવન સાથે સીધો સંબંધ છે. તે માનવ વિચારને શુદ્ધ કરે છે, અભિમાન અને પૂર્વ-

ગ્રહોનો નાશ કરે છે અને સત્ અને અસત્નો વિવેક નક્કી કરવામાં મદદ કરે છે. જ્યારે ભૌતિક શાસ્ત્રોને માપી શકાય કે તોળી શકાય તેવા વિષયો સાથે સંબંધ છે, ત્યારે તત્ત્વજ્ઞાન તો બીજા એવા વિષયોની ચર્ચા કરે છે કે જે પટ્ટીથી માપી શકાય કે ત્રાજવાથી તોળી શકાય તેમ નથી. તત્ત્વજ્ઞાનનું આ એક વિશિષ્ટ લક્ષણ છે. આજના તત્ત્વને માત્ર વર્તમાનમાં જ જીવવાનું નથી. તેણે ભૂતકાળની વર્તમાન અને ભાવિ જોડે સંધિ કરાવવાની છે. ભૂતકાળનો અસંતોષ પ્રગટ કરવો એ જેટલું ગેરવાજબી કૃત્ય છે તેટલું જ સાપ્રત અને ભાવિની ઉપેક્ષા કરવાનું છે કારણકે સમયની સાથે કાંઈ શાશ્વત મૂલ્યો બદલાતા નથી.

પ્રગતિનો અર્થ હવે ઘણો સ્પષ્ટ થયો. આત્માને સંપૂર્ણ અસ્થાની પ્રાપ્તિ થવી એટલે પ્રગતિ સાધવી જ્યારે વ્યક્તિનો વિકાસ થશે ત્યારે સમષ્ટિનો વિકાસ થશે. સમાજમાં બધાં કલ્યાણકારી પરિવર્તનો એ આપણી અંદરના આધ્યાત્મિક પરિબળોના આવિર્ભાવો છે, અને જો આ સુવ્યવસ્થિત અને મજબૂત હશે તો સમાજ પણ સુવ્યવસ્થિત અને મજબૂત બની જશે. જ્યારે વ્યક્તિનો વિકાસ થશે ત્યારે સમાજનો વિકાસ પણ થશે જ. જ્યાં સુધી માનવધ્યેય સંપૂર્ણ રીતે પ્રાપ્ત નહિ થાય, ત્યાં સુધી આ વિકાસ પૂર્ણ અવસ્થા તરફ વધતો જ જશે. ઘટાડાની શી યોજના છે તે આપણે જાણતા નથી અને જાણી શકીએ પણ નહિ, પરંતુ આપણું કર્તવ્ય પરિણામો કે અંતિમ પરિસ્થિતિનો વિચાર કર્યા વિના આગળ વધ્યે જ જવાનું છે. વ્યક્તિનો કે સમૂહનો વિકાસ સત્ય, અહિંસા અને સૌંદર્યના ધોરણે માપવાનો છે. જ્યાં શક્તિ વડે જ સત્તા મપાય છે. ત્યાં આપણી શક્તિ કે પૌરુષ ખોયા વિના, યોગ્યાયોગ્યનો વિવેક તજ્યા વિના આ શાશ્વત મૂલ્યોને આપણે વળગી રહેવું જોઈએ. સ્વામી વિવેકાનંદે ભારતની પ્રગતિને જે ચેતવણી આપી હતી તે ન ભૂલીએ. "જૂની રૂઢિચુસ્તતા અને યુરોપની ગલ્લમી સંસ્કૃતિ વચ્ચે નીસાયેલી આપણી પ્રગતિ છે સાચા અધ્યાત્મ માર્ગે જો પ્રગતિ સાધવી હશે તો આ બંને દાનવી પરિબળોને સહાર્યા વિના છૂટકો નથી"

મે, ૧૯૬૩ના "પ્રબુધ્ધ ભારત"માં આવેલા સ્વામી આદિદેવાનંદના 'Science, Progress and Value' નામના લેખનો સાભાર અનુવાદ. અનુવાદક અધ્યાપક રજનીકાંત જોષી એમ. એ.

સ્વર્ગવાસ નોંધ

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયલાવણ્યસૂરિજીનો ખીમાડા (મારવાડમાં) તા. ૮-૬-૬૪ના ૬૭ વર્ષની વયે સમાધિપૂર્વક સ્વર્ગવાસ થતા જૈન સંઘને એક મહાન આચાર્યની ખોટ પડી છે મૂળ તેઓ સૌરાષ્ટ્રમાં બોટાદના વતની હતા ઓગણીશ વર્ષની યુવાન વયે સંસાર ત્યાગ કરી સ્વ. પૂજ્ય આચાર્યશ્રી વિજય નેમીસૂરીશ્વરજી પાસે ભગવતી દીક્ષા ગ્રહણ કરી હતી તેઓ જૈન ધર્મના શાસ્ત્રોના ખૂબ જાણકાર હતા તેમજ તેમણે વ્યાકરણ, ન્યાય, કાવ્ય વગેરેનો ખૂબ અભ્યાસ કર્યો હતો તેમજ સંસ્કૃત-પ્રાકૃત અનેક ગ્રંથોના પ્રણેતા હતા. પરમકૃપાળુ શાસનદેવ તેમના આત્માને ખૂબ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

શ્રી મહાવીર-વચનામૃત

સંપાદક અને વિવેચક : પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ "શતાવધાની"
હિન્દીમા અનુવાદક : પં. રૂદ્રદેવ ત્રિપાઠી, એમ. એ સાહિત્ય સાંખ્ય યોગાચાર્ય.
પ્રકાશક : જૈન સાહિત્ય પ્રકાશન મુંબઈ. કિં. ૬-૦૦ પોસ્ટેજ અલગ.

ભારતના ઋષિ, મહર્ષિઓ તથા સંત સમુદાયોએ જે નૈતિક, ધાર્મિક તથા આધ્યાત્મિક ઉપદેશ આપ્યો છે, તેમાં ભગવાન મહાવીરના ઉપદેશનું સ્થાન વિશિષ્ટ છે. પરંતુ આ ઉપદેશ તે સમયની પ્રચલિત ભાષા અર્ધ માગધીમાં આપ્યો છે, એટલે આ ઉપદેશને જો અત્યારની પ્રચલિત ભાષાઓમાં ઉતારવામાં આવે તો બહુ જન સમુદાય તેનો લાભ લઈ શકે તેવા હેતુથી પં. શ્રી ધીરજલાલભાઇએ પ્રથમ ગુજરાતીમાં શ્રી વીર-વચનામૃત નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે અને આ તેનું હિન્દી સંસ્કરણ છે. આવા ઉદાત્ત હેતુ માટેના ભાઇશ્રી ધીરજલાલભાઇના પ્રયાસ, ખંત અને પરિશ્રમ ખરેખર ખૂબજ અભિનંદનને પાત્ર છે.

અહિં ગુજરાતી પ્રકાશનના અવલોકન વખતે સં. ૨૦૧૯ ના અષાઢના અંકમાં અમે જે નોંધ લીધી છે, તે તરફ વાંચકોનું ધ્યાન ખેંચીએ છીએ યુગપુરૂષ પૂ. વિનોબાજીએ આ પુસ્તકના સમર્પણનો કરેલો સ્વીકાર, પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી, પૂ. ઉપા. શ્રી અમર મુનિજી, તથા સુપ્રસિદ્ધ વિદ્વાન પં. કૈલાસચંદ્ર શાસ્ત્રીના પ્રાક્કથનો તેમજ પૂ. મુનિરાજ શ્રી નથમલજી મહારાજની વિસ્તૃત, અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના આ ગ્રંથની ઉપયોગિતામાં વધારો કરે છે હિન્દી ભાષી લોકોએ આ ગ્રંથ ખાસ વસાવવા યોગ્ય છે.

શ્રીમદ્ રાજચંદ્ર-આત્મચર્યા :—

સંગ્રાહક :-પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ (જિજ્ઞાસુ)
પ્રકાશક :-લાલભાઇ મણીલાલ શાહ,

શ્રી જીવનમણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ,
હઠીભાઈના દેરા સામે, અમદાવાદ
કિંમત ૦-૩૦ નયાં પૈસા.

આ નાની પુસ્તિકામાં શ્રીમદ્ રાજચંદ્રની અંગત હાથનોંધમાંથી અમુક અમુક વિભાગોનું સંકલન કરવામાં આવ્યું છે. એ મહાપુરૂષમાં સૂક્ષ્મમા સૂક્ષ્મ દોષ જોઈ તેથી સાવધ રહેવાની પુરૂષાર્થરૂપી તાલાવેલી કેટલી બધી વર્તી રહી છે જે હાથનોંધ ૧લી પૃષ્ઠ ૮૭-૮૯-૯૦-૯૧-૯૨-૯૩-૯૪-૧૦૧માં સુત બંધુઓ સ્પષ્ટ નિહાળી જોતાં ગંભીર વિચારમા મુકી દે તેવો પ્રકાર જોઈ શકશે કે જે આવો અંતરંગ વચન પ્રકાર ભાગ્યે જ કોઇ વિરલ જીવમાં સંભવી શકે.

શ્રીમદ્‌ની દશા સંસારમાં રહ્યા છતાં સંસારથી જળકમળવત્ અલિપ્ત હતી. પૂ. ગાંધીજી સ્વયં લખે છે કે, "તેમને ખાતાં, બેસતાં, સુતાં, પ્રત્યેકક્રિયા કરતાં; તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિશે તેમને મોહ થયો હોય એમ મેં જોયું નથી."

આવા પરમવૈરાગી, સંત કવિશ્રીમદ્ રાજચંદ્રની અંગત હાથનોંધમાંની આ વસ્તુ, "શ્રીમદ્ રાજચંદ્ર જીવન-જ્યોતિ" પુસ્તકની વસ્તુ સાથે ધીરજ પૂર્વક ગંભીરતાથી અવગાહન કરવાથી એ મહાપુરૂષના પવિત્ર જીવનમાંથી અપૂર્વ પ્રેરણા મેળવી શકાશે. આ બન્ને પુસ્તકો ખાસ વસાવવા, વાંચવા અને ખૂબ ખૂબ ઊંડુ મનન કરવા યોગ્ય છે.

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પૃષ્ઠ
૧	જિનવાણી	....	૮૩
૨	શ્રી મહાવીરપ્રભુ સ્તવન	મુનિશ્રી જંબુવિજયજી	૮૪
૩	ભગવાન મહાવીર	મુનિશ્રી હેમેન્દ્રસાગરજી	૮૪
૪	તીર્થંકર સ્તુતિ	... .	૮૫
૫	જ્ઞાનરવિ પ્રભુ મહાવીર	આદિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૮૬
૬	મહાવીરપ્રભુનું આત્મ અને કર્મનું તત્વજ્ઞાન	ફતેચંદ ઝવેરભાઈ	૮૯
૭	અહિંસાની પરમ વિભૂતિ શ્રમણ ભગવાન મહાવીર	ભાનુમતી દલાલ	૯૧
૮	માનવની પ્રથમ પ્રતિજ્ઞા સ્થાપનાર ભગવાન મહાવીર	રતિલાલ મહાભાઈ	૯૪
૯	જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ	આચાર્ય જિતેન્દ્ર જેટલી	૯૬
૧૦	જૈન સંસ્કૃતિ અને મહાવીર	શ્રી વિજયમુનિ આદિત્યરત્ન	૯૮
૧૧	પરતત્ત્વ-પરમાત્મતત્ત્વ	સંચિત	૧૦૪
૧૨	જૈનધર્મની પ્રાચીનતા	આચાર્ય ખીમચંદ ચાપશી શાહ	૧૦૭
૧૩	કેટલાક વિચારણીય પ્રશ્નો	મનસુખલાલ તા. મહેતા	૧૧૩
૧૪	વિજ્ઞાન પ્રગતિ અને મુત્યુ	....	૧૧૭
૧૫	સ્વિકાર અને સ્વભાલોચના	... ...	૧૨૨

સ્વર્ગવાસ નોંધ

શાહ અમૃતલાલ હરગોવીંદના ભાવનગર મુકામે તા. ૮-૨-૬૪ શનીવારના રોજ થયેલ અવસાનની અમો દુઃખપૂર્વક નોંધ લઇએ છીએ તેઓશ્રી ધર્મપ્રેમી હતા તેમજ સ્વભાવે મીલનસાર હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ધી માસ્ટર સીલ્ક મીલ્સ પ્રાઇવેટ લી.

પાસ્ટ બોક્સ નં. ૩૪

ભાવનગર

અમારી મીલનું આર્ટ સીલ્ક કાપડ બજારમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

—: અમારી મુખ્ય જાત :—

- સાટીન,
- ગોલ્ડ સીલ્વર,
- જેકાર્ડ એસીટેડ ફલાવર,
- ક્યાસ,
- બ્રોકેડઝ,
- પરમેરા,
- નાઇલોન, બુશ શર્ટીંગ વગેરે છે.

માસ્ટર ફેબ્રીકસ સારૂં છે માટે જ તે વાપરવાનો હંમેશા આગ્રહ રાખો.

: મેનેજીંગ ડીરેક્ટર

રમણીકલાલ ભોગીલાલ શાહ

ફોન નં. ૨૪૩ તાર : માસ્ટરમીલ્સ

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી.
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર.



વર્ષ : ૬૧ વૈશાખ અંક ૭

પ્રકાશક :-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

આ દેશમાં અનેક ધર્મ છે, અને એ હજારો વર્ષ સુધી એકબીજા સાથે સામાન્ય રીતે શાંતિથી રહ્યા છે. એક ધર્મના લોકો બીજા ધર્મના લોકો પ્રતિ સહિષ્ણુતા દાખવે. એ ભારતની પ્રણાલિકા છે, અને ભારતીય સંસ્કૃતિનું એ વિશિષ્ટ લક્ષણ છે. ૨૩૦૦ વર્ષ ઉપર થઈ ગયેલા ભારતના મહાન શાસક સમ્રાટ અશોકે કહ્યું છે કે જે બીજા માણસના ધર્મનો આદર કરે છે તે પોતાના ધર્મનો આદર કરાવે છે. પણ જો એ બીજા માણસના ધર્મ પ્રતિ આદર ન દાખવે, તો એના ધર્મ પ્રત્યે પણ કોઈ આદર નહિ બતાવે. ભારતમાં યુગોથી આપણને સહિષ્ણુતાનો આ બોધપાઠ મળ્યો છે.

ગ્રામ : " Jahangir "

ફોન નં. મીલ : ૨૮૦

બંગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટ

મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોક્સ નં. ૨

ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૬૧ | ૧૦મી મે, ૧૯૬૪ | અંક ૭

નિરપેક્ષ બનો

દુઃખ માત્રનું કારણ ઈચ્છા છે જેમણે સુખની અપેક્ષા રાખી છે તેઓએ આત્મ-વંચના જ કરી છે. તેઓ નથી સુખ મેળવી શક્યા, નથી તૃપ્તિ મેળવી શક્યા કે નથી ઈચ્છાને સફળ કરી શક્યા! મૃગજળ માટે નાખેલા ઝાંઝવા જેમ નિષ્ફળ જાય છે તમ સુખ માટેના તેમના અથાગ પ્રયાસો નિષ્ફળ જાય છે, સાચેજ તેઓની મિથ્યા માન્યતાથી તેઓ છેતરાયા છે.

પરંતુ નિરપેક્ષ આત્માઓ પાર્થિવ સુખની કદી પરવા કરતા નથી, તેઓ સમજે છે કે તે સુખ પરાધીન છે, કર્માધીન છે મળે તો પણ ક્ષણિક અને દુઃખપ્રાપક છે. એવું સુખ તેમને નથી આકર્ષતું, સુખ માટે પોતાના ઉપર જ આધાર રાખવો તેમને ગમે છે. તેઓ જાણે છે કે શાશ્વત કાળ સુધી ટકી શકે એવું અનંત સુખ તેમનામાં પડયું છે. તેનો ઉપયોગ કરવાની કળાથી તેઓ પરિચિત છે પર વસ્તુથી તદ્દન નિરપેક્ષ રહીને આત્મિક સુખની લહરીમાં તેઓ સમય પસાર કરે છે. કંઇ નિરપેક્ષ આત્માઓ પરમ પદને પામી ગયા છે. જ્યાં દુઃખ નથી, જ્યાં કલહ નથી, જ્યાં પરાધીનતા નથી, જ્યાં આસુરી વાસના નથી, જ્યાં ચિત્તની ચંચળતા નથી, જ્યાં માનસિક વિકૃતિ નથી, જ્યાં દેહના રોગો નથી, જ્યાં જન્મ અને મૃત્યુની વેદના નથી, જ્યાં અનંત સુખ છે, જ્યાં અનંત શક્તિ છે, જ્યાં અનંત જ્યોત છે, જ્યાં અનંત જ્ઞાન છે, જ્યાં અનંત આનંદની લહરીઓ છે, ત્યાં અનંત આત્માઓ નિરીહ બનીને અનંતકાળ સુધી રહેવા માટે ચાલી ગયા છે. આપણે પણ નિરીહ બની એવા ઉચ્ચતમ સ્થાનમાં બિરાજવાનાં સ્વપ્નો સેવીએ. વીર પરમાત્મા કહે છે કે સ્વપ્નો સફળ થશે જ. પરમાત્માની વાણીમાં વિશ્વાસ મૂકીએ અખિલ વિશ્વના ઉદ્ધાર માટે જેમણે વાણીનો ધોધ વહાવ્યો, તેઓ જનતાને બોધ આપે છે કે અનુપમ સુખનું સ્થાન નિરપેક્ષ જીવન જીવવાથી મળશે. એમની વાણી અન્યથા ન થાય. જન-કલ્યાણ માટે વર્ષો સુધી એમણે જે વાણી વહાવી છે તેનો સાર "નિરપેક્ષ બનો" એ બે શબ્દોમાં સમાઈ જાય છે.

'વિજય પ્રસ્થાન.'

અધ્યાત્મનું સ્વરૂપ

એક વખત એક સજ્જને મને કહ્યું કે ઘરમાં અગરબત્તીઓ બળે છે, એમાંથી મુગંધને બદલે દુર્ગંધ આવી રહી છે. તો મેં કહ્યું કે એ અગરબત્તીઓ અગરુ કે ચંદનની નહીં, પણ કદાચ ફિનાઇલની બનેલી હશે. એની જે રીતે આ દેશમાં મઠ, મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, અગિયારી, ગિરિજાઘરોની સંખ્યા વધતી જાય અને લોકોમાંથી ધર્મભાવના ઘટતી જાય એવું કેમ બને? આ પરથી મને કંઇક એમ થયું કે સમાજમાં ક્યાંક દૂષણ છે, પાંખમાં ખોડ છે, જેને આપણે શોધી નથી શકતા.

એક વખત નાથદ્વારા જઇને ગયો હતો. મંદિરની નજીક ગયો અને જોયું તો ત્યાં એક તખ્તી લાગેલી હતી; "પોતપોતાનું ખિસ્સું સંભાળો.", મને થયું કે આ મંદિર છે કે રેલવેની ટિકિટબારી? અહીં આવી તખ્તી ચોડવાની જરૂર કેમ પડી? મંદિર તો એક એવી જગ્યા છે જ્યાં આપણા ચિત્તની મલિન ભાવનાઓ મટી જવી જોઇએ, દૂર થઈ જવી જોઇએ, ભગવાનના સાનિધ્યમાં બળીને ભસ્મ થઇ જવી જોઇએ, મંદિરમાં એવી શક્તિ આવવી જોઇએ, કે ત્યાં જતાં જ મનુષ્યની અપવિત્ર ભાવનાઓ બળી જઇને પવિત્ર ભાવનાનો ઉદય થાય.

આવું આજકાલ મંદિરોમાં કેમ નથી થતું? આજે અમુક દર્શન કરવા માટે મનુષ્ય એટલા માટે જાય છે કે એમ કરવાથી કંઇક પુણ્ય પ્રાપ્ત થશે, પાપ નષ્ટ થશે. એક ભયથી બચવા માગે છે; બીજો લાભ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. જ્યાં લોભ અને ભયની પ્રેરણા, ભાવના હોય છે, ત્યાં અધ્યાત્મ નથી હોતું. જેટલી ધાર્મિક પ્રેરણાઓ છે એ તમામ લોભમૂલક અને ભયમૂલક છે. જ્યાં લોભ હોય છે ત્યાં પ્રેમ અને ભક્તિ નથી હોતી. લોભ અને ભયની ભાવનાથી આપણી અંદર જે ધાર્મિકતા પેદા થાય છે એના મૂળમાં પરલોકવાદ છે, અધ્યાત્મ નથી. પરલોકમાં આખરે મનુષ્ય શું મેળવવા ઇચ્છે છે? અહીં ત્યાગ કરો, શા માટે? એટલા માટે કે સ્વર્ગમાં વૈભવ મળશે. અહીં ઉપવાસ કરો, કેમ? તો કે સ્વર્ગમાં અમૃત મળશે.

સદાચારને માટે બાહ્ય પ્રેરણા ન જોઇએ. સદાચાર તો મનુષ્યનો સ્વભાવ છે. એક મનુષ્ય બીજા મનુષ્યને જ્યારે મારે છે ત્યારે કારણની જરૂર હોય છે. એક મનુષ્ય બીજાને ગાળ દે છે ત્યારે પણ કારણની જરૂર હોય છે. પરંતુ મનુષ્ય મનુષ્ય જ્યારે એકબીજા સાથે શાંતિપૂર્વક રહેતા હોય ત્યારે તે માટે કારણની જરૂર જ નથી હોતી. એમાં એક એવો આનંદ હોય છે, એવો સંતોષ હોય છે જેમાં સુખનું યે સંવેદન નથી હોતું. મનુષ્ય મનુષ્ય વચ્ચે સ્વાભાવિક વ્યવહાર હોય છે, સ્નેહપૂર્ણ વ્યવહાર હોય છે એનું જ નામ અધ્યાત્મ.

અધ્યાત્મની પ્રાણપ્રતિષ્ઠાને માટે ભૂમિના પ્રોક્ષણની આવશ્યકતા હોય છે. પૃથિવિ ત્વયા ધૃતા લોકા દેવિ ત્વં વિષ્ણુના ધૃતા ત્વં ચ ધારય માં દેવિ પવિત્રં કુરુ ચાસનમ્ આસનની શુદ્ધિ માટે આપણે ભૂમિનું પ્રોક્ષણ કરીએ છીએ. આધ્યાત્મિકતાને માટે ભૂમિના પ્રોક્ષણની આવશ્યકતા છે અને પ્રોક્ષણ જ્ઞાનથી? મનુષ્યના રક્ત લોહીથી નહીં, મનુષ્યના સ્નેહથી થશે. દુનિયાભરની તમામ પવિત્ર નદીઓ અને સાતે સમુદ્રો કરતાં મનુષ્યનો સ્નેહ અધિક પવિત્ર અને શુદ્ધ છે. એ ત્રિવેણી ચરણામૃત અને ત્રિવેણીના તીર્થોદક કરતાં પણ અધિક પવિત્ર છે. એના વડે ભૂમિનું પ્રોક્ષણ કરવાની આવશ્યકતા છે.

આપણે એક તરફથી ઇશ્વરને જવાબદાર માનીએ છીએ. બીજી તરફથી મનુષ્યને જવાબદાર માનીએ છીએ અને આને હું ભગવાનની મારી મોટી કૃપા સમજું છું. આ માર્ગ સાદ કેમ નથી? સુખરાશિના સભ્યો ખરાબ છે. જળમાં પાણી કેમ ખરાબ નથી આવતું? સુખરાશિના સભ્યો સ્વાર્થી છે. યુદ્ધભૂમિ સારા મકાન કેમ નથી બળતાં? કેટલાંક મકાનની પાછળ લે છે, વધુ પૈસા કમાવા માગે છે, વધુ ઉપાર્જન કરવા માગે છે. આજે મનુષ્ય પોતાની પરિસ્થિતિ

માટે બીજાને જવાબદાર ગણવા માંગો છો: 'હું આને ઘણું શુભલક્ષણ માનું છું.' આ મનુષ્યોની પરસ્પર જવાબદારી છે, પરસ્પર દાયિત્વ છે. એમાંથી હવે પરસ્પર પ્રામાણ્ય બુદ્ધિનો ઉદય થવો જોઇએ. એક મનુષ્ય બીજા મનુષ્યને જવાબદાર સમજે છે તો શું એક મનુષ્ય બીજા મનુષ્યનો ભરોસો કરી શકે છે? આપણે એનો ભરોસો ન કરી શકીએ તો એને જવાબદાર કેવી રીતે માની શકીએ? ચોરે ચોરી કરી: તમે એનો ભરોસો નહોતો રાખ્યો. પણ તમારા ઘરનો જે પહેરેગીર છે એણે જો ચોરી કરી હશે તો એને તમે કહેશો કે એણે વિશ્વાસઘાત કર્યો. એટલા માટે કે એને આપણે ભરોસાપાત્ર ગણ્યો હતો આપણે જેને જવાબદાર સમજીએ છીએ એનો ભરોસો કરવાની શક્તિ આપણામાં હોવી જોઇએ. એને મનુષ્યોનું પરસ્પરનું પ્રામાણ્ય કહે છે.

એક મનુષ્યને બીજા મનુષ્યથી જ્યારે ભય લાગશે અને એક મનુષ્ય બીજા મનુષ્યના લાભનું સાધન હશે ત્યાં સુધી ન તો લોકનીતિનો આરંભ થઇ શકશે, ન તો આધ્યાત્મિકતાનો. કુસ્ચેવ મંદિરમાં તો નથી જતો પણ થોડીવાર માટે માની લો કે એ મંદિરમાં જાય છે અને જોન્સન પણ મંદિરમાં જાય છે. આ બંને એકબીજાનો ભરોસો નથી કરી શકતા. તો પણ ભગવાનને શું કહેશે? જોન્સન કહેશે કે ગમે તે કરો કુસ્ચેવને હરાવી દો, અને કુસ્ચેવ કહેશે કે જોન્સનને હરાવી દો. તો ભગવાન કહેશે કે હું બંનેનો એજન્ટ છું કે ભગવાન છું? આમણે મને આડતિયો માન્યો છે કે ઈશ્વર? તમે સમજ્યા છો શું? એમ કે હું તમારી સલાહ પ્રમાણે ચાલું છું? તેમોરો કમિશન એજન્ટ થઇને અહીં બેઠો છું?

જ્યાં સુધી મનુષ્ય મનુષ્યનો વિશ્વાસ નથી કરતો, ત્યાં સુધી ભગવાન પ્રતિ એની નિરપેક્ષ ભક્તિ નથી થઇ શકવાની. ભક્તિમાં જેટલી નિરપેક્ષતા વધારે એટલી શુદ્ધતા વધારે. મારો સ્નેહ, લોભ અને ભયથી જેટલો વધારે મુક્ત હશે એટલો વધુ શુદ્ધ હશે. સ્નેહમાં જ્યાં મતલબ હોય છે, લોભ અને ભય હોય છે, ત્યાં એમાં શુદ્ધતા નથી હોતી, પવિત્રતા નથી હોતી. એટલા માટે સહુથી શ્રેષ્ઠ ભક્તિ સખ્ય-ભક્તિ મનાય છે—અર્જુન અને શ્રીકૃષ્ણની. કૃષ્ણ અને સુદામાની પણ—નહીં, કેમકે અંતમાં સુદામાની નગરી સોનાની બની ગઇ શ્રી કૃષ્ણ ભગવાનને સુદામાને સાક્ષાત્કાર થયો અને એનું ફળ શું? સુદામો મુક્ત થઇ ગયો. આ ફળ તો પૂરતું હતું. પર્યાપ્ત હતું. પણ ના, સુદામાની નગરી સોનાની બની ગઇ.

પુરાણકારોએ ખૂબ ચતુરાઇથી એક સંકેત મૂકી દીધો. આપણા દેશમાં ત્રણ સોનાની નગરીઓ થઇ—લંકા, દ્વારકા અને સુદામાપુરી. ત્રણે સમુદ્રમાં ડૂબી ગઇ. માને રાવણની પણ, ભગવાન કૃષ્ણની પણ. અને આ હું તમને એટલા માટે કહી રહ્યો છું કે, મું નષ્ટ સોનાની કહેવામ છે. આ હુ આ એટલા માટે કહી રહ્યો છું કે, વિશ્વનાથજીનું મંદિર સોને મઢેલું છે, અને અમૃતસરના દીવાન સાહેબ પણ સોને મઢેલા છે. એ યા તો ડૂબી જાય છે, નહીં તો પછી દુરાચારમા તરબોળ થઇ જાય છે, ખોવાઇ જાય છે એટલા માટે તખ્તી લગાડવી પડે છે કે: 'અપના અપના જેબ સંભાલો.' હમણા હમણાં મંદિરમાં ઘરેણાંની ચોરીઓ થાય છે. જે દેવના દર્શનથી અધ્યાત્મે નિર્ભય ને અભય થવું જોઇએ એના મંદિરના દરવાજા પર તરવાર ને બંદૂકોનો પહેરો રાખવો પડે છે!

હવે આધ્યાત્મિકતા હિમાલયની ગુફાઓમાં શોધવાથી નથી મળવાની. એ મનુષ્યના હૃદયની ગુફાઓમાં મળશે. હવે ભગવાનનું નિવાસસ્થાન એ મંદિરનું ગર્ભગૃહ કે હિમાલયની કંદરા નથી, મનુષ્યનું હૃદય છે. અને દરેક માટે બીજા મનુષ્યનું હૃદય છે. સામાના હૃદયમાં ભગવાનની ખોજ કરવાનો વખત આવી ગયો છે. આજ સુધી મનુષ્યના હૃદયની ભાવના જ આખરે બધી મૂર્તિઓનું, બધાં મંદિરોનું આલંબન હતું, એની પ્રતિષ્ઠા હતી. શાલીગ્રામમાં વિષ્ણુનો સાક્ષાત્કાર મારી ભાવનાને કારણે થાય છે. ચિત્રલિંગમાં ભગવાન આશુતોષનો સાક્ષાત્કાર મારી ભાવનાને કારણે થાય છે. જેને ભાવના નથી—જેમકે

ખ્રિસ્તી, મુસલમાન એ બધાંને માટે ગંગા પાણી છે. લેબોરેટરીમાં લઇ જાય છે. થોડા અણુ વગેરે સિવાય એમાં અન્ય કશું દેખાતું નથી. બે વાયુ સિવાય કશું જોઇ શકાતું નથી. અને એમાં આ હિન્દુ નહાય છે તો એને માટે એ પાવનકારી માતા છે. આ મનુષ્યની ભાવનાની શક્તિ છે. મનુષ્યના હૃદયની શક્તિ છે. આ એની આધ્યાત્મિકતા છે. એની અંદર સુષુપ્ત શક્તિ સહભાવનાની છે. આ આધ્યાત્મિકતાના ગંગાજળથી એણે પોતાના ને બીજાના હૃદયનું પ્રક્ષાળણ કરવું જોઇએ. ત્યારે જ આ દેશમાં અને દુનિયામાં લોકનીતિનો આરંભ થશે.

લોકનીતિનો આધાર સંખ્યા નથી. બહુમતી–લઘુમતી એ લોકનીતિનો આધાર નથી. લોકનીતિનો આધાર જેલખાનું નથી, અદાલત નથી, પોલીસથાણાં નથી. લોકનીતિનો આધાર મનુષ્ય છે એટલા માટે મારી લોકનીતિનો આધાર તમે છો. આપની લોકનીતિનો આધાર હું છું. બને અત્યર એકબીજાનો ભરોસો નથી કરી શકતા તો બંનેનું સાથે રહેવું અશક્ય છે, અસંભવ છે. ત્યારે ત્રીજાની જરૂર વચ્ચે રહેશે. અને જ્યાં બેની વચ્ચે ત્રીજાની જરૂર છે ત્યાં કોઇ પ્રકારનો સ્નેહ અને સહજીવન બંને વચ્ચે શક્ય જ નથી બનતાં. બિલકુલ નજીકમાં તમે ને હું સૂઇ રહ્યા છીએ. તમારું પાકીટ તમારા માથા નીચે છે ને મારું મારા માથા નીચે. બંને એ થેલીને લીધે ચિંતિત થઇ જશું તો આખી રાત ઊંઘ આવશે ? શું મને ઊંઘ આવશે ? ત્યારે શું તમને ય ઊંઘ આવશે ? નારે ના, ઊઠીને તમે મને જોશો ને હું તમને જોઇશ. એકબીજાના દર્શન કરવામાં જ આખી રાત પસાર થઇ જશે અને પાછા કહેશું કે, અમે બંને સાથે સૂતા'તા, સાથે સાથે સૂતા નહોતા, સાથે સાથે જાગી રહ્યા'તા, એકબીજાને તાકી રહ્યા'તા. આવી રીતે જ્યાં સાશંકતા હશે ત્યાં મનુષ્યનું સહજીવન અશક્ય છે, અસંભવ છે. ત્યાં ત્રીજાની આવશ્યકતા પડે છે. ત્યાં ન તો કૌટુંબિકતા છે, ન સામાજિકતા, ન મિત્રતા કે ન આધ્યાત્મિકતા.

પ્રમાણિકતાનો આરંભ પોતાનાથી થાય છે.સદાચાર સાપેક્ષ નથી હોતો, કોઇના જવાબમાં નથી હોતો. સદાચાર નિરપેક્ષ હોય છે. સાપેક્ષ છે એ સદાચાર નથી, પ્રત્યાચાર છે, પ્રત્યાઘાતી આચરણ છે. જ્યાં પ્રત્યાઘાતી આચરણ હોય છે ત્યાં સોદો હોય છે અને તમે જાણો છો કે જ્યાં સોદો હોય છે ત્યાં સ્નેહ નથી હોતો.

આજે મંદિરો વેપાર પર, ભાડા પર, ઇજારા પર નભે છે! અને આપણે તો એ સમાજનું ચિત્ર જોઇ રહ્યા છીએ કે જેમાં વ્યાજ, ભાડું, ઇજારાશાહી, વગેરે નહીં હોય. તો શું સમાજનાં પવિત્ર ક્ષેત્ર એવાં નહીં હોય જ્યાં આવી મર્યાદાનું પાલન થતું હોય ? બીજા ક્ષેત્રમાં જે પાપ કર્યું હોય તે તીર્થક્ષેત્રમાં ધોઇ શકાય, પરંતુ તીર્થ ક્ષેત્રમાં જે પાપ કર્યું હોય તે તો વજ્રલેપ થઇ જશે ! જે સામાજિક મર્યાદાઓને સમાજમાં ઉપસ્થિત અને સ્થિર કરવા માગીએ છીએ, એ સામાજિક મર્યાદાઓના આરંભ અને પ્રતિપાદન એ ક્ષેત્રમાંથી થવો જોઇએ જેને આપણે પુણ્યક્ષેત્ર માન્યાં છે. અહીં હજારો વર્ષોની પરંપરાથી લોકોની સદ્ભાવના એકઠી થઇ છે. આ સદ્ભાવનાઓનો સંગ્રહ જે સ્થાનોમાં છે, એ સ્થાનોમાં મનુષ્યની સદ્ભાવનાઓ જાગૃત થવી જોઇએ. ત્યાં પણ સંગ્રહ અને ચોરીનો દોર હોય તે કેમ ચાલે ? આમ હવે અવસર આવી ગયો છે આપણી ધાર્મિકતાનો પુનર્વિચાર કરવાનો.

આજે આ દેશમાં આમુલાગ્ર ક્રાંતિની આવશ્યકતા છે. એ સમાજક્રાંતિ એવી હશે જેમાં મંદિરની મૂર્તિ જેટલી પવિત્ર છે એટલું જ પવિત્ર મનુષ્યમાત્રનું જીવન હશે. ડૉ. આલ્બર્ટ સ્વિટ્ઝરનો શબ્દ છે Reverence for Life–જીવમાત્ર માટે પ્રતિષ્ઠા, આદર અને ભક્તિ. આ યુગની ભક્તિ સખ્યભક્તિ છે. અને આ કેવળ comradeship-ભિરાદરીના સંબંધ નથી. આમાં એકબીજાના જીવનને માટે આદર અને પવિત્રતાની ભાવના છે. સમાજવાદ આપણને ભિરાદરી સુધી લાવીને મૂકી ગયો. હવે વિનોબા કહે છે કે, એકલી ભિરાદરી પૂરતી નથી. મારો જે સાથી છે તે ભગવાનની સગુણ મૂર્તિ છે. આ દેશમાં ફરીથી મનુષ્ય જીવનની પ્રતિષ્ઠા થઇ ગઇ તો આજ સુધી દુનિયાભરમાં જે શુદ્ધ લોકનીતિનો આરંભ નથી થયો તે લોકનીતિનો આરંભ આ દેશમાં થશે.

[દાદા ધર્માધિકારી : 'જનસંદેશ'માંથી સાભાર]

દીર્ઘ જીવન માટે મનોનિગ્રહ

લેખિકા : શ્રી. કલાવતી વોરા

પ્રસાધનની આટલી સામગ્રી વાપરતી, વાત વાતમાં કપડાં બદલતી, દિવસમાં બે ત્રણ વાર માથું ઓળતી સ્ત્રીઓ પોતાના શરીરની રેખાઓ માટે કેમ આટલી બધી બેદરકાર દેખાય છે એ જોઇને ખરેખર નવાઇ લાગે છે. સુંદર કિશોરીને નજર સામે જ ચાર પાંચ વર્ષમાં જાડી બેડોળ, અને તેથી પ્રૌઢા જેવી દેખાતી જોઇને દુઃખ થાય છે અને વિશેષ દુઃખ તો એ વાતનું છે કે ગુજરાતીઓમાં જ શરીર વિશેની આવી બેદરકારી વિશેષ જોવામાં આવે છે. જ્યાં જુઓ ત્યાં—શું ગરીબ કે શું શ્રીમંત—બધે જ સ્ત્રીઓ અચાનક ખૂબ જાડી થઈ જાય છે. બે કે ત્રણ સુવાવડ ગઈ કે પછી સ્ત્રીના શરીરની તાઝગી અને રૂપ ચાલ્યું જાય છે.

આપણે ત્યાં અથવા બધે જ પુરૂષો પણ એ જ રીતે જાડા થઇ જાય છે. પણ સ્ત્રીઓ કંઇક વિશેષ પ્રમાણમાં અને સુવાવડ અને એવા કારણોને લીધે એનું શરીર જલદી બેડોળ બની જાય છે. પણ સ્ત્રી કે પુરૂષને આમ બેહદ વધી જતી ચરબીને લીધે ખૂબ નુકશાન થાય છે. કહે છે કે, Smaller your waistline, longer your lifetime. કમ્મર રેખા ટૂંકી તો જીવનરેખા લાંબી. આ પ્રમાણે માત્ર શરીરમાં જાડા થઇ જવાથી આપણે જીવનરેખાને ટૂંકાવીએ છીએ એ વાત સિદ્ધ થાય છે. અને એ મોટામાં મોટું નુકશાન છે.

ઘાટ અને રૂપ ગુમાવવા સિવાય પણ ચરબી અનેક દરદોને પોતાની સાથે રહેવા નોતરે છે. સૌમ્ય, મધુર અને ક્વચિત જડતા સૂચવતો દેખાવ સારો તો નથી જ. પણ દરદોથી બચવા માટે તો આપણે આ બાબતમાં સમયસર સાવધ થવું જ જોઇએ. ભારે શરીરને લીધે ઊઠતાં બેસતાં સાંધા જકડાઇ જાય છે. ઝટ ઉભા થવાતું નથી. સ્ફૂર્તિથી ફરી શકાતું નથી. એ સિવાય હૃદયની આસપાસ ચરબીના થર જામે છે એટલે લોહિનું ભ્રમણ સહેલાઇથી અને ઝડપથી થઇ શકતું નથી. શ્વાસોશ્વાસની ક્રિયામાં પણ પાંસળીઓને ઘણી વાર જોર પડે છે. કીડનીને અને પ્રજનન અંગોને પણ ચરબી વધી જવાથી નુકશાન પહોંચે છે. અને અંગો પોતાના કાર્ય કરી શકતાં નથી. એટલે જ ઘણી વાર ખૂબ જાડી સ્ત્રી માતા બની શકતી નથી અને આવા અનેક જાતના નુકશાન વેઠવા પડે છે.

આ તો શારીરિક નુકશાનની વાત થઈ. એ ઉપરાંત માનસિક દૃષ્ટિએ પ્રત્યક્ષ ન દેખાય અને છતાં શરીર સાથે જ સંકળાયેલાં હોય એવાં પણ ઘણાં નુકશાન પણ થાય છે. ભારે શરીરવાળા માણસને રહેવામાં, વાતો કરવામાં જેટલો આનંદ આવે છે એટલો કામમાં નથી આવતો. શ્રમ પડે તેવા કામમાં નહિ જ, અને તેથી ઘણીવાર તેમનામાંથી તરવરાટ, યૌવનનું ચાપલ્ય અને તાઝગી અદૃશ્ય થતાં જાય છે. બહુ વિચારો કરવા, ચિંતનાત્મક વાંચનમાં મન પરોવવું, એવી કોઇ શારીરિક કે માનસિક શ્રમ પડે તેવી ક્રિયા તેમને ઓછી ગમે છે. તેથી જ ઘણા કહે છે ને, કે જાડા માણસની જાડી બુદ્ધિ. જો કે આ સાચું નથી; અને ઉપર વર્ણવ્યા એ બધાં દરદો એક સાથે કોઇ જાડા માણસને લાગુ પડતાં પણ નથી. તેમ દરેક જાડા માણસ—ખરેખર ચપળતા ગુમાવી નથી દેતા. છતાં યે શરીર ચિકિત્સકો અને એ વિષયના વિદ્વાનોની માન્યતા પ્રમાણે ચરબીના વધવા સાથે આવાં બધાં દરદોને આપણી અંદર પ્રવેશવાને માર્ગ મળે છે. અને આપણી થોડી બેદરકારી અને મનોવૃત્તિઓની નિરંકુશતાને લીધે આપણી સમક્ષ આવી સંભવિતતા ઉપસ્થિત થાય છે ખરી.

સાચેસાચું છે કે અતિશય પાતળા રહેવું એ યે સારૂં નથી. ફેશનમાં પાતળાપણાને આપણે નાજુકાઇ અને કોમળતામાં ઘટાવીએ છીએ. પણ એ હિતકારી

છઠ્ઠી કાંતા દૃષ્ટિની સજ્ઝાય

(સં. ૨૦૧૮, અંક ૧૧ પૃષ્ઠ ૧૫૬ થી અનુસંધાન)

(સં. ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઈ, મોરબી)

(૧) અચપળ, રોગરહિત, નિષ્ઠુર નહિ,
અલ્પ હોય ટોય નીતિ,
ગંધ ને સારો રે કાંતિ પ્રસન્નતા,
સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.
ધન ધન શાસન શ્રી વીર જીનતણું—

આ ગાથાઓમાં સમકિતનું અપૂર્વ માહાત્મ્ય દર્શાવ્યું છે. ગચ્છ મતની સંપ્રદાયિક ભાવનાથી પોતાના મન–વચન–કાયા કે હૃદયમાં નિર્મલતાનો એક અંશ પણ ન હોય. રોગ, મલીનતા, સ્વાર્થ–દંભ–કદાગ્રહાદિ દોષોથી જીવન ઠાંસી ઠાંસીને ભરેલું હોય. છતાં પોતે સમકિતી છે. એમ માની લીધેલ આત્માને પોતાની ભૂલ સમજવા તથા સુધારવા માટે આ ગાથાઓ જીવનના પદાર્થપાઠ તો ઔષધદાં સમાન છે. ઉપરની ગાથામાં આત્મજ્ઞાની પુરૂષનાં બાહ્ય તથા અભ્યંતર લક્ષણો દર્શાવ્યાં છે.

(૧) અચપળઃ–જ્યાં સુધી ઇંદ્રિયો, વૃત્તિ અને મનની ચપલતા હોય ત્યાં સુધી સમકિત ન હોય. માટે સમકિત મહાત્મા અચપળ (સ્થિર) હોય

(૨) શરીરમાં શ્વાસ કે મલની દુર્ગંધ ન હોય.

(૩) હૃદય કોમળ હોય–સ્વચ્છ ને સરલ હોય

(૪) આહાર અને નિહાર પણ અલ્પ હોય.

(૫) શરીર સુગંધી અને કાંતિ સહીત દેદીપ્ય માન હોય.

(૬) વાણી મધુર, મીત (અલ્પ) અને હિતકારી હોય.

(૭) ચિત–ઉદાર–પરોપકારી, સ્વચ્છ અને નિર્મળ હોય તથા સ્વર ગંભીર હોય.

(૮) જેના યોગની પ્રવૃત્તિ કોઇ પણ જીવને દુઃખમય ન થતાં સ્વપરને પરમ હિતકારી હોય.

ઉપરોક્ત આઠ ગુણોથી યુક્ત એવા તત્ત્વજ્ઞાની મહાત્માઓ જે શાસનમાં વિદ્યમાન હોય તે શ્રી વીર જીનેશ્વરનું શાસન ધન્ય છે.

(૨) ધીર પ્રભાવીરે, આગલ યોગથી,
મિત્રાદિક યુત ચિત;
લાભ ઇષ્ટનોરે દ્વંદ્વ અધૃષ્યતા,
જન પ્રિયતા હોય નિત્ય—ધન.

ઉપરોક્ત આઠ ગુણોની સાથે અસીમ ધીરજ હોય આત્માર્થી જીવને અંતર મુહૂર્તમાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રબલ જીજ્ઞાસા હોય છતાં કર્મના આવરણ દોષને લક્ષને પ્રબલ પુરૂષાર્થથી ઘાતીકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં સ્વયંભૂરમણ સમુદ્રના અગાધ જળને એક સળીથી ઉલેચી નાંખવા જેટલી ધીરજ હોવી જોઇએ. આવો ધીરજવાન મહાત્મા જ વિરતિ દશા અને ક્ષપકશ્રેણીને પામીને તથા ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામી શકે છે.

સમકિતી આત્માને દૃઢતા, સહિષ્ણુતા અને ધીરજની સાથે મૈત્રી વગેરે ચાર ભાવનાઓ પણ અંતરમાં પ્રગટ થાય છે. મૈત્રી–પ્રમોદ–કારુણ્ય–મધ્યસ્થ.

ઉપર મુજબ આત્મજ્ઞાની પુરૂષ આત્મવિકાસ સાધવામાં જેમ જેમ આગળ વધતો જાય અને પોતાના ક્ષયોપશમની મંદતાને લક્ષને કોઈ પારમાર્થિક રહસ્ય ન સમજાય તો પણ પોતાની મતિ કલ્પનાથી તેનો નિર્ણય ન કરે, તેમજ ખોટી વાતનો કદાગ્રહ ન કરે, પણ મધ્યસ્થપણે રહીને તેના રહસ્યને સમજવા માટે પ્રયત્ન કરે. અથવા અધિકતાની પુરૂષના સત્સમાગમમાં રહીને તત્ત્વ જાણવાને શક્તિમાન થાય. ઇષ્ટ એટલે સમ્યજ્ઞાન–દર્શન–ચારિત્રને મેળવવા માટે રાગ–દ્વેષાદિ દ્વંદ્વ દોષોથી દબાય નહીં. અર્થાત્ બંધન અને આવરણના કારણોથી અધૃષ્ટ બને એટલે તેનાથી

પરાભવ ન પામતા વિજયી બને. નૈતિક–વ્યવહારિક–ધાર્મિક અને અધ્યાત્મિક ભાવનાઓથી સદ્ગુણી તથા સદાચરણીય બનીને લોકપ્રિય બને.

લોક એટલે "લોકયતીતિ લોકઃ" જે જ્ઞાની જગતને સમાનભાવે સમ્યક્ત્વ દૃષ્ટિએ જુએ તેને જ લોક કહે છે. અર્થાત લોક એટલે પંડિત તત્ત્વજ્ઞાની તેના વિરૂદ્ધ ન કરવું એજ. તે પ્રમાણે આત્મજ્ઞાની પુરૂષો લોકપ્રિય હોય છે :—

(૩) નાશ દોષનો રે, તૃપ્તિ પરમ લહે,
સમતા ઉચિત સંયોગ,
નાશ વૈરની રે બુદ્ધિ સ્તભરા,
એ નિષ્પ્રપંચ યોગ.–ધન.

(૪) ચિન્હ યોગનારે જે પરત્રંથમાં,
યોગાચાર્યે દિઠ્ઠ,
પંચમદૃષ્ટિ ગ્રહી તે જોઈએ,
એહવા સ્તોહ ગરિઠ્ઠ–ધન.

અધીરજ, અશ્રદ્ધા, અજ્ઞાનતા તથા ક્ષુદ્રતાદિ આઠ દોષો તેમજ કામ–ક્રોધ–રાગ–દ્વેષ–મદ અને છ રિપુઓથી મુક્ત હોય, આશા તૃષ્ણાથી રહિત થઇને પરમ સંતોષી હોય પ્રતિકૂલ નિમિત્તોથી પણ મનમાં જરાપણ ખેદ કે ઉદ્વેગ કે દ્વેષ ન લાવતા સમતાભાવ યુક્ત હોય. અર્થાત્ અપરાધીનું પણ અહિત ચિંતવનાર ન થાય તત્ત્વમાર્ગની ઉપાસનારૂપ ધર્મવ્યપારનો સંગી બને. જેના એક અંશમા પણ વૈરબુદ્ધિ ન હોય. સ્તંભર એટલે સત્યપાલક. દૃઢ પ્રતિજ્ઞાવંત હોય. આ દૃષ્ટિમાં ઉપરોક્ત ક્ષુદ્રાદિ આઠ દોષોનો નાશ થવાથી તત્ત્વજ્ઞાની પુરૂષનું જીવન કેવું વિશાલ અને નિર્મળ હોય તે દર્શાવ્યું છે—

(૧) કૃત પ્રતિજ્ઞાનો નિર્વાહ કરેલી પ્રતિજ્ઞાનો પ્રાણાંતે પણ ભંગ ન કરે. અર્થાત્ પ્રાણાંત કષ્ટ વેઠીને પણ લીધેલી પ્રતિજ્ઞાનો જીવનપર્યંત નિર્વાહ કરે

(૨) અપાય નિરાકરણ–સદર્થાનુષ્ઠાન–ચારિત્રાદિની આરાધના કરતાં જે જે સંકટો આવી પડે તેને ધીરજ–દૃઢતા ક્ષમા અને સહિષ્ણુતાથી સહન કરીને આવેલા સંકટોથી નિવૃત થાય

(૩) બ્રહ્મચર્ય–દ્રવ્ય અને ભાવ એમ બે ભેદે દર્શાવ્યું છે દ્રવ્ય એટલે વિષયાકર્ષણ, વ્યાકુળતા, અને વાસના શક્તિથી મુક્ત થવું. ભાવથી એટલે બ્રહ્મ સ્વરૂપ એટલે આત્મ સ્વરૂપમા રમણ કરે તેને બ્રહ્મચર્ય કહે છે. યોગ એટલે આત્મવિકાસ તેને સાધવા માટે યોગાચાર્યે કહેલા કૃતપ્રતિજ્ઞા નિર્વસન્ત ગુણોને સર્વાંગે પ્રાપ્ત કરીને ચાર દૃષ્ટિ કરતા આ પાચમી દૃષ્ટિમાં આત્મસ્વરૂપનો અધિક વિકાશ, નિરાવરણતા વા વિશુદ્ધિ કરનાર થાય –

(૫) છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું,
તિહાં તારા ભ પ્રકાશ
તત્ત્વ ભીમાંસારે દૃઢ હોય ધારણા,
નહિં અન્ય શ્રુત વાસ–ધન

જેમ તારાનો પ્રકાશ, પ્રકાશપણાથી શૂન્ય યતો જ નથી, જો કે દિવસે સૂર્યના વિશેષ પ્રકાશથી ઝાંખો દેખાય છે પણ પોતાના પ્રકાશ ગુણથી રહિત યતો નથી. રાત્રે વિશેષ પ્રકાશે છે, તે પ્રમાણે આત્માનો મોહનીય કર્મના રસોદય વખતે ઉપયોગ મંદ થાય છે અને મોહનીય કર્મનો ક્ષયોપશમ થતા ઉપયોગની વિશેષ જાગૃતિ રહે છે તેથી તેના જ્ઞાનને તારા સમાન ઉપમા આપી છે કારણ કે ઉપયોગ "કવચિત મંદ, કવચિત તીવ્ર રહે એ ક્ષયોપશમ સમકિતનો સ્વભાવ છે.

આ દૃષ્ટિમા આત્માની અધિક નિરાવરણતા થવાથી તત્ત્વની વિચારણા, તત્ત્વની ધારણા હોય પણ અન્ય એટલે તત્ત્વ સિવાય બીજા મિથ્યાત્વ તથા અજ્ઞાનાદિ અસત્ ભાવોની કલ્પનાજ ન હોય કેવલ સ્વશ્રુત એટલે સ્વાત્મ સ્વભાવની રમણતા અને સ્થિરતામાં જ તન્મય રહે –

(૬) મન મહિલાનું રે ન્હાવા ઉપર,
બીજા કામ કરંત
તેમ શ્રુત–ધર્મે રે ઓડમા મનધરે,
જ્ઞાના ક્ષેપક વંત–ધન

શ્રીમદે તત્વજ્ઞાનનું અપૂર્વ વર્ણન કરતાં પણ સતી સ્ત્રીના પ્રેમનું દ્રષ્ટાંત આપીને અંતરની તન્મયતાને વધારે સુદ્ધ બનાવી છે, કેમકે સંસારના સર્વે પ્રેમોમાં દાંપત્ય પ્રેમ એ સર્વોત્કૃષ્ટ પ્રેમ છે, આત્માર્થી જીવને શ્રી સદ્‌ગુરૂ પ્રત્યે કેવી અનન્ય ભક્તિ જોઇએ તેનું સમર્થન કરવા માટે દાંપત્ય પ્રેમનું ઉદાહરણ આપ્યું છે, કારણ કે દાંપત્ય પ્રેમ એ પરમાર્થ પ્રેમથી ફક્ત એક નીચેનું જ પગથીયું છે ને પ્રેમમાં વિષયાશક્ત પણ ન હોય પણ વિષયોની અતિ મંદતા તથા અનાસક્ત પણ હોય. વળી અંતરની પવિત્રતા, નીતિ, ઇન્દ્રિય દમન વૃત્તિ સંયમ તથા ધર્મપ્રતિ જેમાં આદર્શ ઉચ્ચ હોય તેને જ દાંપત્ય પ્રેમ કહે છે. આવા દિવ્ય પ્રેમથી રંગાયેલ પતિવ્રતા સતી સ્ત્રી ઘરના વ્યવહારનાં અનેક કામો કરતાં પણ તેનું મન પોતાના હૃદય વલ્લભ ઇષ્ટદેવ પતિમાં જ પરોવાયેલું હોય છે તેમ આત્માથી જીવ પૂર્વકૃત કર્મોદયને લઇને શુભાશુભ કર્મોનું વેદન કરતાં (સંસારની અનેક પ્રવૃત્તિઓ કરતાં) છતાં પણ તેના આત્માનો શુદ્ધોપયોગ શુભાશુભ કર્મના વિપાકોદયમાં અનાસક્ત પણે દ્રષ્ટાભાવે રહે છે આ સબંધમાં શ્રી ગીતાજીમાં પણ જણાવ્યું છે કે—

સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ
સંસારમાં લેપાય નહીં, તે જાણ મારો દાસ

આ પ્રમાણે ધૂળનાં ઢગલા અને સ્વર્ગની અઢળક સમૃદ્ધિ તરફ પણ સમભાવમાં રહીને સમ્યગ્જ્ઞાન તરફ પણ આક્ષેપવંત એટલે આદરવાળો હોય. અર્થાત્ સ્વસ્વરૂપની રમણતામાં સુદ્ધ રહે તે જ અનુભવી પુરૂષનું આદર્શ જીવન છે વા તે જ દેશવિરતિ શ્રાવકનું સર્વોત્તમ લક્ષણ છે.

(૭) એ હવે જ્ઞાને રે વિઘ્ન નિવારણા,
ભોગ નહિ ભવ હેત,
નવિ ગુણદોષ, ન વિષય સ્વરૂપથી,
મનગુણ અવગુણ ખેત—ઘન

આ દૃષ્ટિમાં મોહનીય કર્મનો ક્ષય વા ક્ષયોપશમ થવાથી તેમજ ચારિત્ર મોહનીય કર્મનો પણ ક્ષયોપશમ થવાથી (અબંધક પણે ચારિત્ર મોહનીય કર્મ સત્તામાંથી ક્ષય થવાથી) દેશવિરતિ દશાને પામે છે એટલે પાંચમાં ગુણસ્થાનકનો ઉપાસક બને છે તેથી દેવોને તથા ઇન્દ્રોને પણ પૂજનીય બને છે, પૂજાની ઢાળમાં કહ્યું છે કે "વિરતિને પ્રણામ કરીને, છઠ્ઠ સિંહાસન બેસે" ઇંદ્ર મહારાજ સિંહાસન ઉપર બીરાજમાન થવા પહેલાં નમઃ વિરતિ પ્રાપ્ત પુરૂષાય" વિરતિદશાને પામેલા સત્પુરૂષને નમસ્કાર કરીને જ સિંહાસન ઉપર બીરાજમાન થાય છે. અત્યારે તો વિરતિ શબ્દની વ્યાખ્યા ઘણી જ વિચિત્ર અને અવળી સ્થિતિએ મનાઇ ગઇ છે. નવકારશીનું પચ્ચખાણ કરનાર, સામાયિક, પૂજા તથા પ્રતિક્રમણ કરનાર એવા બાહ્ય વ્રતધારીને દેશવિરતિ માની લે છે. પણ તે વિરતિ નથી. વ્રત છે પ્રકાશ અને અંધકારમાં જેટલો ફરક છે તેટલો ફરક વિરતિ અને વ્રતમાં છે. ચરિત્ર મોહનીય કર્મના ઉદયના અભાવે જે વ્રત નિયમોનું પાલન કરે તેને વ્રત કહે છે આવું વ્રત તો મિથ્યાત્વી–અજ્ઞાની–દંભી અને અભવી પણ લઇ શકે છે, પાળી શકે છે. કારણકે વ્રત તો મિથ્યાત્વ દશામાં પણ હોય છે પણ વિરતિ તો સમ્યક્ત્વ દશા વિના હોય જ નહીં. સ. જ્ઞાનનું ફલ વિરતિ છે તેનું સાચું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

સત્તામાં રહેલી ચારિત્ર મોહનીય કર્મની એક પણ ઉદયગત પ્રકૃતિને અબંધ ભાવે ક્ષય કરે તેને જ વિરતિ કહે છે. આ છઠ્ઠી કાંતા દૃષ્ટિમાં રહેલા દેશવિરતિ શ્રાવકને સ. જ્ઞાન દર્શન ચારિત્રનો વિકાશ કરતાં જે કાંઇ આત્માને આવરણો કે વિઘ્નો આવે તો તેનો આત્મ જાગૃતિના પ્રબળ પ્રભાવથી ક્ષય કરીને આત્મા વધારે નિરાવરણ બનાવે અને સુદ્દઢ ધર્મી અભયકુમારની જેમ પોતે ધર્મ (વીતરાગ માર્ગ) માં સુદ્દઢ રહીને બીજા મુમુક્ષુ આત્માઓને પણ ધર્મનું અપૂર્વ માહાત્મ્ય સમજાવીને તેમને ધર્મ પમાડીને તેમાં સુદ્દઢ બનાવે અને તેથી વીતરાગ શાસનનો પ્રભાવક બને.

સમકિતી પુરૂષ ઇન્દ્રિયોના વિષયોને આત્માના ગુણરૂપે કે સ્વભાવ રૂપે સમજતા નથી પણ ઉદયગત કર્મનું

વિપાકી પરિણમન છે એમ સમજીને દૃષ્ટાભાવે અનાસક્તપણે આત્મોપયોગ પૂર્વક શુભાશુભ કર્મને ભોગવતાં અપુનર્બંધપણે કર્મોની નિર્જરા કરે છે અને અજ્ઞાની જીવ ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થઇને તન્મય બનીને જગદાકાર વૃત્તિથી તથા દેહાધ્યાસથી તે વિષયોને ભોગવતાં સતાગત કર્મોની તો તે પણ નિર્જરા કરે છે. પણ સાથે સાથે નવીન ગાઢ મોહનીય કર્મ ઉપાર્જન કરીને અનંત સંસારની વૃદ્ધિ કરે છે. જૈન દર્શનમાં ક્રિયાએ કર્મ, પરિણામે બંધ, અને ઉપયોગે મોક્ષ કહેલ છે. આ વાત સર્વથા સત્ય છે. અર્થાત્ આત્મોપયોગપૂર્વક કર્મનું વેદન કરવાથી કર્મનો ક્ષય થાય છે. માટે જ્ઞાન એટલે ઉપયોગપૂર્વક કર્મો ભોગવવાથી વિઘ્નનો નાશ થાય છે. અને તે ભોગ સંસાર વૃદ્ધિના કારણરૂપ થતાં નથી. કારણકે "મન એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ" મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ મન જ છે માટે જ મન એ જ ગુણ તથા દોષનું સ્થાન હોવાથી ઉદયગત કર્મોનું ઉપયોગ પૂર્વક વેદન થાય તો કર્મનો ક્ષય થાય છે અને આસક્તિ પૂર્વક વેદન થાય તો કર્મનો બંધ થાય છે એમ સમજીને જ્ઞાનીપુરુષો અનાસક્તિપણે જ કર્મોને ભોગવે છે.

(૮) માયા પાણી રે જાણી તેહને,
લંઘી જાય અડોલ.
સાચું જાણી રે તે બીતો રહે,
ન ચલે ડામાડોલ.....ધન

આત્મજ્ઞાની પુરૂષ માયાના વિવિધ પ્રકારના વિલાસોને પાણીનાં તરંગોના જેવા અનિત્ય માનીને તેમા જરાપણ વ્યામોહિત ન થતાં તે માયાના પ્રપંચોથી પર થઇને (મુક્ત થઇને) પોતાના સ્વાનુભવ સ્વરૂપને જ પરમ સત્ય માનીને સંસારથી બીતો રહે એટલે નિર્લેપ રહે. પોતાના સાચા સ્વભાવમાં જ રમણતા કરવાથી કર્યાંયે પણ માયાના પાશના પ્રપંચોમાં બંધાય નહિ-ક્ષોભ પામે નહિ. અસહ્ય ઉપસર્ગો આવી પડતાં, પણ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ પવિત્ર ધર્મથી ચલાયમાન ન થતાં સુદૃઢ પણે અડગ પણે ટકી રહે.

(૯) ભોગ તત્ત્વને રે એમ ભય નવી ટળે,
જૂઠા જાણે રે ભોગ,
તે એ દૃષ્ટિ રે ભવસાગર તરે,
લહે વળી સુજસ સંયોગ ધન

જે પ્રાણી મોઢેથી તત્ત્વજ્ઞાનની મોટી મોટી વાતો કરે પણ અંતરમાં ત્યાગ વૈરાગ્ય ભક્તિ શ્રદ્ધા અને તત્ત્વજ્ઞાનનો અંશ પણ ન હોય તે જ પહેલા જ્ઞાની (ઢંભી આત્મા) વિષયોની મધુરતામાં મોહિત થઇને પૌદ્ગલિક સુખને જ સાચું સુખ માનીને આસક્તિ પણે વિષયોનું સેવન કરે છે તેને સંસારનો ભય નાશ થતો જ નથી. પણ જે સાચા આત્મજ્ઞાની મહાત્મા છે તેઓ તો પાંચે ઇન્દ્રિયોના વિષયોને હળાહળ ઝેર સમાન માનીને તથા પૌદ્ગલિક પદાર્થોની રિદ્ધિસિદ્ધિ સાહેબી અને સુખને શરીરનો મેલ કે રાખનો ઢગલો છે એમ અસાર સમજીને તેનાથી અનાસક્ત કે વિરક્ત રહીને પોતાના સ્વભાવમાં જ આનંદ માનતો રહે છે. આવી અલિપ્ત દશામાં રહેલો તત્ત્વજ્ઞાની પુરૂષ ભવસમુદ્રમાંથી તરીને એટલે ચાર ગતિના પરિભ્રમણથી મુક્ત થઇને મોક્ષની પ્રાપ્તિ રૂપ સુયશને મેળવવા ભાગ્યશાળી બને છે.

સાચો શ્રાવક બન્યો !

(એક સત્ય ઘટના)

આજના જીવનમાં જેને જુવાનીનું જોર હોય, ગમે તે રીતે પૈસા કમાવાની તમન્ના હોય, સિનેમા નાટક જોવાની લત હોય, રાતના ઉજાગરા કરવાની ટેવ હોય, મિત્રો સાથે વ્યસનની મહેફીલ માણવા હોય, તેવા માણસને ધર્મ ક્યાંથી સાંભરે ? છતાં આવા એક ભાઇને અઠ્ઠાવીસ વર્ષે જ્ઞાન પ્રાપ્ત થયું અને હૃદય પલટો જીવનમાં થયો તે હકીકત એ ભાઇના પોતાના જ શબ્દોમાં આપું છું.

" નાનપણમાં સિગારેટનું વ્યસન ચોંટયું ! રોજની ૨૦ થી ૩૦ સિગારેટનો ધૂમાડો થાય અને સાથે પૈસાની પાયમાલી થાય ! મરતાં વાંકે જીવતા હોઇએ તેમ જીંદગી ચોલી જાય સાચે ખોટે રસ્તે પૈસા આવે. વર્ષોના વર્ષો આમ ચાલ્યા ગયા. કોઇ આગલા ભવના પૂણ્યે એક મહારાજશ્રીના વ્યાખ્યાનનો લાભ લેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. મુનિ મહારાજશ્રીએ શાન્તિના પાઠનાં પાના વાંચવા અને મનન કરવા આપ્યા તેમાં એક પદ નીચે મુજબનું આપ્યું.

यत्सुखं त्रिषु लोकेषु व्याधिव्यसनवर्जितम्, ।
अभयं क्षयारोगात् स्वस्तिरस्तु च मे सदा. ॥

શાન્તિ પાઠના પાનાનું વાચન રોજ કરવું અને મનમાં થાય કે આપણા ધર્મમાં જે કાંઇ લખ્યું છે તે અક્ષરે અક્ષર સત્ય છે છતાં મારામાં જે વ્યસનો છે તે ક્યારે દૂર થશે ?

૧૯૬૩ના માર્ચ માસમાં મને સખત ખાંસી થવાથી મારા વૈદ મિત્રની સલાહથી, મેં અઠ્ઠાવીસ વર્ષ સુધી જેની મૈત્રી કરી હતી, તે સિગારેટને છોડી ! અને પ્રભુ દયાથી મારા શરીર ઉપર કોઇ પણ જાતની ખરાબ અસર થઈ નથી ઉલટાનું મારું દરદ ખાંસી –ગેસ વગેરે તદ્દન અદ્રશ્ય થઈ ગયા છે. સિગારેટનું વ્યસન છોડી દેવાનો આ ચમત્કાર ! પણ આના કરતાં સાચો ચમત્કાર તો એ થયો કે મારી બુદ્ધિ સતેજ થઇ ગઇ. ધર્મ પ્રત્યેની મારી લાગણી અને શ્રદ્ધા દિવસે દિવસે વધતા ગયા. મને થયું કે જીવનમાં જ્યારે પરિવર્તન થવાનું હોય છે ત્યારે જ આવા સારા વિચારો આવે છે. ધાર્મિક પુસ્તકો વાંચતો, વિચારતો, મનન કરતાં તેમાંથી જાણવા મળ્યું કે શ્રાવકે પાળવાના નિયમોમાં વ્યસન કોઈ જાતના ન હોવાં જોઈએ. ઇશ્વરની કૃપા કે મારું વ્યસન ગયું !

પા કલાક પાટલા ઉપર બેસું તો પગમાં ખાલી ચડી જાય, ટેબલ ખુરશી ઉપર જમવું પડે. આવી ટેવો પ્રમાદને લીધે પડી ગયેલ આજ વ્યસન છોડયા પછી, અને ધર્મમાં વધારે શ્રદ્ધા આવવાથી હું પાટલા ઉપર બેસીને જમી શકું છું. પૂજા પાઠમાં પણ દોઢ કલાક પલાઠીવાળીને બેસી શકું છું ખાલી ક્યારેય ચડતી નથી. તબિયત ઘણી તંદુરસ્ત રહે છે. દેવગુરુની કૃપાથી અઠ્ઠમ, આયંબિલની ઓળી વગેરે કરી શકું છું. આ બધાં સારાં ચિહ્નોને છે મનુષ્ય અવતાર મળ્યો છે તો આત્માનું કલ્યાણ થઈ જાય એટલી જ ઝંખના આ જીવનમાં રહે છે. ઋણાનુબંધે આપણે બધા ભેગા થઇએ છીએ એવું ભાન અત્યાર સુધી ન હતું પણ હવે મગજમાં બરાબર ઊતરી ગયું છે, ધર્મની ભાવના દિવસે દિવસે વધતી જાય છે તાની મુનિ મહારાજશ્રીઓના સહવાસમાં આવ્યા પછી. જીવનમાં સુધારો થતો જાય છે. હવે તો મને એમ દેખાય છે. કે હું વાણિયામાંથી અસલ શ્રાવક થઇ ગયો છું. શ્રાવકને પાળવાના નિયમો બધા ઉતરી એ બધા પરમ દયાળુ પરમાત્માની મારા ઉપર કૃપા થઇ છે, ચોરાસી ફેરામાંથી જેટલી વહેલી મુક્તિ મળે એટલી અભિલાષા છે. કાલે શું થવાનું છે તેની

ખબર નહિ એટલે કહું તે સાચું પછી મનની મનમાં રહી જાય. જે કાંઇ સારું કરવાના ભાવ મનમાં આવે તે કરી લેવા. અત્યારે સારી સ્થિતિ છે, તે આગલા ભવના કર્મને લીધે છે. ભવભવાંતરમાં સદાય સારી ઝંખના હોવી જોઇએ અને અત્યારથી તેની તૈયારી હોવી જોઇએ. જો આપણે પોતાને જ ઓળખતા શીખીએ તો એની મેળે અહંમ ભાવ ઓછો થઈ જાય અને સમતા ભાવ આવે. જેથી જીવનનો સાચો રાહ મળતો જાય. ધર્મમાં શ્રદ્ધા, રાખી તપ જપ વગેરેમાં પ્રવર્તીએ તો જરૂર કર્મ બંધન તુટતા જાય પડતા જાય અને નવાં કર્મો ન બંધાય તેની સાવચેતી રાખીએ તો જરૂર સંસારરૂપી સમુદ્રની પાર સહેલાઈથી પહોંચી શકાય ! જીવતા સર્વ જીવોને સદ્બુદ્ધિ સૂઝો અને તેમનું કલ્યાણ થાઓ એવી પ્રભુ પ્રાર્થના !"

ક્યાં એકવીશ વર્ષ પહેલાંનો આ 'યુવક', ક્યાં આજનો આ ધાર્મિક પુરૂષ ! માણસનું મન જો મક્કમ થાય તો ઘણા ચમત્કાર થાય અને જીવન 'પલટો' થઈ જાય ! (મળેલું)

ક્ષાયિક તથા ક્ષાયોપશમિક ભાવવાળાને સુયોગ તથા કુયોગ સરખા છે. બાકી ઔદયિક ભાવવાળાને સુયોગ કુયોગની અસર થાય છે જે યોગ એટલે સંબંધથી આત્મિક સારામાં સારો લાભ મળે, સમભાવ-શાંતિ મળે કાંઇક આત્મિક ગુણોનો વિકાસ થાય, એવો યોગ મળે તે સુયોગ કહેવાય. ભલે પછી બહારનો ગ્રહ, તિથિ, વાર, નક્ષત્રનો ગમે તેવો કુયોગ હોય તોપણ તે કાંઇપણ કરી શકતો નથી. બહારના યોગો. ફક્ત દેહ માટે છે. પૌદ્ગલિક વસ્તુઓની અનુકુળતા-પ્રતિકુળતાને માટે છે. શાતાવેદની, યશઃકર્મ, નામકર્મ માટે ખાસ કરીને સારાં દિવસ જોવાય છે અને તે એક વ્યવહાર પૂરતુ જ ઠીક ગણાય. બાકી તો મોહનીયના અનેક પ્રકારના ઉદયને દબાવનાર સત્પુરુષોનો યોગ સાચી રીતે સુયોગ કહેવાય છે તે સિવાયના કેવળ બહાર સુયોગ આત્મોન્નતિના સાધક બની શકતા નથી. ધાર્મિક કાર્યોમાં સુયોગ જોવાનો વ્યવહાર છે. પણ તે એકાંતે શુભનો ઉદય લાવી શકે નહિ, મોહનો ક્ષય કે ઉપશમ અથવા તો ક્ષયોપશમ કરવાને સમર્થ નથી, માટે સમ્યગજ્ઞાનદ્વારા સાચું સમજાવી ઉપશમભાવને પ્રકટ કરવામાં નિમિત્ત થાય એવા મહાપુરૂષોના યોગની અત્યંત આવશ્યકતા છે; કારણકે જ્યાંસુધી વસ્તુ તત્ત્વને સાચી રીતે સમજીને ઉપશમ તથા ક્ષયોપશમ ભાવનાં સુખ-શાંતિ ન મળે ત્યાં સુધી શાતાવેદની પૌદ્ગલિક સુખોની અનુકુળતા તથા માન, પ્રતિષ્ઠા કે મોટાઇથી સાચાસુખ, શાંતિ મળી શકતાં નથી; કારણ કે તે અતાત્ત્વિક છે, તેનાથી ગર્વ ધારણ કરવાથી આત્માને ઘણીજ મૂંઝવણ રહ્યા કરે છે બીજાને તુચ્છ સમજવામાં માનસિક વિક્રિયા ઘણી જ મૂંઝવે છે, પોતાનાથી બીજાનું વધારે સન્માન જોઇને કે પૌદ્ગલિક સુખોની વધારે અનુકુળતા જોઇને અદેખાઇથી અંતર બળ્યા કરે છે, એટલે શાંતિ મળી શકતી નથી. પણ અશાંતિ જ રહે છે. એક વખત જે આપણું માન જાળવતા હોય તે જ આપણી ઉપેક્ષા કરે અથવા તો અપમાન કરે તો માનસિક દુઃખ પુષ્કળ થાય છે એટલે આવી રીતે બહારના બધા યોગો વિષય ભાવને મટાડી શકતા નથી, તો સારાં હોય તોપણ આત્મિક લાભ માટે તો અકિંચિત્કર છે, માટે હંમેશાં સમભાવ તથા આત્મિક ગુણના વિકાસમાં સહાયક તાત્ત્વિક બોધના પોષક સત્પુરુષોના યોગથીજ આત્મશ્રેય છે.

શાપરીઆ

બીલ્ડસ ઓફ

- બાર્જીસ
- લાઈટ બોટસ
- ટગ્સ
- રોજર્સ
- પેસેન્જર વેલ્સ
- પોન્ટૂન્સ
- મૂરીંગ બોયાઝ
- બોયાન્ટ એપાર્ટસ વિગેરે.

શીપ બીલ્ડર્સ
અને
એન્જીનીઅર્સ

મેન્યુફેક્ચરર્સ ઓફ

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રૂફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોસ
- રીફયુસ હેન્ડ કાર્ટર્સ
- પેલ ફેન્સીંગ
- લેડ-સુલાઈટ
- મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે.

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

પ્રાઈવેટ લીમીટેડ

હેડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી
મુંબઈ-૧૫
ફોન નં. ૬૦૦૭૧/૨

બ્રાન્ચ અને એન્જીનીઅરીંગ વર્કર્સ
પરેલ રોડ ક્રોસ લેન
મુંબઈ-૧૨
ફોન નં. ૪૦૪૦૮

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પૃષ્ઠ
૧	નિર્ગ્રંથ ગતો	'વિજય પ્રયાત'	૧૨૩
૨	અધ્યાત્મનું સ્વરૂપ	દાદા ધર્માધિકારી	૧૨૪
૩	દીર્ઘજીવન માટે મનોનિગ્રહ	કલાવતી મોદી	૧૨૭
૪	શ્રી કાંતા દૃષ્ટિની સજ્ઝાય	ડા. પ્રભુદાસ નેણસીભાઈ	૧૩૧
૫	સાચો શ્રાવક સાચો	.. . .	૧૩૪
૬	ક્ષયરોગ પ્રકાશ	(હિન્દીમાં) માસ્ટર મેઘરાજ જૈન	૧૩૬

જૈનસમાજ આજે વીશ લાખની વિપુલ સંખ્યામાં દેશ-પરદેશમાં વસે છે અને આત્માનંદ પ્રકાશ' સર્વત્ર સારો પ્રચાર પામેલ છે. એટલે આપના ધંધાની જાહેરાત 'આત્માનંદપ્રકાશ'માં આપવાથી એનો અવાજ વીશ લાખ જનતાને કાને આપ પહોંચાડી શકશો.

વળી જૈનસમાજ વ્યાપાર અને ઉદ્યોગમાં પણ ખુબ આગળ વધેલ છે એટલે આપની જાહેરાતના ખરચના બદલામાં તેનું યોગ્ય વળતર પણ આપને મળી રહેશે. જાહેરાતના ભાવો નીચે મુજબ રાખવામાં આવેલ છે

જાહેરાતના ભાવ

	૧ વખત	૫ વખત	૧૦ વખત
અંદરનું આખું પેજ	રૂા. ૩૦	રૂા. ૧૫૦	રૂા. ૨૫૦
,, અડધું પેજ	રૂા. ૨૦	રૂા. ૧૦૦	રૂા. ૧૭૫
ટાઈટલ પેજ બીજું-ત્રીજું આખું	રૂા. ૪૦	રૂા. ૨૦૦	રૂા. ૩૫૦
,, અડધું પેજ	રૂા. ૨૫	રૂા. ૧૨૫	રૂા. ૨૦૦
ટાઈટલ પેજ ચોથું આખું	રૂા. ૫૦	રૂા. ૨૫૦	રૂા. ૪૦૦
,, અર્ધું પેજ	રૂા. ૩૦	રૂા. ૧૫૦	રૂા. ૨૫૦

આશા છે કે આપ આપના ધંધાની જાહેરાતનો ઓર્ડર મોકલી અમોને આભારી કરશો.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

ભવિષ્ય ધૂંધળું અને અનિશ્ચિત છે. પરંતુ તે તરફ દોરી જતા રસ્તાનો એક ભાગ તો આપણે જોઇ શકીએ છીએ, અને તે પર દૃઢ પગલે ચાલી પણ શકીએ છીએ. સાથે સાથે એટલું પણ યાદ રહે કે આટઆટલી મુસીબતો માંથી પણ બચી ગયેલ માનવ જુસ્સાને સંભવિત કોઈ પણ ઘટના પરાસ્ત કરી શકતી નથી.

શ્રી જવાહરલાલ નેહરૂ.

આમ : " Jahangir "

ફોન નં. મીલ : ૨૮૦
બંગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોક્સ નં. ૨
ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૬૧] ૧૦મી જુન ૧૯૬૪ [અંક ૮

ભગવાન મહાવીરનાં ઉપદેશ વચનો

અન્યની હિંસા કરવી એ હિંસા તો છે જ પણ સાથે હિંસા-અસત્યાદિના સેવનના બૂરા વિચારો મન અને હૃદયને મલિન બનાવતા હોઈ પ્રથમ તો પોતાના આત્માની જ હિંસા થાય છે. માટે

જીવનસ્ય ભવેત્શુદ્ધિ, શુદ્ધિ વાકર્મ ચેતસામ્
સા ચા હિંસા પરોત્કર્મા, સર્વ કલ્યાણ મન્દિરમ્ (જૈ. સુ. વાણી)

પ્રથમ વિચાર-વાની અને કર્મની વિશુદ્ધિરૂપ જીવનની શુદ્ધિ કરી લેવી એમાં જ સાચી અહિંસા રહેલી છે.

અને એવી અહિંસા પ્રાપ્ત કરવી એમાં જ સાચી વિરતા છે કારણ કે વીરા સમત્ત દસિણો एस मेहंतरे मुणी मुत्ते विरह वियाहिते-त्तिरेमि (૩) (આચા. શ્રુ.-૧, અ. ૫. ઉ.-૩) વીર્યવાન આત્મા જ આ સંસાર તરી જવા સમર્થ બને છે.

માટે તારા આત્મા પુરૂષાર્થને જ પ્રગટ કર. नो खलु सक्का एव भूयंवारू ज ण अरिहंता देविंदाण वा असुरिंदाण वा नीसाए केवलनाणं उप्पाडेंति (આવ. ચૂર્ણિ) કારણ કે મોક્ષમાર્ગના સાધકને કોઈ પણ દેવ, દેવી, ભૂત, યક્ષ, રાક્ષસ કે કોઈ પણ અન્ય શક્તિની ખુશામત, યાચના કે પ્રાર્થના સહાયભૂત થઈ શકતી નથી. માટે એ તું છોડી દે. કારણ કે નવસર્જન કરવાની એક માત્ર તારી જ શક્તિ છે. તું પોતેજ શકિતનું કેન્દ્રસ્થાન છે. અનંતશક્તિનો ભંડાર છે. માનવશક્તિથી અન્ય કોઈ પણ શક્તિ બળવત્તર નથી.

जनं प्रावोंधयत् सैव सिद्धिस्ते हस्त एव भो ।
अनन्त शक्ति स्त्वमसि स्कांरय स्कार पौरूपम् ॥

માટે કોઈ પણ વસ્તુની સિદ્ધિ પ્રાપ્ત કરવી એ તારા જ હાથની વાત છે. આથી તું પોતે જ તારી શક્તિને ઓળખ.

આ કારણે તારો અભ્યુદય કોઈની પણ કૃપા પર અવલંબતો નથી. વર્તમાન અને ભાવિ ઘડવું એ તારા જ હાથની વાત છે. તું જ તારો કર્તાહર્તા છે. કારણ કે "पुरिसा तुममेव तुमं मित्तं कि पहिया मित मिच्छासि ?" (આચા. શ્રુ-૧. અ. ૩. ઉ. ૩) તું જ એક માત્ર તારો મિત્ર છે. તો પછી શા માટે બહાર ભીખ માંગતો ફરે છે ? આ કારણે જે વિવેકપૂર્વક સ્વાશ્રયી-સ્વાવલંબી બની રહે છે એને જ હું સમ્યગ્દૃષ્ટિ પુરૂષ કહું છું માટે હે માનવ ! તું તારા પંગ પર જ ઊભો રહેતાં શીખ, તું ધારે તો વિશ્વના વહેણને પણ બદલી શકે છે.

—રતિલાલ મફાભાઈ શાહ.

યોગની પ્રાથમિક ભૂમિકા

લેખક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

મહર્ષિ-પતંજલિએ યોગ સૂત્રમાં **योगश्चित्तवृत्ति-निरोधः** એટલે કે ચિત્તવૃત્તિનિરોધને યોગ કહેલ છે, જ્યારે શ્રીમદ્ હરિભદ્રસૂરિએ યોગને લગતા પોતાના જુદા જુદા ગ્રંથોમાં મોક્ષ પ્રાપ્તિ કરાવનાર ધર્મ વ્યાપારને જ યોગ કહેલ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે યોગ એટલે સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રય એમ કહ્યું છે. ગીતાજીમાં યોગનો અર્થ સમજાવતાં કહ્યું છે કે ચિત્તની સમતા એ જ યોગ છે, અને ચિત્તની સમતા મન (ક્રિયા) અને બુદ્ધિ (જ્ઞાન)નું એકમેક થાય ત્યારે જ શક્ય બને છે. આ બધી વ્યાખ્યાઓમાં ઉપલક દૃષ્ટિએ જોતાં ભિન્નતા જણાય છે, પણ તત્ત્વ દૃષ્ટિએ વિચારતાં આપણને ખાતરી થશે કે ભિન્નતા માત્ર શબ્દોમાં જ છે, અર્થમાં નથી.

'ચિત્તવૃત્તિ નિરોધ' એ શબ્દથી તે ક્રિયા અગર વ્યાપાર વિવક્ષિત છે કે જે મોક્ષમાર્ગ માટે અનુકૂલ હોય. મોક્ષ પ્રાપ્તિ કરાવનાર ધર્મ વ્યાપાર, એનો પણ એ જ અર્થ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે તો ચોકખું જણાવ્યું છે કે ચાર પુરુષાર્થમાં મોક્ષ ઉત્તમ છે, અને યોગ તેની પ્રાપ્તિમાં કારણ છે, એટલે કે સમ્યગ જ્ઞાન, સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ ચારિત્ર એ રત્નત્રય એટલે જ મુક્તિ. ગીતાજીનો પણ એજ ધ્વનિ છે. ચિત્તની સમતા થાય છે ત્યાં જ યોગ છે, અને ચિત્તની સમતા એ જ મોક્ષમાર્ગનું દ્વાર છે.

યોગના અધિકારી કોણ? એ પ્રશ્નની ચર્ચા કરતાં શ્રીમદ્ હરિભદ્રસૂરિએ યોગ બિન્દુમાં કહ્યું છે કે; 'જ્યારે આત્માની ઉપર મોહનો પ્રભાવ ઘટવાનો આરંભ થાય છે ત્યારથી જ આધ્યાત્મિક વિકાસનો સૂત્ર પાત થઇ જાય છે.' અપુનર્બંધક (જે આત્માનો સંસાર પ્રવાસ ચરમ પુદ્ગલ પરાવર્ત્ત જેટલો બાકી રહે છે, તે આત્માને જૈન પરિભાષામાં અપુનર્બંધક કહેવામાં આવે છે.) આત્માનો આંતરિક પરિચય એટલો જ કે તેવા આત્માની ઉપર મોહનું દબાણ ઓછું થઇ ઊલટું મોહની ઉપર તેવા આત્માનું દબાણ શરૂ થાય છે. એ જ આધ્યાત્મિક વિકાસનું બીજા રોપણ છે. અહીંથી જ યોગ માર્ગનો આરંભ થઈ જવાને લીધે તેના વિકાસગામી આત્માની પ્રત્યેક પ્રવૃત્તિમાં સરલતા, ઉદારતા, નમ્રતા, પરોપકાર પરાયણતા આદિ સદાચાર નજરે પડે છે, જે તેના વિકાસગામી આત્માનો બાહ્ય પરિચય લેખાય.

યોગના સાચા અધિકારી થવા માટે સંસારનો બાહ્ય ત્યાગ એ કોઇ અનિવાર્યપણે આવશ્યક વસ્તુ નથી, પણ સાચું મુમુક્ષુ પણું એ આવશ્યક વસ્તુ છે. ગૃહસ્થાવાસમાં રહીને પણ સાચો મુમુક્ષુ યથા યોગ્ય પણે યોગ સાધી શકે છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્ર પોતાના પરમ ભક્ત રાજર્ષિ 'કુમારપાળ'ના માટે જ તૈયાર કર્યું હતું, અને એક રાજવીના જીવનમાં જો યોગનું સ્થાન હોઇ શકે, તો દરેક દરેક માનવના જીવનમાં પણ યોગનું સ્થાન હોઈ શકે છે. સમર્થ તત્ત્વજ્ઞાની અને મહાનયોગી શ્રી અરવિંદ આ બાબત પર લખતાં કહે છે કે: 'માણસને પોતાનો આવિર્ભાવ કરવાં માટે જે જીવન આપવામાં આવ્યું છે તેનો ત્યાગ કરવો એ માણસની પૂર્ણતા માટે અનિવાર્ય જણાય જ નહિં, અને યોગનો તે હેતુ પણ હોઈ શકે નહિં. કેટલાક ખાસ સંજોગોમાં એનો જીવનનો ત્યાગ ઇષ્ટ ગણાય, અથવા તો આખી માણસ જાતિની પ્રગતિ કરવા માટે વ્યક્તિને એ પ્રમાણે પ્રેરણા થાય તે બનવા જોગ છે. યોગનો ખરો હેતુ—પૂર્ણ હેતુ—તો જ્યારે માણસનો યોગ, જીવન સાથે એક થાય અને કુદરતના સ્વાભાવિક યોગની પેઠે માણસ પોતાના અંતર જીવન પ્રત્યે દૃષ્ટિ કરી જ્ઞાનપૂર્વક' એમ કહી

શકે કે 'આખું જીવન યોગ જ છે ત્યારે જ સિદ્ધ થયો ગણાય.'

સદાચાર એ યોગની પ્રાથમિક ભૂમિકા છે વિચાર, વાણી અને આચારની સંપૂર્ણ શુદ્ધિ એનું જ નામ સદાચાર, વિવેક એ સદાચારનો મુખ્ય પાયો છે. સત્ અને અસત્ અથવા નિત્ય અને અનિત્યને જૂદું પાડવાની શક્તિ તેનું જ નામ વિવેક સાધકના વર્તમાન વિકાસની ભૂમિકાએ જે પદાર્થો તેને માટે બિનજરૂરી છે, અંગર જે પદાર્થોના ભોગથી તેને શરમ ઉપજે છે, તેવા પદાર્થોથી મુક્ત બનવા પ્રયત્ન કરવા એ વૈરાગ્યની પ્રથમ ભૂમિકા છે માનવીનો મોટો ભાગ આજે પદાર્થોના ભોગની આટીઘૂટીમાં ગૂંચવાઈ ગયો છે. જે પદાર્થો સાધનરૂપ છે તેને સાધ્યરૂપ માની, તેની પકડ પાછળ દોડાદોડી કરી માનવી એ પદાર્થોને પકડવાને બદલે એ પદાર્થોથી જ પકડાઈ ગયો છે. સાધક આ વસ્તુ સમજે થકે છે અને વિવેકના શસ્ત્રથી પદાર્થોને ભોગવતો છતા તેમા રાગથી બંધાતો નથી. જ્ઞાનીની અવિદ્યા નષ્ટ થયેલી હોવાથી તે તો આસક્તિ વગર જ વિષયોને ભોગવે છે, અને તેથી જ જ્ઞાનીના ભોગોને ભોગાભાસ કહે છે. જનકરાજા બાહ્યદૃષ્ટિએ બીજા રાજાઓની માફક રાજકાર્ય કરતા, લોકોનું રક્ષણ કરતાં, ન્યાય આપતા, રત્નજડિત સિંહાસને બિરાજતા, હીરા માણેકના મુગટ ધારણ કરતાં, અને આમ છતાં એ જનકવિદેહી તરીકે ઓળખાતા; કારણ કે એમની બધી ક્રિયાઓ ભોગ અર્થે નહીં પણ કર્તવ્યરૂપે થતી.

વૈરાગ્ય એ વિવેકનો સહચર છે. અણસમજુ બાળક સળગતા કોયલાના ટુકડાને હાથમા લે અને દાઝે, પછી ફરી વખત તે કોયલાના ટુકડાને હાથમાં લેવા પ્રયત્ન નહીં કરે. અનુભવથી એને સમજાયું હોય છે કે એ ક્રિયાના પરિણામે દઝાય છે. અનુભવથી આવું મળેલું જ્ઞાન એ વિવેક. વિવેક પાછળ વૈરાગ્ય આવે છે, પરન્તુ વૈરાગ્ય શબ્દનો અર્થ ઘણા લોકો મોટા ભાગે બહુ ખોટી રીતે કરે છે. વૈરાગ્ય એટલે સંસાર અને જગતના પદાર્થો પ્રત્યે તિરસ્કાર કે ઘૃણા નહિં, પરન્તુ તેના સાચા સ્વરૂપના જ્ઞાનથી જે વિકસિત ઉપજે એજ વૈરાગ્ય. મહર્ષિ પતંજલી એ યોગ શાસ્ત્રમા વૈરાગ્યનો અર્થ સમજાવતાં કહ્યું છે કેઃ દૃષ્ટાનુ શ્રવિક વિષયવિતૃષ્ણસ્ય વશીકારસંજ્ઞા વૈરાગ્યમ્ । (સમાધિપાદ ૧-૧૫) અર્થાત્ જોયેલા અથવા સાભળેલાં સર્વ પ્રકારના વિષયોમા ચિત્તની તૃષ્ણા રહિત ઉપેક્ષાવૃત્તિ, તેને વશીકાર નામનો વૈરાગ્ય કહે છે. આપણા તમામ કાર્યોની પાછળ રહેલી મૂળ પ્રેરણા મુખ્યત્વે બે બાબતોને આધીન હોય છે. (૧) આપણે જે કાંઈ જોયું હોય અથવા ભોગવ્યું હોય તે, અને (૨) બીજાઓ પાસેથી સાંભળ્યું હોય તે આ બે કારણો આપણા ચિત્તરૂપી સરોવરમા અનેક પ્રકારના તરંગો ઉત્પન્ન કરે છે. આ બંને કારણોની સામે સુદ્ધ કરવાનું અને મનને વશ કરવાનું સાધન વૈરાગ્ય છે આ લોક તથા પરલોકમાં મળતા બધા વિષયો કે પદાર્થો પ્રત્યેની તૃષ્ણા બુદ્ધિનો નાશ થયાથી ચિત્તમાં જે વશીકાર ભાવ અર્થાત્ કાબુ આવે છે તેનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય એક પ્રકારના ચોક્કસ જ્ઞાનનુ કે તજજન્ય બળનું વાચક છે. તેને આત્મબળની જરૂર પડે છે, તેમજ પદાર્થોના ખરાં સ્વરૂપ વિષેનું સાચું જ્ઞાન પણ હોવું જરૂરી છે. આવા વૈરાગ્યની પ્રાપ્તિ માટે મનને નિર્મળ, શુભ અને વિચારપૂર્ણ બનાવવાની જરૂર છે. આપણા પ્રત્યેક કાર્યો આપણા ચિત્તરૂપી સરોવરની સપાટી ઉપર કંપનયુક્ત પ્રવાહ તુલ્ય છે. અમુક સમય પછી કંપન તો શમી જાય છે, પણ તેના સંસ્કાર રહી જાય છે, અને આવા એકત્રિત થયેલા સંસ્કારો આપણા ચારિત્રને ઘડે છે. તેથી કહેવામ છે કે Habit is the second nature અર્થાત્ ટેવ એ સ્વભાવનું બીજું સ્વરૂપ છે. વર્તમાન કાળની આપણી પ્રકૃતિ આપણી ભૂતકાળની પ્રકૃતિ-ટેવોનું પરિણામ છે પ્રકૃતિ બહારથી નથી આવી પડી, આપણે જ તેના રચનાર છીએ અને જે રીતે આપણે તેને ઘડી છે તેજ રીતે તેનો નાશ કરવાની પણ

આપણામાં ઝકિત રહેલી છે.

સત્યાસત્યની પારખ બુદ્ધિ પછી સહજ ભાવે જે વૈરાગ્ય જન્મે, તેજ સાચો યોગ સાધક છે, એમ કહી શકાય. આવેશ અગર પદાર્થોના ત્યાગના કારણે જે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તે પાણીના પૂરની માફક ઓસરી જાય છે કારણ કે તેમાં વૃત્તિનો પલટો નથી. જૈન દર્શન ચોકખુ કહે છે કે પાપ અને પુણ્યનો મૂળ સંબંધ મુખ્યત્વે ક્રિયા સાથે નથી, પણ કરવામાં આવતી ક્રિયા પાછળ જે વૃત્તિ રહેલી હોય છે તેનો સંબંધ પાપ અને પુણ્ય સાથે હોય છે.

પદાર્થો પ્રત્યે આસકિત થવી એના મૂળમા મોહ રહેલો છે, અને પદાર્થોની પર માલિકી પણ જમાવવાની ઇચ્છામાં પરિગ્રહની ભાવના રહેલી હોય છે. મોહ અને પરિગ્રહ એ કાંઇ બહારની વસ્તુ નથી, પણ એતો વૃત્તિ સાથે જોડાયેલી વસ્તુ છે. વિષય વાસનામાંથી મુકત થવા માટે ભકત સુરદાસજી પોતાની જાતે અંધ બન્યાં, પણ આ માર્ગ સાચો નથી જ્ઞાની મહાત્માઓએ સાધકોને રૂપને નજરે પડતું અટકાવવા અર્થે અંધ બનવાનો માર્ગ ન બતાવતા વૃત્તિઓને એવી રીતે કેળવવા ભલામણ કરી છે કે જેથી મનોહર રૂપ દેખી અગર ન ગમતા રૂપો દેખી તેમાં આસકિત કે દ્વેષ ન થતા સમભાવ પૂર્વક રહી શકાય. મોહ અને વાસનાનો સંબંધ વૃત્તિ સાથે જોડાયેલો છે, માત્ર અક્ષુ કે ઇન્દ્રિયો સાથે નહિ. મારા એક પરમ મિત્ર અને નિકટના સંબંધી બાલ્યાવસ્થામાંજ અંધ બન્યાં. પ્રૌઢ અવસ્થામા તેણે એક અંધ બહેન સાથે લગ્ન કર્યાં. પતિ-પત્ની બંને એક બીજાને દેખી શકતાં નથી, પણ તેમ છતાં અરસ પરસની આસકિત ના કારણે તેઓએ સંસાર માંડયો પડયો. આ ઉપરથી સમજી શકાશે કે ઇન્દ્રિયો કરતાં પણ મનની વૃત્તિઓનું દમન કરવાને બદલે સંયમના માર્ગે જઇ આપણે તેની પર આધિપત્ય જમાવવું જોઇએ. યોગ આપણને આજ વસ્તુ શીખવે છે.

કેવળ દમન કરવાથી વૃત્તિઓ શાંત નથી થતી કે તેનો નાશ પણ નથી થતો. અલબત, અનુકુળ અને યોગ્ય સંયોગો જ્યાં સુધી નમળે ત્યાં સુધી આ બધી વૃત્તિઓ દબાઇને મનમાં સુપ્ત અવસ્થામા પડી રહે છે. વૃત્તિઓ અને વાસનાઓનું મારણ દમન નહિં પણ સંયમ છે. સંયમનો સાચો અર્થ અમંગલ પ્રવૃત્તિમાં અશકિત, જાણો કે એને એ સ્વેજ નહિ, એમા એને રસ જ ન આવે. મહાત્મા-ગાંધીજી યૌવન અવસ્થામાં આફ્રિકા જતા હતા, ત્યારે વચમાં એક શહેરમાં મિત્રો સાથે એક હલકા પ્રકારની સ્ત્રીને ત્યાં જઇ પહોચ્યાં. પણ ગાંધીજીની શરમાળ અને અનાકમણ વૃત્તિના કારણે તેઓ પાપમાંથી બચી ગયાં આમાં ગાંધીજીની ચતુરાઇ કે ચાલાકી કારગત થવાને બદલે આતા તરફથી સંયમનો વારસો તેમને મળ્યો હતો તેથી જ તેઓ બચી ગયાં.

સંસાર તો અંતરમાં છે, બહાર તો માત્ર પ્રતિબિંબ છે, અને જેવી આપણી વૃત્તિઓ હોય તેવું જ પ્રતિબિંબ બાહ્ય વસ્તુમાં દેખાય છે. પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેક વિચાર એ આપણી માનસીક પ્રતિક્રિયાનું જ પરિણામ છે. આ સમસ્ત બ્રહ્માંડ પણ આપણે પોતે આસપાસ પાથરેલી આપણી જ વૃત્તિઓની સમષ્ટિ છે. આપણી પોતાની જ કૃતિ છે. શિવાજી મહારાજની પાસે તેના એક અધિકારીએ એક સુંદર સ્ત્રીને રજુ કરી, ત્યારે તેમની વૃત્તિ અનુસાર એ સ્ત્રીમાં એમને માતાના દર્શન થયાં. એક વિદ્વાન પુરુષે સાચુ કહ્યું છે કે; Beauty is party in him who sees it. સૌન્દર્યને જોવા માટે સુંદર અને નિર્મળ હૃદય હોવું જોઇએ. ઇન્દ્રિયોને અશકત બનાવી તેના પર જીત નથી મેળવી શકાતી, તેઓને જીતવા માટે તો મનરૂપી પતિએ તેમને પ્રેમ પૂર્વક તાબે કરવી રહી. વગર કહ્યુ પતિની ઇચ્છા કે જરૂરીયાતને પત્ની જેમ સમજી જઇ તાબે થાય છે. એમ મન અને ઇન્દ્રિયો વચ્ચે આવી એકતા સધાયા પછી મનની ઇચ્છા પ્રમાણે ઇન્દ્રિયો આપો આપ પ્રસન્તા પૂર્વકની એકતા સાધકને મુકિતના માર્ગે લઇ

જાય છે. ઇન્દ્રિયોના વશીકરણનો એક માત્ર ઉપાય આત્મજ્ઞાન છે. અને આત્મજ્ઞાનથી જ્યા સુધી વિષયોમાંની નીરસતાનો નિશ્ચય થાય ત્યાં સુધી ઇન્દ્રિયોનુ પ્રાબલ્ય મનને ઉત્માર્ગે લઇ ગયા સિવાય રહેતું નથી. મન ઇન્દ્રિયોના પતિ બનવાને બદલે ગુલામ બની જાય છે. અને પરિણામે ભવભ્રમણ વધવાને બદલે વધે છે.

યોગ માર્ગે જવાને માટે પ્રથમ પગથીયુ વિવેક છે જ્ઞાની મહાત્મા પુરૂષોએ પણ વિવેકની મહત્તા બતાવતા કહ્યુ છે. કે :-

વિણયા નાણં નાણાવો,
દંસણં દંસણાઓ ચરણંચ ।
ચરણાહિંતો મોક્ખો,
મોક્ખો સુક્ખં નિરાબાહં ॥

અર્થાત વિવેકથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી દર્શન પ્રાપ્ત થાય છે. દર્શનથી ચારિત્ર પ્રાપ્ત થાય છે. અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. અને મોક્ષમાં નિરાબાધ સુખ રહેલું છે.

ધાર્મિક ક્રિયાના ભેદોમાં મુંઝાવું નહીં

સર્વજ્ઞ પરમાત્માની એવી આજ્ઞા છે કે ધર્મક્રિયાના ભેદોમાં મુંઝાવું નહીં અને જે જે ક્રિયાથી અહિંસાદિ ગુણોની ઉન્નતિ થાય તથા અન્તરાત્મદશાપૂર્વક પરમાત્મપદ પ્રગટે એવી સર્વ ધર્મક્રિયાના ભેદોમાં સત્યતા છે અને તે અધિકારી ભેદે કરવી જોઈએ. મહાવીર પ્રભુના શાસનમાં ક્રિયાભેદે કલહતા ટળે અને પરસ્પર ગચ્છધરોમા ક્રિયાભેદે કલેશ ઈર્ષ્યા ટળે તો તેઓની સમષ્ટિની ઉન્નતિ વિ તવેગે થયા કરે-એમાં કશું આશ્ચર્ય નથી. આત્મજ્ઞાનિયો વિશેષ પ્રમાણમાં પ્રગટે અને તેઓ ક્રિયાભેદોમાં રાગદ્વેષના કાંટાઓ પ્રગટે છે તેઓને દૂર કરે તો કરોડો મનુષ્યો પરસ્પરના શ્રેયઃમાં આત્મભોગ આપી મુક્તિ પ્રાપ્ત કરી શકે. આત્મજ્ઞાની સર્વ ધર્મક્રિયાઓમાં અને પરસ્પર ક્રિયા કરનાઓ તરફ સમાનભાવ ધારણ કરીને ગમે તે ગચ્છ-મતપંથ સંપ્રદાયમાં રહ્યો છતો અન્તરથી નિર્લેપ અને બાહ્યથી સ્વોચિતકર્મ કરતો છતો મુક્તિને જરૂર પામે છે-એમા અંશ માત્ર શંકા નથી. જ્યારે આવી દશા છે ત્યારે સર્વ મનુષ્યોએ પરસ્પરમાં આત્મતા દેખીને શા માટે ધર્મોન્નતિ ન કરવી જોઈએ? અલબત્ત ધર્મોન્નતિ કરવી જોઈએ. વિવિધ ભેદવાળી ક્રિયાઓથી, વિવિધ ધર્મ-પ્રવૃત્તિઓથી અનેકતા દેખાતી હોય અને તેથી ભિન્ન ભિન્ન ક્રિયાકારકોની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ દેખાતી હોય તો તેનો ઉચ્છેદ કરવાની કંઈ પણ જરૂર નથી.

આત્મદર્શન વિચાર (૪) રૂપાતીત ધ્યાન

(દિલ્હીમાં) લેખક : માસ્ટર મેવારામ જૈન

(ગતાંક પૃષ્ઠ ૧૩૭ થી ચાલુ)

આ પ્રકારનાં ધ્યાનમાં સિદ્ધોનાં ગુણોનો વિચાર કરતાં કરતાં પોતાની જાતને જ સિદ્ધ માનવી. પહેલાં સિદ્ધનાં સ્વરૂપનો વિચાર કરવો કે સિદ્ધ ભગવંત અમૂર્તિક, ચૈતન્ય, પુરુષાકાર, પરમ કૃતકૃત્ય, પરમ શાંત, નિષ્કલ, પરમ શુદ્ધ, આઠ કર્મરહિત, પરમ વીતરાગ, ચિદાનન્દરૂપ, સમ્યક્ત વિ. આઠ ગુણોવાળાં, પરમ નિર્લેપ, પરમ સંતોષી, સ્વરૂપ મગ્ન, સ્ફટિક-મણીની જેમ નિર્મળ, નિરંજન, નિર્વિકાર અને લોકાગ્ર વિરાજમાન છે. પછી વિચારતાં વિચારતાં પોતાના આત્માને જ સિદ્ધ સ્વરૂપ માનીને ધ્યાન કરવું કે હું પોતે જ પરમાત્મા છું, સર્વજ્ઞ છું, સિદ્ધ છું, કૃતકૃત્ય છું, વિશ્વરોષી છું, નિરંજન છું, સ્વભાવસ્થિર છું, પરમાનન્દભોગી છું, કર્મરહિત છું, પરમવીતરાગ છું, પરમચિત્ર છું તથા પરમશુદ્ધ છું —આવી રીતે પોતાના સ્વરૂપમાં ધ્યાનમગ્ન થઇ જવું.

સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં જ્યારે અદ્વૈતભાવમાં પહોંચાય, ત્યારે પોતાને જ સિદ્ધની જેમ સમ માનીને તેમાં જ એકદમ તન્મય થઇ જવું— રૂપાતીત ધ્યાન કહેવાય છે.

આ પ્રકારે જે ધ્યાનનો અભ્યાસ કરવાની ઇચ્છા હોય, તેને ચોક્કસ આસનમાં બેસીને પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત—આમાંથી જે ધ્યાન કરવું હોય તો બરાબર અભ્યાસ કરવો. પરંતુ, એક પ્રકારનાં ધ્યાનનો અભ્યાસ જ્યારે બરાબર પુરો થઇ જાય, ત્યારે જ બીજા પ્રકારના ધ્યાનનો અભ્યાસ કરવો. 'ધ્યાન'નો હેતુ આત્મસ્થ થવાનો જ છે. જે રીતે આ હેતુ સિદ્ધ થઇ શકે, તે રીતથી ધ્યાન કરનારે તેનો અભ્યાસ અને અમલ કરવો જોઇએ. 'ધ્યાન' વડે જ પરમાનન્દનો લાભ મળે છે અને કર્મોની નિર્જરા થાય છે.

—: પ્રાણાયામની વિધિ :—

પ્રાણાયામ શરીરની શુદ્ધિ માટે અને મનને એકધ્યાન કરવા માટે સહાયભૂત થાય છે. પરંતુ, તે એટલું બધું જરૂરી નથી કે જેના વિના આત્મધ્યાન થઇ જ ન શકે—તેટલા માટે, જેઓ કોઇ પ્રાણાયામનાં જાણકાર વિદ્વાનો પાસેથી પ્રાણાયામ શીખ્યા ન હોય, તેઓ પણ જ્ઞાન અને આત્મબળથી આત્મધ્યાન જરૂર કરી શકે છે. તેમનું મન પોતાની રીતે જ કોઇ અન્ય પ્રયત્નો વગર જ રોકાઇ જાય છે.

પ્રાણાયામનાં ત્રણ પ્રકાર છે:— (૧) પૂરક (૨) કુંભક અને (૩) રેચક.

(૧) તાળવાનાં છેદ પાસેથી અને બાર આંગળી સુધીનો પવન ખેંચી લઇને પોતાનાં શરીરમાં ભરવો—તે પૂરક કહેવાય છે.

(૨) તે ખેંચેલા પવનને નાભિ આગળ રોકવો, નાભિ આગળથી બીજે ક્યાંય જવા ન દેવો. જેમ ઘડો ભરીએ તેવી રીતે ત્યાં પવન ભરવો-તે કુંભક કહેવાય છે.

(૩) તે જ પવનને ધીમે ધીમે બહાર નીકળવા દેવો—તે રેચક કહેવાય છે.

શીખવા માંગનારે પવનને અંદર લઇને રોકવાનો અને પછી ધીમે ધીમે તાળવા દ્વારા જ બહાર કાઢવાની ટેવ પાડવી જોઇએ, જેમ જેમ વાર પવનને રોકી શકશે, તેમ તે મનને પણ વધુ સમય રોકી શકશે. નાકથી પવન લેવા-કાઢવાને બદલે તાળવાથી જ પવન ખેંચવો અને તાળવાથી જ બહાર કાઢવો જોઇએ. તેવી પ્રક્રીયા ખુબી સ્વચ્છ કરવામાં કરવી જ જો

લાભ થાય છે. જેવી રીતે નાભિકમળમાં પવનને રોક્યા, તેવી જ રીતે હૃદયકમળમાં પણ રોકી શકાય.

પ્રાણાયામમાં ચાર મંડલને જાણી લેવા જોઈએ (૧) પૃથ્વી મંડલ (૨) જળમંડલ (૩) પવન મંડલ (૪) અગ્નિ મંડલ.

પીળા રંગનો ચોરસ પૃથ્વી મંડલ છે. જ્યારે નાકના ભાગને પવનથી ભરીને આઠ આંગળ બહાર પવન ધીમે ધીમે નીકળતો રહે, ત્યારે પૃથ્વી મંડલને જાણવું, જોઈએ આ પવન સહેજ ગરમ હોય છે.

(૨) અર્ધચંદ્રમાની જેમ સફેદ રંગવાળું જળ-મંડલ છે. આમાં પવન ડાબીની નીચેની બાજુ ઠંડકને લઈને જ બાર આંગળ બહાર નીકળે છે.

(૩) લીલા રંગનું ગોળ પવન મંડલ છે. તેમાં પવન દરેક દિશામાં વહેતો વહેતો છ આંગળ સુધી બહાર આવે. આ પવન ગરમ અને ઠંડા બન્ને પ્રકારનો હોય છે.

(૪) અગ્નિની જ્વાળાના રંગ જેવો ત્રિકોણ આકારનો અગ્નિ મંડળ છે. તેમાં પવન ઉપર જતો જતો ચાર આંગળ સુધી બહાર આવે. તે ગરમ હોય છે.

નાકને બે સ્વરો (વિભાગ) છે. જમણી બાજુના શ્વાસને ચન્દ્ર અને ડાબી બાજુના શ્વાસને સુર્ય કહે છે. કોઈ પણ મહિનાની શુક્લ પક્ષની (અજવાળીયું) એકમ બીજ અને ત્રીજના દિવસે પ્રાત:કાલે જમણી બાજુનો એટલે કે ચંદ્રસ્વર ચાલે તે શુભ ગણાય છે. પછીના ત્રણ દિવસોએ પ્રાતઃકાલ સમયે ડાબી બાજુનો એટલે કે સુર્ય સ્વર ચાલે તે શુભ ગણાય છે. પછીના ત્રણ દિવસ જમણી બાજુનો — એવી રીતે પંદર દિવસ સુધી બદલાતું રહે છે.

કૃષ્ણપક્ષ (અંધારીયું)ની એકમ, બીજ અને ત્રીજ એ ત્રણે દિવસોએ પ્રાતઃકાલ વખતે ડાબો એટલે કે સુર્ય સ્વર ચાલે તે શુભ ગણાય. પછી દર ત્રણ ત્રણ દિવસે સ્વર બદલતાં રહેવું. જો તેનાથી વિરોધ સ્વરે ચાલે. તો તેને અશુભ તરીકે જાણવાં. નાકની જમણી તરફનો કે ડાબી તરફનો એક સ્વર બારબાર રહે ઘડી એટલે કે એક કલાક સુધી ચાલે છે. પછી તે સ્વર બીજા કલાકમા ડાબી કે જમણી બાજુનો થઈ જાય છે. કેટલાક આચાર્યોએ ૨૪ કલાકમા ૧૬ વાર પવન બદલાય છે. તેમ લખ્યું છે.

ઉપર જણાવેલા પૃથ્વીને ચાર મંડલોનાં પ્રમાણને જાણવાની બીજી રીત એ છે કે પોતાના બન્ને કાનોને બન્ને હાથોના અંગૂઠાથી બંધ કરી દેવાં, તે જ વખતે આંખોને બન્ને હાથોનાં અંગૂઠાની પાસેથી આંગળીઓથી બંધ કરવી અને નાકને હાથોની વચલી આંગળીઓથી તથા મોંને બાકીની આંગળીઓથી બંધ કરી દેવું; અને મન વડે જોવું તો બિંદુ જોવાં મળશે. જો તે બિંદુઓ પીળા દેખાય, તો પૃથ્વીમંડલ માનવું, જો સફેદ દેખાય તો જલમંડલ સમજવું, જો લાલ દેખાય તો અગ્નિમંડલ અને જો કાળા દેખાય તો પવન-મંડલ સમજવું. આ ચાર મંડલોમાંથી જો પૃથ્વીમંડલ અથવા જલમંડલ દેખાતાં હોય, તો તે સમય શુભ કાર્યો માટે એટલે કે સ્વાધ્યાય વિ માટે એક સમય ગણવો. પૃથ્વી અને જલ તત્વનો પવન જમણી બાજુના સ્વરમાંથી નીકળતો હોય, તો તે કાર્યની સિદ્ધિ બતાવે છે. અગ્નિ અને પવનમંડલો જો ડાબી બાજુથી વહેતા હોય, તો અશુભસૂચક છે. અગ્નિ અને વાયુમંડલો જો જમણી તરફથી વહે અથવા પૃથ્વી અને જલમંડલો જો જમણી તરફથી વહે, તો તે મધ્યમ પ્રકારના ફળને આપનાર થાય છે.

જમણા સ્વરને શુભ અને ડાબાને અશુભ ગણવામાં આવે છે.

સ્વરોની મદદથી હું મંત્રના ધ્યાનની વિધિ નીચે પ્રમાણે છે, તેનાથી સ્વર શુદ્ધ થાય છે. પહેલાં નાભિ કમળની મધ્યમાં હું ને ચંદ્રમાની જેમ ચમકતો હોય તેમ વિચારવું પછી તેમ વિચારવું કે તે હું ડાબા

સ્વરથી બહાર નીકળ્યો અને ચમકારા મારતો આકાશમાં ઉપર ચાલ્યો ગયો, પછી પાછો આવ્યો અને જમણા સ્વરમાંથી અંદર પ્રવેશીને નાભિમંડળમા સ્થિર થઈ ગયો. આવી રીતે વારંવાર પ્રેકટીશ કરીને ર્હં ને ફેરવીને નાભિમંડળમા સ્થિર કરવો જોઇએ

આનાથી વધુ વિગતો માટે શ્રી જ્ઞાનાર્ણવ ગ્રન્થ જોવો જોઇએ. પૂરક, કુંભક, અને રેચકનો અભ્યાસ (પ્રેકટીશ) ખૂલી હવામા કરવાથી શરીરની શુદ્ધિ અને મનને રોકવા માટે એક શ્રેષ્ઠ સાધન બને છે. આટલું ઉપયોગી સમજીને, કોઇ જાણકાર વિદ્વાનની પાસેથી પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઇએ

આ રીતે 'ધ્યાન'ની કેટલીક રીતો મોક્ષાર્થી અને આત્માનંદ ધ્યાની જીવોનાં લાભ માટે લખવામાં આવ્યુ છે. આને વાચીને ભવિજીવો હંમેશને માટે અવશ્ય ધ્યાનનુ આરાધન કરે. આરાધનાથી ધ્યાનની સિદ્ધિ અવશ્ય થાય છે

[સ્વ ધ. શીતલપ્રસાદજી કૃત તત્વભાવના ટીકામાથી]

કૈલાશચંદ્ર ર. મહેતા
બી. ઈ. સીવીલ, (સાણંદવાળા)

મહાવીરની ધર્મદેશના

ભારતના કર્મયોગીઓના અને જ્ઞાનયોગીઓના શિરોમણિ સર્વજ્ઞપ્રભુશ્રીમહાવીરદેવે આયુષ્યનો અંત થતાં સોળ પ્રહર સુધી ધર્મદેશના દઇ જગતજીવોનો ઉદ્ધાર કરી શરીરનો ત્યાગ કર્યો હતો. તેઓએ કૃતકૃત્ય થઇ વિશ્વ મનુષ્યોને જાહેર કર્યું છે કે—છેલ્લી આયુષ્યની પળપર્યંત પણ શુભ કર્મનો યોગ ત્યજવો નહી શ્રી મહાવીરપ્રભુના શિષ્ય ગૌતમસ્વામીએ પણ છેલ્લા સમય સુધી ભવ્યજીવોને સદુપદેશ દઇ જ્ઞાનયોગીની કર્મ-ફરજને અદા કરી હતી. ત્રયોદશ ગુણસ્થાનકવર્તિસર્વજ્ઞ તીર્થંકરોસમા મહાદેવો પણ વીતરાગ બન્યા છતા શુભકર્મનો ત્યાગ કરતા નથી તો અન્યજીવોએ શુષ્કજ્ઞાની બની કેમ શુભપારમાર્થિક આવશ્યક કર્મનો ત્યાગ કરવો જોઇએ? અલબત્ત ન કરવો જોઇએ. જ્ઞાની-કર્મયોગીના જીવનો એક શ્વાસોચ્છવાસ પણ જગતની કલ્યાણની પ્રવૃત્તિ વા શુભ વિચાર વિના જતો નથી. આ વિશ્વમા જ્ઞાનીકર્મયોગી મહાત્માઓ સર્વ કંઈ કરે છે, છતા કરતા નથી અને અજ્ઞાનીઓ મોહથી હાથ પગ હલાવ્યા વિના બેસી રહે છે છતા તેઓ મોહશક્તિથી કર્તા છે, માટે અજ્ઞાનદશા-મોહદશાનો ત્યાગ કરી સર્વ શુભ કર્મોને કરવાં જોઇએ. મૂઢમનુષ્યોના જ્ઞાનીગુરુઓ છે. મૂઢમનુષ્યોના હૃદયને શુદ્ધ કરવાં એ જ જ્ઞાનીઓનું કર્તવ્ય છે. આત્મજ્ઞાનીઓનું વાસ્તવિક કર્તવ્ય એ છે કે મોહાસક્ત મૂઢ મનુષ્યોને આત્માનુ વાસ્તવિક સ્વરૂપ જણાવવું અને પ્રભુની ભક્તિદ્વારા મોહબુદ્ધિનો નાશ કરાવીને વિશ્વજનોને પવિત્ર કરવા.

આત્મવિશ્વાસ

લેખક.—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, (માલેગામ.)

હમેશ બને છે એવું કે મનુષ્યને પોતાની શક્તિ કેવી અને કેટલી છે એનો ખ્યાલ હોતો નથી. કારણ એની એ શક્તિ સુપ્તપ્રાય, તિરોહિત અને કર્મજનિત આવરણોથી ઢંકાએલી હોય છે. એને જો ખાત્રી થઇ જાય કે, પોતામાં એ શક્તિ વિદ્યમાન છે. અને એ પ્રયત્ન કરે તો તે પ્રગટ કરી શકે, તો જ એ તે દિશાથી પ્રયત્ન આદરી શકે. પણ વસ્તુસ્થિતિ એવી છે કે એને પોતામાં રહેલી પ્રસુપ્ત શક્તિની ખબર જ હોતી નથી.

એક ફાનસમાં દીવો બળતો હોય છે. એ પેહેલા તો કાચ જેવા પારદર્શક આવરણથી ઢંકાએલો હોય છે. ત્યારે એની પ્રકાશ પાડવાની શક્તિ જણાઈ આવે છે. એ કાંચ ઉપર જો કપડાનું આચ્છાદન કરી લીધેલું હોય ત્યારે તેના પ્રકાશનો અવરોધ હોવાને લીધે આછો પાતળો પ્રકાશ આપણે જોઇ શકીએ છીએ. એ કપડા ઉપર જો કાળા કાગળનો પડદો કરવામાં આવે ત્યારે તેમાં કાંઇક પ્રકાશ હોવો જોઇએ એવો આભાસ થાય છે. અને અનુક્રમે એ ફાનસ લોઢાના વાસણમાં મૂકી દેવામાં આવે ત્યારે અંદર પ્રકાશ આપનારો દીવો વિદ્યમાન છે અને એમાં પ્રકાશ પાથરવાની શક્તિ છે એવું આપણે કહીએ ત્યારે એ વસ્તુ કોઈ ખરી પણ માની શકે નહીં. એવી રીતે કર્મજનિત આવરણોને લીધે આપણે તે આત્માની શક્તિને જોઈ શકતા નથી. માણસને આવી પરિસ્થિતિમા આત્મવિશ્વાસ જાગે પણ કેમ ?

બાલક જ્યારે અજ્ઞાન અણુ છે, ત્યારે તેનામાં કેવા પ્રકારના ગુણો ગુપ્તરીતે રહેલા છે એ આપણે જાણી શકતા નથી. એવામાં કોઇ સામુદ્રિક શાસ્ત્ર જાણનારો એની રેખાઓનું નિરીક્ષણ કરી કહે કે, એ બાલક એક દેશનેતા થશે, અગર મહાન બ્રહ્મચારિ થશે, અથવા ધર્મધુરંધર થશે. એવું એવું કાંઇ જણાવી દે તો આપણે તેના બોલવા ઉપર વિશ્વાસ પણ ન કરીએ. પણ પ્રત્યક્ષમા એવું જ્યારે બનેલું આપણે જોઇએ છીએ ત્યારે આપણા આશ્ચર્યનો પાર રહેતો નથી. એનું કારણ એટલું જ છે કે, આપણે આત્માના પ્રસુપ્ત ગુણો જાણવાની શક્તિ ધરાવતા નથી. જગતમાં અનંત વસ્તુઓ એવી છે કે, એઓના ગુણો કે એમાં રહેલી શક્તિથી આપણે અજ્ઞાન છીએ.

આપણે હાલના અણુયુગના જમાનામાં પ્રત્યક્ષ જોઇએ અને અનુભવવિએ છીએ કે, વિજ્ઞાનીઓ ચૈતન્યહીન જડવસ્તુઓના અંતર્હિત ગુણોને કોઇ પણ રીતે જાગ્રત કરે છે. અને એમાં રહેલા ગુણોનો આવિષ્કાર પ્રગટ કરે છે. એ ગુણો એ વસ્તુમાં પેહેલાથી જ વિદ્યમાન હતા એ આપણે નિઃસંકોચપણે કબુલ રાખીએ છીએ. અને એ ગુણો પ્રગટ કરવાની યુક્તિ અને પ્રક્રિયા એ કોઇ વિજ્ઞાની શોધી કાઢે છે ત્યારે જ તે પ્રગટ થાય છે. જ્યારે જડવસ્તુમાં આવા અનેક ગુણો વિદ્યમાન છે, અને આપણે જ્યાં સુધી તે પ્રગટ થયા નથી ત્યાં સુધી જાણ્યાં ન શકીએ એ સ્વભાવીક છે. પણ અનુભવ કહી આપે છે કે, જડમાં પણ એવા અનંત ગુણો પડેલા છે કે જેનુ આપણે સ્વપ્નમા પણ દર્શન થયેલું નથી. તેવી જ રીતે આપણા આત્મામાં અનંત જ્ઞાન ભરેલુ છે. તેમ અનંત શક્તિ ભરેલી છે. તેનુ આપણને જ્ઞાન થયુ નથી, તેને લીધે આપણે આપણા આત્મા ઉપરનો વિશ્વાસ ખોઇ બેઠેલા છીએ.

જ્યારે કોઇને કહીએ કે, તીર્થંકર ભગવંતો, ગણધરો, યુગપ્રવર્તક આચાર્યો ઉદાર મનસ્વી અને ધર્મને માટે પોતાના પ્રાણ અર્પણ કરનાર મહાપુરુષોની વાતો તમે જાણો છો કે ? અનેક શ્રાવકો કે

જે પ્રભુ મહાવીર જેવાના સાચા ભકતો કહેવાયા, તેમજ અનેક મહાસતીઓના નામો આપણે લેઇએ છીએ એવાઓની વાતો કહીએ અને પૂછીએ કે, તમના જેવા આપણે કેમ નહી થઇ શકીએ એમ સાંભળી તરત જ આપણને તેઓ એવો જવાબ આપશે કે, ક્યાં એ મહાન આત્માઓ અને ક્યાં આપણે પામર અને નગણ્ય માનવો! આપણાથી એમની બરાબરી થાય જ કેમ? એમને તો આપણે ફકત વંદન કરવાનુ હોય! આપણાથી એમના જેવી થવાની વાત પણ નિરર્થક હસી કાઢવા જેવી છે!

આ જવાબ જ એવો છે કે, આપણે પોતે પોતાઉપરનો વિશ્વાસ ગુમાવી બેઠા છીએ. અને આપણામા એ અધટિત ન્યૂનગંડ ભરાઇ બેઠેલો છે. આપણે બધા હીંમતહારી બેઠેલા છીએ અને આગળ વધવાનુ આપણને પાલવે તેમ છે જ નહીં. એ પામરતા જ આપણી પ્રગતિમા અવરોધ કરનારી છે. એવા વિચારોને લીધે જ આપણે પોતાનો આત્મ-વિશ્વાસ ખોઇ બેઠેલા છીએ.

પૂર્વોકત મહાપુરૂષોના ચરિત્રોનો આપણે જો અભ્યાસ કરીએ અને તેના ઉંડાણમાં જો આપણે ઉતરીએ તો આપણી ખાતરી થશે કે, એમાના ઘણા ખરા આત્માઓ આપણા જેવા અપૂર્ણ, કર્માચ્છાદિત અને સામાન્ય આત્મા હતા. અને તેઓએ સામાન્ય-મંથી મહાન્ થવાનો કૃતનિશ્ચય કર્યો અને ધીમે ધીમે પણ મક્કમપણે પ્રયત્ન આદર્યો ત્યારે જ કાલાંતરે તેઓ મહાન થઇ શકયા. જ્યારે આપણા જેવા જ બીજા આત્માઓ મહાત્મા અને પરમાત્મા થઇ શકે છે ત્યારે આપણે તેવા કેમ થઇ ન શકીએ? જે અધિકાર અને શકિત, તેમજ ઉત્કાંત થવાની લાયકાત અમુક આત્મામાં હોય ત્યારે બીજાઓ તેથી વંચિત રહે એ બનવું જ અશકય છે. નિયમો તો આ સૃષ્ટીમા સમાન જ હોય, અને છે. ત્યારે આપણે આવી રીતે નિરાશ થવાનું કારણ કયાં છે? વિશ્વાસ રાખવો જોઇએ કે, આપણને પણ આત્મારૂપે બધા અધિકારો મળેલા છે જ. ખામી આપણા પ્રમાદોની છે. સૃષ્ટિ નિયમની નહીં!

આવો આત્મવિશ્વાસ જ્યારે આપણામાં પેદા થાય અને આપણા અધિકારની જ્યારે આપણને ઓળખાણ થાય છે ત્યારે આપણો આગળ વધવાનો માર્ગ સરળ અને નિષ્કંટક બની જાય છે. પ્રગતિ સાધવી, અવરોધો દૂર કરવા આગેકૂચ વધવું એ આત્માનો સ્વભાવ છે. અને કૃપિ કિટકોના આત્માઓ પણ છુટા થઇ શાંતિનો માર્ગ શોધતા જ હોય છે. એમ અનુભવ છતાં આપણે જેવા માનવ દેહધારી આત્માઓ કે જેમને મન બુદ્ધિની સહાયતા મળી ગઇ હોય, જ્ઞાનના સાધનોની અનુકૂલતા મળી મળેલી હોય એવા આત્માઓએ નાસીપાસ થવાની શી જરૂર, હોય?

આત્મવિશ્વાસ એ મનુષ્યને તરીજવા માટે એક અમોઘ સાધન થઇ શકે તેમ છે. આપણે તેનો સદુપયોગ કરવાનું. શા માટે ટાળવું? હું પામર છું મારાથી કાંઇ પણ થાય તેમ નથી. એવા માયકાંગલા અને નિર્વીર્ય વિચારો આપણે શામાટે કરીએ, એ સમજાતું નથી. આત્મા એ સકલજ્ઞાન અને શકિતનો ધણી છે. એવું અનુભવી જ્ઞાની ભગવંતો આપણને દિલાસો આપી આપણને આમળ, વળવાનો અને આવરણો કે અસગુણો દૂર હડસેલી નાખવા આપ-ણને કહેતા હોય છતાં આપણે એમતા કહેવાનો આદર નહીં કરીએ, એમાં દોષ કોનો? આપણે અજ્ઞાનપણાથી અને અવિદ્યાના પટલોથી આપણું પોતાનું સ્વરૂપ નહીં જોતાં, આજ્ઞા ખટપટોથી પાછળ પોતાની શકિત તેડી નાખીએ છીએ એમાં શંકા નથી.

સમુદ્રમાં પાણીની તરંગો ઉઠતાજ હોય છે. એક તરંગ ઉંચો ઉઠે છે, ત્યારે તેની નજીકમાં ઝેર ખાડો પડે છે. આમ ઉંચા નીચા આદિલનો અખંડ રીતે ચાલ્યાજ કરે છે. આપણે એ તરંગોજ જોતા રહીએ છીએ, પણ એની પાછળ એક સ્થિર ગંભીર અને શાંત સમુદ્ર છે એનો વિચાર કરતા નથી. ફકત તરંગો કે મોજાઓ એટલેજ સમુદ્ર એવીજ ભ્રામક કલ્પના

આપણી નજર સામે તરવરે છે. સમુદ્રના મોજાઓ એ આપણને ભમણમા નાંખનારા સુખ દુ:ખના સંસારના પ્રતીકો અનુભવો જેવા છે. જેમ હરણિયું આ આવ્યું પાણી એવી ભમણામાં મરીચિકા પાછળ દોડતું રહે છે. અને પોતાની શક્તિ ખોઇ બેશે છે અને આખરે તરસ્યોજ રહી તરફડીઆ મારતો રહે છે, તેવી જ રીતે આપણે પણ જલના તરંગો પાછળ જ દોડતા રહીએ છીએ. તરંગો ઉંચો ચઢે છે ત્યારે સંસારી માણસને સુખનો ભાસ થાય છે. પણ તેની પાછળ દુ:ખનો ખાડો આવી જ ગયો છે એનું એને ભાન હોતું નથી. સુખ અને દુ:ખની આ એવી ભમણામાં નાખનારી પરંપરા છે કે આપણને ભુલાવામા નાખી આગળને આગળ ધકેલ્યાં જ કરે છે. વાસ્તવિક જોતા જેને આપણે સુખનું નામ આપીએ છીએ તે સુખ છે જ નહીં. તેમ જેને આપણે દુ:ખનું નામ આપીએ છીએ તે દુ:ખ પણ નથી. એ તો સમુદ્રના તરંગોની પેઠે ક્ષણજીવી કલ્પનાઓ જ છે માટે જ અમો કહીએ છીએ કે, એ તરંગોને બાજુ ઉપર મૂકી અંદર જરા ડોકીયું કરો. આત્મવિશ્વાસ રાખો એટલે તમને જણાશે કે, આપણો આત્મા અનંત સુખનો અને અખૂટ જ્ઞાનનો ધણી છે અમારા લખાણનો હેતુ એટલો જ છે કે, આપણે જે આત્મવિશ્વાસ ખોઇ બેઠા છીએ તેનું આપણને સ્મરણ થાય. અમે આપણે તુચ્છ વિચારો છોડી પોતાના આત્માના સંશોધનમા લાગી જઇએ આત્માનું સ્વરૂપ જ્યારે આપણી આગળ છતું થશે ત્યારે આપણને નવો પ્રકાશ અને અપૂર્વ આનંદ અનુભવવા મળશે. સઘળાઓનું કલ્યાણ થાઓ ! ઇતિશમ્

આત્મજ્ઞાનીનો અધિકાર.

આત્મજ્ઞાન પામ્યાવિના અને અહંમમત્વ ત્યાગ્યાવિના કેટલાક લોકો નિષ્ક્રિય બની જાય છે તેથી તેઓ કર્મયોગથી ભ્રષ્ટ થઇને પુનઃ હાલ ત્યાંના ત્યાં આવીને ઉભા રહે છે. જ્ઞાનીનો અનન્ત અનુભવ છે. ભારતવર્ષમાં અનેક જ્ઞાનીઓ ઉદ્ભવે છે તેઓ લોક કલ્યાણકારક કર્મોમાં લોકોને યોજે છે. અહંમમત્વના ત્યાગથી જ્ઞાનીઓ જે કાંઈ કરે છે તેમાં તેઓ બંધાતા નથી, તેથી કર્મ કરવાનો અધિકાર જ તેઓને છે એમ સિદ્ધ થાય છે. જ્ઞાનીઓ અન્તરમાં સૂક્ષ્મમા સૂક્ષ્મ ધ્યાનના વિચારો કરે છે તે પણ એક જાતની સૂક્ષ્મ ક્રિયા છે તેની સિદ્ધિથી જગતના લોકો પર અનંતગુણો ઉપકાર કરી શકાય છે.

❀

" આત્મવિકાસ અને તેના ઉપાયો "

કિરણ શાંતિલાલ

હાઇડ્રોજન બોમ્બ અને હેલીકોપ્ટરના આ જમાનામાં જ્યારે મંગળ પર ચડાઈ કરવાના ચક્રો ગતિમાન થઇ ચૂકયા છે, ચંદ્ર પર સંદેશાઓની આપ-લે થઈ રહી છે, ભોગ, ઉપભોગ અને પરિભોગના સાધનો શુદ્ધ બીજના ચંદ્રની જેમ દિન-પ્રતિદિન વધી રહ્યા છે, દુન્યવી પ્રલોભનો ડગલેને પગલે અથડાયા કરે છે. સંસારના ક્ષણિક સુખોના ભોગવટામાં જ માનવ જીવનની સફળતા માનવામાં આવી રહી છે. ચંદ્રની ચાંદનીમાં, સૂર્યના પ્રકાશમાં, વીજળીના ચમકારામાં, સાગરના મોજામાં, સમીરની શીતળતામાં અને પુષ્પોના પમરાટમાં જ્યારે વિલાસ માનવામાં આવી રહ્યો છે. અરે ! જ્યારે સારૂયે વિશ્વ વિલાસમય બની ગયુ છે, ત્યારે આત્મા, કર્મ, ધર્મ ઇત્યાદિની વાતોને તો કેવળ ગાંડાઓના મિથ્યા પ્રલાપ તરીકે હસી કાઢવામાં આવે છે, પરંતુ દુનિયાના આ અશાશ્વત પદાર્થોમાં આત્મા, કર્મ અને ધર્મ જેવા શાશ્વત પદાર્થોની ઉપેક્ષા કર્યે કેમ ચાલે ?

અનાદિથી આપણો આત્મા ભવઅટવીમાં ભ્રમણ કરી રહ્યો છે, સંસારના ત્રિવિધ તાપોમાં તપી રહ્યો છે, જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક, સંતાપ, સંયોગ, વિયોગ આદિ સ્થિતીને સહન કરી રહ્યો છે આ બધુ શાથી' અનંત સુખના સ્વામી એવા આ આત્માને સંસારચક્રમાં શા માટે રીબાવુ પડે છે ? અનંત દુઃખના સ્થાનરૂપ સૂક્ષ્મનિગોદમાં આત્માએ અનંતકાળ વીતાવ્યો, ત્યાંથી કર્મરાશી કંઇક ઓછી થતાં ક્રમે ક્રમે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચપચેન્દ્રિય વિ. ભવોમાં ભૂંડાહાલે ભટકયો. આમ ભ્રમણ કરતાં અનંત પુન્યરાશી એકઠી થવાથી દુર્લભ માનવદેહની પ્રાપ્તિ થઇ. ઉત્તમકુળ, આર્યક્ષેત્ર અને પરમોચ્ચ જૈન શાસન મળ્યુ કે જેના દ્વારા એ અજર, અમર અને શાશ્વત એવા આત્માની આપણને ઓળખ થઇ. આત્માનો સંપૂર્ણ વિકાસ સાધી તેને પૂર્ણતાના શીખરે પહોંચાડવાની અભિલાષા જાગી. આ તો કોઇ પ્રબળ પુન્યોદયે બાકી મહાપ્રયત્ને પ્રાપ્ત થયેલ માનવ જીવનમાં પણ અનેક પ્રકારની વિષમતાઓ વેઠવી જ પડે છે. આનું કારણ શું ? ઉત્તર એક જ છે. અનાદિથી આપણો આત્મા કર્મજંજીરોમાં જકડાયેલો છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ આઠ કર્મોએ તેને એવો કેદ કર્યો છે કે જેથી તે મુક્ત થઇ શકતોજ નથી. તેના અવળા પ્રયત્નોને લીધે જેમ જેમ તે મુક્ત થવા પ્રયત્ન કરે છે તેમ તેમ વધુ ને વધુ બંધાતો જાય છે. કારણ પુરૂષાર્થ કર્મબંધ તરફનો છે આ કર્મબંધ અટકે અને જૂના કર્મોની નિર્જરા થાય તોજ આત્મવિકાસની શરૂઆત થાય પણ આમ બને કયારે ? ખૂબ વિચાર કરવાથી જણાયછે કે આત્માનો પરિણામ આવી ઉચ્ચકક્ષાએ પહોંચવા અતિદુર્લભ છે. અજ્ઞાનતા અને મુઢતામાંજ આ જીવે અનંતકાળ ગુમાવ્યો વળી કોઇ શુભયોગે માનવદેહ, દેવગુરૂ, ધર્મની સામગ્રી મળી તો પણ આત્મલક્ષીઓની સંખ્યા ઘણી જ ઓછી ભૌતિકસુખની ખોજમા પડેલ માનવને આત્મતત્વની ચીંતાજ નથી.

આમ વિપરીત પરિસ્થિતિને કારણે આત્માએ ઘણો કચરો એકઠો કર્યો. આ કચરાના કારણેજ આત્મવિકાસને બદલે આત્માનું અધઃપતન થઇ રહ્યુ છે. જ્યાં સુધી આત્માને કૂર કર્મોનો વિયોગ નહિ થાય ત્યાં સુધી આજ પરિસ્થિતિ રહેશે. કર્મયુક્ત થતાંજ ને શુદ્ધ અને સ્વસ્વરૂપે પ્રકાશીત થાય છે.

આવા મલિન આત્માને શુદ્ધ બનાવવાના જ્ઞાની ભગવંતોએ અનેક ઉપાયો દર્શાવ્યા છે.

જેમ માટી વિના ઘડો, સુતર વિના વસ્ત્ર, ધાતુ

જિજ્ઞાસુ

જે સ્વરૂપ સમજ્યા વિના,
પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું,
શ્રી સદ્‌ગુરુ ભગવંત.

"શારીરિક, માનસિક અનંત પ્રકારનાં દુઃખોએ આકુલ-વ્યાકુલ જીવોને તે દુઃખોથી છૂટવાની બહુ બહુ પ્રકારે ઇચ્છા છતાં તેમાંથી તે મુક્ત થઇ શકતા નથી તેનું શું કારણ? એવું પ્રશ્ન અનેક જીવોને ઉત્પન્ન થયા કરે; પણ તેનું યથાર્થ સમાધાન કોઇ એક વિરલ જીવને જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી દુઃખનું મૂળ કારણ યથાર્થપણે જાણવામાં ન આવ્યું હોય ત્યાં સુધી, તે ટાળવાને માટે ગમે તેવો પ્રયત્ન કરવામાં આવે તો પણ દુઃખનો ક્ષય થઇ શકે નહીં, અને ગમે તેટલી અરુચિ, અપ્રિયતા અને અભાવ દુઃખ પ્રત્યે હોવા છતાં તેને અનુભવ્યા જ કરવું પડે.

અવાસ્તવિક ઉપાયથી તે દુઃખ મટાડવાનો પ્રયત્ન કરવામાં આવે અને તે પ્રયત્ન ન સહન થઇ શકે એટલા પરિશ્રમપૂર્વક કર્યો હોય છતાં તે દુઃખ ન મટવાથી દુઃખ મટાડવા ઇચ્છતા મુમુક્ષુને અત્યંત વ્યામોહ થઇ આવે છે; અથવા થયા કરે છે કે આનું શું કારણ? આ દુઃખ ટળતું કેમ નથી? કોઇ પણ પ્રકારે મારે તે દુઃખની પ્રાપ્તિ ઇચ્છિત નહીં છતાં-સ્વખેદ પણ તેનાં પ્રત્યે કંઇ પણ વૃત્તિ નહીં છતાં-તેની પ્રાપ્તિ થયા કરે છે, અને હું જે જે પ્રયત્ન કરું છું તે તે બધાં નિષ્ફળ થઇ દુઃખ અનુભવ્યા જ કરું છું એનું શું કારણ?

શું એ દુઃખ કોઇને મટતું જ નહીં હોય? દુઃખી થવું એ જ જીવનો સ્વભાવ હશે? શું કોઇ એક જગત્કર્તા ઇશ્વર હશે તેણે આમ જ કરવું યોગ્ય ગણ્યું હશે? શું ભવિતવ્યતાને આધીન એ વાત હશે? અથવા કોઇ એક મારા કરેલા આગલા અપરાધીનું ફળ હશે? એ વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મન સહિત દેહધારી છે તે કર્યા કરે છે. અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે અને અવ્યક્તપણે તે દુઃખ મટે એવી ઇચ્છા રાખ્યા કરે છે.

આ જગતને વિશે પ્રાણીમાત્રની વ્યક્ત અથવા અવ્યક્ત ઇચ્છા પણ એ જ છે કે કોઇ પણ પ્રકારે મને દુઃખ ન હો અને સર્વથા સુખ હો. પ્રયત્ન પણ એ જ અર્થે છતાં તે દુઃખ શા માટે મટતું નથી? એવો પ્રશ્ન ઘણા ઘણા વિચારવાનોને પણ ભૂતકાળે ઉત્પન્ન થયો હતો, વર્તમાનકાળે પણ થાય છે અને ભવિષ્યકાળે પણ થશે. એ અનંત અનંત વિચારવાનોમાંથી અનંત વિચારવાનો તેના યથાર્થ સમાધાનને

(પૃષ્ઠ ૧૫૦ થી ચાલુ)

વિના ધરેણા, લાકડા વિના ગાડુ અને બીજ વિના ધાન્યની ઉત્પત્તિ ન જ થઇ શકે.

આત્માને પૂર્ણતાના શીખરે પહોંચાડવા જીનેશ્વરદેવો કે જેઓ શુદ્ધ આત્માનો આદર્શ છે. તેમના જેવો આત્માને બનાવવા તેમનુ સ્નાન, સેવાપૂજા, સ્તુતી વિ. કરવું નિર્ગ્રંથ મુનિ મહાત્માઓને દાન આપવા બ્રહ્મચર્યનું પાલન કરવુ ઇત્યાદિ આત્મવિકાસના અણમોલ ઉપાયો છે.

આમ ત્રિકાળાબાધિત, અવિચ્છિન્ની પ્રભાવશાળી એવા શ્રી જીનેશ્વરદેવના શાસનમાં આત્માર્થી જીવો માટે આત્મવિકાસના અનેક ઉપાયો દર્શાવ્યા છે.

સર્વ જીવો આત્મવિકાસના આ પરમોચ્ચ પંથે મંગલ પ્રયાણ કરો એજ અભ્યર્થના.

× દુઃખ શું? તેનાં કારણો ચાં છે? તેની નિવૃત્તિ શી રીતે થઇ શકે? એ પર શ્રીમદ્ રાજચંદ્રજીએ જુદા જુદા સમયે લખેલા પત્રોનો અત્ર સંગ્રહ કરવામાં આવ્યો છે.

પામ્યા અને દુઃખથી મુક્ત થયા. વર્તમાનકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામે છે તે પણ જ્ઞાનરૂપ ફળને પામે છે અને ભવિષ્યકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામશે તે તે તથારૂપ ફળને પામશે. એમાં સંશય નથી.

શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મંદી જતું હોત, મનનું દુઃખ ધનાદિ મળવાથી ટળી જતું હોય અને બાહ્ય સંસર્ગ સંબંધનું દુઃખ મનને કંઇ અસર ઉપજાવી શકતું ન હોત, તો દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે તે તે સર્વ જીવોનું સફળ થાત; પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યુ ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયો કે દુઃખ મટવા માટે બીજો જ ઉપાય હોવો જોઇએ; આ જે કરવામા આવે છે તે ઉપાય યથાર્થ છે, અને બધો શ્રમ વૃથા છે, માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે અને તે જ પ્રમાણે ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે; નહીં તો નહીં જ મટે.

જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઉત્કંઠિત છતાં કોઇ જ તેનું યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા યથાર્થ સમાધાન નહીં પામતા છતાં મતિવ્યામોહાદિ કારણથી યથાર્થ સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા અને ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા જગતમા જુદા જુદા ધર્મ મત જોવામા આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે. "ધર્મથી દુઃખ મટે" એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઇ. પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એક બીજામા ઘણો તફાવત પડ્યો, ઘણા તો મૂળ વિષય ચૂકી ગયા; અને ઘણા તો તે વિષયમાં મતિ ચાકવાથી અનેક પ્રકારે નાસ્તિકાદિ પરિણામોને પામ્યા.*

* અહીં આ લેખ અપૂર્ણ છે, પણ તેનું અનુસંધાન કરવા નીચે બે ફકરા અને પછી કેટલાક પત્રો આપ્યા છે. તેમા દુઃખના કારણો અને તેની નિવૃત્તિના ઉપાયો અને ધર્મનું સત્ય સ્વરૂપ સમ્રહિત છે–જિજ્ઞાસુ.

સર્વ દુઃખનું મૂળ સંયોગ

સર્વ દુઃખનું મૂળ સંયોગ (સંબંધ) છે, એમ જ્ઞાનવંતા એવા તીર્થંકરે કહ્યું છે. સમસ્ત જ્ઞાનીપુરુષોએ એમ દીઠું છે. જે સંયોગ બે પ્રકારે મુખ્ય પણે કહ્યો છે. અંતર્ સંબંધીય અને બાહ્યસંબંધીય અંતર્સંયોગનો વિચાર થવાને આત્માને બાહ્ય સંયોગનો અપરિચય કર્તવ્ય છે. જે અપરિચયની સપરમાર્થે ઇચ્છા જ્ઞાની પુરુષોએ પણ કરી છે.

'દુઃખ નિવૃત્તિ' ના સદુપાય.

સર્વ દુઃખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ 'મોક્ષ' છે અને તે 'પરમહિત' છે. વીતરાગ સન્માર્ગ તેનો 'સદુપાય' છે, તે સન્માર્ગનો આ પ્રમાણે સંક્ષેપ છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને 'સમ્યક્ચારિત્રની' એકત્રતા તે 'મોક્ષમાર્ગ' છે. સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્ પ્રતીતિ થવી તે 'સમ્યગ્દર્શન' છે; તત્ત્વનો યથાર્થ બોધ થવો તે 'સમ્યગ્જ્ઞાન' છે. ઉપાદેય તત્ત્વનો અભ્યાસ થવો તે 'સમ્યક્ચારિત્ર' છે. શુદ્ધ આત્મપદ સ્વરૂપ એવાં વીતરાગપદમાં સ્થિતિ થવી તે એ ત્રણેની એકત્રતા છે. સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી 'તત્ત્વપ્રતીતિ' પ્રાપ્ત થાય છે.

સર્વ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, સર્વ મોહ અને સર્વ વીર્યાદિ અંતરાયનો ક્ષય થવાથી આત્માને, સર્વજ્ઞ વીતરાગ સ્વભાવ પ્રગટે છે. નિર્ગ્રંથપદના અભ્યાસનો ઉત્તરોત્તર ક્રમ તેનો 'માર્ગ' છે. તેનું રહસ્ય 'સર્વજ્ઞોપદિષ્ટ ધર્મ' છે.

જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવારાં સર્વથા ઉત્તમ હોય અને નિર્જરસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તેજ ઉત્તમ અને તેજ બળવાન છે.

× × ×

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સમ્યક્દર્શનની મુખ્યતા બધે સ્થળે વીતરાગોએ કહી

છે, જો કે સમ્યક્જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણ થાય છે, તો પણ સમ્યક્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે અને દુઃખની નિવૃત્તિ, દુઃખ જેનાથી જન્મ પામે છે, એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઇ નથી, વર્તમાનકાળમાં થતી નથી અને ભવિષ્યકાળમાં થઇ શકે તેમ નથી, એમ સર્વ જ્ઞાની પુરુષોંને ભાસ્યું છે, માટે તે, આત્મજ્ઞાન માટે જીવને પ્રયોજનરૂપ છે તેનો સર્વ શ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુ વચનના શ્રવણનું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે; જે કોઇ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય–સર્વથા દુઃખથી મુક્તપણું જેને પ્રાપ્ત કરવું હોય–તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ–પ્રકારના મતમતાંતરનો, કુળધર્મનો લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.

× × ×

સર્વ દુઃખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય 'આત્મજ્ઞાન'ને કહ્યો છે, તે જ્ઞાની પુરુષોનાં વચનો સાચા છે–અસંત સાચાં છે. જ્યાં સુધી જીવને તથારૂપ આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્યંતિક બંધનની નિવૃત્તિ ન હોય એમાં સંશય નથી; તે આત્મજ્ઞાન થતાં સુધી જીવે 'મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ' એવા સદ્ગુરુદેવનો નિરંતર આશ્રય કરવા યોગ્ય છે, એમાં સંશય નથી. તે આશ્રયનો વિયોગ હોય ત્યારે આશ્રય-ભાવના નિત્ય કર્તવ્ય છે

સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે:—

એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે.

તા . Paramita ટેલીફોન : ૨૩૮૩૮

મેસર્સ રાયચંદ એન્ડ સન્સ

ઇલેક્ટ્રી સામાનના જથ્થાબંધ વેપારી

૫–૭ પીકેટ કોસ રોડ, મુંબઈ–૨

શાપરીઆ

બીલ્ડસ ઓફ

બાર્જીસ
લાઈટ બોટસ
ટગ્સ
રેજર્સ
પેસેન્જર વેલ્સ
પોન્ટૂન્સ
મૂરીંગ બોયાઝ
બોયાન્ટ એપાર્ટસ વગેરે.

શીપ બીલ્ડર્સ
અને
એન્જીનીઅર્સ

મેન્યુફેક્ચરર્સ ઓફ

રોલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોસ
રીફ્યુસ હેન્ડ કાર્ટર્સ
પેલ ફેન્સીંગ
લેડ-ચુલાઈટ
મેગ્નેટીક સેપરેટર્સ વગેરે.

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

પ્રાઈવેટ લીમીટેડ

હેડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી
મુંબઈ-૧૫
ફોન નં. ૬૦૦૭૧/૨

બ્રાન્ચ અને એન્જીનીઅરીંગ વર્કર્સ
પરેલ રોડ ક્રોસ લેન
મુંબઈ-૧૨
ફોન નં. ૪૦૪૦૮

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પૃષ્ઠ
૧	ભગવાન મહાવીરના ઉપદેશ વચનો	રતિલાલ મફાભાઈ શાહ	૧૩૯
૨	યોગની પ્રાથમિક ભૂમિકા	મનસુખલાલ તારાચંદ મહેતા	૧૪૦
૩	ધાર્મિક ક્રિયાના ભેદોમાં મુંઝાવું નહીં	... ...	૧૪૩
૪	આત્મ દર્શન વિચાર	માસ્ટર મેઘારામ જૈન	૧૪૪
૫	મહાવીરની ધર્મદેશના	... .	૧૪૬
૬	આત્મવિશ્વાસ	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૧૪૭
૭	આત્મજ્ઞાનીનો અધિકાર	... .	૧૪૯
૮	આત્મવિકાસ અને તેના ઉપાયો	કિરણ શાંતિલાલ	૧૫૦
૯	સંતની અમીધારા	'જિજ્ઞાસુ'	૧૫૧

જૈનસમાજ આજે વીશ લાખની વિપુલ સંખ્યામા દેશ-પરદેશમાં વસે છે અને 'આત્માનંદ પ્રકાશ' સર્વત્ર સારો પ્રચાર પામેલ છે. એટલે આપના ધંધાની જાહેરાત 'આત્માનંદ પ્રકાશ'માં આપવાથી એનો અવાજ વીશ લાખ જનતાને કાને આપ પહોંચાડી શકશો.

વળી જૈનસમાજ વ્યાપાર અને ઉદ્યોગમાં પણ ખૂબ આગળ વધે છે એટલે આપની જાહેરાતના ખરચના બદલામાં તેનું યોગ્ય વળતર પણ આપને મળી રહેશે. જાહેરાતના ભાવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

જાહેરાતના ભાવ

	૧ વખત	૫ વખત	૧૦ વખત
અંદરનું આખું પેજ	રૂા. ૩૦	રૂા. ૧૫૦	રૂા. ૨૫૦
,, અડધું પેજ	રૂા. ૨૦	રૂા. ૧૦૦	રૂા. ૧૭૫
ટાઈટલ પેજ બીજું-ત્રીજું આખું	રૂા. ૪૦	રૂા. ૨૦૦	રૂા. ૩૫૦
,, અડધું પેજ	રૂા. ૨૫	રૂા. ૧૨૫	રૂા. ૨૦૦
ટાઈટલ પેજ ચોથું આખું	રૂા. ૫૦	રૂા. ૨૫૦	રૂા. ૪૦૦
,, અર્ધું પેજ	રૂા. ૩૦	રૂા. ૧૫૦	રૂા. ૨૫૦

આશા છે કે આપ આપના ધંધાની જાહેરાતનો ઓર્ડર મોકલી અમોને આભારી કરશો.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ-સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

૧ વસુદેવ હિન્ડી : (પ્રથમ અંશ) ૧૦–૦૦
૨ વસુદેવ હિન્ડી : (દ્વિતીય અંશ) ૧૦–૦૦
(બંને ભાગ સાથે જ આપવામા આવશે)
૩ આ. દેવેન્દ્રસૂરિકૃત ટીકાયુક્ત કર્મગ્રંથ
ભા. રજો (પાંચ અને છ) ૬–૦૦
૪ જૈનમેઘદૂત ૨–૦૦
૫ પ્રકરણ સંગ્રહ (પ્રતાકારે)
(જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ૦–૫૦
૬ ત્રિષષ્ટી પર્વ ભા. ૧લો. (મૂળ સંસ્કૃત) ૬–૦૦
૭ „ ભા. ૨જો („) ૮–૦૦
૮ „ (પ્રતાકારે) ૧૦–૦૦
આ. શ્રી વિજયદર્શનસૂરિકૃત ટીકાયુક્ત
૯ સમ્મતિતર્ક મહાર્ણવતારિકા.....૧૫–૦૦
૧૦ તત્ત્વાર્થાધિગમસૂત્રમ.....૧૫–૦૦

લખો : શ્રી જૈન આત્માનંદ સભા —ભાવનગર.

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, જૈન આત્માનંદ સભાવતી.
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર.



શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૬૧ : અષાઢ અંક ૯
વિ. સં. ૨૦૨૦

વીર સંવત ૨૪૯૦
આત્મ સં. ૬૮

-: પ્રકાશક :-

જૈન આત્માનંદ સભા

ભાવનગર.

અયોગ્ય રીતે ધન ખોઈ બેસવું એ ગુનો છે; અયોગ્ય રીતે ધન પ્રાપ્ત કરવું એ વધારે મોટો ગુનો છે; અને અયોગ્ય રીતે ધન ખરચવું એ સર્વથી ખરાબ ગુનો છે.

—રસ્કિન

ગ્રામ : "Jahangir"

ફોન નં. મીલ : ૨૮૦
બંગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું લી

મેનેજીંગ એજન્ટ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોક્સ નં. ૨
ભાવનગર



વર્ષ : ૬૧ મું] ૧૦મી જુલાઈ, ૧૯૬૪ [અંક ૯

જિ ન વા ણી

कहं चरे कहं चिट्ठे
कहमासे कह सए ।
कहं भुंजंतो भासंतो
पावं कम्मं न बंधइ ॥

સાધક કેવી રીતે ચાલે, કેવી રીતે ઊભો રહે, કેવી રીતે બેસે, કેવી રીતે સૂએ, કેવી રીતે ખાય અને કેવી રીતે બોલે ? જેથી તેને પાપકર્મનું બંધન ન થાય.

जयं चरे जयं चिट्ठे
जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो
पावं कम्मं न बंधइ ॥

સાધક વિવેકથી ચાલે, વિવેકથી ઊભો રહે, વિવેકથી બેસે, વિવેકથી સૂએ, વિવેકથી ખાય અને વિવેકથી બોલે તો તેને પાપકર્મનું બંધન થતું નથી.

सव्वभूयप्पभूयस्स
सम्मं भूयाइं पासओ ।
पिहियासवस्स दंतस्स
पावं कम्मं न बंधइ ॥

'પોતે સર્વભૂતમય છે' એમ સમજનારા, તમામ જીવોને સમાન ગણનારા અને ફરીવાર ન ઉખળે એ રીતે દોષસ્થાનોને ઢાંકી દેનારા સાધકને પાપકર્મનું બંધન થતું નથી.

મહાવીર વાણી

સંતની અમીધારા

"અશરણ એવા સંસારને વિશે નિશ્ચિત બુદ્ધિએ વ્યવહાર કરવો જેને યોગ્ય જણાતો ન હોય અને તે વ્યવહારનો સંબંધ નિવૃત્ત કરતાં તથા ઓછો કરતાં વિશેષ કાળ વ્યતીત થયા કરતો હોય તો તે કામ અલ્પકાળમાં કરવા માટે જીવને શું કરવું ઘટે? સમસ્ત સંસાર મૃત્યુ આદિ ભયે અશરણ છે તે શરણનો હેતુ થાય એવું કલ્પવું તે મૃગજળ જેવું છે. વિચારી વિચારીને શ્રી તીર્થંકર જેવાએ પણ તેનાથી નિવર્તવું, છૂટવું એ જ ઉપાય શોધ્યો છે. તે સંસારમાં મુખ્ય કારણ પ્રેમબંધન તથા દ્વેષબંધન સર્વ જ્ઞાનીએ સ્વીકાર્યાં છે. તેની મૂંઝવણે જીવને નિજવિચાર કરવાનો અવકાશ પ્રાપ્ત થતો નથી, અથવા થાય એવા યોગે તે બંધનના કારણથી આત્મવીર્ય પ્રવર્તી શકતું નથી, અને તે સૌ પ્રમોદનો હેતુ છે, અને તેવા પ્રમાદે લેશમાત્ર સમયકાળ પણ નિર્ભય રહેવું કે અજાગૃત રહેવું તે આ જીવનું અતિશય નિર્બળપણું છે, અવિવેકતા છે, ભ્રાંતિ છે, અને ટાળતા અત્યંત કઠણ એવો મોહ છે." પત્રાંક ૫૬૬

× × × ×

આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય તેમાં આશ્ચર્ય લાગતું નથી.

સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઇ ઉપાય નથી. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ-પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી એમાં કિંચિત્ માત્ર સંશય નથી.

આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે.

આત્મપરિણામની અસ્વસ્થતાને શ્રી તીર્થંકર 'અસમાધિ' કહે છે.

આત્મપરિણામની કંઈ પણ ચપળ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'કર્મ' કહે છે.

શ્રી જિન તીર્થંકરે જેવો બંધ અને મોક્ષનો નિર્ણય કહ્યો છે, તેવો નિર્ણય વેદાંતાદિ દર્શનમાં દૃષ્ટિગોચર થતો નથી; અને જેવું શ્રી જિનને વિશે યથાર્થ વક્તાપણું જોવામાં આવે છે, તેવું યથાર્થવક્તાપણું બીજામાં જોવામાં આવતું નથી.

આત્માના અંતર્બાહ્યાપાર (શુભાશુભ પરિણામધારા) પ્રમાણે બંધમોક્ષની વ્યવસ્થા છે, શારીરિક ચેષ્ટા પ્રમાણે તે નથી પૂર્વે ઉત્પન્ન કરેલાં વેદનીય કર્મના ઉદય પ્રમાણે રોગાદિ ઉત્પન્ન થાય છે, અને તે પ્રમાણે નિર્બળ, મંદ, ક્લાન્ત, ઉષ્ણ, શીત આદિ શરીરચેષ્ટા થાય છે.

વિશેષ રોગના ઉદયથી અથવા શારીરિક મંદ-બળથી જ્ઞાનીનું શરીર કંપાય, નિર્બળ થાય, ક્લાન્ત થાય, મંદ થાય, રૌદ્ર લાગે તેને ભ્રમાદિનો ઉદય પણ વર્તે; તથાપિ જે પ્રમાણે જીવને વિશે બોધ અને વૈરાગ્યની વાસના થઈ હોય છે તે પ્રમાણે તે રોગને જીવ તે પ્રસંગમાં ઘણું કરી વેદે છે.

કોઈ પણ જીવને અવિનાશી દેહની પ્રાપ્તિ થઈ એમ દીઠું નથી, જાણ્યું નથી તથા સંભવતું નથી અને મૃત્યુનું આવવું અવશ્ય છે, એવો પ્રત્યક્ષ નિઃસંશય અનુભવ છે, તેમ છતાં પણ આ જીવ તે વાત ફરી ફરી ભૂલી જાય છે એ મોટું આશ્ચર્ય છે.

જે સર્વજ્ઞ વીતરાગને વિશે અનંત સિદ્ધિઓ પ્રગટી હતી તે વીતરાગે પણ આ દેહને અનિત્યભાવી દીઠો છે, તો પછી બીજા જીવો કયા પ્રયોગે કરી દેહને નિત્ય કરી શકશે?" (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૫૬૬, ૫૬૮ માંથી)

જિજ્ઞાસુ

—★—

ધાર્મિકતા અને નીતિમત્તા

(લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

નીતિમત્તા એટલે નીતિમાનપણું એ ધાર્મિકતાનો પાયો છે. નીતિમાન થયા વિના ધાર્મિકપણું આવે જ નહીં. ધાર્મિકપણા માટે નીતિ એ અનિવાર્ય વસ્તુ છે. પહેલા પુરા નીતિમાન થવાય ત્યારે જ ધર્મવાનપણું આવવાની કોઇક આશા રાખી શકાય. જ્યાં સુધી આપણામાં પૂર્ણ નીતિમાનપણું આવ્યું ન હોય ત્યાં સુધી ધાર્મિક બનવાની ખાશા રાખવી એ આકાશ કુસુમવત્ છે. પહેલા નીતિમાન બનીએ તો જ ધાર્મિકતા આવી શકે તેમ છે.

જ્યારે આપણે કહીએ કહીએ કે અમુક ભાઈ ઘણા ધાર્મિક છે, ત્યારે આપણે એ ભાઇ નીતિમાન હોવા જ જોઇએ એમ માની જ લઇએ છીએ. કારણ ગુણ એ ગુણીને જ આશ્રીને રહે છે. એને જુદા પાડી શકાતા નથી. તેમ નીતિમાન માણસ હોય તો જ એ ધાર્મિક બનવાનો સંભવ છે. અન્યથા નહીં. ધાર્મિક માણસ અનીતિમાન છે એમ આપણે કહી જ કેમ શકીએ ?

આમ છે ત્યારે ધાર્મિકપણું એટલે શું ? એનો જરા વિચાર કરવો જોઇએ. અમારા જોવામાં એવા અનેક લોકો આવેલા છે કે જેઓ મોટા ધાર્મિક તરીકે લોકોમાં ગણાય છે. છતાં એમના ચાલચલન અને લોકવ્યવહારમાં નીતિનો અંશ સરખો પણ જોવામાં આવતો નથી. અસત્યાચારણા, વ્યવહારમાં લુચ્ચાઈ અને તોળાપણું, લંપટપણું, અને ચોરી કરવાની ટેવ, નિર્લજ્જતા એવા તો અનેક દોષો હોવા છતાં એ મોટા ધાર્મિક અને ઉંડા જાણકાર અને જ્ઞાતા ગણાય છે. આમ થવાનું કારણ શું હોઇ શકે ? એનો વિચાર કરતા એવું જોવામાં આવે છે કે, એના દાંભિક ધર્મીબુવ માણસ પાસે દ્રવ્ય અને લાગવગ હોય છે. અને લોકોને દબાવી દેવાની અને પોતાનો કક્કો ખરો કરી બતાવવાની વાક્ચાતુરી હોય છે. એટલા ભડોળ ઉપર એ ધર્મીપણાનું ખિરદ ધારણ કરી બેસે છે. અને લોકોને છેતર્યે જાય છે. એટલું તો અવશ્ય કહી શકાય કે, એ પોતાનું ધર્મીપણું ટકાવી રાખવા માટે કેટલાએક ધાર્મિક જ્ઞાન અને અર્થહીન આચારો પ્રસંગાનુસાર કરતો હોય છે—અને લોકોને ખાંજી નાખવા માટે પોતાની અનીતિની કમાણીમાંથી થોડા નાણા પણ ખરચી જાણે છે. તેને લીધે અનેકોના રૂદાં ઉપર એ તાળું મારી શકે છે. આવા હોય છે એ નકલી દાંભિક જીવડાઓ !

પોતાના નામના પાટિઆ રંગાવી જ્યાં ત્યાં તે ચોડી પોતાની કીર્તિલાલસા તેવા ધર્મીઓ પોસતા હોય છે. છાપામાં પોતાની તસ્વીર આવે તે માટે તેઓ ધમપછાડા કરતા હોય છે. અને કોઇ પંડિતને થોડું દ્રવ્ય ભેટ કરી પોતાનું સાચું ખોટું ચારિત્ર સારી રીતે રંગાવી તેને પ્રસિદ્ધિ આપવાની તેમને તાલાવેલી લાગેલી હોય છે. હેતુ તો એટલો જ હોય છે કે, લોકો પોતાને શિષ્ટ અને ધર્મી ગણે ! લોકો એની એ તરફીબ સારી પેઠે જાણવા છતાં તેમ બોલી શકતા નથી. ધન્ય હો આવા થઈ બેઠેલા ધર્મી બાંધવોને ! હડહડતો પંચમ આરાનો કલિકાલ હોય તેમાં બીજો કયો દેખાવ નજરે જોઈ શકાય ? સાચા ધર્મીઓ પાસે આવા લક્ષણોનાં સાધનો ન હોય ત્યારે તેમને પૂછે જ કોણ ? અને સાચા ધર્મ જાણનારાઓને તેની અપેક્ષા પણ ક્યાં હોય છે ?

અમારા લખાણનો ઉદ્દેશ આવા નકલી ધર્મી મનાવનારાઓની નિંદા કે અપકીર્તિ કરવાનો છે જ નહીં. જગતમાં સત્ય હોય છે તે જ તરી આવે છે. અસત્યનો અમુક કાળ માટે જયજયકાર દેખાય, પણ અંતે સોનું તે સોનું અને પિત્તલ હોય તો તે પોતાના સાચા

સ્વરૂપમાં પારખી આવવાનું જ હોય છે. અમારો ઉદ્દેશ તો જે લોકો હજુ એવી દાંભિકતાની મોહજાળમાં ફસાએલા નથી અને સાચા ધર્મસાધક થવાની ઇચ્છા ધરાવે છે તેઓને સાવધાન કરવાનો જ છે ! રખે તેઓ પણ ભાન ભૂલી ન બેસે એ જોવાનો છે

જેઓ દાંભિકતાની કીર્તિની લાલસામાં સપડાએલા છે. તેઓ તરત સુધરી જાય અને સાચો ધર્મ ઓળખી લ્યે એવી વધારે પડતી આશા અમો સેવતા પણ નથી. જાગેલા હોઇ નિદ્રાનું નાટક કરનારાઓને જગાડી ન શકાય. પણ જેઓ અવિદ્યા અને અજ્ઞાનપણાની નિદ્રામાંથી હજુ જાગૃત થયા ન હોય તેઓને જ જાગૃત કરવાનો પ્રયત્ન કરવાથી કાંઇક લાભ મેળવી શકાય, એવા ઉદ્દેશથી અમારો આ પ્રયત્ન છે.

સાચી ધાર્મિકતા એટલે શું ?

ધર્મનો દેખાવ કરી દાંભિક ધર્મીઓનું વર્ણન અત્યલ્પ પ્રમાણમાં કર્યું ત્યારે અમારી સામે કોઇ પ્રશ્ન કરે કે, ધાર્મિકતાનું સાચું સ્વરૂપ કેવું હોઇ શકે ? અને કઇ ક્રિયાથી અને ભાવનાથી ધાર્મિકતા પ્રગટ થાય ? કેશરી રંગનો ચાંદલો કપાળે કરવો, પ્રભુ દેવાધિદેવ તીર્થંકરોની નિત્ય પૂજા કરવી, અને તે પણ બીજાઓને આંજી નાખે તેવા રજતના પાનાથી પ્રભુની આંગી કરવી, પ્રભુ આગળ ધૂપ દીપ નૈવેદ્ય ફળ આદિ વિવિધ દ્રવ્યો મૂકી બધાઓ કરતા વધુ આકર્ષક દેખાવો કરવા, આરતી મંગલદીપ વિગેરે અનેક રીતે પૂજાઓ કરવી એટલેથી જ ધર્મીપણું આવી જતું હોય તો તેમ કરનારા અનેક ભાઇઓ હોય છે સામાયિક, પ્રતિક્રમણ, મંત્રજાપ અને કોઇક પ્રસંગે સમારોહપૂર્વક પૂજા ગાજતે વાજતે કરવાથી જો સાચું ધાર્મિકપણું આવી જતું હોય તો તેમ કરનારા ઘણાએ શ્રાવકો નજરે પડે છે. મતલબ કે, અનેક ધર્મસ્વરૂપી ક્રિયાકાંડોને જ ધર્મ ગણવો હોય તો તેનો પ્રચાર નિત્ય સારા પ્રમાણમાં થઇ રહેલો છે. છતાં જગત ઉપર તેની ધારેલી અસર કેમ પડતી નથી ? જૈનધર્મ એ શાંતિપ્રિય અને સહજમાં આચરણમાં લાવી શકાય તેવો અપૂર્વ ધર્મ છે. છતાં આપણે જગત ઉપર તેનો પ્રભાવ પાડી શકતા નથી. તેનું કારણ શું ?

ધર્મક્રિયાનો હેતુ.

ધર્માનુષ્ઠાનો અને અનેક નાની મોટી ક્રિયાઓ આપણે કરતા જઇએ છીએ. સાચું કહેવામાં આવે તો ક્રિયાઓ પોતે ધર્મ નથી. પણ ધર્મ તરફ વાળવાના એ સાધનો છે, અને પ્રત્યક્ષ ધર્મ જુદી વસ્તુ છે. ધર્મ તો આત્મિક ભાવનામાં સમાએલો છે. શુષ્ક ક્રિયાઓમા નહીં. બાલકોને જેમ જ્ઞાન તરફ વાળવા માટે કક્કો પ્રથમ ભણાવવો પડે છે તેમજ આત્મા તરફ વાળવા માટે આપણા માટે અનેક જાતની ક્રિયાઓ કરાવવાની યોજના જ્ઞાની ભગવંતોએ કરી રાખેલી છે. એ દૃષ્ટિથી આપણે હજુ બાલ જ છીએ. આપણા આત્માને પ્રૌઢપણું અને વિવેકશક્તિ આવે તેટલા માટે આપણે અનેક ધર્મક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. એ ઉપરથી જોવામાં આવશે કે, ક્રિયાઓ એ સાધન છે. સાધ્ય નથી. આત્માનુભવ થવાના માર્ગમાં એ અત્યંત ઉપયોગી થઇ પડે તેમ હોવાથી જ જ્ઞાનીઓએ સામાન્ય માનવો માટે તે અનિવાર્ય ગણેલ છે.

આત્મા અને અનાત્માના ભેદ.

જ્યાં સુધી આપણે પોતે કોણ છીએ એનો યથાર્થ પરિચય મેળવી શકયા ન હોઇએ ત્યાં સુધી બધી ક્રિયાઓ નિષ્ફળ થવાનો જ સંભવ છે. જ્ઞાની ભગવંતો કહે છે : જડ અને ચૈતન્ય કે પુદ્ગલ અને આત્મા અથવા પુરૂષ અને પ્રકૃતિમાં રહેલો ભેદ આપણે નહીં ઓળખીએ ત્યાં સુધી બધું કાર્ય નિષ્ફળ જ રહેવાનું છે. આપણે ધર્માનુષ્ઠાનો કરતી વખતે આપણું સાધ્યબિંદુ શું છે આપણે ક્યાં જઇ પહોંચવું છે એ સમજી લેવાની ખાસ જરૂર છે સાધનો ભલે જુદા જુદા હોય પણ ઇચ્છિત શું છે તેની ઓળખાણ તો અવશ્ય હોવી જ જોઇએ

એક પંડિતને કોઇ શહેરમાં વ્યાખ્યાનનું આમં-

ત્રણ મળેલું હતું. તેઓ ટિકિટ કઢાવી રેલવેમાં બેસી ગયા. વચમાં જંકશન સ્ટેશન ઉપર ટિકિટ તપાસનારો આવ્યો. પંડિત પોતાના ગજવાઓ ખોળવા માંડયા, તેમની સ્થિતિ જોઈ ટિકિટ તપાસનારે તેને કહ્યું, સાહેબ તમો સદ્‌ગૃહસ્થ જણાઓ છો. તમારી પાસે ટિકિટ હશે એની મને શંકા નથી. જવા દો! ત્યારે પંડિતે કહ્યું કે વાત ખરી પણ કયા સ્ટેશને ઉતરવું છે એ હું ભૂલી ગયો છું ટિકિટ જડયા વગર હું ક્યાં સ્ટેશન ઉપર ઉતરીશ? આપણી સ્થિતિ બરાબર એવીજ બની ગએલી છે. આપણું અંતિમ સ્થાન કયું છે? અને આપણે ક્યાં જઈ રહ્યા છીએ એજ ભૂલી ગયા છીએ. આપણે તો આત્માને છોડી જડની પાછળ જ દોડી રહ્યા છીએ. ઇંદ્રિયોની વાસના અને જડ સુખ સમૃદ્ધિને જ આપણે અંતિમ ધ્યેય માની બેઠા છીએ ત્યારે આપણું નાવડું ક્યાં જઈ અટકવાનું?

આપણને તો સારૂં ખાવાનું જોઈએ સુખ સગવડો જેટલી વધુ મળે તેટલી જોઇએ છે, જેમ જેમ આપણી આશાઓ પૂરાતી જાય તેમ તેમ આપણી તૃષ્ણા વધતીજ જઇ રહી છે. હું અને મારૂં એ બધું મારા આ જડ અને નાશવંત શરીર માટે જ હોઈ શકે, મારી અર્થાત આ શરીરના નામ પાછળ મનને દોડવું હોય, ત્યાં આત્માનો વારો ક્યારે આવવાનો?

સારામાં સારી પ્રશસ્ત નીતિમત્તા આપણી પાસે હોય તો જ ધર્મવંતની અપૂર્વ પદવી મેળવવા આપણે લાયક ગણાઇએ. તેમ આપણે આ શરીર નહીં પણ આત્મા છીએ એવો બોધ સતત આપણામાં જાગૃત હોવાની જરૂર છે. કોઈ આપણી સ્તુતિ કરે કે, આપણને ગાળ દે તેથી આપણું મન ચલીત થાય અને આનંદની કે દુઃખની સંવેદનાઓ થતી હોય ત્યાં સુધી આપણે આત્મા નિજ બન્યા છીએ એ માની શકાય તેમ નથી. જેમ કોઈ પરદેશમાં એકાદ અક્ષરમાતની ખબર વાંચીએ ત્યારે આપણી સંવેદનાઓ ઉગ્ર હોય છે. તેમ આપણા પરિચિત માણસને અકસ્માત નડયો હોય ત્યારે આપણી સંવેદનાઓ તીવ્ર થઈ જાય છે. તેવીજ રીતે આપણે સુખ અગર દુઃખના પ્રસંગે જુદી જુદી ભાવનાઓ અનુભવીએ છીએ. એ દાખલો આગળ ધરી જો આપણે જડ શરીર અને જેને પોતાનું માની લીધેલું છે તે વાસ્તવિક હું નથી પણ મને વળગેલી દ્રવ્યજીવી વસ્તુ છે. એમ સમજી એની સંવેદનાઓમા સામેલ થવાનું મૂકી દેવું જોઇએ અને હું શુદ્ધ નિર્વિકાર આત્મા છું. મારી સાથે અર્થાત્ આત્માસાથે એનુ કાઇ લાગે વળગે નહીં એવી વૃત્તિ જાગૃત રાખવી જોઈએ તો જ આપણામાં ધર્મબુદ્ધિ કાંઇક જાગવા સંભવ છે.

નીતિમત્તા સર્વ આત્માઓ પ્રત્યે બન્ધુભાવ અને જડ વસ્તુ પ્રત્યે પરકીય ભાવ જાગે તો જ ધર્મક્રિયાઓ કૃત્રીમ ભૂત થાય અને ત્યાર પછી પણ આપણી ધર્મશ્રદ્ધા જેવીને તેવીજ ટકી હોય તોજ ધર્મમાર્ગમાં આપણે કાંઈક આગળ વધી રહ્યા છીએ એમ કહી શકાય અન્યથા નહીં! બાહ્ય અર્થશૂન્ય ક્રિયાઓ તો છાણપર લીંપણા જેવીજ હોય! અમારા વાચકો કાંઇ વિવેક કેળવી જડ વાદ છોડી આત્મવાદને ઓળખતા થાય એ જ અભ્યર્થના!

ભેટ મળશે

છંદ કલ્યાણ મંદિર

ટપાલ માટે ૧૦ પૈસા મોકલવા
સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ
માલેગામ (નાસિક)

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

લેખક : મનસુખલાલ તા. મહેતા.

[યોગનિષ્ઠ અધ્યાત્મ વિશારદ સ્વર્ગસ્થ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ૩૬મી જયંતીના પ્રસંગે તા. ૨૮-૬-૬૪ના દિવસે મુંબઈના કોટ દેરાસરના ઉપાશ્રયમાં પૂજ્ય મુનિરાજ શ્રી ચિત્રભાનુ મહારાજની નિશ્રામાં અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના પ્રમુખશ્રીએ મહારાજશ્રીના જીવન પરનું આપેલું ભાષણ.]

જય ચિત્રભાનુ મહારાજસાહેબ, ભાઇઓ અને બહેનો,

માત્ર જૈનસમાજના જ નહિ, પરન્તુ ભારતની સમગ્ર પ્રજાના એક મહાન યોગનિષ્ઠ અધ્યાત્મ વિશારદ સ્વર્ગસ્થ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ૩૬મી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી નિમિતે આજે આપણે સૌ એકત્ર થયા છીએ,

મહાપુરુષોની જયંતી ઉજવતી વખતે માત્ર એમના ગુણગાન કરી બેસી રહેવું એ પૂરતું નથી, મહાપુરુષોની જયંતી ઉજવવાના મુખ્ય બે હેતુઓ છે. એક તો એમના જીવન સિદ્ધાંતો આપણે આપણા જીવનમા ઉતારવા માટે પ્રયત્ન કરવાનો, અને બીજો હેતુ તેમના જીવન દરમિયાન તેમનાં અધૂરાં રહેલાં કાર્યોને પૂર્ણ કરવાનો.

જૈનધર્મની મહત્તાનું મુખ્ય કારણ તેના સિદ્ધાંતોની વ્યાપકતા અને વિશાળતા છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના સિદ્ધાંતો લગભગ દરેક ધર્મશાસ્ત્રોમાં જોવામાં આવે છે, પરન્તુ જૈનધર્મના સિદ્ધાંતોની વ્યાપકતા અને વિશાળતાના કારણે જૈનધર્મના સાધુઓ માત્ર અમુક કોમ કે સંપ્રદાયના સાધુ ન રહેતા સમગ્ર પ્રજાના-જનતાના સાધુઓ બની જાય છે. તેથી કરીને જ ભારતની પ્રજામાં જૈન શ્રમણ સંસ્થાનું સ્થાન અનોખું છે.

આપણા વિદ્વાન આચાર્યો અને મુનિવર્યોએ સદાચાર, ચારિત્ર, સાહિત્ય, સંશોધન, ઇતિહાસ, વિજ્ઞાન અને આવા ભિન્નભિન્ન વિષયોમાં પોતાની પરંપરા જાળવી ભારતની સમગ્ર પ્રજાને પ્રકાશ આપ્યો જ કર્યો છે. આવા મહાન સાધુઓમાં આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું સ્થાન આગળ પડતું છે; ભારતની સુપ્રસિદ્ધ સદ્ગત કવિ શ્રી નાનાલાલે આ મહાન આચાર્યને અંજલી આપતાં સાચું જ કહ્યું છે કે "જૈનસંઘમાં શ્રીમદ્ આનંદઘનજી પછી આવા અવધુતયોગી બહુ ઓછા થયા હશે. તેમનાં ભક્તસમુદાયમાં જૈનો ઉપરાંત બ્રાહ્મણો, બ્રહ્મક્ષત્રીઓ, 'નાગરો,' વાણીઆઓ, સોની, લુહાર, કડીઆ, સુતાર, પટેલ, માળી, વહોરા, મુસલમાન, દરજી, ભાવસાર અને અત્યજો સુદ્ધાં હતા.

જૈનધર્મના સિદ્ધાંત અનુસાર માનવીના કુળ અગર જાતિના મહત્ત્વ કરતાં તેના જ્ઞાન અને ચારિત્રનું મહત્ત્વ વિશેષ છે. જૈનોના મહાન આચાર્યો શ્રી સિદ્ધસેન દિવાકર, મહર્ષિ હરિભદ્રસૂરિ વગેરેનો જન્મ જૈનકુળમાં નહિ પણ અન્યકુળમાં થયો હતો. મહર્ષિ મેતારજ અને હરિકેશી મુનિ જેવા મહાન આચાર્યો આપણને ચાંડાળ કુળમાંથી મળ્યા છે અને આમ છતાં, પ્રાતઃકાલે આ ભવ્ય વિભૂતિઓનું સ્મરણ કરીએ છીએ, તે તેમની જાતિ કે કુળના કારણે નહિ, પણ તેમના જ્ઞાન-દર્શન અને ચારિત્રના વિકાસના કારણે.

સદ્ગત આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજ માત્ર વિચારમાં નહિ પરન્તુ આચારમાં પણ ક્રાંતિકારી હતા એક વખત આચાર્યશ્રી માણસાના કોતરામાંથી પાદરાના વકીલ શ્રી મોહનલાલભાઈ સાથે પસાર થઈ રહ્યા હતા, ત્યારે ત્યાં અચાનક એક વાંદરો કૂદતાં ઠેક ચૂક્યો અને કોતરમાં પડ્યો. કોતરમાં જેવો પડ્યો

કુતરાઓ તેને ફાડી ખાવા દોડ્યા. આચાર્યશ્રીએ તરતજ બૂમ પાડી કે વલ્લભજી, પેલા વાંદરાને બચાવવા દોડો, નહિતો કુતરાઓ તેને ફાડી ખાશે. આચાર્યશ્રી પોતે પણ ઇર્યાસમિતિ-ભાષાસમિતિનો વિચાર કરી ત્યાં ઊભા ન રહેતા જબરદસ્ત દંડ ઉપાડીને વાંદરાને બચાવવા દોડ્યા. નિયમો માનવી માટે છે, પણ માનવી નિયમો માટે નથી એ વસ્તુ ભૂલવી ન જોઇએ, નિયમોનું પાલન એ બહુ સારી વસ્તુ છે, પણ નિયમ પાલનમાં અપવાદને કયા સ્થાન છે એ પણ માનવજાતે સમજી લેવું જોઇએ. જૈનસમાજની કમનશીબી એ છે કે આપણે આપણા મહાન ક્રાંતિકારી સાધુઓને તેમના જીવનકાળ દરમ્યાન સમજી કે ઓળખી શક્યા નથી, એટલે આવા તેજસ્વી સાધુઓનો જે લાભ મળવો જોઇએ તેથી સમાજ વંચિત રહ્યો છે. આવા સાધુઓનો કાળધર્મ પામ્યા પછી તેઓના ગુણગાનો ગવાય છે, પણ તેનો કોઇ ખાસ અર્થ નથી. સિદ્ધસેન દિવાકરથી માંડી આનંદઘન સુધીના શ્રમણસંસ્થાનો ઇતિહાસ તપાસતાં એકજ વસ્તુ માલુમ પડે છે કે જૈનસમાજનો મોટો ભાગ સદાકાળ માટે રૂઢિનો ગુલામ રહ્યો છે, અને તેથીજ આપણે આપણા ક્રાંતિકારી સાધુઓને તેઓના જીવનકાળ દરમ્યાન સમજવામાં નિષ્ફળ ગયા છીએ. ક્રાંતિકારી શ્રાવકોની બાબતમાં પણ જૈનસમાજનું વલણ આવું સંકુચિત જ રહ્યું છે. સદ્ગત વીરચંદ રાઘવજી ગાંધીની શતાબ્દીને ઉજવવા આપણે નીકળ્યા છીએ, પણ એમના જીવનકાળ દરમ્યાન અમેરિકામાં વિશ્વધર્મ પરિષદમા જૈનધર્મનું તાત્વિક રહસ્ય સમજાવવા ગયેલા, તે બદલ જૈનસમાજે તેમને પ્રાયશ્ચિત લેવાની ફરજ પાડી હતી.

આપણે આજે જે મહાન આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સ્વર્ગારોહણ તિથિ ઉજવી રહ્યા છીએ, તેમનો જન્મ પણ એક સાધારણ પાટીદાર કણબી કુટુંબમાં થયો હતો. જૈનધર્મના સાધુઓ પ્રત્યેનું આકર્ષણ તેમને બહુ નાની વયે થયું હતું. તેમણે ઉર્દુ, હિંદી, ગુજરાતી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો અભ્યાસ કરી દીક્ષા પર્યાયના પચીસ વરસના ટુંકા ગાળામાં ૧૯૮થી વધુ અમૂલ્ય ગ્રંથોનો અપૂર્વ વારસો આપણને આપ્યો છે. સાહિત્યની દૃષ્ટિએ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી પછી આવો ભવ્ય વારસો બીજા કોઈ આચાર્ય પાસેથી મળ્યો હોય એમ જાણવામાં નથી. તેમના આ બધા ગ્રંથો તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, ઇતિહાસ, પુરાતત્ત્વ, જીવનચરિત્રો, ધ્યાન, યોગ, ધર્મ, નીતિ, શિક્ષણ, સાહિત્ય, ભજન-પદો-કાવ્યો જેવા વિવિધ વિષયો પર લખાયેલા છે.

આચાર્યશ્રીની 'રોજનીશી' (નોંધ પોથીઓ) સદ્ભાગ્યે જાળવી શકાયેલી છે, અને તે પરથી એમના જીવન દરમ્યાન એમણે કરવા ધારેલાં કાર્યોની સંપૂર્ણ માહિતી આપણને મળી શકે છે. તેમની ઇચ્છા લાખો રૂપિયા ખર્ચીને એક ભવ્ય જ્ઞાનાલય સ્થાપવાની હતી. આચાર્યશ્રીની બીજી ઇચ્છા યોગ-અધ્યાત્મ વિદ્યાપીઠની સ્થાપના કરવાની હતી, જેમા સાધુઓ કોલેજના વિદ્યાર્થીઓની માફક અભ્યાસ કરી શકે, અને પછી જૈન સંઘ તેમને પદવી આપે. તેમની ત્રીજી અને મહત્ત્વની ઇચ્છા 'ભગવાન શ્રી મહાવીર પ્રભુના જીવન ચરિત્ર' માટેની હતી. પરદેશના લોકો ભગવાન મહાવીરના જીવનથી અજાણ છે. આપણા તીર્થસ્થાનોની રક્ષા માટે તેમજ ધર્મના વિવિધ કાર્યો માટે લાખો રૂપિયા ખર્ચીએ છીએ, તો પછી જે મહાન તીર્થંકરના શાસનકાળમાં આપણે જીવીએ છીએ, તેમના જીવન સંશોધન પાછળ આપણે શાં શાં પગલાં લીધાં તે વસ્તુ ભારે વિચારણા માગી લે છે. હું ઇચ્છું છું કે સદ્ગત આચાર્યશ્રીની આજ દિવસ સુધી અપૂર્ણ રહેલી આ ઇચ્છાઓને પૂર્ણ કરવામાં આપણો શ્રમણ સંઘ અને શ્રાવક સમુદાય જાગૃત બની યોગ્ય પગલાં લે, અને શાસન દેવો તેમાં સહુને સહાય કરે.

ધર્મની જીવન કલા

લેખક : કાકાસાહેબ કાલેલકર

પ્રાર્થનાનો ઉદ્દેશ ધર્મ વિચારવામાં અને તેના વાયુમંડળમાં રહેવું એ છે, અને તેનું પ્રયોજન છે, કે દરેક વસ્તુનું ધાર્મિક સ્વરૂપ મનમાં લાવવું અને જીવન સમસ્તને ધર્મના રંગથી રંગી દેવું. દરેક ધાર્મિક વચનનું સ્મરણ કરવું, ધર્મસિદ્ધાંતોનો પ્રચાર કરવો અથવા પોતાના જીવનના આ ભવનું વિવરણ કરવું: એ ત્રણેયમાં પ્રાર્થના આવી શકે છે. પ્રાર્થના એક પ્રકારનું ખમીર (અ. લીવન) છે અને એ દ્વારા સમસ્ત જીવનને એક રચાયી અને ઉન્નત સ્વરૂપ મળી શકે છે.

જ્યારે કોઇ ખાણમાંથી હીરાનો પથ્થર મળી આવે છે ત્યારે એ ચકમકના પથ્થરથી જરાય સારો નથી લાગતો. એ બહુ સખત હોય છે એ ઉપરથી જાણી શકાય છે કે આ હીરો છે. પરંતુ જ્યારે કોઇ સારો કારીગર તેને ઘસી ઘસીને પાસાદાર બનાવે છે ત્યારે તેનો આકાર આકર્ષક બને છે, એનો ઝળઝળાટ વધે છે અને એની કીંમત પણ અનેકગણી વધી જાય છે હીરાની કીંમત તેની કાંતિને નીરખવા પર નિર્ભર રહે છે.

) જીવનનું પણ આવું છે. જીવન એ ભગવાનની એક ભેટ છે. અસલ કીંમત તેની જ છે પણ તેને રત્નમણિ બનાવવો, તેની ઉપયોગિતા વધારવી, તેને ઊંચી કીંમત અપાવવી એ બધું કામ ધર્મનું છે. જીવનને કૃતાર્થ કરવાની કલા તેનું નામ જ ધર્મ. ધર્મકલા જેટલી ઊંચી એટલે અંશે એ જીવનનું સૌંદર્ય, જીવનની ઉપયોગિતા અને જીવનનું માંગલ્ય વધારે છે. જો કલાકાર કુશળ ન હોય તો તે રત્નનો દુરુપયોગ પણ કરી શકે છે. ધર્મના ઇતિહાસદ્વારાથી આપણે એ જોઇ શકીએ છીએ કે ધર્મકલામાં પણ ઉત્તરોત્તર વિકાસ થતો આવ્યો છે.

વિકાસમાં મુશ્કેલી એક જ છે, કે જ્યારે કોઇ ધર્મ અમુક આકાર ધારણ કરે છે, ત્યારે એ એને એવા આગ્રહથી પકડી રાખે છે કે તેના આકારમાં પરિવર્તન કરવું એ એક અઘરું કામ બની જાય છે. એ તૂટી જશે, પણ પોતાનો આકાર નહિ છોડે. લોકોની ધર્મનિષ્ઠા જેટલી ઊંડી હોય છે એટલી જ તેના આકારની દૃઢતા પણ અસાધારણહોય છે. એમાં લાભ પણ થાય છે, નુકસાન પણ થાય છે. પ્રમાદી માણસમાં જો ચારિત્ર્ય લાવવું હોય તો તેને ધર્મમાં દૃઢતા હોવી જ જોઇએ. ધર્મ જો રબર જેવો નરમ બની ગયો તો આપણે ચારિત્ર્યની તેજસ્વિતા ખોઇ બેસીશું. ગમે તેમ હોય પણ જીવનનું પ્રયોજન જાણી તેને ઉન્નત અને શ્રેષ્ઠ સ્વરૂપ આપવું એ જ ધર્મનું કામ છે. દરેક યુગમાં આ પ્રયાસ નવી નવી રીતે કરવામાં આવ્યો છે.

મનુષ્યના હૃદયમાં ઉદાત્ત ભાવનાની કદર હંમેશાં હોય છે જ. બગીચામાં જો મેં કોઇ ફૂલનો છોડ રોપ્યો કે ફળનું વૃક્ષ વાવ્યું તો એના પર આવેલાં પ્રથમ ફૂલ કે પ્રથમ ફળની કીંમત મારે મન અસાધારણ હોય છે, કારણ કે એમાં આપણે પરિશ્રમની સફળતા જોઇએ છીએ. આટલી મહેનતથી મેળવેલું ફૂલ કે ફળ આપણું જ છે. એનો ઉપભોગ કરવાનો પૂરેપૂરો અધિકાર આપણો જ છે. પણ ઉપભોગથી આપણને પૂરો સંતોષ નથી થયો. ઉચ્ચ ભાવના કહે છે કે જેના પ્રતિ આપણને આદરભાવ છે, કૃતજ્ઞતાનો ભાવ છે કે ભક્તિભાવ છે, એને જ પ્રથમ પ્રાપ્તિ-આપણને યથેચ્ય પ્રથમ લાભ અર્પણ કરવો એમાં સર્વોચ્ચ આનંદ છે.

અર્પણ દ્વારા કૃતાર્થતાનો અનુભવ કરવો એ એક ધર્મભાવના છે. એને આપણે જીવનમાં ઉતારી કેવી

રીતે ? અસંસ્કારી અને પ્રાથમિક કોટિના જીવનમાં આ અર્પણભાવનાનો આવિષ્કાર પણ ઢંગધડા વગરનો અને વિકૃત બની જાય છે. વનમાં રહેતી કોઇ કોમને પુરોહિતે કહ્યું કે પોતાનો પ્રથમ પુત્ર ભગવાનને માટે બલિદાનમાં આપવો જોઇએ. જે રીતે આપણા ઘરના જાનવરના પહેલા બચ્ચાંને આપણે મંદિરમાં આપી દઇએ છીએ, તેમ પહેલાં સંતાનને પણ બલિદાનમાં અર્પણ કરવું જોઇએ.

એ દિવસોમાં એ લોકો ભગવાનની લાકડાની કે ધાતુની મૂર્તિ પણ અંદરથી પોલી બનાવતા. એનું મોં ઉઘાડું રહેતું. મૂર્તિના હાથમાં બલિના માંસના ટુકડાં રાખતાં. મૂર્તિની પાછળ ઊભો રહી પૂજારી જ્યારે એક દોરી ખેંચતો ત્યારે હાથમાંનું માંસ મૂર્તિના મોમા મૂકાતું. ભક્તો માનતા કે ભગવાને બલિનો સ્વીકાર કર્યો. પોતાનાં વહાલાં બાળકોને ગુમાવવાના દુઃખના આંસુ સાથે ધન્યતાનાં આંસુ પણ મળી જતાં અને માબાપ પોતાના હૃદયમાં મંથન સાથે ઘેર વિદાય થતાં.

જ્યારે ધર્મની કલા સુધરી ત્યારે તેમણે વિચાર્યું કે જેરીતે આપણે પશુને મારીને ખાઇએ છીએ પણ માણસનું માંસ નહિ ખવડાવવું જોઇએ. એ પછી તો પોતાના પહેલા બાળકને કતલ કર્યા વગર મંદિરમાં આપવાનો રિવાજ પ્રચલિત થયો અને બાળક પૂજારીનો શિષ્ય બની વૈરાગી જીવનમાં પ્રવેશ કરવા લાગ્યો. બાળદીક્ષાનું મૂળ કારણ કદાચ આ પણ હોય

એ પછી વિચારો કંઇક સુધર્યા અને માણસે વિચાર્યું કે અર્પણ તો પોતાની જાતનું જ થઇ શકે. કોઇ પણ વસ્તુ સમૃદ્ધની હોય છે, વ્યક્તિની નહિ. આપણી મિલ્કતના આપણે માલિક છીએ. આપણા જાન ને જીવનના આપણે માલિક છીએ આપણાં સ્ત્રી-પુત્રો આપણી માલક નથી, આપણી મિલકત નથી; એ તો જીવનસાથી છે, એમને અર્પણ કરવાનો આપણને અધિકાર નથી. અર્પણ કરવું હોય તો સર્વ ભાવથી આપણી જાતને અને આપણા સર્વસ્વને અર્પણ કરી દો. પોતાના સ્વજનોને આપવા એ અધર્મ થશે.

આ રીતેએક પવિત્ર ભાવનાનું શુદ્ધિકરણ થતું ગયું અને ધર્મ ઉપર જવા લાગ્યો. એને ઉન્નયન કહે છે. ધર્મકલાનું ઉત્તરોત્તર શુદ્ધિકરણ, સંસ્કરણ અને ઉન્નયન થતુ આવ્યું છે. આ જ્યારે નથી થતું ત્યારે ધર્મ રૂઢિબદ્ધ બની જાય છે.

卐

સભાનો વાર્ષિક ઉત્સવ :—આ સભાનો ૬૮મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર જેઠ સુદી ૫ ને રવિવાર તા. ૧૪-૬-૬૪ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી તાલધ્વજગિરિ ઉપર સ્વ૦ શેઠ શ્રી મુળચંદભાઇ નથુભાઇ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી તેમજ સ્વ૦ વોરા હઠીસંગ ઝવેરભાઇ તરફથી મળેલી આર્થિક સહાય તથા તેમના ધર્મપત્ની હેમકુંવર બહેને આપવાની રકમના વ્યાજ વડે સભાના સભાસદ બંધુઓનું તથા અન્ય સર્વે યાત્રિકભાઇબહેનોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ શુભપ્રસંગે ભાવનગરથી ૪૦ થી ૪૫ સભાસદ બંધુઓ આવ્યા હતા.

સ્વ૦ વીરચંદ રાઘવજી ગાંધીની શતાબ્દિ પ્રસંગે :—અમેરિકા અને વિદેશમાં જૈનધર્મના પ્રચાર માટે જઇને સ્વ૦ વીરચંદ રાઘવજી ગાંધીએ જે જહેમત ઉઠાવી છે તે સુવિખ્યાત છે. તેઓશ્રીની જન્મ-શતાબ્દિ જયંતિ તા. ૨૫-૮-૬૪ના રોજ આવે છે. આ પ્રસંગને લક્ષમાં રાખી, શ્રી વીરચંદભાઇ ગાંધીના જીવન અને કાર્યની મહત્તાને લગતા લેખો 'આત્માનંદ પ્રકાશ'ના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. તો આ સબંધમાં યોગ્ય લેખો તા. ૩૧-૭-૬૪ પહેલા આ સભાને મોકલી આપવા લેખકોને વિનંતિ છે.

—તંત્રી મંડળ

સત્યાસત્ય ગવેષણા

લેખક : રા. રા. જીવરાજભાઇ ઓમવરજી દોશી, બી. એ ઍલએલ. બી.

(ગતાંક પૃષ્ઠ ૭૪ થી ચાલુ)

(૨)

સત્ય શા માટે બોલવું? અસત્યનો શા માટે ત્યાગ કરવો? તે બીજો સવાલ હવે જોવાનો રહે છે.

સદાચાર શા માટે પાળવો? સદ્વર્તન શા માટે રાખવું? ચારિત્ર શા માટે શુદ્ધ રાખવું? તેવા મોટા સવાલમાં આ સવાલનો સમાવેશ થાય છે. એટલે નીતિ અને ધર્મના મૂળભૂત સિદ્ધાંતો આ સવાલને અંગે જોવાના રહે છે. આર્યધર્મોમાં નીતિ અને ધર્મના નિયમો જુદા જુદા નથી; ઉલટું નીતિનો પાયો ધર્મ ઉપર છે અને નીતિ વિનાનું આચરણ ધર્મ નથી. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં નીતિ અને ધર્મને જુદા જુદા દૃષ્ટિબિંદુથી જોવામાં આવે છે. પાશ્ચાત્ય મત પ્રમાણે મનુષ્ય જીવનને કોઇ અદૃશ્ય સત્તા અથવા વિશ્વરચના (COSMOS) સાથે સંબંધ છે એવી ભાવના તે ધર્મની છે. જ્યારે નીતિને અદૃષ્ટ સત્તા અથવા વિશ્વરચના સાથે સંબંધ નથી, પણ આ જિંદગીના કર્તવ્ય અને મનુષ્ય મનુષ્ય વચ્ચેના અરસપરસ વ્યવહાર સાથે સંબંધ છે.

ધર્મના ફરમાનો માથે ચઢાવવાના છે તેને અંગે વાદવિવાદનું સ્થાન નથી, જ્યારે નીતિના નિયમો માટે પસંદગી થઇ શકે છે, નાપસંદગી પણ થઇ શકે છે. પાપ, પુણ્ય, સ્વર્ગ, નરક વગેરે ભેદો ધર્મ બતાવે છે. જ્યારે સાચું ખોટું, સારું નરસું વગેરે ભેદો નીતિ બતાવે છે. ધર્મ પોતાના સિદ્ધાંતો સનાતન-ફેરફાર ન થઇ શકે તેવા માને છે, નીતિના નિયમોમાં દેશકાળ પ્રમાણે ફેરફાર થઈ શકે છે. ધર્મમાં આત્માનું અમરપણું, પરલોક, ઇશ્વર વગેરે માન્યતાઓને પ્રાધાન્ય છે, અને તેને ઉદ્દેશીને ચારિત્રના નિયમો બંધાય છે. નીતિમાં લોકસમાજ, સમાજહિત વગેરે સવાલો મુખ્યપણે જોવામાં આવે છે. તેને અનુલક્ષીને નિયમો બંધાયા છે નીતિ અને ધર્મની ભાવનાઓ વચ્ચે ઉપર પ્રમાણેનો ભેદ બતાવ્યા પછી મુખ્ય સવાલ જોવાનો રહે છે કે સદાચાર શા માટે પાળવો? સદ્વર્તન શા માટે રાખવું? આ સવાલની ચર્ચા નીતિ અને ધર્મ બંનેના નિયમોથી આપી શકાય છે. પ્રથમ નીતિ (morality) શાસ્ત્ર શું ખુલાસો કરે છે તે જોઇએ

સદાચાર પાળવો; કારણ તેથી ભલું થાય છે. ભલું–શ્રેય (good) એટલે શું તે સવાલ તુરત જ ઊભો થાય છે. 'શ્રેય કોને ગણવું' તે મુશ્કેલીવાળો સવાલ છે. જે મને આનંદ આપે તે મારે માટે ભલું એવો એક સ્વભાવિક જવાબ આવે છે. ખાવામાં આનંદ આવે તો, ખાવું તે સારું. નાટક જોવામાં આનંદ આવે તો, નાટક જોવું સારું. ચિત્ર કાઢવામાં આનંદ આવે તો ચિત્ર કાઢવું સારું. તે પ્રમાણે ઇંદ્રિયોના વિષયો ભોગવવામાં આનંદ આવે તો વિષયો ભોગવવા તે સારું. ટૂંકામાં સારાની એક વ્યાખ્યા એ થઇ શકે કે જે આનંદ આપે તે સારું. અને સારુ મેળવવાની અને ખરાબ ત્યજવાની દરેક પ્રાણીને ઇચ્છા હોય છે. એટલે આ જીવનમાં આનંદ આપે તે વસ્તુઓ ભોગવવી. જે વધારેમાં વધારે આનંદ આપે તે વધારે ભોગવવી. સારાનો અર્થ આનંદ આપનાર વસ્તુ કરવાથી ચાર્વાકનો મત આવીને ઊભો રહે છે. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં પણ ચાર્વાકને મળતો એક મત છે. જેને Hedonism કહેવામાં આવે છે.

આનંદ આપે તે સારું એવો મત સ્વીકારવાથી અનેક દૂષણો આવે છે. આનંદ આપનાર ઘણી

વસ્તુઓ થોડા વખત માટે આનંદ આપે છે, પછી દુઃખ આપનાર થાય છે. અતિશય ખાવાથી અજીર્ણ થાય છે. વિષયોને અતિશય ભોગવવાથી ક્ષય જેવા વ્યાધિ થાય છે. વળી એક માણસને જે આનંદ આપે છે તે બીજાને દુઃખ આપે છે. અને આનંદ સ્થાયી રહેતો નથી. આવા અનેક કારણોથી એકાંત આનંદ આપનાર શ્રેય છે એવું નીતિતત્ત્વવેત્તાઓ કબુલ રાખતા નથી. અને આનંદ (Pleasure) ઉપર જ શ્રેય (Good) ને સ્થાપવા માગતા નથી. બીજી એક એવી થિયરી છે કે જે ઇચ્છવા યોગ્ય (Desirable) હોય તે શ્રેય છે. આ થિયરીને પણ ઉપર પ્રમાણેના દોષો આવે છે. માણસની ઇચ્છા હમેશાં સારી વસ્તુને માટે નથી. કેટલીક ઇચ્છાઓ તો અધમ હોય છે. કેટલીક વખત ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થયા પછી પણ સુખ મળતું નથી, સુખ મળે તો સ્થાયી રહેતું નથી. જુદા જુદા માણસોની ઇચ્છાઓ જુદી જુદી હોય છે એટલે ઇચ્છાને સુખ-શ્રેયનું કારણ માનવું પણ વ્યાજબી નથી આવી ચર્ચાને પરિણામે હાલના નીતિવેત્તાઓ એવા નિર્ણય ઉપર આવેલ છે કે જે વસ્તુ અથવા આચરણ આપણે બુદ્ધિપૂર્વક પસંદ કરી શકીએ તે શ્રેય છે. That which we rationally approve is good કોઇ પણ વસ્તુ અથવા આચરણ આપણે બુદ્ધિપૂર્વક ત્યારે જ પસંદ કરીએ કે જે ટૂંકા વખત માટે હિત કર્તા ન હોય, પણ લાંબા વખત સુધી હિતકર્તા હોય જે કૃત્યથી આપણને સંતોષ થાય, જે બીજાને હાનિ-કર્તા ન હોય. ટૂંકામાં કોઇ વસ્તુ કે આચરણ સારું છે કે કેમ તે નક્કી કરવા માટે આનંદ આપનાર છે-ઇચ્છવા યોગ્ય છે એટલું જ જોવાનું બસ નથી પણ જો તેથી આપણને સંતોષ થાય. આપણી બુદ્ધિ-ની પ્રસન્નતા મેળવે તો તે સારૂં છે એમ જાણવું જોઇએ.

માણસની પ્રવૃત્તિ સુખ મેળવવાને અને દુઃખમાંથી મુક્તિ મેળવવા માટે છે. એટલે માણસ જે આચરણ કરે છે તે સુખ મેળવવાને કરે છે સત્ય બોલવાથી સુખ મળે છે અને અસત્ય બોલવાથી સુખ મળતું નથી પણ દુઃખ મળે છે; માટે માણસે સત્ય બોલવું અને અસત્યથી વિરમવું એવો નિતિનો નિયમ છે. સત્યાસત્ય બોલવાના વિચાર સ્વહિતની ખાતર કરીએ તો જણાય છે કે અસત્ય બોલવાથી અંગત હિત સચવાતું નથી અસત્ય બોલનારનો કોઇ વિશ્વાસ કરતું નથી. વિશ્વાસ ઊઠી જાય છે એટલે સમાજમાં રહીને જે લાભ મળી શકે તે અસત્ય છૂપું બોલનારને મળતો નથી. અસત્ય લાંબો વખત છૂપું રહેતું નથી અને રાખવાને અર્થ તકાણ જી રાખે તો વખત ને શક્તિનો ખોટો વ્યય થાય છે. અસત્ય બોલનાર તરફ બીજા લોકોને તિરસ્કાર થાય છે. અસત્ય બોલવાના કારણમાં મુખ્ય કાયરતા (cowardice) હોય છે. અસત્ય બોલનારને પણ પોતાની કાયરતા નિંદિત છે બીજાનો ખોટો લાભ લેવાને અસત્ય બોલવું તેમાં પોતાની જાત ઉપર તિરસ્કાર આવે છે યોગ્યતા વિના ખોટું માન મેળવવા ખાતર ખોટું બોલવાથી સ્વમાનની વૃત્તિને હાનિ પહોંચે છે, અને અરસપરસના વ્યવહારમાં સરલતાની જે કિંમત છે તે ન સમજવામાં ભૂલ થાય છે. ખોટું બોલવાની ટેવ પડવાથી ઘણીવાર ખોટું બોલનાર પોતાની જાતને ઠગતા શીખે છે. લાંબા વખત ખોટું બોલવાની ટેવ પડવાથી તેને સત્ય અસત્ય નું ભાન રહેતું નથી અને ધીમે ધીમે તેની નૈતિક અધોગતિ થાય છે. સમાજની દૃષ્ટિએ જોતાં ખોટું બોલવાથી સમાજવ્યવસ્થા ટકી શકતી નથી, વ્યાપાર અને વ્યવહાર ચાલી શકતા નથી, દેશો અને સમાજો વચ્ચેના સંબંધો સ્થાયી રહેતા નથી અને સર્વત્ર અવિશ્વાસની સાગણી ઊભી થાય છે. માટે જ શાસ્ત્રમાં અસત્યની નિંદા કરેલ છે અને સત્યાન્નાસ્તિ પરો ધર્મ. । સત્યથી બીજો શ્રેષ્ઠ ધર્મ નથી એવી સત્યની પ્રશંસા કરેલ છે.

નીતિ અને વ્યવહારની દૃષ્ટિએ સદાચાર પાળવાનું અને સત્ય બોલવાનું જતાવ્યા પછી, ધર્મની દૃષ્ટિએ સદાચાર શા માટે પાળવો એ હવે જોવાનું રહે છે.

આર્યધર્મમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થ બતાવ્યા છે. અને ચોર પ્રકારના પુરુષાર્થમાં મોક્ષ મેળવવાનો પુરુષાર્થ મુખ્ય ગણવામાં આવે છે. મોક્ષ સાધ્ય છે અને ધર્મ, અર્થ, કામને ગૌણ માની ફક્ત સાધન માનવામાં આવ્યા છે. દુઃખમાંથી અત્યંતિક મુક્તિ તે મોક્ષ છે. જૈનદર્શન પ્રમાણે મુક્તિ સર્વ દુઃખની ફક્ત અભાવાત્મક અવસ્થા નથી, પણ નિરાબાધ સુખની ભાવાત્મક અવસ્થા છે. પુરુષાર્થનું ધ્યેય મોક્ષપદની પ્રાપ્તિ છે. તે પદ પ્રાપ્ત કરવાને સમ્યગ્જ્ઞાન, સમ્યગદર્શન અને સમ્યગચારિત્ર આવશ્યક છે. સત્ય બોલવું તે સમ્યગચારિત્રનો વિષય છે એટલે જ્ઞાન અને દર્શન વિષે વિવેચન કરવાની આ સ્થળે જરૂર નથી. પાતંજલ યોગદર્શનમાં અહિંસા, સત્ય વગેરેને યમ કહ્યા છે. જૈનદર્શનમાં વ્રત કહ્યા છે. અવિદ્યા, રાગદ્વેષ આદિ અશુદ્ધિનું વિયોગ પમાડવાનું, અને વિવેક ખ્યાતિ પ્રાપ્ત કરવાનું યમ એક સાધન છે. જૈનદર્શનમાં પણ અહિંસાદિ પાંચ વ્રતો કર્મના ક્ષય કરવાના સાધનો માન્યા છે, અને કર્મક્ષય થતાં મોક્ષને પ્રાપ્ત કરાવનાર ગણવામાં આવે છે. એટલે ધર્મ પ્રમાણે સત્ય, અહિંસા આદિ નિયમો આ લોક અને પરલોકમાં સુખ આપનાર છે. અશુભ કર્મનો-ક્ષયોપશમ-ક્ષય કરનાર અને શુભ કર્મોને ઉપાર્જન કરનારા છે અને છેવટે મોક્ષપ્રાપ્તિના ઉત્તમ સાધનો છે.

આવતા નવા કર્મોને રોકવા તેને જૈનશાસ્ત્રમાં સંવર કહેવામાં આવે છે. आश्रवनिरोधः संवरः (તત્ત્વાં ૯-૧) અને દશ પ્રકારનો ઉત્તમ ધર્મ સંવર-સંપાદાનસામર્થ્યનું નિમિત્તકારણ શાસ્ત્રકારોએ બતાવેલ છે. તે ઉત્તમ ધર્મમાં સત્યને પણ ગણાવેલ છે.

उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमः
त्यागाकिञ्चन्यब्रह्मचर्याणि धर्मः ।। (તત્ત્વા. ૯-૬)

આ ધર્મ અનગાર ધર્મ કહ્યો છે અને અનગાર સાધુએ તો સત્યધર્મ કેટલી સંભાળથી પાળવો તેનું વર્ણન ભાષ્યમાં કર્યું છે. સાધુનું વચન યથાર્થ હોવું જોઇએ, પ્રાણીને અહિતકર્તા ન જોઇએ, એટલું જ નહિ પણ તે વચન પુરુષ કર્કશ ન હોવું જોઇએ, પિશૂન છલકપટવાળું ન હોવું જોઇએ, અસભ્ય ન જોઇએ ચપલ ન જોઇએ, આવિલ એટલે કલુષ ન જોઇએ વિરલ એટલે ભાંગ્યું તુટયું ન જોઇએ, સંભ્રાન્ત ન જોઇએ. મધુર જોઇએ, અભિજાત-વિવેકવાળું જોઇએ, અસંદિગ્ધ જોઇએ, સ્ફૂટ-સ્પષ્ટ જોઇએ, ઉદારતાવાળુ જોઇએ, ગ્રામ્ય (vulgar) પદાર્થ બોલતું ન જોઇએ, વિકથા કરનાર ન જોઇએ, રાગદ્વેષ યુક્ત ન જોઇએ, સત્ય વચનનું વ્યાવહારિક દૃષ્ટિએ વર્ણન કર્યા પછી શાસ્ત્રીય દૃષ્ટિએ વર્ણન કરતાં ભાષ્યકાર કહે છે કે; સત્ય વચન સૂત્રમાર્ગને અનુસરતા અર્થ કહેવાવાળું જોઇએ; સાંભળનાર માણસના ચિત્તને ગ્રહણ કરનાર જોઇએ; પોતાના અને બીજાના અનુગ્રહપણ દ્વારા પમાડનાર જોઇએ; માયારહિત જોઇએ; દેશકાળને યોગ્ય જોઇએ; અવદ્ય જોઇએ; અરિહંતના શાસ્ત્રને મંજૂર રાખેલ જોઇએ; યતસંયમિત જોઇએ; ચિત્ત ઉપયોગ પૂરતું જોઇએ; માપન, પ્રગ્રહ અને પ્રગલ્ભાકરણરૂપ હોવું જોઇએ, ટુંકામાં સંયમી સાધુ-પુરુષના વચન પણ કેવા હોવા જોઇએ તે શાસ્ત્રકારે યથાસ્થિત બતાવ્યું છે. જૈનમાર્ગ અહિંસા ઉપર રચાયો છે. કાયિક હિંસા ન કરવી જોઇએ; એટલું જ નહિ, પણ માનસિક હિંસા પણ ન કરવી જોઇએ એવો જૈન દર્શનનો ઉપદેશ છે. લખવાના, છપાવવાના સાંભળવાના, બોલવાના સાધનો આ કાળમાં વધી જવાથી, શાસ્ત્રકારનો ઉપરનો ઉપદેશ દરેક સાધુ-સંયમી પુરુષે મનન કરવાનો અને ચારિત્રમાં ઉતારવાનો છે. તે ઉપદેશ પ્રમાણે ચાલવાથી સ્વ અને પર બનેનું કલ્યાણ છે ધર્મની હેલના થતી અટકે છે. કટુ વાણીના ઉપયોગથી જૈન સંઘ અને સમાજમાં જે કલુષિત વાતાવરણ ફેલાયું છે તે અટકાવવાનો શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે-ભાષાનો વચનનો ઉપયોગ કરવો તે ઉત્તમ માર્ગ છે. શાસ્ત્રમાં સાધુપુરુષની ભાષાને અંગે આ ઉતમ ધર્મ કહ્યો છે.

જૈન જગત : સ્થાનિક આંદોલન

બહેન આશા

એક તેજસ્વી પરિણામ :—

એસ. એસ. સી. બોર્ડ (મહારાષ્ટ્ર) નું પરિણામ થોડા વખત પહેલાં બહાર પડ્યું. તેમાં મુંબઇ ખાતે સુવિખ્યાત શ્રી શકુંતલા કાંતીલાલ ઇશ્વરલાલ ગર્લ્સ હાઇસ્કુલમા શ્રેષ્ઠ, ૮૦ ટકા માર્કસ સાથે, ભાવનગરના ભાઇ અનંતરાય જાદવજીની પુત્રી બહેન આશા ઉત્તીર્ણ થયા છે અને શ્રી શકુંતલા સ્કુલના ત્રણ ઇનામો, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના બે ઇનામો તથા અન્ય ઇનામો પ્રાપ્ત કરે છે. આવી સુંદર સફળતા માટે બહેન આશાને અભિનંદન આપતા અમે ખૂબ હર્ષની લાગણી અનુભવીએ છીએ.

બહેન આશા, ભાવનગરના શેઠ ઝવેરભાઈ ભાઈચંદના સુવિખ્યાત કુટુંબના છે. આપણી સભાના વિકાસમાં આ કુટુંબનો ઘણો સારો ફાળો છે. અત્યારે પણ શ્રી કેતેચંદભાઇ ઉપપ્રમુખ તરીકે, શ્રી જાદવજીભાઈ એક મંત્રી તરીકે અને શ્રી અનંતરાયભાઈ તંત્રી મંડળમાં રહી પોતાની સેવા આ સભાને આપી રહ્યા છે. એમના પુત્રી આવી ઉજ્જવળ યશસ્વિતા પ્રાપ્ત કરે એ સભાને માટે ઘણા આનંદનો પ્રસંગ ગણાય. બહેન આશા પોતાના અભ્યાસમાં ઉત્તરોત્તર વધુને વધુ પ્રગતિ કરે એવી શુભેચ્છા:—

નવા ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન :—

મારવાડીના વંડાને નામે ઓળખાતો ભાવનગરનો મોટો ઉપાશ્રય જીર્ણ થઈ ગયેલ અને અદ્યતન શૈલિએ તેનું નવેસરથી બાંધકામ કરવાની વિચારણા છેલ્લા કેટલાક વર્ષથી ચાલતી હતી. પૂ. ઉપાધ્યાયશ્રી કૈલાસસાગરજી મહારાજ શ્રી આદિએ આ માટે ઘણા વર્ષ પહેલા ખાસ પ્રેરણા કરી અને સઘળા એકસંપે સાથ મળતાં આખરે આ વિશાળ ઉપાશ્રયનું ભવ્ય બીલ્ડીંગ તૈયાર થતા, જેઠ વદ ૮ શુક્રવારે પૂ.— આચાર્યદેવ વિજયોદયસૂરીશ્વરજી, પૂ. આચાર્ય શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી, પૂ. આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી પૂ. આચાર્ય શ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી, પૂ. ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી ગણી, પૂ. ઉપા. શ્રી સુમિત્ર-વિજયજી ગણી, પૂ. પં. અવદાતવિજયજી ગણી, પૂ. પં. કમલવિજયજી ગણી પૂ પં. કુમુદચંદ્રવિજયજી ગણી, પૂ. પં. ચંદ્રોદયવિજયજીગણી આદિની શુભનિશ્રામાં મંગળીક વિધિ વિધાન પૂર્વક ખુલ્લો મુકવામાં આવેલ છે.

ઉપાશ્રયના ઉદ્‌ઘાટન નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવપૂર્વક, વિશ્વશાંતિ વિધાયક શ્રી-અર્હત્ મહાપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવેલ—જેઠ વદ ૮ શુક્રવારે આ નિમિત્તે ચઢાવવામાં આવેલ વરઘોડો નવા ઉપાશ્રયે આવ્યા બાદ સવારે ૧૧ વાગ્યે શ્રી અર્હત્ મહાપૂજનની શરૂઆત કરવામાં આવી હતી. અને વદ-૯ વદ ૧૦ એમ ત્રણ દિવસ પૂજન-વિધિ ચાલેલ હતી. ભાવનગરના મહારાજા સાહેબ શ્રી. કૃષ્ણકુમારસીંહજી પણ ખાસ દર્શનાર્થે પધાર્યા હતા—શ્રી અર્હત્-મહાપૂજનનો આ પ્રસંગ ભાવનગર માટે પહેલોજ હોવાથી ભાવિકોએ તેના દર્શન પૂજનનો સારો લાભ લીધો હતો.

ઉદાર સખાવત :—

સમયોચિત ઉદાર સખાવત કરનાર સખી ગૃહસ્થોમાં આજે શ્રી વાડીલાલભાઇ ચત્રભુજ ગાંધીનું નામ મોખરે રહ્યું છે.

ખાસ કરીને કેળવણીના ક્ષેત્રને વિકસાવવામાં તેઓ સારો રસ ધરાવે છે. અને એમની એ પ્રિય દિશામાં તેઓશ્રીનો દાનપ્રવાહ હમેશાં વહેતો જ રહ્યો છે. પાલીતાણા બાલાશ્રમ, શ્રાવિકાશ્રમ, હાઇસ્કુલ, ધાટકોપર શ્રી ગાંધી ગુરૂકુલ વગેરે ઘણી સંસ્થાઓને એમની ઉદારતાનો લાભ મળ્યો છે. આવી જ રીતે ભાવનગર ખાતે તેઓશ્રીના માતુશ્રીના નામથી " શ્રીમતિ નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજ "ના નવા મકાન માટે એક લાખની મોટી રકમ આપી કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરેલ મહિલા કોલેજનું આ નવું મકાન તૈયાર થતાં તાજેતરમાં તે ખુલ્લું મૂકવામાં આવ્યું. આ અંગે યોજવામાં આવેલ સમારંભ પ્રસંગે તેઓશ્રીએ ભાવનગર ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે રૂપિયા એક લાખની ઉદાર સખાવત જાહેર કરી છે. આ માટે તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે.

અન્યક્ષેત્રે પણ તેઓ પોતાનો દાનપ્રવાહ વહેવડાવતા રહે છે. પણ યુગપ્રવાહ અને યુગની જરૂરિયાતને ઓળખીને સખાવત કરવાની તેઓશ્રીમાં જે સમયોચિત દૃષ્ટિ છે એ વધુ ધન્યવાદને પાત્ર બને છે.

શ્રી વાડીલાલભાઇની ઉદારતાને આવકારતા અમો ઇચ્છીએ છીએ કે કેળવણીના આવા શુભકાર્યોમાં તેઓ પોતાની ઉદારદૃષ્ટિ વધુ અને વધુ કેળવતા રહે અને સમાજનો ઉત્કર્ષ સાધવામાં વધુ ને વધુ નિમિત્તરૂપ બને.

સારસ્વતનું સન્માન :—

શિક્ષણ અને સંસ્કારનાક્ષેત્રમાં પ્રતાપક્ષુ પંડિતશ્રી જગજીવનદાસ પોપટલાલ સંઘવીએ છેલ્લા ચાલીશ વર્ષથી ભાવનગરની સંસ્કૃત પાઠશાળાદ્વારા અને અંગતરીતે શિક્ષણવિલપક અનેક સેવાઓ બજાવી વિદ્યાર્થીઓના દીલ જીતી લીધા છે તેઓશ્રીએ સંસ્કૃત-પ્રાકૃતના પાત્ર એક શિક્ષક તરીકેજ નહિ પરંતુ વિદ્યાર્થીઓના માર્ગદર્શક પ્રેરક અને સંસ્કારદાતા તરીકે વિદ્યાર્થીવર્ગની અનન્ય ચાહના મેળવી છે.

વાત્સલ્યમૂર્તિ પંડિતજીનું સન્માન કરવાના કોડ તેઓશ્રીના વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને પ્રશંસકોના દીલમાં જન્મ્યા અને આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા વિચારણા કરવા એક સભા તા. ૧૩-૬-૬૪ના રોજ આપણી સભાનાહોલમાં શેઠશ્રી રમણીકલાલભાઇ ભોગીલાલભાઈના પ્રમુખ સ્થાને મળેલ આ પ્રસંગે તેઓશ્રીના વિદ્યાર્થીઓ શુભેચ્છકો અને પ્રશંસકોની સારી હાજરી હતી અને સન્માન-નિધિ નોંધવાનું કાર્ય શરૂ થતા એજ વખતે લગભગ બે હજાર રૂપિયા તુરતજ નોંધાયા છે અને આ કાર્યને આગળ ધપાવવા માટે એક કમિટિની નિમણુક કરવામાં આવી છે.

પૂ. પંડિતજીએ પોતાના જ્ઞાનને કદીપણ ધનપ્રાપ્તિનું સાધન બનાવ્યું નથી. વિદ્યાર્થીઓ શિક્ષકો અને કોલેજના પ્રાધ્યાપકોએ પણ પંડિતજીના જ્ઞાનદાનનો લાભ મુક્ત મને લીધો છે. આપણી સભાને પણ એમની વિદ્વતાનો લાભ મળ્યો છે. પંડિતજીનો શિષ્યપરિવાર ઘણો વિશાળ છે. એમાંના કેટલાક ભાઇઓ તો

પરદેશમાં પણ વસે છે. પંડિતજીનું ઉમળકાભર્યું સન્માન કરવા આ સહુ ખૂબ ઉત્સુક હોય તે ભાવિક છે. પરંતુ સહુને પંડિતજીના સન્માનનો આ શુભસંદેશ પહોચાડવા માટેની સંપૂર્ણ યાદી મંત્રિ પાસે નથી તો પંડિતજીના વિદ્યાર્થીઓ, પ્રશંસકો અને સ્નેહીઓની માહિતી જેમની પાસે હોય અને પોતાનો યોગ્ય ફાળો કમિટિને નીચેના સરનામે મોકલી આપી આભારી કરે.

પંડિતજી જગજીવનદાસ પોપટલાલ સંબંધી સન્માન-સમિતિ
ઠે. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા
હેરીસ રોડ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

卐

પ્રાચીન સાહિત્યની સુરક્ષાની જરૂર :

શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારક્ષેત્રે ભાવનગરનો સમાજ ભારતભરમાં એક વખત મોખરે હતો, અને એના પરિણામે શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, અને પ્રાચીન સાહિત્યના જ્ઞાનભંડારો ભાવનગરને સાંપડ્યા. ભાવનગરને માટે આ ગૌરવ લેવા જેવી વસ્તુ ગણાય.

વધારે આનંદની વાત તો એ હતી, કે સાહિત્યનો આ શોખ ભાવનગરના કેટલાક સાહિત્યપ્રેમી શ્રીમંતોના કુટુંબોમાં પણ ઉતર્યો હતો અને કેટલાક કુટુંબો પોતાને ત્યાં કિંમતી સાહિત્યનો અમૂલ્ય સંગ્રહ કરી રહ્યા હતા. સ્વ. શેઠ પ્રેમચંદ રતનજીનું નામ આવા સાહિત્યપ્રેમીઓમાં પ્રથમ આવે એવું હતું. તેઓશ્રીએ પોતાને ત્યાં પ્રાચીન સાહિત્યનો કિંમતી ખજાનો એકત્ર કર્યો હતો. તેમાં જૈન સાહિત્યમાં અપ્રાપ્ય એવી હસ્તલિખિત પ્રતો પણ હતી અને આવું જ કિમતી જૈનેતર સાહિત્ય પણ હતું. તેમજ શિલ્પ અને ચિત્રકળાના કેટલાક મહામૂલા અવશેષો હતા. શેઠનું અવસાન થયું ત્યારે આ ખજાનો કોઈ સાહિત્યસંસ્થાને આપવાની તેઓશ્રીના વારસોની ઈચ્છા હતી કે જ્યા તે બરાબર જળવાઈ રહે અને સંશોધકો અને સાહિત્ય પ્રેમીઓ તેનો સુયોગ્ય લાભ લઈ શકે—કહે છે કે આ કિંમતી સંગ્રહ મોટી રકમ આપી ખરીદી લેવાની કેટલાક પ્રાચ્ય સાહિત્ય સંગ્રાહકોની માંગણી પણ હતી પરંતુ શેઠશ્રીના વારસદારોએ માન્યું કે આ સંગ્રહ પરમાર્થની દૃષ્ટિથી જ સંગ્રહાયો છે માટે નિઃસ્વાર્થ ભાવે જ તેનો ઉપયોગ થવો જોઈએ.

આ રીતે હવે આ સંગ્રહ કોને આપવો ? કોણ જવાબદારી સ્વીકારે ? કેવી વ્યવસ્થા કરે ? વગેરે બાબતોની વિચારણા બાદ આખરે તે ભાવનગર મુનિસિપાલીટીને સોંપાયો અને તે બરાબર સચવાય અને તેનો બરાબર ઉપયોગ થાય તે માટે મુનિસિપાલીટી સાથે ચોક્ક કરાર કરવામાં આવ્યા:—

આ સાહિત્ય સંગ્રહ ભાવનગર મુનિસિપાલીટીને સોંપવામાં આવ્યા બાદ આજે સાત આઠ વર્ષ થયા પછી પણ આ સંગ્રહ આજે બહુ ખરાબ સ્થિતિમાં પડ્યો છે. કહે છે કે આ કિંમતી સાહિત્ય ઉપર ધૂળના થર જામ્યા છે અને તેને ઊધઈના ભોગ બનવાનો પુરો ભય છે, જો વધુ બેદરકારી રાખવામાં આવે તો આ કિંમતી સંગ્રહ ખલાસ થઈ જવાનો પુરો ભય છે.

આજે તો આવી પ્રાચિન પ્રતોનું પદ્ધતિસરનું લીષ્ટ કરવા માટે ગુજરાત સરકારના પ્રાચ્ય-ખાતા તરફથી યોગ્ય સહકાર અને પુરસ્કાર આપવામાં આવે છે, આ તકનો લાભ લઈને જો આપણે આપણા ભંડારને તેમજ અન્ય સ્થળે સભા-કે સંસ્થામાં સંગ્રહાએલ હસ્તલેખીત-સાહિત્યની સુવ્યવસ્થીત યાદી તૈયાર કરી લઈએ, અને તેના દીર્ઘ રક્ષણ માટે યોગ્ય વ્યવસ્થા કરીએ તો તે આજે એટલું જ અગત્યનું છે.

ઉદાર સખાવત :—

સમયોચિત ઉદાર સખાવત કરનાર સખી ગૃહસ્થોમાં આજે શ્રી વાડીલાલભાઇ ચત્રભુજ ગાંધીનું નામ મોખરે રહ્યું છે.

ખાસ કરીને કેળવણીના ક્ષેત્રને વિકસાવવામાં તેઓ સારો રસ ધરાવે છે. અને એમની એ પ્રિય દિશામાં તેઓશ્રીનો દાનપ્રવાહ હમેશાં વહેતો જ રહ્યો છે. પાલીતાણા બાલાશ્રમ, શ્રાવિકાશ્રમ, હાઇસ્કુલ, ઘાટકોપર શ્રી ગાંધી ગુરૂકુલ વગેરે ઘણી સંસ્થાઓને એમની ઉદારતાનો લાભ મળ્યો છે. આવી જ રીતે ભાવનગર ખાતે તેઓશ્રીના માતુશ્રીના નામથી " શ્રીમતિ નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજ "ના નવા મકાન માટે એક લાખની મોટી રકમ આપી કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરેલ. મહિલા કોલેજનું આ નવું મકાન તૈયાર થતાં તાજેતરમાં તે ખુલ્લું મૂકવામાં આવ્યું. આ અંગે યોજવામાં આવેલ સમારંભ પ્રસંગે તેઓશ્રીએ ભાવનગર ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે રૂપિયા એક લાખની ઉદાર સખાવત જાહેર કરી છે. આ માટે તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે.

અન્યક્ષેત્રે પણ તેઓ પોતાનો દાનપ્રવાહ વહેવડાવતા રહે છે. પણ યુગપ્રવાહ અને યુગની જરૂરિયાતને ઓળખીને સખાવત કરવાની તેઓશ્રીમાં જે સમયોચિત દૃષ્ટિ છે એ વધુ ધન્યવાદને પાત્ર બને છે.

શ્રી વાડીલાલભાઇની ઉદારતાને આવકારતા અમો ઇચ્છીએ છીએ કે કેળવણીના આવા શુભકાર્યોમાં તેઓ પોતાની ઉદારદૃષ્ટિ વધુ અને વધુ કેળવતા રહે અને સમાજનો ઉત્કર્ષ સાધવામાં વધુ ને વધુ નિમિત્તરૂપ બને.

સરસ્વતનું સન્માન :-

શિક્ષણ અને સંસ્કારનાક્ષેત્રમાં પ્રતાપમુ પંડિતશ્રી જગજીવનદાસ પોપટલાલ સંઘવીએ છેલ્લા ચાલીશ વર્ષથી ભાવનગરની સંસ્કૃત પાઠશાળાદ્વારા અને અંગતરીતે શિક્ષણવિલપક અનેક સેવાઓ બજાવી વિદ્યાર્થીઓના દીલ જીતી લીધા છે તેઓશ્રીએ સંસ્કૃત-પ્રાકૃતના પાત્ર એક શિક્ષક તરીકેજ નહિ પરંતુ વિદ્યાર્થીઓના માર્ગદર્શક પ્રેરક અને સંસ્કારદાતા તરીકે વિદ્યાર્થીવર્ગની અનન્ય ચાહના મેળવી છે.

વાત્સલ્યમૂર્તિ પંડિતજીનું સન્માન કરવાના કોડ તેઓશ્રીના વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને પ્રશંસકોના દીલમાં જાગ્યા અને આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા વિચારણા કરવા એક સભા તા. ૧૩-૬-૬૪ના રોજ આપણી સભાનાહોલમાં શેઠશ્રી રમણીકલાલભાઇ ભોગીલાલભાઈના પ્રમુખ સ્થાને મળેલ આ પ્રસંગે તેઓશ્રીના વિદ્યાર્થીઓ શુભેચ્છકો અને પ્રશંસકોની સારી હાજરી હતી અને સન્માન-નિધિ નોંધવાનું કાર્ય શરૂ થતાં એજ વખતે લગભગ બે હજાર રૂપિયા તુરતજ નોંધાયા છે અને આ કાર્યને આગળ ધપાવવા માટે એક કમિટિની નિમણુક કરવામાં આવી છે.

પૂ. પંડિતજીએ પોતાના જ્ઞાનને કદીપણ ધનપ્રાપ્તિનું સાધન બનાવ્યું નથી. વિદ્યાર્થીઓ શિક્ષકો અને કોલેજના પ્રાધ્યાપકોએ પણ પંડિતજીના જ્ઞાનદાનનો લાભ મુક્ત મને લીધો છે. આપણી સભાને પણ એમની વિદ્વતાનો લાભ મળ્યો છે. પંડિતજીનો શિષ્યપરિવાર ઘણો વિશાળ છે. એમાંના કેટલાક ભાઇઓ તો

બાજે પરદેશમાં પણ વસે છે. પંડિતજીનું ઉમળકાભર્યું સન્માન કરવા આ સહુ ખૂબ ઉત્સુક હોય તે સ્વાભાવિક છે. પરંતુ સહુને પંડિતજીના સન્માનનો આ શુભસંદેશ પહોંચાડવા માટેની સંપૂર્ણ યાદી કમિટિ પાસે નથી તો પંડિતજીના વિદ્યાર્થીઓ, પ્રશંસકો અને સ્નેહીઓની માહિતી જેમની પાસે હોય તે અને પોતાનો યોગ્ય ફાળો કમિટિને નીચેના સરનામે મોકલી આપી આભારી કરે.

પંડિતજી જગજીવનદાસ પોપટલાલ સંઘવી સન્માન–સમિતિ
ઠે. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા
હેરીસ રોડ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

卐

પ્રાચીન સાહિત્યની સુરક્ષાની જરૂર :

શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારક્ષેત્રે ભાવનગરનો સમાજ ભારતભરમા એક વખત મોખરે હતો, અને એના પરિણામે શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, અને પ્રાચીન સાહિત્યના જ્ઞાનભંડારો ભાવનગરને સાપડ્યા. ભાવનગરને માટે આ ગૌરવ લેવા જેવી વસ્તુ ગણાય.

વધારે આનંદની વાત તો એ હતી કે સાહિત્યનો આ શોખ ભાવનગરના કેટલાક સાહિત્યપ્રેમી શ્રીમંતોના કુટુંબોમાં પણ ઉતર્યો હતો અને કેટલાક કુટુંબો પોતાને ત્યાં કિંમતી સાહિત્યનો અમૂલ્ય સંગ્રહ કરી રહ્યા હતા. સ્વ શેઠ પ્રેમચંદ રતનજીનું નામ આવા સાહિત્યપ્રેમીઓમાં પ્રથમ આવે એવું હતું. તેઓશ્રીએ પોતાને ત્યા પ્રાચીન સાહિત્યનો કિંમતી ખજાનો એકત્ર કર્યો હતો. તેમાં જૈન સાહિત્યમાં અપ્રાપ્ય એવી હસ્તલિખિત પ્રતો પણ હતી અને આવું જ કિમતી જૈનેતર સાહિત્ય પણ હતું. તેમજ શિલ્પ અને ચિત્રકળાના કેટલાક મહામૂલા અવશેષો હતા. શેઠનું અવસાન થયું ત્યારે આ ખજાનો કોઈ સાહિત્યસંસ્થાને આપવાની તેઓશ્રીના વારસોની ઇચ્છા હતી કે જ્યા તે બરાબર જળવાઈ રહે અને સંશોધકો અને સાહિત્ય પ્રેમીઓ તેનો સુયોગ્ય લાભ લઈ શકે–કહે છે કે આ કિંમતી સંગ્રહ મોટી રકમ આપી ખરીદી લેવાની કેટલાક પ્રાપ્ય સાહિત્ય સંગ્રાહકોની માંગણી પણ હતી પરંતુ શેઠશ્રીના વારસદારોએ માન્યું કે આ સંગ્રહ પરમાર્થની દૃષ્ટિથી જ સંગ્રહાયો છે માટે નિઃસ્વાર્થ ભાવે જ તેનો ઉપયોગ થવો જોઈએ.

આ રીતે હવે આ સંગ્રહ કોને આપવો ? કોણ જવાબદારી સ્વીકારે ? કેવી વ્યવસ્થા કરે ? વગેરે બાબતોની વિચારણા બાદ આખરે તે ભાવનગર મ્યુનિસિપાલીટીને સોપાયો અને તે બરાબર સચવાય અને તેનો બરાબર ઉપયોગ થાય તે માટે મ્યુનિસિપાલીટી સાથે યોગ્ય કરાર કરવામા આવ્યા:—

આ સાહિત્ય સંગ્રહ ભાવનગર મ્યુનિસિપાલીટીને સોપવામાં આવ્યા બાદ આજે સાત આઠ વર્ષ થયા પછી પણ આ સંગ્રહ આજે બહુ ખરાબ સ્થિતિમાં પડ્યો છે. કહે છે કે આ કિંમતી સાહિત્ય ઉપર ધૂળના થર જામ્યા છે અને તેને ઊધઈના ભોગ બનવાનો પુરો ભય છે, જો વધુ બેદરકારી રાખવામા આવે તો આ કિંમતી સંગ્રહ ખલાસ થઈ જવાનો પુરો ભય છે.

આજે તો આવી પ્રાચિન પ્રતોનું પદ્ધતિસરનું લીષ્ટ કરવા માટે ગુજરાત સરકારના પ્રાચ્ય–ખાતા તરફથી યોગ્ય સહકાર અને પુરસ્કાર આપવામાં આવે છે, આ તકનો લાભ લઈને જો આપણે આપણા ભંડારને તેમજ અન્ય તટસ્થ સભા–કે સંસ્થામા સંગ્રહાએલ હસ્તલેખીત–સાહિત્યની સુવ્યવસ્થીત યાદી તૈયાર કરી અને તેના દીર્ઘ રક્ષણ માટે યોગ્ય વ્યવસ્થા કરીએ તો તે આજે એટલું જ અગત્યનું છે.

શાપરીઆ

બનાવનારા

બારજીસ
લાઈટ બોટસ
ટગ્સ
ડ્રેજર્સ
પેસેન્જર સ્ટીમર્સ
પોન્ટૂન્સ
મૂરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ વગેરે.

શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ

બનાવનારા

રોલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
પેલ ફેન્સીંગ
લેડ-ચુલાઈટ (વેડવુલ)
મેગ્નેટીક સેપરેટર્સ વગેરે

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર : શ્રી મોહનલાલ ભાણજી શાપરીયા
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીયા

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કર્સ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઈ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પૃષ્ઠ
૧.	જિનવાણી	....	૧૫૭
૨.	સંતની અમીધારા	જિજ્ઞાસુ	૧૫૮
૩.	ધાર્મિકતા અને નીતિમત્તા	સાહિત્યચંદ્ર બાલચંદ હિરાચંદ	૧૫૯
૪.	યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિશ્વરજી મ.	મનસુખલાલ તા મહેતા	૧૬૨
૫.	ધર્મની જીવન કલા	કાકાસાહેબ કાલેલકર	૧૬૪
૬.	સત્યાસત્ય ગવેષણા	જીવરાજભાઈ ઓધવજી	૧૬૬
૭.	જૈન જગત	... .	૧૬૯

"આત્માનંદ પ્રકાશ" નો આવતો અંક

"આત્માનંદ પ્રકાશ" નો આવતો અંક હવે શ્રાવણ-ભાદ્રપદના ખાસ પર્યુષણ અંક તરીકે તા. ૨૫-૮-૬૪ના રોજ પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારીને અંગે આ માસિક ખોટમાં ચાલે છે, એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને એને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતું કરી રહ્યા છીએ અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "પર્યુષણ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી સારી રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે. તો વિદ્વાન આચાર્યો, મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો આ માસની આખર સુધીમાં બને તેટલા વેલાસર અમોને મોકલી આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે યોગ્ય જાહેર ખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે અને તે અંગે અમોને યોગ્ય સહકાર પણ મળ્યો છે.

વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય-શિક્ષણ સંસ્થાઓને અમારી વિનંતિ છે કે મહાવીર જયંતિ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી જ્ઞાનપ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

આ માસિકમાં અપાતી જાહેર ખબરનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો આપને ખાત્રી આપીએ છીએ.

—જાહેરાતના દર—

પેજ આખું, રૂા. : ૩૦ પેજ અર્ધું, રૂા. ૧૮.
ટાઈટલ પેજ ત્રીજું, રૂા. . ૪૦ ટાઈટલ પેજ ચોથું, રૂા. ૫૦.
આપનો લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.

શ્રી જૈન આત્માનંદ પ્રકાશ : ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઉર્દુ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર થોડાકી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ મોટી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને આગ સગવડ તરીકે તેમાં આડાઆટ ટકા કમિશન કાપી આપવામાં આવશે.

૧ વસુદેવ હિન્ડી (પ્રથમ અંશ)	૧૦–૦૦
૨ વસુદેવ હિન્ડી : (દ્વિતીય અંશ)	૧૦–૦૦
(બંને ભાગ સાથે જ આપવામાં આવશે)	
૩ આ. દેવેન્દ્રસૂરિકૃત ટીકાયુક્ત કર્મગ્રંથ	
મા. રજો (પાંચ અને છ)	૬–૦૦
૪ જૈનમેઘદૂત	૨–૦૦
૫ પ્રકરણ સંગ્રહ (પ્રકાશે)	
(જેમાં સિંદૂર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગૃહસ્થાચારક્રમોદય મૂળ છે)	૦–૭૦
૬ વિષષ્ટી પર્વ મા. રજો. ભાગ સંસ્કૃત	૬–૦૦
૭ „ મા. રજો („)	૮–૦૦
૮ „ (પ્રકાશે)	૧૦–૦૦
આ. શ્રી વિજયદર્શનસૂરિકૃત ટીકાયુક્ત	
૯ સન્મતિતર્કમહાર્ણવ ચતુર્થ	૧૦–૦૦
૧૦ સ્યાદ્વાદનિગમસૂત્રમ્..... ...	૧૦–૦૦

લખો : શ્રી જૈન આત્માનંદ સભા —ભાવનગર.

પ્રકાશક : [illegible] જૈન આત્માનંદ સભા વતી.
મુદ્રક : [illegible], આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

આત્માનંદ પ્રકાશ



૭૭૭૦૬

: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

પુસ્તક : ૬૧

અંક : ૧૦ ૧૧

પર્યુષણ ખાસ અંક

(વીરચંદ ગાંધી પૂનિ ગાથે)

વીર સં. ૨૪૯૦, આત્મ સં. ૬૮

શ્રાવણ-ભાદરવો

વિ. સં. ૨૦૨૦

તમારો આજનો એક કલાક કઈ રીતે પસાર થાય છે. એ જો તમે બરાબર નિરીક્ષણ કરી શકતા હો તો તમારી જિંદગી કઈ રીતે પસાર થશે, તે તમે બરાબર કળી શકો છો. કારણ કે સમયના ગર્ભમાં કલાક છૂપાયેલો છે ને કલાકના ગર્ભમાં જિંદગી!

તાર : "Jahangir"

ટેલિ નં. ઑફિ : ૨૮૦
ઘર : ૩૦૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજિંગ એજન્ટ

પોસ્ટ બૉક્સ નં. ૨

મંગળદાસ જેમિનિભાઈ એન્ડ કં. લી.

ભાવનગર

શેઠ શ્રી હરગોવિંદદાસ રામજીભાઈ

સતત જ્ઞાનોપાસના, સાદાઇ, સ્વાશ્રય અને સંસ્કાર પ્રેમથી પોતાના જીવનને યશસ્વી બનાવનાર શેઠશ્રી હરગોવિંદદાસભાઈનું જીવન પ્રેરણા સમાન છે.

ભાવનગર પાસેનું ચોગઠ ગામ તેમની જન્મભૂમિ છે. ત્યાં તેમના પિતાશ્રી રામજીભાઈની ખેતી હતી. તે ઉપરાંત તેઓ પુસ્તકો ખરીદીને વેચવાનું કામ પણ કરતા હતા. આ વ્યવસાયના કારણે શ્રી. હરગોવિંદભાઈને સારાં સારાં પુસ્તકો તરફ પ્રીતિ બંધાણી જે આગળ જતાં ઊંડી જ્ઞાનોપાસનામાં પરિણમી છે. તેમનાં માતુશ્રી પણ અત્યંત ધર્મનિષ્ઠ હતાં. એકવાર તેઓ સામાયિકમાં બેઠેલાં ત્યારે કાળો નાગ તેમના દેહ ઉપર ફરી જવા છતાં તેઓ સ્થિર અને અડગ રહ્યા હતા. આ પ્રમાણે ધર્મનિષ્ઠા અને સહિષ્ણુતાના ગુણ પણ તેમને વારસામાં મળ્યા છે.

ચોગઠમાં શ્રી. હરગોવિંદદાસભાઈએ સાત ગુજરાતીનો અભ્યાસ પૂરો કર્યો, પણ તેવામાં તેમના પિતાશ્રીનું અવસાન થયું. એટલે કુટુંબના ભરણપોષણની જવાબદારીનો વિચાર કરી તેર વરસની નાની ઉંમરે ગયા અને ત્યાં નોકરીની શરૂઆત કરી. પરંતુ સતત વાંચન-વિદ્યાવ્યાસંગ એ તેમના જીવનનો પ્રિય વ્યવસાય હતો એટલે બે વર્ષ નોકરી કર્યા બાદ આચાર્યશ્રી ઋદ્ધિસૂરિના ગુરુ શ્રી મોહનલાલજી મહારાજની પ્રેરણાથી અભ્યાસ માટે કાશી ગયા અને ત્યાં ચાર વર્ષ રહી વ્યાકરણ, સાહિત્ય ઇત્યાદિનો અભ્યાસ કરી દેશમાં પાછા આવ્યા. આ અભ્યાસના ફળરૂપે પોતાની સાધારણ સ્થિતિ છતાં પાલીતાણામાં હરિણાઈ જૈન પાઠશાળા અગિયાર વર્ષ સુધી સાધુ સાધ્વીઓના અભ્યાસ માટે ચલાવી. ત્યારબાદ દેશમાંથી ધંધા અર્થે ફરી મુંબઇ ગયા, અને ધીમે ધીમે ધંધાનો વિકાસ સાધતા ગયા. મુંબઇમાં જમીન ખરીદી અને તેમાં સારો લાભ મળ્યો, અને છેવટે કરિયાણાના વેપારમાં પડી તે સફળતાપૂર્વક ચલાવી રહ્યા છે.

સાદાઇ, વિશાળ દૃષ્ટિ, ગુપ્ત દાન, ન્યાયપરાયણતા અને સંસ્કાર પ્રેમથી તેઓશ્રીએ પોતાના જીવનને એક આદર્શ ગૃહસ્થી તરીકે એવી રીતે કેળવ્યું છે કે તેમાંથી બીજાઓને પણ ઉચ્ચ પ્રેરણાઓ મળી રહે. જીવનમાં નીચેના સિદ્ધાંતોનું તેમણે અક્ષરશઃ પાલન કર્યું છે, એટલું જ નહિં પણ આ સૂત્રોને તેમણે જીવનમાં તાણાવાણાની માફક વણી લીધાં છે.

(૧) સંતાનોને વારસામાં વિપુલ ધન આપી જવું એ યોગ્ય નથી. સંતાનોને જ્ઞાન આપવું અને તેમને સ્વાવલંબી બનાવવા એજ માબાપનું કર્તવ્ય હોવું જોઇએ.

(૨) કપડાં અને અનાજનું દાન આપવું એ ઉત્તમ છે, પણ વિદ્યાનું દાન આપવું એ ઉત્તમોત્તમ દાન છે.

(૩) પોતાના પુત્ર અને પેઢીના એક અદના નોકર વચ્ચે જરાપણ ભેદભાવ ન રાખવો જોઇએ, એમની સાથેનો વર્તાવ સમાન દરજ્જે થવો જોઇએ.

(૪) ધર્મ અને વ્યવહારમાં ભેદભાવ ન હોવા જોઇએ. વ્યવહારમાં પણ ધર્મ છે, અને એ રીતેજ તેનું પાલન થવું જોઇએ મંદિર અને ચર્ચમાં જઇ બહારની દુનિયામાં અસત્ય વ્યવહાર કરવો એ ધાર્મિક અસત્યાચાર-નર્યું પાપ છે.

પોતાની જ્ઞાનશીલતા અને દાનશીલતા માટે આજે તેઓ વિખ્યાત છે. મુલુંદમાં વિશાળ જગ્યા આપીને શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજકના સર્વ ગચ્છ ભેગાની સ્થાપના કરી, મુલુંદ સંઘની હાલની સમૃદ્ધિ સંપત્તિનાં બીજ તેમણે વાવ્યાં છે, અને પ્રતિષ્ઠા સમયે પંદર હજાર રૂપિયા ખર્ચીને પોતાનો ધર્મપ્રેમ પણ સારી રીતે વ્યક્ત કર્યો છે. પોતાના વતન ચોગઢમાં તેમના મકાનની જમીનમાં ઉપાશ્રય બંધાવી આપી તેમાં રૂ. ૧૮૦૦૦ નો કુલ ખર્ચ તેમણે આપ્યો છે.

હાલમાં તેઓ નિવૃત્ત જીવન ગાળે છે. સાદાઇ, સ્વાશ્રય, સંસ્કાર પ્રેમ અને જ્ઞાનોપાસનાનો શુભ વારસો પોતાના ચારેય પુત્રોને આપી પોતે એક આદર્શ ગૃહસ્થ તરીકેનું જીવન જીવી રહ્યા છે. તેઓ મુલુન્દ શ્વે. મૂ. જૈન સંઘના પ્રમુખ છે. અને ધાર્મિક શિક્ષણ અને પાઠશાળાઓની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લઇ રહ્યા છે.

તેમના જીવન ચરિત્રની 'એક ભાગ્યવાન વ્યાપારી' નામની પુસ્તિકા સામુદ્રિક ભૂષણ શ્રી શંકરરાવ કરંદીકરે હિંદીમાં તથા મરાઠીમાં પ્રકાશિત કરેલી છે, એમાં એમના જીવનની સુંદર ગૌરવગાથા હસ્તરેખાના અનુભવપૂર્વક દેખાડેલી છે.

આવા જ્ઞાન અને દાનના ઉપાસક સંસ્કાર પ્રેમી ગૃહસ્થનો પેટ્રન તરીકે આ સભાને સાથ મળ્યો છે તે બદલ આ સભા પોતાનો આનંદ વ્યક્ત કરે છે અને તેમનો આભાર માને છે.

આ સભાના માનવંતા નવા પેટ્રન

શેઠશ્રી હરગોવીન્દદાસ રામજીભાઈ

ચિકાગો-વિશ્વધર્મપરિષદમાં ગયેલા ભારતીય પ્રતિનિધિઓ



ડાબી બાજુથી : શ્રી નરસિંહાચારી, શ્રી લક્ષ્મીનારાયણ, સ્વામી વિવેકાનંદ, એચ. ધર્મપાલ (સીલોન), શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

ચિકાગો—વિશ્વધર્મપરિષદનું એક દ્રશ્ય



વર્ષ : ૬૧ મું] રપમી ઓગષ્ટ-સપ્ટેમ્બર ૧૯૬૪ [અંક ૧૦-૧૧

ક્ષ....મા

જો કોઈની પણ સાથે કલહનો પ્રસંગ બન્યો હોય તો તત્કાળ ક્ષમા માગીને તથા ક્ષમા આપીને મનુષ્યે શાંત થઇ જવું જોઈએ પછી ભલે સામાની ઈચ્છા હોય તો આપણો આદર-સત્કાર કરે, આપણા સાથે બોલે, આપણા સાથે ભોજન-સહવાસ આદિનો વ્યવહાર રાખે અને સામાની ઈચ્છા ન હોય તો ભલે આમાંનું કાંઈ પણ ન કરે. અરે! સામાની ઈચ્છા હોય તો ભલે આપણને ક્ષમા આપે અને સામાની ઈચ્છા ન હોય તો ભલે આપણને ક્ષમા ન આપે. જે ક્ષમા આપે છે અને ક્ષમા માગે છે તે સાચો આરાધક છે અને જે આ પ્રમાણે કરતો નથી તે વિરાધક છે માટે સામો માણસ શું કરે છે અને શુ કરશે તેનો વિચાર ત્યજી દઈને આપણે જ ક્ષમા માગીને અને ક્ષમા આપીને શાંત થવુ જોઈએ, કારણ કે ક્ષમા માગવી અને ક્ષમા આપવી એ જૈન શાસનનો સાર છે.

ભગવાન ભદ્રબાહુસ્વામી

ધર્મનો માપદંડ

દુનિયામાં દરેક વસ્તુને માપવાના દંડ હોય છે. થર્મોમિટરથી તાવને માપી શકાય છે. વસ્ત્રને ગજથી માપવામાં આવે છે. અનાજનો તોલ ત્રાજવાથી થાય છે. આમ દરેક વસ્તુને તેના માપદંડથી માપી શકાય છે. ત્યારે જીવનમાં ધર્મને માપવા માટેનો પણ માપદંડ હોવો જોઇએ. દુનિયામાં ધર્મ—ધર્મ તો સૌ એકી અવાજે પોકારી રહ્યા છે. પણ જીવનમાં ધર્મ સાચા અર્થમાં પરિણમ્યો છે કે નહીં તે જોવાની ખાસ જરૂર છે. માનવી પોતાના દુશ્મનનું પણ જ્યારે મનથી પણ ખરાબ ન ચિંતવે ત્યારે સમજવું કે તેના જીવનમાં ધર્મ પરિણમ્યો છે. જગતમાં અનંતા જીવો છે, તે દરેક જીવો સાથે માતા-પિતા-ભાઇ-ભગિની તરીકેના સંબંધો અનંત વાર થઇ ચુકયા છે. તેમાં પૂર્વના વેર ભાવને કારણે કોઈ જીવને આપણી તરફ દ્વેષ ભાવ પણ ઉત્પન થાય તો પણ સમજણના ઘરમાં આવ્યા પછી આપણે તેવા જીવો તરફ મૈત્રી ભાવ રાખવો જોઇએ, મૈત્રી ભાવ એજ ધર્મને માપવાનો માપ દંડ છે ધર્મ આત્માની સાક્ષીમાં છે, લોકસાક્ષીમાં ધર્મ નથી, લોકરંજન માટે કરાતા ધર્મની કિંમત કૂટી બદામ જેટલી પણ નથી. આત્મા જ આત્માને ખરા સ્વરૂપમાં જાણી શકે છે, પોતે શુભ ભાવમાં છે તે બીજા કયાંથી જાણી શકે? પોતે સામાયિક લઇને બેઠો હોય એટલે બીજા એમજ માને કે ભાઈ અત્યારે ધર્મ કરે છે, પણ સામાયિકમાં પણ પોતાના અંતરના પરિણામ કેવા છે તે પોતે જાણી શકે, કાં સર્વજ્ઞ જાણી શકે. કોઇને દાન કરતો જોઇને બીજા તો એમ જ માને કે આ ધર્મ આચરે છે, પણ પોતે દાન કયા પ્રકારના આશયથી કરે છે તે બીજા કયાંથી જાણી શકે? લક્ષ્મી ઉપરની મૂર્છા ઉતારવાના ધ્યેયથી કરે છે કે કીર્તિના ધ્યેયથી કરે છે તે પોતાના આત્મા સિવાય કોઇ જાણી શકે નહીં માટે ધર્મ આત્માની સાક્ષીમાં છે. સામાયિક સમતાભાવના ધ્યેય પૂર્વકનો હોય અને દાન લક્ષ્મી ઉપર મૂર્છા ઉતારવાના ધ્યેયપૂર્વકનું હોય તોજ તે ધર્મ છે.

ધર્મના ગમે તેવા મહાન અનુષ્ઠાનમાં જોડાયેલા હોય પણ અંતરના શુભ પરિણામ વિના બહારમાં કયાંય ધર્મ નથી. આત્માએ તેવા જ સત્કર્મ આચરવા જ જોઇએ કે જે ભવોભવમાં આત્મા માટે હિતકારક થાય. જીવ ઘણીવાર ધર્મના અનુષ્ઠાન આદિ કરતો હોવા છતાં પોતાની અનાદિની ચાલ બદલતો નથી. નિંદા, કુચલી, વિષય, કષાય એજ અનાદિ કુચાલ છે. કુપથ્યના ત્યાગ વિના જેમ દવા ગુણકારક નીવડતી નથી તેમ અનાદિની ચાલ બદલ્યા વિના ધર્મના અનુષ્ઠાન પણ આત્મા માટે ગુણકારક નીવડતા નથી. અવળી પકડે શસ્ત્ર જેમ પકડનારનો ઘાત કરે છે તેમ વિપરીત આશયથી આરાધેલો ધર્મ ઘણુ આત્માનો ઘાત કરે છે. માટે સાચી સમજણપૂર્વક શુદ્ધ આશયથી સૌ ધર્મ આરાધે એજ ભાવના.

મુ. શ્રી ભુવનવિજયજી મહારાજના પ્રવચનમાંથી

પર્યુષણ પર્વ—આત્મનિરીક્ષણનું મહાપર્વ

લેખક : પ્રિન્સી. જિતેન્દ્ર જેટલી એમ. એ.

વિશ્વના પ્રત્યેક સમાજમાં જુદા જુદા પ્રકારના અનેકપર્વો ઉજવાતા રહે છે અને તે દ્વારા તે તે સમાજ, પોતાના, રોજીંદા, વ્યવહાર ઉપરાંત બીજાં વિધિવિધાનો પણ કરતો રહે છે. આ પર્વોમાં કેટલાં-એક પર્વો સમાજને એકીસાથે એક રથળે એકત્ર થઈ આનંદ મેળવવા માટે હોય છે. વળી કેટલાંએક પર્વો ધાર્મિક વિધિવિધાનોનાં હોય છે, જ્યારે કેટલાંએક પર્વો સમાજના અમુક ભાગને નહિ પણ સમસ્ત રાષ્ટ્રને માટેના રાષ્ટ્રીય પર્વો હોય છે.

આપણા દેશમાં પણ આવાં અનેક પ્રકારનાં પર્વો છે. આમાંનાં કેટલાંએક પર્વોના અંતે મેળાઓ થાય છે. અને એ નિમિતે લોકો એકઠા થઇ અનેક પ્રકારના સાંસારિક આનંદો મેળવવાનો પ્રયત્ન કરે છે. દા. ત. હિંદુઓમાં, હોળી તથા દિવાળીના તહેવારો તેમજ શ્રાવણમાસમાં આવતા સાતમ-આઠમ-નોમના તહેવારો. ધાર્મિક તહેવારોમાં હિંદુઓના રક્ષાબંધનના તહેવારૂ કે શ્રાવણીના તહેવારો, ઉપરાંત બીજા અનેક એકાદશી વગેરે તહેવારો આ પર્વો ગણાતી શકાય. આજ રીતે મુસલમાનોનાં ધાર્મિક તહેવારોમાં રમજાન માસમાં રખાતા ઉપવાસો તથા આનંદના તહેવારોમાં ઇદ, તથા ઉરસના મેળાઓ વગેરે છે. પારસી તથા ખ્રિસ્તીઓમાં તેમજ બીજા સમાજોમાં પણ આ રીતે જુદા જુદા તહેવારો અને પર્વો છે. આમાં બધાં પર્વોમાં ધાર્મિકભાવના જોડાએલી હોય છે. તેમ જ્યાં સાર્થક આનંદ પણ આ પર્વોમા ઉત્સવો દ્વારા મેળવવામાં આવે છે.

આવા અનેક ધાર્મિકપર્વો યા તહેવારો ઉપરાંત આપણા દેશમાં રાષ્ટ્રીયપર્વો પણ છે. જો કે આવા રાષ્ટ્રીયપર્વો અન્ય દેશામાં પણ ઉજવાય છે આપણે ત્યાં આવા રાષ્ટ્રીયપર્વોમાં અત્યારે મુખ્ય બે રાષ્ટ્રીય પર્વો છે. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ને રોજ આપણા દેશે સ્વતંત્રતા હાંસલ કરી માટે ૧૫મી ઓગસ્ટનો સ્વાતંત્ર્યદિન તથા ૨૬મી જાન્યુઆરીને રોજ પ્રજા સત્તાદિન. આપણા દેશના આ બે રાષ્ટ્રિય તહેવારો છે. જો કે આપણી રાષ્ટ્રિયભાવના અન્યદેશોની રાષ્ટ્રિયભાવનાની જેમ સ્વયંસ્ફુરિત ન હોવાને કારણે જે ઉત્સાહ અને આનંદથી આપણે આપણાં ધાર્મિકપર્વો ઉજવીએ છીએ એવા ઉત્સાહથી આ રાષ્ટ્રિયપર્વો નથી ઉજવતા પરંતુ એનું કારણ આપણી રાષ્ટ્રિયભાવનાની ત્રુટિ છે અને એ દૂર કરવી એ રાષ્ટ્રની પ્રત્યેક વ્યક્તિની ફરજ બને છે.

આવાં ધાર્મિક, સામાજિક તથા રાષ્ટ્રિયપર્વો ઉપરાંત આપણે ત્યાં આધ્યાત્મિક પર્વો છે. આવાં પર્વોમાં ધાર્મિક વિધિવિધાનો કે મેળાનો આનંદ મેળવવાનો નથી હોતો પણ માણસે પોતાના ઉન્નતિ કેમ થાય એનો વિચાર કરવાનો હોય છે. આપણા દેશમાં ચોતરફ વ્યાપી, સંખ્યા બળમા અલ્પ છતાં દૃઢ એવા જૈન ધર્મનાં બધા પર્વો યા તહેવારો આ રીતે જોતાં એ માત્ર ધાર્મિક વિધિ વિધાનોનાં પર્વો નહિ પરંતુ આધ્યાત્મિક પર્વો છે. જૈન-ધર્મના આવા આધ્યાત્મિક પર્વોમાંનું એક મહાન આધ્યાત્મિક પર્વ એ પજુસણ, પર્યુષણ યા પર્યોપાસનનું સંવત્સરિક મહાપર્વ છે. આ પર્વનું આખુ હૃદય તપાસતાં સહેજે જણાઈ આવે છે કે નિવૃત્તિપરક જૈનધર્મે આ એક પર્વ આત્મ નિરીક્ષણનું પર્વ યોજ્યું છે. આ ધર્મ મૂળથી જ નિવૃત્તિપરક હોઈ મનુષ્ય-જન્મ સાર્થક કેમ થાય અને મનુષ્ય પોતાની રોજીંદી પ્રવૃત્તિમાંથી પણ સમય કાઢી નિવૃત્તિ તરફ-આત્મ કલ્યાણ તરફ કેમ જઈ એ મહેનું આ પર્વ છે બરાબર તપાસતાં જણાશે કે આ પર્વ એ આધ્યાત્મિક દૃષ્ટિએ આત્મનિરીક્ષણનું મહાન પર્વ છે.

આપણામાં કહેવત છે કે 'જ્યુલિયસ સીઝર જુએ પણ કહે.' અમ માણસ પોતે એક સામાજિક પ્રાણી હોઈ એ જેમ અનેક માનાં કામો કરે છે તે જ પ્રમાણે એની

ખરેખર એકદમ અશાંત છે. દેખાતા ભય અને આધારભૂત શંકાઓએ આજે વિશ્વની સામૂહિક ચેતનાને ક્રૂર બનાવી દીધી છે. તે સ્વભાવથી કોમળ હોવાં છતાં ય સંજોગોમાં સપડાઇને તે કઠોર બનવાને લાચાર બની ગઈ છે. મોટેથી તે શાંતિ સ્થાપવા માટેની વાતો કરે છે જ્યારે તેને માટે અત્યારે તો યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. અહિંસામાં તેનો વિશ્વાસ વધ્યો છે, પરંતુ હિંસામાં તેનું આકર્ષણ હજુ મટી ગયું નથી. આવો વિરોધાભાસ આજનાં યુગમાં આગળ તરી આવે છે. પરંતુ, તેટલા માત્રથી નિરાશ થવાનું કોઈ જ કારણ મને જણાતું નથી.

આખરે, સંઘર્ષ અને વિદ્રોહનાં આ સૂરો શું આત્માનાં સનાતન સૂરો છે ખરા? કોઈક વાર આ સૂરો વ્યક્તિગત ઊઠે છે તો ક્યારેક સામાજિક રીતે. હિંસા અને અહિંસાનો સંઘર્ષ–ખરેખર જન્મ–મરણનો સંઘર્ષ છે; અને ઉપનિષદ્‌ની પ્રાર્થનામાં પણ તેનું પ્રતિબિંબ જ છે. તેમાં કહ્યું છે "હે ભગવાન, તું મને અંધકારમાંથી પ્રકાશ તરફ, મૃત્યુમાંથી અમરતા તરફ અને જડમાંથી ચેતન તરફ લઇ જા." કદાચ આત્મવાદીઓની આ શ્રદ્ધા હતી. વિજ્ઞાનમાં માનનારો આ વાતને સામાજિક મૂલ્યમાં વિચારે છે.

વૈજ્ઞાનિક શોધખોળોએ માનવજીવનને આજે એટલું સુખી અને સાધનસંપન્ન બનાવી દીધું છે કે "વ્યક્તિગત મૃત્યુ"નો ભય હવે પહેલાં જેટલો રહ્યો જ નથી. પરંતુ, "સામૂહિક મૃત્યુ"નો ભય તેના પર તોળાઈ રહ્યો છે. આધુનિક માનવી ભલે અમરતાની ઇચ્છા રાખે, પરંતુ તે મૃત્યુથી બચવા માંગે છે તે જ સત્ય છે. આ મૃત્યુ, તેણે આજ સુધી જે સભ્યતાનો–વિજ્ઞાનનો વિકાસ કર્યો છે, તેને કારણે જ આવશે. મૃત્યુ હવે વ્યક્તિગત પ્રશ્ન નથી રહ્યો, પરંતુ સામાજિક પ્રશ્ન બની ગયો છે.

અને તેટલા જ માટે "જીવો અને જીવવા દો." તે સૂત્ર હવે વ્યક્તિગત નહિ, પરંતુ સામાજિક સૂત્ર બની ગયું છે માત્ર સામાજિક નહિ, પરંતુ રાષ્ટ્ર અને જાતનું આ આદર્શ–ધ્યેય બની ગયું છે. સત્‌અસ્તિત્વનો સિદ્ધાંત–આ સૂત્રનું બીજુ રૂપ જ છે. આજનાં હરણફાળ આર્થિક વિકાસે તથા રાજનૈતિક પ્રક્રિયાઓએ આજે વ્યક્તિનાં દ્વેષ અને ક્રોધને હવે સામાજિક બનાવી દીધાં છે; તેટલા માટે તે બધાં પર હવે નિયંત્રણ પણ સામાજિક ક્ષેત્રે જ શકય છે.

તે દૃષ્ટિથી 'પર્યુષણ' પર્વનું સામાજિક મૂલ્યાંકન ખરેખર મહાન છે. આત્મશુદ્ધિની સાથે સાથે જ પર્યુષણ, જો સામાજિક શુદ્ધિ અને તેનાં મૂલ્યાંકનમાં પરિવર્તનની પ્રેરણા આપી શકે તો તેનાથી વધારે સાર્થકતા પર્યુષણની શું હોઇ શકે?

અનુવાદકઃ–કૈલાશચંદ્ર રતિલાલ
બી. ઈ. સીવીલ–સાણંદવાળા.

મારી સમસ્યા

આનન્દ માટે સર્જેલી કલ્પનાની દુનિયાને, હું વાસ્તવિકતામાં લાવવાનો મિથ્યા પ્રયત્ન કદી નથી કરતો, કારણ કે કલ્પના મને વાસ્તવિકતા કરતાં વધારે આનન્દ અને સ્વેચ્છા અર્પે છે: કલ્પનાને વાસ્તવિક બનાવવા જતાં એનો ઊર્ધ્વગામી આત્મા મરી જાય છે. તેવી જ રીતે વાસ્તવિકતાને હું કલ્પનાની દુનિયામાં નથી લઇ જતો કારણ કે એથી વાસ્તવિકતા નક્કર મટી પોલી બની જાય છે. એટલે કલ્પના અને વાસ્તવિકતા–એ બન્ને દુનિયા મારે મન ભિન્ન છે. કલ્પનાને સ્થાને કલ્પના જ હોય અને વાસ્તવિકતાને સ્થાને વાસ્તવિકતા હોય, આ રીતે મારે બે પાંખો છે. એક કલ્પનાની અને બીજી વાસ્તવિકતાની. કલ્પનાદ્વારા હું અફાટ આકાશમાં ઊડી શકું છું ને વાસ્તવિકતાદ્વારા પુનિત વસુંધરા પર ચાલી શકું છું. આ જ મારા જીવનની સમસ્યા છે.

દર્શન અને ધર્મ

મૂળ લેખક (હિન્દીમાં) : પં. કૈલાશચંદ્ર શાસ્ત્રી

દર્શન અને ધર્મ વચ્ચેનો સંબંધ અવિચ્છેદ્ય છે. પ્રસિદ્ધ દાર્શનિક ડૉ. ભગવાનદાસના શબ્દોમાં તો 'ધર્મની પરાકાષ્ઠા'નું નામ જ દર્શન છે' ('દર્શનનું પ્રયોજન' પૃ. ૫૦) એકલા માટેજ ભારતવર્ષમાં દર્શન શાસ્ત્રનું જેટલું સન્માન થયું છે એટલું બીજા કોઈ પણ દેશમાં નથી થયું, કારણ કે ભારત પ્રથમથી જ ધર્મપ્રધાન દેશ રહ્યો છે. દર્શન ભારતીયજીવનનું મસ્તિષ્ક છે તો ધર્મ એનું હૃદય છે. દર્શનશાસ્ત્રે નિશ્ચિત કરેલાં આધ્યાત્મિકતત્ત્વો પર જ ભારતીય ધર્મોની ઇમારત ખડી કરવામાં આવી છે. કહેવત છે કે—જેવો વિચાર તેવો આચાર. બ્રાહ્મણધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ. ભારતના આ ત્રણ મુખ્ય ધર્મોના આચારો અને વિચારોનું અધ્યયન કરવાથી એ વાત સ્પષ્ટ થાય છે

પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની અને અધ્યાત્મવેત્તા જૈનાચાર્ય કુંદકુંદે પોતાના ત્રણ ગ્રંથોમાં ધર્મનાં ત્રણ લક્ષણો આપ્યાં છે. એકમાં કહ્યું છે—દંસણમૂલો ધમ્મો—દર્શન જ ધર્મનું મૂળ છે. બીજામાં કહ્યું છે—વત્થુસહાવો ધમ્મો—વસ્તુનો સ્વભાવ એજ ધર્મ છે. ત્રીજામાં કહ્યું છે—ચારિત્તં ખલુ ધમ્મો—ચારિત્ર આચાર જ ખરેખર ધર્મ છે. આ ત્રણે લક્ષણો પ્રસ્તુત વિષયપર તીવ્ર પ્રકાશ પાડે છે અને બતાવે છે કે દર્શન અને ધર્મ બંને અલગ નથી પણ એક વસ્તુના બે પાસાં માત્ર છે, અને લક્ષ્યપર પહોંચ્યા પછી તો એ બંને પાસાંઓ પણ બે ન રહેતા એક બની જાય છે અને ત્યારે દર્શન એજ ધર્મ અને ધર્મ એજ દર્શન થઈ જાય છે.

લગભગ બધાં ભારતીય દર્શનો એ વિષયમાં એક મત છે કે દુઃખનું નિવારણ અને સુખની પ્રાપ્તિ એ એની પ્રબળ જિજ્ઞાસાએજ દર્શનોનું સર્જન કર્યું છે. જ્યારે મનુષ્ય જુએ છે કે મૃત્યુમાંથી કોઈનો છુટકારો થતો નથી, જે જન્મે છે તે મરે જ છે, જીવનભર સુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવા છતાં પણ સાચું અને સ્થાયી સુખ નથી જ મળતું, જે વસ્તુ આજે સુખકર પ્રતીત થાય છે એજ કાલે દુઃખકર થઇ પડે છે, ત્યારે તે એ રહસ્યનો ભેદ ખુલ્લો કરવા માટે તત્પર બને છે અને જ્યારે એને ખાતરી થાય છે કે હું અમર છું, મારું અસ્તિત્વ કોઈ અન્યને આધીન નથી, સાચું અને સ્થાયી સુખ મારી પોતાની અંદર જ અસ્તિત્વ ધરાવે છે, પોતાની જાતને જ જાણવાથી અને પોતાનામાં જ લીન થઈ જવાથી એ સુખ મેળવી શકાય છે ત્યારે તે પોતાના સાધ્યને નિશ્ચિત સ્થિર કરીને તેની સાધના પાછળ લાગી જાય છે. સાધ્યનું વિવેચન દર્શનશાસ્ત્રનો વિષય છે અને સાધનનું વિવેચન ધર્મશાસ્ત્રનો વિષય છે. એટલે જેમ સાધ્યને જાણ્યા વગર સાધન માર્ગનો અંગીકાર કરવો વ્યર્થ છે અને સાધન માર્ગને અપનાવ્યા વગર સાધ્યનું માત્ર જ્ઞાન નિરર્થક છે તેમ જ રીતે ધર્મશૂન્ય તત્ત્વનું કેવળ દર્શન વ્યર્થ છે અને દર્શનહીન કેવળ ધર્માચરણ નિરર્થક છે. તેથી પ્રારંભિક દશામાં ધર્મ અને દર્શન પરસ્પર પૃથક છે, પરંતુ અંતે તો બંને એકતામાં જ પરિણમે છે.

દર્શનની ઉપયોગિતા: ઉક્ત વિવેચન વાંચ્યા બાદ દર્શનની ઉપયોગિતાના વિષયમાં કોઈને સંદેહ રહેવો જોઈએ નહીં. પરંતુ આ આધુનિક યુગમાં, કે જ્યારે અધીતા જીવનનું પ્રધાન લક્ષ્ય અર્થ જ બની બેઠેલ છે ત્યારે આત્મા અને પરમાત્માનું ચિંતન કરવું કોને રુચિકર લાગે? આજના યુગનો આત્મા તો ધન, વસ્ત્ર અને ભોગવિલાસની વિવિધ સામગ્રીમાં છે અને પરમાત્મા પૈસામાં છે પ્રત્યક્ષ સમક્ષ. દાર્શનિકો કેવળ

પરમાત્મા વિશે ઝગડો કરતા કે જેને કોઇએ જોયો નથી. પણ આજના રાષ્ટ્રનાયકો એવા પરમાત્મા પાછળ ઝગડે છે કે જેને જોઇને રોતાં બાળકો પણ હસવા માંડે છે! કહેવત છે यथा राजा तथा प्रजा। એટલે પ્રજા પણ એ જ પરમાત્માની શોધમાં તલ્લીન છે. 'વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો' એ જ આજના યુગનો મહામંત્ર છે એની જ આરાધના કરતાં કરતાં લોકો સ્વર્ગે સિધાવે છે. એ બિચારાંઓને સ્વપ્નમા પણ એ વાતની જાણ નથી હોતી કે આત્મા નામની પણ કોઈ ચીજ આ દુનિયામાં હોય છે. રહી પરમાત્મા, તો એને તો આજના વિજ્ઞાનવાદીઓએ જડમૂળથી જ સાફ કરી નાખ્યો છે.

એક વાર મારે એક રોગીનો 'એકસરે' લેવડાવવાનો હતો. એ સમયે આજનાં જેવાં સાધનો નહોતાં. રોગીને ટેબલપર સુવાડીને એના ઉપર એક યંત્ર ગોઠવીને ફોટો ખેંચવામાં આવતો. હું એ યંત્રની તદ્દન નજીક પહોંચી ગયો તરત અંગ્રેજ ડોક્ટરે મને ચેતવતાં કહ્યું—"દૂર રહેજો, આ તમારો પરમાત્મા છે, તરત જ તમને પોતાની પાસે બોલાવી લેશે." આજના વૈજ્ઞાનિકો એવા પરમાત્માઓને ધડાધડ તૈયાર કરવામાં પડ્યા છે કે જે ઉપરથી વરસીને મનુષ્યોને પોતાની પાસે બોલાવી લે.

આવી પરિસ્થિતિમાં પ્રાચીન યુગના દાર્શનિકોની આત્મા-પરમાત્માની ચિંતામા પડવાનું કોણ પસંદ કરે? વળી બધા દાર્શનિકો વચ્ચે મતૈક્ય પણ નથી. બધા પોતપોતાના મતને સાચો ગણાવવામાં પડ્યા છે. વૈદિક દર્શનો જ લ્યો-વેદને આધારરૂપ માનતાં હોવા છતાં પણ એમની વચ્ચે ઘણો મોટો મતભેદ છે. બધાંનાં મૌલિક તત્ત્વોમાં પણ સમાનતા નથી. એટલે તો કહ્યું છે કે—

"તર્કોઽપ્રતિષ્ઠઃ શ્રુતયો વિભિન્નાઃ,
નૈકો ગુરુર્યસ્ય વચઃ પ્રમાણમ્ ॥"

તર્ક અનિશ્ચિત છે—એની દ્વારા સત્યને અસત્ય અને અસત્યને સત્ય સિદ્ધ કરી શકાય છે. શ્રુતિઓ પણ વિભિન્ન છે—બધાં શાસ્ત્રોમાં પણ મતૈક્ય નથી એવો કોઇ એક ગુરુ પણ નથી કે જેનું વચન પ્રમાણરૂપ હોય.

દર્શનશાસ્ત્ર વિશે આજના યુગનો લોકોની આ અનુપપત્તિઓ છે કે જે વિચારણીય છે.

ભારતીય દર્શનોના શ્રેણી-વિભાગ:—

પ્રચલિત પદ્ધતિ પ્રમાણે ભારતીય દર્શનોના બે મુખ્ય વિભાગ પાડવામાં આવે છે—એક આસ્તિક દર્શન અને બીજાં, નાસ્તિક દર્શન. જે દર્શનો વેદનું પ્રામાણ્ય સ્વીકારે છે. તેમની ગણના આસ્તિક દર્શનોમાં કરવામાં આવે છે એવાં દર્શનો મુખ્યત્વે છ છે—સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા. જે દર્શનો વેદના પ્રામાણ્યનો સ્વીકાર નથી કરતાં, તેમની ગણતરી નાસ્તિક દર્શનોમાં કરવામાં આવે છે. એવાં દર્શનો ત્રણ છે-જૈન, બૌદ્ધ અને ચાર્વાક. પરંતુ ભારતીય દર્શનોનો આ શ્રેણી વિભાગ બ્રાહ્મણ વિદ્વાનોએ કરેલો છે, અને 'नास्तिको वेदनिन्दकः'—જે વેદની નિંદા કરે તે નાસ્તિક. નાસ્તિક શબ્દની આ વ્યાખ્યા પણ તેમની જ દીધેલી છે. પાણિનિ સૂત્ર 'अस्ति-नास्ति दिष्टमतिः।'—૪/૪/૬૦ ની વ્યાખ્યા કરતાં કાશિકાકારે "परलोकोऽस्तीति यस्य मतिः स आस्तिकः तद्विपरीतो नास्तिकः" —જે પરલોકને માને તે આસ્તિક, અને જે ન માને તે નાસ્તિક-એવી જ વ્યાખ્યા નાસ્તિક અને આસ્તિક શબ્દની કરી છે. ભટ્ટોજી દીક્ષિત આદિએ પણ કાશિકાકારનું જ અનુસરણ કર્યું છે.

આ વ્યાખ્યા અનુસાર જૈનદર્શન બીજાં આસ્તિક દર્શનોની જેમ જ કટ્ટર આસ્તિક દર્શન ઠરે છે. કારણ કે એ આત્મા પરલોક અને મુક્તિ વગેરેનું પ્રચંડ પક્ષપાતી છે. બૌદ્ધ દર્શનમાં જો કે આત્મા નામનું કોઈ સ્વતંત્ર તત્ત્વ નથી તો પણ પરલોક અને નિર્વાણ વગેરેને તે પણ માને છે. એટલે એક ચાર્વાક દર્શન સિવાય બાકી બધાં ભારતીય દર્શનો આસ્તિક

છે. તેથી ભારતીય દર્શનોનો ઉક્ત શ્રેણી-વિભાગ કેવળ સંપ્રદાયકપરક છે.

વાસ્તવમાં એના શ્રમણદર્શન અને બ્રાહ્મણદર્શન-એ પ્રમાણે જ બે વિભાગ થઇ શકે, કારણ કે પ્રાચીન કાળથી ભારતમાં બે પરંપરાઓ ચાલી આવી છે-એક શ્રમણ-પરંપરા અને બીજી બ્રાહ્મણ-પરંપરા. વેદવિરોધી દર્શનો શ્રમણ પરંપરાના અનુયાયી છે અને વેદાનુયાયી દર્શનો બ્રાહ્મણપરંપરાના. અથવા એમ કહેવું જોઇએ કે શ્રમણ દર્શન વેદના વિરોધી અને બ્રાહ્મણ દર્શન વેદના અનુયાયી છે. એથી જ પતંજલિએ મહાભાષ્યમાં શ્રમણો અને બ્રાહ્મણોનો શાશ્વત વિરોધ બતાવ્યો છે. એમણે येषां च विरोधः शाश्वतिक' એ સૂત્રની વ્યાખ્યા કરતા 'श्रमण-ब्राह्मणम्' એ ઉદાહરણ આપ્યું છે

શ્રમણપરંપરા અત્યંત પ્રાચીન શુદ્ધ ભારતીય પરંપરા છે, જે વૈદિક આર્યોના ભારતમાં આગમન પહેલાં પણ અહીં પ્રચલિત હતી. કેટલાય દેવતા અને કેટલાય વિચારો કે જે બ્રાહ્મણપરંપરાએ અપનાવ્યા છે તે મૂળમાં અવૈદિક હતા. વૈદિક કર્મકાંડ અને ઔપનિષદ જ્ઞાનમાર્ગ સાથે સંબંધ ન ધરાવતા અવૈદિક સંપ્રદાયો પ્રાચીન કાળમાં હતા. એમાંથી જ વૈષ્ણવ, શૈવ, શાક્ત કોરે સંપ્રદાયો ઉત્પન્ન થયા છે. વાસુદેવ (ભાગવત) સંપ્રદાયના વૈદિક માર્ગ સાથેના સમન્વયમાંથી જ ભગવદ્ ગીતાનો ઉદ્ભવ થયો છે.

કપિલના સાંખ્યનો પ્રાચીન સંપ્રદાય એક સમયે શ્રમણપરંપરાનો જ પ્રતિનિધિ હતો. એ ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર નથી કરતો. એટલે આજે શ્રમણપરંપરાના અનુયાયી માત્ર બે જ દર્શન છે. બાકીનાં દર્શન બ્રાહ્મણ દર્શન છે.

એ સત્ય છે કે આજનો યુગ અર્થપ્રધાન યુગ છે અને મનુષ્ય બાહ્યરૂપે અર્થ પાછળ પડયો છે તેમ જ અર્થને જ ઉપયોગિતાનો માપદંડ માની લેવામાં આવેલ છે. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે માનવ-સમાજની આ અર્થતૃષ્ણા એને વિનાશના માર્ગે જ લઇ જઇ રહી છે. પ્રાચીન યુગનું વિજ્ઞાન (દર્શન) મનુષ્યને અમરત્વનો સંદેશ આપીને એને ઉચ્ચતા પ્રદાન કરતું, પરંતુ આજનું વિજ્ઞાન એને મૃત્યુના મુખમાં ફેંકીને પતનના ગર્તમાં ધકેલે છે. પ્રાચીન યુગના વિજ્ઞાનનો સંદેશ છે કે આત્મનિર્ભરતણું, આત્મસંતોષ અને આત્મનિર્ભરતા જ મનુષ્ય-સમાજના સુખનું મૂળ છે. પરંતુ આજનું વિજ્ઞાન અસંતોષ, પરનિર્ભરતણું અને પરનિર્ભરતાનું શિક્ષણ આપીને એને જ સુખનું મૂળ સમજે છે. પરિણામરૂપે આજે તરફ યુદ્ધની ભયંકર ભીતિ જ્વાળ રહી છે, સો એકબીજાથી ભયભીત છે. આ પરિસ્થિતિ પ્રાચીન યુગના વિજ્ઞાન માટે આહ્વાન સ્વરૂપ છે. આધુનિક વિજ્ઞાનની સર્વાંગ બાહ્યમુખી પ્રવૃત્તિના ફળસ્વરૂપ જ્યારે સંપૂર્ણ જગત આ જડવાદના અતિરેકથી ત્રસ્ત થઇ જશે ત્યારે ભારતીય ઋષિ-મહર્ષિઓ અને તીર્થંકર-બુદ્ધોની અમર વાણીમાંથી વહેલ સુખશાંતિના સંદેશાઓ ક્ષત-વિક્ષત થઇ ગયેલ વિશ્વના અનેક ઘા ઉપર મલમનું કામ કરશે. વિજળીના આંજી નાખનાર પ્રકાશ પાસે ભલે આપણે દીપકની સુખદ જ્યોતિને ભૂલી જઇએ, કે જેનું કાજળ પણ દૃષ્ટિદાતા હોય છે-પરંતુ વિજળીનો પ્રવાહ અટકી જાય ત્યારે એ જ દીપકને આપણે શોધવા જઇએ છીએ અને એ જ આપણા અંધકારને હરે છે. આજના વિજ્ઞાનની ચમક-ચમકે જ આપણને અંધ બનાવી દીધા છે. ચમક દૂર થતાં જ્યારે આપણી આંખો ખુલશે ત્યારે આપણે ફરીથી એ દર્શન પ્રાપ્ત કરશું કે જેના વગર આધુનિક વિજ્ઞાન પણ અંધ છે. ઇશ્વર કરે અને પૌર્વાત્ય દર્શન અને પાશ્ચાત્ય વિજ્ઞાનનું જોડાણ થઇ જાય તો પંગુ અને અંધના મેળની જેમ એ સંયોગ વિશ્વ માટે અત્યંત હિતકર સિદ્ધ થાય.

હવે રહી વિવિધ દર્શનોના મતૈક્યની વાત. જ્યાં આત્મવાદી દર્શનો દર્શનશાસ્ત્રના મૂળ ઉદ્દેશ્યના વિષયમાં એકમત છે અને એ મૂળ ઉદ્દેશ્ય છે-આત્મદર્શન. જૈન-દર્શનમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રને મોક્ષનું કારણ માનવામાં આવેલ છે અને એ ત્રણેનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે.

दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः
स्थितिरात्मनि चारित्रं .....॥२१६॥ पुरुषार्थ०

(અનુસંધાન પૃ. ૧૮૫ પર)

સમદર્શિતા એટલે પદાર્થને વિશે ઇષ્ટઅનિષ્ટ બુદ્ધિ-રહિતપણું, ઇચ્છારહિતપણું, મમત્વરહિતપણું. સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગદ્વેષરહિત થવું તે ચારિત્રદશા છે. ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ, મમત્વ, ભાવાભાવનું ઉપજવું એ રાગદ્વેષ છે. આ મને પ્રિય છે, આ ગમે છે, આ મને અપ્રિય છે, ગમતું નથી એવો ભાવ સમદર્શીને ન હોય. સમદર્શી બાહ્યપદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવે વર્તે તેવા ભાવે દેખે, જણાવે પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિશે મમત્વ કે ઇષ્ટઅનિષ્ટપણું ન કરે.

આત્માનો સ્વાભાવિક ગુણ દેખવા જાણવાનો હોવાથી જ્ઞેયપદાર્થને જ્ઞેયાકારે જાણે, દેખે; પણ જે આત્માને સમદર્શીપણું પ્રગટ થયું છે, તે આત્મા તે પદાર્થને દેખતાં, જાણતાં છતા તેમા મમત્વબુદ્ધિ, તાદાત્મ્યપણું, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે. વિષમદૃષ્ટિ આત્માને, પદાર્થને વિશે તાદાત્મ્યવૃત્તિ થાય, સમદૃષ્ટિ આત્માને ન થાય.

કોઈ પદાર્થ કાળો હોય તો સમદર્શી તેને કાળો દેખે, જાણે, જણાવે. કોઇ શ્વેત હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ સુરભિ [સુગંધી] હોય તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઇ દુરભિ [દુર્ગંધી] હોય તો તેને દેખે, જાણે, જણાવે. કોઇ ઉંચો હોય, કોઇ નીચો હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. સર્પને સર્પની પ્રકૃતિ રૂપે દેખે, જાણે, જણાવે. વાઘને વાઘની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. ઇત્યાદિ પ્રકારે વસ્તુમાત્રને જે રૂપે, જે ભાવે તે હોય તે રૂપે, તે ભાવે સમદર્શી દેખે, જાણે, જણાવે. હેય (છાંડવાયોગ્ય)ને હેયરૂપે દેખે, જાણે, જણાવે ઉપાદેય (આદરવા યોગ્ય)ને ઉપાદેયરૂપે દેખે, જાણે જણાવે. પણ સમદર્શી આત્મા તે બધામાં મારાપણું ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ, રાગદ્વેષ ન કરે. સુગંધ દેખી પ્રિયપણું ન કરે; દુર્ગંધ દેખી અપ્રિયતા, દુગંછા ન આણે [વ્યવહારથી] સારૂં ગણાતું દેખી આ મને પ્રિય હોય તો ઠીક એવા ઇચ્છાબુદ્ધિ [રાગ, રતિ] ન કરે. [વ્યવહારથી] માઠું ગણાતું દેખી આ મને ન હોય તો ઠીક એવી અનિ-ચ્છાબુદ્ધિ [દ્વેષ, અરતિ] ન કરે. પ્રાપ્ત સ્થિતિ સંજોગમાં સારૂં-માઠું, અનુકૂળ-પ્રતિકૂળ, ઇષ્ટાનિષ્ટપણું, આકુળ-વ્યાકુળપણું ન કરતાં તેમાં સમવૃત્તિએ અર્થાત પોતાના સ્વભાવે, રાગદ્વેષરહિતપણે રહેવું એ સમદર્શિતા.

શાતા-અશાતા, જીવન-મૃત્યુ, સુગંધ-દુર્ગંધ, સુસ્વર-દુઃસ્વર, રૂપ-કુરૂપ, શીત-ઉષ્ણ આદિ આદિમાં હર્ષ-શોક, રતિ-અરતિ, ઇષ્ટ-અનિષ્ટપણું, આર્ત્તધ્યાન ન વર્તે તે સમદર્શિતા.

હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો પરિહાર સમદર્શીને વિશે અવશ્ય હોય. અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શીપણું ન સંભવે. સમદર્શિતા અને અહિંસાદિ વ્રતોને કાર્યકારણ, અવિનાભાવી અને અન્યો-ન્યાશ્રય સંબંધ છે. એક ન હોય તો બીજું ન હોય, અને બીજું ન હોય તો પહેલું ન હોય.

સમદર્શિતા હોય તો અહિંસાદિ વ્રત હોય. સમદર્શિતા ન હોય તો અહિંસાદિ વ્રત ન હોય. અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શિતા ન હોય. અહિંસાદિ વ્રત હોય તો સમદર્શિતા હોય. જેટલે અંશે સમદર્શિતા તેટલે અંશે અહિંસાદિ વ્રત અને જેટલે અંશે અહિંસાદિ વ્રત તેટલે અંશે સમદર્શિતા.

[આત્મસિદ્ધિ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક ૮૩૭]

---

* આત્મજ્ઞાન પામ્યા સિવાય સમદર્શીગુણ પ્રગટતો નથી. યથાર્થ સમ્યગ્દૃષ્ટિજ્ઞાનીને સમદર્શીપણું પ્રગટ્યું છે. તેને પૂર્વપ્રારબ્ધજનિત ચારિત્રમોહના ઉદયનિમિત્તે રાગાદિ થાય છે. તેથી તેટલા અંશે બંધ છે, પરંતુ તેમાં કર્ત્તવ્યબુદ્ધિ નહી હોવાથી સંસારનું કારણ નથી થતાં. આ જ કારણે સમ્યગ્દૃષ્ટિજ્ઞાનીને અબંધપરિણામી કહ્યો છે; આવું અદ્ભુત અપૂર્વ સમ્યગ્દર્શન છે.

તાત્ત્વિક અને વ્યાવહારિક દૃષ્ટિએ

'અનેકાંતવાદ' એટલે શું ?

મુનિશ્રી યશોવિજયજી

(કાલે માર્ક્સે કહ્યું છે કે સર્વ સમીક્ષાઓનું પ્રારંભસ્થાન જ ધર્મસમીક્ષા છે એ ન્યાયે ધાર્મિક કલ્પનાઓની સૂક્ષ્મતા ચર્ચાય એ ધર્મનું જ આવશ્યક અંગ ગણાય છે. ધર્મતત્ત્વ ચર્ચા અને આધ્યાત્મિક ચિંતનને સતત પોષતા આ લેખના લેખક મુનિશ્રી યશોવિજયજી પ્રજ્ઞાવંત, વિચારવંત અને ક્રિયાશીલ એવા જૈનતત્ત્વાગમોના ઊંડા અભ્યાસી છે. આ અનેકાંત-સાપેક્ષવાદ (Relativity)ને સમજાવતો લેખ આપણી વિવેકદૃષ્ટિ ખીલવવામાં મદદગાર થશે.)

અનેકાંતવાદની બે બાજુઓ છે. એક તાત્ત્વિક અને બીજી વહેવારિક, અહિંયા તેની વહેવારિક ઉપયોગિતા શું છે તે જણાવવાની અગત્ય હોવા છતાં તેની તાત્ત્વિક બાજુની કંઇક ઝાંખી કરી આગળ વધીએ.

ભારતીય વિદ્વાનોમાં જ્યારે દાર્શનિક ચર્ચાઓ જાગી પડી ત્યારે ભિન્ન ભિન્ન દર્શનકારોએ વિશ્વના પદાર્થોને અંગે જુદી જુદી માન્યતાઓ નિશ્ચિત કરી. જેમ કે,-કોઇએ આત્માને સર્વથા નિત્ય કહ્યો, તો કોઇએ સર્વથા અનિત્ય કહ્યો, કોઇએ ઇશ્વરને સર્વથા સત્ કહ્યો, તો કોઇએ તેને સર્વથા અસત્ તરીકે ઓળખાવ્યો. કોઇએ વિશ્વને સર્વથા સત્ કહ્યું તો કોઇએ સર્વથા અસત્ કહ્યું. પરિણામે અનેક વાદ-વિવાદો જાગી પડ્યા. શાબ્દિક ચર્ચાઓની ને દલીલોની સાઇમારીઓ શરૂ થઈ. મહાવીર ભગવાને જોયું કે, એ બધા 'સર્વથા' શબ્દનો પ્રયોગ જો ન કરે તો તે પોતપોતાના કથનમાં સાચા છે ને સદાગ્રહી છે. પરંતુ વસ્તુના સ્વરૂપને પૂર્ણ રીતે નહિ સમજવાના કારણે તેઓ વસ્તુને એકાંગી બનાવીને તત્ત્વવાદને ધર્મણવાદમાં ફેરવી અસત્વાદને જ પોષી રહ્યા છે, માનવ જાતના મસ્તિષ્કમાં બુદ્ધિનાં ભ્રમો ઊભાં કરી રહ્યાં છે. મહાવીર ભગવાને આને અટકાવવા માટે કહ્યું કે મહાનુભાવો ! તમે સત્યના શોધક બનો ! સાચી ગવેષણા કરો ! અને તત્પશ્ચાત્ તે ! અનુસરો ! તમારી એકાંતી બનેલી દૃષ્ટિને અનેકાન્તી બનાવો ! એમ કરશો તો જ તમારી સમજ આડો 'સર્વથા'નો કે 'જ' કારનો પડેલો, એકાંત આગ્રહી પડદો દૂર જશે. અને સત્યનો પ્રકાશ સ્વયં લાધશે. ત્યારે જ તમને સમજાશે કે પદાર્થ નિત્ય છે ખરો, પણ તે અનિત્ય પણ છે. સત્ છે ખરો તેમ અસત્ પણ છે. વળી પદાર્થ પરસ્પર વિરોધી ધર્મોનું આશ્રયસ્થાન પણ છે, વગેરે વગેરે. એવા ધર્મો એક નહિ પણ અનેક હોઈ શકે છે. દ્રવ્ય કે પદાર્થની ત્રૈકાલિક અવસ્થાઓ વિચારીએ તો તેમાં દૃશ્યાદૃશ્ય, પરસ્પર વિરોધી-અવિરોધી એવા અનેક પર્યાયો-ધર્મો-રૂપો કે અવસ્થાઓનું અવસ્થાન અવશ્ય ભાવિ હોય છે.

આવી પરિસ્થિતિમાં તમે વિવક્ષિત એક પદાર્થ-દૃશ્યમાન એકાદ ધર્મનો સ્વીકાર કરી અન્યનો જો તિરસ્કાર કરો તો ખરેખર તમો અન્ય ધર્મોનો અહિષ્કાર જ પોકારો છો કે જે ધર્મોનું પ્રગટ કે અપ્રગટપણે અસ્તિત્વ અવશ્ય હોય છે. અસ્તિત્વ ધર્મનો અપલાપ કરીને કરેલો નિર્ણય અસત્ છે; માટે નિત્યાનિત્ય, સદસત્, ભેદાભેદાદિ ધર્મનો સ્વીકાર કરવો જ જોઇએ.

જેમ કે,-આત્મા દ્રવ્યથી નિત્ય છે, કેમ કે તેનો કદિ વિનાશ નથી. પર્યાય અથવા અવસ્થા ભેદથી અનિત્ય છે, કેમ કે અવસ્થાઓનું પરાવર્તન થયા કરે છે. એ જ રીતે અન્ય દ્રવ્યો માટે વિચારવા કહ્યું. આ માટે જ તેમણે 'અનેકાન્ત' નામનો વાદ આપ્યો. જે વાદ પદાર્થના પૂર્ણ સત્યને માપવાનો માપદંડ છે, જૈન દર્શનનો પ્રાણ છે અને અનેક દાર્શનિકવાદોની-એક યા બીજી રીતે-આધાર-શિલા છે.

આ તો અતિ સંક્ષેપમાં તાત્ત્વિક બાજુનું નિદર્શન કરાવ્યું.

કેટલાક માણસો સ્યાદ્વાદને 'આમે પણ હોય અને તેમે પણ હોય,' 'આમે થાય અને તેમે થાય' એમ કહીને આ વાદને અનિશ્ચિતવાદ કે સંશયવાદ એવું ઉપનામ આપે છે. પણ ખરી રીતે આ વાદ નિશ્ચિત અ- નિશ્ચક -કોટિનો વાદ નથી ને નથી જ. કેટલાક અનેકાન્તનું પૂર્ણ સ્વરૂપ ન સમજવાના કારણે તેને 'અનેક મતોનો સરવાળો,' 'ખીચડિયોવાદ કે શબ્દભેળાવાદ' કહીને પણ વગોવે છે પરંતુ તે ય કથન સત્યથી તદ્દન વેગળું છે. કારણ કે તે કંઇ સત્યને અસત્યમાં અને અસત્યને સત્યમાં ફેરવી નાખતો નથી. સતને અસત્ અને અસત્ને સત્ કહેતો નથી. પરંતુ આ અનેકાંતમતની અંતર્ગત રહેલા સત્યના અનેકાન્તાત્મક સ્વરૂપને પ્રગટ કરી સહુની સાથે સંગતિ શોધતો વાદ છે. અનેકાંતમત સત્યના અનેકાન્તાત્મક સ્વરૂપ ઉપર જ આધારિત છે. અનેકાન્તની એ ખાસિયત છે કે તે પ્રતીત થતા કોઇ પણ સત્યને સ્વીકારવામાં માને છે, નહિ કે ફગાવી દેવામાં. આ વાદ બીજાનુ એકાએક ખંડન કરવામાં કે ઊતારી પાડવામા રાચતો નથી. તે કહે છે કે ભાઈ! કોઈ વસ્તુ કે વિચારમા એકાન્તિક આગ્રહ મિથ્યા છે, અસત્ છે, તારે પ્રત્યેક વસ્તુ કે વિચારના અનેક 'અન્ત' સુધી પહોંચવું જોઇએ પદાર્થ કે વિચારની એક જ બાજુ નિહાળી નિશ્ચિત મત બાંધી લેવો ન જોઈએ, પણ તેની તમામ બાજુ કે તમામ પાસાં તપાસવાં જોઇએ, અને એ બધાંયને એકત્રિત કરી સાપેક્ષ દૃષ્ટિ રાખી કરેલો નિર્ણય જ સમ્યક્, સત્ કે સાચો ઠરે છે. આ રીતે નિર્ણય લેનાર જ એકાંતી નહિ પણ સાચો અનેકાંતી કહેવાય છે. અનેકાન્તવાદનો ચરમ આદર્શ આત્માની મૂળભૂત સ્વતંત્રતા પ્રાપ્ત કરી, અખંડ શાંતિ સુખ આનંદની પ્રાપ્તિનો છે. અર્થાત્ તેનું અંતિમ ધ્યેય સંસારનો મોક્ષ કરવાનું છે. પણ તે ત્યારે જ શક્ય બને કે શાસ્ત્રનાં પાનાં પર લખાયેલા અનેકાન્તને પ્રત્યક્ષ જીવનમાં ખેંચી લાવીએ અને જીવનમાં વણી લઇએ. પણ આ વાદનો ઉપયોગ માત્ર વાદ-વિવાદ કે બુદ્ધિની કસરત પૂરતો જ કરવાનો હોય, કે દુન્યવી પદાર્થોનું સ્વરૂપ જાણવા પૂરતો જ સીમિત રાખવાનો હોય તો તેવી કોઈ વિશેષ લાભ નહિ સર્જાય, એને તો જીવન અને કાર્યમાં પરિણત કરવો જોઇશે. ખરી રીતે જોઇએ તો અનેકાન્તપણાનુ પ્રતિબિંબ આપણા જીવનના વિચાર, વાણી, વર્તનમાં સતત પડતું જ હોય છે. પણ તેને જોવા--જાણવાની દૃષ્ટિના અભાવે આપણને તેનું ભાન નથી હોતું. આ દૃષ્ટિ વિકસિત અને અભિનવ સ્વરૂપ પ્રાપ્ત કરે, એ માટે ભગવાન મહાવીરે અનેકાન્તનું અંજન આપ્યું અને જાહેર કર્યું કે,-જો માનવી આ અંજનને પ્રતિદિન આંજતો રહે તો તેનાં જીવનમાં ભવ્ય અને દિવ્ય સૂર્યોદય પ્રકાશિત બને, આત્મા કોઈ અનેરા આનંદને અનુભવે!

કોઈ પણ પદાર્થને અનેક બાજુઓ હોય છે એમ કોઇ પણ વિચારને અનેક દૃષ્ટિબિંદુઓ હોય છે. અનેકાંતની તાત્ત્વિક વિચારણા પ્રસંગે પદાર્થની બાબતમાં જેમ સમજી આવ્યા, તેમ વિચારવાની બાબતમાં પણ કંઈક સમજી લઇએ.

પદાર્થની જેમ વિચારને પણ અનેક પાસાં હોય છે. એ બધી અપેક્ષાઓને જો ન સમજીએ તો કોઇ પણ વિચાર અમુક કારણે સંપૂર્ણ સાચો જ છે, કે સંપૂર્ણ ખોટો છે એમ સ્વીકારી લઇએ. અને આમ એકાંગી નિર્ણય કરી બેસીએ તો અપૂર્ણ સત્યોની હારમાળા ખડી થઈ જાય અને તે બુદ્ધિ અને કાર્યમાં વિસંવાદો જગાડે. અનેક ધર્મોને જન્મ આપે ને પરિણામે એ ધર્મોના વર્તુળો જો વિગટ થતાં જાય તો વિશ્વને આવરીને મહાન અશાંતિ પણ ઊભી કરે. એવું ન થાય માટે અનેકાન્તવાદ-જે સ્યાદ્વાદ કે સાપેક્ષવાદથી પણ ઓળખાય છે, તે માનવીને એક વિવેકદૃષ્ટિ આપે છે તે કહે છે કે ભાઈ! વ્યક્તિના વિચાર, વાણી કે વર્તનમાં અમુક અપેક્ષાએ સત્યના અંશો પણ હોય છે, તે રીતે અસત્યના અંશો પણ હોય છે. દરેકમાં સર્વથા સત્ય જ હોય એમ નથી હોતું. સ્ત્રીને તેના પતિની દૃષ્ટિએ પત્ની કહેવી એ જેમ સાચું છે, તેમ તેના પુત્રની દૃષ્ટિએ માતા કહેવી તે પણ એટલું જ સાચું છે. તાત્પર્ય એ કે-પત્નીત્વ માતૃત્વ બને (અથવા અનેક) ધર્મો એક વ્યક્તિમાં

પ્રભવિત બને છે. બીજો દાખલો લઇએ તો–એક પુત્રનો પિતા તેના પુત્રની દૃષ્ટિએ પિતા અને બીજા સગપણોની દૃષ્ટિએ કાકો, મામો, ભાઈ પણ હોય છે માટે જ 'આ આમ જ છે કે આમ થવું જ જોઇએ' એવો જકાર વાપરીને વહેવાર કરવાની વાત અનેકાન્તની દૃષ્ટિને સ્વીકાર્ય નથી. તે એકાન્તિક બનવાની કે દુરાગ્રહી થવાની નિતાન્ત ના પાડે છે વળી તે કહે છે કે ભાઈ, એક જ સત્ય અનેક રૂપે પ્રગટ થતું હોય છે, માટે તારે તેના અનેક સ્વરૂપોને માન્ય રાખવાં જ જોશે. ભલે તે વિરોધીરૂપે પણ હોય !

વહેવારમાં જોઇએ તો વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર કશું પૂર્ણ સત્યને વરેલાં નથી હોતાં, પણ સત્યનાં અંશને તો તે વરેલાં હોય છે. તેથી તેટલે અંશે તે સાચાં હોવાથી જો બધાય અંશોનો અપેક્ષિત આદર કરીએ તો પૂર્ણ સત્ય જન્મ પામે. માટે જ આ સિદ્ધાંત સાચો અને પૂર્ણ છે અને તે 'સાચું એ જ મારું" એવા સનાતન સત્યના સ્વીકાર કરવા તરફ સહુને દોરી જનારો છે.

વિશ્વમાં આજે અનેક સિદ્ધાંતો, વાદો કે માન્યતાઓ પ્રવર્તે છે તે બધા ન્યુનાધિકપણે એકાંતવાદના રંગથી રંગાયેલા અને બહુધા સંકુચિતતાના વિષથી વ્યાપ્ત થયેલાં છે તેથી તેઓ પોતપોતાના મતના કે વાદના આગ્રહી રહે છે અને એના કારણે અનેક કલહો, કંકાસો, વૈરવિરોધો અને દુરભિનિવેશની ભાવનાઓનું વિષચક્ર ચાલુ રહેતાં સર્જે છે. છેવટે તે વિશ્વયુદ્ધને જન્મ આપીને વિરામ પામે છે.

એ અટલ રીતે નોંધી રાખીએ કે પરસ્પર વિરોધી દૃષ્ટિબિંદુ ધરાવનારાઓમાં પણ કોણ સાચા અને કોણ મોટા છે ? અને તે કેટલાંક પ્રમાણમાં ? એ ઓળખવાની દૃષ્ટિ તેમ જ બને છેડે ઊભેલા કટ્ટર હઠવાદીઓનું મિલન સ્થાન શોધી કાઢી આપવાની સમન્વય દૃષ્ટિ ભગવાન મહાવીરનો સમન્વયધર્મનો મહાન પુરસ્કર્તા ઉદાર અનેકાંતવાદ જ આપી શકે છે !

એટલે જ દરતાથી કહેવાનું મન થાય છે કે, વ્યક્તિ, કુટુંબ, સમાજ, પ્રાંત, રાષ્ટ્ર કે વિશ્વની અંતેઉ આંટીઘૂંટિઓ કે અશાંતિઓનો ઉકેલ લાવવો હોય તો આજકાલના તમામ વાદોનું વિસર્જન કરી, માનવજાત અનેકાંતવાદને જ સહર્ષ અપનાવે. પછી તે જુએ કે તેની ગૂઢ અને કૂટ સમસ્યાઓ કેવી સરલતા અને શીઘ્રતાથી હલ થાય છે.

અંતમાં પ્રાર્થના કે ધરણી લઇને વિશ્વની પ્રજા પ્રજા વચ્ચે સહાનુભૂતિ, સમજૂતી અથવા મૈત્રી કે પ્રેમનો સેતુ ખડો કરવા એકાંત કે એકાંગીપણાના કોચલાંને તોડી નાખીને જીવન અને જગતનું વિશાળ દર્શન કરવા આપણે સહુ અનેકાંતવાદી બનીએ ! અને અંગતજીવનથી માંડીને વિશ્વપર્યંત વિશ્વવ્યાપી શાંતિ ઊભી કરવા અલ્પ ફાળો આપીએ ! ['પ્રંતશ્રા'માંથી સાભાર.]

(પૃષ્ઠ ૧૮૧ થી ચાલુ)

અર્થાત્–આત્માના વિનિશ્ચયનું નામ દર્શન, પરિજ્ઞાનનું નામ જ્ઞાન અને આત્મસ્થિતિનું નામ ચરિત્ર છે.

વૈદિક ઋષિ મનુ આત્મજ્ઞાનને શ્રેષ્ઠ દર્શાવે છે અને યાજ્ઞવલ્ક્ય આત્મદર્શનને જ પરમ ધર્મ કહે છે. યથા–

सर्वेषामपि चैतेषामात्मज्ञानं परं स्मृतम् । (મનુ૦ અ૦ ૧૨) 'अयं तु परमो धर्मो यद् योगेनात्मदर्शनम् । (યાજ્ઞ૦ અ૦ ૧)

આમ દર્શનની ઉપયોગિતા નિર્બાધ છે.

અનુવાદક : અધ્યા પ્રતિભા ભટ્ટ
એમ. એ.

' શ્રમણ ' વર્ષ ૧૪ અંક ૨.માંથી સાભાર

કમ્મપયડિસંગહણી અને એનાં વિવરણાદિનું સમીક્ષાત્મક સંસ્કરણ

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ

ગમે તેવી હાથપોથી કે હાથપોથીઓના આધારે તદ્ગત લખાણને મુદ્રિત સ્વરૂપે રજૂ કરવું એ ભલે એક સમયે આવશ્યક અને સમુચિત ગણાયું હોય પરંતુ આધુનિક વૈજ્ઞાનિકયુગમાં એવું પ્રકાશન વિશિષ્ટ સંસ્કરણના અર્થીઓને—કેવળ કોરી અંધશ્રદ્ધા ઉપર નહિ જીવનારા પરંતુ ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિએ ચકાસણી કરનારા તાર્કિકોને પુરતો 'સંતોષ આપી ન જ શકે. આમ હોઈ હું આ લેખદ્વારા કમ્મપયડિસંગહણી, એની મુદ્રિત ચુણિણ (ચૂર્ણિ) અને એની મલયગિરિસૂરિકૃત તેમજ ન્યાયાચાર્ય યશોવિજયગણિકૃત પ્રકાશિત ટીકા

૪ દિગંબર મુનિવર ગણધરકૃત કસાયપાહુડને અંગેનાં ૬ખંડે કમ્મપયડિસંગહણીના આધારે રચાયેલાં મનાતાં ૬સૂત્રો, ચૂર્ણિ-ટિપ્પણ જેવી સમુદ્રિત ટીકાઓ, ૬ત વિષયાનુક્રમ, વિશિષ્ટ પ્રસ્તાવના અને આવશ્યક ૬શેદો તથા મૂળનો હિન્દી અનવાદ એકજ ગ્રંથરૂપે ૬શિત થવાં ઘટે એ બાબત હું પ્રકાશક મહાશયોનું

પ્રકાશન સંસ્થાઓના સંચાલકોનું સાદર લક્ષ્ય ૬વા ઇચ્છું છું. આગમોના સમીક્ષાત્મક સંસ્કરણ

આજે વર્ષો થયાં કાર્ય શરૂ કરાયું છે તો એક દિવસ એની યથેષ્ટ પૂર્ણાહુતિ થશે અને તેમ થતાં એ સંસ્કરણ જગતમાં અનેરો પ્રકાશ પાડશે. આમાં કર્મસિદ્ધાન્તને લગતું ઉપર મુજબનું પ્રકાશન એની પ્રભામાં વૃદ્ધિ કરનારું થઈ પડશે, કેમકે શિવશર્મસૂરિકૃત મનાતા કમ્મપયડિસંગહણી કે જેને સામાન્ય રીતે 'કમ્મપયડિ' તરીકે ઓળખાવાય છે એ આ કરણી માટેનો આકરગ્રંથ છે; અને કોઈ કોઈ દિગંબર વિદ્વાન એને દિગંબરીય માનવા પ્રેરાય છે. એ જોતાં એ જૈનોના તમામ ફિરકાઓને તત્ત્વાર્થસૂત્રની જેમ આવકાર્ય છે.

સંસ્કરણ—કમ્મપયડિસંગહણી એ પાર્શ્વ (પ્રાકૃત)ના એક પ્રકાર નામે જહ્ણ મરહટ્ઠી (જૈન મહારાષ્ટ્રી)માં ૧૪૭૫ ગાથામાં 'આર્યા' છંદમાં રચાયેલી છે. એ પૃથક્ તેમજ અન્યાન્ય વિવરણો પૈકી એક કે વધારે સહિત ફુટલાંક વર્ષો પૂર્વે પ્રકાશિત કરાયેલી છે. એટલું જ નહિ પણ આગમોદ્ધારક આનન્દસાગરસૂરિજીએ એને શિલારૂઢ પણ કરાવી છે. એટલે આ મુદ્રિત સાધનોનો અને એને અંગે ઉપલબ્ધ વિશિષ્ટ હાથપોથીઓનો ઉપયોગ કરી એનું અદ્યતન સંસ્કરણ તૈયાર કરાવું જોઈએ. એમાં આ જ સાધનોને આધારે પાઠાંતરો અપાય એ તો સ્વાભાવિક છે, પરંતુ એના વિવરણાદિ પણ જો પાઠાંતરો પૂરાં પાડી શકે તેમ હોય તો તે પણ નોંધાવાં જોઈએ.

છાયા—કમ્મપયડિસંગહણી અને એની મલયગિરિકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર છપાવાયું છે, પરંતુ આની સંસ્કૃત છાયા માટે તેમ થયાનું જણાતું નથી તા એ કાર્ય હાથ ધરાવું જોઈએ જેથી ભાષાશાસ્ત્રના અભ્યાસ માટે એ કામ લાગે. જેમ સત્તરિયા ઉપર એક કરતાં વધારે ચુણિણ રચાઇ છે તેમ કમ્મપયડિસંગહણી માટે બન્યાનું જણાતું નથી. આ દિસાબે મુદ્રિત ચુણિણ અન્ય ચુણિણ દિગંબર મનાતા યતિવૃષભે રચ્યાનું પં. હીરાલાલ જૈનનું માનવું છે. આ યતિવૃષભે કમ્મપયડિસંગહણીના આધારે કસાયવાહુડને અંગે ચૂર્ણિસૂત્રો રચ્યાં છે તો ચૂર્ણિસૂત્રો સાથે સંબંધ ધરાવતી ગાથાઓનો નિર્દેશ કરાવો જોઈએ.

---

૧. જિનરત્નકોશ (વિભાગ ૧, પૃ. ૭૫)માં ૪૧૫નો ઉલ્લેખ છે તે ભૂલભરેલો છે. આ પૃષ્ઠમાં ન્યાયાચાર્ય યશોવિજયગણિએ સંસ્કૃતમાં ૪૬૫ શ્લોકમાં કર્મપ્રકૃતિ રચ્યાનો અને એને સ્વોપજ્ઞ ટીકાથી વિભૂષિત કર્યાનો ઉલ્લેખ છે. આની હાથપોથી મુંબઇના 'અચલ' ગચ્છના અનંતનાથના મંદિરના ભંડારમાં હોવાનું કહ્યું છે તો આ બાબત યોગ્ય તપાસ થવી જોઈએ

ઉપર્યુક્ત ચુર્ણિનો ઉપયોગ મલયગિરિસૂરિએ કમ્મપયડિસંગહણીની ટીકા રચવામાં કર્યો છે, જ્યારે આ ટીકાનો ઉપયોગ ન્યાયાચાર્યે કર્યો છે. આમ હોઈ ચુર્ણિગત સ્પષ્ટીકરણ ઉપરાંત મલયગિરિસૂરિએ શી વિશેષતા દર્શાવી છે અને ન્યાયાચાર્યની આ સંબંધમાં શો વિશિષ્ટ ફાળો છે તેની તારવણી કરાવી જોઇએ. મને એમ સ્ફુરે છે કે મલયગિરિસૂરિના એક વિદ્યાનની આલોચના ન્યાયાચાર્યે કરી છે આ વિષય પ્રસ્તાવનાના એક અંશરૂપ ગણી શકાય.

કમ્મપયડિસંગહણી ઉપર નિમ્નલિખિત ત્રણ ટીકાઓ અપ્રકાશિત હોય એમ લાગે છે—એટલે એ પહેલી તકે છપાવવી ઘટે :—

(૧) **ચૂર્ણિ-ટિપ્પણ યાને વિશેષવૃત્તિ**—આ ૧૯૨૦ શ્લોક જેવડી કૃતિ મુનિચન્દ્રે રચી છે.

(૨) **અજ્ઞાતકર્તૃક ટીકા**—આનો પ્રારંભ "जयति जगद्दि(?)तदय"થી થાય છે. આની એક હાથપોથી વિ. સં. ૧૨૨૨માં લખાયેલી છે.

(૩) **અજ્ઞાતકર્તૃક ટીકા**—આની હાથપોથીઓ જેસલમેર વગેરે સ્થળે છે.

કમ્મપયડિસંગહણીની રચના બન્ધસયગ પછી થઈ છે એટલે આ રચનામાં બન્ધસયગનો ક્યાં અને કેવો ઉપયોગ કરાયો છે તે વિચારાવું જોઇએ. બંનેના વિષયનું સંતુલન કરાવું જોઇએ.

'મહત્તર' ચન્દ્રર્ષિએ પંચસંગ્રહ રચ્યો છે. એમા એમણે સયગ વગેરે પાંચ ગ્રંથોનો ઉપયોગ કર્યાનું કહ્યું છે. એના ઉપરની સ્વોપજ્ઞ મનાતી વૃત્તિમાં 'વગેરે'થી શું સમજવું તે દર્શાવાયું નથી. આ કાર્ય મલયગિરિસૂરિએ કર્યું છે. એમના કથન મુજબ પાંચ ગ્રંથો નીચે મુજબ છે:—

(૧) શતક, (૨) સપ્તતિકા, (૩) કષાયપ્રાભૃત, (૪) સત્કર્મન્ અને (૫) કર્મપ્રકૃતિ.

આમ પંચસંગ્રહની રચનામાં કમ્મપયડિ સંગહણીનો ઉપયોગ કરાયો છે તો કઇ કઇ ગાથા મૂળ સ્વરૂપે કે અનુવાદરૂપે પંચસંગ્રહમાં ગૂંથી લેવાઇ છે તે ઉપર યે પ્રકાશ પડાવો જોઇએ.

પાઠાંતરો—કમ્મપયડિસંગહણીમાંથી જે જે પ્રાચ અને મહત્ત્વપૂર્ણ કૃતિઓમા—પછી શ્વેતાંબરીય જ હોય અને દિગંબરીય હોય તો પણ તેનો નિર્દેશ ક જોઇએ. આવાં અવતરણો પાઠાંતરો પૂરાં પાડી શકે. અ તો સાચા સંપાદકો મુદ્રિત પાઠો પ્રમાણે અવતરણે પરિવર્તન કરતા નથી.

પ્રસ્તાવના—કમ્મપયડિસંગહણીના પ્રણેતા કે છે? એઓ શિવશર્મસૂરિ છે એવો પ્રાચીનતમ ઉલ્લે ક્યાં કર્યો છે? આ શિવશર્મસૂરિ તે કોણ ? એમણે કઇ કઇ કૃતિ રચી છે? આમાં વિવિધ પ્રશ્નો પ્રણેતાને અંગે ઉદ્ભવે છે તેના સપ્રમાણ ઉત્તરો પ્રસ્ત નામાં અપાવા જોઇએ. આ ઉપરાંત વિવરણકારોનો યથાયોગ્ય પરિચય અપાવો જોઇએ. સાથે સાથે મૂળ ગ એનાં વિવરણોના સમગ્ર અવલોકન દ્વારા પ્રસ્તાવન સમૃદ્ધ બનાવવી ઘટે.

કમ્મપયડિસંગહણીમાંની કઇ કઇ વિગત કર્મવિષ અન્ય પ્રૌઢ ગ્રંથોમાંની કઇ કઇ વિગતથી જુદી જણ છે અને તેમ શા માટે છે તેમ જ એ વિરુદ્ધ જણ વિગતનો સુમેળ સાધી શકાય તેમ છે કે નહિ ઇત્ય પ્રશ્નોના પણ તટસ્થ ભાવે અને પ્રમાણપુરસ્સર ઉત્ત પ્રસ્તાવનામાં યોગ્ય સ્થાન અપાવું જોઇએ.

કમ્મપયડિસંગહણી 'કમ્મપયડિ' નામના પા (પ્રાભૃત)ને આધારે યોજવાનું ગ્રંથકારે જાતે કહ્યું છે આ પાહુડનું નિરૂપણ પણ નોંધપાત્ર ગણાય.

જે હાથપોથીઓ વગેરેનો સંપાદનાર્થે ઉપયોગ કર હોય તેનો પરિચય પ્રસ્તાવનામાં હોય એ સ્વાભાવિક

પરિશિષ્ટો—અદ્યતન સંસ્કરણનું એક અનિવ અંગ તે પરિશિષ્ટો છે, પ્રસ્તુત સંસ્કરણઓ જાતજાત પરિશિષ્ટો હોવાં જોઇએ. કમ્મપયડિસંગહણીની ગાથાઓ અકારાદિ ક્રમ એ પૈકી એક છે, અને એ છપાઈ છે એટલે એ માટે નવેસરથી પ્રયાસ કરવાનો રહેતો ન

વિશિષ્ટ નામોની સૂચી એ પણ એક આવશ્યક પરિશિષ્ટ છે. એ ગ્રંથકારોનાં નામો, ગ્રંથોનાં નામો અને પ્રકીર્ણક નામો એમ ત્રણ વિભાગમાં અપાય તો તે વધારે આવકારદાયક થઈ પડશે. કર્મપયડિસંગ્રહણીમાની જે જે ગાથા જે જે ગ્રંથમાં અપાઈ હોય તેની સમુચિત નોંધ એ એક પરિશિષ્ટરૂપે રજૂ કરાવી ઘટે. પારિભાષિક શબ્દોની સૂચીરૂપ પરિશિષ્ટ રચાવું જોઇએ. સમગ્ર મૂળ પણ એક પરિશિષ્ટરૂપે રજૂ કરાવું જોઇએ.

ભાષાંતર—મૂળ કૃતિનું હિન્દીમાં ભાષાંતર ન જ થયું હોય તો એ કાર્ય થવું જોઇએ. આગળ વધીને કહું તો પ્રસ્તાવના પણ હિન્દીમાં લખાવી જોઇએ જેથી એનો વધારે પ્રમાણમાં લાભ લેવાય. સાથે સાથે ભાષાંતર તેમ જ પ્રસ્તાવના અંગ્રેજીમાં લખાય તો આ સંસ્કરણના મહત્ત્વમાં વિશેષ વૃદ્ધિ થાય

સમીક્ષાત્મક સંસ્કરણ (*Critical edition*) માટે શું શું કરાવું જોઇએ તેની મેં અહીં આછી રૂપરેખા આલેખી છે એ ધ્યાનમાં રાખી આ સંસ્કરણ માટેના શ્રી ગણેશ સત્વર મંડાશે એવી આશા અને તેમ થતા જૈન શાસન અને સાહિત્યની પ્રભાવના થશે એ મૂચવતો હું આ લેખ પૂર્ણ કરું છું.

શ્રી શત્રુંજય તીર્થાધિરાજની પવિત્રભૂમિમાં દાન તથા પૂન્ય કરવાનું અપૂર્વ ક્ષેત્ર

શ્રી ગૌરક્ષા સંસ્થા—પાલીતાણા

સંસ્થામા અપંગ, અશક્ત, તથા પાકટ ગાયો, વાછડા, વાછડી વગેરેને સુકાળ તેમજ દુકાળ જેવા સમયમાં બચાવી પાલન કરી, રક્ષણ કરવામાં આવે છે. હાલમાં ૧૦૬૬ ઉપરાંત જાનવરો છે. પાણીના બંને અવેડા ભરવામાં આવે છે. ગૌરક્ષા, દુગ્ધાલય, ખેતિવિભાગ, ઢોરઉછેરની પ્રવૃત્તિઓ ચાલુ છે. સબળા ખર્ચને પહોંચી વળવાનું ઘણું મુશ્કેલ છે. કુદરતી આફતો તથા દુષ્કાળ વખતે ખર્ચ થતાં સંસ્થાને નાણાંની ખૂબજ મુંઝવણ રહે છે. તો સર્વે મુનિ મહારાજસાહેબોને, દરેક ગામના શ્રીસંઘને, દયાળુ દાનવીરોને, તથા જૈનેતરોને પર્યુષણપર્વમાં મૂંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતિ.

રમણીકલાલ ગોપાળજી કપાસી
જીવરાજ કરમશી શાહ
માનદ્ મંત્રીઓ

જીવદયાના કાર્યમાં સહાય કરી મહાન પૂન્ય મેળવો.

ભીતિ અને લોભ

લેખક :-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ

ભીતિ અને લોભ એ આત્માની પાછળ વળગેલા બન્ને રોગ છે. જેમ લોભને લીધે આત્માની ઉન્નતિ અટકે છે, તેમ ભીતિ પણ આત્માની પ્રગતિમા અડચણરૂપ થાય છે. એટલા માટે જ જે મહાપુરૂષો અત્યાર સુધી થઇ ગયા, તેઓએ લોભને સર્વથા ટાળ્યો છે, તેમજ ભીતિને પણ તેમના મનમાંથી તેમણે તિલાંજલી આપી દીધેલી હોય છે. ભયગ્રસ્ત માણસ કોઇ પણ શુભ પ્રવૃત્તિ તેના સાચા સ્વરૂપમાં આદરી શકતો નથી. તેમ લોભી માણસ પણ શુભ કાર્યમાં પોતાના મનનું ઔદાર્ય દાખવી શકતો નથી.

ધર્માચરણમાં ભીતિ અને લોભ એ બે આત્માના ઘાતક છે. તેમને નરક અને સ્વર્ગનારૂપમા બતાવી સામાન્ય માણસને ધર્મને માર્ગે વાળવાનો પ્રયત્ન કરવામા આવે છે. જેમ નાનાં બાલકોને ભણવા માટે પ્રવૃત્ત કરવાનું હોય છે ત્યારે જો એ ભણવા જાય તો એને મિઠાઇ કે એને ગમતી વસ્તુઓનું આકર્ષણ બતાવી એની લોભીવૃત્તિને ઉત્તેજિત કરવામાં આવે છે. તેમ ભણવા નહીં જાય તો સજા કરવામાં આવશે એમ કહી એની ભીતિની સંજ્ઞાને આગળ ધરી એને ભણવામા પરોવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. એમાં એ બાલકને ભણવામાં વૃત્તિ જાગે એટલો જ ઉદ્દેશ હોય છે, અને એટલા માટે જ એની ભય અને લોભની વૃત્તિને જાગૃત કરવામાં આવે છે. એને લીધે આત્મા સાથે રહેલ ભીતિ અને લોભને પોષવામાં આવે છે

જ્યારે એ જ બાલક સમજણ ધરાવનારો ઉંમરથી મોટો થાય છે ત્યારે પણ એને ધર્મમાર્ગમા જોડવા માટે ભીતિરૂપી નરક અને લોભરૂપી સ્વર્ગ એવા ન્યૂનગડો ચાલુ રાખવામાં આવે છે. એનું પરિણામ એ આવે છે કે, એની ધર્મકરણીની આખી પ્રવૃત્તિ દૂષણીય થઇ પડે છે. અને એ કેવળ ધર્મ માટે ધર્મની આચરણા કરતો નથી. પણ ભીતિ અને લોભની દૂષણીય પ્રવૃત્તિ કાયમને માટે પકડી બેસે છે. અને ધર્મપ્રવૃત્તિને કલંકિત કરી મૂકે છે. જેલમાં કેદીને સિપાઇઓ મારવાની ભીતિ બતાવતા હોય છે અને સારી ચાલ માટે સજામાં છૂટછાટનું વિલોભન બતાવતા હોય છે. એવી પરિસ્થિતિમાં કેદી કદાચ ઠીક ઠીક વર્તન કરતો હોય, ત્યારે એ નિયમપાલનની કીંમત કેટલી ?

બાલકને ભણવામાં પ્રવૃત્ત કરવા માટે અલ્પકાલ માટે તેને ભીતિ કે લોભ બતાવવામાં આવે છે તે કાયમ માટે હોય ખરો ? આટલા નવકાર ગણે તો નર્કનું આયુ બંધાય જ નહી. અમુક સંખ્યામા સામાયિક આદિ પ્રવૃત્તિ કરે તો સ્વર્ગનું આટલા પલ્યોપમનું આયુષ્ય બાંધે. આવી જાતના વિલોભનો કે નકોદિની ભીતિ કાયમને માટે સામે ઉભી કરેલી ધર્મકરણી શું ફલદાયી થતી હશે ? પ્રભુના શાસનમાં આવી વ્યવહારી ગણિતની નીતિ શું ચલાવી લેવાતી હશે ? બજારમાં કોઇપણ વસ્તુ ખરીદવી હોય ત્યારે તેનો ભાવતાલ કરી તે ખરીદી શકાય. શું ધર્મસાધનામાં આવી સોદાબાજી ચાલતી હશે ? જે કાર્ય બાલકોને માર્ગે વાળવા માટે અલ્પકાળ માટે ચલાવી લેવાતું હોય એવું બાલોચિત કાર્ય ધર્મની સાધનામા પણ ચલાવી લેવાય ? આમજ જો ચાલતું હોય ત્યારે અભણ બાલક મટી પ્રૌઢ ક્યારે થવાના ? શું આપણે બધી ધર્મક્રિયાઓ જીવન સુધી બાલોચિત માર્ગે જ ચાલુ રાખવાના ? ધર્મ સાધનાનો સાચો અને શાસ્ત્રોક્ત માર્ગ તો ક્યારે આચરવાના ?

કોઇ પણ ધર્મકાર્ય કરવું અને લાભ, આકાંક્ષા, કીર્તિ કે નામનાની અપેક્ષા રાખવી અગર અમુક સાંસારિક દુઃખ દૂર થાય અને ઐહિક લાભ થાય

એવી અપેક્ષા રાખવી એ ધર્મશાસ્ત્ર-વિરૂદ્ધ છે. એટલું જ નહીં પણ પરલોકમાં પણ ઉંચું ફલ કે સ્વર્ગાદિના સુખની વાંછા રાખવી એ પણ શાસ્ત્ર વિરૂદ્ધ વસ્તુ ગણાય છે. ભગવદ્ ગીતાદિ અન્ય શાસ્ત્રોમાં પણ ફલાકાંક્ષાનો નિષેધ જ બતાવવામા આવેલો છે. કારણ એમ કરવાથી નિદાનબંધ થાય છે. અને કર્મ છુટવાને ઠેકાણે નવી જાતનાં કર્મના બંધનો ઉત્પન્ન થાય છે.

ધર્મક્રિયા અને અનુષ્ઠાનો તો શુદ્ધ અને નિરપેક્ષ ભાવે કરવાના હોય. એમાં ભીતિ કે લોભની ભેળસેળ હોય ત્યારે તેનું ફલ પણ કલુષિત થઇ જાય છે એમાં શંકા નથી. ધર્મ માટે જ ધર્મ હોય મનને સાત્વિક આનંદનો અનુભવ થાય અને આનંદની ઉર્મિઓ જાગતી રહે એ માટે જ ધર્મક્રિયા હોઇ શકે. કોઇ પણ ફલ માટે નહીં.

શ્રીપાલ ચરિત્રમા આવે છે કે, શ્રીપાલ પોતાનો દીર્ઘ પ્રવાસ પૂરો કરી પાછો ફરે છે. માતા કમલપ્રભા ચિંતા કરે છે. શત્રુએ શહેરને ઘેરો ઘાલ્યો છે, શું થશે એનો ભરોસો નથી. ત્યારે મયણાસુંદરી પોતાને પ્રભુપૂજા કરતા જે અલૌકિક આનંદ આવ્યો હતો. તે જણાવી કહે છે કે, એ આનંદની ઉર્મિઓ હજ સુધી પણ આવી જ રહી છે. પ્રભુ અને હુ એક રૂપ થઇ ગયા હોય એવો આનંદ મને આવતો હતો. એ ઉપરથી જણાય છે કે, આપણું તો શુભ જ થવાનું છે. અને સાસુજી ! તમારા પુત્ર આવી મળવાનો જ મને સંભવ લાગે છે અને એટલામા શ્રીપાલ બારણું ખખડાવે છે ! કેવો સુંદર પ્રસંગ ! મયણાએ પૂજા કરતા શું પતિના દર્શનની અપેક્ષાએ પૂજા કરી હશે ? શું સુખ મેળવવા માટે પૂજામાં ભાવના રાખી હશે ? એવી ભાવના રાખવાથી તો સંસારના બંધનો વધવાના જ હોય !

ખેતરમાં ખેડુત અનાજ વાવે છે. એમા બધી અનુકુલતા મળે તો અનાજ પાકે પણ ખરૂં-કારણ એણે સમુચિત રીતે વાવણી કરેલી હતી. પણ એ ખેડુતે ચારો પેદા કરવા માટે અનાજ વાવેલું નહીં હતું. ચારો તો અનાજની સાથે આવી જ જવાનો હતો. તેવી જ રીતે સાંસારિક સુખ સમૃદ્ધતું પણ છે, ધર્માનુષ્ઠાનોમાં પારલૌકિક પુણ્યબંધ આત્માને થાય અને સાંસારિક અનુકૂલતા તો થવાની જ હોય. તેના માટેની ઝંખના રાખવાની જરૂર હોય જ નહીં. એ તો સ્વાભાવિક ફળ છે જ. માટે જ ફળની અપેક્ષા રાખી ધર્મકરણી કરવી એ ખોટું કહ્યું છે. એવી રીતે ખોટા વિચાર કરી ફલની અપેક્ષામાં પોતાની આત્મિક શક્તિ વેડફી નાખવી એ ધર્મા વિરૂદ્ધ માર્ગ ગણાય છે.

જે માણસ ડરતો ડરતો ધર્મકરણી કરે છે અને હું નરકાદિમા ન જઇ શકું એવી અપેક્ષા રાખી ધર્માચરણ કરે છે તેના મનમા નિત્ય ડરપોકપણ, કર્તવ્ય શૂન્યતા, નિઃસત્વપણું આવે છે, અને આત્મવિશ્વાસ નષ્ટ થઈ જાય છે. પરાક્રમ કરી ઉંચે ચડવાની એના ભાવના નષ્ટ થઇ જાય છે. અને આપણાથી કાંઇ બની શકે તેમ છે જ નહી એવી જાતનો ન્યૂનખંડ કાયમ થઇ બેસે છે. એવા માણસના હાથે શુદ્ધ અને નિરપેક્ષ ધર્મની આચરણા થાય જ શી રીતે ?

લોભ તો મનુષ્યમાત્રનો વધારેમા વધારે નુકસાન કરનારો શત્રુ છે. એમ કહીએ તો ચાલે. માણસ જ્યારે લોભના સકંજામાં સપડાય છે ત્યારે તેમાથી છુટા થવું એ એના માટે અશકયપ્રાય બની જાય છે કારણ લોભને કોઇ ઠેકાણે થોભ હોતો જ નથી. અગ્નિમાં જેમ ઘી રેડાતું જાય છે તેમ તેમાંતે વધારે ને વધારે પ્રજ્વલિત થતો જાય છે. લોભી માણસને ગમે તેટલું મળે પણ તેને તૃપ્તિ થતી જ નથી. અને એનો લોભ વધતો જ જાય છે. ધર્મકરણી પણ લોભી હેતુ રાખી કરવામાં આવે તો એવો લોભ પણ માણસનો સંસાર વધારનારો જ બનવાનો એમાં શંકા નથી. એટલા માટે જ લોભ ઉપર કાબુ મુકવા માટે અનેક રીતે ઉપદેશ આપવામાં આવે છે

પરિગ્રહનું પરિમાણ કરવાનું પણ એટલા માટે જ અનિવાર્યપણું બતાવવામાં આવ્યું છે.

લોભના દુર્ગુણ સાથે કૃપણતાનો દુર્ગુણ પણ સંકળાએલો જ રહે છે. લોભી માણસને ઉદાર થવું પાલવે તેમ નથી હોતું. ઉદાર થઇ કાંઇ પણ દાન કરવું એ એના સ્વભાવની વિરૂદ્ધ થઇ જાય છે એ માણસ ધર્મની ક્રિયા કે અનુષ્ઠાન કરે તો પણ તેની સાથે આવક જાવકનો હિસાબ જોડતો રહે. આટલા રૂપીઆ ખરચું ત્યારે તેના બદલામાં કેટલો લાભ થવાનો ? એવી કલ્પના કર્યા વગર એ રહે જ કેમ ?

નિઃપેક્ષ સાત્વિક આત્માનુભૂતિનો આનંદ એવા લોભી માણસના સ્વપ્નમાં પણ આવે નહીં. કારણ લોભ એ મર્યાદારહિત વસ્તુ છે. જગતમાં રાજકારણી પુરૂષો જનતાના જીવનની સાથે જે રમત કરે છે, અને લાખોના જીવ જોખમમાં મૂકી દે છે એ બધું એ પોતાના નીચ લોભવૃત્તિની પૂર્તિ માટે હોય છે લોભને કારણે જ એ અનેક પાપ કૃત્યો કરતા શરમાતો નથી. એ લોભીઆઓથી આજે જગત ત્રાસી રહ્યું છે. એ સહુ જાણે છે. એ વૃત્તિ ફક્ત સંસાર વધારવાના કાર્ય માટે હોય પણ જ્યારે એ લોભવૃત્તિ ધર્મકાર્યમાં પણ પોતાનું સ્થાન જમાવી એસે ત્યારે આપણા આશ્ચર્યનો પાર રહેતો નથી !

પતિપરાયણા સતી સ્ત્રી પોતાના પતિની અનન્ય સેવામાં જે આનંદ અને કર્તવ્યપૂર્તિનું સમાધાન અનુભવે છે, તે સુખ ફક્ત ભોગવિલાસ માટે જ પોતાના દેહને વેચી નાખનારી વેશ્યા અનુભવી શકશે કે, એક કાવ્ય રસિક વાચક અનુપમ કાવ્યનું વાચન કરતો હોય, અને એમા જુદા જુદા મનોહારી અલંકારોથી શોભી રહેલી કાવ્યપંક્તિઓ વાચી જે કાવ્યાનંદ મેળવતો હોય એવા આત્માનંદનો અનુભવ જડ અરસિક માણસને સ્વપ્નમાં પણ અનુભવાય ખરો ? કોઇ કોમલ અને ભાવવિભોર ભક્ત જ્યારે પ્રભુભક્તિમાં મસ્ત બની ભજન ગાવામાં તલ્લીન થઇ નાચવા માંડે છે, અને જેની આંખમાં ભક્તિપ્રેમના આંસુઓ વહેવા માંડે છે ત્યારે એની પ્રભુભક્તિની મસ્તીનું સુખ શુષ્ક જડ હૃદયનો માણસ ક્યાંથી મેળવી શકે ? કોઇ કવિ અગર લેખક પોતાની કાવ્યકળાની ધુનમાં પોતાને પણ ખોઇ બેઠેલો હોય અને એને અકસ્માત પોતાનો ધારેલો અર્થવાહક શબ્દ અગર કાવ્યપંક્તિનો અનુભવ સાકાર થાય છે ત્યારે એના આનંદ અને સમાધાનના તોલે આવે એવું સુખ શું શુષ્ક મનના માણસને અનુભવવા મળે ? કોઇ વિજ્ઞાનવાદી સંશોધકને ઘણા વરસોના પરિશ્રમ પછી પોતાના સંશોધનમાં યશ મળી જાય ત્યારે એના આનંદની સીમા રહે ? અને એવા આનંદનો સ્વાદ બીજા ચાખી શકે ?

એવા તો અનંત દાખલાઓ આપી શકાય તેમ છે. અમારા લખવાનો મુદ્દો એટલો જ છે કે, ભય અને લોભને આગળ રાખી જે ધર્મક્રિયાઓ અને અનુષ્ઠાનો આપણે કરીએ તેના સાચા ફળના અધિકારી આપણે બની શકતા નથી. ધર્મ માટે જ ધર્મ, ભક્તિ માટે જ ભક્તિ, નિરપેક્ષ ભાવે થાય તો જ એ સાચું કાર્યસાધક બને અન્યથા નહી !

એટલા માટે જ 'આ બધુ નિરપેક્ષ વિરલા કોઇ' એવી પંક્તિઓ યોગીઓના મુખે સરી પડી છે. આપણે એનો પરમાર્થ સમજવા પ્રયત્ન કરીએ. પ્રાર્થના સૂત્રકાર, નિદાન, બંધન કરવા સખ્ત મનાઇ કરે છે એનો આપણે વિચાર કરવો જોઇએ કોઇ ભીતિ કે લોભની ભાવના રાખવામાં ધર્મ ધરાય છે, નિંદાય છે, કલુષિત બને છે, એ ભૂલવું નહીં જોઇએ. 'શિવમસ્તુ સર્વ જગતઃ' પ્રતિક્ષણ.

ભાવ નિયમ અને ક્રમભાવ નિયમને અવિનાભાવ કહે છે. સંક્ષેપમાં જેમાં પરસ્પર તાદાત્મ્ય અથવા તદુત્પત્તિ સંબંધ નથી તે પદાર્થોમાં નિયત ક્રમભાવ થવાથી તથા નિયત સહભાવ થવાથી અનુમાન થઇ શકે છે એટલા માટે અવિનાભાવ તાદાત્મ્યને તદુત્પત્તિ સુધી સિમિત હોતુ નથી.

જેનું સાધ્યની સાથે અવિનાભાવ નિશ્ચિત છે તેને સાધન કહેવામાં આવે છે. અવિનાભાવ, અન્યથાનુપપત્તિ વ્યાપ્તિ આ બધા એકાર્થવાચી છે અને અન્યથાનુપપત્તિ રૂપથી નિશ્ચિત થતું આ એક માત્ર સાધનનું લક્ષણ હોય શકે છે.

સત્ય–અભિપ્રેત અને અપ્રસિદ્ધને સાધ્ય કહે છે. સાધ્યનો અર્થ સિદ્ધ કરવા યોગ્ય છે. અનુમાન પ્રયોગના સમય કોઇ ઠેકાણે ધર્મ, કોઇ ઠેકાણે ધર્મવિશિષ્ટ ધર્મી સાધ્ય થાય છે પરંતુ વ્યાપ્તિ નિશ્ચિત કાલમા કેવલ ધર્મ જ સાધ્ય હોય છે.

અનુમાનના બે પ્રકાર છે. (૧) સ્વાર્થાનુમાન (૨) પરાર્થાનુમાન. સ્વાર્થાનુમાનના ત્રણ અંગ છે. ધર્મી–સાધ્ય–અને સાધન. સાધન ગમક હોવાથી, સાધ્ય ગમ્ય હોવાથી, અને ધર્મી સાધ્ય અને સાધન ભૂત ધર્મોનો આધાર હોવાથી અંગ છે. વિશેષ આધારમાં સાધ્યની સિદ્ધિ કરવું અનુમાનનું પ્રયોજન છે.

પરોપદેશથી થનાર સાધનથી સાધ્યનું જ્ઞાન પરાર્થાનુમાન છે જેવી રીતે આ પર્વત અગ્નિવાળો છે ધુમાડાવાળો હોવાથી. આ વાક્યને સાંભળી જે શ્રોતાએ અગ્નિ અને ધૂમની વ્યાપ્તિ ગ્રહણ કરી છે તેને વ્યાપ્તિનું સ્મરણ થવાથી જે અગ્નિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે પરાર્થાનુમાન છે. તે પરાર્થાનુમાનના પ્રયોજક વાક્યના બે અવયવ હોય છે એક પ્રતિજ્ઞા અને બીજો હેતુ. ધર્મ અને ધર્મીના સમુદાય રૂપ પક્ષના વચનને પ્રતિજ્ઞા કહે છે. જેવી રીતે આ પર્વત અગ્નિવાળો છે સાધ્યથી અવિનાભાવ રાખનાર સાધનના વચનને હેતુ કહે છે, જેવી રીતે ધુમાડો હોવાથી. પહેલું કથન વિધિરૂપથી છે. બીજું કથન નિષેધરૂપથી છે. અગ્નિના હોવાથી જ ધુમ હોય છે આનો અર્થ એ થાય છે કે અગ્નિના અભાવમાં ધુમાડો હોતો નથી. પક્ષ અને પ્રતિજ્ઞા તથા સાધન અને હેતુમાં વાચ્ય અને વાચકનો ભેદ છે. પક્ષ અને સાધન વાચ્ય છે અને પ્રતિજ્ઞા અને હેતુ તેના વાચક શબ્દ છે. વ્યુત્પન્ન શ્રોતાને પ્રતિજ્ઞા અને હેતુરૂપ પરોપદેશથી પરાર્થાનુમાન ઉત્પન્ન થઇ જાય છે. બીજાં દર્શનો આ બે અવયવો ઉપરાંત ઉદાહરણ ઉપનય અને નિગમનને પણ માને છે. ઉદાહરણ તો કેવલ બાળકને જ સમજાવવા માટે છે. ઉપનય અને નિગમન કેવલ ઉપસંહાર વાક્ય છે, જેની પોતાનામાં કોઇ ઉપયોગિતા નથી. વાદીદેવસૂરિએ તો વિશિષ્ટ અધિકારીઓને માટે કેવલ એક હેતુના પ્રયોગ કરવાની પણ સંમતિ પ્રગટ કરેલ છે.

હેતુનું સ્વરૂપ પણ વિભિન્ન દર્શનકારોએ અનેક પ્રકારથી માનેલ છે. નૈયાયિકોએ પક્ષધર્મત્વ, સપક્ષસત્વ, વિપક્ષ, અબાધિત વિષયત્વ, અસત્પ્રતિપક્ષના આ પ્રમાણે પાંચરૂપ વાળા હેતુને માનેલ છે. જ્યારે બૌદ્ધ ત્રિરૂપને માને છે જૈનદાર્શનિકોએ તો પ્રથમથી અવિનાભાવને જ હેતુના પ્રાણરૂપથી માનેલ છે. જેનો અવિનાભાવ નિશ્ચિત છે તેના સાધ્યમા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધા આવી શકતી નથી. યામ સ્વામીનો શ્લોક આ પ્રમાણે

"अन्यथानुपपन्नत्वं यत्रतत्र त्रयेण किम् ।
नान्यथानुपपन्नत्वं यत्रतत्र त्रयेण किम् ॥

નૈયાયિકો અન્વય વ્યતિરેકી કેવલાન્વયી કેવલવ્યતિરેકી આ પ્રકારના ત્રણ હેતુને માને છે. પરંતુ જૈનદર્શન તો હેતુને અન્યથાનુપપત્તિના રૂપથી એક લક્ષણવાળો માને છે.

અવિનાભાવના આ વ્યાપક સ્વરૂપને આધાર બનાવીને જૈનપરંપરામાં હેતુના સ્વભાવ, વ્યાપક, કાર્ય, કારણ, પુર્વચર, ઉત્તરચર, સહચર, આ ભેદ કરેલ છે. હેતુના સામાન્ય રીતે બે ભેદ હોય છે. એક ઉપલબ્ધિરૂપ અને બીજો અનુપલબ્ધિરૂપ. વિધિસાધક ઉપલબ્ધિને અવિરૂદ્ધોપલબ્ધિ, અને પ્રતિષેધસાધક ઉપલબ્ધિને વિરૂધોપલબ્ધિ કહે છે.

વ્યાપ્તિ ક્રિયાનો જે કર્મ હોય છે અર્થાત્ જે

વ્યાપ્ત હોય છે. તે વ્યાપ્ય છે. અને જે વ્યાપ્તિ ક્રિયાનો કર્તા હોય છે. અર્થાત જે વ્યાપ્ત કરે છે તે વ્યાપક હોય છે. વ્યાપક હેતુના સદ્ભાવ અને હેતુના અભાવ બન્ને જગ્યાએ મળે છે. જ્યારે વ્યાપ્ય કેવલ સાધ્યના હોવાથીજ હોય છે. અભાવમાં કદાપિ નહિ. એટલા માટે સાધ્ય વ્યાપક છે અને સાધન વ્યાપ્ય છે. વ્યાપ્તિ, વ્યાપ્ય અને વ્યાપક બન્નેમાં રહે છે. વ્યાપક ગમ્ય હોય છે. અને વ્યાપ્ય ગમક હોય છે કારણ કે વ્યાપકના હોવાને લીધે વ્યાપકનું હોવું જરૂરી છે. પરંતુ વ્યાપકના હોવાને લીધે વ્યાપ્યનું અવશ્ય હોવું નિશ્ચિત નથી. તે હોય પણ ખરૂ અને ન હોય પણ ખરૂ. વ્યાપક અધિક દેશવર્તિ હોય છે. જ્યારે વ્યાપ્ય અલ્પક્ષેત્રવાળા હોય છે.

"આગમશ્રુત"

મતિજ્ઞાન પછી જે બીજા જ્ઞાનનું પરોક્ષરૂપથી વર્ણન પ્રાપ્ત થાય છે તે શ્રુતજ્ઞાન છે. પરોક્ષપ્રમાણમાં સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અને અનુમાન મતિજ્ઞાનના પર્યાય છે જે મતિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય છે. શ્રુતજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી જે શ્રુત પ્રગટ થાય છે એનું વર્ણન સિદ્ધાંત આગમગ્રંથોમા ભગવાન મહાવીરના પવિત્ર રૂપમા મળે છે. તીર્થંકરે જે અર્થને પોતાની દિવ્ય ધ્વનિથી પ્રકાશિત કરેલ છે. એ દ્વાદશાંગી રૂપમા ગણધરોદ્વારા ગ્રથિત થાય છે, આ શ્રુત અંગપ્રવિષ્ટ કહેવાય છે અને શિષ્ય પ્રશિષ્યો દ્વારા જે રચાય છે તે અંગબાહિર શ્રુત કહેવાય છે.

અકલંકદેવે પ્રમાણ સંગ્રહમાં શ્રુતના **પ્રત્યક્ષ-નિમિત્તક, "અનુમાન નિમિત્તક તથા આગમનિમિત્તક,"** આ ત્રણ ભેદ કરેલ છે.

જૈનદર્શનમાં જ્યારે પ્રમાના સાધકતમરૂપમાં જ્ઞાનને જ પ્રમાણ માનેલ છે. ત્યારે એ સ્વભાવથી જ ફલિત થાય છે કે તે જ્ઞાનથી ઘનાર પરિણમન જ ફળનું સ્થાન પ્રાપ્ત કરે. જ્ઞાન એ કાર્ય કરે છે. અજ્ઞાનની નિવૃત્તિ અને સ્વપરનો વ્યવસાય. જ્ઞાનનું આધ્યાત્મિક ફલ મોક્ષની પ્રાપ્તિ છે. જે તાર્કિકક્ષેત્રમાં વિવક્ષીત નથી. પ્રમાણથી સાક્ષાત અજ્ઞાનથી નિવૃત્તિ થાય છે જેવી રીતે પ્રકાશ અંધકાર હટાવીને પદાર્થને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે જ્ઞાન અજ્ઞાનને દૂર કરીને પદાર્થોને બોધ કરાવે છે. અજ્ઞાનની નિવૃત્તિ અને પદાર્થોનું જ્ઞાન આ બન્ને ભિન્ન ચીજો નથી અને એમાં કાલભેદ પણ નથી. આ તો એક જ સિક્કાના બે ભાગો છે. પદાર્થબોધની પછી ઘનાર ત્યાગ ઉપાદાન અને ઉપેક્ષાબુદ્ધિ એ પ્રમાણનું પરંપરા ફલ છે.

ઉપાદાન અને ઉપેક્ષા ત્રણે બુદ્ધિઓનું ફલ હોય છે. પરંતુ કેવલજ્ઞાનનું ફલ કેવલઉપેક્ષા બુદ્ધિ હોય છે. કારણ કે કેવલજ્ઞાની વિતરાગી હોય છે. એટલા માટે એમાં રાગદ્વેષ-મૂલક ત્યાગ અને ઉપાદાન બુદ્ધિ થઇ શકતી નથી. જૈન પરંપરામાં જ્ઞાન આત્માનો અભિન્ન ગુણ છે. આ જ્ઞાનની પૂર્વાવસ્થા પ્રમાણ કહેવાય છે અને ઉત્તરાવસ્થા ફલ. પરંતુ આત્મા પ્રમાણ અને ફલ બન્ને રૂપથી પરિણતિ કરે છે. એટલા માટ પ્રમાણ અને ફલ અભિન્ન માને છે તથા કાર્ય અને કારણરૂપથી ક્ષણભેદ અને પર્યાયભેદ થવાથી તે ભિન્ન છે.

અસ્વસંવેદી જ્ઞાન નિર્વિકલ્પ દર્શન સંશય, વિપર્યય અને અનધ્યવસાય આદિ પ્રમાણ ભાસ છે. કારણ કે એનાદ્વારા પ્રવૃત્તિના વિષયનું યથાર્થ દર્શન થતું નથી, જે હેતુના લક્ષણથી રહિત છે. હેતુની સમાન માલુમ પડે છે, તેને હેત્વાભાસ કહે છે. નૈયાયિકો હેત્વાભાસ પાંચ માને છે. જ્યારે જૈન દાર્શનિકોમાં આચાર્ય સિદ્ધસેને "**અસિદ્ધ વિરુદ્ધ અને અનૈકાંતિક**" આ ત્રણ હેત્વાભાસો માનેલ છે. (૧) **અસિદ્ધ** સર્વથા પક્ષમાં ન હોય અથવા જેનું સાધ્યની સાથે હમેશા અવિનાભાવ ન હોય. અસિદ્ધ બે પ્રકારના છે. સ્વરૂપાસિદ્ધ અને સંદિગ્ધાસિદ્ધ. (૨) **વિરૂદ્ધ**:-સાધ્યના અભાવમાં મેળવી શકાય તે વિરૂદ્ધાભાસ કહેવાય (૩) **અનૈકાન્તિક**:-વિપક્ષમા પણ મેળવી શકાય તે અનેકાન્તિક કહેવાય. તેના નિશ્ચિતાનૈકાન્તિક અને સંદિગ્ધાનૈકાંતિક આ બે પ્રકાર છે.

શાપરીઆ

બનાવનારા

બાર્જીસ

લાઈફ બોટસ

ટગ્ઝ

ડેજર્સ

પેસેન્જર સ્ટીમર્સ

પોન્ટુન્સ

મુરીંગ બોયઝ

બોયન્ટ એપરેટસ વિગેરે.

શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ

બનાવનારા

રોલીંગ શટર્સ

કાયર પ્રુફ ડોર્સ

રોડ રોલર્સ

વ્હીલ બેરોઝ

રેફ્રેક્ટ્રી હેન્ડ કાર્ટસ

પેલ ફેન્સીંગ

લેડ-ચુલાઇટ (લેડવુલ)

મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨

ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કર્સ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઈ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮

ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ

શ્રી વીરચંદ રાઘવજી ગાંધી જન્મશતાબ્દિ પૂર્તિ

જૈન નરરત્ન શ્રીયુત વીરચંદ રાઘવજી ગાંધી જન્મશતાબ્દિ પ્રસંગે શુભ સંદેશ

ભાગ્યશાળી મહાનુભાવો ! આપ સૌને વિદિત જ હશે કે મહાપુનિત શ્રી શત્રુંજય મહાતીર્થ નિકટ મહુવા નગરના નિવાસી શ્રીમાન્ વીરચંદ રાઘવજી ગાંધી બાર-એટ-લો-એ પંજાબમાં જઇ આપણા વિશ્વોપકારી જગપૂજ્ય ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર (આત્મારામજી) મહારાજની પુનિત સેવામાં મહિનાઓ સુધી રહી જૈન તત્ત્વજ્ઞાનરૂપી પ્રસાદી મેળવી એઓશ્રીજીના સદુપદેશથી પાશ્ચિમાત્ય દેશોમાં આવેલ ચિકાગોમાં મળેલ વિશ્વધર્મપરિષદમાં એઓશ્રીજીના પ્રતિનિધિ તરીકે પહોંચી ત્યાં મધુર ગર્જના કરી જૈનધર્મનાં તત્ત્વો સમજાવી જૈનધર્મનો ડંકો વગાડ્યો, એટલું જ નહિ પણ હિન્દુ ધર્મ ઉપર થયેલ આક્ષેપોનો રદિયો આપી હિન્દુધર્મનો બચાવ કર્યો હતો.

આ મહાન્ નરરત્ને જૈનધર્મના નિયમોમાં દૃઢ રહી કષ્ટો વેઠીને પણ અમેરિકા-ઇંગ્લાંડાદિ પાશ્ચિમાત્ય દેશોમાં જૈનધર્મનો પ્રચાર સેંકડો ભાષણો આપી કર્યો હતો.

એ ભાગ્યશાળી નરરત્નનો સન ૧૮૬૪ના આજના દિવસે જન્મ થયો હતો, જેથી તેમનો આજે આપણે જન્મશતાબ્દિ મહોત્સવ ઉજવી રહ્યા છીએ.

આ શ્રાવક નરરત્ને ૪૭ વર્ષની નાનકડી ઉમરમાં શ્રી સમેતશિખરજી અને શ્રી શત્રુંજય મહાતીર્થના કેસોમાં સહાયતા આપી તીર્થસેવા આદિ કેવા કેવા કાર્યો કર્યા છે. એકંદરે જૈનધર્મની મહાન્ સેવા બજાવી છે, એનો બદલો આપણે કેવી રીતે ચુકવી શકીએ ?

એ મહાન્ જૈન રત્નની મહાન્ સેવાઓના સ્મરણાર્થે આપણે બધા મળી, એક એવી યોજના બનાવી અને વિશાલ ફંડ ઉભું કરીએ જેથી સાહિત્ય દ્વારા અને પ્રચારકો દ્વારા હિન્દુસ્થાન અને હિન્દુસ્થાન બહાર પાશ્ચિમાત્ય દેશોમાં જૈનધર્મનો પ્રચાર થાય અને ત્યાંના બહુમુખી જૈનધર્મના અનુરાગી બની જૈનધર્મ, અહિંસાધર્મને માનતા થાય. અને શ્રી વીરચંદ રાઘવજીની સ્મૃતિ ચિરકાળ સુધી કાયમ રહે.

ખાસ કરી અગ્રણ્ય કાર્યકર્તા શેઠીઆઓ આદિને મારો અનુરોધ છે કે આપ અવશ્ય આ વાતનો વિચાર કરી આ યોજનાનો પ્રારંભ (શ્રી ગણેશ) કરી કર્તવ્યનું પાલન કરો અને જૈનધર્મના પ્રચારના પુણ્ય અને યશના ભાગીદાર બનો અને અહિંસા ધર્મનો જય જયકાર વર્તે એજ શુભ કામના.

આપનો હિતૈષી

તા. ૨૫-૮-૬૪ વિજયસમુદ્રસૂરિ.

સ્વ૦ શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

જૈન સમાજે જેમનું ઘણા વર્ષોથી વિસ્મરણ કરેલું છે એ શ્રીયુત વીરચંદ રાઘવજી ગાંધી કે જેમણે અમેરિકા જઇને જૈનદર્શનનો વિજયધ્વજ ફરકાવ્યો હતો, તેમની જન્મશતાબ્દિ નજીક આવે છે ત્યારે જૈનસમાજે તેમને યાદ કર્યા છે તે ખરેખર આનંદનો વિષય છે. હવે તે ભૂતકાળને ભૂલી જઇ સંતોષજનક આશ્વાસન લેવું ઉચિત થઇ પડશે. પ્રસ્તુત શતાબ્દિ વિવિધ પ્રકારે કેવી રીતે ઊજવવી તેનું માર્ગદર્શન મેળવવા માટે આજની સભા રાખેલ છે. તે આપ સહુને સુવિદિત છે.

શ્રી વીરચંદભાઇ લગભગ ૬૮ વર્ષ પહેલાં અમેરિકા જઇને મુંબઇ થઇને ભાવનગર આવેલ ત્યારે હું લગભગ ચાર વર્ષનો હતો. વકીલ શ્રી મૂળચંદ નથુભાઇ, શ્રી ગોરધરભાઇ, શ્રી કુંવરજીભાઇ, વહોરા શ્રી અમરચંદ જસરાજ તથા અમારા પૂ. પિતાશ્રી ઝવેરચંદભાઇ તથા વલ્લભદાસભાઇ વિગેરે સંઘના આગેવાનો પાસે અમેરિકાની તેમની યાત્રાનો અનુભવ રજૂ કર્યો હતો. હું તે વખતે હાજર હતો. અને પ્રથમ પરિચય થયો હતો. આ માનવવિભૂતિનો જન્મ મહુવા (સૌરાષ્ટ્રમાં) ઇ. સ. ૧૮૬૪માં થયો હતો. તેઓ ઇ. સ. ૧૮૮૦માં મેટ્રીકમાં પાસ થયા પછી મુંબઇ કોલેજમાં જોડાયા હતા. ઇ. સ. ૧૮૮૪માં એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી બી. એ. થયા ત્યારપછી મેસર્સ લીટલ એન્ડ કું. –સોલિસિટરની કંપનીમાં જોડાયા. અભ્યાસમાં દરેક ધોરણમાં પ્રખર તેજસ્વી વિદ્યાર્થી તરીકે નામના કાઢી હતી. મુંબઇ એસોસીએશન ઓફ ઇન્ડિયાએ તેમની મંત્રી તરીકે નિમણૂક કરી હતી.

ઇ. સ. ૧૮૯૩માં એસોસીએશન ઓફ ઇન્ડિયા ઉપર ચિકાગો–વિશ્વધર્મપરિષદ તરફથી પત્ર આવ્યો કે જૈનદર્શનના વિદ્વાન મુનિરાજને અત્રે મોકલો. સ્વ. પૂ. આત્મારામજી મહારાજને આ સમાચાર પહોંચાડવામાં આવ્યા. તેમણે સલાહ આપીકે પરિષદને જણાવો કે જૈનમુનિને ત્યાં આવવું તે તેમણે સ્વીકારેલી પ્રતિજ્ઞાને અનુકૂળ નથી. પરંતુ અત્રેથી પ્રતિનિધિ તરીકે એક વિદ્વાન સમર્થ વ્યક્તિ આવશે. ત્યારપછી શ્રી વીરચંદભાઇ તરફ પૂ. આચાર્યશ્રીની નજર પડી. તેમને બોલાવ્યા અને જૈનદર્શનના તમામ અનુયોગોનું તાત્ત્વિકજ્ઞાન સમજાવ્યું, મુદ્દાઓ ઉતરાવ્યા અને એ રીતે વિશ્વધર્મપરિષદના એક વક્તા તરીકે તૈયાર કર્યા. આ વખતે પરિષદ તરફથી હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ વિગેરેના વિદ્વાનોને પણ આમંત્રણ હતાં. હિંદુ ધર્મ તરફથી સ્વામી વિવેકાનંદ હતા. તેઓ તથા શ્રી વીરચંદભાઇ અમેરિકા ગયા. સ્વામી વિવેકાનંદ વેદાંત માટે પ્રખરવક્તા હતા બીજી તરફ શ્રી વીરચંદ રાઘવજી પણ સમર્થ વક્તા હતા. તેમણે ષડ્દર્શનોમાં જૈનદર્શનનું સર્વોપરીપણું ભિન્નભિન્ન આખ્યાનો આપી સિદ્ધ કરી બતાવ્યું. ચિકાગોમાં એકત્રિત થયેલા અનેક વિદ્વાનો વચ્ચે ઓજસ્વીપણે જૈનદર્શનનાં તત્ત્વો મૌલિક રીતે પ્રતિપાદન કર્યાં. જૈનદર્શન વિશ્વદર્શન કેવી રીતે થઇ શકે ? તે સંબંધમાં ષડ્દર્શનોનો સમન્વય જૈનદર્શનમાં પ્રમાણ પુરઃસર બતાવી શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા. એમણે પોતાની પ્રતિભાશક્તિ, વિદ્વત્તા, વક્તૃત્વ અને પ્રતિપાદન શૈલિથી અનેક વિદ્વાનોને મુગ્ધ કર્યા. જૈનદર્શનને સ્પર્શતા, કર્મથીયોસોફી, નયવાદ, અનેકાંતવાદ, ચાર ગતિ, પંચવ્રતો, ષડ્દ્રવ્યો, અહિંસા અપરિગ્રહ વિગેરે ભિન્નભિન્ન નિબંધો છપાવીજીમાં તૈયાર કરી ત્યાંની અમેરિકન પ્રજા સમક્ષ મુકયાં અને જૈનધર્મ એક વિશિષ્ટ દર્શન છે તેમ જાહેર કર્યું. ઇશ્વર જગત્કર્તા નહિ પરંતુ જગતનું સ્વરૂપ બતાવનાર સર્વજ્ઞ હોઈ શકે એ હકીકત સાથે આત્મા, કર્મ અને ધર્મનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું. ત્યાંની પાર્લામેંટ સમક્ષ પણ ભાષણો આપ્યા. ભારતીય સંસ્કૃતિ રજૂ કરી. યુનાઇટેડ સ્ટેટસના ચાન્સેલર ઓન. ઇ. બી. શેરમેને,

વીરચંદભાઇની ભારોભાર પ્રશંસા કરી. લગભગ ૧૪ ભાષાઓ ઉપર શ્રી વીરચંદભાઇનું પ્રભુત્વ હતું. યોગ સંબંધી જ્ઞાન પણ તેમણે મેળવ્યું હતું. સ્વ. પૂ. આત્મારામજી મહારાજના તેમને આશીર્વાદ પ્રાપ્ત થયેલા હતા. જેમ વિવેકાનંદની પ્રતિભાશાળી આકૃતિ હતી તેવીજ લગભગ તેમની આકૃતિ હતી કાઠીઆવાડી કેટો અને ખેસનો પહેરવેશ તેમણે અમેરિકામાં પણ સ્વદેશને માન આપી રાખ્યો હતો. અમેરિકામાં ગાંધી ફીલોસોફીકલ સોસાઇટીની સ્થાપના તેમણે કરી હતી. મુંબઇમાં શ્રી હેમચંદ્રાચાર્ય વર્ગ શરૂ કર્યો હતો. લંડનમાં પણ જૈનદર્શન સંબંધમાં ઘણાં ભાષણો આપ્યાં હતાં. ઈ. સ. ૧૯૯૫માં બીજી વખત તેમને અમેરિકા બોલાવવામાં આવ્યા હતા. ત્યાંથી ફરીથી ઇંગ્લંડ ગયા. બાર–એટ–લો થયા પછી ત્યાં તબીયત નરમ થઇ જવાથી અને સાહિત્યસેવા કરતાં કરતાં ઘણો શ્રમ પડવાથી તેઓ હિંદમાં આવ્યા અને ૭મી ઓગસ્ટ ઇ. સ. ૧૯૦૧માં ૩૭ વર્ષની ઉંમરે તેમનો સ્વર્ગવાસ થયો.

સ્વામી વિવેકાનંદ પણ તેમના જેટલી જ લગભગ ઉંમરે અવસાન પામ્યા છે પણ ત્યારપછી તેમની વેદાંતની કાર્ય પ્રણાલીને અનુસરીને અમેરિકા, લંડન તથા યુરોપના અન્ય દેશોમાં તથા ભારતમાં તેમનું મીશન ચાલુ રહ્યું છે. પરંતુ જૈનસમાજ વીરચંદભાઇના કાર્યને ભૂલી ગયો અને તેમણે સ્થાપેલી શાખાઓને ઉત્તેજન આપી સમૃદ્ધ ન કરી શકયો, તે ઓછા ખેદની વાત નથી. પણ હવે જૈનસમાજ તેમની જન્મશતાબ્દિ ઉજવવાને જાગૃત થયો છે. તાજેતરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં શ્રી વલ્લભ સ્મારક સમિતિ તરફથી સભા થઈ હતી. જેમાં શ્રી વીરચંદભાઇની 'Selected Speeches'ની પુસ્તિકાનું ઉદ્‌ઘાટન નાથજી કેળવણી પ્રધાન રા. સાહેબ કૈલાસને હાથે થયું હતું અને આરોગ્યમંત્રી શ્રી શાંતિલાલ શાહને સમર્પણ થયું હતું, જેમાં ઇંગ્લેંડમાં તેમનાં બોલાંક ભાષણો છે તે સહુને વાંચવા ભલામણ કરું છું. તેમના જીવનમાં કુલ છસો ભાષણો તેમણે કરેલાં હતા.

અમેરિકામાં જૈનદર્શનનું ગૌરવ વધારનાર એ વિશિષ્ટ વ્યકિતનો જન્મ શતાબ્દિ દિન નજીકમાં આવે છે ત્યારે જૈનસમાજે કઇ કઇ રીતે એમની સ્મૃતિ ઉજવવી તે માટે સવિશેષપણે જાગૃત થવાની જરૂર છે. અત્રેથી ગ્રેજ્યુએટોને જૈન ધર્મના તત્ત્વજ્ઞાન અને ક્રિયાકાંડની સમજણ સાથે વકતૃત્વ શકિતમાં કુશળ બનાવી અમેરિકા યુરોપ મોકલવાની જરૂર ઊભી થઈ છે. પરદેશમાં જૈન તત્ત્વજ્ઞાન સમજવાની ભૂખ જાગી છે. વીરચંદભાઇના દીર્ઘકાલીન પરદેશી મુસાફરીના જમાના કરતાં અત્યારે યુરોપ–અમેરિકાનું ક્ષેત્ર નજીક આવી ગયું છે. ચોત્રીશ કે અડતાલીશ કલાકમાં પહોંચી શકાય છે. આ રીતે યોજના કરવાથી અને જૈન સાહિત્યનું ઇંગ્લિશ ભાષામાં વિશાળ પ્રમાણમાં વિતરણ કરવાથી તથા એમના નામથી 'જૈન ચેર' યુનિવર્સિટીમાં મુકાય તો એમના અમર આત્માની પવિત્ર સ્મૃતિ જળવાશે. વિશિષ્ટ કોટિના વ્યકિતત્વવાળા શ્રી વીરચંદભાઇનું સાહિત્ય જેટલું જ્યાંથી મળી શકે તેટલું એકત્ર કરી એક મોટો દળદાર ગ્રંથ છપાવવો અને ખાસ કરીને વિદેશોમાં વિતરણ કરવો.

ઈ. સ. ૧૯૯૧માં એમણે પોતાની સેવાનો ઉપયોગ સમેતશિખર ઉપર જ્યારે ઇંગ્રેજ સરકારની રજાથી યુરોપીઅન Bedam કુક્કરની ચરબીનું કારખાનું નાખવાની તૈયારીમાં હતા ત્યારે કાયદેસર લડત ચલાવી તે બંધ કરાવ્યું હતું અને શ્રી શત્રુંજય ઉપર પણ મુંડકાવેરો રદ કરવા જહેમત ઊઠાવી હતી ઈ સ. ૧૯૯૭માં હિંદુસ્તાનમાં દુષ્કાળને પ્રસંગે ભૂખમરાથી સપડાયેલા લાખો માણસો માટે રૂ. ૪૦૦૦૦) મદદ તરીકે રોકડા અમેરિકાથી ભારતમાં મોકલ્યા હતા. મકાઇથી ભરેલી સ્ટીમર કલકત્તે રવાના કરી હતી. સાહિત્ય અને સેવામાં રમણ કરતો એમનો ચિરંતન જીવનપ્રવાસ આધુનિક ગ્રેજ્યુએટોને માર્ગદર્શક બની રહે તેવો છે.

શ્રી વીરચંદભાઇનું સ્મારક ભિન્નભિન્ન દૃષ્ટિથી કેવી

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૬ પર)

ચિકાગો વિશ્વધર્મપરિષદની સમર્થ વ્યક્તિ

શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

જન્મ, લાંબી-ટૂંકી જીવનદોરી, ઉપયોગી કે ક્ષુલ્લકકાર્યો અને અંતે વિસર્જન, આ સાધારણ મનુષ્યજીવનનો ક્રમ હોય છે. પુણ્યશાળી આરાધક જીવો પણ હોય છે કે જે સાચા માનવી તરીકે જીવન જીવી બીજાને તે રીતે જીવવા પ્રેરણા આપે છે. આવા જીવો બહુ ઓછા હોય છે, પણ તેની તેજસ્વિતા એવી હોય છે કે તેઓ લાંબો કાળ તેજ આપે છે. અંધકારમાં તેનું ઓજસ્ વધુ તેજસ્વી હોય છે. સંસ્કૃતિ અને ધર્મના સાચા સંરક્ષક હોવા ઉપરાંત અજોડ સંદેશવાહક પણ તેઓ હોય છે.

આવી યશસ્વી વ્યક્તિની યાદ તેની જન્મશતાબ્દિ દિન તાજી કરાવે છે. તા. ૨૫મી ઓગસ્ટે તેની જન્મશતાબ્દિ છે. સૌરાષ્ટ્રના મહુવા નામે નાના સરખા ગામડામાં તેનો જન્મ થયો. જે કુટુંબમાં જન્મ થયો તેની આર્થિક સદ્ધરતા સારી ન હતી. જ્યાં જીવન-નિર્વાહ કઠિન ન હતો. આ બાળકના પિતામાં સમાજમાં પ્રવર્તી રહેલ કુરિવાજો સામે જંગ પોકારવાની નૈતિક હિંમત હતી. આ મૂડી આ બાળકમાં પ્રગટી. બાળકનું નામ વીરચંદ; પિતાનું નામ રાઘવજી; અટક ગાંધી. 'પુત્રના લક્ષણ પારણામાં' તેનો સારો પરિચય થતાં શ્રી વીરચંદભાઇને નિશાળે મૂક્યાં, કુદરતી બક્ષીસ હતી, તેમાં પિતાની હિંમતે નવું બળ આપ્યું. સો વર્ષ પૂર્વે શાળાએ જવું એ નાનીસૂની બાબત ન હતી. સ્વાતંત્ર્યસંગ્રામ પછીનો યુગ હતો. સામાજિક અગ્રવરણા અને રાજ્ય-વહીવટનું વાતાવરણ નવી જાગૃતિ આપે તેમ ન હતું. તેમ છતાં 'યા હોમ કરીને આગળ વધો'ની આંતરિક-ભાવનાએ માધ્યમિક શિક્ષણ માટે ભાવનગર જવા પ્રેરણા આપી. સને ૧૮૮૦માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી. પિતાના મનમાં ઉચ્ચશિક્ષણ દ્વારા ભારતની યશસ્વિતા પોતાનું ફરજંદ વધારે એ વાત અમરથાને હતી. ઉચ્ચશિક્ષણ માટે મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાં જોડાયા. ઇ વર્ષે ઉજ્જવળ પરિણામ લાવી સને ૧૮૮૪માં બી.એ.ની ડિગ્રિ માનસહિત પ્રાપ્ત કરી. એજ અરસામાં મુંબઇમાં જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા નામની સંસ્થા સંગઠન, સામાજિક, નૈતિક અને કેળવણી વિકાસ, તીર્થો અંગેની મુસીબતોના સરળ ઉકેલ વગેરે ઉમદા ઉદ્દેશો સાથે શરૂ થઇ હતી, તેના પ્રથમ મંત્રી તરીકે શ્રી વીરચંદભાઇની વરણી થઇ. આ સંસ્થાના ઉદ્દેશો તેમની કાર્યશક્તિને પૂરો વિકાસ અને વેગ આપે તેવા હતા. એજ અરસામાં શત્રુંજય તીર્થ ઉપર યાત્રાએ જનારને મુંડકાવેરો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. એડવર્ડ વેસ્ટ તે વખતે પોલીટીકલ એજન્ટ હતા. ગોહિલવાડપ્રાંતના આસિસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ ફોરડાયસ અને આણંદજી કલ્યાણજીના મુનિમ ધંધરજી મહનજી હતા. પેઢીના માણસો ઉપર ઝુલ્મ ગુજારી પકડવામાં આવ્યા હતા. પવિત્ર પગલાં ચોરાઇ ગયા હતા. આ પ્રસંગે અરજીઓ ધડવામાં, પૂરાવા વગેરે તૈયાર કરવામાં શ્રી વીરચંદભાઇનો મહત્વનો ફાળો હતો. દેશી રજવાડાની અજાણ થઇ કાર્ય કરી ઠંકપીછોડો કરવાની શક્તિ તે વખતે અજોડ હતી. રજવાડા કરે તે સાચું અને બીજું બધું ખોટું તે માન્યતા પરદેશી અમલદારોના મનમાં ઘર કરી બેઠી હતી. તેમ છતાં તે વખતના કોઠાર સાહેબ સાથે

માનભરી સમજૂતી કરી ગવર્નર-ઇન-કાઉન્સીલ પાસે તેને તા. ૮-૪-૧૮૮૬ માં મંજૂર કરાવી તેમણે ચાળતા મેળવી હતી.

સને ૧૮૮૬ ના જૂનમાં કાશીના દેરાસર અંગે વિખવાદ થયો તે અંગે તેમણે સફળ કાર્યવાહી કર્યાનો પત્રવ્યવહાર જોવા મળે છે. એક પત્રમાં જણાવેલ છે કે પોપટલાલ અમરચંદના કારભારમાં હરકત કરશો નહીં. એથી વધુ તેજસ્વી એમની કાર્યવાહી તો સમેતશિખર તીર્થ ઉપર કુકકર મારવાનું અને તેમાંથી ચરબી બનાવવાના કારખાના અંગેની અપીલમાં જીતની હતી. તીર્થંકરોની નિર્વાણ ભૂમિ ઉપર આવું હિંસક કાર્ય થવાનું છે તેનાથી શ્રી વીરચંદભાઇની આંતરડી કકળી ઊઠી. નીચેની અદાલતનાં મુકદ્દમામાં નિષ્ફળતા મળી હતી. ત્યાર બાદ આ કેસ શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાને સોંપાયો. પોતાના પક્ષની સબળતા અંગે શ્રી વીરચંદભાઇને વિશ્વાસ હતો. હાઇકોર્ટમાં અપીલ કરી. કોર્ટમાં રજૂ થયેલ દસ્તાવેજો સમજવા બંગાળી ભાષાનો અભ્યાસ કર્યા વિના છૂટકો ન હતો. થોડા સમયમાં બંગાળી ભાષા શીખ્યા એટલું જ નહીં પરંતુ તેના ઉપર સારું પ્રભુત્વ મેળવ્યું. જૂના સર્વે દસ્તાવેજોનો ઝારીકાથયી અભ્યાસ કર્યો. તેમના પુરુષાર્થે સફળતા અપાવી. તે વખતના હાલ મળતાં કેસ અને અપીલના મુદ્દિત કાગળો શ્રી વીરચંદભાઇની ધીરજ અને વિદ્વતાના પ્રતીકરૂપ છે.

આ અરસામાં ચિકાગોમાં વિશ્વધર્મપરિષદ ભરવાની વિચારણા શરૂ થઇ. વિશ્વના જુદા જુદા ધર્મના અભ્યાસીઓ અને પ્રચારકો એક જ સભામાં મળી કોઇ જાતનું માનસિક વૈમનસ્ય વધારે, નહીં એટલું જ નહીં પરંતુ ચર્ચા દરમિયાન વિચારોનું સમતોલપણું જાળવે તેવા દૃષ્ટિ પ્રયોજકોની હતી. સુજ્ઞશ્રી આત્મારામજી મહારાજનો શાસ્ત્રિક શાસ્ત્રાભ્યાસ, અને વિદ્વતાના ગુણગાન દેશપરદેશમાં પ્રસારિત થયા હતા. અતુપમ બનાવવા ધારેલ આ પરિષદ માટે આચાર્યશ્રી આત્મારામજી મહારાજને નિમંત્રણ મળ્યું. જૈનધર્મના આચારવિચારને કારણે તેઓ અમેરિકા જઇ શકે તેમ ન હતા. સાથોસાથ તેમની તીવ્ર ભાવના હતી કે કર્મ અને સ્યાદ્વાદનો સિદ્ધાંત અને જૈનધર્મ જે વિશ્વધર્મ બનવાની પૂરી શક્તિ ધરાવે છે તે વિશ્વના વિચારકો જાણે. અનેકાંત તાત્ત્વિક હોવા ઉપરાંત વ્યાવહારિક શુદ્ધિ માટે ઉપયોગી છે તે વિશ્વ જાણે તેવી તેમની ભાવના પણ હતી. તે ઉપરાંત જૈન સંસ્કૃતિ અને ધર્મ અંગે ખોટી ગેરસમજ દૂર કરવાની હતી. પૂ. શ્રી આત્મારામજી મહારાજની દૃષ્ટિ શ્રી વીરચંદ રાઘવજી ગાંધી પર પડી અને ચિકાગોમાં વિશ્વધર્મપરિષદમાં હાજરી આપવા પ્રતિનિધિ તરીકે તેમને મોકલ્યા.

અમેરિકામાં અનેક સંસ્થાઓના ઉપક્રમે જુદા જુદા વિષયો ઉપર સવારસાંજ સેંકડો ભાષણો તેમણે આપ્યા. તેમની વિદ્વતા, નિખાલસતા અને વિચારોની સમતુલાને કારણે એમની પ્રવચનોને ત્યાંના અખબારોએ અગ્રસ્થાન આપ્યું. ત્યાના શ્રોતાજનો તેમની વાણીથી મુગ્ધ બન્યા હતા. આ રીતે પશ્ચિમના વિદ્વાનોમાં જૈન અને ભારતના અન્ય ધર્મો અંગે સંશોધન દૃષ્ટિ જાગી જૈનધર્મના વિષયો ઉપરાંત એમણે ગૂઢશક્તિ (Occultism) સંગીત, સમાચારપત્ર અને નાટકનો સંબંધ, અમેરિકન રાજનીતિ પર વર્તમાન સામાજિક કાયદાનો પ્રભાવ, ભારતનો અમેરિકાને સંદેશ, ભારતની અમેરિકાને ભેટ, દર્શનની ત્રણ મૌલિક પ્રથાઓ-હિન્દુ, જૈન અને બૌદ્ધ, ભારતની રાજનૈતિક અવસ્થા વગેરે વિવિધ વિષયો પર એમણે મનનીય પ્રવચનો આપ્યાં. તેમની વિદ્વતાથી પ્રેરાઇને કાસાડાગાના સ્પીરીચ્યુઆલીસ્ટોએ તા. ૨૫ ઓગસ્ટ, ૧૮૯૪ ના રોજ સુવર્ણચંદ્રક તેમને અર્પણ કર્યો.

સને ૧૮૯૫માં તેઓ ભારત પાછા ફર્યા. બુદ્ધિવર્ધક સભા, થીયોસોફિકલ સોસાયટી અને આર્યસમાજ વગેરે સંસ્થાઓના ઉપક્રમે અનેક પ્રવચનો

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલીતાણા

શ્રી પર્વાધિરાજ પર્યુષણ પર્વના આત્મકલ્યાણના દિવસોમાં આ સંસ્થાને યાદ કરશો કે ?

આ સંસ્થા શ્રી સિદ્ધાચલની પવિત્ર ભૂમિમાં ૪૧ વર્ષોથી આપણા સમાજની બહેનોને ગચ્છ અને પ્રાંતીય ભેદભાવ વિના ખાનપાન અને રહેવાની સગવડ સાથે શિક્ષણ, સંસ્કાર આપવાનું કાર્ય બજાવી રહી છે તે આપ જાણો છો.

સંસ્થામાં અત્યારે એકસો ઉપરાંત વિધવા, ત્યકતાઓને કુમારિકા બહેનો શિક્ષણ, સંસ્કાર લઇ રહી છે. દર વરસે શેકબંધ હાખલા અરજીઓ આવે છે પણ અત્યારનું મકાન એટલું નાનું છે કે વધુ બહેનોને સ્થાન આપી શકાતું નથી જેથી સંખ્યાબંધ અરજીઓ નામંજૂર કરતાં કાર્યકરોને દુઃખ થાય છે. આ મુશ્કેલી મટાડવા સંસ્થા એક વિશાળ અદ્યતન નવું મકાન રૂા. છ લાખના ખરચે બંધાવી રહેલ છે, જેમાં જીનમંદિર વિગેરે બધી ગોઠવણ થશે.

સારાયે ભારતવર્ષમાં આપણા સમાજમાં સ્ત્રી શિક્ષણની ધાર્મિક શિક્ષણને મુખ્ય રાખી સર્વાંગી-શિક્ષણ આપતી આવા પ્રકારની આ એક જ સંસ્થા છે જે સંસ્થા વિધવા બહેનોના વિસામો, ત્યકતા બહેનોની શિતળ છાંયડી અને કુમારિકા બહેનોની શિક્ષણની સંસ્કારધામ સમી પુરવાર થઈ ચુકી છે.

સમાજના જે કોઇ ભાઇ-બહેનો પાલીતાણા યાત્રાર્થે પધારે તેમને આ સંસ્થાની મુલાકાત અને સંસ્થાને સહાય, સહકાર ને માર્ગદર્શન આપવા વિનંતિ છે.

સંસ્થામાં રહેતી બહેનો દુઃખી, નિરાધાર ને ગરીબ છે તે દૃષ્ટિ કોઈ ન રાખે પણ આ બધી આપણી સાધર્મિક બહેનો છે, તે દૃષ્ટિએ તેના હક્ક તરીકે આપવા ભાવના રાખે.

દેશ પરદેશમાં વસતા આપણા ભાઇ-બહેનો ! જે રીતે આજસુધી સંસ્થાને આપ સહકાર આપતા આવ્યા છો તે રીતે સંસ્થાને સહકાર આપવાનું ચાલુ રાખશો તેવી વિનંતિ છે.

પૂજ્ય આચાર્ય ભગવંતો, પૂજ્ય મુનિ મહારાજાઓ, પૂજ્ય સાધ્વીજી મહારાજાઓને વિનંતિ કે ચાતુર્માસ દરમ્યાન ગામે ગામના સંઘને, સંસ્થાને મદદ આપવા પ્રેરણા આપે તેવી પ્રાર્થના છે, તેમજ ગામે ગામના સંઘ, ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓ, એસોસીએશનના પ્રમુખો વિગેરે બધાને સહકાર આપવા વિનંતિ છે.

મદદ મોકલવાના સ્થળો :—

હેડ, ઓફીસ :

(૧) શેઠ જીવતલાલ પ્રતાપસી
ઠે. ૯૭, સ્ટોક એક્ષચેન્જ બીલ્ડીંગ,
એપોલો સ્ટ્રીટ-કોટ, મુંબઇ-૧.

(૨) શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ.
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

લી૦ ભવદીય

માણેકલાલ ચુનીલાલ જે. પી.
જીવતલાલ પ્રતાપસી દલાલ
જયંતીલાલ રતનચંદ શાહ
જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા
ચંદુલાલ ટી. શાહ

ના જયજીનેન્દ્ર.

આપ્યા. મુંબઈમાં હેમચંદ્રાચાર્ય વર્ગની સ્થાપના કરી. તા. ૧૯ ઓગસ્ટ. ૧૮૯૬ના રોજ કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિએ 'જૈ' મુદ્રિત સુવર્ણચંદ્રક અર્પણ કર્યો. જેમાં 'સ્ટાર ઓફ જૈનીઝમ' શબ્દો કોતરાયેલા છે. તા. ૨૦ ઓગસ્ટ, ૧૮૯૬ના રોજ શ્રી માંગરોળ જૈન સંગીત મંડળીએ (હાલ શ્રી શકુંતલા કાંતિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઇસ્કુલનું સંચાલન કરતી શ્રી માંગરોળ જૈન સભા) જાહેર મેળાવડો કરી ચાંદીનું કારકેટ માનપત્ર સાથે અર્પણ કર્યું. સને ૧૮૯૫માં પૂનામાં ભરાયેલ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસમાં મુંબઈના પ્રતિનિધિ તરીકે હાજરી આપી. આ રીતે તેઓ રાષ્ટ્રીય મહાસભાના ચુસ્ત હિમાયતી હતા.

જૈનધર્મ પ્રત્યે જિજ્ઞાસાનું વાતાવરણ અમેરિકામાં હરીવાર ઊભું થતાં સને ૧૮૯૬માં ત્યાંના આગેવાન નાગરિકોની વિનતિને માન આપીને ગયા. ત્યાં ભારતની સમર્થ વ્યક્તિ તરીકે નહીં પરંતુ વિશ્વની નામાંકિત વ્યક્તિ તરીકે તેમની ગણના થવા લાગી. ત્યાંથી પાછા ફરતાં ઇંગ્લેંડમાં જૈનધર્મ ઉપર પ્રવચનો કર્યાં. બાર-એટ-લોનો અભ્યાસ કર્યો. જર્મની અને ફ્રાંસમાં પણ ઘણાં ભાષણો આપ્યાં. શત્રુંજય તીર્થ અંગે સેક્રેટરી ઓફ સ્ટેટ સમક્ષ અરજી પેશ કરવાની હતી. આ ભગીરથ કાર્ય તેમને સોંપાતા ફરી ઇગ્લેંડ ગયા અને સેપ્રિલ કાર્યમાં સફળતા મેળવી.

પૂ. ગાંધીજીના સંપર્કમાં શ્રી વીરચંદભાઇ સારી રીતે આવ્યા હોય તેમ લાગે છે. તા. ૬-૭-૧૯૪૪નો શ્રી વીરચંદભાઈના પુત્ર ઉપર પત્ર (શ્રી વીરચંદભાઇના અવસાન બાદ ૪૩ વર્ષે પ્રગટ થયેલો) છે, જેમાં બાપુજી આશીર્વાદ આપતા પૂછાવે છે કે, 'પિતાજીના આદર્શોમાંથી કંઈ જળવ્યાં રાખ્યાં છે ?'

અંગ્રેજી, સંસ્કૃત, બંગાળી, હિન્દી, ફ્રેન્ચ વગેરે મળી ચૌદ ભાષાના તેઓ જાણકાર હતા. જૈન ફિલોસોફી, કર્મ ફિલોસોફી, યોગ ફિલોસોફી, અનનોન લાઇટ ઓફ જીસસ ક્રાઇસ્ટ વગેરે પુસ્તકો અને કેટલાક નિબંધો, લેખો અને કાવ્યોના તેઓ કર્તા હતા.

સતત ઊંડો અભ્યાસ, કાર્યશીલતા, ઉદ્યમી જીવન અને સેવાની તમન્નાએ કાયા ક્ષીણ કરી નાંખી. ધૂપસળી જેવું જીવન બની ગયું. જીવનલીલા ૧૯૦૧માં ૩૭ વર્ષની યુવાનવયે કપાઈ ગઇ. આટલું નાનું જીવન અપાર પ્રવૃત્તિમાં વીત્યું છે. જીવનની પળેપળનો ઉત્તમ ઉદ્દેશો માટે ઉપયોગ કર્યો છે. 'હે ગૌતમ! એક ક્ષણ માત્રનો પણ તું પ્રમાદ ન કરીશ' પ્રભુ મહાવીરનો આ સંદેશ જીવનમાં એમણે વ્યવસ્થિત રીતે ઉતાર્યો હતો. આવી વીરલ વ્યક્તિનું તેજ અને ઓજસ આપણે આજે પણ ઝીલીએ એ જ સાચી અંજલિ ગણાશે.

તક

અમારા મતની સચ્ચાઇ પર તમારો જો પૂર્ણ આત્મવિશ્વાસ હોય તો તકની વાટ જોઇને નિષ્ક્રિય બેસી રહેશો નહિ. તક આવવાની નથી પણ તમારે ઊભી કરવાની છે. તમારા મતમાં પ્રમાણિકતા હશે તો નબળી તક પણ બળવાન બની જશે. તકને તકાસી બેસનાર તો કેટલાય નિર્માલ્ય માણસો મહાન કાર્ય કર્યા વિના, જગતમાંથી રડતા રડતા ચાલ્યા ગયા. મર્દ તો તે જ છે કે જે જીવનની દરેક પળને મહામૂલી સમજી-અપૂર્વ તક સમજી-કાર્ય કર્યે જ જાય છે. એવા માણસો મરણને હસતાં હસતાં ભેટે છે

શ્રી તાલધ્વજગિરિ તીર્થ-તળાજા

રૂ. ૨૫૧માં

આ રસની સળંગ તખ્તિમાં અમર નામ

રાખવા વિનંતિ

તીર્થ ભક્તિથી આત્મમુક્તિ પ્રાપ્ત કરવા તીર્થોદ્ધારનાં-જીર્ણોદ્ધારના કાર્યમાં આપની સુકમાઈની લક્ષ્મીની સાર્થકતા કરવા આપની ઈંટ મુકાવો.

આયંબીલ ભુવનની યોજના

શ્રી બાબુની જુની ધર્મશાળામાં પશ્ચિમ બાજુમાં ધર્મશાળાનું નવું મકાન દક્ષિણ બાજુમાં આલિશાન જૈન ભોજનશાળાનું ભવ્ય મકાન બંધાયું છે. ઉત્તર તરફના ભાગમાં આર-સી-સી પ્લાનથી "આયંબીલ ભુવન" નીચેના ભાગમાં, નૂતન ભોજનગૃહની સામે બાંધકામ શરૂ થયેલ છે. ઉપરના ભાગમાં ઉપાશ્રય હોલ અને પૂર્વ બાજુમાં જ્ઞાનમંદિરનું બાંધકામ થવાનું છે.

આયંબીલ ભુવન

આયંબીલ ભુવનમાં રૂા. ૨૫૧ માં આરસની સળંગ તખ્તિમાં નામ લખેવાનું શરૂ છે. મર્યાદિત નામ લખવાના છે. આ મકાનમાં "શ્રી વર્ધમાન તપ આયંબીલ ખાતું" કાયમ ચાલુ રહેવાનું છે આ અમુલ્ય લાભ આ પ્રાચીન તીર્થમાં પ્રાપ્ત કરવા આપનું શુભ નામ તુરત લખાવવા વિનંતિ.

તીર્થજીર્ણોદ્ધાર

ગિરિરાજ ઉપર સાચાદેવની ટૂંક તથા ચોમુખજીની ટૂંકમાં જીર્ણોદ્ધારનું કામ કરાવવાનું છે. મૂળનાયકની ટૂંકમાં ભમતીમાં પાલીસ ચોઠાવવાની છે. આ કાર્યમાં રૂા. ૧૦,૦૦૦) દસ હજારનો ખર્ચ છે. સકળ સંઘ તથા દેવદ્રવ્ય ખાતાનાં ટ્રસ્ટી સાહેબોને આ ખાતે મદદ મોકલવા ખાસ વિનંતિ છે.

સેવા પૂજા તથા સુખડ હોલ

ગિરિરાજ ઉપર સેવા પૂજાનાં કપડા તથા કેશર સુખડનો હોલ બાંધવા માટે ફંડની યોજના ચાલુ છે. રૂા. ૨૫૧)માં આરસની સળંગ તખ્તિમાં નામ લખાય છે.

શ્રી શ્રાવિકા ઉપાશ્રયની યોજના

તળાજા ગામમાં શ્રી શાંતિનાથ દેરાસરની બાજુમાં "શ્રાવિકા ઉપાશ્રય" બાંધવાનો છે. તેમાં રૂા. ૨૫૧)માં આરસની સળંગ તખ્તિમાં નામ લખાય છે. ૧૦૦ નામ લખવાનાં છે તેમાં ૨૮ નામ લખાયા છે. આપનું નામ તુરત લખાવવા વિનંતિ છે.

તાલધ્વજ તીર્થનો 'મહાયજ્ઞ'થી સુંદર વિકાસ થઇ રહ્યો છે. તેમાં આપનો લાગણી પૂર્વકનો સહકાર ઇચ્છીએ છીએ. વિશેષ વિગત માટે લખો.

તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી
તળાજા (સૌરાષ્ટ્ર)

ટે. બાબુની જૈન ધર્મશાળા
ટે. નં. ૩૦

જ્ઞાનપ્રચારક શ્રી વીરચંદભાઈ

લેખક :-કાન્તિલાલ જ. દોશી એમ. એ. મહુવાકર

'મહુમતી'ના પ્રાચીન ઐતિહાસિક નામે પ્રસિદ્ધ થયેલી મહુવાનગરીને યાદ કરી કયો સૌરાષ્ટ્રવાસી ગૌરવ ન અનુભવે ? મહુવાની એ રળીયામણી નગરી એટલે સૌરાષ્ટ્રનું કાશ્મીર. ગ્રીષ્મઋતુમાં તાપથી અકળાયેલ માણસ ત્યાં જઈને શાંતિ અનુભવે છે. ગ્રીષ્મ ઋતુના તાપને દૂર કરનારી એ મહુવાની ભૂમિએ ભારત અને જગતના તાપને દૂર કરનાર અનેક નરરત્નોની ભેટ ભારત માયાને ચરણે ધરી છે.

આજથી સો વર્ષ પૂર્વે એવા જ એક નરરત્નનો એ રળીયામણી નગરીમાં ઈ. સ. ૧૮૬૪ના ઓગષ્ટ માસની ૨૫મી તારીખે જન્મ થયો. એ વીર નરરત્ન શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ મહુવા નગરીમાંથી જ્ઞાનની જ્યોત પ્રગટાવી દુનિયાના બીજા છેડા સુધી જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો.

મહુવાના બગીચામાં ખીલેલું ફૂલ જેમ સુવાસ ફેલાવી ટૂંક સમયમાં વિલીન થઈ જાય છે, તેમ શ્રી વીરચંદભાઈએ પણ પોતાની ટૂંકા જીવનકાળ દરમિયાન સારા જગતમાં સુવાસ ફેલાવી વિદાય લીધી.

ક્રાન્તિકારી ઓગષ્ટ માસમાં જ એમનો જન્મ થયો એમાં પણ કુદરતી સંકેત જ હશે ! તેમના પિતાશ્રી શ્રી રાઘવજી ગાંધીનો ધંધો ઝવેરાતનો. ધંધો સાધારણ ચાલતો પણ ધર્મકાર્યમાં પૂરો રસ લેતા. સામાજિક સુધારામાં પણ એમને ખૂબ રસ. એ જમાનામાં એમણે પોતાનાં કુટુંબમાં મરણ પાછળ રડવા કૂટવાનો રિવાજ બંધ કરેલો. કલ્પના કરો કે એ વખતે એ કામ કેટલું વિકટ હશે.!

આવા સમાજસુધારક અને ધર્મપ્રેમી પિતાના સંસ્કારોનો વારસો શ્રી વીરચંદભાઈને મળ્યો. આ સંસ્કારવારસો લઈને શ્રી વીરચંદભાઈએ જીવનનાવ આગળ ચલાવ્યું. પ્રાથમિક કેળવણી મહુવામાં લઈ માધ્યમિક કેળવણી લેવા ભાવનગરના વિશાળક્ષેત્રમાં પ્રવેશ કર્યો. વિદ્યાપ્રાપ્તિના ઉત્સાહ અને ખંતથી અભ્યાસમાં સારી પ્રગતિ કરી. ઇ. સ. ૧૮૮૦માં મુંબઇ યુનિવર્સિટીની મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી. આ પરીક્ષામાં ભાવનગર સ્ટેટમાં સૌથી વધુ માર્કસ મેળવી તેમણે "સર જસવંતસિંહજી સ્કોલરશીપ" મેળવી હતી.

શ્રી વીરચંદભાઇનો વિદ્યાપ્રાપ્તિનો ઉત્સાહ તેમને મુંબઇના હજી વધારે વિશાળ ક્ષેત્રમાં ખેંચી ગયો. મુંબઈમાં જતાં જ એમને એલ્ફીન્સ્ટન કોલેજમાં પ્રવેશ મળી ગયો. ત્યાં ચાર વર્ષ અભ્યાસ કરી ઇ. સ. ૧૮૮૪માં તેઓ મુંબઈ યુનિવર્સિટીના એજ્યુએટ થયા.

એજ્યુએટ થયા પછી એમણે જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાના મંત્રીપદની જવાબદારી સ્વીકારી અને સફળતાપૂર્વક અદા કરી. એમની સામાજિક સેવા કરવાની તમન્ના તેમણે કરેલાં અનેક સામાજિક કાર્યોમાં દેખાઈ આવે છે. જૈન સમાજના અનેક વિકટ અને મુશ્કેલીભર્યા પ્રશ્નો એમણે ખંતથી શ્રમ લઇને પતાવ્યા છે.

પાલીતાણાના સ્ટેટ સાહેબ અને આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચેનો ઝઘડો પતાવવામાં એમનો ફાળો નાનોસૂનો નથી. સમેતશિખર ઉપર એક અઠ્ઠેકે શરૂ કરેલ કતલખાનું બંધ કરાવવામાં જૈનસમાજને સફળતા મળી તે શ્રી વીરચંદભાઈના ખંત, ઉદ્યમ, પરિશ્રમને જ આભારી છે. આ કામ માટે શ્રી વીરચંદભાઇ બંગાળમાં જઈ વસ્યા, બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો અને મૂળ બંગાળીમાં લખાયેલ દસ્તાવેજોનું અંગ્રેજી ભાષાન્તર કરી તેમજ શિલાલેખ અને ચલણી સીક્કાઓના અનેક દસ્તાવેજ પૂરાવાઓ લાઇ.

કોર્ટમાં રજુ કરી એ કતલખાનું બંધ કરાવ્યું. આ એમની સમાજનાં કાર્યો કરવાની ધગશ અને કાર્ય-કુશળતામાં જ્વલંત ઉદાહરણો છે.

ઈ. સ. ૧૮૯૩માં અમેરીકામાં વિશ્વધર્મપરિષદમાં જૈન પ્રતિનિધિ તરીકેનું તેમનું કાર્ય ઘણુંજ પ્રશંસનીય છે. આ વિશ્વપરિષદમાં હાજરી આપવા જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાએ અને મુનિ શ્રી આત્મારામજી મહારાજે શ્રી વીરચંદભાઈ ઉપર પસંદગી ઉતારી હતી.

તેઓ જે કાર્ય કરતા તે માટે અથથી ઇતિ સુધીની પૂરી તૈયારી કરી લેતા. વિશ્વધર્મપરિષદમાં અનેક ધર્મના વિદ્વાનો અને તત્ત્વચિંતકો સમક્ષ પોતાના ધર્મના સિદ્ધાંતો સમજાવવાનું કામ કપરૂં તો ગણાય જ પણ શ્રી વીરચંદભાઈએ તે માટે પૂરી તૈયારી કરી લીધી. પૂજ્ય મુનિ શ્રી આત્મારામજી મહારાજ પાસે જૈનધર્મના સિદ્ધાન્તોની ઉંડી સમજણ મેળવી લીધી, જૈનધર્મ અને ભારતીય સંસ્કૃતિનો વિશેષ અભ્યાસ કરી લીધો.

અમેરીકા અને બીજા દેશોમાં ભારતીય સંસ્કૃતિ અને જૈનદર્શન વિષે ઘણા ખોટા ખ્યાલો પ્રવર્તતા હતા. શ્રી વીરચંદભાઈએ વિશ્વધર્મપરિષદમાં ભારતીય-સંસ્કૃતિ અને જૈન દર્શનના સિદ્ધાન્તો વિષે સાચા ખ્યાલો રજુ કર્યા અને વિદ્વાનો ઉપર સારી છાપ પાડી.

તેમના પ્રવચનો અને તાત્વથી પ્રભાવિત થઈ અમેરીકાની એક સંસ્થાએ તેમને શૈષ્ય ચંદ્રક અર્પણ કર્યો હતો. વિશ્વધર્મપરિષદ પૂરી થયા પછી પણ અમેરીકામાં ત્રણ વર્ષ સુધી રોકાઈને શિકાગો, ન્યુયોર્ક, વોશીંગ્ટન, બોસ્ટન વગેરે મોટાં શહેરોમાં પ્રવચન કર્યાં. અમેરીકામાં ભારતીય સંસ્કૃતિનો અને જૈનધર્મનો પ્રચાર કર્યો.

આ ઉપરાંત અમેરીકામાં ગાંધી થીયોસોફીકલ સોસાયટીની સ્થાપના કરી ત્યાર પછી ઇંગ્લેન્ડમાં પણ એ જ રીતે પ્રવચનો કરી જ્ઞાનપ્રચાર કર્યો.

પરદેશથી પાછા આવી પોતાનું જ્ઞાનપ્રચારનું કાર્ય ચાલુ કરી દીધું. મુંબઈમાં શ્રી હેમચંદ્રાચાર્ય અભ્યાસવર્ગ'ની શરૂઆત કરી. તેમાં પોતે 'કર્મવાદ' 'અવતારવાદ' વગેરે ગહન વિષયો ઉપર અભ્યાસપૂર્ણ પ્રવચનો કર્યાં. તે ઉપરાંત 'બુદ્ધિવર્ધક સભા' અને 'આર્યસમાજ' તેમજ થીયોસોફીકલ સોસાયટીના ઉપક્રમે પણ અનેક પ્રવચનો કર્યાં.

ઇ. સ. ૧૮૯૬માં ફરી અમેરીકન મિત્રોની વિનંતિને માન આપી અમેરીકા ગયા.

આ રીતે કુશળતાપૂર્વક ભારતીય સંસ્કૃતિ અને ખાસ કરીને જૈન તત્ત્વજ્ઞાનનો દેશ પરદેશમાં પ્રચાર કરી, નાનાં મોટાં અનેક સામાજિક કાર્યો પાર પાડી ૩૭ વર્ષ જેવી નાની ઉંમરે ઈ. સ. ૧૯૦૧ના ઓગષ્ટ માસની ૭મી તારીખે એમનો દેહવિલય થયો.

દેશપરદેશમાં જૈન સંસ્કૃતિનો પ્રકાશ ફેલાવનાર એ મહાપુરૂષને આજે એમની જન્મ શતાબ્દિ પ્રસંગે અંજલિ અર્પી એમના કાર્યને આગળ ધપાવવા સંકલ્પ કરીએ.

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૬ થી ચાલુ)

રીતે ચુકવી જોઈએ અને તેમનું જૈનસમાજ ઉપરનું ઋણ સવિશેષપણે કેમ ચુકવાય તે માટે ખાસ સમિતિની નિમણુંક કરવાની આવશ્યકતા છે તે માટે યોગ્ય પ્રબંધ કરવા આ પ્રસંગે શ્રી વીરચંદભાઈને શ્રદ્ધાંજલિ અર્પી જૈનસમાજને અપીલ કરૂં છું અને આવી સભાઓ યોજવા માટે વક્તૃત્વભારક સમિતિને નિમંત્રવા માટે ધન્યવાદ આપું છું.*

*શ્રી કૃતેહચંદ ઝવેરભાઈએ મુંબઈમાં તા. ૫-૭-૧૪ના રોજ શ્રી ગોડીજી ઉપાશ્રયમાં અત્રેથી સભાના અભ્યાસ-સ્થાનેથી આપેલું પ્રવચન.

BHAVNAGAR GENERAL STORES

: Dealers in :

Scientific Instruments, Sports Goods, Band and Gymnastic Goods, Drawing and Engineering Requirements, Radio, Montessorie Equipments, Presentation Articles, Etc. Etc.

Phone No. 790

Jubilee Road, **RAJKOT**

Mahatma Gandhi Road, **BHAVNAGAR**

લોખંડ

ના ગોળ અને ચોરસ સળીયા, પટ્ટી, પાટા વિગેરે મળશે

ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

ટ્રાપતી રોડ-ભાવનગર

ચિકાગો વિશ્વધર્મપરિષદમાં શ્રી વીરચંદભાઇ ગાંધી

અનુવાદક : શ્રી પન્નાલાલ રમિઠલાલ શાહ

[સ્વ. વીરચંદભાઈ ગાંધી જૈન હતા. જૈન ધર્મની રજૂઆત અને હિંદુ ધર્મના બચાવ ઉપરાંત એમણે ભારતીય સંસ્કૃતિને એના મૂળ સ્વાંગમાં રજૂ કરી. એમનાં પ્રવચનોમાં 'હિન્દુઓના લગ્નનો દરજ્જો', 'ભારતીય સ્ત્રીઓની સ્થિતિ', 'સામાજિક રીતરિવાજો' વગેરે વિષયોનો સમાવેશ થતો હતો. હીમીસ મા (નેપાળ)માંથી મળેલા હસ્તપ્રતને આધારે Notovitch નામના લેખકે ફ્રેન્ચમાં અનુવાદ કરેલ પુસ્તકનો અંગ્રેજીમાં એમણે શુદ્ધ અનુવાદ કર્યો હતો. એ પુસ્તક હતું. ' An Unknown Life of Jesus Christ.,' ભારતનો અન્ય દેશો સાથેનો સાંસ્કૃતિક, સાહિત્યિક, કલાદૃષ્ટિએ અને વ્યાપાર તેમ જ ધાર્મિક દૃષ્ટિએ સંબંધ સમજાવવા એમણે વિસ્તૃત પ્રસ્તાવના આ પુસ્તકમાં આપી છે, જેમાં ચાર આશ્રમ, જ્ઞાતિપ્રથા વગેરે વિષયો પર તલસ્પર્શી જ્ઞાન એમની કસાયેલી કલમમાંથી આલેખાયું છે. એમના અન્ય પુસ્તકોમાં ' Jaina Philosophy ', ' Karma Philosophy ,' ' Yoga philosophy ' નો સમાવેશ થાય છે. તેઓ ૧૪ ભાષાના જાણકાર હતા ! ૩૯ વર્ષે એમની જીવનયાત્રા સંકેલાઈ ગઈ. **અનુવાદક**]

ભારતભૂમિ સર્વ સંસ્કૃતિઓનું પારણું છે, તત્ત્વજ્ઞોની જનેતા છે. પરંતુ કપારેક એવું પણ બને છે કે સૂર્યના જેવો પ્રતાપ સહન ન થતાં તે તરફ ધૂળ ઉડાડવાની બાળચેષ્ટા કેટલાક લોકો કરે છે દક્ષિણ ભારતના મંદિરોમા ગાતાનીઓને અમુક પ્રસંગોએ ગાનતાન માટે બોલાવવામાં આવતી એ વિષે સને ૧૮૯૩માં ચિકાગોમાં મળેલી વિશ્વધર્મપરિષદમાં રેવરન્ડ પેન્ટેકોસ્ટ નામના લંડનના પ્રતિનિધિએ ટીકા કરતાં કટાક્ષમાં કહ્યું કે " તેઓ વેશ્યાઓ હતી એટલા માટે પૂજારી બનાવવામાં આવી હતી અને તેઓ પૂજારી હતી તો પણ વેશ્યાઓનાં કામ કરતી હતી." સમાજમાં રહેલાં દૂષણો ધર્મને લઇને નથી એ સત્યનું વસ્તુતઃ વિસ્મરણ થવાથી અને વિદેશીઓને આવી બધી માહિતી બીજા ત્રીજાઓની મારફત મળતી હોવાથી આવી ટીકા કરે એ બનવા યોગ્ય છે. પરિષદમાં હાજર રહેલા ભારતીય પ્રતિનિધિઓમાંથી સ્વામી શ્રી વિવેકાનંદ અને શ્રી વીરચંદભાઈ ગાંધીનું લોહી આ અયોગ્ય ટીકાથી ઊકળી ઊઠ્યું અને તેમણે પ્રત્યુત્તર આપવાનું યોગ્ય ધાર્યું. શ્રી વીરચંદભાઈ ગાંધીની જૈન ધર્મની રજૂઆત કરવા ઉપરાંત આ એક અદ્વિતીય વિશેષતા રહી છે. તે એ અર્થમાં કે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે હાજર રહી, સ્યાદ્વાદના અનુયાયી માત્ર સ્વ-લક્ષી દૃષ્ટિ અપનાવી ન શકે પરંતુ દેશના હિતને અનુલક્ષી વિદેશમાં પોતાના દેશના રીતરિવાજો, ધાર્મિક ભાવનો વિશે પ્રવર્તતા ખોટા ખ્યાલો દૂર કરવા જોઇએ; એમણે એ કરી બતાવ્યું છે, જે એમના અહીં આપેલ પ્રવચન ઉપરાંત એમના તત્પશ્ચાત્ યોજાએલ પ્રવાસમાં, એમણે કરેલાં પ્રવચનોમાં, પ્રસંગોપાત ઉપસ્થિત થતા પ્રશ્નોના પ્રત્યુત્તરમાં અને વિદેશથી વિદાય લેતાં, ભારતીય સંસ્કૃતિ વિશે પૂર્વગ્રહથી બંધાયેલા વિચારોને નિર્મૂળ કરવા Some mistakes corrected એ વિશેના ખાસ પ્રવચનમાં પણ સ્ફુટ થાય છે. પરિષદમાં એમણે કરેલો હિન્દુ ધર્મનો બચાવ આપણને વેધક રીતે સ્પર્શે એવો છે. આપણે એમના શબ્દોમાં જ જોઇએ.

" + + + દરેક ટીકાઓ સમાજમાં રહેલા દૂષણ સાથે સબંધ ધરાવે છે. હું જે વારંવાર કહેતો આવ્યો છું એ આજે ફરીથી કહું છું કે **સમાજમાં રહેલી ક્ષતિઓ ધર્મને કારણે નથી પરંતુ બીજા બધા દેશોમાં બનતું આવ્યું છે એ પ્રમાણે, ધર્મ હોવા છતાં પણ મોજૂદ હોય છે."**

" કેટલાક મહત્ત્વાકાંક્ષી માણસો એમ વિચારે છે

કે તેઓ મહાત્મા પૉલ છે. અને તેઓ જે વિચારે છે એ વાત માની પણ લે છે. આ નવા પૉલ ભારતમાં પોતાના આદર્શો રજૂ કરવા જાય છે અને ભારતીય સમૂહનું એ રીતે પરિવર્તન કરવા માગે છે. પરંતુ જ્યારે સ્વપ્ન સરી જાય છે—જે હંમેશાં સરી જ જતું હોય છે-ત્યારે તેઓ જીવનભર હિન્દુ ધર્મની ટીકા કરવામાં જ પોતાનું જીવન વ્યતીત કરે છે. કોઈ **પણ ધર્મની નિંદા એ ધર્મની વિરુદ્ધનું કોઈ પ્રમાણ નથી. એવી જ રીતે પોતાના ધર્મની પ્રશંસા એ ધર્મની સત્યતાનો પુરાવો નથી.** આવી વ્યક્તિઓ પર મને ખૂબ જ દયા આવે છે. દક્ષિણ ભારતમાં કેટલાંક એવાં મંદિરો છે, જેમાં વિશેષ પ્રસંગે ગાવા માટે ગાનારીઓને બોલાવવામાં આવે છે. એ પૈકી કેટલીક સ્ત્રીઓ શંકાસ્પદ ચારિત્ર ધરાવે છે, જે હિન્દુ સમાજને લાગે છે અને એ દૂષણને દૂર કરવા શક્ય તેટલા પ્રયત્ન પણ કરે છે. પરંતુ એથી 'તેઓ વેશ્યાઓ હતી એટલે પૂજારી બનાવવામાં આવી અને પૂજારી છે છતાં વેશ્યાઓનાં કામ કરે છે.' એમ કહેવું એ સત્યથી વેગળું છે—જેમ અંધકારથી પ્રકાશ તદ્દન ભિન્ન છે! આવી સ્ત્રીઓને મંદિરના મુખ્ય ભાગમાં પણ પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. તેઓના પૂજારી હોવા સંબંધમાં એ કહેવું પર્યાપ્ત ગણાશે કે હિમાલયથી કન્યાકુમારી સુધી એક પણ સ્ત્રી પૂજારી નથી!"

"જો હાલની ન્યૂનતા હિન્દુ ધર્મને કારણે ઉત્પન્ન થઈ છે એમ કહેવામાં આવે તો એ જ ધર્મમાં એવું સમર્થ રાષ્ટ્ર બનાવવાની શક્તિ ક્યાંથી આવી? જે મોક ઇતિહાસકારોને આમ કહેવા માટે પ્રેરણારૂપ બની. **"કોઈ પણ હિન્દુને અસત્ય બોલતો જોયો નથી અને કોઈ પણ હિન્દુ સ્ત્રી શીલપતિત થયેલી સાંભળી નથી.' અને આજે પણ ભારત કરતાં વધુ પવિત્ર સ્ત્રી અગર વધુ નમ્રહૃદય પુરુષ બીજે ક્યાં છે?.. ..."**

"જેઓ ભારતની ભવ્યતાને નિંદે છે તેઓ માટે હું ખૂબ ખૂબ દિલગીર છું. 'પરંતુ મને એક જ આશ્વાસન છે કે એમને મળતી માહિતી બીજા-ત્રીજા-ઓની મારફત મળે છે જે વહેમો અને માન્યતાઓથી ભરપૂર હોય છે જિસસના ચારિત્રની ટીકા કરતા હિન્દુઓનો ધિક્કાર કરવામાં, જેઓ પોતાના ધર્મની શ્રેષ્ઠતા સમજે છે, અને જેમાં હકીકતે ધર્માંધતા અને ખંડનાત્મક દૃષ્ટિ જ હોય છે, તેમને હું ઈસિપની જૂની કથા યાદ કરાવી કહેવા લલચાઉં છું: 'હું તમને નમસ્કાર કરતો નથી, પરંતુ તમારી પાછળ રહેલી શુભ ભાવનાને નમસ્કાર કરું છું.' અને તેમને સમ્રાટ અકબરના જીવનમાંથી એક પ્રસંગ ઉદાહરણરૂપે કહીશ.

"મુસ્લિમ યાત્રાળુઓનું એક જહાજ મક્કા જતું હતું. રસ્તામાં પોર્ટુગીઝોએ આ વહાણને કબજે કર્યું. લૂંટેલા સામાનમાં પવિત્ર કુરાનની કેટલીક નકલો હતી, જે કુતરાઓને ગળે લટકાવી અને કૂતરાઓને શહેરમાં ફેરવ્યા. સંજોગવશાત્ એવું બન્યું કે સમ્રાટના માણસોએ પોર્ટુગીઝના એક વહાણને કબજે કર્યું, જેમાં પવિત્ર બાઈબલની પ્રતો હતી સમ્રાટ અકબરને તેની માતા પ્રત્યેનો સ્નેહ જાણીતો છે અને તેની માતાને મુસ્લિમોના પવિત્ર ગ્રંથ કુરાન પ્રત્યેના પોર્ટુગીઝોના વર્તાવથી દુઃખ થયું હતું. આથી તે સમ્રાટ અકબરને બાઈબલ પ્રત્યે પણ એવો વર્તાવ કરવાનો આગ્રહ કરતી હતી પરંતુ આ ઉમદા વ્યક્તિએ જવાબ આપ્યો: ના! આ અજ્ઞાન માણસો પવિત્ર કુરાનની મહત્તા સમજતા નથી; એમણે દાખવેલ વર્તાણૂક એમની અજ્ઞાનતાનું પરિણામ છે. પરંતુ હું તો પવિત્ર કુરાન અને બાઈબલ બન્નેની શ્રેષ્ઠતાથી પરિચિત છું. એટલે જે રીતે એ લોકોએ અજ્ઞાનતા દર્શાવી એ રીતે હું અજ્ઞાનતા દર્શાવી ન શકું."

[" World's Parliament of Religions by Barrows Vol 1 " અને " Neely's History of Parliament of Religions and Religious Congress " ને આધારે]

૭૦ વર્ષથી સુપ્રસિદ્ધ અને જૈન માલિકી ધરાવતી :

૧૧૦૦ આયુર્વેદી ઔષધો નિર્માણ કરનાર ગુજરાતની એકમાત્ર સંસ્થા

ઊંઝા ફાર્મસી, ઊંઝા

નાં કેટલાંક લોકપ્રિય ઔષધો

સુંદરી સંજીવની

સ્ત્રીઓની અશક્તિ કમર, પીઠ, માથું દુખવું, નબળાઇ તથા સુવાવડના રોગો વગેરેમાં ઉપયોગી છે. શક્તિ આપે છે. અને તંદુરસ્ત રાખે છે.

બા. ૧ના રૂ. ૨–૫૦

૪૫૦ મી. લી. રૂ. ૭–૦૦

અમીરી જીવન

લીલા આમળામાંથી બનાવેલ આ સ્વાદિષ્ટ ચાટણ છે. જેમાં કેલ્શીયમ, વીટામીન વગેરે તત્વો આવે છે, જે શરીરની ક્ષીણતા, થકાવટ દૂર કરી નવશક્તિ અર્પે છે.

૪૫૦ ગ્રામ રૂ. ૭–૫૦

૧૧૦ ગ્રામ રૂ. ૨–૨૫

ઝાડા તથા મરડા માટે

અન્ટિડીસેન્ટ્રોલ

અજોડ છે. ગમે તેટલા ઝાડા થતા હોય તુરત કાબુમાં લાવે છે.

બાળકો માટે

શિશુ સંજીવની

બાળકોના તાવ, ઝાડા, દૂધનું પાચન ન થવું, લીવરના રોગ અને અશક્તિ દૂર કરે છે.

નિયમિત આપવાથી બાળકો રૂષ્ટપુષ્ટ બને છે. બા. ૧ ના રૂ. ૦–૫૦, ૧૧૦ મી. લી. બા રૂ. ૧–૨૫

સિરપ શંખપુષ્પી

મગજથી કાર્ય કરનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો, કારકુનો, ઓફીસરો વગેરે માટે ઉત્તમ છે.

બા. ૧ ના રૂ. ૧–૫૦, ૩૦૦ મી. લી. ૪–૦૦

દરેક જગ્યાએ દવાવાળાને ત્યાં મળશે.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ સંચાલિત

શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર–પાલીતાણા

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની પ્રેરણાથી અને શ્રી જૈન પ્રગતિ મંડળના પ્રયાસથી પાલીતાણામાં શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર છેલ્લા અગિયાર વર્ષથી મધ્યમવર્ગના સાધર્મિક જૈન ભાઇ–બહેનોને આર્થિક રાહત અને ઔદ્યોગિક તાલીમ આપી, સ્વાશ્રયી બનાવવા વ્યવસ્થિત ચાલી રહ્યું છે. શહેરના અગ્રગણ્ય જૈન સદ્ગૃહસ્થો સેવાભાવે કાર્ય કરી, આ કેન્દ્રનું સુંદર સંચાલન કરી રહ્યા છે.

ઉપરોક્ત કેન્દ્રમાં 'સમિતિ' દ્વારા શુદ્ધ અને સારૂં અનાજ ખરીદી, કેન્દ્રની બહેનો પાસે જ સાફ કરાવી, ઘઉંના સાદા અને મશાલેદાર ખાખરા, સ્વાદિષ્ટ મોગરેળી ખાખરા, મગ–અડદના પાપડ, ચોખાના સાળેવડા, વડી, ખેરો, અથાણાં, સુગંધી તેલો વગેરે કાળજીપૂર્વક બનાવી વેચવામાં આવે છે.

'કેન્દ્ર'નું કાર્ય મોતીશા શેઠની ધર્મશાળામાં અને વેચાણ–કેન્દ્ર મુખ્ય બજારમાં 'સમિતિ'ની દેખરેખ નીચે વ્યવસ્થિત ચાલી રહેલ છે.

આપણા સિદ્ધાંતા સ્વામિ ભાઇ–બહેનોને સ્વાશ્રયી બનાવવા અને સહાયભૂત થવા, જૈન સમાજ અને યાત્રાળુ ભાઇ બહેનો આ સંસ્થાની મુલાકાત લઇ કાર્ય નિહાળે અને વસ્તુઓ ખરીદી ઉત્તેજન આપે.

આ સાધર્મિક સંસ્થાને યાદ કરી, યોગ્ય સહાય કરવા વિનમ્ર વિનંતિ છે. લી. સેવકો:–

કેન્દ્ર સ્થળ :– મોતીશા શેઠની ધર્મશાળામાં
વેચાણકેન્દ્ર:– મુખ્ય બજાર પાલીતાણા

ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M.B.B.S. પ્રમુખ
જયંતિલાલ વીરચંદ સલોત
માસ્તર શામળભાઇ ભાઇચંદ શેઠ
માનદ્ મંત્રીઓ, (વ્યવસ્થાપક સમિતિ વતી)

તા : Paramite — ટેલીફોન : ૨૩૮૩૮

મેસર્સ રાયચંદ એન્ડ સન્સ

ઇલેક્ટ્રીક સામાનના જથ્થાબંધ વેપારી

૫–૭ પીકેટ ક્રોસ રોડ, મુંબઈ–૨

PLEASE CONTACT.- T. C. BROTHER FOR "CALTEX" PRODUCTS

"કલ્ટેકસ"ની કોઈપણ પ્રોડકટસ કીફાયત ભાવે મળશે.

પાવર ફુલ તથા કેમીકલ પેટ્રોલ, પ્યોર રીફાઈન્ડ "ચાવી" છાપ કેરોસીન, લાઈટ ડીઝલ ઓઈલ, હાઈસ્પીડ ડીઝલ ઓઈલ, લુબ્રીકેટીંગ ઓઈલ્સ, ગ્રીસ, હાઈડ્રોલ R. P. M. મોટર ઓઈલ્સ વગેરે.

卐

શાખા :- મહુવા : DISTRIBUTORS :

ટી. સી. બ્રધર્સ

ફોન નં. ૩૩૮ ટેલીગ્રામ : "TICIBROS"

લોખંડ, પાઈપ્સ, હાર્ડવેર તથા રંગના વેપારી

તથા

બ્લન્ડેલ સ્પેન્સ એન્ડ કું. લી. તથા એલીફન્ટ ઓઈલ મીલ્સ લીમીટેડના સૌરાષ્ટ્રના સોલ એજન્ટસ

ઠે. દાણાપીઠ : ભાવનગર

BIGGEST FACTORY & WIDE SALES

ELEPHANT OIL MILLS (PRIVATE) LTD.

BOMBAY

શ્રી વીરચંદ ગાંધી જન્મશતાબ્દિ સમારંભ

અત્રે સ્વ વીરચંદ રા. ગાંધીની જન્મશતાબ્દિ નિમિત્તે ૨૫મી ઓગસ્ટના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તથા શ્રી નવાપરા જૈન પ્રગતિ મંડળ એમના આશ્રય નીચે એક જાહેર સભા શ્રી આત્માનંદ સભાના હોલમાં રાત્રીના સાડા આઠ કલાકે યોજવામાં આવી હતી. તેમાં ભાઇઓ તથા બહેનો સારા પ્રમાણમાં હાજર રહ્યા હતા.

કાર્યના આરંભમાં શ્રી આત્માનંદ સભાના પ્રમુખશ્રી ખીમચંદ ચાંપશી શાહે આજની સભાનો હેતુ સમજાવ્યા બાદ સભાનું પ્રમુખસ્થાન શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ જે. પી.ને લેવા માટે વિનંતિ કરી હતી, અને શ્રી દીપચંદ જીવણલાલ શાહના અનુમોદનથી શ્રી ચંદુલાલભાઇએ સભાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું.

આ પ્રસંગે પાલીતાણાથી ખાસ આવેલ શ્રી ફુલચંદ હરીચંદ દોશી તથા ડો. ભાઇલાલ બાવીશીએ શ્રી વીરચંદભાઇ ગાંધીની ૩૭ વરસની યશસ્વી જીવનયાત્રાનો પરિચય આપતાં જણાવ્યું કે મહુવા એ ગોહિલવાડની વીર ભૂમિ છે. આ ભૂમિએ જાવડશા, જગડુશા, અને એવાં અનેક રત્નો આપ્યાં છે વીરચંદભાઇ તેમાંના એક તેજસ્વી કર્મવીર થઇ ગયા, તેઓના સંયોગે સામાન્ય હતા પરંતુ નાની ઉમરમાં તેઓશ્રીએ જૈન સમાજના ઉત્કર્ષ માટે જે જે ભગીરથ કાર્યો કર્યાં તે ખરેખર પ્રશંસનીય હતાં, વીરચંદભાઇનું જીવન શ્રમ, સેવા અને સમર્પણથી છલોછલ ભર્યું હતું, તેઓશ્રી એક આશાસ્પદ તેજસ્વી વિદ્યાર્થી હતા, જરૂરી અભ્યાસ ભાવનગર અને મુંબઇમાં કરી વીશ વરસની નાની ઉમરે તેઓશ્રીએ જૈન સમાજની સેવાના કાર્યોમાં ઝંપલાવ્યું, પાલીતાણાના ઠાકોરે ત્યારે યાત્રિકો ઉપર મૂંડકાવેરો નાખ્યો ત્યારે તે કેસમાં તેઓ લડયા અને માનભર્યું સમાધાન કરાવ્યું. શિખરજીના પવિત્ર પહાડ પર હુકરની ચરબીનું કારખાનું નાખવાનો પ્રશ્ન આવ્યો ત્યારે બંગાળી ભાષાનો ખાસ અભ્યાસ કરી તેઓશ્રીએ અપીલમાં વિજય પ્રાપ્ત કર્યો, અને ચિકાગો ખાતેની વિશ્વધર્મ પરિષદમાં ૨૯ વરસની નાની ઉમરે જઇ ત્યાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ રજુ કરીને જે લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી તે આપણે સૌ જાણીએ છીએ. સર્વસ્વનું સમર્પણ કરનાર આવા વીરનરને આપણે ભૂલી ગયા છીએ તે ખરેખર દુઃખનો વિષય ગણાય.

ત્યારબાદ શ્રી રતિલાલ દીપચંદ દેસાઇનું રેડીઓ ઉપર રજુ કરવામાં આવેલ શ્રી વીરચંદભાઇ અંગેનું પ્રવચન બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું.

જાણીતા આખ્યાનકાર શ્રી સીતારામભાઇએ વીરચંદભાઇનો એક કર્મયોગી તરીકે પરિચય આપતાં જણાવ્યું કે ૩૭ વરસની નાની જીવનયાત્રામાં વીરચંદભાઇએ જૈન ધર્મને માટે-વિશ્વધર્મને માટે પોતાની જાતને ઘસી નાખીને અને જે અજોડ સિદ્ધિઓ મેળવેલી છે તે મહાન છે.

ભારતીય સંસ્કૃતિના ત્રણ પ્રવાહો, તેમાં જુનામાં જુનો જૈન ધર્મ, પછી બૌદ્ધ અને હિન્દુ આ ત્રણે સંસ્કૃતિ અંગે પ્રાશ્ચાત્ય વૈજ્ઞાનિકોને ભૌતિક વિચારણા ધરાવન૨ શ્રેષ્ઠિના માનવોમાં જે ગેરસમજ ચાલતી હતી, તેની સામે આધ્યાત્મિક પ્રકાશ પાથરી સંસ્કૃતિની જે મહામૂલી સેવા કરી તેઓનું અજ્ઞાન દૂર કર્યું તે બદલ સર્વ હિન્દી જનતા વીરચંદભાઇની આભારી છે. સ્વામી વિવેકાનંદની જેવાં શ્રી વીરચંદભાઇના

મહાન કાર્યોને અંજલિ દેવાના પવિત્ર કાર્યમાં નિમિત્તભૂત બનવાની તક આપવા બદલ હું આપ સૌનો આભારી છું.

જૈન દર્શન આજના યુગમાં મહા ઉપયોગી છે વસ્તુમાં સર્વ દૃષ્ટિઓ જોવાનો–સમજવાનો 'અનેકાન્તવાદ'–'સ્યાદ્વાદ'નો વિશાળદૃષ્ટિ અર્પતો સિદ્ધાન્ત આપણને સર્વધર્મ સમભાવ તરફ લઈ જાય છે. સાત આંધળા અને હાથીનું દૃષ્ટાન્ત આપણને અનેકાન્તનું રહસ્ય સમજાવે છે, વિશ્વધર્મ–વિશ્વશાંતિના તત્ત્વો આમાં રહેલા છે. આવો અપૂર્વ સંદેશ, એક નહિ પણ અનેક ભાષણો દ્વારા વિદેશની જનતાને વીરચંદભાઈએ આપીને જે લોકપ્રિયતા તેઓશ્રીએ પ્રાપ્ત કરી હતી તે કંઈ નાનીસુની સિદ્ધિ ન ગણાય. વિશ્વદર્શનની ભાવના જેમના દીલમાં ભરી છે તેવા માનવીની આજે જરૂર છે.

વીરચંદભાઈના ભાષણોમાંથી જે સાહિત્ય ઇંગ્લીશ ભાષામાં પ્રગટ કરવામાં આવેલ છે તેમાંનો એક ગ્રંથ મારા વાચવામાં આવ્યો તેમાં મને માત્ર જૈન સંસ્કૃતિનું જ નહી પરંતુ હિન્દુ સંસ્કૃતિનું દર્શન મળ્યું. કેટલું સુંદર સાહિત્ય ! આવા ગ્રંથોનો સર્વભાષામાં પ્રચાર કરવામાં આવે તો ? ગુજરાતીમાં આ ગ્રંથ મળે તો આપણા ઘણા ભાઈઓને ઘણો લાભ થાય.

બાહ્ય સ્વાતંત્ર્ય માટે આજે આપણે મથી રહ્યા છીએ, પણ અભ્યંતર–આત્મશાન્તિ માટે જગતે વળવાની જરૂર છે. વિશ્વશાન્તિના બીજ આપણને આધ્યાત્મિક દૃષ્ટિમાંથી મળે તેમ છે. વીરચંદભાઈએ આવો સુંદર સંદેશ વિદેશમાં ત્રણ ત્રણ વખત જઈને આપ્યો, આજે આપણે તેઓને તેઓના કાર્યને અને આપણી ફરજને ભૂલી ગયા છીએ તે આજના પ્રસંગે યાદ કરીએ અને આપણી ફરજનો બોધપાઠ લઈ કર્તવ્યના પવિત્ર પંથે પડીએ તો આજનો સમારંભ વધુ સફળ થયો ગણાશે.

ત્યારબાદ જાણીતા આખ્યાનકાર શ્રી કમળાબહેન ઠક્કરે પોતાની સુમધુર વાણીમાં વીરચંદભાઈની સમર્પણ ભાવનાનું ભાવવાહી ચિત્ર રજુ કર્યું હતું, તેમજ પ્રાસંગિક ભજન રજુ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

છેવટ, પ્રમુખશ્રી ચંદુલાલભાઈએ જણાવ્યું કે વીરચંદભાઈના જીવન કાર્યો અંગે ઘણું કહેવાયું છે એટલે તે સંબંધે હું વધુ નહિ કહું.

આજથી દસેક મહિના પહેલાં, વીરચંદભાઈની જન્મશતાબ્દિનો વિચાર અમોને આવ્યો અને મહાવીર જૈન વિદ્યાલય વતી મારા મિત્ર શ્રી કાન્તિલાલ કોરા સાથે અમો વીરચંદભાઈની જન્મભૂમિ મહુવા ખાતે ગયા હતા, ત્યાં અમોએ તેમનું જન્મસ્થાન જોયું વિલાયતના પ્રવાસમાંથી વીરચંદભાઈને મોકલ ચંદ્રકો, પ્રશંસાના પત્રો અને વિલાયતના વર્તમાનપત્રોએ વીરચંદભાઈને કેવા પ્રેમથી અપનાવ્યા હતા તે બધું જાણ્યું. એમાંથી માગી તે સામગ્રી અમોને તેમના કુટુંબીઓએ પ્રેમપૂર્વક આપી, પણ અમોને દુઃખ થયું તેમના કુટુંબીઓની ગરીબ પરિસ્થિતિ જોઈને. જે વીરચંદભાઈએ જૈન સમાજને માટે પોતાની કાયા ઘસી કાઢી, સર્વસ્વનું સમર્પણ કર્યું, તેના કુટુંબીજનો આજે કેવી હાલતમાં છે તે જોવાનો અને તેનો વિચાર કરવાનો આપણી સમાજને વિચાર પણ નથી આવ્યો તે ખરેખર આપણા માટે દુઃખનો વિષય છે. આવા દિવ્ય–સમર્પણની જ્યોત જો જલતી રાખવી હોય તો આવા કર્મવીરોને આપણે ભૂલી જવા ન જોઈએ, તેના કુટુંબની ચિંતા આપણે રાખવી જોઈએ.

બીજો પ્રશ્ન છે કે વીરચંદભાઇને આપણે કેમ ભૂલી ગયા? સ્વામી વિવેકાનંદ પણ તેઓની સાથે ચિકાગો ગયા હતા. તેમણે હિન્દુ ધર્મનો સંદેશ ત્યાં સફળતાપૂર્વક આપ્યો હતો, અને તેઓ પાછા આવ્યા ત્યારે ભારતના હિન્દુ સમાજે તેમના કાર્યને જીવંત રાખવા માટે ખાસ કાળજીપૂર્વક યોજના ઘડી હતી. આજે પણ યોજના પૂર્વક કામ ચાલુ છે. વિવેકાનંદની સેવા ને સમર્પણને સક્રિય રીતે અપનાવી લેવામાં આવ્યાં છે. જ્યારે આપણે વીરચંદભાઇને લેશ પણ અપનાવી શકયા નથી.

કોઇપણ વ્યક્તિના કાર્યને-સંદેશને જીવંત રાખવો હોય તો તેની પાછળ કોઇ તેના કાર્યને ઝીલવા માટે ભેખધારી નીકળવા જોઇએ, તે માટેની યોજના જોઇએ વીરચંદભાઇને મોટે આપણે કંઇ કરી શકયા નથી, એટલે આજે તેઓને આપણે ભૂલી ગયા. વિદેશમાં જૈન ધર્મનો પ્રચાર કરવાનું પણ ભૂલી ગયા.

આ પ્રસંગે આ વાતનો આપણે ગંભીરપણે વિચાર કરવો જોઇએ અને તો જ આવા શતાબ્દિ મહોત્સવો સાર્થક ગણાય.

વીરચંદભાઇના કુટુંબીઓ માટે જો વિચારણા કરવામાં આવશે તો તે પ્રસંગે હું મારી ફરજ બજાવવા વચન આપું છું.

છેવટે શ્રી ગુલાબચંદભાઇ લલ્લુભાઇએ સૌનો આભાર માન્યા બાદ શ્રી કમળાબેનનું એક સુમધુર આધ્યાત્મિક ગીત સાંભળીને પછી સૌ વિખરાયા હતા.

આપની કાપડની જરૂરીયાત માટે

"મહાલક્ષ્મી"

કાપડ પસંદ કરો અને ખરીદો

સુતરાઉ કાપડ : લોંગ કલોથ, ચેક શર્ટીંગ, કીલ, સુશી, રંગીન તથા પ્રીન્ટ પોપલીન, ધોતી સાડી વગેરે.

આર્ટીફિશિયલ સિલ્ક કાપડ : બ્રોકેડ, ટાફેટા, સાટીન, નાયલોન વગેરે આકર્ષક ફેન્સી જાતો

ધી મહાલક્ષ્મી મીલ્સ લીમીટેડ.

મેનેજીંગ એજન્ટ : હરગોવિંદદાસ જીવણદાસ એન્ડ સન્સ લિ. ભાવનગર

ટેલીફોન : ૨૬૨ તથા ૧૪૩ તાર "MAHALAXMI"

મિલ કમ્પાઉન્ડમાં આવેલ રીટેલ શોપ ઉપર છુટક કાપડ મળે છે.

સુંદર વસ્તુઓ સર્વદા આનંદદાયક હોય છે.
એલ્યુમિનિયમની કોઈ પણ વસ્તુ ખરીદતાં
'ક્રાઉન બ્રાન્ડ'નો જ આગ્રહ રાખો.

ક્રાઉન PURE ALUMINIUM THE CROWN બ્રાન્ડ

એલ્યુમિનિયમની

ક્રાઉન બ્રાન્ડ એનોડાઈઝ્ડ
થર્મિક જગ ડીલકસ,
પિકનિક ટિફિન કેરિયર
અને નાસ્તા માટે સગવડ-
ભર્યું ટિફિન કેરિયર
અમારી ખાસ બનાવટ હોઈ
અતિ લોકપ્રિય બનેલ છે.
અમારી વિવિધ રંગી એનો-
ડાઈઝ્ડ વસ્તુઓ તેમજ ફોટો-
પ્રિન્ટ પદ્ધતિથી બનાવેલી
નામની પ્લેટો વસાવવી
એક અનેરો આનંદ છે.

વસ્તુઓ

વિશુદ્ધિનું પ્રતીક :
ચોખ્ખા-વિશુદ્ધ એલ્યુમિનિયમ માંથી બનાવાય છે.

ખાતરીની મહોર :
માનવ-તંદુરસ્તી માટે તદ્દન સલામત છે.

પ્રતિષ્ઠાની મુદ્રા :
અડધી સદી ઉપરાતથી લાખોની સંખ્યામાં વપરાય છે.

સંતોષનું નિશાન :
વજનમાં હલકાં, મજબૂત અને ટકાઉ છે.

સુંદર : સસ્તાં :
વ્યાજબી ભાવે મળે છે : સર્વ સ્થળે સુપ્રાપ્ય છે.

જીવણલાલ (૧૯૨૯) લિમિટેડ

ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ, ૩૨ બેબ્રાન રોડ, કલકત્તા ૧
મુંબઈ * મદ્રાસ * રાજમહેન્દ્રી * દિલ્હી * એડન

ભાઇ અજિતકુમાર હિંમતલાલનું વધુ અભ્યાસાર્થે વિદેશગમન



ભાઇ અજિતકુમાર હિંમતલાલ તા. ૮-૮-'૬૪ના દિવસે સ્ટીમર જી. માર્કોનીમા અમેરીકા Rhode Island યુનિવરસીટીમાં MS એન્જીનીયરીંગના વિશેષ અભ્યાસાર્થે મુંબઇથી રવાના થયા છે. ભાઇ અજિતકુમાર ભાવનગરના શેઠ ઝવેરભાઇ ભાઇચંદના સંસ્કારી કુટુંબના છે. આપણી સભાના ઉપપ્રમુખ શ્રી ફતેહચંદભાઇના પૌત્ર છે. અને BE સીવીલ એન્જીનીયરીંગમાં પાસ થયા છે. તેઓ તાજેતરમા પાલીતાણા યાત્રા કરી ભાવનગર આવેલા, ત્યારે આ સભામા ,અષાડ શુદ ૧૫ સવારે તેમના માનમા જાણીતા અગ્રણી શ્રી. ત્રિભુવનદાસ દુર્લભજી પારેખ (શ્રી. પમ્પુભાઇ)ના પ્રમુખસ્થાને મેળાવડો કરી તેમને અભિનંદન અને આશીર્વાદ આપ્યા હતા. પાલીતાણા શ્રી. યશોવિજયજી ગુરુકુળમાં આપામના મેળાવડામાં પણ તેમને અભિનંદન અપાયા હતા.

મુંબઇમાં શ્રી. ગોદાવરી જૈન મિત્રમંડળ તરફથી હીરા બાગમા શ્રી. જયંતીલાલ રતનચંદ શાહ (BA. BCom. London)ના પ્રમુખસ્થાને મેળાવડો યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખશ્રી તથા અન્ય વક્તાઓ તરફથી અભિનંદન આપવા સાથે વિદેશની રહેણીકરણી, કેળવણી, સંસ્કાર વગેરેને લગતું સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમના માનમાં મુંબઇમા અનેક પાર્ટીઓ થઈ હતી. પ. પૂ. આ. મ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી, પ. પૂ. આ. મ શ્રી. વિજયધર્મસૂરીશ્વરજી વગેરે આચાર્ય મહારાજો તથા અન્ય મુનિમહારાજો તથા સ્વજનો અને સ્નેહીજનોના મંગલમય આશીર્વાદો લઇ ભાઇ અજિતકુમારે પ્રયાણ કર્યું છે. તેમના અભ્યાસમાં સુંદર સફળતા પ્રાપ્ત કરી તેઓ સમાજ, ધર્મ અને રાષ્ટ્રને ઉપયોગી નીવડે એવી શુભેચ્છા.

બ્હેન આશાનું સન્માન

આપણી સભાના મંત્રી શ્રી જાદવજીભાઈના પૌત્રી બ્હેન આશા S.S.C. માં ૮૦ ટકા માર્કસ્થી પાસ થયા છે તે માટે પ્રથમ શ્રી ગોદાવરી જૈન મિત્રમંડળ (મુંબઇ) તરફથી મેળાવડો યોજી તેમને અભિનંદન આપવામાં આવ્યા હતા. તેમજ તા. ૯-૮-૬૪ ના રોજ શ્રી ગોદાવરી જૈન સેવા સમાજ (મુંબઇ) તરફથી શ્રી. જવાહરભાઇ ગીરધરલાલ મણીયાર B.S.M.E. (USA)ના પ્રમુખસ્થાને એક સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં શ્રી છોટાલાલ ગીરધરલાલ, શ્રી પરમાનંદભાઈ કાપડીયા, શ્રીમતી કળાવતીબ્હેન વોરા, શ્રીમતી જસુમતી બ્હેન કાપડીયા, શ્રી હીરાલાલ જુઠાભાઇ વગેરેએ સુંદર શબ્દોમા કેળવણી સંબંધી વિવેચન કરી, બ્હેન આશાને અભિનંદન આપ્યા હતા. તેમજ શ્રી ફતેહચંદ ઝવેરભાઇએ પોતાનું વક્તવ્ય રજુ કરતાં કહ્યું હતું કે ઉચ્ચ કેળવણી સાથે ધર્મભાવના અવશ્ય હોવી જ જોઇએ તેમજ ભાઇશ્રી પન્નાલાલ વર્ધમાને પોતાની ભાણેજ બ્હેન આશાને બાળપણથી પોતાને ત્યાં રાખી, આવી સુંદર કેળવણી અપાવી ફરજ બજાવી તે માટે તેમને અભિનંદન આપ્યા હતા. બેન આશા વધુ ને વધુ તેજસ્વી કારકીર્દી પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

બિહારની સરકારે શિખરજીના પવિત્ર પહાડના લીધેલા કબજા સામે

ભાવનગર જૈન સંઘનો વિરોધ.

આપણા તીર્થધામ શ્રી સંમેતશિખરજીના પવિત્ર પહાડનો કબજો બિહારની સરકારે લઇ લીધો છે તે સામે વિરોધ વ્યક્ત કરવા માટે તા. ૩૦–૮–૬૪ રવિવારે ભાવનગરના જૈન સંઘની જાહેર સભા સમવસરણના વંડે, પ. પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયોદયસૂરીશ્વરજી, આ. મ શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી, આ. મ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી તથા આ. મ. શ્રી વિજયયશોભદ્રસૂરિજી આદિ મુનિવર્યોની નિશ્રામાં સવારના સાડા નવ કલાકે મળી હતી, જેમાં પૂ. આચાર્યવર્યો આદિ મુનિ મહારાજો, પૂ. સાધ્વીજીઓ તથા ભાઇ-બહેનોએ બે હજારનીએ વિપુલ સંખ્યામાં હાજરી આપી હતી.

સભાના આરંભમાં જાણીતા ધારાશાસ્ત્રી શ્રી ભાઇચંદ અમરચંદ શાહે સંમેતશિખરજી તીર્થને અંગેનો આજ સુધીનો ઇતિહાસ સરસ રીતે રજુ કર્યો હતો. ત્યારબાદ આ. મ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી, આ. મ. શ્રી યશોભદ્રસૂરિજી તથા પં. શ્રી ચંદ્રોદયવિજયજી મહારાજે પવિત્ર તીર્થ શ્રી સમેતશિખરજી પહાડનો કબજો બિહારની સરકારે લીધો છે તે પહાડ આપણો હતો અને આપણને મળી જવો જોઇએ તેમ સુંદર રીતે ભારપૂર્વક જણાવ્યું હતું ત્યારબાદ સંઘના ઉપપ્રમુખ શ્રી ખીમચંદ ચાંપશી શાહે શિખરજી તીર્થને અંગે કેટલુંક વિવેચન કરી નીચેનો ઠરાવ રજુ કર્યો હતો.

પ. પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયોદયસૂરીશ્વરજી, આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી, આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી. આ. શ્રી વિજયયશોભદ્રસૂરિજી તથા અન્ય મુનિવરોની નિશ્રામાં મળેલી ભાવનગર શ્વે. પૂ. જૈનસંઘની આ સભા ઠરાવે છે કે—

જ્યાં જૈનધર્મના ચોવીસ તીર્થંકરો પૈકી વીસ તીર્થંકર ભગવંતો તથા બીજા અનેક મુનિવરો સિદ્ધિપદને પામ્યા છે તેવા શ્રી સંમેતશિખરજી તીર્થનો જૈન સમાજના માલિકી અને કબજાનો હક્ક બિહાર રાજ્ય સરકારે તા. ૨–૪–૧૯૬૪ના રોજ લઈ લીધો છે તે સામે આ સભા ભારે રોષ અને ચિંતાથી ક્ષોભ રહી છે અને તેનો સખ્ત વિરોધ કરે છે. આવું પગલું પાછું ખેંચી લઇ જૈન સમાજની ધાર્મિક લાગણીને માન અને સંતોષ આપવા આ સભા બિહાર રાજ્ય સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

ઉપરનો ઠરાવ પસાર થવા બાદ વકીલ શ્રી ભાઇચંદ અમરચંદ શાહે નીચેનો ઠરાવ રજુ કર્યો હતો.

પ. પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયોદયસૂરીશ્વરજી, આ.મ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી, આ.મ. શ્રી વિજયયશોભદ્રસૂરિજી તથા અન્ય મુનિવરોની નિશ્રામાં મળેલી ભાવનગર શ્વે. મૂ. જૈનસંઘની આસભા ઠરાવે છે. કે—

શ્રી સંમેતશિખરજીના પવિત્ર તીર્થમાં જૈન ધર્મના સિદ્ધાંતો વિરૂદ્ધ કે જૈન સમાજની ધાર્મિક લાગણી દુભાય તેવું કોઇપણ કૃત્ય થવું ન જોઇએ, અને તે માટે તમામ પ્રયત્નો કરવા જોઇએ. આ પવિત્ર ભૂમિની પવિત્રતા હામમ જળવાઇ રહે અને ધર્મ વિરૂદ્ધ કાંઇ પણ કૃત્ય ત્યાં ન થાય અને તે તીર્થ આપણા પાસે રહે તે માટે બધાજ પ્રયત્નો કરવા આ સભા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને અનુરોધ કરે છે અને તેમના પ્રયત્નોમાં અત્રેનો સંઘ તમામ સહકાર આપશે તેમ ખાત્રી આપે છે. તેમજ આ બાબતમાં વખતોવખત સમાજને જાણકારી કરવા અને માર્ગદર્શન આપવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આ સભા અનુરોધ કરે છે.

ઉપરોક્ત ઠરાવ પસાર કરવામાં આવ્યા પછી સંઘના મંત્રીશ્રી જગજીવનદાસ ભગવાનદાસે સૌનો આભાર માન્યા બાદ સૌ વિખરાયા હતા.

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પૃષ્ઠ
૧	ક્ષમા	ભગવાન ભદ્રબાહુસ્વામી	૧૭૩
૨	ધર્મનો માપદંડ	પૂ. શ્રી ભુવનવિજયજી ગણિ	૧૭૪
૩	પર્યુષણ પર્વ–આત્મનિરીક્ષણનું મહાપર્વ	પ્રિન્સી. જિતેન્દ્ર જેટલી	૧૭૫
૪	પર્યુષણ આત્મચિંતનથી સામાજિક ચિંતન તરફ	ડૉ. દેવેન્દ્રકુમાર જૈન	૧૭૭
૫	દર્શન અને ધર્મ	પં. કૈલાસચંદ્ર શાસ્ત્રી	૧૭૯
૬	સમદર્શિતા	જિજ્ઞાસુ	૧૮૨
૭	અનેકાંતવાદ એટલે શું ?	મુનિશ્રી યશોવિજયજી	૧૮૩
૮	કમ્મપયડિસંગ્રહણી અને એનાં ત્રિ.નું સ. સંસ્કરણ	પ્રો. હીરાલાલ ર. કાપડીયા	૧૮૬
૧૦	જૈનદર્શનની પ્રમાણમીમાંસા	પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી	૧૯૨

શ્રી વીરચંદ રાઘવજી જન્મશતાબ્દિ પૂર્તિ

૧	શુભ સંદેશ	વિજયસમુદ્રસૂરિ	૧૯૭
૨	સ્વ. શ્રી વીરચંદ રાઘવજી ગાંધી	શ્રી કુંદનચંદ જવેરભાઇ	૧૯૮
૩	શ્રી વીરચંદ રાઘવજી ગાંધી	શ્રી પન્નાલાલ ર. શાહ	૨૦૦
૪	જ્ઞાનપ્રચારક શ્રી વીરચંદભાઇ	શ્રી કાન્તીલાલ જ દોશી	૨૦૫
૫	ચિકાગો વિ. ધ. પ.માં શ્રી વીરચંદભાઇ ગાંધી	શ્રી પન્નાલાલ રસિકલાલ	૨૦૮
૬	શ્રી વીરચંદ ગાંધી જન્મશતાબ્દિ સમારંભ		૨૧૩
૭	સમાચાર		૨૧૬

આ સભાના માનવંતા નવા પેટ્રન
શેઠ છોટુભાઇ રતનચંદ–મુંબઇ

આ સભાના નવા લાઇફ મેમ્બર
શાહ મણભાઈ રાયચંદભાઈ –મુંબઇ

સ્વર્ગવાસ નોંધ

પાટણનિવાસી શેઠશ્રી નાનકચંદ રીખવચંદ મુંબઇખાતે તા ૨૫–૮–૬૪ મંગળવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા દિલગીર થયા છીએ. તેઓશ્રી ધર્મપ્રેમી હતા અને સ્વભાવે મીલનસાર હતા આ સભા પ્રત્યે તેઓ ખૂબ લાગણી ધરાવતા હતા અને આ સંસ્થાના પેટ્રન હતા. તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ભાવિક જૈન યાત્રિકોની સેવાર્થે બીજી વખત

શ્રી ગોધારી જૈન મિત્રમંડળ-મુંબઇ

શ્રી હીરાલાલ જુઠાલાલ શાહની અંગત દેખરેખ નીચે

શ્રી સમ્મેતશિખરજી પાવાપુરીજી મહાતીર્થની

જૈન યાત્રા સ્પેશ્યલ ટ્રેઇનનું

આયોજન કરે છે.

મુંબઇથી મંગળ પ્રયાણ તા ૨૨-૧૦-૧૯૬૪ : મુંબઇ આગમન તા ૫-૧૨-૧૯૬૪

દીવાળી	૪૪	કાર્તકી પૂર્ણિમા
પાવાપુરીમાં	દીવસનો આકર્ષક ભવ્ય કાર્યક્રમ	કલકત્તામાં

ટીકીટોના દર :

પહેલો વર્ગ આખી ટીકીટ રૂ. ૬૫૧, ૧૨૧
,, અડધી ટીકીટ રૂ. ૪૦૧
(૧૦ વરસ સુધીના બાળકની)
બે અડધી ટીકીટ દીઠ એક આખી બર્થ આપવામાં આવશે.

ત્રીજો વર્ગ આખી ટીકીટ રૂ. ૪૩૧
,, ,, ૪૧૧
,, ,, ૩૮૫
,, અડધી ટીકીટ રૂ. ૩૭૧
(દસ વરસ સુધીના બાળકની)

સમ્પૂર્ણ માહિતી અને ટીકીટોની નોંધ માટે નીચેના સ્થળોએ સંપર્ક સાધો.
(૧) શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ ૭૭, મારવાડી બજાર, ત્રીજે માળે, મુંબઇ. ૨
(૨) શ્રી વિનુભાઇ સંઘવી C/o મેસર્સ સંઘવી ચશ્માવાળા, ૬. વોરા બજાર, ભાવનગર

વિનંતી : મર્યાદિત સંખ્યામા યાત્રિકો લેવાના હોવાથી યાત્રિકોએ પોતાની સીટો—ટીકીટ દીઠ રૂ. ૧૦૦) ભરી તુરત જ મેળવી લેવા કૃપા કરવી.

હીરાલાલ જુઠાલાલ શાહ
પ્રમુખ
લક્ષ્મીચંદ દુર્લભજી શાહ ઉપ-પ્રમુખ
દામોદર ઠાકરશી શાહ, ખજાનચી

નાનચંદ તારાચંદ શાહ
વિનયચંદ ખીમચંદ શાહ
માનદ મંત્રીઓ

શ્રી ગોધારી જૈન મિત્રમંડળ-મુંબઇ

પ્રકાશક : ખીમચંદ ચાપશી શાહ, જૈન આત્માનંદ સભાવતી.
મુદ્રક : અનંતરાય હરિલાલ ગેહ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર.

આજે જે રીતે વિજ્ઞાનનો ઉપયોગ થઇ રહ્યો છે તે જ રીતે ભવિષ્યમાં પણ ચાલુ રહેશે તો આજે દુનિયામાં કોલસાની તંગી છે, બાળવાને કોલસો મળતો નથી. પણ કુદરત કહે છે કે એક દિવસ એવો આવશે કે–આ વિજ્ઞાનથી સંસાર સળગીને કોલસો બની જશે અને એ કોલસો બાળનાર કોઈ નહિ હોય.

ચિત્રભાનુ

ગ્રામ : "Jahangir"

ફોન નં. મીલ : ૨૮૦
બંગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ

પોસ્ટ બોક્સ નં. ૨

મંગળદાસ જેસીંગભાઇ સન્સ પ્રા. લી.

ભાવનગર

આ સભાના નવા માનવંતા પેટ્રન

: શ્રી છોટુભાઈ રતનચંદ

શેઠશ્રી છોટુભાઇ રતનચંદ

સુરતના સંસ્કારી અને ધર્મનિષ્ઠ શેઠશ્રી રતનચંદ ગયચંદનું કુટુંબ ખૂબ જાણીતું છે. તેમના સુપુત્ર શ્રી છોટુભાઇ મેટ્રીક સુધીનો અભ્યાસ પૂર્ણ કરી પોતાના વડિલો સાથે મુંબઈમાં શેર, સોનું, ચાદી અને ઝવેરાતના ધંધામાં ૧૮ વર્ષની વયે જોડાયા હાજર તેમજ વાયદા બજારનો ઘણોજો અનુભવ મેળવી બુદ્ધિકૌશલ્યથી આપણળે આગળ વધી શ્રી અને સરસ્વતીના યોગ સાથે એક પ્રતિષ્ઠિત વ્યાપારી તરીકે તેમાં તેમણે ઉજ્જવળ કીર્તિ સંપાદન કરી છે.

કૌટુમ્બિક ઉત્તમ સંસ્કારો સાથે મીલનસાર સ્વભાવ, વ્યવહાર કુશળતા, સાધર્મિક સેવાભાવના અને સાદાઇ આદિ તેઓશ્રીના સદ્‌ગુણો સૌ કોઇને તેઓશ્રી પ્રત્યે આદરભાવના ઉપજાવે છે.

ધાર્મિક ટ્રસ્ટોના વહીવટમા તેઓશ્રી અપૂર્વ ખંત અને ધગશ રાખી નોધનીય સવા આપે છે. ખાસ કરીને ગુલાલવાડીમાં આવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના દેરાસરમાં પૂજા કરનાર અનેક ગુજરાતી ભાઈઓની માગણીને માન આપી ટ્રસ્ટીઓના બોર્ડમાં ગુજરાતીઓને સ્થાન અપાવવામાં સુંદર ફાળો આપ્યો હતો અને વર્ષોથી તેઓશ્રી ટ્રસ્ટી તરીકે પ્રશંસનીય સેવા આપી રહ્યા છે.

જન્મભૂમિ સુરત અને પોરવાડ જ્ઞાતિની ઉન્નતિ માટે તેમનો જાગીરથ પુરુષાર્થ તેમજ સ્વજન સંબંધીઓ પ્રત્યેની મમતા અને માયાળુ લાગણી તેઓશ્રીની ખાસ વિશિષ્ટતા બતાવે છે. પોરવાડ જૈન મંડળના પ્રમુખ તરીકે પ્રશંસનીય સેવા આપી છે. સમાજની અનેક સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

તેઓશ્રીની ઉદારતા અને સન્માર્ગે થતો દાનનો પ્રવાહ અન્યને સાચું માર્ગદર્શન આપે છે.

આવા એક ઉદાર અને સેવાભાવી સદ્‌ગૃહસ્થ શ્રી છોટુભાઇએ અમારી વિનતિ સ્વીકારી અમારા પેટ્રન થયા છે તે માટે અમે તેઓશ્રીનો આભાર માનીએ છીએ અને અમને અમારા કામમા તેઓશ્રીનો સાથ મળ્યો છે તે બદલ અમારો આનંદ વ્યક્ત કરીએ છીએ.

શાપરીઆ

બનાવનારા

બારજીસ
લાઈફ બોટસ
ટગ્સ
ડ્રેજર્સ
પેસેન્જર વેસલ્સ
પાન્ટૂન્સ
મૂરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ
વિગેરે.

શીપ
બીલ્ડર્સ
અને
એન્જીનીઅર્સ

બનાવનારા

શેલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફયુઝ હેન્ડ કાટર્સ
પેલ ફેન્સીંગ
લેડ-યુલાઇટ (લેટયુલ)
મેગ્નેટીક સેપરેટર્સ
વિગેરે.

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફ્રોટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૬૧/૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઈ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : 'શાપરીઆ' પરેલ, મુંબઇ



વર્ષ : ૬૧ મું] ઓક્ટોબર ૧૯૬૪ [અંક ૧૨

જિન વાણી

जहा य अंडप्पभवा बलागा
अंडं बलागप्पभवं जहा य ।
एमेव मोहाययणं खु तण्हा
मोहं च तण्हाययणं वयंति ॥

रागो य दोसो वि य कम्मबीयं
कम्मं च मोहप्पभवं वयन्ति ।
कम्मं च जाई मरणस्स मूलं
दुःखं च जाईमरणं वयन्ति ॥

दुःखं हयं जस्स न होइ मोहो
मोहो हओ जस्स न होइ तण्हा ।
तण्हा हया जस्स न होइ लोहो
लोहो हओ जस्स न किंचणाइं ॥

બગલી ઇંડાંમાંથી જન્મે છે, અને ઇંડું બગલીમાંથી જન્મે છે તેમજ ઘણા મોહની માતા છે, અને મોહ તૃષ્ણાનો પિતા છે એમ જ્ઞાની પુરુષો કહે છે.

કર્મનું-કુસંસ્કારનું-બીજ રાગ પણ છે અને દ્વેષ પણ છે. કુસંસ્કાર મોહને લીધે પેદા થાય છે. જન્મ અને મરણની મૂળ જડ કુસંસ્કાર છે, તથા જન્મ અને મરણ દુઃખ રૂપ છે તેમ કહેવામાં આવ્યું છે.

જેના ચિત્તમાં મોહ નથી તેનું દુઃખ હણાઇ ગયું; જેના ચિત્તમાં તૃષ્ણા નથી તેનો મોહ કપાઈ ગયો; જેની તૃષ્ણા કપાઇ ગઇ તેને લોભ થવાનો સંભવ નથી અને જે પોતાની પાસે કશું જ રાખવાની કે લેવાની લોભવૃત્તિ ધરાવતો નથી તેનો લોભ નાશ પામી ગયો.

(ઉ. અ. ૩૨ ગા. ૬-૮)

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ સ્તવન

—: કવિ :—
સાહિત્યચંદ્ર બાલચંદ્ર
હીરાચંદ, માલેગામ.

ભારત કંઠ મણિ સમ શોભિત વારાણસી નગરી વિલસે,
ભાગીરથી-મંદાકિની-ગંગા કાશીનગરી પદ ફરશે;
કેઈક ભવિજન તપ તપિયા ને સહજ મુક્તિપદને વરીયા,
પુનિતં થઇને આત્મદર્શને વેગે ભવસાગર તરીયા. ૧

અશ્વસેન- કુલભૂષણ વર્જિતદૂષણ વિશ્વવિભૂષણ જે,
વામાનંદન સુરનર વંદિત રિપુમદભંજન એ પ્રભુ છે;
નાગરાજ સેવિત પ્રભુ પારસ પાવનકુલમાં જન્મ ધરે,
લોહધાતુને સુવર્ણ કરતા શઠખટને પણ સંત કરે. ૨

બાલ યુવાનવયે પ્રભુ સાત્વિક સંસ્કૃતિ સમુચિત ખેલ કરે,
થઇ યુવરાજ અશ્વપર સ્વારી કુતુહલ જોતા એહ ફરે;
કમઠ યોગીનું નામ ધરાવી પંચાગ્નિ તપ યોગ ધરે,
અનુચિત માર્ગે થઇ ગર્વોદ્ધત મુગ્ધજનોનું ચિત્ત હરે. ૩

જઇ યુવરાજ કમઠ સન્નિધમાં ધર્મ બતાવી ગર્વ હરે,
અગ્નિદહંતો નાગ બચાવી દયા ધર્મનો બોધ કરે;
નાગ થયો ધરણેંદ્ર કમઠ શઠ મેઘમાલિ થઈ ક્રોધ ધરે,
જલ વર્ષાવી પ્રભુના તપમાં ઉપસર્ગો બહુ તેહ કરે. ૪

આવી ત્યાં ધરણેંદ્ર આદરે પાર્શ્વનાથની ભક્તિ કરે,
કમઠ અને ધરણેંદ્ર બેહુ પર પ્રભુ તો ભાવ સમાન ધરે;
એ પ્રભુના પૂજન સ્તવનોથી જગજન નિજનું દુઃખ હરે,
પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ પ્રભુ ત્રણે લોકમાં પૂજ્ય ઠરે. ૫

ખરદૂષણ રાજાએ નિર્મી મૂર્તિ વાલુકામય પ્રભુની,
દેવાધિષ્ઠિત વજ્રમયી થઇ જલસરમાં જે પૂજ્ય બની;
કાલ અનંત રહી ઉદકમાં દૂર કરે દુઃખ ભવ્યતણાં,
જલ પણ એહ પ્રભાવિત બનિયું મનવાંછિત ફલ લહે ઘણાં. ૬

અચલપુરીનો ઈલનૃપતિ જે કુષ્ટરોગ પીડિત મોટો,
સ્નાન કરે તસ જલથી મટિયો રોગ સકલ જસ નહીં ખોટો;

તપ તપતા ને દેવાધિષ્ઠિત મૂર્તિ મેળવી ભક્તિ કરી,
માળોખાના રથને જોડ્યા ગોવત્સો તંતુ દોરી. ૭

રાજા ચાલ્યો રથ લેઈ આગળ મન આનંદવિભોર બની,
શંકા અસુરી મનનાં જાગી વળતું જોયું મૂર્તિ ભણી;
અધર થયા સ્થિર વટતરૂની નીચે પ્રભુ નિશ્ચલ થઈ તિહાં રહ્યા,
અંતરિક્ષ પ્રભુ પાર્શ્વનાથના નામે પ્રભુજી પ્રગટ થયા. ૮

રાજા જસશ્રીપાલ નામ છે ઈલિ નામથી પ્રગટ જને,
નગર વસાવ્યું નિજનામાંકિત શ્રીપુર હર્ષિત થાય મને;
મંદિર સુંદર. અતુલ કલાંકિત દેવયાન સમ ત્યાં વિલસે,
સ્વનામ લોલુપ કીર્તિ તણો નૃપ તેથી પ્રભુજી ત્યાં ન વસે. ૯

નૃપ આમંત્રણથી ત્યાં આવ્યા અભયદેવસૂરિ રાયા,
સંઘહસ્ત બંધાવો મંદિર વસશે ત્યાં શ્રી પ્રભુરાયા;
આજ્ઞા માની સંઘે બાંધ્યું મંદિર નગર સમીપ સોહે,
નીચે ઉતરી પ્રભુજી બિરાજ્યા અધર સ્વયં મંદિર માંહે. ૧૦

કરી પ્રતિષ્ઠા નૃપે સમર્પ્યો રત્નજડિત મુકુટાલંકાર,
હર્ષ સંઘમાં પ્રગટ્યો ઉચરે અંતરિક્ષ પ્રભુ જયજયકાર;
અંતરિક્ષ પ્રભુ મહિમા વધિયો ભક્તજનોનો વાધ્યો પૂર,
અધર બિરાજે જગ સહુ જાણે કીર્તિ સુગંધિત ગઈ સુદૂર. ૧૧

પંડિત ભાવવિજયગણિ બનિયા અંધ પૂર્વના કર્મ સંજોગ,
આવ્યા સંઘસહિત પ્રભુ ચરણે નયન માગવા ટળવા ભોગ;
ભક્તિબળે પામ્યા નિજ નયનો દર્શન કરિયા હર્ષ સુચંગ,
મંદિર જીર્ણોદ્ધાર કરાવ્યો ત્યાં પણ પ્રભુજી છે ઉત્તુંગ. ૧૨

આકર્ષણનો સૃષ્ટિ નિયમ જે નિષ્ફળ થઈયો પ્રભુ પ્રભાવ,
દૂષિત ભૂ સ્પર્શે નહીં પ્રભુજી ભક્તકામ કલ્પદ્રુમ ભાવ;
જે નર દર્શન પૂજન કરશે ભાવાંજલિ મન ભક્તિ ધરી,
બાલેન્દુ કહે તસ મનવાંછિત પૂર્ણ થશે સહુ દુઃખ હરી. ૧૩

(૩)

"સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્ માત્ર સંશય નથી.

આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે, સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવરૂપ સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.

જે જીવો મોહનિદ્રામાં સૂતા છે તે અમુનિ છે; અંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે; દીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઇ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે.

સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે. જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

કોઇ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્મોહજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ નથી.

અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

જો કોઇ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઇ રીતે ન થઇ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય-પરિચયથી પાછો વળે તો સહજમાં હમણા જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગપ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો હીનસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેથી નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઇ રીતે પુરુષાર્થયોગ્ય થઇ વિચારદશાને પામે.

જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્માવચાર ઉત્પન્ન થાય."

(૪)

'આત્મા છે,' 'આત્મા નિત્ય છે,' આત્મા 'કર્મનો કર્તા છે,' 'આત્મા કર્મનો ભોક્તા છે,' 'તેથી નિવૃત્ત થઇ શકે છે,' અને 'નિવૃત્ત થઇ શકવાનાં સાધન છે' – એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય તેને વિવેકજ્ઞાન અથવા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ગણવી. એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે, જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે.

પૂર્વના કોઇ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે; અથવા સત્સંગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે.

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાસ્થિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મુંઝાઇને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણીવાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પકાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઇ સ્વરૂપ આવિર્ભાવ થાય છે. એમાં પ્રથમથી ઉત્પન્ન થતાં સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસાર-પરિભ્રમણનો યોગ રહ્યા કરે છે."

(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૫૬૯–૫૭૦ માંથી)

શ્રી કેદારનાથજી.

જે વસ્તુ એક વખત ઠીક સમજાઇ હોય તે વસ્તુ માણસ તરત પકડી લે છે. જે વસ્તુ માણસને ગમે છે કે પ્રિય લાગે છે તે તેને ઘડી ઘડી સમજાવવાની જરૂર પડતી નથી. પણ જીવનમા ઘણી વસ્તુઓ પ્રિય ન જણાતી હોય તે પ્રિય બનાવવાના પ્રયત્નો કરવા જોઇએ. આવું કરવાથી જ જીવન શુદ્ધ કરી શકાય છે. અમુક વસ્તુ આપણા કલ્યાણની વિરોધી છે તેમ જાણવા છતાંયે આપણે એ છોડી શકીએ નહિ એ સ્થિતિ દુઃખદ છે. માણસની પાસે દરેક વસ્તુ હોય પણ નિર્ભયતા ન હોય ત્યા સુધી માણસ સુખી થઇ શકશે નહિ અને જ્યા સુધી માણસ ધર્મમાર્ગે ચાલતો નથી ત્યાં સુધી આવી નિર્ભયતા આણી શકાતી નથી.

સંયમ બળ સિવાય ધર્મમાર્ગ ઉપર જીવન ચલાવવું મુશ્કેલ બને છે. માણસ સુખ ગોતતો ફરે છે, પણ એને સમજાતું નથી કે શુદ્ધ હૃદય સિવાય માણસ સુખી બની શકતો નથી. જેમ સાંભળવાની ક્રિયા કાનનો વિષય છે, સ્વાદવૃત્તિ જીભનો વિષય છે, તેવી જ રીતે સુખના અનુભવની ક્રિયા એ શુદ્ધ હૃદયનો વિષય છે. ધન, સંપત્તિ સાધનોની વિપુલતા વગેરે વસ્તુઓથી માણસ સુખી છે, એમ દેખાય છે. પણ એ બાહ્ય દેખાવોથી આપણે ભૂલમાં ન પડવું જોઇએ. દરેક શ્રીમંત માણસ સુખી છે એમ ન માનવું. શુદ્ધ હૃદય સિવાય કોઇ પણ માણસ સુખી બની શકતો નથી.

અહંકાર શુદ્ધિ

માણસ પોતાનું જીવન શુદ્ધ કરતો રહે. જીવનમાં સદ્ગુણો આણતો રહે છતાયે એ વસ્તુનો એને અહંકાર ન આવવો જોઇએ. માણસમાં અહંકારનો પૂરેપૂરો નાશ થઇ શકે કે કેમ તે કહી શકાય નહિ. અહંનો ભાવ એટલો મજબૂત હોય છે કે એનો પૂરો નાશ ન પણ થઇ શકે. પણ અહંકારનો નાશ ન થઇ શકે, તોયે તેને શુદ્ધ તો કરી જ શકાય છે. વ્યક્તિગત દ્રષ્ટિને બદલે આપણે સામુદાયિક દ્રષ્ટિએ વિચાર કરતાં થઇએ તો એ અહંકાર ઉત્તરોત્તર શુદ્ધ બનતો જાય છે.

આવી સામુદાયિક દ્રષ્ટિથી નિર્માણ થયેલો અહંકાર દોષરૂપ નથી બનતો. મારૂં અપમાન કરનારનો કદાચ હું પ્રતિકાર ન કરૂ પરંતુ મારા રાષ્ટ્રનું કે માનવસમાજનું અપમાન કરનારનો હું અવશ્ય પ્રતિકાર કરીશ. વ્યક્તિગત અહંકાર દોષરૂપ બને છે. સામુદાયિક દ્રષ્ટિથી નિર્માણ થયેલો અહંકાર ધર્મરૂપ બને છે. કોઇ પણ ગુણ શૂન્ય સ્વરૂપ પકડે ત્યારે એ દોષરૂપ બને છે. મમતા દોષરૂપ બને છે. વાત્સલ્ય સદ્ગુણ બની શકે છે. જનાવરો માત્ર પોતાનાં બાળકો ઉપર જ પ્રેમ કરી શકે છે. બાળક માત્ર ઉપર સાચું વાત્સલ્ય દેખાડનાર માતા જગદંબા બની શકે છે. બીજાના સુખે સુખી થવું અને બીજાના દુખે દુખી થવું એ વૃત્તિ કેળવવાથી આપણો અહંકાર શુદ્ધ બનશે.

સદ્ગુણ–દુર્ગુણ

માણસ પોતાનાજ હિતને માટે જ્યારે ઉદાસીન બને છે ત્યારે એ બીજાઓ માટે વાત્સલ્ય કે પ્રેમ દર્શાવી શકે છે, સેવા કરનારને પોતાને તો કંઇક સહન કરવું પડશે જ. દયાની વૃત્તિ ત્યાગની વૃત્તિ વિના ટકી શકશે નહિ, અને એવો ત્યાગ સંયમ વિના થઇ શકશે નહિ. આમ એક સદ્ગુણ બીજા સદ્ગુણને લઇ આવે છે. કોઇ સદ્ગુણ કે દુર્ગુણ એકલા ટકી શકતા નથી. પણ એકની સાથે બીજાને

(૩)

"સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્ માત્ર સંશય નથી.

આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે, સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવ-સ્વરૂપ સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.

જે જીવો મોહનિદ્રામાં સૂતા છે તે અમુનિ છે; નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે; પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઇ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે.

સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે. જેટલું આત્મજ્ઞાન થાય તટલી આત્મસમાધિ પ્રગટે.

કોઇ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

જો કોઇ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઇ રીતે ન થઇ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય-પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગપ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો હીનસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેનાં નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઇ રીતે પુરુષાર્થ યોગ્ય થઇ વિચારદશાને પામે.

જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય."

(૪)

'આત્મા છે,' 'આત્મા નિત્ય છે,' આત્મા 'કર્મનો કર્તા છે,' 'આત્મા કર્મનો ભોક્તા છે,' 'તેથી નિવૃત્ત થઇ શકે છે,' અને 'નિવૃત્ત થઇ શકવાનાં સાધન છે' – એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય તેને વિવેકજ્ઞાન અથવા સમ્યગ્-દર્શનની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે. જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે.

પૂર્વના કોઇ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે; અથવા સત્સંગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે.

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવ્યું નથી તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાકારપણું ચાલ્યું આવે છે કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મુંઝાઇને પાછું વળવું પડે છે, અને તે મોહમયિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણીવાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પકાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી, સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઇ સ્વરૂપ આવિર્ભાવ થાય છે. એમાં પ્રથમથી ઉત્પન્ન થતાં સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસાર-પરિભ્રમણનો યોગ રહ્યા કરે છે."

(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક પદ૯–૫૭૦ માંથી)

શ્રી કેદારનાથજી.

જે વસ્તુ એક વખત ઠીક સમજાઇ હોય તે વસ્તુ માણસ તરત પકડી લે છે. જે વસ્તુ માણસને ગમે છે કે પ્રિય લાગે છે તે તેને ઘડી ઘડી સમજાવવાની જરૂર પડતી નથી. પણ જીવનમાં ઘણી વસ્તુઓ પ્રિય ન જણાતી હોય તે પ્રિય બનાવવાના પ્રયત્નો કરવા જોઇએ. આવું કરવાથી જ જીવન શુદ્ધ કરી શકાય છે. અમુક વસ્તુ આપણા કલ્યાણની વિરોધી છે તેમ જાણવા છતાંયે આપણે એ છોડી શકીએ નહિ એ સ્થિતિ દુઃખદ છે. માણસની પાસે દરેક વસ્તુ હોય પણ નિર્ભયતા ન હોય ત્યાં સુધી માણસ સુખી થઇ શકશે નહિ અને જ્યાં સુધી માણસ ધર્મમાર્ગે ચાલતો નથી ત્યાં સુધી આવી નિર્ભયતા આણી શકાતી નથી.

સંયમ બળ સિવાય ધર્મમાર્ગ ઉપર જીવન ચલાવવું મુશ્કેલ બને છે. માણસ સુખ ગોતતો ફરે છે, પણ એને સમજાતું નથી કે શુદ્ધ હૃદય સિવાય માણસ સુખી બની શકતો નથી. જેમ સાંભળવાની ક્રિયા કાનનો વિષય છે, સ્વાદવૃત્તિ જીભનો વિષય છે, તેવી જ રીતે સુખના અનુભવની ક્રિયા એ શુદ્ધ હૃદયનો વિષય છે. ધન, સંપત્તિ સાધનોની વિપુલતા વગેરે વસ્તુઓથી માણસ સુખી છે, એમ દેખાય છે. પણ એ બાહ્ય દેખાવોથી આપણે ભૂલમાં ન પડવું જોઇએ. દરેક શ્રીમંત માણસ સુખી છે એમ ન માનવું. શુદ્ધ હૃદય સિવાય કોઇ પણ માણસ સુખી બની શકતો નથી.

અહંકાર શુદ્ધિ

માણસ પોતાનું જીવન શુદ્ધ કરતો રહે. જીવનમાં સદ્‌ગુણો આણતો રહે છતાંયે એ વસ્તુનો એને અહંકાર ન આવવો જોઇએ. માણસમાં અહંકારનો પૂરેપૂરો નાશ થઇ શકે કે કેમ તે કહી શકાય નહિ. અહંનો ભાવ એટલો મજબૂત હોય છે કે એનો પૂરો નાશ ન પણ થઇ શકે. પણ અહંકારનો નાશ ન થઇ શકે, તોયે તેને શુદ્ધ તો કરી જ શકાય છે. વ્યક્તિગત દ્રષ્ટિને બદલે આપણે સામુદાયિક દ્રષ્ટિએ વિચાર કરતાં થઇએ તો એ અહંકાર ઉત્તરોત્તર શુદ્ધ બનતો જાય છે.

આવી સામુદાયિક દ્રષ્ટિથી નિર્માણ થયેલો અહંકાર દોષરૂપ નથી બનતો. મારું અપમાન કરનારનો કદાચ હું પ્રતિકાર ન કરું પરંતુ મારા રાષ્ટ્રનું કે માનવસમાજનું અપમાન કરનારનો હું અવશ્ય પ્રતિકાર કરીશ. વ્યક્તિગત અહંકાર દોષરૂપ બને છે. સામુદાયિક દ્રષ્ટિથી નિર્માણ થયેલો અહંકાર ધર્મરૂપ બને છે. કોઇ પણ ગુણ શુદ્ધ સ્વરૂપ પકડે ત્યારે એ દોષરૂપ બને છે. મમતા દોષરૂપ બને છે, વાત્સલ્ય સદ્‌ગુણ બની શકે છે. જનાવરો માત્ર પોતાનાં બાળકો ઉપર જ પ્રેમ કરી શકે છે. બાળક માત્ર ઉપર સાચું વાત્સલ્ય દેખાડનાર માતા જગદંબા બની શકે છે. બીજાના સુખે સુખી થવું અને બીજાના દુખે દુખી થવું એ વૃત્તિ કેળવવાથી આપણો અહંકાર શુદ્ધ બનશે.

સદ્‌ગુણ–દુર્ગુણ

માણસ પોતાનાજ હિતને માટે જ્યારે ઉદાસી બને છે ત્યારે એ બીજાઓ માટે વાત્સલ્ય કે પ્રેમ દર્શાવી શકે છે. સેવા કરનારને પોતાને તો કંઇક સહન કરવું પડશે જ. દયાની વૃત્તિ ત્યાગની વૃત્તિ વિના ટકી શકશે નહિ, અને એવો ત્યાગ સંયમ વિના થઇ શકશે નહિ. આમ એક સદ્‌ગુણ બીજા સદ્‌ગુણને લઇ આવે છે. કોઇ સદ્‌ગુણ કે દુર્ગુણ એકલા ટકી શકતા નથી. પણ એકની સાથે બીજાને

અવશ્ય આવે છે.

આપણે પુરા શુદ્ધ ન પણ હોઈએ પણ આપણે દંભી ન બનવું જોઈએ. માણસને દંભ પડાડે છે. ઉદારતા, પ્રમાણિકતા ન હોય છતાં ઉદારતાનો કે પ્રમાણિકતાનો દેખાવ કરનાર ક્યારેય પણ ઉન્નત થઈ શકશે નહિ માણસથી ક્ષતિ થાય કે તે કાંઈ ભૂલ કરે એમાં, તેનો દોષ ન ગણાય. પણ ક્ષતિ થાય તેને છુપાવવી કે ક્ષતિનું ગૌરવ અથવા અભિમાન અનુભવવું, એથી કદી સુધરી શકાતું નથી.

સાધુસંતોમાં દોષો ન હોય છતાં તેઓ પોતામાં બહુ દોષ ભરેલા હોય તેમ માને છે મો સમ કોન કુટિલ ખલ કામી' એમ માનવાવાળાની સૂક્ષ્મ દૃષ્ટિ હોય છે.

અહંકાર હોય ત્યાં ક્યારેય જ્ઞાન આવતું નથી. જેનામાં થોડું જ્ઞાન હોય છે તેને એ દેખાડવાની વૃત્તિ થાય છે, પણ જેમ જ્ઞાન વધતું જાય તેમ એના જ્ઞાનનો અભિપ્રાય ગળતો જાય છે. પોતાનામા રહેલી અશુદ્ધિઓનો ખ્યાલ રાખીને જે શુદ્ધ થવાની ઝંખના રાખે છે તેનામાં જ શુદ્ધ થવાની સંભાવના રહેલી છે માટે આપણે હંમેશ વિનયી, નમ્ર, નિરહંકારી અને નિરાભિમાની બનવું જોઈએ

યોગ્ય દૃષ્ટિ

જીવનશુદ્ધિનું કામ મુશ્કેલ જણાતું હોય તો પણ એની પ્રગતિનો એક ક્રમ જાણી લઈએ તો એમાં મુશ્કેલીઓ ઓછી થશે. જેની તબિયત બગડી છે તેણે જેમ, નિયમિત રીતે અમુક સમયને આંતરે, પોતાનું વજન કરાવીને તબિયત સુધરે છે કે બગડે છે એની નોધ લેવી જોઈએ, તેવી જ રીતે જીવનશુદ્ધિની બાબતમા પણ ઝીણવટથી આપણી પ્રગતિ કે પીછેહઠની નોધ રાખતી જોઈએ આવી નોધ રાખવાથી પ્રગતિ જ થાય તેમ નથી બને, પણ આગળ વધતા પાછળ પડતાં ઝેવટ તો આગળ જવાશે જ.

નિરાશાઓમાં, વિકટ પ્રસંગોમા આપણે વિહ્વળ નહિ બનવું જોઈએ. લશ્કર પણ પીછેહઠ કરતા જ આગળ વધે છે અને આખરે જીત મેળવે છે. લાંબુ તગારાં સામા કિનારા પર નજર રાખીને જ આગળ વધે છે. તેવી જ રીતે, આપણે જીવનશુદ્ધિનો આદર્શ રાખી તો જ આપણે અવશ્ય જીવનશુદ્ધિ કરી શકીશું. આ માટે આત્મવિશ્વાસ જોઈએ. કહેણ પ્રસંગ સમયે હિંમત રાખવાથી જ આત્મવિશ્વાસ વધે છે. આપણે આપણું જીવન પવિત્ર દૃષ્ટિએ ચલાવવાનો 'નિર્ણય કરીએ' તો એવું જીવવાને માટે યોગ્ય દૃષ્ટિ આપણને મળી જશે

જેણે સત્શીલ બનવું હોય તેણે ખૂબ સાવધાની રાખવી જોઈશે આપણા દુખો માટે આપણામાં બીજાના દોષો શોધવાની વૃત્તિ હોય છે. પોતાનાં દુખો માટે પોતાનામા જ કયા સદ્ગુણોનો અભાવ છે એ આપણે શોધવું જોઈએ. પોતાના દોષો જોવાની આદત આપણામા નહિ આવે ત્યા સુધી આપણે સુધરી શકીશું નહિ એને માટે આપણે અંતર્મુખ થવું જોઈએ. અંતર્મુખ થવાની વૃત્તિ એક પ્રકારે આયનાની ગરજ સારે છે. આપણા હૃદયમા જે કાંઈ શુદ્ધતા, વિકારો, ત્રુટિઓ હશે તે આપણને સ્પષ્ટપણે દેખાશે આપણે અંતર્મુખ ન પણ બનતા હોઈએ તો પણ આપણા દોષો દેખાડનાર પ્રત્યે રાગ ન હોવો જોઈયે. ઊલટું દોષ દેખાડનાર માટે કૃતજ્ઞતા લાગવી જોઈએ.

સત્ય કે અસત્ય, સાચું કે ખોટું, એની પરીક્ષા કે નિર્ણય અંતર્મુખ થઈને કરી લીધા પછી લોકમત કે બહુમત તરફ આપણી નજર ન હોવી જોઈએ ધર્મ અને ભય સાથે ટકી શકતા જ નથી. સત્યમાં અને પ્રામાણિકતામા એક શક્તિ છે. ખોટું કર્મ જ ભયનું કારણ હોય છે. ધર્મની બાબતમાં આપણી અનેક કલ્પનાઓ છૂટવી જોઈએ. સત્ય, પ્રામાણિકતા, અન્યાયનો પ્રતિકાર કરવાની વૃત્તિ એજ ધર્મનું હાર્દ છે. આવો ધર્મ જ તાકાત નિર્માણ કરે છે, જીવન શુદ્ધ કરે છે, માણસને તારે છે માત્ર ધર્મનું નામ લેવાથી ધર્મ નથી થતો. ઝળ તરસ મટાડે છે. મૃગજળથી તરસ છીપતી નથી. જે કર્મથી અમંગલ વૃત્તિ નિર્માણ ન થતી હોય તે કર્મ ધર્મ નથી

['જનસંદેશ'માંથી સાભાર

પારમાર્થિક જીવનના ચાર પાયા

મુનિશ્રી જંબૂવિજયજી ભુજમાં ચાતુર્માસ કરી રહેલા છે. ત્યાં જુદા જુદા મનનીય વિષયો પર યોજાતા તેમના વ્યાખ્યાનોમાં ઉપરોક્ત વિષય પરનું જાહેર વ્યાખ્યાન ખરેખર જીવનમાં ઉતારવા જેવું છે.

પારમાર્થિક જીવનના ચાર પાયામાં તેમણે પ્રથમ પહેલાંજ પાયાની વિસ્તૃત ચર્ચા કરીને વિષયને અત્યંત સૂક્ષ્મતાથી રજૂ કરીને હૃદયસ્પર્શી બનાવ્યો છે.

વિષયની શરૂઆતમાં પારમાર્થિક જીવન કોને કહેવું એ સમજાવતા કહ્યું કે જગતમાં માનવી 'જીવે છે' એટલા પરથી જ 'જીવન જીવી રહ્યો છે' એમ ન કહી શકાય, પણ તે જીવનની અંદર જીવન જીવવાનો હેતુ પણ સિદ્ધ થતો હોય–જીવનનો પરમ અર્થ સિદ્ધ થાય તે જ ખરેખરો 'જીવી રહ્યો છે' એમ કહી શકાય અને આવું નામ જ પારમાર્થિક જીવન.

તો સહુ પ્રથમ પરમાર્થ માટે આપણે શું શું કરવું ઘટે એ વિચારીએ.

પારમાર્થિક જીવનના ચાર પાયા છે આ ચારે પાયા જીવનમાં ઓતપ્રોત થયેલા હોય, તો જ માનવી સુખ–શાંતિથી જીવી શકે.

દરેક માનવી માત્ર જીવનને નહિ, પણ જીવનના વિકાસને પણ ઝંખે છે. અને આ વિકાસ એજ પારમાર્થિક જીવનનો પ્રથમ પાયો.

વિકાસનો વિસ્તૃત અર્થ સમજાવતાં તેમણે સુંદર દૃષ્ટાન્ત આપતાં જણાવ્યું કે જેમ એક પુષ્પ ખિલેલું હોય, ત્યાં સુધી તેમાંથી સંપૂર્ણ સુવાસ મળતી નથી. પણ તેનો વિકાસ થાય ત્યારે જ તેની ફોરમ પ્રગટે છે, તેમ જીવન પણ એક પ્રકારનું પુષ્પ જ છે અને તેનું વિકસ્વરૂપ કરવા માટે પ્રથમ આપણે હૃદયની ખીલવણી કરવી પડશે તેથી જ હૃદયને કમળની–પુષ્પની ઉપમા આપે છે. જો હૃદય સંકુચિત બને તો જીવન પછાત બને છે અને વિકસ્વરૂપ થાય તો જીવન–પુષ્પ મમરી ઊઠે છે.

આમ હૃદયની ખીલવણી કરવી એટલે હૃદયને એવું તો વિશાળ બનાવવું જોઈએ કે જેમાં પંડને બદલે નિજ જાતને માત્ર સ્થાન મળવાને બદલે આખાયે વિશ્વને પણ સ્થાન મળે.

આજના જગત પ્રત્યે જરા દૃષ્ટિ કરો તો જણાશે કે તે એટલું સાંકડું બની ગયું છે કે તેની કોઈ સીમા નથી. આજે વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે, પ્રાંત–પ્રાંત વચ્ચે, દેશ–દેશ વચ્ચે મતદ્વારા નીકટતા સાધવાની ખાસ જરૂર છે.

આજે વિમાનદ્વારા ભ્રમણ કરવાથી એક માનવી બીજા માનવી પાસે જેમ પહોંચે છે તેમ મન દ્વારા પણ જગત પાસે પહોંચવાની ખાસ જરૂર છે કેમકે તો જ જગતનો વિકાસ શક્ય બની શકે. આમ જો મનનો વિકાસ નહી થાય તો જગત એક યા બીજી રીતે વિનાશને પંથે જરૂર ધકેલાઈ જશે.

તેથી આખાયે જગત સાથે આત્માની એક રૂપતા કેળવીને, 'આ બધાં મારૂં જ અંગ છે' એ પ્રકારની વિશાળ ભાવના અપનાવીને મનનો વિકાસ થઈ શકે.

આમ જીવન વિકાસ એટલે હૃદયનો વિકાસ–અને એનું પરિણામ પરિણિત તે સર્વ ભૂતાત્મભાવ આ ભાવ અંતરમાં જાગૃત કરવાથી હૃદયનો વિકાસ આપોઆપ થતો જ રહે છે આ સર્વ ભૂતાત્મભાવ કેળવવાથી જગતમાં વ્યાપી રહેલી અનેક વિટંબણાઓ, દોષો–હિંસા, અસત્ય, ભ્રષ્ટાચાર, સંઘરાખોરી એવાઅનેક-

વિષ અનિષ્ટ તત્ત્વોનો આપોઆપ અંત આવી જાય.

સર્વભૂતાત્મભાવ એ બીજા અર્થમાં એક પ્રકારનો સામ્યવાદ છે જે આપણને એમ શીખવે છે કે તમારા પાસે જેટલું અધિક હોય, તે જેને જેને જરૂરિયાત હોય તેને વહેંચી દો. 'બીજાના કલ્યાણની ભાવના રાખો.'

પણ આ ભાવના કેળવવા માટે આપણે અમુક પ્રકારના ચોક્કસ વિચારો કેળવવા પડે છે કેમકે વિચારોના પડઘો એક યા બીજે રૂપે પડતો જ રહે છે. આમ જગતમાં સૂક્ષ્મ-શક્તિશાળી કોઇ ચીજ હોય તે વિચારો જ છે-વિચારને રંગ, આકાર, પરમાણું બધું જ છે. પણ તેનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ છે.

જગતમાં આજે આટલી વિષમતા જોવા મળે છે. તેની પાછળ વિચારો જ કારણભૂત હોય છે આમ વિચારો તો લોહચુંબક જેવા છે. તો આપણા અંતરમાં શુભ વિચારો હોય તો સદ્વિચારોનું એક લંડોળ જગતમાં અસ્તિત્વ ધરાવી રહ્યું છે, એમાંથી આપણને બળ મળતું જ રહે છે.

તેવી જ રીતે દુષ્ટ વિચારો મનમાં પેદા થાય તો જગતમાં જે અશુભ-અપવિત્ર વિચારોનો પ્રવાહ વહેતો હોય, તે ખેંચાઇને આ અશુભ વિચારોની આસપાસ ઘુમી વળે છે અને મનને વધુ દુષ્ટ બનાવે છે.

આમ શુભ વિચાર આત્માને પવિત્ર બનાવે છે જગતનાં પણ તેની શુભ અસર પડતી રહે છે જ્યારે અશુભ વિચારો તો જગતની મંદકીમાં-અપવિત્રતામાં જ વધારો કરતાં રહે છે.

માનવી તો ચાલ્યા જાય છે, પણ તેના વિચારોનું અસ્તિત્વ કાયમ રહી જાય છે. તેથી જીવનમાં જો જીવો સાથે પવિત્ર વિચારોથી સંબંધ બાંધીશું -તો જગત આપણને સુખ શાંતિથી ભરપૂર લાગશે.

આમ વિચારો દ્વારા જ જગતમાં જેટલા પ્રાણીઓ છે તેમની સાથે એકાત્મ ભાવ આપણે કેળવી શકીએ અને એમાંથી જ જગતના વેર-ઝેર કાવા-દાવા દૂર કરી શકાય. આ રીતે બધાંનું ભલું કરવાની ભાવના એ જ સર્વભૂતાત્મભાવ.

જેમ એક વૃક્ષ રોપવામાં આવ્યા પછી તેને પાણી પીવડાવવામાં ન આવે તો બધું વેરાન થઇ જાય. તેમ જીવનમાં પણ આપણે જે સત્કાર્યના બીજ રોપીએ તેનો સદ્વિચારોના જળથી સીંચતા રહીને વિકાસ કરવો ઘટે.

આ રીતે સુખી થવા માટે સુખનો માર્ગ આપણે પોતે જ ખુલ્લો કરવો પડશે અને તે જગતને માટે કંઇક કરી છૂટવાની ભાવનાથી જ સુખનો માર્ગ નીકળશે.

આમ પારમાર્થિક જીવનના ચાર-પાયામાં પ્રથમ પાયો હૃદયનો વિકાસ-તે સર્વભૂતાત્મભાવ કેળવવાથી જ થઇ શકે-એ જોયા પછી બીજા પાયા વિષે આપણે હવે પછી વિચારીશું.

'કલ્પમિત્ર'માંથી સાભાર.

શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ:-(વર્ષ ૩૦ મું) કર્તા પૂજ્ય આચાર્યશ્રી વિજયવિકાશચંદ્રસૂરીશ્વરજી. શ્રી મહેન્દ્ર પંચાંગ:-સૂક્ષ્મ (સાયન ગણિતવાળું) આ પંચાંગ ત્રીસ વર્ષથી કર્તા આ. શ્રી વિકાશચંદ્રસૂરીશ્વરજી જૈન તથા જૈનેતર પ્રજા સમક્ષ મુકી મહાન ઉપકાર કરે છે. સાયન અને નિરયન પદ્ધતિ પ્રમાણે દર વર્ષે જ્યોતિષીઓ ઘણાં પંચાંગો પ્રગટ કરે છે. પરંતુ જેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ (સાચા) સમયની જરૂર હોય તેમની આ પંચાંગ જરૂરીઆત પૂરી પાડે છે, જૈનોએ પોતાના ધાર્મિક અને વ્યવહારિક પ્રસંગો નક્કી કરવા માટે આવું જૈન દ્રષ્ટિએ સંપાદન પામેલું પંચાંગ હવે અપનાવી લેવાની અમે ભલામણ કરીએ છીએ. કીંમત રૂા. ૧-૨૫ પૈસા.

આ પંચાંગ આ સંસ્થામાંથી વેચાતું મળી શકે છે.

ભક્તિ અને વિરક્તિ

(લેખક : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

બાલક ઉપર વડિલો અને ગુરૂઓ જે ભાવના બતાવે છે તેને વાત્સલ્ય કહે છે. ગરીબો ઉપર શ્રીમંતો અને બલવાનો જે ભાવના રાખે છે તે દયા અથવા કરૂણા કહેવાય છે. પતિ પત્નીનો અરસપરસ જે ભાવના રાખે છે તેને પ્રીતિ કહેવામાં આવે છે. મિત્રો આપસમાં પ્રેમની ભાવના રાખે છે. ત્યારે વડીલો, ગુરૂઓ અને ઈશ્વર ઉપર જે ભાવના બતાવવામાં આવે છે તેને ભક્તિ કહેવામા આવે છે. ભક્તિ અને બીજી ભાવનાઓમાં એક મોટો ફેર હોય છે. અન્ય ભાવનાઓમાં અંશતઃ કાંઈક બદલાની અપેક્ષા હોય છે જ્યારે ભક્તિમાં એવા બદલાની અપેક્ષા હોતી નથી. જો એમાં કાંઈક બદલાની ગંધ આવતી હોય તો તેને ભક્તિનું ઉપમાન આપી ન શકાય.

પ્રભુની ભક્તિ કરવાથી સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ ભલે થતી હોય પણ એતો જેમ દીવો પ્રગટાવવાથી પ્રકાશ પથરાય તેમ એ એની સ્વાભાવિક પ્રતિક્રિયા કે પરિણામ કહેવાય. પ્રભુપૂજનમાં અને ભક્તિ કરવામાં જ્યાં સુધી અપેક્ષા રખાતી હોય, ત્યાં સુધી એ નિરપેક્ષ ભક્તિ ન ગણાય. પ્રભુની ભક્તિ કરવી એ મોરૂં કર્તવ્ય છે. પ્રભુની ભક્તિ મારા રોમેરોમમાં ભરાઇ રહી છે, તેથી, ભક્તિ અને હું જુદા થઇ શકતા નથી; ભક્તિ કરવી એ મારો સ્વભાવ ધર્મ બની ગયો છે, તેથી હું ભક્તિ કર્યા વિના રહી શકતો જ નથી; સંપત્તિમાં કે આપત્તિમાં પણ ભક્તિ તો થઇ જ જાય છે, એવી મનની ભાવેનાં જ્યારે ઓતપ્રોત થઇ જાય છે ત્યારે જ તેને સાચી ભક્તિનું ઉપમાન આપી શકાય, અન્યથા નહી !

નાનું બાલક પહેલ વહેલું પગથી પાડી સ્વતંત્ર ચાલવાનો પ્રયત્ન કરે છે ત્યારે ઘડી ઘડી અથડાય છે, પડે છે. પણ એ ચાલવાનો પ્રયત્ન મૂકી દેતું નથી. અને પરિણામે ચાલી તો શું પણ દોડી પણ શકે છે. આપણે ભક્તિની પ્રથમાવસ્થામાં ભલે પડીએ આથડીએ પણ જો આપણો પ્રયત્ન સાચો અને સતત ચંબ્યા વગરનો હશે તો એક દિવસ એવો ઉગશે કે આપણું અંત:કરણ ભક્તિરૂપ થઈ જશે. પણ એ માટે સાતત્યની પૂર્ણ અપેક્ષા રહે છે.

વિરક્ત ભાવિવિના કરેલી ભક્તિ એ વિષમિશ્રિત કહેવાય તેમાં શુદ્ધતા અને નિર્મલતા નથી. એથી એનું ફળ મળે ખરૂં, પણ એ એક તોલો મોતાના બદલામાં મૂઠી ભર ચણા મેળવવા જેવું ગણાય ! એ તો ઉંધી અને મૂર્ખનો વ્યવહાર ગણાય. ધીમે ધીમે બધું બરાબર થઈ જશે, ઠેકાણે આવી જશે, એવી ભોળી ભાવનાં ઉપર વિશ્વાસ રાખી આપણે જો ચલાવેજ જઇએ તો આપણી પ્રગતિ શી રીતે થવાની !

છોકરાંઓ રમકડા જોઇ તે મેળવવામા આનંદ માને છે, તેમ સમજદાર મોટા માણસો આનંદિત થતા નથી કારણ તેઓ જાણતા હોય છે કે, રમકડાં તો ઘડી પછી ભાંગી જવામાં વાર નહીં લાગે. એટલે જે વસ્તુ ક્ષણભંગુર હોય છે તે મેળવવામા આનંદ માનવો ખોટો છે. એટલે દરેક માણસ પોતાના અંતરંગમાં ઉંડુ ઉતરી વિચાર કરે તો એ જોઇ શકશે કે, જે વસ્તુ ઘડીવાર માટે સુખ આપનારી જણાય છે તે અતિ ક્ષણભંગી હોવાથી દુ:ખ આપનારી જ નિવડનારી થવાની છે. તેને માટે આસક્તિ કે મોહ રાખવો એ ખોટું છે. તે માટે તો જે વસ્તુ આત્માને ગુણકારી તેની સાથે નિરંતર ગોઠવી આપી ચિરકાલિક સુખ આપનારી હોય તેની જ ઝંખના રાખવી જોઇએ. આસક્તિ અને મોહ સાથે ભક્તિનો કોઇ દિવસ મેળ ખાતો જ નથી. આસક્તિ તો ભક્તિના

ફળને મીમિત કરી નાંખે છે. દુઃકાવી નાખે છે. અને ઘણી વખત નિષ્ફળ પણ કરી મૂકે છે. માટે જ શાસ્ત્રકારો જણાવે છે કે, સ્વર્ગ કે મોક્ષ માટે પણ મર્યાદા બાંધી પ્રભુભક્તિ કરવી નહીં જોઇએ. ભગવાન ગૌતમ ગણધરને તો પ્રત્યક્ષ ભગવાન મહાવીર ઉપર રાગ હતો. પણ છેવટ એ રાગ હતો ! અને છેવટે તેમને વીતરાગ થવાની જરૂર હતી. કેવળ જ્ઞાન અને ગૌતમઋષિ વચ્ચે એ રાગ આડો આવી ઉભો રહ્યો હતો. એ સ્પષ્ટ જોવામા આવે છે. એટલે જ પુરવાર થાય છે કે, આવી ભક્તિ કરવી હોય તો વિરક્તિનો જ અવલંબ કરવો પડશે અન્યથા એ ભક્તિ અધૂરી રહેવાની !

વેપારી પોતાના ધંધાની ચકાસણી કરી જુએ છે. નફા નુકસાનની તપાસ રાખી તેમાં સમયસર સુધારો કર્યે જ જાય છે. ત્યારે જ તે કુશલ વેપારી ગણાય છે. જો વેપારી પોતાનો વેપાર વગર તપાસ કર્યે જેમને તેમ ચાલુ રાખે જાય તો તેને ખાડામા ઉતરવું પડે એ દેખીતું જ છે. તેમ જ આપણા પ્રભુભક્તિમાં સુધારો થઇ રહ્યો છે કે કેમ ? આપણી ભક્તિ પહેલાં કરતાં કાઠકે શુદ્ધ અને સમુચિત નિર્માણ બની કે કેમ એની તપાસ તો આપણે રાખવી જ રહી એવી તપાસમાં આપણે વધુ મૂલ્યવાન એવા ચાંદી સોનાના ઉપકરણો વાપરવા માંડયા કેમ, અગર પૂજા કાર્યમા વધુ વખત વ્યતીત કરીએ છીએ કે કેમ તે ઉપરથી નહી, પણ આપણા મનમા વેરક્તિ કાંઇક વધી કે નહીં ? આપણામાંથી કામ, ક્રોધ, લોભ વિગેરે ઓછા થયા કે નહીં એ ઉપરથી સમજવાની છે. આપણી લોભદશા જરા જેવી પણ ઓછી થઇ ન હોય ત્યારે આપણે સમજી રાખવું જોઇએ કે, આપણે હજુ ભક્તિ શું હોય એ ઓળખી શક્યા જ નથી.

ભક્તિના મૂળ પાયામા જ વિરક્તિનો લવલેશ ન હોય ત્યારે તે ભક્તિ ગણાય જ નહી. 'મારી બધી જ પ્રવૃત્તિઓ જેવી ને તેવી ચાલતી રહે અને સાથે સાથે દેવભક્તિ હું કરતો રહું, અને પુણ્ય ભેગું થતું રહે' એવી જ કલ્પના લોકો રાખી ભક્તિ કરતા હોય તેને ભક્તિનું નામ આપવું એ ખોટું કહેવાય. ભક્તિ સાથે વિરક્તિ વધતી જ હોવી જોઇએ. વિરક્તિ વગરની ભક્તિ એ ભક્તિ નહીં પણ પોતાની લોભવૃત્તિને પોષવાની યુક્તિ છે.

હવે આપણે વિરક્તિ એટલે શું એનો વિચાર કરીએ. જે વસ્તુ માટે આપણા મનમા 'પ્રેમ નથી તે વસ્તુ ભગડ કે સુધરે એની આપણે દરકાર કરતા નથી. તેવી વસ્તુ આપણને મળે એવી આતુરતા પણ આપણા મનમા જાગતી નથી. અને તે ન મળતાં આપણને દુઃખ કે ખેદ થતો નથી. જે વસ્તુ દેખાવમાં આકર્ષક લાગે, સુંદર જણાય અને છતાં આપણે ખાતરી થઇ જાય કે એ તો દેખાવ પુરતી જ વસ્તુ છે. એ થોડા જ વખતમાં નષ્ટભ્રષ્ટ થઇ જવાની છે, ત્યારે તે વસ્તુ માટે આપણી ભાવના રક્ષ જેવી હોય છે, એને જ વિરક્તિ કહેવામા આવે છે. મીણના બનાવેલા પુતળાઓનું પ્રદર્શન જોવા કેટલાએક લોકો ગયા અંદર પેસતા ચાર માણસો ગૂંજાપાના પાનાં રમી રહ્યા હતા. એમની આસપાસ કેટલીએક સ્ત્રીઓ અને બાળકો વિંટળાઇ બેસી રમત જોઇ રહ્યા હતા. પ્રેક્ષકો પ્રદર્શન જોવા માટે આગળ વધી રહેલા હતા, ત્યારે માર્ગદર્શકે કહ્યું કે આગળ ક્યાં જાઓ છો ? પ્રદર્શન તો એ જ છે, પ્રેક્ષકો તો આગળ જ બની ગયા ! અને પ્રદર્શન તદ્દન આબેહૂબ કેવું બન્યું છે તેની પ્રશંસા કરવા લાગ્યા. માણસો એવા તો આબેહૂબ બનાવેલા હતા કે જાણે એ હમણાં જ બોલવા માંડશે. ભ્રમ નિરસન થતા બધું કુતૂહલ જતું રહ્યું અને ફક્ત બનાવનારની પ્રશંસા બાકી રહી ગઇ ! એ માણસો નિર્જીવ હતા તેથી તેમના માટે વિરક્તિ જાગી. એનું હોય છે વિરક્તિનું સ્વરૂપ !

★

સાધ્વીઓ અને સાહિત્ય

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

સાધ્વીઓનું સ્થાન

જૈન મંતવ્ય મુજબ પ્રત્યેક જૈન તીર્થંકર સર્વજ્ઞતા પ્રાપ્ત કર્યા બાદ તીર્થ સ્થાપે છે. આ તીર્થ એટલે જૈન સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમુદાય યાને ચતુર્વિધ સંઘ. ગુણસ્થાનની અપેક્ષાએ સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા કરતાં ચઢિયાતું સ્થાન ભોગવે છે. જૈન ધર્મમાં પુરુષપ્રધાન ગણાય છે એટલે સાધુઓનું સ્થાન સાધ્વીઓ કરતાં ઉચ્ચ ગણાય છે.

ખેડાણ :—સાહિત્યના સર્જન માટે, સંસારથી વિરક્ત બનેલો અને સ્વપરનું કલ્યાણ સાધવા માટે કટિબદ્ધ થયેલો વર્ગ જેટલું સમર્પણ કરી શકે તેટલું આજીવિકાદિ માટે મથનાર સાગાર વર્ગ ભાગે જ કરી શકે. બીજું, શ્રમણ-શ્રમણીઓની કૃતિઓ એના ભક્ત જનોરૂપ શ્રાવક-શ્રાવિકા સાચવે ને પ્રમાણમાં શ્રાવક-શ્રાવિકાની સંખ્યાઇ રહેવાનો સંભવ નથી. આ અને આવાં કેટલાંક કારણોને લઇને જૈન સાહિત્યક્ષેત્રનું ખેડાણ મોટે ભાગે સાધુ સમુદાયને હાથે થયું છે.

એમ લાગે છે કે આપણા આ દેશમાં તેમજ વિદેશોમાં પણ નરજાતિના મુકાબલે કોઇ પણ સમયે નારીજાતિએ રચેલું સાહિત્ય સ્વલ્પ છે. આમ હોઇ જૈન જગતમાં ગણી-ગાંઠી સાધ્વીઓએ ગ્રંથો રચેલા જણાય તે સ્વાભાવિક છે.

સાહિત્યિક પ્રવૃત્તિનાં અંગ અને ઉપાંગો :—ગ્રંથપ્રણયન એ સાહિત્યિક પ્રવૃત્તિનું મુખ્ય અંગ છે, જ્યારે એ ગ્રંથોની શુદ્ધ નકલો કરવી-કરાવવી અને તેનું સંરક્ષણ કરવું તેમ જ યોગ્ય વ્યક્તિઓને નકલો ભેટ આપવી એ તથા પ્રૌઢ ગ્રન્થોના પાનપાઠન માટે યોગ્ય પ્રબંધ કરવો એ સાહિત્યિક પ્રવૃત્તિઓનાં આનુષંગિક પરંતુ આવશ્યક ઉપાંગો છે.

જ્ઞાનશ્રી અને ગુણસમૃદ્ધિ—ઉપલબ્ધ જૈન સાહિત્ય જોતાં અત્યારે તો મને ગ્રન્થ રચનાર તરીકે બે જ સાધ્વીનાં નામ યાદ આવે છે. એ નામો નીચે મુજબ છે :—

(૧) જ્ઞાનશ્રી, આ આર્યિકાના ગુરુનું નામ આચાર્ય સર્વદેવ છે.

(૨) ગુણસમૃદ્ધિ. આ મહત્તરા જિનચન્દ્રસૂરિની શિષ્યા થતી હતી.

ન્યાયાવતાર-ટીકા-ટિપ્પણી—સિદ્ધસેન દિવાકરે જે ન્યાયાવતારસૂત્ર રચ્યું છે તેના ઉપર સિદ્ધર્ષિએ સંસ્કૃતમાં ટીકા રચી છે અને એ ટીકા ઉપર ઉપર્યુક્ત જ્ઞાનશ્રીએ સંસ્કૃતમાં ટિપ્પણી રચી છે. આની એક હાથપોથી જેસલમેરના ભંડારમાં છે. એમાં અંતિમ પદ્ય નીચે પ્રમાણે છે.—

"इति सन्निधाय चित्ते ज्ञानश्रीरार्यिका गुणैर्वर्या ।
आचार्यसर्वदेवैर्निजगुरुभिः प्रेरिता सपदि ॥"

આ દાર્શનિક સાહિત્યને અંગેની ટિપ્પણી છે. એ અદ્યાપિ અમુદ્રિત જણાય છે તો એ સત્વર પ્રકાશિત થવી ઘટે.

અંજણા સુન્દરી ચરિય—આ પાઇય (પ્રાકૃત) ભાષામાં ૫૦૨ શ્લોક જેવું હનુમાનની માતા અંજણાસુન્દરીનું ચરિત્ર ઉપર્યુક્ત 'ખરતર' ગચ્છની ગુણસમૃદ્ધિએ વિ. સં. ૧૪૦૦માં ચૈત્ર સુદ તેરસે જેસલમેરમાં

---

૧ કોઇ આર્યિકાએ પ્રાચીન સમયમાં કોઇ જાતનું પુસ્તક રચેલું જણાતું નથી. જો એમ જ હોય તો એ સ્ત્રીવર્ગ ગ્રંથપ્રણયન પ્રત્યે કાર્યની વિરલતા સૂચવે છે.

રચ્યું છે. એની એક ખંડિત હાથપોથી જેસલમેરના ભંડારમાં મોજુદ છે. આ કૃતિની પ્રશસ્તિના અંતમાં નિમ્નલિખિત પદ્ય છે :-

"सिरि जेमलमेरपुरे विक्कमचउरसहमत्तुत्तरे वरिसे ।
वीरविणजन्मदिवसे कियमज्झणिमुन्दरीचरियं ॥४०२॥

આ પછી નીચે મુજબની પુષ્પિકા છે :-

"कृतिरियं श्री जिनचन्द्रसूरिशिष्यजी
श्रीगुणसमृद्धिमहत्तराया : । "

આ પ્રમાણે જેસલમેર જૈન ભાણ્ડાગારીય ગ્રન્થનાં સૂચિપત્રમૂળ (પૃ. ૪૯) માં ઉલ્લેખ છે.

પ્રથમાદર્શ—ઉપમિતિભવપ્રપંચાકથા વિ. સ. ૯૬૨ માં સંસ્કૃતમાં સિદ્ધર્ષિએ રચી છે આ રૂપકાત્મક સાહિત્યનો સર્વોત્તમ-અદ્વિતીય નમૂનો છે. સંસ્કૃત સાહિત્યની આ અગ્રગણ્ય કૃતિ ૧૬૦૦૦ શ્લોક જેવડી છે. એનો પ્રથમાદર્શ-પ્રથમ નકલ (Specimen Copy) ગણા નામની સાધ્વીએ લખી છે. આ ગ્રંથકારે જાતે પ્રસ્તુત કૃતિની પ્રશસ્તિના નિમ્નલિખિત પદ્યમાં કહી છે:-

"प्रथमादर्शं लिखिता साध्व्या श्रुतदेवतानुकारिण्या ।
सिद्धस्वामिगुरूणां शिष्यिकयेयं गणाभिधया ॥२५॥"

આ પદ્યમાં સૂચવાયા મુજબ આ ગણા સાધ્વી સિદ્ધર્ષિના દુર્ગસ્વામી નામના ગુરુની શિષ્યા થાય છે એ સાધ્વીએ આ મહાકાવ્ય કથાની અત્યંત શુદ્ધ અને સુવાચ્ય તે સત્વર તૈયાર કરી આપી હતી-એમાં આ સાધ્વીને 'શ્રુતદેવતાનું અનુકરણ કરનારી' જેવા ગૌરવાંકિત વિશેષણથી વિભૂષિત કરી છે તે. ઉપરથી ભાસે છે.

લેખિકાઓ :-" ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિર" માં મુંબઈ સરકારની માલિકીની લગભગ પચ્ચીસ હજાર હાથપોથીઓ છે. તેમાં પાંચેક હજાર જૈન સાહિત્યને લગતી છે. એનું વર્ણનાત્મક "સૂચીપત્ર" ભે જીજ્યી ત્રીસેક વર્ષ ઉપર તૈયાર કર્યું હતું. એ આજે વર્ષો થયા કટકે કટકે છપાય છે. આગમિક સાહિત્યને લગતો એક ખંડ પાંચ વિભાગમાં પ્રસિદ્ધ કરાયો છે. એના આ પાંચમા વિભાગમાં દસ પરિશિષ્ટો જે મેં તૈયાર કર્યાં હતાં તે દસે છપાવાયાં છે, એમાના આઠમા પરિશિષ્ટમાં હાથપોથીઓના લખનારા (Scribes) નાં તેમ જ અન્ય સાધુ-સાધ્વીઓનાં નામ છે, ત્રીજા વિભાગ (પૃ. ૧૮૭) માં એવો ઉલ્લેખ છે કે રત્નલક્ષ્મીની શિષ્યા રૂપાંએ સુભટપુરમાં 'વૃદ્ધ આચાર્ય' ગચ્છના જિનચન્દ્રસૂરિના શિષ્યના પઠનાર્થે વિ. સં. ૧૮૬૮માં **ઉવસગ્ગહરથોત્ત** અર્થ કલ્પલતા નામની વૃત્તિ સહિત લખ્યું.

ત્રીજા ખંડમાં સ્તુતિસ્તોત્રોને અંગેના ઉપખંડના પ્રથમ ભાગ (પૃ. ૫૯)માં સવિવરણ **ઉલ્લાસિકક્રમ-ધોત્તની** હાથપોથી લહા અને રૂપા એ બે જણાએ મળીને લખ્યાનો ઉલ્લેખ છે. શું આ બંને સાધ્વીઓ છે કે શ્રાવિકા ?

---

૧. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પૃ. ૪૩૮) માં તો પ્રસ્તુત કૃતિ વિ. સં. ૧૪૦૬માં રચાયાનો ઉલ્લેખ છે, જ્યારે **જિનરત્નકોશ** (વિ. ૧ પૃ. ૪૭માં આકૃતિ વિ. સં. ૧૪૦૭માં પ૦૩ ગાથામાં રચાયાનું કહ્યું છે.

૨ આ કૃતિના ત્રણ પ્રસ્તાવનો જર્મનીમાં અનુવાદ થયો છે અને ગુજરાતીમાં આઠેનો થયો છે એ અત્રે પ્રકાશિત છે, પરંતુ અદ્યાપિ આ સમગ્ર ભારતીય સાહિત્યમાં અભિનવ પ્રભાવ પાડનારી કૃતિનું હિન્દીમાં ભાષાંતર થયું જણાતું નથી તો પછી અંગ્રેજીની તો વાત જ શી કરવી ?

૩ જુઓ Descriptive Catalogue of the Government collections of Manuscripts (Vol. XIX, Sec. 2, pt, 1, No. 71, p. 94).

૪ જીએજન, પૃ. ૯૪ :

૫ આ સૂચીપત્ર (D C G C M) ત્રણ ખંડ (Vols XVII–XIX) માં વિભક્ત કરાયું છે ત્રીજા ખંડના ત્રણ ઉપખંડો પડાયા છે. પ્રથમ ઉપખંડ બે ભાગમાં પ્રકાશિત કરાયો છે. કયા સાહિત્યને લગતો બીજો ઉપખંડ અત્યારે છપાય છે. દ્વિતીય ખંડના પાંચ ભાગો પૈકી પ્રથમ ભાગ ઇ. સ. ૧૯૫૨માં છપાયો, હતો. બીજા ચાર ભાગ અમુદ્રિત છે;

જૈન જ્ઞાનભંડારોમાંની હાથપોથીઓની પુષ્પિકાઓ પ્રસિદ્ધ કરાય તો આ દિશામાં વિશેષ પ્રકાશ પડે. "દીવો તો મેં દિશાસૂચન પૂરતી જ નોંધ કરી છે.

પઠનપાઠન—કેટલીક સાધ્વીઓના પઠન-પાઠન વારતે કોઈ કોઈ ગ્રંથ લખાવાના ઉલ્લેખો મળે છે. ૫ ઉદયમાણિક્યગણિએ, [૧]અષ્ટમંગલ ચિત્રસ્તવ રચ્યો છે. એને એ દ્વારા ચન્દ્રપ્રભસ્વામીનું ગુણગાન કર્યું છે. આનો એક હાથપોથી વિ. સ. ૧૫૧૨માં આઠે મંગળનાં ચિત્રો સહિત લખાયેલી છે એની પુસ્તિકા નીચે મુજબ છે:—

"સંવત્ ૧૫૧૨ વર્ષે શ્રી૦ વદિ ૧ શુક્ર પ્ર૦ હેમચૂલાગણિની સમીપસ્થ શાન્તિમાલામુનિની પઠનાર્થં લિખિતં ॥ સૂર્યપુરે ॥ શુભં"

આ ઉપરથી જોઈ શકાશે કે પ્ર૦ હેમચૂલા ગણિનીની સમીપ રહેનારી શાન્તિમાલા નામની સાધ્વીના પઠનાર્થે સૂર્યપુર(અર્થાત્ અહીં સુરતમાં વિ. સ. ૧૫૧૨ માં ઉપર્યુક્ત સ્તવ લખાયો હતો. આ સ્તવ એક ચિત્ર કાવ્ય છે એ આઠે મંગળનાં ચિત્રો સહિત "Illustrations of Letter-diagrams" નામના મારા લેખના બીજા હપ્તાના એક અંશ તરીકે "Journal of the University of Bombay' (Arts No. 30)મા ઇ. સ. ૧૯૫૫ માં છપાયું છે.

સમઝાવવાળી હરિભદ્રસૂરિની એકજીવન ઘટના તરીકે કહાવલી કોશમાં યાકિની મહત્તરા સાધ્વીનો પ્રસંગ વર્ણવાયો છે. એ મહત્તરા આવશ્યકસૂત્રની નિજ્જુત્તિની નિમ્નલિખિત ૪૨૧મી ગાથા મોટેથી બોલતી હતી કે જેનો અર્થ હરિભદ્રસૂરિ ન સમજી શક્યા:—

"चक्कि दुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की
केसव चक्की केसव दुचक्की केसी य चक्की य ॥ ४२१

આ યાકિનીની નોંધ મેં એક લેખમાં [૩] લીધી છે.

સહાયક—જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશેષાવશ્યકભાષ્યની ઉપર 'મલધારી' હેમચન્દ્રે 'શિષ્યહિતા' નામની વૃત્તિ રચી છે. એનો અંત એમણે પોતાના જીવન દરમ્યાન એક યા બીજા રૂપે સહાયક થનારી સાત વ્યક્તિઓનો ઉલ્લેખ કર્યો છે એ સાતનાં મુખારક નામ નીચે મુજબ છે:—

(૨) અમૃતકુમારગણિ, (૨) ધનદેવગણિ, (૩) જિનભદ્રગણિ, (૪) ક્ષેમકરગણિ, (૫) વિજયચન્દ્ર, (૬) મદનાનન્દશ્રી મહત્તરા અને (૭) શ્રી-મતી ગણિની.

આ નામોમાં બે સાધ્વીઓના નામ છે. એ પૈકી એક મહત્તરા છે જ્યારે બીજી ગણિની છે. આ મુનિનાંથી એકેય નો વિશેષ પરિચય પૂરો પાડવાનું કોઈ સાધન જોવા જાણવામાં નથી.

પુષ્પિકાઓમાંનાં નામો.—"શ્રી સમેતશિખર તીર્થ દર્શન"ને અંગે વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીએ "આમુખ" લખ્યો છે. એમાં એમણે પ્રાચીન જ્ઞાનભંડારોમાંની (વિક્રમની) બારમી, તેરમી, ચૌદમી સદી આદિમાં લખાયેલી હાથપોથીઓના અંતમાંની [૪]પુષ્પિકાઓમાં નોંધાયેલ ૨૯ સાધ્વીઓનાં નામ આપ્યાં છે. એ પૈકી ચાર મહત્તરા છે તો અંદાજે ગણિની છે. આમ કોઈ દું એ સાધ્વીઓનાં નામ વધુ વિભાગમાં વિભક્ત કરી પ્રત્યેક વિભાગમાં નામો અકારાદિ ક્રમે રજૂ કરું છું:—

૧ આ નામનો મારો એક લેખ "જૈન સત્ય પ્રકાશ" (વ ૨૧, અં ૬) માં છપાયો છે.

૨ આ સંબંધમાં મારો નિમ્નલિખિત લેખ "Bulletin of the Chunilal Gandhi Vidya Bhavan" (No 3) માં છપાયો છે:—
Two old References about Suryapura (Surat)"

૩ આ લેખનું નામ "વજ્ર પ્રાચીન મહત્તરાઓ" છે અને એ લેખ "જૈન સત્ય પ્રકાશ" (અંક ૧૦૮) છપાયો છે. 'મહત્તરા' પદવીને લગતી વિગત 'વિધિમાર્ગપ્રપા' (પૃ. ૩૧-૩૪) માં દર્શાવાઈ છે.

આ લેખમાં જ્ઞાનતંતુનાં ઝાડોના (૩૧) ચિત્રો છે.

૪ આ પુષ્પિકાઓ કયા કયા ગ્રંથની છે વગેરે અંગત ઉપર પ્રકાશ પાડવા મુનિશ્રી પુણ્યવિજયજીને મારી અંગત પરંતુ સામટ વિનંતિ છે.

ચાર મહત્તરા–ઉદયશ્રી, પરમશ્રી, પ્રભાવતી, અને સુમેરુસુન્દરી એ ચાર મહત્તરા છે.

અઢાર ગણિની–આને લગતાં નામો નીચે પ્રમાણે છે.

[૧] અજિતસુન્દરી, [૨] કીર્તિશ્રી [૩] જગમન, [૪]-જગસુન્દરી, [૫] જિનસુન્દરી, [૬] નિલકપ્રભા, [૭] દેવસિરિ, [૮] ધર્મલક્ષ્મી, [૯] નિર્મલમતિ, [૧૦] પુણ્યસિદ્ધિ, [૧૧] બાલમતિ, [૧૨] મરુદેવી, [૧૩] મહિમા, [૧૪] માનસિદ્ધિ, [૧૫] વિજયશ્રી, [૧૬] શાન્તિમતી, [૧૭] શાન્તિવલ્લરી અને [૧૮] શ્રીમતી.

સાત સાધ્વી–સાધ્વીઓનાં નામ નીચે મુજબ છેઃ–

[૧] કેવલપ્રભા, [૨] ચારિત્રલક્ષ્મી, [૩] નલિનપ્રભા, [૪] પદ્મલક્ષ્મી, [૫] ભાવસુન્દરી, [૬] ભુવનસુન્દરી અને [૭] મણસુન્દરી.

પદવીઓ—[૧]સાધ્વીઓને મહત્તરા, ગણિની અને પ્રવર્તિની જેવી પદવીઓ અપાતી હતી.

વિશેષ— પ્રાચીન સમયની જૈન સાધ્વીઓની સાહિત્યિક પ્રવૃત્તિઓ યથાયોગ્ય સ્વરૂપે જાણવા મળે એ માટે આધુનિક સાધ્વીસમુદાયને મારી વિજ્ઞપ્તિ છે કે જ્યારે જૈન સાધુઓ કરતાં તમારી-જૈન સાધ્વીઓની સંખ્યા વિશેષ છે અને હવે તો તમે-સાધ્વીઓ પણ અન્યાન્ય દૂર દૂરના પ્રદેશોમાં વિચરો છો તો અધિકારી સાધ્વીઓએ ગામે ગામના નહિ તો મુખ્ય મુખ્ય શહેરોના જ્ઞાનભંડારો, તપાસી પ્રસ્તુત કાર્ય વિષે એક માહિતીગ્રંથ પ્રકાશિત થાય, તેવો પ્રબંધ કરવો જોઇએ. આ કાર્ય પુરુષ વર્ગ કરે ત્યાં સુધી રાહ ન જોવી જોઇએ. આશા છે કે સહૃદય સાધ્વીઓ જૈન શાસન અને સાહિત્યની પ્રભાવનારૂપ આ કાર્ય સત્વર હાથ ધરશે, આ કાર્યના મંગલાચરણરૂપે જે બે [૨]સાધ્વીઓએ કૃતિઓ રચી છે તે વહેલી તકે પ્રસિદ્ધ કરવી ઘટે

૧ સાંપ્રતકાલીન કોઇ સાધ્વીએ સાહિત્યના ક્ષેત્રમાં ગણનાપાત્ર કાર્ય કર્યું હોય તો તેની પણ નોંધ લેવામા વાંધો નથી, કેમકે આજે જે અર્વાચીન છે તે વખત વીતતાં પ્રાચીન ગણાશે જ ને ?

૨ જ્ઞાનશ્રી અને ગુણસમૃદ્ધિ

સમન

શ્રમણ– જે પોતાના શ્રમદ્વારા કરેલી સંયમ તપ સાધનાથી મોક્ષ પ્રાપ્ત કરે છે, જેમની માન્યતા છે કે જીવે પોતાના પ્રયત્નથી પોતાનો વિકાસ સાધી શકે છે અને જે પોતે જે પોતાની ઉન્નતિ–અવનતિ સુખ–દુઃખ, ઉત્થાન–પતન, વિકાસ–હ્રાસ માટે જવાબદાર છે, ઇશ્વર કે કોઇ અન્ય શક્તિ નહીં એમ સમજીને પોતાના ઉત્તરોત્તર વિકાસ કરવા પરિશ્રમ વેઠે છે, તેને 'શ્રમણ' કહેવામાં આવે છે.

શમન– જે અહિતકર ચિત્તવૃત્તિઓને સર્વથા શાંત કરે છે, તે 'શમન' કહેવાય છે. હિતકર ચિત્તવૃત્તિઓથી આત્માનું ઉત્થાન થાય છે. અને અહિતકર ચિત્તવૃત્તિઓથી તેનું પતન થાય છે. અહિતકર ચિત્તવૃત્તિઓથી નિવૃત્ત થવું, અને હિતકર ચિત્તવૃત્તિઓમાં પ્રવૃત્ત થવું એ જ જેના જીવનનું લક્ષ્ય છે તેને 'શમન' કહેવામાં આવે છે.

સમન– જે શત્રુ અને મિત્રમાં સમભાવ રાખે છે અને તેવી જ રીતે પ્રશંસા કે નિંદા, કંચન કે કાચ, લાભ કે હાનિ, ઉદય કે અસ્ત, માન કે અપમાન, સુખ કે દુઃખ, રાગ કે દ્વેષ, જીવન કે મરણ એ સર્વેમાં સમભાવ રાખે છે, તે 'સમન' કહેવાય છે.

સમણ– જે પોતાની જેમ જ અન્ય સર્વ પ્રાણીઓ તરફ વર્તાવ રાખે છે દુઃખ પોતાને ગમતું નથી તો અન્યને પણ ગમતું નહીં હોય અને સુખ પોતાને ગમે છે તો અન્યને પણ ગમતું હશે એમ સમજી સમસ્ત પ્રાણીઓ તરફ જે મૈત્રીભાવ ધરાવે છે 'સમણ' કહેવા

ભગવાન મહાવીરના એક સાચા ઉપાસક—શ્રી. વીરચંદ ગાંધી.

લે. મનસુખલાલ તારાચંદ મહેતા.

જૈન સંસ્કૃતિના સાહિત્યમાં સંયમ ધર્મ તરફ વળનાં તેમજ સમાજ સેવાને વરેલાં એવાં મનુષ્યોનાં ચરિત્રોની ઝપરેખા જાળવી રાખવાની પ્રથા છે. આર્યસંસ્કૃતિના સાહિત્યમાં પણ ઉપનિષદો, મહાભારત અને પુરાણ ગ્રંથોમા કર્મયોગ, જ્ઞાનયોગ તેમજ ભક્તિયોગને વરેલા એવા અનેક મનુષ્યોના ચરિત્રો આપણે જોઇ શકીએ છીએ. જૈન-ધર્મના મૂળભૂત સાહિત્યમાના સાતમા અંગમાં ભગવાન મહાવીરના દશ ઉપાસકોના જીવનની રૂપરેખા પણ બતાવવામાં આવી છે.

વિક્રમની વીસમી સદીમા ભગવાનના આ દશ ઉપાસકોની હરોળમાં મૂકી શકાય એવા જે થોડા શ્રાવકો થઈ ગયા, તેમાં શ્રી. વીરચંદભાઇ રાઘવજી ગાંધીનું નામ અગ્રસ્થાને આવે છે. એમની જન્મશતાબ્દિનો ઉત્સવ તા. ૨૫-૮-૬૪ ના દિવ્ય જ્ઞાન સંઘ સંચાલિત સ્વ. વીરચંદભાઇ રાઘવજી ગાંધી સ્મારક સમિતિએ મુંબઇના કાટ જૈન ઉપાશ્રયમાં પૂજ્ય મુનિરાજ શ્રી ચિત્રભાનુની નિશ્રામા ભવ્ય રીતે ઉજવ્યો.

સદ્ગત વીરચંદભાઈ ગાંધીનો જન્મ તા. ૨૫-૮-૧૮૬૦ ના દિવસે સૌરાષ્ટ્રમા મહુવા ગામે થયો મહુવા અતિપ્રાચીન અને ઐતિહાસિક શહેર છે, અને મહુવાની ભૂમિમાંથી જૈન સમાજને અનેક રત્નો સાંપડ્યાં છે. શાસન સમ્રાટ તીર્થોદ્ધારક તીર્થરક્ષક સદ્ગત શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી તેમજ સદ્ગત આચાર્ય વિજયધર્મસૂરીશ્વરજી જૈન સમાજને મહુવાની પવિત્ર ભૂમિમાંથી સાંપડયા છે.

શ્રી. વીરચંદભાઇએ ૧૬ વર્ષની ઉંમરે મેટ્રીકની પરીક્ષા પાસ કરી, અને વીસ વર્ષની ઉમરે ઓનર્સ સાથે મુંબઇ યુનિવર્સિટીની બી. એ.ની પરીક્ષા પાસ કરી. બાલ્યાવસ્થાથી જ તેઓ જ્ઞાનપિપાસુ હતા. બી.એ.ની પરીક્ષા પાસ કર્યા બાદ મુંબઇની જાણીતી મોથીમીટરની પેઢી મેસર્સ લિટલ એન્ડ કંપનીમાં મોથીમીટરનું કામ શીખવું શરૂ કર્યું, અને તે માટે અભ્યાસ પણ ચાલુ કર્યો. પરન્તુ એમનું આયુષ્ય ટૂંકું હતું, તેમ જાણે કુદરતે તેની પાસે મહાન કાર્યો કરાવવાનું નિર્માણ કરેલું, એટલે વીરચંદભાઇ મોથીમીટર ન થયાં બી. એ. પાસ થયા પછી, ખાસ કરીને એમની જ મહેનત અને પ્રયત્નોથી મુંબઇમાં 'જૈન એસોસિયેશન ઓફ ઇન્ડિયા' સંસ્થાની સ્થાપના થઈ, અને તેના તેઓ પ્રથમ મંત્રી નિમાયા. આ સંસ્થા આજે પણ ચાલે છે, પરન્તુ એક રીતે તો આ સંસ્થા એ વીરચંદભાઇની પ્રથમ સંતતિ. તેમની જાહેર જીવનની કારકિર્દીની શરૂઆત આ સંસ્થાથી જ થઇ.

શત્રુંજય તીર્થ અને સમેતશિખર તીર્થ સંબંધમા પાલીતાણા દરબાર અને પાલગંજના રાજા સાથે મુશ્કેલીઓ ઉભી થઇ, અને શ્રી. વીરચંદભાઇએ આ બન્ને કેસોમાં ભારે જહેમત ઉઠાવી જૈન સમાજના લાભમાં ન્યાય મેળવ્યો સમેતશિખર તીર્થને લગતા તામ્રપત્રો, કરતાવેજો વિ. બંગાલી ભાષામાં હતા, એટલે આ કેસના તમામ કાગળો અને હકીકતો સમજવા માટે વીરચંદભાઇએ બંગાલી ભાષાનો ખાસ અભ્યાસ કર્યો, અને કલકત્તા હાઇકોર્ટમા જૈન સમાજની તરફેણમાં વિજય મેળવ્યો. બંગાલી, અંગ્રેજી અને ગુજરાતી ભાષાઓ ઉપરાંત બીજા દશ ભાષાઓ તેઓ જાણતા હતા.

પૂજ્ય આત્મારામજી મહારાજની પ્રેરણા અને દોરવણી નીચે, ઇ.સ. ૧૮૯૩માં શિકાગોમાં વિશ્વધર્મ પરિષદમાં તેઓ જૈનધર્મના પ્રતિનિધિ તરીકે ગયા. શિકાગો જતાં પહેલાં સતત બત્રીસ વર્ષ તેઓ આત્મારામજી મહારાજના સાનિધ્યમાં રહ્યાં, અને જૈન આગમ શાસ્ત્રો તેમજ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. વિશ્વધર્મ પરિષદમાં

જગતના જુદાજુદા દેશોમાંથી જુદા જુદા ધર્મોના પ્રતિનિધિઓ આવ્યા હતા, અને આ પરિષદમાં જૈન ધર્મના સિદ્ધાંતો રજુ કરી જૈન ધર્મનો ડંકો તેમણે વગાડયો વિશ્વના જુદા જુદા દેશના પ્રતિનિધિઓ વીરચંદભાઇની વાણી અને જ્ઞાનથી મુગ્ધ થયા. ભારતની બહાર, યુરોપ અને અમેરિકા જેવા દૂર દેશોમાં ભગવાન મહાવીરે ઉપદેશેલા ધર્મના સફળતા અને સમજણ પૂર્વક સૌથી પ્રથમ પ્રચાર કરવાના કાર્યનો યશ સદ્ગત વીરચંદ ગાંધીના ફાળે જાય છે, અને તેથી જ તેમને આપણે ભગવાન મહાવીરના એક સાચા ઉપાસક તરીકે ભગવાન મહાવીરના દશ ઉપાસકોની હરોળમાં મૂકીએ તો તેમાં કશું અતિશયોકિત જેવું નથી.

વિશ્વધર્મ પરિષદ તો સતર દિવસ જ ચાલી, પણ શ્રી વીરચંદભાઇની પ્રતિભા અને પ્રભાવ એ પરિષદના સભ્યો પર એવા જબ્બર પ્રમાણમાં પડયા કે પરિષદ પૂર્ણ થયા પછી અમેરિકા તથા ઇંગ્લેન્ડમાં તેમના સંખ્યાબંધ પ્રવચનો થયા, અને યુરોપ તેમજ અમેરિકાના લોકોને જૈન તત્ત્વજ્ઞાન સમજવાનો આ સૌથી પ્રથમ અવસર મળ્યો. અમેરિકામાં એમણે 'ધી સ્કૂલ ઓફ ઓરિયેન્ટલ ફિલોસોફી' અને 'ધી ગાંધી ફિલોસોફિકલ સોસાઈટી'ની સંસ્થાઓની સ્થાપના કરી, અને તે દ્વારા 'જૈન ધર્મનું સ્વરૂપ' 'જૈનધર્મમાં ધ્યાનનું સ્વરૂપ' 'જૈન ધર્મમાં કર્મનું સ્વરૂપ' તેમજ અવધિજ્ઞાન, સ્વરોદય, વિ. ગહન વિષયોનું જ્ઞાન ત્યાંના લોકોને આપ્યું મુંબઇમાં પણ તેમણે 'હેમચંદ્રાચાર્ય સત્ર' સ્થાપી તે દ્વારા ધર્મણ સંસ્કૃતિનું પ્રચાર કાર્ય કર્યું હતું

શ્રી વીરચંદભાઇ માત્ર સાંપ્રદાયિક માનવી ન હતા, તેમનો દેશપ્રેમ અને વિશ્વ વિશ્વ ધર્મો પ્રત્યેનો સદ્ભાવ અદ્ભુત હતો, તેમણે કહ્યું છે કે 'કોઇ પણ ધર્મની નિંદા કરી એ કંઇ એ ધર્મનું વિરોધી પ્રમાણ બની જતું નથી, એજ રીતે પોતાના ધર્મની પ્રશંસા કરવી એ આપણા ધર્મની સત્યતાનું પ્રમાણ બનતું નથી આવા માનવીઓ ઉપર મને તો દયા ઉપજે છે.' જૈનધર્મમાં રહેલો વ્યાપકતા અને વિશાળતાનો ખ્યાલ શ્રી વીરચંદભાઇના આ વાકયમાંથી મળી રહે છે.

શ્રી વીરચંદભાઇને દરેક ધર્મો પ્રત્યે સદ્ભાવ અને સમભાવ હતો,—તે હકીકત વિશ્વધર્મ પરિષદમાં લંડનના પ્રતિનિધિ રેવરન્ડ પેન્ટકોસ્ટે ભારતના દક્ષિણ વિભાગના કેટલાક હિન્દુ મંદિરોમાં તે વખતે ચાલતી દેવદાસીની પ્રથા પર કરેલા પ્રહાર સામે વીરચંદભાઇએ કરેલા બચાવ પરથી સમજી શકાય છે. શ્રી વીરચંદભાઇ જન્મે જૈન હતા. અને જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ગયા હતા, તેમ છતાં તેઓ પ્રથમ ભારતીય છે એ વસ્તુ તેમના ધ્યાન બહાર ન હતી. રેવરન્ડ પેન્ટકોસ્ટે કરેલા આક્ષેપથી તેમનું લોહી ઊકળી આવ્યું અને તેને સણસણતો જવાબ આપી તેની બીન જવાબદારી ભરી ટીકાને નિરર્થક બનાવી હતી

ઈ સ ૧૮૯૬ માં જ્યારે તેઓ અમેરિકામાં હતા ત્યારે ભારતમાં દુષ્કાળ પડયાની ખબર પડતાં તેમણે ભારતીય લોકોના હિતાર્થે ત્યાં દુકાળ રાહત સમિતિની સ્થાપના કરી, અને તે દ્વારા અમેરિકાની પ્રજા પાસેથી રૂ. ૪૦,૦૦૦ રોકડા તેમજ અનાજનું એક વહાણ મોકલાવ્યા હતા. પં. વીરચંદભાઇનું આ કાર્ય રાષ્ટ્ર પ્રત્યેની તેમની ભકિતનું નિર્દર્શન કરાવે છે.

ઇ. સ. ૧૯૦૧ માં જ્યારે તેઓ ઇંગ્લેન્ડમાં હતા, ત્યારે તેમની તબિયત લથડી, અને ભારતમાં આવ્યા બાદ માત્ર ૩૭ વર્ષની નાની ઉંમરે તેમનો દેહાંત થયો. અત્રે જીમાં એક કહેવત છે કે જેની આપણે અહિં બહુ જરૂર છે, તેની સ્વર્ગલોકમાં પણ જરૂર પડે છે, અને તેથી જ બુદ્ધિશાળી અને શકિતશાળી વ્યકિતઓના આયુષ્ય અલ્પ હોય છે. આ કહેવત સદ્ગત વીરચંદભાઇની બાબતમાં યથાર્થ પુરવાર થઇ, અને સો વર્ષમાં પણ જે કાર્ય ન થઇ શકે, એ કાર્ય અલ્પવયમાં પતાવી યશસ્વી જીવન જીવી પોતે પોતાના માર્ગે ચાલી ગયા. યુરોપ અને અમેરિકામાં બધા ભળીને તેમણે પાંચસો ઉપરાંત વ્યાખ્યાનો આપ્યા હતા. જૈન સમાજનું દુર્દૈવ છે કે આ વ્યાખ્યાનોનો સંગ્રહ રાખી શકાયો નથી. સ્વામી વિવેકાનંદ અને સદ્ગત વીરચંદ ગાંધી બંને સમકાલીન હતા, અને બંનેનું

આયુષ્ય અને કાર્યક્ષેત્ર લગભગ સમાન હતા આમ છતાં સ્વામી વિવેકાનંદનાં વ્યાખ્યાનો જળવાઈ રહ્યાં છે, અને તેનું વિપુલ સાહિત્ય આજે જોવામાં આવે છે. સદ્ગત વીરચંદ ગાંધીનાં વ્યાખ્યાનો એ રીતે જળવાઇ રહ્યાં હોત તો માત્ર ભારતની પ્રજા માટે નહિં પણ જગતની તમામ પ્રજા માટે ભારે ઉપયોગી થઈ પડત. પુષ્પ ખીલે છે, તે કોઇ સુવાસ લે તે હેતુથી જ નહિ, પરંતુ ખીલવું એ એની પ્રકૃતિ છે અને સુવાસ ફેલાવવી એ એનો સ્વભાવ છે. વીરચંદભાઈ એમનું આયુષ્ય અલ્પ હોવા છતાં ભારે સુવાસ ફેલાવી ગયા, જૈન સમાજ એ સુવાસનો લાભ ન ન લઇ શક્યો એ જૈન સમાજની કમનશીબી છે.

જે જમાનામાં શ્રી. વીરચંદભાઇ પરદેશ ગયા તે જમાનામાં દરિયાપારના દેશમાં જવું અને અનાર્ય લોકો સાથે રહેવું એ પાપનું કાર્ય લેખાતું હતું. આજથી ૨૫૦૦ વરસો પહેલાં ભગવાન મહાવીર વિહાર કરી અનાર્ય પ્રદેશમાં લોકોને ઉપદેશ આપવા ગયા હતા, એ હકીકત આજે આપણે સૌ જાણીએ છીએ. આજે તો પરદેશમાં જનારાઓ માન સન્માનને લાયક ગણાય છે, અને ભારતની પ્રગતિ પણ પરદેશના નાણાં અને મદદથી જ થઈ રહી છે, એ હકીકત સૌ જાણે છે. પરન્તુ તે વખતે પરિસ્થિતિ જુદી હતી. ભગવાન મહાવીરના ધર્મોપદેશના પ્રસાર માટે, ભગવાન મહાવીરના શાસનના ધર્મોપદેશક–એક મહાન શ્રમણની આજ્ઞા અને દોરવણી નીચે શ્રી. વીરચંદભાઈ પરદેશ ગયા હતા, તેમ છતાં, ભારતમા પાછા ફર્યા બાદ રૂઢી ચૂસ્ત લોકોનું તેમની સાથેનું વર્તન અને વર્તાવ જૈન સમાજના માટે ભારે કલંકરૂપ હતું.

એમની જન્મશતાબ્દિના આ ભવ્ય પ્રસંગે જૈન સમાજે ભગવાન મહાવીરના એ ભવ્ય ઉપાસકનું તેને છાજે એ રીતનું ભવ્ય સ્મારક રચી, ભૂતકાળના એ કલંકને ભૂંસી નાખવું જોઇએ. એમની જન્મશતાબ્દિનો શુભ અવસર ભૂતકાળની આપણી ભૂલનું પ્રાયશ્ચિત કરવાની ઉત્તમોત્તમ તક છે, એમ માની શ્રમણ સંઘ તેમજ ભારતના જુના જુના પ્રાંતોના જૈન સંઘોએ એમના સ્મારકના કાર્યમાં સાથ અને સહકાર આપવો જોઈએ, અને આમ થાય તો એમના ભવ્ય સ્મારકનું કાર્ય જરા પણ મુશ્કેલ નથી.

પ્રાતઃ સ્મરણીય શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ આસો સુદિ ૧૦ ગુરૂવાર તા. ૧૬–૧૦–૬૪ના રોજ આ સભા તરફથી દર વર્ષ મુજબ ગુરૂ ભક્તિનિમિત્તે અત્રેના મ્હોટા દેરાસરના શ્રી આદિનાથ ભગવાનના મંદિરમાં શ્રી નવપદજીની પૂજા ભણાવવા વગેરેથી ઉજવવામાં આવશે

ભાડે આપવાની છે

ખારના દરવાજા પાસે નાનભા શેરીમાં આવેલા આ સભાના આત્માનંદ ભવનના ભોંયતળિયાની તથા મામા કોઠારોડ ઉપર પાણીના નળ પાસે આવેલા પુષ્પ ભવનના બીજે તથા ત્રીજા માળની સારી ઓફીસો કરવા લાયક જગ્યાઓ ભાડે આપવાની છે ભાડા તથા અન્ય માહિતી માટે મળો :—

જાદવજી ઝવેરભાઈ

મંત્રી, શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગરમાં ઉજવાયેલી શ્રી વિજયધર્મસૂરિજીની ૪૨ મી પુણ્યતિથિ

જેમણે આજથી સાઠ વર્ષ પહેલાં મહુવાથી સુદૂર કાશી જેવા વિદ્યાધામમાં—સંસ્કૃત વિદ્યાના ક્ષેત્રમાં પાદવિહાર કરી, અનેક કષ્ટો વેઠી, ત્યાં આગળ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી અને તેમાં પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસ પંડિત હરગોવિંદદાસ, પંડિત લાલચંદ ગાંધી, પંડિત અમૃતલાલ સલોત વગેરે વિદ્વાનો તૈયાર કર્યા તેમજ અનેક સાધુઓને સંસ્કૃતવિદ્યામાં પારંગત બનાવ્યા, તથા જેમણે લંકા સુધી વિદ્વાનો મોકલી ત્યાંની ભાષાઓનો તેમને અભ્યાસ કરાવી ભારતની વિદ્યાઓ અને સંસ્કૃતિનો ત્યા પ્રચાર કરાવ્યા, એવા જેમની કીર્તિ આજે દેશવિદેશમા ચારે તરફ પ્રસરી રહી છે એવાં યુગવીર મહાન આચાર્ય શાસ્ત્રવિશારદ શ્રી વિજયધર્મસૂરીશ્વરજીની બેંતાલીસમી પુણ્યતિથિ ભાવનગરમા દરવરસની જેમ ચાલુ સાલે પણ તા. ૨૦-૯-૬૮ના રોજ ઉજવવામા આવી હતી.

બપોરે ત્રણ વાગે ભાવનગરના મુખ્ય દેરાસરમા જનતાની મોટી હાજરીમા ચોગઠવાળા શેઠ બાબુલાલ ધરમશીભાઇ તરફથી પંચકલ્યાણક પાર્શ્વનાથ મહાપ્રભુજીની પૂજા ભણાવવામા આવી હતી

રાત્રે સાડા આઠ વાગે શ્રી જૈન આત્માનંદ સભાના શ્રી ભોગીલાલભાઈ વ્યાખ્યાન ખંડમાં શેઠશ્રી ભોગીલાલભાઈના પ્રમુખસ્થાને એક ખાસ કાર્યક્રમ ગોઠવાયો હતો. મુખ્ય વક્તા તરીકે પ્રાં જયેન્દ્રભાઇ ત્રિવેદીને નિમંત્રણ આપવામાં આવ્યુ હતું. શ્રી ભાઇચંદભાઈ વકીલ તથા શ્રી ગુલાબચંદભાઈએ પણ સભાને સંબોધન હતું કર્યું. અંતમાં શેઠશ્રી ભોગીલાલભાઇએ પ્રમુખસ્થાનેથી પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

લગભગ નવ સુધીમાં, વરસાદનું વાતાવરણ હોવા છતા શ્રી વિજયધર્મસૂરિજીનો ચાહક જૈન વર્ગ વ્યાખ્યાન ખંડમાં ગોઠવાઈ ગયો હતો. શ્રી અનંતરાયભાઇએ પત્રિકા વાચન કર્યા બાદ શ્રી દીપચંદભાઇએ સભાનું પ્રમુખસ્થાન નગરના જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી ભોગીલાલભાઈ લે એવી દરખાસ્ત રજૂ કરી હતી, જેને શ્રી જાદવજીભાઇએ ટેકો આપ્યો હતો. શ્રી વૃદ્ધિચંદજી જૈન મંડળના વિદ્યાર્થીઓએ પ્રાર્થના રજૂ કર્યા બાદ શ્રી કાન્તિભાઈ દોશીએ મુખ્ય વક્તા શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદીનો સભાને પરિચય આપ્યો હતો, અને તમને તેમનું પ્રવચન શરૂ કરવા વિનંતી કરી હતી.

પ્રા. શ્રી જયેન્દ્ર ત્રિવેદીએ શરૂઆતમા જ આ વિષય પર પોતાના અનધિકારની ચર્ચા કરતાં જણાવ્યું હતુ કે, "ઉપલબ્ધ બધું સાહિત્ય હું ફરી એક વાર જોઇ ગયો છું પણ એમના જીવનના પ્રસંગો વિષે હું ખાસ નહીં કહું. કારણ આપ સૌ મારા કરતાં એ વિષે વધુ જાણો છો. મને આ પ્રસંગે તુલસીદાસજીનો એક દોહો યાદ આવે છે.

રામનામ મનિદીપ, ધરુ જીભ દેહરી દ્વાર,
તુલસિ ભિતર બાહિરો જો ચાહસી ઉજિયાર.

જીભ રૂપી ઊંબરા પર જો રામનામ રૂપી મણીદીપ રાખીએ તો અંદરના ને બહારના બન્ને ઓરડા ઉપર પ્રકાશ પડશે. આ રીતે શ્રી વિજયધર્મસૂરિજીનાં ગુણોનુ જાંન કરવા આવ્યો છું. સાંભળનારાઓની મને ખબર નથી પણ બોલનારનું આથી કલ્યાણ થવાનું છે એની મને ખાત્રી છે. શ્રી સૂરિજીનાં ચરિત્રે મને ઘણી પ્રેરણા આપી છે. એ માટે સૌ પ્રથમ હું આપનો આભાર માની લઉં છું.

મહાપુરુષોનાં જીવનનું સ્મરણ આપણો શ્રદ્ધા-દીપને તેલના નવાં ટીપાં આપનારૂં નીવડે છે. અંગ્રેજી કવિ લોંગ ફેલોએ કહ્યું છે:

Lives of great men all remind us,
We can make our lives sublime!

જીવનના ઉર્ધ્વીકરણ માટે આવા દિવ્ય પુરુષોનું સ્મરણ કરવું યોગ્ય છે. સૂરિજીના જીવનનો મૂલમંત્ર મને વિદ્યા-પ્રીતિ લાગ્યો છે. વિદ્યાપ્રીતિ જૈન-મુનિઓનો પરંપરાગત ગુણ છે. હિન્દી સાહિત્યના મૂળમાં તેમજ ગુજરાતી સાહિત્યના મૂળમાં જૈન મુનિઓનો વિદ્યા-પ્રેમ પડ્યો છે જૈન મુનિઓએ હિન્દી સાહિત્યને ઘાવણ પાયું છે. જેસલમેર, જોધપુર, વડોદરા, વલભિપુરના જ્ઞાન-ભંડારોમાં જૈન મુનિઓનો વિદ્યા-પ્રેમ સ્પષ્ટ પ્રતિબિંબિત થાય છે. શિરોરના આ સદીના હિન્દી કવિ ગોવિન્દ ગિલ્લાભાઈને એક જૈન મુનિએ જ પિછાણ-પ્રવેશ કરાવેલો. એટલે વિજયધર્મસૂરિજીની વિદ્યા-વાર્તા પર હું વધારે ધ્યાન આપું તો મને ક્ષમા કરશો. હું પણ વિદ્યાના ક્ષેત્રમાં કામ કરું છું એટલે મારી રુચિ એ બાજુ સ્વાભાવિક રીતે જ હોય. કાશી નગરીમાં અપાર કષ્ટો સહન કરીને શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા સ્થાપનાર વિજયધર્મસૂરિજી કેવા આદર્શદ્રષ્ટા હશે એની કલ્પના કરું છું, ત્યારે એમને નોમન પ્રણામ થઈ જાય છે. કાશીના બ્રાહ્મણોનો જૈન સંસ્કૃતિ તરફનો અણગમો અતિખ્યાત છે. ત્યાં જ માર્કંડેયની જેમ ચોરે ચોટે પ્રવચનો કરી બ્રાહ્મણોની પ્રીતિ સંપાદન કરી સંસ્કૃત પાઠશાળા સ્થાપી, વ્યવસ્થિત કરી, રાજા મહારાજા તેમજ વિદ્વાનોનાં સ્નેહ-માન પ્રાપ્ત કરી, શાકનાર, સૂરિજીનાં વ્યક્તિત્વનું સ્મરણ કરતાં આજની પરિસ્થિતિ સાથે સ્વાભાવિક રીતે જ મારાથી સરખામણી થાય છે. મુરબ્બીઓ, માફ કરજો પણ આજે આપણામાં એ વિદ્યા-પ્રીતિ રહી છે ખરી? કે સાધુઓને વિદ્યાપ્રેમ પોસાય, આપણને શૂદ્રરોને નહીં એવો ભ્રમ આપણામાં ઘર કરી ગયો છે? પોસેન્સની એક કન્યા દમણા ભારતમાં પરણીને આવી છે. ઉચ્ચ વિદ્યાભ્યાસ અર્થે એ ઉત્તર ભારતની ઘણી ખરી યુનિવર્સિટીઓમાં ફરી છે એ પછી એણે જે માર્મિક અવલોકન કર્યું છે તે આ પ્રમાણે છે, 'ભારતના વિશ્વવિદ્યાલયોમાં વિદ્યાએ શક્તિ નથી પણ વ્યવસાય છે. ભારે મોટી લપડાક મારી છે આ યુરોપની કન્યાએ. હું વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલો છું. એટલે મને આ લપડાક સૌથી વધુ વાગી છે, સમસમી ગયો છું પણ કબૂલ કરું છું કે આ વિધાન સાંગોપાંગ સત્ય છે. અને આના સંદર્ભમાં મને સૂરિજીની વિદ્યાપ્રીતિ સાંભરી આવે છે. એમની વિદ્યા શક્તિ હતી, વ્યવસાય નહોતો. આ પોસેન્સની યુવતીએ એક બીજી માર્મિક વાત પણ કહી છે. તેણે કહ્યું કે અમે યુરોપના ભણેલ ગણેલ લોકો ભારતને આધ્યાત્મિક દેશ તરીકે ઓળખીએ છીએ પણ અહીં આવ્યા પછી મને જ્ઞાન થયું કે મિકકાની લાલચ અહીં જેટલી તો યુરોપમાં પણ નથી. અહીં જીવનનું કેન્દ્ર બિંદુ જ પૈસો છે. આપ પણ કબૂલ કરશો કે આ વાત પણ સર્વાંશે સાચી છે. આપણે સૌ આપણા જીવનમાં ધનને જ કેન્દ્રમાં રાખીને નથી ચાલતા? તો પછી આપણા મુનિઓનો આટઆટલો ઉપદેશ કયાં ગયો?

પ્રતિકૂળ પરિસ્થિતિમાં કેવળ પ્રેમબળે વિજય મેળવવો એજ શું અશિક્ય નથી? સૂરિજીને ઠમઠમને પગલે જે પ્રતિકૂળતાઓ મળેલી તેનો ખ્યાલ કરો, એમાંની ઘણી પ્રતિકૂળતાઓ જૈન સમાજે જ ઊભી કરેલી તે પણ કબૂલવું રહ્યું. રવીન્દ્રનાથના એક ગીતમાં આવે છે કે

'મૂકી તારાં મુખની વાણી, વીંટળાશે વનલતાના પ્રાણી,
તોય પોતાનાં ઘરમાં એવા પડાયાના દ્વારો દાવશે ના,
તેથી કોઇ ચિંતા કરે આપણે ના'

આપણા સમાજમાં પોતાનાંની નિંદા કરવાનો દુર્ગુણ ઘર કરી ગયો છે. આપણે વાદવિવાદમાં રાચવાની પ્રાપ્ત છીએ. વ્યક્તિગત જ્ઞાનની દ્રષ્ટિએ ભારતનો આંતરરાષ્ટ્ર નાગરિક ઘણું જાણે છે પણ આચરણની દ્રષ્ટિએ શૂન્ય છે. સામાજિક સદ્ગુણો પણ આપણામાં બરાબર વિકસ્યાં નથી. સત્યનાં બે રૂપો છે. એક સત્ય સાપેક્ષ હોય છે, દરેક યુગે સ્થિર હોય છે. દા.ત. દિંમ કરવી નહીં, જૂઠું બોલવું નહીં. બીજું સત્ય સમાલનુરૂપ હોય છે. આ વસ્ત્ર પહેરવું, આમ ઠીકાં ટપકાં કરવાં વગેરે. આપણે અચિર સત્યને ચિર સત્ય ગણવા લાગીએ છીએ અને ચિર સત્યની અપેક્ષા કરી બેઠીએ છીએ. આ આપણે

પ્રજ્ઞાકીય દુર્ગુણ છે. માટે જ આપણે સૂરિજીનાં જીવનનાં ચિર સત્યોની એ કાળે ઉપેક્ષા કરેલી અને અચિર સત્યોનાં પાલન માટે અત્યાગ્રહ સેવેલો. કાશીમાં સૂરિજી લાંબો વખત સ્થિર રહ્યાં એ પ્રસંગમાં, દેવદ્રવ્ય વાળા પ્રસંગમાં આપણે આપણી આ મર્યાદા જોઇ શકાએ છીએ.

કાપડનો ટુકડો જેમ તાણાંવાણાંથી બનેલો છે તેમ આપણાં આ શરીર–મન દિક્–કાલનાં તાણાંવાણાંથી બનેલાં છે. દેશ–પ્રેમની જેમ યુગ–પ્રેમ પણ સત્ય છે. પળે પળે આનો સમન્વય કરવો પડે છે. સૂરિજીના જીવનમાં આ દૃષ્ટિ મને સાંપડી છે. સૂરિજીને અંજલી આપવાનો દાવો કરતાં આપણે સૌ આવી દૃષ્ટિ કેળવી શકયા છીએ? આપણે એમની પુણ્યતિથિ ઉજવીએ છીએ. એ સારી પ્રવૃત્તિ છે પણ એમના જીવનનો એક ટકો પણ આપણે આપણામાં ન વિકસાવી શકીએ તો આ પ્રવૃત્તિ મિથ્યા છે. વિદ્યાપ્રેમ આજના યુગની જરૂરિયાત છે. એ પણ આપણે ગુમાવતા જઇએ છીએ. આ સભાખંડની નીચે કેવો સમૃદ્ધ ગ્રંથભંડાર છે? આપણામાંથી કેટલા એનો લાભ ઉઠાવીએ છીએ? આપણે આપણા નગરને સંસ્કૃતિનું કેન્દ્ર કહીએ છીએ પણ મને ભય છે કે આપણી ગતિ ઉલટી દિશામાં થવા માડી છે ૮૨ વર્ષની જૂની બાર્ટન લાઇબ્રેરીના આજે હજાર ગ્રાહક નથી! આપણામાંથી કેટલા પુસ્તક-પ્રેમી છીએ? મહિને એક પુસ્તક પણ આપણે વાંચીએ છીએ? તો પછી સંસ્કૃતિના પૂજક કઇ રીતે ગણાશું? કાશીની સૂરિજીએ સ્થાપેલી પાઠશાળા મેં જોઈ છે. મને ખાસ સંતોષ ન થયો. હું પણ કાશી વિશ્વવિદ્યાલયનો વિદ્યાર્થી છું. આજે પણ માસિક અગ્યાર રૂપિયામાં પોતાનું ગુજરાન ચલાવતા છાત્રો રહે છે. આપણે ધનિક ગુજરાતીઓ એમના માટે શુ કરીએ છીએ? સૂરિજીની સાચી પુણ્યતિથિ તો ત્યારે ઉજવાય કે જ્યારે આપણે સૌ યથાશકિત આવી દીપમાળાઓમાં તેલ પૂરીએ. આજ સાચો રસ્તો છે. કબીરે કહ્યું છે 'એકા સાધે સબ સધે, સબ સાધે સબ જાય!' વૃક્ષને મૂળમાં પાણી પાવું પડે છે, ડાળે ડાળે પાણી પાઇએ તો? આપણું દાન પણ મૂળમાં જગાસિયત સમું હોવું જોઇએ. ધર્મનાં મૂળ સુધી જતાં આપણે શીખીએ.

સૂરિજીએ અલ્પ સમયમાં કેવું મહત્વપૂર્ણ કામ કર્યું? પરદેશી વિદ્વાનોને કેવાં આકર્ષ્યાં? મૃત્યુના આંગણામાં બેઠા બેઠાં એમણે સિલ્વન લેવીને જૈનધર્મ પ્રબોધ્યો! આપણો સમય આપણે શી રીતે ગાળીએ છીએ? મનમાં સમયને પરિવર્તિત કરવાનું આપ વેપારીઓનું મુખ્ય કાર્ય છે એ તો હું સમજું છું પણ બાકીનો સમય જ્ઞાનમાં પરિવર્તિત થાય છે કે આળસના મહાનદમાં વ્યર્થ તણાઇ જાય છે?

મુરબ્બીઓ, મેં આપનો બહુ સમય લીધો. આપણા મુનિઓ આત્માની પ્રયોગશાળામાં સાધના કરી જે કાંઈ કમાતાં તે બહુ જનસમાજને વિના મૂલ્યે અર્પણ કરી દેતા. એવા એક મહાન સૂરિજીને સ્મરણાંજલિ અર્પવાનો લ્હાવો મને આપવા બદલ હું આપ સૌનો આભારી છું.

એ પછી ભાવનગરના જાણીતા વકીલ શ્રી ભાઇચંદભાઇએ શ્રી જયેન્દ્રભાઇના વકતવ્યનો મૂળ સુર પકડી જ્ઞાનનો મહિમા સમજાવ્યો. જ્ઞાનપિપાસા અર્થે સૂરિજીનું જીવન ગયું એ સમજાવી ભાવનગરમાં થયેલ જ્ઞાનપૂજાનો ખ્યાલ આપ્યો. શ્રી કુંવરજીભાઈ અને અન્ય વિદ્વાનોનાં દૃષ્ટાંતો આપી એમણે એક અત્યંત મહત્વપૂર્ણ વાત કરી ભાવનગરની બધી મુખ્ય જૈનસંસ્થાઓનું એકીકરણ વહેલી તકે કરવું જોઇએ. એવી ચનારા લાભ એમણે તર્કબદ્ધ શૈલીમાં વર્ણવ્યા એમાં ખાસ કોઇ સુરક્ષેત્રી નથી એમ પણ કહ્યું. તળમાં પાણી છે તેને શોધવા ટ્યુબવેલ મૂકવી પડે એ રીતે આજે કાર્ય કરવું જોઇએ એમ તેમણે કહ્યું. સૂરિજીના પ્રભાવે સર્જેલા સમર્થ શિષ્યોનું સ્મરણ કરી એમણે સૌના જીવનમાં એવી સંસ્કારિતા પ્રકટાવવાનો આગ્રહ કર્યો.

પછી શ્રી. ગુલાબચંદભાઇ શાહે સૂરિજીનાં કેટલાંક સંસ્મરણો કહ્યાં નમ્રતા, જ્ઞાનભૂખ વગેરેનાં દૃષ્ટાંતો આપ્યાં.

પ્રમુખસ્થાનેથી શેઠશ્રી ભોગીલાલભાઇએ મુખ્ય વકતાના પ્રવચન માટે પ્રસન્નતા જાહેર કરી એમણે કહેલ જ્ઞાનપ્રીતિ જગવવાનું આપણું કર્તવ્ય છે એમ કહ્યું. જૈન સંસ્થાઓના એકીકરણ પર એમણે પણ ભાર મૂકયો અને સૂરિજીના ગુણો જૈન સમાજે વિકસાવવા જોઇએ એ તરફ ધ્યાન ખેંચ્યું.

ફૂલહાર બાદ સભાનું વિસર્જન થયું.

શ્રી જૈન આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૬૧ ની વાર્ષિક અનુક્રમણિકા સં. ૨૦૨૦

ગદ્ય

લેખનું નામ	લેખક	પૃષ્ઠ
નૂતન વર્ષનું મંગળમય વિધાન	હરિલાલ શેઠ	૨
ધ્યાનો સ્રોત	ચિત્રભાનુ	૯
રત્ન કંબલ	મનસુખલાલ તારાચંદ મહેતા	૧૧
જૈન જગત	—	૧૪
શ્રી જૈન આત્માનંદ સભાનો ૬૬મા વર્ષનો રીપોર્ટ અને સં. ૨૦૧૮નું સરવૈયું.	—	૨૧
જિનવાણી	—	૨૯
ચિંતક કણિકા	પૂ. મુ. મ. શ્રી જંબુવિજયજી	૩૦
આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ	—	૩૧
વીતરાગનો માર્ગ	ચિત્રભાનુ	૩૩
અધિક અને ક્ષય માસ	ખી. ચા. શાહ	૩૪
તાતે નીચે નેન	પરમાર્થ	૩૬
કચ્છની તીર્થયાત્રા	મનસુખલાલ તારાચંદ મહેતા	૩૭
ધ્યાન	માસ્તર મેવારામ જૈન	૪૦
વહેતો પ્રવાહ	—	૪૨
જૈન જગત	—	૪૪
જિનવાણી	—	૪૫
ચિંતન કણિકા	ફિરોજ કા. ડાવર	૪૬
આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ	—	૪૭
પ્રેમના ટેકા	—	૪૯
કચ્છની તીર્થયાત્રા	મનસુખલાલ તારાચંદ મહેતા	૫૦
સોમિલક કથા	ખી. ચાં. શાહ	૫૩
સંસ્કૃતિનો ઘડતર શિલ્પી	ચિત્રભાનુ	૫૫
ધ્યાન	માસ્તર મેવારામ જૈન	૫૬
જવાળા અને જળ	ચિત્રભાનુ	૫૭
ઘટાડશો !	મ. મા. શાહ	૫૮

જૈન જગત	—	૬૦
જિનવાણી	—	૬૧
પદસ્થ ધ્યાનનું સ્વરૂપ	મારતર મેવારામ જૈન	૬૨
જીવનયાત્રા કેમ સુંદર બને ?	ચિત્રભાનુ	૬૪
સુખનાં સાધનો અને હૃદયનું સંકોચન	કલાવતી વોરા	૬૫
કચ્છની તીર્થયાત્રા	મનસુખલાલ તારાચંદ મહેતા	૬૬
સત્યાસત્ય ગવેષણા	જીવરાજભાઇ દોશી	૭૧
જાતમહેનતનું ગૌરવ અને માધુર્ય	રામુ દક્કર	૭૫
જૈન જગત	—	૭૭
જિનવાણી	—	૮૩
જ્ઞાનરવિ પ્રભુ મહાવીર	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૮૬
મહાવીર પ્રભુનું આત્મા અને કર્મનું તત્ત્વજ્ઞાન	ફતેહચંદ ઝવેરભાઈ	૮૯
અહિંસાની પરમવિભૂતિ શ્રમણ ભગવાન મહાવીર	ભાનુમતી દલાલ	૯૧
માનવની પ્રથમ પ્રતિષ્ઠા સ્થાપનાર ભગવાન મહાવીર	રતિલાલ મફાભાઇ	૯૪
જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ	આચાર્ય જિનેન્દ્ર જેટલી	૯૬
જૈન સંસ્કૃતિ અને મહાવીર	શ્રી વિજયમુનિ સાહિત્ય રત્ન	૯૮
પરતત્ત્વ પરમાત્મતત્ત્વ	સંચિત	૧૦૪
જૈન ધર્મની પ્રાચીનતા	ખીમચંદ ચાપશી શાહ	૧૦૭
કેટલાક વિચારણીય પ્રશ્નો	માસ્તર મેવારામ જૈન	૧૧૩
વિજ્ઞાન, પ્રગતિ અને મૂલ્યો.	અનુ. રજનીકાંત જોષી	૧૧૭
સ્વીકાર અને સમાલોચના	—	૧૬૨
નિરપેક્ષ બનો	'વિજય પ્રસ્થાન'	૧૨૩
અધ્યાત્મનુ સ્વરૂપ	દાદા ધર્માધિકારી	૧૨૪
દીર્ઘજીવન માટે મનોનિગ્રહ	કલાવતી વોરા	૧૨૭
છઠ્ઠી કાંતાદૃષ્ટિની સજ્ઝાય	ડો. વલ્લભદાસ નેણસીભાઈ	૧૩૧
સાચો શ્રાવક બન્યો	સંચિત	૧૩૪
રૂપસ્થ ધ્યાન	અનુ. કૈલાસચંદ્ર ર. મહેતા	૧૩૬
ભગવાન મહાવીરના ઉપદેશ વચનો	રતિલાલ મફાભાઇ શાહ	૧૩૮
યોગની પ્રાથમિક ભૂમિકા	મનસુખલાલ તારાચંદ મહેતા	૧૪૦
ધાર્મિક ક્રિયાના ભેદોમા મુંઝાવુ નહી	—	૧૪૩
આત્મદર્શન વિચાર	માસ્તર મેવારામ જૈન	૧૪૪
મહાવીરની ધર્મદેશના	સંચિત	૧૪૬
આત્મવિશ્વાસ	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૧૪૭
આત્મજ્ઞાનીનો અધિકાર	સંચિત	૧૪૯
આત્મવિકાસ અને તેના ઉપાયો	કિરણ શાંતીલાલ	૧૫૦

સાખીઓ અને સાહિત્ય	હીરાલાલ ર કાપડિયા	૨૨૯
ચમન	ફુલચંદજી	૨૩૨
મહાવીરના એક સાચા ઉપાસક	મનસુખલાલ તા મહેતા	૨૩૩
શ્રી વિજયધર્મસૂરિજીની ૪૦ મી પુણ્યતિથિ	—	૨૩૬

પદ્ય

લેખકનું નામ	લેખ	પૃષ્ઠ
શ્રી મહાવીર પ્રભુ સ્તવન	મુનિશ્રી જંબુવિજયજી	૮૪
ભગવાન મહાવીર	મુનિશ્રી હેમેન્દ્રસાગરજી	૮૪
તીર્થંકર સ્તુતિ	—	૮૫
શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ સ્તવન	શ્રી સાહિત્યચંદ્ર બાલચંદ હિરાચંદ	૨૦૦

તા : Paramite

ટેલીફોન : ૨૩૮૩૮

મેસર્સ રાયચંદ એન્ડ સન્સ

ઇલેકટ્રીક સામાનના જથ્થાબંધ વેપારી

૫–૭ પીકેટ હોર્સ રોડ, મુંબઈ–૨

અવલોકન

(૧) જિનોપાસના :—

લેખક : શતાવધાની પંડિત ધીરજલાલ ટોકરશી શાહ
પ્રકાશક : નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ
જૈન સાહિત્ય પ્રકાશક મંદિર, લધાભાઇ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઇ ૯ મૂલ્ય રૂપિયા ૭

આ ગ્રંથમાં ઉપાસના શા માટે ? જિનેશ્વર દેવની ઉપાસના શા માટે ? અને ઉપાસકની લાયકાત, ગુણો, સાચા ઉપાસકની લાયકાત, ગુણો, સાચો ઉપાસક કોણ ગણાય વગેરેની સરળ ભાષામાં વિસ્તાર પૂર્વક સુંદર રજુઆત કરી છે. મોક્ષપદના અદ્વિતીય કારણભૂત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રને નિકટ લાવવામા જિનભક્તિ, જિનારાધના કે જિનોપાસના મુખ્ય છે. તેનો વિસ્તૃત સરળ માહિતી આપતો આ ગ્રંથ વસાવવા યોગ્ય છે.

(૨) શ્રી મણિકુમુદ જીવન સૌરંભ :—

સંપાદક સંગ્રાહક : પૂ મુનિશ્રી મેરૂવિજયજી મહારાજ
પ્રકાશક : પ. મણિવિજયજી ગ્રંથમાળા, લીંચ, [મહેસાણા]
મૂલ્ય રૂા ૧–૫૦

આ પુસ્તકમાં પૂ. પં. મણિવિજય મહારાજશ્રી તથા પૂ. આ. મ. વિજયકુમુદસૂરીશ્વરજીના જીવન ચરિત્રો આપવામાં આવ્યા છે. તેમજ આ પુસ્તકમાં 'પુણ્યાભ્યુદય' નામનો ગ્રંથ જે પૂ. ગુરૂદેવે જાતે જ મેળવેલ અને લખેલ છે તેમજ સ્તવનો સજ્ઝાયો, સ્તુતિઓ વગેરે પણ આપવામાં આવેલ છે. સદ્ધર્મને સમજાવનાર સદ્ગુરુના જીવન ચરિત્રોનું વાંચન ઘણું ઉપકારક હોઈ આવાં જીવનચરિત્રો અવશ્ય વાંચવાં જોઇએ.

(૩) વાક્ય પ્રકાશ ગ્રંથ :

કર્તા : પંડિત પ્રકાંડ શ્રી ઉદયધર્મગણિ.
અનુવાદક : પં. છબીલદાસ કેશરીચંદ સંઘવી.
પ્રકાશક : શેઠ ત્રિભોવનભાઈ મોહનલાલ, ઘાંચીની પોળ
અમદાવાદ ૧ મૂલ્ય પઠનપાઠન

વ્યાકરણના વિષયને અતિ સરળ અને ટુંકાણમા સમજાવવા આ ગ્રંથની રચના કરવામાં આવી છે. વ્યાકરણના વિષયના અભ્યાસીઓ માટે ઘણુ ઉપયોગી ગ્રંથ છે.

સુધારો.

'આત્મા.' પ્રકાશ 'ના ગત અંકમાં પાનાં ૧૭૮ અને ૨૦૩ ઉપર 'મારી સમસ્યા' અને 'તક' વાળા ફકરાઓની નીચે 'શ્રી ચિત્રભાનુના સૌરભમાંથી સાભાર' એમ નોંધ રહી ગઈ છે. તે સુધારી લેવી.

'અનુક્રમણિકામાં શ્રી વીરચંદ રાઘવજી જન્મશતાબ્દિ પૂર્તિમાં નં. ૩ના લેખ 'શ્રી વીરચંદ રાઘવજી ગાંધી 'ના લેખક તરીકે શ્રી પન્નાલાલ ર. શાહ છપાયું છે તેના બદલે 'મુળેતુ' એમ સુધારી લેવું

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

ખાસ અગત્યની વિનંતી.

આ સભા તરફથી આજસુધીમા માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમા નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમા છે અને તેમા પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમા છે. હાલ જે ગ્રંથો સ્ટોકમા છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામા આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવા જેવા છે તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમા તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમા હશે ત્યા સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

૧	વસુદેવ હિન્દી . (પ્રથમ અંશ)	૧૦–૦૦
૨	વસુદેવ હિન્દી : (દ્વિતીય અંશ) (બંને ભાગ સાથે જ આપવામા આવશે)	૧૦–૦૦
૩	આ દેવેન્દ્રસૂરિકૃત ટીકાયુક્ત કર્મગ્રંથ ભા. ૨જો (પાંચ અને ૭)	૬–૦૦
૪	જૈનમેઘદૂત	૨–૦૦
૫	પ્રકરણ સંગ્રહ (પ્રતાકારે) (જેમા સિદ્ધ પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.)	૦–૫૦
૬	ત્રિષષ્ટી પર્વ ભા ૧લો (મૂળ સંસ્કૃત)	૬–૦૦
૭	,, ભા. ૨જો (,,)	૮–૦૦
૮	,, (પ્રતાકારે)	૧૦–૦૦
	આ. શ્રી વિજયદર્શનસૂરિકૃત ટીકાયુક્ત	
૯	સમ્મતિતર્કમહાર્ણવતારિકા .	૧૫–૦૦
૧૦	તત્ત્વાર્થાધિગમસૂત્રમ... .. .	૧૫–૦૦

લખો શ્રી જૈન આત્માનંદ સભા — ભાવનગર.

પ્રકાશક . ખીમચંદ ચાપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક . અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર